પ્રતિભા

: વાર્ષિક લવાજમ :

દેશમાં રૂા. ૩–૮–૦ પરદેશ રૂા. ૫–૦–૦ છૂટક નકલ રૂા. ૦–૧–૦

: વ્યવસ્થાપક :

વાઘજીભાઈ નારણભાઈ અમીન (બી. કૉમ)

મંત્રી, પુ. સ. સ. મંડળ લિ.

: તંત્રી :

મણિલાલ પ્રભાશંકર વ્યાસ

પુસ્તક ૧૭ મું | જુલાઈ ૧૯૪૨ | અંક ૭ મો

દરેક લાયબ્રેરીમાં હોવું જ જોઈએ

ગૃહગર્જના

અને સ્ત્રીહિતોપદેશ



વાર્ષિક લવાજમ રૂા. ૪॥
પરદેશ માટે રૂા. ૧૦

વાર્ષિક ગ્રાહકો
ભેટ પુસ્તક
વિના મૂલ્યે
આપવામાં આવે છે

તમારી લાયબ્રેરીમાં આવે છે? ન આવતું હોય તો બજેટમાં દાખલ કરો——

ખાસ સ્ત્રી તંત્રીની જાતી દેખરેખ નીચે ૧૯ વર્ષથી સ્ત્રી ઉપયોગી વિષયો રજુ કરતું અગ્રેડ માસિક પત્ર

વ્યવસ્થાપક "ગૃહસ્થ"

ભાભિત્ર પ્રેસ. વડોદ.

હિંદી રાષ્ટ્રીય મહાસભાનો સાચો
પ્રતિહાસ ગુજરાતીમાં રજુ કરતું
ઇન્ડિયનેડ પુસ્તક

હિંદી રાષ્ટ્રીય મહાસભાનો ઈતિહાસ

[દરેક મહાસભાના પ્રમુખના ફોટા સહિત]

ભાગ ૧-૨-૩

મૂલ્ય રૂ. ૧૨-૦-૦

શ્રી સયાજી બાલજ્ઞાનમાળાનું પુષ્પ ૧૦૬

બુદ્ધ ભગવાનની વાર્તાઓ

લેખકો :
ચંદ્રશંકર મ. ભટ્ટ
તથા
ડી. એન. મૂર્તિ

મૂલ્ય રૂ. ૦-૬-૦

લાયબ્રેરીને ઉપયોગી

"ડોમ-રીપોર્ટ" વગેરેનું

છાપકામ કરાવવા માટે

જાણીતું પ્રેસ

લુહાણા મિત્ર પ્રેસ

રાવપુરા-વડોદરા

જ્યાથી 'પુસ્તકાલય' માસિક છેલ્લા

કેટલા વર્ષોથી નિયમિત બહાર પડે છે

ભારતીય મહિલા વિદ્યાપીઠમા
'ગૃહીત આસમા' (G. A.)ની
પદવી માટે સમાજશાસ્ત્રના અભ્યાસમા
ટેકસ્ટ બુક તરીકે ચાલુ છે.

ભારતીય સમાજશાસ્ત્ર

ટેક્સ્ટબુક તરીકે મંજુર કરવામાં
આવેલી છે.

લેખક: ચીમનલાલ મગનલાલ રોકડર

મૂલ્ય રૂ. ૧-૬-૦

સાહિત્યસૃષ્ટિનું એક
અમૂલ્ય પુસ્તક

ૠગ્વેદ સંહિતા

નું ગુજરાતી ભાષાંતર

ભાગ ૧-૨-૩-૪-૫

અનુ. રા. મોતીલાલ ૨. ઘોડા,
બી. એ. એલએલ. બી.

મૂલ્ય રૂ. ૧૦-૪-૦

: : આ પુસ્તકો તમે વસાવ્યા છે ? ન વસાવ્યા હોય તે

આબુગઢ–ચંદ્રાવતીની અસલ ઐતિહાસીક વીર શૃંગાર અને કરૂણરસથી ભરપુર નવલકથા

રાજયોગી
અને
પરમાર ધારાવર્ષદેવ

ભાગ ૧–૨

મૂલ્ય રૂ. ૮–૦–૦

શિરોહીના ઇતિહાસના સાચા હૃદય-ભેદક બનાવો રજુ કરતી પ્રેમ–શૌર્યથી ભરપુર નવલકથા

બલહઠ બંકદેવડા
યાને
મહારાય સૂરતાણ

ભાગ ૧–૨

મૂલ્ય રૂ. ૬–૮–૦

લાયબ્રેરીનાં જુનાં તેમજ નવાં

પુસ્તકોનું બાઈન્ડીંગ

પાકા પૂઠાંનું સુન્દર અને મજબુત

કીફાયત ભાવથી કરી આપીશું

ઓર્ડર વખત કામ સોંપી ખાત્રી કરો.

લુહાણામિત્ર પ્રેસ,

રાવપુરા–વડોદરા

ઘણા વખતથી તમો જેની રાહ જોતા હતા તેની નવી આવૃત્તિ

વિશ્વભારતી

[બીજી આવૃત્તિ]

લેખક
કવિવર રવિન્દ્રનાથ ટાગોર

મૂલ્ય રૂ. ૧–૦–૦

બાળકોને રસ પડે તેવી બાતોનો સુંદર સંગ્રહ

પંચતંત્રની વાતો

ભાગ ૧–૨

લેખક
ચંદ્રશંકર મ. ભટ્ટ

મૂલ્ય રૂ. ૧–૦–૦

આજે જ લખો:—લુહાણામિત્ર પ્રેસ, રાંવપુરા, વડોદરા

બાલવિનોદનું બાલસાહિત્ય

બા લ કો મા ટે સ ર્વો ત્ત મ છે

બારોબાર ચિત્રોવાળાં, છ થી પંદર વર્ષનાં બાલકો માટેનાં આ ૧૨૫ પુસ્તકો વિના કોઈપણ પુસ્તકાલય અધુરું છે.

બા લ વિ નો દ ગ્રં થા વ લિ : છ થી આઠ વર્ષનાં બાલકો માટે.

૧ ઢાંચીનું નાક ૨ સંગીતચાલ્લી ૩ ચિત્રલેખા ૪ ત્રણ દીકરા

બાલવિનોદમાલા : આઠથી બાર વર્ષનાં બાલકો માટે.

૫ રતનીયો ૬ મોતીયો ૭ મણિયો ૮ ચતુરો ૯ ઉંદરદેશ ૧૦ ખુરિયો ૧૧ સાણિયો ૧૨ મરધાબાઈ ૧૩ પંડિતજી ૧૪ કલાવતી ૧૫ ગંગારામ ૧૬ જીંથણશી ૧૭ કાલાંઘેલાં ૧૮ બગો ૧૯ લાલિયો ૨૦ હેમલતા ૨૧ રણધીર ૨૨ સમુર ૨૩ ગુંદરિયો ૨૪ રાવજી ૨૫ બાલવિનોદિની ૨૬ સોણલિયો ૨૭ કાળિયો ૨૮ નાગકુમાર ૨૯ મુંબાઈ ૩૦ મેનાવતી ૩૧ અલકા ૩૨ બેલવાળો ૩૩ કામમંત્રી ૩૪ ધરતીમાતા ૩૫ ગોરિયો ૩૬ રેડિયો ૩૭ બાપનાં વેણ ૩૮ દુલારી ૩૯ સોનાનાં પગલાં ૪૦ ગરવી ગુજરાત ૪૧ પટેલિયો ૪૨ લંકાની લાડી ૪૩ કનૈયો ૪૪ રાજહંસ ૪૫ ધનિયો ૪૬ બટમેાગરો.

અ શો ક બા લ પુ સ્ત ક મા લા : ૬ઠાથી પંદર વર્ષનાં બાલકો માટે.

૪૭ મહારાષ્ટ્રનો મહારથી ૪૮ ત્રણ વપેલાં ૪૯ ચીની વાતો ૫૦ શા માટે ? ૫૧ કેશુડાં ૫૨ રૂપીના બાગમાં ૫૩ : ૫૪ કુતુહલ બે ખંડ ૫૫ મુદ્રારાક્ષસ ૫૬ થી ૫૮ રંભાનું રસોઇઘર : ત્રણ ખંડ ૫૯ આપણાં મિત્રો ૬૦ ગંમત ગીતો ૬૧ અવળચંડો ૬૨ ગણિત ચમત્કાર ૬૩ અજબ દુનિયા ૬૪ સુંદરપુરી ૬૫ બોળી સુભદ્રા ૬૬ થી ૭૦ વિજ્ઞાનવિહાર પાંચ ખંડ ૭૧ : ૭૨ નાની મોટી વાતો બે ખંડ ૭૩ બાલકોનું સ્વર્ગ ૭૪ બાલપાઠો ૭૫ નરવીર નેપોલિયન ૭૬ ગ્રામગીતો ૭૭ ચંદ્રભાગા ૭૮ રાજા ભોજ ૭૯ ચિત્તાનો શિકાર ૮૦ મકનિયો ૮૧ સમ્રાટ સિકંદર ૮૨ કૂલગજરી ૮૩ કાગળના કિમિયા. ૮૪ મીરાંબાઇ ૮૫ દગાબાજ દુશ્મન ૮૬ સુંદર સંવાદો ૮૭ ક્ષેમરાજ ૮૮ રાણા પ્રતાપ ૮૯ થી ૯૪ અમારી વાર્તાઓ-૭ ખંડ ૯૫ ગલુડિયાં ૯૬ પત્રપેટી ૯૭ લેનિન ૯૮ ગીતકથાઓ ૯૯ : ૧૦૦ આપણી મહાસભા બે ખંડ ૧૦૧ : ૨ વડવાઇઓ બે ખંડ ૧૦૩ : ૪ ઉતરાતી નજર બે ખંડ ૧૦૫ થી ૮ હાસ્યતરંગ ચાર ખંડ ૧૦૯ નીડની નોંધપોથી ૧૧૦ પ્રવાસકથાઓ ૧૧૧ : ૧૨ કોણ, કેમ શું ? બે ખંડ ૧૧૩ : ૧૪ નવી નવાઇઓ બે ખંડ ૧૧૫ ચિત્રરેખા ૧૧૬ થી ૧૮ ચોપગાંની દુનિયા ત્રણ ખંડ ૧૧૯ નરસૈયો ૧૨૦ સાગરની રાણી ૧૨૧ નગીનાવાડી ૧૨૨ ત્રણ કામ ૧૨૩ લાલાનો ખેળ ૧૨૪ ગબો ગાંધી ૧૨૫ દીકરણી.

નં: ૧ ના બાર આના. નં: ૨૫, ૪૬, ૭૨, ૮૯ થી ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૧૦, ૧૧૩, ૧૧૪, ૧૧૬ થી ૧૧૮, ૧૨૦, ૧૨૨, ૧૨૩ ને ૧૨૫ ના છ આના. નં: ૨ થી ૪, ૪૭, ૬૦, ૬૨, ૭૭ ને ૮૧ ના ચાર આના. ને બાકીનાં દરેકના ત્રણ આના.

બાલવિનોદ કાર્યાલય : મલાડ [મુંબાઇ]

૧૯૪૧-૪૨માં બહાર પડેલાં નવાં પુસ્તકો

શ્રી. ધૂમકેતુ કૃત :

ચૌલાદેવી		૨– ૮–૦
રાજસન્યાસી		૩– ૦–૦
પ્રદીપ	(નવી આવૃત્તિ)	૧–૧૨–૦
રજકણ	,,	૧– ૮–૦
તણખા મંડળ ૧–૨–૩		૪– ૮–૦
તણખા મંડળ ચોથું	,,	૨– ૮–૦
પડઘા–નાટકો	,	૦– ૬ ૦

જુગતરામ દવે કૃત :

ખેડૂતનો શિકારી	૦– ૪–૦

પ્રો. જેકસ કૃત : ગોપાલદાસ પટેલ

સર્વોદયની જીવનકળા	૨– ૦–૦
(રચનાત્મક નાગરિક ધર્મ)	

સં. ભગનભાઇ દેસાઇ કૃત :

સુદામાચરિત	૦–૧૦–૦
Gandhiji	
Non-Violence in Peace & War	1– 0–0

શ્રી. કનૈયાલાલ મુનશી કૃત

અડધે રસ્તે	૩– ૦–૦

શ્રી ચુનીલાલ ય શાહ કૃત

ત્રિલોચના	૩– ૦–૦
અનંતનિનાથ	૨– ૦–૦
કર્મયોગી ગજેન્દ્ર	૨– ૦–૦
રાજહત્યા	૨– ૦–૦

શ્રી નરસિંહભાઇ ઇ પટેલ કૃત

ઈશ્વરનો ઈન્સાફ	(નવી આવૃત્તિ) ૧– ૮–૦

શ્રી ઝવેરચંદ મેઘાણી કૃત

નવી આવૃત્તિઓ

રસધાર–ભાગ ૩–૪–૫	૬– ૦–૦
કંકાવટી–ભાગ પહેલો	૦–૧૨–૦
રઢિયાળી રાત–ભાગ ૧–૨	૨– ૮–૦
રઢિયાળી રાત–ભાગ ચોથો	૧– ૮–૦
(પહેલીજ વાર બહાર પડે છે)	
રાણો પ્રતાપ	૧– ૮–૦
સોરઠી બહારવટિયા ભા ૧–૨ ના	૩–૦–૦
નિરંજન–નવનવતા	૨– ૦–૦
સોરઠ તારાં વહેતાં પાણી	૨– ૮–૦
જેલઓફિસની બારી	૧– ૮–૦
સોરઠી સંતો (નવી આવૃત્તિ)	૧– ૦–૦
હાડચરડાં	૦– ૮–૦
પ્રતિમાઓ	૧–૧૨–૦

શ્રી રમણીકલાલ દલાલ કૃત :

સુવર્ણા	૨– ૦–૦
પરિભવ (કાવ્યમ ગ્રહ)	૨– ૦–૦
મુક્તિદ્વાર	૧– ૪–૦

શ્રી મનુભાઇ જેધાણી કૃત

શૌર્યનાં તેજ	૧– ૮–૦
કાળિયાર અને બીજી પ્રાણીકથાઓ	૧–૮–૦
જનપદ ભાગ ૧–૨–૩	૨– ૪–૦
ખાટીમીઠી બાળવાતો	૦–૧૨–૦

શ્રી તારાચંદ્ર પો અડાલજાકૃત

બાડાના ખેલ (સચિત્ર)	૩– ૦–૦
ચા–ઘર ભા ૧–૨ ધૂમકેતુ વગેરે	૨– ૮–૦
ભારતના મહાન રેગાનિકો	૩– ૦–૦
રંગનપ્રવાહ	૧– ૦–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધી રસ્તો : અમદાવાદ

આ પુસ્તકની ઉત્તમતાનાં પ્રમાણપત્રો :

૧. વડોદરા રાજ્યના કેળવણી ખાતાએ શાળાઓમાં ઇનામ અને પુસ્તકાલયો માટે અને પુસ્તકાલય-ખાતાએ તમામ પુસ્તકાલયો માટે આ પુસ્તકના પહેલા અને બીજા ભાગને મંજુર કર્યા છે.

૨ મુંબઇ ઇલાકાના સરકારી કેળવણી ખાતાએ પ્રાથમિક અને માધ્યમિક સ્કૂલોના વિદ્યાર્થીઓની લાયબ્રેરીઓ માટે આ પુસ્તકના પહેલા અને બીજા ભાગને મંજુર કર્યા છે.

૩ આ પુસ્તકના પહેલા અને બીજા ભાગની ૨૫ (પચીસ) નકલો વડોદરાનાં પ્રાચ્ય વિદ્યામંદિર અને ૧૧ (અગીઆર) નકલો અમદાવાદની ગુજરાત વર્નાકયુલર સોસાયટીએ ઉત્તેજન માટે ખરીદી છે.

૪ આ પુસ્તકના પહેલા અને બીજા ભાગ માટે ભુજ-માં ભરાએલ 'કચ્છ હુન્નરઉદ્યોગ' પ્રદર્શનમાંથી પ્રમાણપત્ર (Certificate of Merit) મળ્યું છે.

૫ આ પુસ્તકના પહેલા ભાગને આણંદમાં મળેલી બીજી ગુજરાત પુસ્તકાલય પરિષદે સારાં પુસ્ત-કોમાં ગણ્યો છે.

૬ આ પુસ્તકની ઉત્તમતા માટે અનેક સુપ્રસિદ્ધ સામ-યિક પત્રોએ સારામાં સારા અભિપ્રાયો આપ્યા છે.

ઘેરબેઠાં પૈસા કમાવા આજેજ મંગાવો.

કચ્છ વેપારી મંડળના પ્રમુખ,

ઝવેરી કુંવરજી ધરમશી સંપટે લખેલા

" આમુખ " સાથે

નકકારક હુન્નરો

ભાગ ૧—૨—૩

નિષ્ણાતો અને અનુભવીઓએ લખેલા વિવિધ ભરોસાપાત્ર હુન્નરોથી ભરપૂર પુસ્તક

૭૫૦ પાનાં, ઉમદા જાડા એંટિક કાગળ, શાસ્ત્રીય શુદ્ધ સુંદર છપાઇ અને આકર્ષક ગેટ અપ

કિંમત ૭ (સાત) રૂપિયા

(વી. પી.થી ટપાલખર્ચ ૧૩ આના જુદું)

મંગાવવા માટે લખો:—

સંચાલક : શ્રી લક્ષ્મી પુસ્તકભાળો

નંબર ૩ ચોક બજાર,

પોસ્ટ સિનુગરા (અંજાર-કચ્છ).

આ પુસ્તકની ઉત્તમતાના થોડાક અભિપ્રાયો

દરેક પુસ્તકાલયમાં આ પુસ્તક હોવું જ જોઇએ એટલું જ નહિ પરંતુ તે વિશેષ વંચાય એવી પેરવી મંત્રીઓએ કરવી જોઇએ... 'પુસ્તકાલય' માસિક (વડોદરા)

...ઘરગથ્થુ હુન્નરોનાં આ જાતનાં દેખાતાં પુસ્તકો આપણે ત્યાં ઘણાં બહાર પડ્યાં છે, અને હજીયે ગમે તેવી જાહેરાતોનાં ચોકઠાં સાથે બહાર પડશે, પરંતુ આ પુસ્તકની વિશેષતા તેમાં મૂકેલા પ્રયોગોજ માત્ર નથી પણ જુદા જુદા વિષયોના સારા અને અનુભવી લેખકો પાસે લખાવેલાં લેખોને સંગ્રહીને આ પુસ્તકને વિવિધતાભર્યું બનાવવામાં આવ્યું છે તે છે... 'રવિવાર' સાપ્તાહિક (મુંબઇ)

....થોડા ખર્ચે જો કોઇ ભાઇને આજીવિકા મેળવવા માટે પ્રયત્નો કરવા હોય, તો આ પુસ્તક જોઇ જવા જેવું છે ..કારણકે ઓછી મૂડીએ જાતમહેનત કરીને પૈસા કમાઇ શકાય છે... 'શિક્ષણ અને સાહિત્ય' માસિક, (અમદાવાદ).

...વર્તમાન જીવનમાં રહીને કેટલાક હુન્નરો કરીને, માણસ પોતાના પેટ પૂરતું મેળવી શકે-એવા પ્રકારના નુસ્ખા આ ગ્રંથમાં બનાવવામાં આવ્યા છે. છતાં લેખક-સંગ્રાહકે આમાં કેટલીક વ્યવહારૂ અને બીજાં પુસ્તકોમાં જાગ્યે મળે તેવી ઉપયોગી હકીકતો નોંધી પુસ્તકને ઉપયોગી બનાવ્યું છે. પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે; તેમાંથી સૌ સૌની રૂચિ પ્રમાણે કંઇ ને કંઇ મળ્યા વગર રહેશે નહીં. 'ગુજરાત સાહિત્ય સભાની કાર્યવાહી' (અમદાવાદ)

.. આવાં પ્રત્ન ઉપયોગી પુસ્તકને રાજ્યે અને ઉદ્યોગોના પ્રચાર માટે ઉભી થયેલી સંસ્થાઓએ ઉત્તેજન આપી, ગ્રામઉદ્યોગને સજીવન કરવામાં સાથ અને સહકાર આપવો જોઇએ. 'ગ્રામજીવન' માસિક (વડોદરા)

વધુ ખાતરી માટે બીજા અભિપ્રાયોની પત્રિકા મફત મંગાવો.

મહારાષ્ટ્રના હાસ્યસમ્રાટ આચાર્ય અત્રેની અનુપમ વિનોદ કૃતિ

હસાહસ, ગેરસમજૂતી અને ગોટાળાની પ્રેમકથા

અનુવાદક

બિપિન ઝવેરી (બી. એ. (ઑનર્સ)) કાન્તિ ઝરોડિયા બી. કૉમ.

એક યુગલ પરણે છે, પણ પ્રેમ કરતું નથી;
બીજું યુગલ પ્રેમ કરે છે, પણ પરણતું નથી;
ત્રીજું પ્રેમ પણ કરે છે, ધોકાબાજી પણ કરે છે.
ચોથે પરણવા જંખે છે છતાં પરણી શકતો નથી

જેની મરાઠીમાં હજારો નકલો ઉપડી ૭.૪ છે

મનોરંજક પૅકેટ મૂલ્ય રૂા. બે

શ્રી. ઘનશ્યામલાલ અહેતાકૃત

'અમે બધાં' ઉપરથી રચાયલું રમુજની રંગત જમાવતું નવી ઢબનું નાટક

સૂરતની પાછળની પેઢી નજર સામે છવતી થાય છે, પોણોસો વર્ષના દાદાજી છાપરે ચઢી પતંગ ચગાવે છે; લગ્નના વધોડાનું ભભકભર્યું, વાંતાવરણ જામે છે, વેવાઈઓ વચ્ચેનો લાક્ષણિક વાદવિવાદ સંભળાય છે, એકજ ઘર ભાઈ ભાઈ ભાગ કરનારાઓનો એકસામટો કકળાટ આવે છે છતા એકબીજા પ્રમાદ પડતી નવી ભેવા છમરડા, હમાદસ અને દર્દભર્યો આખેહણ પ્રેમગંચિનો.

ઉઠાવદાર રંગરંગ : સવા રૂપિયો.

રસોઇનું રસાયણ કહેવત છે કે 'કાશીનું મરણ અને સૂરતનું જમણ' એ સૂરતના સંસ્કારી નાગર બહેન શ્રી. વન્દિતાગૌરી દેસાઇએ સ્વાનુભવ ઉપરથી લખેલું, ભાતભાતનાં ભાવતાં ભોજનો બનાવતા શીખવતું, આહાર અને આરોગ્ય વિષેની અનેક ઉપયોગી માહિતીથી ભરપૂર, બહેનોને લગ્ન-ભેટ કે ગૃહણીમા આપવા લાયક સુંદર પુસ્તક. ડૉ. કાન્તિલાલ પંડ્યાના અભ્યાસપૂર્ણ પ્રવેશક તથા બાનપા ની. વસ્તુઓના ગુણદોષ બતાવતી ૪૩ પાનાની માહિતીપૂર્ણ પૂરવણી સાથે આકર્ષક પૅકેટ. ૪૧૦ પાના રૂા. ત્રણ

એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની: બુકસેલર્સ પબ્લીશર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ. મુંબઇ ૨

....વડોદરા રાજ્યની લાયબ્રેરીઓએ વસાવવા જેવાં....

પુરાણનાં પાત્રો

સાતથી દશ વર્ષનાં બાળકો માટે પુરાણની પ્રેરક અને સરલ શૈલીમાં નાની પુસ્તિકાઓ

સીતા	૦–૧–૬	શ્રીરામ	૦–૩–૦
હનુમાન	૦–૧–૬	શ્રીકૃષ્ણ	૦–૪–૦

* *

ફોરમ

આપણા મહાપુરુષોના પ્રેરક પ્રસંગો ને જિજ્ઞાસા જગવે એવી એકસો ચરિત્રકથા

છૂટી બાર લહરી	૨–૫–૦
પાકી બાર સાથે	૨–૧૨–૦

* *

યુગનર મહાજનો

દેશ દેશના મહાપુરુષોનાં પ્રેરક સંપૂર્ણ સચિત્ર જીવનચરિત્રો

કમાલ આતા તુર્ક	૦–૫–૬
મુસોલિની	૦–૨–૬
વર્તમાન યુગના વિધાયકો	૦–૧૪–૦

વિવેચન	લે. પ્રો. મોહનલાલ દવે	૧–૮–૦
કાવ્યકળા	,, ,,	૧–૮–૦
સાહિત્યકળા	,, ,,	૧–૦–૦

પ્રો. દવેનાં પુસ્તકો આ વિષયનાં બની શકતાં પુસ્તકોમાં સરતાં છતાં તલસ્પર્શી વિદ્વત્તા સાથે રસિક શૈલીમાં લખાયલાં છે.

સંવાદો	પ્રો. વ્યોમેશચંદ્ર પાઠકજી	૧–૦–૦
પરાગ	,, ,,	૧–૦–૦
જીવતી જુલિયટ	,, ,,	૧–૦–૦
વહેમી	,, ,,	૦–૮–૦

સ્વ. પ્રો. પાઠકજીનાં આ મૌલિક પુસ્તકોમાં વિનોદ, મર્મ અને અભ્યાસ સાથે ઊંચી કલા સ્વાભાવિક છે.

તેજ છાયા	જયમનમોરી પાઠકજી	૧– ૪–૦
આકાશનાં ફૂલ	જ્યોત્સ્ના શુકલ	૦–૧૨–૦
ગુર્જરના રાસ	,, ,,	૦– ૪–૦

પ્રતિષ્ઠિત કાવ્યલેખિકાના આ સંગ્રહોમાં સ્ત્રીહૃદય સાથે ઊંચી કવિતા દેખાય છે.

નવયુગની સ્ત્રી	શારદાપ્રસાદ વર્મા	૦–૧૨–૦
વનવનની વેલી	,,	૦–૧૨–૦
ગીતાની વ્યાખ્યા	શ્રી. અરવિંદ ઘોષ	૦–૪–૦

આ પુસ્તકોની સતત માગણી એ જ એની લોકપ્રિયતા દર્શાવે છે.

યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા—સૂરત

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો, લાયબ્રેરીઓ માટે

નવાં બહાર પડેલાં પુસ્તકો

ગુજરાતનો નાથ (ક. મા મુનશી)	૩–	૦–૦
રાજાધિરાજ ,,	૩–	૮–૦
કોનો વાક ? (પાંચમી આવૃત્તિ)	૨–	૮–૦
નરસૈયો ,,	૧–	૮–૦
નવલિકાઓ ,,	૨–	૦–૦
ચોડાક રસદર્શનો ,,	૨–	૦–૦
લોપામુદ્રા ૧ થી ૪ ,,	૪–	૮–૦
કલાપીનો કેકારવ (કલાપી)	૫–	૦–૦
કલાપીની પત્રધારા ,,	૩–	૦–૦
હૃદયત્રિપુટી ,	૧–	૧૨–૦
ગ્રામમાતા ,,	૦–	૧૩–૦
કલાપીઆલ્બમ ,,	૪–	૦–૦
હાસ્યમંદિર (ગ્મણુભાઈ નીલકંઠ)	૨–	૦–૦
રાઈનો પર્વત ,, (નવી આવૃત્તિ)	૨–	૦–૦
ભદ્રંભદ્ર ,,	૧–	૮–૦
ત રાજમાતા (ઉછરંગરાય ઓઝા)	૩–	૮–૦
ધની વણઝર ,,	૨–	૦–૦
રશ્મિ ભા ૧–૨ ,,	૩–	૦–૦
સ્વતંત્ર જર્મની ,,	૧–	૮–૦
કાઠિયાવાડી રાજરમત ,,	૨–	૦–૦
સમ્રાટ વિક્રમ (જેઠાલાલ ત્રિવેદી)	૨–	૮–૦
સુરેખા ,,	૨–	૮–૦
રંભા ,,	૧–	૮–૦
કમાલ (રમણીકલાલ દલાલ)	૧–	૮–૦
જંગીખાન ,,	૨–	૦–૦
સુવર્ણા ,,	૨–	૦–૦
પરિમલ ,	૨–	૦–૦
સહચરીની રાવભા (ભાભાભાઈ ભ)	૧–	૮–૦
ઉર્વશી (માણિલાલવિલાસી)	૧–	૮–૦
વાકવિનાની (માણિલાલવિલાસી)	૨–	૦–૦
અણહીલવાડનો યુવરાજ ભા ૧–૨ (માણિલાલવિલાસી)	૪–	૦–૦
દિનના ડંખ (અમૃતલાલ ત્રિવેદી)	૨–	૮–૦
રમમૂર્તિઓ (૨ ભેટ)	૧–	૪–૦
આવતી કાલના ધબ્બૈયા (જ દેમાઈ)	૨–	૦–૦
સુધાભચંદ્ર (શરદબાબુ)	૨–	૮–૦
વૃંદાવન ,,	૨–	૦–૦
બિંદુ ,,	૦–	૮–૦
ગંધાગણી ,,	૦–	૮–૦
જીવનની ઝાંખી (કે દેસાઈ)	૨–	૦–૦
ચાનરસેનાની વાતો ,,	૧–	૦–૦
માળા બટુક ,,	૦–	૮–૦
સોનેરી યુગની કીર્તિકથાઓ (મિશ્રી)	૨–	૦–૦
દિનેશ (ત્રિ ચુ શાહ)	૨–	૦–૦
રશ્મિ (ઈનામી નવલ)	૨–	૦–૦
વિભૂતિમંદિર (અશોક હર્ષ)	૨–	૦–૦
વહુગણી વિભા (ટાગોર)	૨–	૮–૦
ચાબેરવાલી ,	૨–	૮–૦
શિક્ષાનો આદર્શ ,,	૧–	૦–૦
સુમંતધારા ,,	૦–	૮–૦
નગ નક્ષ્મી ,,	૨–	૮–૦
છાયાનટ (ગ્મણુલાલ દેમાઈ)	૨–	૮–૦
મમરી ,,	૨–	૮–૦
શિંગોડા ,,	૨–	૮–૦
દ્યોત અને જ્વાળા ચુ વ શાહ	૨–	૮–૦
ઐતિહાસિક કથામંજરી	૨–	૮–૦
હિંદની સંસ્કૃતિ અને અહિંસા	૨–	૦–૦

શ્રી કોસંબી

લાયબ્રેરીઓને સારું કમિશન આપવામાં આવે છે.

લખો-- **જીવનલાલ એન્ડ સન્સ**

લજ્મતરાય રોડ, વીલાપારલા. - પીરમશા રોડ, અમદાવાદ

ધી મહાગુજરાત પબ્લિશિંગ કંપની લિમિટેડ.

* બોર્ડ ઓફ ડાયરેક્ટર્સ *

શ્રી. પ્રભાશંકર રામચંદ્ર ભટ્ટ જે. પી. (ચેરમેન)
શ્રી. હંસાબેન મહેતા
શ્રી. યુસુફભાઈ એ. ફાઝલભાઈ (મેનેજીંગ ડિરેક્ટર, નેશનલ રબ્બરીયા લિ.)
શ્રી. મંગળભાઇ શંકરભાઈ પટેલ (મેયર વડોદરા)
શ્રી. ભોગીલાલ એન. ચોકસી
શ્રી. ચંદુલાલ જેઠાલાલ પરીખ
શ્રી. સારાભાઇ ચોકસી (મેનેજીંગ ડિરેક્ટર)

અમારાં પ્રસિદ્ધ થયેલાં પ્રકાશનો

૦ પાસિફિક (શ્રી. ભાસ્કરરાવ વિદ્વાંસ) ૦–૧૨–૦
૦ ગીતાંજલિ અને બીજાં કાવ્યો (શ્રી. નગીનદાસ પારેખ) ૧– ૪–૦
૦ દ્વિરેફની વાતો ભાગ ત્રીજો (શ્રી. રામનારાયણ પાઠક) ૧–૧૨–૦
૦ તીર્થસલિલ–શ્રી. અરવિંદ ઘોષ, મહાત્મા ગાંધી, રોમા રોલાં, ટાગોર અને બર્ટ્રાન્ડ રસેલ સાથેનો સુંદર વાર્તાલાપ. મહાપુરુષોના ફોટા સાથે ૨–૮–૦

ટુંક સમયમાં પ્રસિદ્ધ થનાર પ્રકાશનો

૦ જાગૃત ચીન (શ્રી. ઉત્સવ પરીખ)
૦ જાપાન (શ્રી. હુંગરશી ધરમશી સંપટ)
૦ સંસ્કૃતિના સંગમ (ટાગોર કૃત)

આ ઉપરાંત અમે બે વર્ષના રૂા. ૨૦–૦–૦ ના લવાજમથી ગ્રાહકો બનાવવાની યોજના પણ હાથ ધરી છે. આ સર્વ પુસ્તકો બજારમાં લગભગ રૂા. ૩૨–૦–૦ માં મળશે. પણ ગ્રાહકોને તે પુસ્તકો ઘેર બેઠાં મળશે. વધુ માહિતી માટે લખો—

સર ફિરોજશાહ મહેતા રોડ, બોમ્બે કો–ઓપરેટીવ ઇન્સ્યુ. બિલ્ડિંગ
મુંબઇ ૧.

બે સુંદર માસિકો

પ્રસ્થાન

૧૬ વર્ષથી ચાલતું

પ્રસ્થાન — બે ટૂંકી વાર્તા
પ્રસ્થાન — રાજકારણના લેખો
પ્રસ્થાન — જીવનચરિત્રો
પ્રસ્થાન — યુરોપના બનાવો
પ્રસ્થાન — જુદી જુદી લેખમાળાઓ

દર મહિને આપે છે.

દરેક પુસ્તકાલયમાં હોવું જ જોઈએ

વાર્ષિક: કરણા પુસ્તકાલય ૫-૦-૦, ગ્રામપુસ્તકાલય ૪-૮-૦

કિશોર

જીવનના અરૂણમાં જીવનઘડતરની દૃષ્ટિએ અનુપમ માસિક છે.

વિદ્યાર્થીઓ માટેનું સચિત્ર માસિક

લવાજમ:
કરણા પુસ્તકાલય ૪-૦-૦
ગ્રામ પુસ્તકાલય ૩-૧૨-૦

કિશોર

પ્રૌઢશિક્ષણ પ્રચારકાર્ય અંગે ઉપયોગી માસિક છે.

કિશોર માસિક મને ખૂબ ગમી ગયું છે. એટલું બધું ગમ્યું છે કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનું બજેટ મંજુર કરવાની મને તક મળી હોત તો રાજ્યનાં બધાં પુસ્તકાલયોમાં કિશોર દાખલ કરી દીધું હોત. —સ્વ. મોતીભાઈ અમીન.

પ્રસ્થાન કાર્યાલય રાયખડ **અમદાવાદ**

પુસ્તકો

લગ્નવિષયક

લગ્નપ્રપંચ	૩-૮-૦
લગ્નસુખ	૧-૪-૦
લગ્ન કે પ્રપંચ	૦-૮-૦
પ્રેમનો દંભ	૧-૪-૦
સ્ત્રી અને પુરુષ	૧-૦-૦
નવો અવતાર (ત્રણ ભાગ)	૫-૪-૦

રવીન્દ્રનાથ ટાગોર કૃત

ઘરે–બાહિરે	૨-૦-૦
ચતુરંગ	૧-૪-૦
નૌકા ડૂબી	૨-૮-૦

રશિયન સાહિત્ય

ક્રાન્તિકારની આત્મકથા	૨-૮-૦
રશિયાનું ઘડતર	૨-૦-૦
ભૂખમરાનો ઉપાય	૨-૦-૦
ક્રાન્તિ	૦-૬-૦
ક્રાન્તિકારી લગ્ન	૦-૩-૦
નૂતન રશિયામાં ડોકિયું	૦-૮-
બોલ્શેવિઝમ	૦-૬-
સામ્યવાદ–સર્વોદય	૦-૬-

વૈદક

ઘરગથ્થુ વૈદક	૨-૦-
દિનચર્યા	૧-૮-
આપણો આહાર	૦-૬-

(સૂચિપત્ર મંગાવો)

આખો સેટ વસાવો

જરા ક સબુર !

ફેરવો. તમારે માટે લાયબ્રેરીઓમાં સારાં સારાં પુસ્તકો રાખો છો
કે! માટે જે કંઈ સહેલાઈથી મળી શકે એમ છે તે તો રાખો.

વાંચવાની મજા કિં. ૦-૧૨-૦

નાનો સેટ. કક્કો આવડે પછી તરત અનુક્રમે એક એક ચોપડી બાળકને
આપી જુઓ. એટલી મજા પડશે કે બીજા બોલાવશો તો પણ નહિ આવે.

શિશુ વાચનમાળા કિં. ૨-૦-૦

ઉપરના જેવો જ ૬ પુસ્તકોનો સેટ વાચનની શરૂઆત કરતાં બાળકો માટે ખૂબ ઉપયોગી.

ભક્તનાં બાલગીતો

ગાઈ ગાઈને બાળકો નાચવા માંડશે. કિં. ૦-૪-૦

ગુંજન કિં ૦-૫-૦

સોમાભાઈ ભાવસારનાં સત્તરાવેલાં બાલગીતોનો મનોરમ સંગ્રહ.

ચોખવટથી વાત કરજો

શ્રી. દિનેશ ડાકોરકૃત બાલુનાં પરાક્રમોનો ભંડાર તમને પેટ કપડીને જરૂર હસાવશે. કિં. ૦-૪-

પ્રાપ્તિસ્થાન : બાલસાહિત્ય ભંડાર—નડિયાદ.

બાલશક્તિ ગ્રંથમાળા : ૧૦૨ાસા

આ નવી પ્રકાશનસંસ્થાનું બાલસાહિત્ય ટૂંક સમયમાં લોકપ્રિય નીવડ્યું છે.
વાર્તાઓનો સરળ અને ચાલ્યો આવતો ચીલો છોડી વૈજ્ઞાનિક બાલસાહિત્ય પીરસવાનો
સંચાલકો ઇરાદો રાખે છે. આ રહ્યાં તેનાં પ્રકાશનો.

પૈડું
કિં. ૦-૫-૦

યંત્રયુગના વિકાસમાં પૈડાનું સ્થાન બાલોચિત શૈલિમાં.

લોકનાયકો
કિં. ૦-૫-૦

હિંદી લોકનાયકોના પ્રેરણાત્મક જીવનપ્રસંગો.

ઉંદરમામા
કિં. ૦-૫-૦

શ્રી. ભરતકુમાર બાળકો માટે હાસ્યરસનો જમાવટ કરે છે.

પોપટની મુસાફરી
કિં. ૦-૫-૦

પેટે ચાલતાં પ્રાણીઓ જાણવા જેવી માહિતી રજૂ કરે છે.

ચાંદા મામા
કિં. ૦-૬-૦

ખગોળ જેવા વિષયને નાગરદાસ પટેલ પોતાની સરળ શૈલીમાં રજૂ કરે છે. આ પ્રકાશનો તમારા પુસ્તકાલયમાં વસાવવા માટે કોઈની ભલામણની જરૂર નથી. આજેજ મંગાવો

બાલ સાહિત્ય ભંડાર—નડિયાદ.

પુસ્તકાલય માટે બાળકોનું પત્ર પસંદ કરતી વેળા
પુસ્તકાલયના મંત્રીઓ નીચેની વિગતો લક્ષમાં રાખે

(૧) ગુજરાતી ભાષાનું ૨૨ વર્ષથી પ્રકટ થતું સૌથી પ્રથમ ૬ થી ૧૬ વર્ષ લગીનાં બાળકો અને વિદ્યાર્થીઓનું સુંદર દળદાર અને ઉપયોગી માસિક છે.

(૨) બાળકો રંગ અને ચિત્રોનાં ખૂબ શોખીન હોય છે. માસિકનાં સચ્ચાબંધ પાનાં દ્વિરંગી મુદ્રણથી માત્ર ' બાલજીવન ' જ શોભાવી શકે છે. મોંઘી કિંમતનાં આર્ટ પ્લેટો ઉપર છાપેલાં એકરંગી અને પૂર્ણરંગી આખાં પાનાંનાં ચિત્રો માત્ર ' બાલજીવન ' જ આપી શકે છે.

૩) ૧૨ અંકોમાં મળી આશરે ૧૦૦ પાનાંનું નક્કર અને ચિત્રયુક્ત વાચન આપે છે; એટલે ' બાલજીવન ' બાળકોના બીજા કોઈપણ પત્ર કરતાં સુંદર, ઉપયોગી અને લોકપ્રિય હોવા ઉપરાંત સૌથી વધારે સસ્તું છે.

૪) ૧૨ અંકોમાં ૧ દિવાળી અંક, ૧ બાળક અંક અને એક બીજો ખાસ અંક મળી ૩ અંકો ખાસ અંકો તરીકે વિશેષ પાનાં ને ચિત્રો સહિત અપાય છે

(૫) અને એ બધા ઉપરાંત આશરે ૧૬૦ પાનાંની અસંખ્ય ચિત્રોવાળી દળદાર સુંદર ભેટચોપડી ટપાલખર્ચ પણ લીધા સિવાય દર વર્ષે ભેટ અપાય છે.

(૬) ' બાલજીવન 'નું લવાજમ રૂા. ૩) છે. પણ પુસ્તકાલયો માટે માત્ર રૂા. ૨॥૦ છે એમાં રૂા. ૧) ની કિંમતની ભેટ ચોપડી મફત મળે તે બાદ કરો તો માત્ર રૂ. ૧॥॥ માં તમને જે વાચનસામગ્રી મળે છે તે અજોડ છે

માટે જ

'બાલજીવન' ગુજરાતી ભાષાના કોઈપણ
બાળકોના પત્ર કરતાં વધારે ફેલાવો પામેલું છે

બાલજીવન કાર્યાલય — વડોદરા

નમૂનાનો અંક મંગાવો. પુસ્તકાલયોને વિના મૂલ્યે મોકલવામાં આવશે.



દેશપરદેશમાં છોકરા અને છોકરીઓમાં સારા વાચનનો શોખ ઉત્પન્ન કરીને પોષી રહ્યું છે. યુવાન પણ અભણ સ્ત્રી-વર્ગને વાંચતાં શીખવા લલચાવી શક્યું છે. ગુજરાતનાં હજારો ઝૂંપડાંઓ અને ખાળકોમાં સાહિત્ય, સંગીત અને કળાના સંસ્કારોનાં બીજ વાવી રહ્યું છે.

ત્રિરંગી સુંદર ચિત્રો, ગીતો, વાર્તા, સંવાદ, વિનોદ, પ્રવાસ અને સાહસનાં વર્ણનોથી ભરપૂર દર મહિને નિયમિત રીતે બહાર પડતું

—બાલમિત્ર માસિક—

હજી તમારા કુટુમ્બમાં નથી આવતું ?

પ્રતિદિન ગ્રાહકોની સંખ્યા વધતી જાય છે એ જ બતાવે છે કે જે બાળક 'બાલમિત્ર' વાંચે છે તે બીજા બાળક બનવા વડીલોને વિનવે છે. આજે જ તમારા બાળકનું નામ ગ્રાહક તરીકે નોંધાવો. ઑગસ્ટ માસથી 'બાલમિત્ર'નું ૨૧મું વર્ષ શરૂ થયું છે. ઑગસ્ટથી કે જાન્યુઆરી-થી ગ્રાહક થઈ શકાય છે.

વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૪) = પરદેશ માટે વાર્ષિક શિલિંગ ૮

લખોઃ—વ્યવસ્થાપક, 'બાલમિત્ર' કાર્યાલય–ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

બાળક માસિક ૨૦ વર્ષ પૂરાં કરે છે

[બાળકને ગમી જાય તેવાં સાદાં ને સરસ વિવિધતાપૂર્ણ લખાણો આપીને બાળકે બાલદુનિયામાં પોતાનું સ્થાન કયારનું યે મેળવ્યું છે]

બાળક

તંત્રી : ભીખાભાઈ વ્યાસ

લવાજમ : રૂપિયા બે

પરદેશ માટે પાંચ શિલીંગ

યુદ્ધકાળ હોવા છતાં તેના કદ, કાગળ, પૂઠું વગેરે એનાં એ કાયમ રહી સસ્તામાં સસ્તા પત્ર તરીકે હજી પણ પ્રકટ થતું રહ્યું છેઃ વીસ વરસ પૂરાં થવાની ખુશાલીમાં આવતી દિવાળી ઉપર તેનો ખાસ "દિવાળી અંક" પ્રગટ થનાર છે.

બાળકોને બાળક ગમે છે માટે

પુસ્તકાલયમાં 'બાળક'ને અવશ્ય સ્થાન આપશો

'બાળક' કાર્યાલય : રાવપુરા : વડોદરા

બહાર પડી ચૂકયું છે :—

અર્થશાસ્ત્રના અતિ મહત્ત્વના અંગ નાણાવટાના વિષય
ઉપર ગૂજરાતી ભાષામાં પહેલું જ પ્રકાશન

હિંદનું નાણાવટું

લેખક : જયન્તીલાલ હ. મહેતા, (બી. કોમ.)
અર્થશાસ્ત્ર તથા નાણાવટાના મદદનીશ અધ્યાપક

આ પુસ્તકમા શરાફી, સહકારી પ્રવૃત્તિ, વ્યાપારી, ઔદ્યોગિક તથા હૂંડિયામણની બેંકો, રિઝર્વ બેંક તથા હિંદી નાણાબજાર અંગેના પ્રશ્નોની અભ્યાસપૂર્ણ છણાવટ કરવામાં આવી છે.

આમુખ લેખક . શ્રી. ડૉ. જ્યોતીન્દ્ર મહેતા, વિદ્યાવિહારી વડોદરા રાજ્ય.
પરિચયકાર : શેઠ શ્રી. પ્રાણલાલ દેવકરણ નાનજી.

પૃષ્ઠસંખ્યા : ૪૩૪
મૂલ્ય રૂા. ૩–૮–૦
(પાકું પૂંઠું)

સોલ એજન્ટસ :
મુકુન્દલાલ એચ. મહેતાની કં.
રાવપુરા, વડોદરા.

પુસ્તકો કયાં બંધાવશો ?

આજના મોઘવારીના વખતમાં ફાટી ગયેલાં નવાં પુસ્તકો વસાવવાં મુશ્કેલ છે.
એટલે
જૂનાં પણ ચલાવી શકાય તેવા પુસ્તકો ફરી બંધાવી પુસ્તકાલયના વાંચકોમા ચાલુ રાખો.
એ માટે
કિફાયત ભાવે બાંધવાનું અમદાવાદનું વર્ષો જૂનું ને જાણીતું અથક

યશવંત બુક બાઇન્ડિંગ વર્કસ

ઢાલગરવાડ, અમદાવાદ.

ભાવતાલ માટે આજેજ પુછાવો :
સસ્તુ સાહિત્ય કાર્યાલયનાં તમામ પુસ્તકો અમારે ત્યાં બંધાય છે, એ અમારી કામ કરવાની પ્રવીણુતા અને બાતરી માટેનો અચૂક પુરાવો છે.—

વડોદરા રાજ્યનાં તમામ પુસ્તકાલયો માટે તથા ઇનામો માટે મંજૂર થયેલું

— ગુજરાતી સાહિત્યનું એક અનોખું અંગ —

કાગળ

[લેખક : શ્રી. જયંતકુમાર યાજ્ઞિક]

કાગળ શેમાંથી બને છે, કેવી રીતે બને છે, કેટલી જાતનો બને છે તે તથા કાગળની જૂદી જૂદી જાતોની સમજ આપતું ગુજરાતી ભાષાનું સૌથી પ્રથમ અને અજોડ સચિત્ર પુસ્તક. કિંમત એક રૂપિયો.

દરેક પુસ્તકાલય વસાવવાનું ન ચૂકે.

મુદ્રણકલાના એક મહત્ત્વના અંગ કમ્પોઝીંગની આકૃતિઓ સાથે ઝીણવટભરી સમજ આપતું પ્રથમ ગુજરાતી સચિત્ર પુસ્તક. કિંમત બાર આના.

કોમ્પોઝીટર

[લે. : જયંતકુમાર યાજ્ઞિક]

મહાગુજરાતનાં વર્તમાનપત્રો તથા સાહિત્યકારો તરફથી આ બન્ને પ્રકાશનોને સારો આવકાર મળેલો છે.

દરેકે દરેક પુસ્તકાલયોએ રાખવા લાયક છે.

મળવાનું ઠેકાણું:—શ્રી. જયંતકુમાર યાજ્ઞિક શેઠશેરી, માંજલપુર, વડોદરા.

નવ સૌરાષ્ટ્રનો સેટ

બળવાખોર પિતાની તસ્વીર
કિં. ૨-૮-૦

આઝરીરા સ્વાતંત્ર્યના ઇતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ શ્રી. ઇંદુલાલ યાજ્ઞિકની પ્રેરણા સાથે.

લયલાના પત્રો
કિં. ૨-૦-૦

એક લોકપ્રિય ઉર્દુ સાહિત્યકારની સરળ કૃતિનો સરળ અનુવાદ. શ્રી. રમણલાલ વ. દેસાઈની પ્રશંસાત્મક પ્રસ્તાવના સાથે.

વિરાટ જાગે છે ત્યારે
કિં. ૧-૮-૦

શ્રી. ગુણવંતરાય આચાર્યની તેજસ્વી અને જોશીલી શૈલીમાં આદ્યંત રસભરી નવલકથા.

દરેક પુસ્તકાલય રાખે છે. તમારે ત્યાં ન હોય તો આજે જ ઓર્ડર મૂકો.

પ્રાપ્તિસ્થાન : બાલસાહિત્ય ભંડાર—નડિયાદ.

શ્રી. ર મ ણ લા લ પી. સો ની

અનુવાદિત બે નવાં છેલ્લાં પુસ્તકો

શરદબાબુ
નું છેલ્લું નવું પુસ્તક
શરદ વંદના
રૂા. ૨॥ અઢી

કવિવર ટાગોર
નું છેલ્લું નવું પુસ્તક
નગરલક્ષ્મી
રૂા. ૨॥ અઢી

શરદબાબુ સંપાદિત
રૂપમાધુરી

એ ન. એ સ. ઠક્કર ની કં પ ની

બુકસેલર્સ અને પબ્લીશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ-૨.

સ્ત્રીવર્ગને ખાસ ઉપયોગી

પ્રસૂતિશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વાંચો

પ્રસૂતિવિજ્ઞાન

લેખકઃ—લેખક, સંગ્રાહક અને પ્રકાશક, વૈદ્ય રવિશંકર જટાશંકર ત્રિવેદી.

જેમાં સ્ત્રીશરીર અવયવોનું વર્ણન, સગર્ભાવસ્થામાં પાળવાના નિયમો, સગર્ભાવસ્થામાં થતા રોગો અને તેના ઉપાયો, ગર્ભિણીની ભાવજત, દાયણનું કર્તવ્ય, પ્રસવની અવસ્થાઓ, પ્રસૂતાને થતા રોગો અને તેના ઉપાયો, પ્રસવ વખતે આવતી અડચણો વિષેની સૂચનાઓ, બાળઉછેર અને ભાવજત, બાળકની પીડાનાં પ્રથમનાં લક્ષણો, બાળકોનાં દરદો અને તેના ઉપાયો વિ. વિષયો ૨૯ પ્રકરણોમાં આપવામાં આવેલ છે. આ એક જ પુસ્તકના જ્ઞાનથી પ્રસૂતાને સંપૂર્ણ જ્ઞાન મળી શકે છે અને શરીર નિરોગી રાખી શકે છે.

આ પુસ્તક "વૈદ્યકલ્પતરુ" માસિકના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે.

માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩ ભેટની કિં. રૂા. ૧-૪-૦

લખોઃ—**ગુજરાત આયુર્વેદિક ફાર્મસી**

ગાંધીરોડ-અમદાવાદ. ઠાકરબાદેવી-મુંબઈ. ચોટાપુલ-સુરત.

દુનિયાભરના દેશોની હરોળમાં ઉન્નત મસ્તકે ઊભતો પૂર્વનો એકજ દેશ : જાપાન !!

એણે એનું અત્યારનું સ્થાન શી રીતે પ્રાપ્ત કર્યું તે જાણવા માટે એની કેળવણીનો પૂરો પરિચય મેળવવાની જરૂર છે.

જાપાનમાં અપાતી સર્વાંગી કેળવણીની માહિતી વિષે એક બાહોશ અને સારગ્રાહક પ્રવાસીએ આપેલી વિગતોથી ભરપૂર પુસ્તક

"જાપાનની કેળવણી"

મૂળલેખક : શ્રી. મણિલાલ બાલાંભાઇ નાણાવટીના અંગ્રેજી ઉપરથી

આ પુસ્તકમાં પ્રાથમિક કેળવણી, ઉચ્ચ કેળવણી, શિક્ષકો માટેની તાલીમ-સંસ્થાઓ; જાપાનની સામાજિક કેળવણી, કળા અને વિજ્ઞાનવિષયક કેળવણી તેમ જ પ્રજાના વિચારોના નિરીક્ષણ અને માર્ગદર્શન માટે ત્યાં શી શી વ્યવસ્થા છે એ બધું આ પુસ્તકમાં આપેલું છે.

દેશોન્નતિ ઇચ્છનાર દરેક જણે આ પુસ્તક વધુમાં વધુ વાંચવું જોઇએ.

ઍન્ટિક કાગળ પર છાપેલાં લગભગ સોએક પૃષ્ઠ અને આર્ટપેપર પર છપાયેલ ૧૬ ફોટો પ્લેટ છતાં

મૂલ્ય માત્ર ૦–૮–૦

પુસ્તકાલય સહાયક સહકારી મં. લિ.

પો. બો. નં. ૧૦, રાવપુરા, વડોદરા.

બાળકો ને કચડી નાખો નહિ.



બજેટ ઘડતાં, બાળકોના માસિક માટે ૨-૪ આના, થોડાં પાન કે 'ચાલ્યું આવે છે હવે!' એવા વિચારથી દોરાઇ જાઓ નહિ. બાળક કચડાય નહિ તે સૌથી પહેલું જુઓ.

'બાલસખા'ની પસંદગી આપને યોગ્ય ઠરાવશે, એવો અમારો નમ્ર દાવો છે. બધી રીતે એ આપને સંતોષ આપશે. વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો માટે વાર્ષિક લવાજમ કેવળ રૂ. ૨-૧૪-૦ છે.

એક વરસ 'બાલસખા'ને પુસ્તકાલયમાં સ્થાન આપી જુઓ.

કોઇએ નથી કરી એવી પ્રગતિ એણે પાંચ વરસમાં કરી છે.

તમારાં બાળકોને ગમી જાય તેવું સાહિત્ય

બાલશક્તિ ગ્રંથમાળા

બારથી સોળ વરસના બાળકિશોરો માટે પ્રાણવાન તથા જીજ્ઞાસા પ્રેરક બાલસાહિત્ય. ભેટ પુસ્તક સહિત પુસ્તકો સાત

વાર્ષિક લવાજમ રૂપિયા બે.

શિરીષ ગ્રંથમાળા

છ થી દશ વર્ષના બાળકો માટે જ્ઞાન સાથે ગમ્મત આપે તેવું રસીલું સુંદર અને સચિત્ર બાલસાહિત્ય. ભેટ પુસ્તક સહિત પુસ્તકો છ.

વાર્ષિક લવાજમ રૂપિયો એક.

આ ઉપરાંત અમારી માસિક બાલપત્રિકા 'બાલદર્શન'ના પણ ગ્રાહક થવાનું ચૂકશો નહિ. વાર્ષિક લવાજમ રૂપિયો એક. ભરપૂર ચિત્રો અને અખૂટ માહિતીઓથી ભરેલું સાહિત્ય. દરમાસની પંદરમી તારીખે નિયમિત પ્રકટ થાય છે.

આજે જ ગ્રાહક થાવ.

વધુ વિગત માટે લખો—

અનુપમ સાહિત્ય મંદિર, સોડાસા (એ. પી. રેલ્વે)

વાચનાલયના બજેટમાં મોખરે મૂકવા જેવું

સર્વાંગસુન્દર સચિત્ર માસિક

નવચેતન

વાચનાલયમાં આવનાર
એકેક એક વાચકને,
સંતોષે છે

ફક

આ લોકપ્રિય માસિક હમણાં
કલકત્તાથી વડોદરા આવ્યું છે.

વાર્ષિક લવાજમ ૩. ૬।=
હિંદ બહાર ૩. ૮।।

ફક

'નવચેતન' કાર્યાલય
કોઠી પાસે, વડોદરા.

સાહિત્ય
રાજકારણ
અર્થતંત્ર
જેવા જીવતા વિષયોમાં નવદૃષ્ટિ કેળવવા

રેખા

વાંચવું જ
વસાવવું જ
રહ્યું.

વિવિધતા
અનુભવતા
અનાડંબર

રેખાને વિશિષ્ટ બનાવે છે.

એકેક અંકમાં તે માસનું
ઉત્તમ વાંચન સગાયું છે.

વાર્તાઓ, નાટિકાઓ, કટાક્ષચિત્રો,
રાજકીય નોંધ, અર્થશાસ્ત્રીય લેખો,
માસની કિતાબ અને નવું વાચન,
માનસશાસ્ત્ર અને બોલપદ
આવું વૈવિધ્ય, સાદી બાનીમાં રજૂ થતું
બીજે કયાંય નહિ મળે.

અને સાથે
ગૂજરાતના સમર્થ વ્યંગચિત્રકાર
ચકોરનાં

વ્યંગ ચિત્રો

આટલું છતાં

રેખા

ગુજરાતનું સસ્તામાં સસ્તું માસિક છે.
દરમાસે ૧૦૦ પાનાંનું સમૃદ્ધ વાચન

વાર્ષિક	પરદેશમાં	છૂટક
લવાજમ	વર્ષના	નકલ
૨-૮-૦	૩-૮-૦	૦-૪-૦

આપના ગ્રામ પુસ્તકાલયમાં
રેખા વસાવી દુનિયા
સાથે ડગ માંડો.

સમસ્ત ગુજરાત અને મુખ્યત્વે વડોદરારાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિનું એકજ મુખપત્ર

પુસ્તક ૧૭ મું | જુલાઇ–૧૯૪૨ | અંક ૭ મો

બજેટ માટે મહત્ત્વના મુદ્દા

—તંત્રીસ્થાનેથી

જુલાઇ માસમાં વ. રા. નાં પુસ્તકાલયો માટે આગામી વર્ષનું બજેટ અને ગત વર્ષનું વાર્ષિક નિવેદન તૈયાર કરવાનું હોય છે. એ પ્રસંગે પુસ્તકાલયના મંત્રી–ગ્રંથપાલે ધ્યાનમાં રાખવા જેવા મુદ્દાઓ પરત્વે અમે ગયા વર્ષના "પુસ્તકાલય" માસિકના જુલાઇ અંકમાં તંત્રીસ્થાનેથી વિગતવાર સમજૂત આપી હતી. આ નવા વર્ષે પણ એ મુદ્દાઓ લક્ષ્યમાં લેવા જેવા હોવાથી આ નીચે ફરીથી છાપ્યા છે. —તંત્રી

જુલાઇ માસ આવે છે અને રાજ્યનાં પુસ્તકાલયોના જાગ્રત મંત્રી–ગ્રંથપાલો નવા વર્ષ માટે પત્રો–માસિકો ને પુસ્તકોની પસંદગીમાં લાગી જાય છે. એ પસંદગી કરતા પહેલાં તેઓ લોકમદદ કેટલી મળશે વા મળી ગઇ તેની ચોકસાઇ કરી લે છે અને તેના પ્રમાણમાં ખાતાએ નક્કી કરેલા ટકાવારીના ધોરણે પત્રો–માસિકો કે પુસ્તકોની પસંદગી કરવામાં લાગી જાય છે.

પત્રો–માસિકોની પસંદગી

પત્રો–માસિકો પસંદ કરતી વખતે કેટલાક મંત્રી વા ગ્રંથપાલો પોતાની જ પસંદગીનાં પત્રો–માસિકો માગે છે, અને પાછળથી એક યા બીજા કારણે તે નહિ પણ બીજાં જ પત્રો–માસિકોની માગણી કરતા જણાય છે. આવે વખતે બજેટમાં એક પત્ર માગ્યું હોય, તે માગણીને ખાતાએ મંજૂર કરી હોય અને પાછળથી તેમાં ફેરફાર કરાવવા આવે છે. કેટલીક વાર ટકાવારીના ધોરણની મર્યાદાને વટાવી જઈને પણ કેટલાક પત્રો–સામયિકોની માગણી કરતા હોય છે. આવે વખતે ખાતુ તેમાં ફેરફાર કરે છે અને પાછળથી પત્રવ્યવહાર ચાલતાં વખત લંબાય છે અને વખતસર પત્રો ચાલુ થઇ શકતાં નથી. આવી પરિસ્થિતિ ઊભી ન થાય તે માટે સરળ રસ્તો એક જ છે અને તે એ કે, કોઇપણ મંત્રી વા ગ્રંથપાલે **પોતાની પસંદગીનાં સામયિકો** ન મૂકતાં **વ્યવસ્થાપક મંડળની સંમતિપૂર્વકની પસંદગીનાં** ખાતાની સૂચવેલી

ટકાવારીની હદમાં રહીને જ માગવાં વધુ ઇષ્ટ છે, કે જેથી પાછળથી ફેરફાર કરવા માટે ખાતા સાથે વ્યર્થ પત્રવ્યવહારમાં ઊતરવું ન પડે અને નિયમિત વખતસર પત્રો મળવાં ચાલુ થાય.

વળી આવાં પત્રો–માસિકો પસંદ કરતી વેળા કેટલીક વાર આગલા વર્ષે પસંદ કરાયાં હોય તેનાં તે જ સામયિકો–ખાસ કરીને માસિકો–ની પસંદગી થાય છે તે પદ્ધતિ બરાબર નથી. ગયા વર્ષે મંગાવેલાં માસિકોમાં વાચકોએ કયાં વાંચવામાં વધુ રસ લીધો અને જનતાને કયાં વધુ ઉપકારક નીવડયાં તે પણ વિચારવું જોઇએ. ખાસ કરીને બાલમાસિકો અથવા સ્ત્રીમાસિકોમાં આ બાબત ખાસ તપાસવી જોઇએ. એવું કોઈ માસિક સસ્તુ હોય છતાં તેમાં આવતું વાચન બાળકો કે સ્ત્રીઓને રુચિકર અથવા વાંચવામાં રસ ઉત્પન્ન કરે કે જ્ઞાનદાયક ન હોય તો નવે વર્ષે તેમાં ફેરફાર કરી શકાય. અથવા ગયે વર્ષે અમુક બાલમાસિક કે સ્ત્રીમાસિક મંગાવ્યું હોય તો નવે વર્ષે બીજું નવું મંગાવી બાળકોને તે કેટલું વધુ રુચિકર નીવડે તેમ છે તે પણ જોવું જોઇએ. આ સિવાય એ બાબતમાં સરળ ઉપાય એ છે કે, આવાં માસિકોના નમુનાના અંક મંગાવી જોવા, બાળકોમાં ફરતા કરવા અને બાળકની વાચનવૃત્તિ કયા પર ઊતરે છે તે અજમાવીને તે માસિક મંગાવવું વધુ ઠીક થઇ પડશે. અને આવાં માસિકોના સંચાલકો નમુનાનો અંક મોકલવા ભાગ્યે જ ના પાડશે; અરે, કેટલાક તો નમુનાનો અંક મફત પણ મોકલી આપે છે. અન્ય માસિકોની પસંદગીમાં પણ આ અખતરો અજમાવશો તો તેમાંથી પણ તમોને કયું માસિક પસંદ કરવું તે વધુ સુગમ અને સરળ થઇ પડશે.

દૈનિક વા અઠવાડીક પત્રોની બાબત પણ કેટલોક વિચાર માગી લે છે. નાની રકમનું બજેટ હોય છતાં ભારે કિંમતનું દૈનિક વર્તમાનપત્ર માગવામાં આવે તો તે ન સ્વીકારાય એ સ્વાભાવિક છે. એટલે પોતાની બજેટની રકમ લક્ષ્યમાં રાખીને પુસ્તકાલયને પરવડે તેવું દૈનિક મંગાવવું વધુ ઇષ્ટ છે. અને દૈનિક પત્ર માટે રકમની જોગવાઇ ન થઇ શકે તેમ હોય તો અર્ધસાપ્તાહિકથી અથવા અઠવાડીકથી સંતોષ માનવો જોઇએ અને છેક નાની રકમના બજેટવાળાં પુસ્તકાલયોએ તો સાધ્યમાંથી પ્રકટ થતાં અઠવાડીકોથી જ સંતોષ માનવો રહ્યો.

પુસ્તકપસંદગી

પુસ્તકો પસંદ કરતી વખતે કેટલેક સ્થળે બુકસેલરો તરફથી મળેલાં સૂચિ–પત્રોમાં છપાતાં પુસ્તકોનાં નામોના આધારે પસંદગી કરવામાં આવે છે અથવા મંત્રી કે ગ્રંથપાલ અથવા ગામમાં વધુ લાગવગ ધરાવનાર વ્યક્તિની માગણીનાં પુસ્તકો પણ માગવામાં આવે છે. પુસ્તકપસંદગીની બાબતમાં આ નીતિ બરાબર નથી. પુસ્તકો પસંદ કરતી વખતે વ્યવસ્થાપક મંડળના સભ્યોની સલાહ લો. તમારે ત્યાં આવતાં વાચકોને અવારનવાર પૂછતા રહો અને "પુસ્તકાલય" માસિકમાં

વા અન્ય માસિકો કે સામયિકોમાં આવતાં અવલોકનો કે પુસ્તકપરિચયોથી વખતોવખત વાકેફગાર થતા જાઓ. એટલે કયું બહાર પડેલું પુસ્તક ખરીદવા જેવું છે તેનો કંઇક ખ્યાલ તમને મળશે. અને એ રીતે પુસ્તકપસંદગીનો તમારો માર્ગ સરળ બની જશે. પરંતુ ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત એ છે કે, **અશિષ્ટ કે અનિષ્ટ પુસ્તકો તમારા પુસ્તકાલયમાં ન પેસી જાય** તેની પણ ખાસ તકેદારી રાખજો.

બાળકો અને પ્રૌઢો માટે

વળી પુસ્તકાલયમાં વધુ વાચકો તો ગામના ઉછરતા બાળકો અને જુવાનો હશે, તેમ જ પ્રૌઢશિક્ષણપ્રવૃત્તિના પરિણામે નવા વાંચતાં શીખેલા પ્રૌઢો માટેનાં પુસ્તકોનો પણ તમારે વિચાર કરવાનો છે. આ બાબતમાં બાળકો અને પ્રૌઢો સરળતાથી વાંચી સમજી શકે તેવી નાની નાની સરળ ભાષામાં અને મોટા અક્ષરે જ્ઞાન આપે એવી જે પુસ્તિકાઓ પ્રકટ થઇ હોય તે પણ લક્ષ્યમાં લેતા જજો અને એમને માટેનાં પુસ્તકો પણ વસાવવાનું ચૂકતા નહિ.

ગ્રંથમાળાઓ શા માટે ?

એક વધુ લાલ બત્તી અહીં ધરવી અસ્થાને નહિ લેખાય. અને તે ગ્રંથમાળાઓને લગતી. આપણે ત્યાં હમણાં હમણાં જુદા જુદા પ્રકારની અને જુદી જુદી લાલચો બતાવતી સંખ્યાબંધ ગ્રંથમાળાઓ અગાઉથી લવાજમ લેવા બહાર પાડવાની જાહેરાતો થાય છે અને પાછળથી તેનું પરિણામ કેટલીક વાર લવાજમનાં નાણાં ગુમાવવામાં આવે છે. આવું ન થાય તે માટે આસ તકેદારી રાખવી જરૂરી છે. એટલે અગાઉથી લવાજમ માગતી ગ્રંથમાળાઓના ગ્રાહકો થઇ ગમે તેવાં–કદી કદી અણગમતાં પુસ્તકો વહોરી લઇ પાછળથી પસ્તાવા વખત ન આવે તે માટે પ્રતિષ્ઠિત ગ્રંથમાળાઓ સિવાયની ગ્રંથમાળાના ગ્રાહક થવાનું હમેશ માટે માંડી વાળજો. **રખે એવી ગ્રંથમાળાઓના ગ્રાહક થતા.**

હવે છેલ્લી પણ અગત્યની લક્ષ્યમાં રાખવા જેવી એક બાબત છે. કેટલાક ગ્રંથપાલો બજેટમાં પુસ્તકોની યાદી જ લખતા નથી, જ્યારે કેટલાકો બાતાની પસંદગીનાં પુસ્તકો મોકલવા જણાવે છે. આ રીત બરાબર નથી. બાતુ પોતાની પસંદગીનાં પુસ્તકો મોકલે તેમાં કોઇ એવાં પણ હોય જે અગાઉ પુસ્તકાલયમાં આવી પણ ગયાં હોય; સ્વાભાવિક છે કે, બાતાને આ વિષેનો ખ્યાલ ન પણ હોય.

વળી પોતે મોકલેલી યાદીમાં **ખાસ જરૂરી પુસ્તકો કયાં છે તે અવશ્ય જણાવવું** કે જેથી તે મોકલવા પુ. સ. સ. મંડળ ખાસ તજવીજ કરી શકે.

બજેટ બનાવતી વખતે પુસ્તકાલયના મંત્રી–ગ્રંથપાલો આટલી બાબત ધ્યાન પર રાખશે તો તેમનો પત્રો–માસિકો તેમ જ પુસ્તકપસંદગીનો માર્ગ સરળ બની જશે અને વ્યર્થ પત્રવ્યવહારમાં નહિ ઊતરવું પડે.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

તેલુગુ સાપ્તાહિક 'રાયલ સીમા'ના તંત્રી શ્રી. કે. નરસૈયાએ ૧૮ મી મેના રોજ તિરૂપતી ખાતે 'હરિજન'ની તેલુગુ આવૃત્તિ પ્રકટ કરી છે. તેમ કરવાની તેમણે મહાત્માજીની પરવાનગી મેળવી છે. તેના તંત્રી તરીકે શ્રી. જે. સંજીવરાવ છે. 'રાયલ સીમા'ની ઑફિસમાં માન્યવરોને એનો પહેલો અંક વહેંચવામાં આવ્યો હતો.

× × ×

શાંઓરા કુલી, હુગલીના મહાયાત્રા સાહિત્ય મંદિરે સાહિત્યની અમુક હરિફાઇ ગોઠવી તેને માટે બે ચંદ્રકો આપવાનું નક્કી કર્યું છે: વિજ્ઞાનને માટે 'નૃપેન્દ્ર સ્મારક ચંદ્રક' તથા હાસ્યરસિક પદ્ય માટે 'સંજીવકુમાર સ્મારક ચંદ્રક.'

× × ×

ધારવાડના કાનડા અધર્સ યુનિયને 'કર્ણાટક સંસ્કૃતિ મહોત્સવ' માટે એક સરળ કાર્યક્રમ નક્કી કર્યો હતો. અને તે કાર્યક્રમ સ્થાનિક સાહિત્ય તથા સંસ્કૃતિની સંસ્થાઓના સહકાર વડે વીર શૈવ યુવક મંડળે પાર પાડ્યો હતો. આ કાર્યક્રમ ૧ એપ્રિલથી ૧૯ એપ્રિલ સુધી ચાલ્યો હતો. આ કાર્યક્રમમાં કર્ણાટક વિશ્વવિદ્યાલયદિન, કર્ણાટક સંગઠન દિન, કર્ણાટક સાહિત્ય મહોત્સવ, કાનડા ભાષાના વિદ્વાન રેવ. ચન્નાપા ઉત્તંગી અભિનંદન દિન વગેરેનો સમાવેશ થતો હતો.

× × ×

બેંગલોરમાં વાર્ષિક વસંત સાહિત્ય મહોત્સવ ૩ એપ્રિલથી ૬ એપ્રિલ સુધી ઉજવવામાં આવ્યો હતો. કાનડા સાહિત્ય પરિષદ તરફથી આ મહોત્સવ પ્રતિવર્ષ ઉજવવામાં આવે છે. આ કાર્યક્રમમાં કાનડી લિપિની સુધારણા, સ્ત્રીપરિષદ, ભાષણો, નાટકો તથા કવિઓના લેખોમાંથી વાચન થયાં હતાં.

× × ×

મરાઠી માસિક 'મનોહર'ના એપ્રિલ માસના અંકની તંત્રીનોંધ લેખકોને સમયની પ્રગતિ સાથે રહેવા સમજાવતાં જણાવે છે કે, આપણા દૈનિક જીવન પર યુદ્ધની અસર–જેવી કે અંધારપછેડો, ભાવોનો ઉછાળો, શહેર ખાલી કરી જતા લોકોનો ધસારો, ભાવિ જીવન-નિર્વાહ માટેની અચોકકસતા–કોઇપણ લેખકને મનુષ્યજીવનના નાટક માટે સામગ્રી પૂરી પાડે છે. નફાખોર વેપારી, અફવાઓમાં આનંદ માનનાર, યુદ્ધ શું છે અથવા તે કેવી રીતે શરૂ થયું તેની ગતાગમ પણ ન હોય તેવા કહેવાતા રાજદ્વારીઓએ આરામખુરશીમાં સૂતાં સૂતાં કરેલ યુદ્ધચર્ચા, યુદ્ધને મોખરેથી પાછા ફરતા સૈનિકે પોતાના જીવસટોસટના બચાવની કહેલ વાતો–આ બધા માટે સાહિત્યમાં ઉદ્‌ભવસ્થાન છે.

× × ×

મુંબઇની રામનારાયણ રૂઇયા કૉલેજના પ્રો. ડી. કે. કેળકરને ચાલુ વર્ષનું રાવબહાદુર

દાદોબા પાંડુરંગ તરખડનું ૨૫૦) રા. નું ઇનામ મળ્યું છે. તેમના પુસ્તક 'સંસ્કૃતિ સંગમ'ને મુંબઇ યુનિવર્સિટીએ વર્ષનું શ્રેષ્ઠ મરાઠી પુસ્તક ગણ્યું છે. પ્રૉ. કેલકરે બીજું બનાવેલું પુસ્તક ' કાવ્યાલોચન ' પણ લખ્યું છે.

× × ×

મદ્રાસ યુનિવર્સિટી પોતે પસંદ કરેલ વિષય પર દ્રાવિડીયન ભાષાઓમાં લખાયેલ શ્રેષ્ઠ પુસ્તકો માટે દર વર્ષે પારિતોષિક આપે છે. આ વખતનું એ પારિતોષિક શ્રી. પી. એન. અપ્પુસ્વામી આયર તથા શ્રી. જે. પી. મનીકમને તામિલ ભાષામાં લખાયેલ પુસ્તક ' ક્ષ-કિરણો ' માટે અપાયેલ છે. આ ઇનામ ૫૦૦) રૂ. નું છે. ખાસ નોંધપાત્ર હકીકત તો એ છે કે આગલા બે પ્રસંગોએ શ્રી. અપ્પુસ્વામી ઇનામ લઇ ગયા છે. ' વીજળી ' અને ' રેડિયો ' ઉપરનાં તામિલ પુસ્તકો માટે આ ઇનામો તેને મળ્યાં છે. છેલ્લા પુસ્તકમાં તેને પ્રોફેસર મતિકલનો સહકાર મળ્યો છે.

× + ×

તેલુગુ લેખક વિદ્યાવિનોદી આન્ધ્રરત્ન ગોગુલપતિ વીર સેલિંગમ પંતુલુને આપવામાં આવેલ ઉપહારગ્રંથમાં શ્રી. પંતુલુએ શેકસપીઅરનાં નાટકો ' હેમ્લેટ ', ' કીંગ લીઅર ' ' ઓથેલો ' અને ' મેકબેથ 'નાં કરેલ ભાષાંતરો માટે આભાર માનવામાં આવેલ છે. ' મેકબેથ 'નું ભાષાંતર ચાલુ વર્ષમાં આઠ આનાની કિંમતે પ્રગટ કરવામાં આવ્યું છે. આ ઉપહારગ્રંથ શ્રી. પંતુલુને સાઠ વર્ષ પૂરાં થતાં અર્પણ કરવામાં આવ્યો હતો, અને તેનું નામ ' ષષ્ઠિ પૂર્તિ મહોત્સવ અને પછી ' યોગ્ય જ હતું.

× × × ×

નાઝી અત્યાચારનો છેલ્લો ભોગ બલ્ગેરિયા બન્યું છે. ત્યાં બલ્ગેરિયાના પ્રધાન મંડળની આજ્ઞાથી ' પી. ઇ. એન. ' કેન્દ્ર, રોટરી ક્લબ તથા સોફિયા ક્લબ 'ને બંધ કરી દેવામાં આવ્યાં છે.

છોટાલાલ માનસિંગ કામદાર

હૃદય પ્રવેશ

તપશ્ચર્યા વગર કોઇના હૃદયમાં દાખલ થઇ શકાતું નથી; કોઇ પણ પ્રકારની ઉતાવળ, ઊછરા-પણું, ઉપેક્ષાવૃત્તિ, એ હૃદયમંદિરમાં દાખલ થવાને માટે માણસને નાલાયક ઠરાવે છે.

પરમ સંતના આશ્રમમાં જતા હો એટલી પવિત્ર શીતલ ભાવનાઓથી જાઓ; પુણ્યશ્લોક રાજવીના મહેલના અંતર્ભાગમાં જતા હો એટલા આદર અને ગાંભીર્યથી જાઓ; મિત્રની મૃત્યુશય્યા સમીપ જતા હો એટલા શાંત અને નીરવ પગલે જાઓ, નવપરિણીત મુગ્ધા પાંસે પહેલી જ વાર જતા હો, એટલા ઉલ્લાસમય પ્રેમથી જાઓ; નહિતર એ દ્વાર તમારી આગળ ઘડઘડો નહિ...અને બહાર આંટા મારી મારીને તમારે બીલે મ્હોંએ પાછા ફરવું પડશે.

નવા વર્ષે

વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયોમાં રસ લેનાર ગ્રંથપાલ, મંત્રી અને વ્યવસ્થાપકો સમક્ષ તેમના આવતા વર્ષનો કાર્યક્રમ આંકવાનો સમય આવી પહોંચે છે તે સમયે સહાયભૂત થાય એ દૃષ્ટિથી આ લેખ અહીં રજૂ કર્યો છે.—ઉ. મો. પટેલ.

આપણાં મફત સાર્વજનિક પુસ્તકાલયો એ નીચેના બાસ બે ઉદ્દેશોથી સ્થપાયલાં છેઃ

(૧) પ્રામજનતા પ્રાથમિક જ્ઞાન મેળવ્યા બાદ તે પુનઃ ભૂલી ન જાય એટલું જ નહિ પણ તેમનું જ્ઞાન વિસ્તૃત થાય;

આપણાં પુસ્તકાલયોનો ઉદ્દેશ

(૨) વર્તમાન પરિસ્થિતિથી વાકેફ રહી પોતાની ફરજો બરાબર અદા કરવાની શક્તિ કેળવે.

આ બે ઉદ્દેશો ફલીભૂત થવા માટે આપણે પુસ્તકાલયમાં થોડાં વૃત્તપત્રો, સામયિકો, પુસ્તકો વગેરે વસાવીએ છીએ.

એ ઉદ્દેશ પૂરો પાડવા જોઇતું સાહિત્ય વસાવીએ.

વર્ષના અંતે આપણે વિચાર કરવાનો છે કે આપણે આપણા ગ્રંથભંડારમાં પ્રામજનતાના મોટા ભાગને રુચે તેવું સાહિત્ય વસાવવા કેટલી લોકમદદ ઊભી કરી, નવું સાહિત્ય કેટલું ઉમેર્યું, લોકોને તે કેટલી હદ સુધી પહોંચી વળ્યું, અને હવે પછી આપણે શું શું કરવા જેવું છે. આ બધી બાબતોનો આપણે એક પછી એક વિચાર કરીએ.

આપણાં ગ્રામ પુસ્તકાલયોમાં લોકમદદ ખાસ કરીને નીચેની યોજનાઓથી ઊભી થાય છેઃ—

(૧) ગામની સામયિક રકમમાંથી અમુક રકમ.

સાહિત્ય માટે લોકમદદ ઊભી કરવા બાબત

(૨) આગેવાન તવંગર અને શિક્ષિત ભાઇઓ તરફથી મળતી મદદ;

(૩) પુણ્ય તિથિએ અગર શુભ પ્રસંગે મળતી મદદ.

આ રકમો કોઇ વ્યક્તિના એકલાના જ ઉપયોગ માટે મળતી નથી; પણ ગામની આ લોકભદ્ર પ્રવૃત્તિ વધારેમાં વધારે લોકપ્રિય થાય એ હેતુએ ઊભી કરવાની હોય છે. ગામ-પરગામથી આવનાર જલસો તુજ પ્રસંગોએ જે મદદ આપે છે તે પણ એ હેતુથી કે આ એક સર્વ લોકોને ઉપયોગી પ્રવૃત્તિ વધારે વિકાસ પામે.

વ્યવસ્થાપકોએ પોતે જે રીતે જનતના હિતનો વિચાર કરી સામાન્ય લોકોમાં જ્ઞાન સંચાર કરવા પ્રયાસ કર્યો હશે તે પ્રમાણે આ રકમ મળશે. એટલે લોકમદદ એ બીજી કેટલીક બાબતો ઉપરાંત પુસ્તકાલયની પ્રગતિ બતાવનાર એક તત્ત્વ છે.

આપણા રાજ્યમાં જેટલી લોકમદદ ઊભી થાય તેના નીચે રકમ અનામતનિધિમાં લઇ જવા પછી બાકીની રકમ ઉપર સવડ પ્રમાણે સરકારપંચાયત મદદ મળે છે. એટલે એ તો નિશ્ચિત છે કે જે સાર્વજનિક પુસ્તકાલય પોતાના પુસ્તકાલયના વિકાસ માટે જેમ વધુ લોકમદદ ઊભી કરી વધુ ખર્ચવાની શક્તિ કેળવશે, તેમ તેમ એ વધારે પ્રજાકીય બનશે. અને વધુ ને વધુ વાચકોને સાધનો પૂરાં પાડશે.

લોકમદદ વધુ ઊભી કરવા માટે મારી માન્યતા પ્રમાણે સંચાલકોએ નીચેની બાબતોનો ખાસ આવશ્યક વિચાર કરવો ઘટે છે.

(૧) બને તેમ થોડી થોડી પણ ઘણા માણસો પાસેથી મદદ મેળવવી.

(૨) મદદ આપનારને લાગવું જોઇએ કે તેણે ગામના પુસ્તકાલય દ્વારા વધારે માનસિક અને નૈતિક આનંદ મેળવ્યો છે.

(૩) મદદ આપનારને લાગવું જોઇએ કે જેમ સદાવ્રત અનેક ભૂખ્યાં હૈયાં ઠારે છે તેમ અનેક મદદ નહિ આપી શકનાર શિક્ષિત ભાઇઓને પુસ્તકાલયે પુસ્તકવાચનનો લાભ આપ્યો છે.

શહેર સુધરાઇ કે ગામ પંચાયતોની વધારાની મદદ

સરકાર અને પ્રાંત પંચાયતોની મદદ ઉપરાંત ગામ કે શહેરની પંચાયત કે સુધરાઇઓ પણ સંસ્થાને મદદ આપવા પ્રેરાય તેવા પ્રયાસ થવા જોઇએ. ગામના એ કારભારીઓને લાગવું જોઇએ કે તેમની જવાબદારીઓ પ્રજાને બરોબર સમજાય તે માટે પ્રજામાં જ્ઞાનના અજવાળા ફેલાવાની જરૂર છે. અને આવા પ્રસંગે સુધરાઇ કે ગામ પંચાયત તરફથી લોકોમાં સામાન્ય કેળવણી ફેલાય તેવા જે પ્રયાસો સૂચવાય તે પુસ્તકાલય સમિતિઓએ ઉપાડી લેવા જોઇએ. કારણ, સમય જતાં સરકાર કે પંચાયત આ સંસ્થાઓને મદદ આપવી ઓછી કરે ત્યારે જ્યાં સુધરાઇ કે ગામ-પંચાયત પોતાના સ્થળની જરૂરીઆત પ્રમાણે આવી લોકભદ્ર પ્રવૃત્તિ ઉપાડી લેવા તેની તાકાત કેળવી શકે. આશા છે કે પુસ્તકાલયના સભ્યો શહેર સુધરાઇ અને ગ્રામ પંચાયતના સભ્યોની વધુમાં વધુ નિકટ આવી આ પ્રવૃત્તિનો વિકાસ કરવામાં મદદ કરે.

ખર્ચની યોજના

લોકમદદ, સરકારમદદ, પંચાયત મદદ અને શહેર સુધરાઇ કે ગામ પંચાયતની મદદો મેળવ્યા કે મેળવવાની બાંહેધરી મળ્યા પછી આવેલા ઉત્પન્નનો ખર્ચ કેમ કરવો એ પણ બહુ મહત્ત્વની બાબત છે. અંદાજ-પત્ર બનાવતી વખતે વ્યવસ્થાપકો એમ માને કે અમારી અંગત લાગવગથી જ અમે પુસ્તકાલયને મદદ અપાવી છે માટે સમાજની જવાબદારીઓ બાજુ પર મૂકી પોતાની ઇચ્છા મુજબ અંદાજપત્ર રજૂ કરે તો જરૂર જે અગાઉ જણાવ્યું તેમ, એ સંસ્થા એક કે બે વર્ષે પોતાનું ઉત્પન્ન ઘટાડી દેશે. કેટલાંય પુસ્તકાલયોની લોકમદદ આજે અસ્થિર સ્થિતિમાં છે. તેનું મૂળ કારણ તો એ જ જણાય છે કે તે હજી જોઇએ તેટલી **ગ્રામની સમગ્ર જનતામાં અંતર્ગત થઇ નથી.** આપ જોશો કે મોટાં રાષ્ટ્રોના કારભારીઓની વ્યવસ્થામાં પણ તેના કારભારીઓ જે રીતે અંદાજ રજૂ કરી યોજનાઓ ઘડે છે તે પર જ તેમની ભવિષ્યની સ્થિતિનો આધાર રહે છે.

સાર્વજનિક પુસ્તકાલયનો ઉદ્દેશ આપણે ઉપર જોઇ ગયા તેમ પ્રથમ તો સામાન્ય પ્રાથમિક જ્ઞાન મેળવતી પ્રજા નિરક્ષરતામાં ડૂબી ન મરે તે આશ છે. અને બીજો વર્તમાન સ્થિતિમાં પોતાની જવાબદારીઓ દરેક ભણેલી વ્યક્તિ બરાબર બજાવી શકે તે છે. એટલે પુસ્તકાલયના બે મોટા ભાગ પડે છે કે એક પુસ્તક વિભાગ અને બીજો સામયિક વિભાગ,

પુસ્તક વિભાગ

પુસ્તકાલયોએ જે ખાસ મહત્ત્વની બાબત લક્ષમાં રાખવાની છે તે એ છે કે પોતાના પુસ્તકાલયમાં પુસ્તક વિભાગ બરાબર છે કે કેમ ? જ્યારે આ બાબત રજૂ કરું છું ત્યારે ખાસ કરીને મફત સાર્વજનિક પુસ્તકાલયોનો હું ખ્યાલ કરું છું. પુસ્તકાલયોના કેટલાક પ્રકાર છે; તે પૈકી મફત સાર્વજનિક પુસ્તકાલય એક છે. આવાં પુસ્તકાલયોનાં સભાજના માણસોને રોજના જરૂર પડે તેવા સંદર્ભગ્રંથો ઉપરાંત જે ભાષાનું એ પુસ્તકાલય હોય તે ભાષાનાં પુસ્તકો પૈકી પોતાના ગામ કે શહેરની પ્રજાને વાચનમાં જે પ્રમાણમાં રસ લાગ્યો હોય અને તેના વિકાસની દૃષ્ટિએ જેવા પ્રકારનું સાહિત્ય આવવું જોઇએ તેવાં જ પુસ્તકોનો એક પસંદ કરેલો નાનકડો સંગ્રહ ગણું છું. આ પુસ્તકાલયોનાં પુસ્તકો દર વર્ષે ભરનિગળ થવાં જોઇએ. લોકોમાં જે વાચન માટે મંદતા આવી છે, જે પુસ્તકો ઘણાં વંચાઇ નિરૂપયોગી થયાં છે, તે દર વર્ષે ખસી જવાં જોઇએ; અને તે સ્થળે નવીન કાલ તેમ જ એક વખત ખરીદાયેલાં પુસ્તકો પૈકી લોકરુચિ પ્રમાણેનાં નવાં પુસ્તકો ખરીદાવાં જોઇએ. આ પુસ્તકાલયોમાં જો સ્વતંત્ર બાલ પુસ્તકાલયો ન હોય તો બાળકો માટેનાં પુસ્તકો, ચિત્રપોથીઓ વગેરે માટે પણ પૂરતું સ્થાન હોવું જોઇએ.

સાર્વજનિક પુસ્તકાલયોની મુલાકાત લેતાં જણાયું છે કે કેટલાંક પુસ્તકો જીર્ણ થઈ જાય છે, ઊધાઈ લાગે છે; કેટલાંક અલ્પજીવી હોય છે અને આમ કોઇને વાંચવાનું ગમે તેવું હોતું નથી છતાં તે પુસ્તકો કબાટમાંથી બહાર નીકળ્યા જતાં નથી. પરિણામે નવાં પુસ્તકોનો ઉમેરો ઓછો થતો જાય છે અને સમિતિ માને છે કે અમારા પુસ્તકાલયમાં ઘણાં પુસ્તકો છે પણ કોઇ તેનો ઉપયોગ કરતું નથી. હું સંચાલક મિત્રોને પુસ્તક વિભાગની વધારે કાળજી લેવા વિનવું છું અને તેને અદ્યતન રાખવા, વાચકની સંસ્કારક રુચિને પોષે તેવું સાહિત્ય વસાવવા તે પોતાના પુસ્તકાલયમાં ખાસ સવડ રાખે. જો નવીન પુસ્તકોનો કાલ પ્રૌઢો અને બાળકોને માટે પુસ્તકાલયમાં આવતો રહેશે તો મારી તો ખાતરી છે કે એ પુસ્તકસંગ્રહ બન્નેને બહુ પ્રિય થઇ પડશે. આ સંગ્રહ અદ્યતન રાખવામાં નાનાં ગામડાંને માર્ગદર્શન નજીકનું મોટું પુસ્તકાલય કે કસ્બા પુસ્તકાલય તો જરૂર આપી શકે. ' પુસ્તકાલય ' માસિકના પરિચય વિભાગો, તેમ જ નજીકના મુખ્ય પુસ્તકાલયના સંગ્રહો જોઇ એકબીજામાં સહકાર સાધી નાનાં નાનાં પુસ્તકાલયો પોતાના પુસ્તકાલયના સંગ્રહો ઘણા આકર્ષક અને વાચકને પોષક બનાવે એ નિઃશંક છે.

છેવટમાં મારી વિનંતિ છે કે પ્રાંત, કસ્બા કે ગ્રામ પુસ્તકાલયો પોતાના પુસ્તકાલયમાં જે કચરો ભરાયો હોય તે તમામ દૂર કરવા તેવાં પુસ્તકો કમી કરાવે અને નવીન સારાં પુસ્તકોથી સંગ્રહ તાજો રાખે. આ સંગ્રહ તાજો રાખવાનો પુસ્તકાલયોનો એ ઉદ્દેશ હોવો જોઇએ કે તે પોતાના ગામ કે શહેરની ચોકું ભણેલી તેમ જ વધુ ભણેલી તમામ પ્રજા માટે પૂરતો પોષક માનસિક ખોરાક પૂરો પાડે અને તે માટે નિદાન પોતાના ઉત્પન્નના ચાલીસ ટકા જેટલી રકમ ખર્ચે.

વાચનાલય વિભાગ

પુસ્તકાલયોનો બીજો ઉદ્દેશ દેશ પરદેશના સમાચારો તથા વર્તમાન પરિસ્થિતિથી ગામ કે શહેરની પ્રજાને વાકેફ રાખવી. વર્તમાનપત્રોના આ જોખમદારીના સમયમાં ' કરકસર કરો ' એ સૂત્ર પ્રમુખસ્થાને રાખી પોતાનાં પુસ્તકાલયોની વ્યવસ્થા કરવા હું આગ્રહભરી વિનંતિ

કરું છું. આમાં મારે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોને સંબોધી કહેવાનું કે વડોદરાનાં કેટલાંય પુસ્તકાલયો આ બાબતમાં ઉડાઉ ખર્ચ કરે છે, અને તેથી પોતાના સ્થળસીમાની સામાન્ય રૈયતનાં અને બીજાં જાહેર નાણાંનો દુરૂપયોગ કરી રહ્યાં છે. આવે સમયે તો હું તેમને કરકસર કરવા ખાસ વિનવું છું. વડોદરા રાજ્ય એ બ્રિટિશ રાજ્યની સાથે સાથે છે. ત્યાં કેટલાંક સુધરાઇઓની મદદ અને લોકમદદથી ચાલતાં કરબા પુસ્તકાલયો છે, વળી કેટલાંક એકલી લોક-મદદથી જ નભે છે. આ પુસ્તકાલયોમાં આ વિભાગ પાછળ શું ખર્ચ થાય છે તે જાણવા જેવો છે. આણંદ, કપડવંજ, ડાકોર વગેરે શહેરોમાં જે પુસ્તકાલયો છે તેમાં કેટલાંક દૈનિક પત્રો તો તેના કાર્યકરો ગામ કે શહેરમાં બીજા પાસેથી ભેટ મેળવે છે. અને જરૂરી પત્રો અને સામયિકો પાછળ જ ખર્ચ કરે છે. તેમનો પુસ્તકો પાછળનો ખર્ચ **વર્તમાનપત્રો પાછળ થતા ખર્ચ જેટલો જ હોય છે.** વડોદરા રાજ્યમાં આ સ્થિતિ નથી એ બહુ શોચનીય છે. જ્યારે જાહેર સંસ્થાઓમાં બ્રિટિશ પ્રાંતો કરતાં અહીંઆં શ્રીમંત સરકાર તથા પ્રાંત પંચાયતો વધારે મદદ આપે છે ત્યારે તેમની કાર્યક્ષમતા વધવી જોઇએ. વર્તમાનપત્રો વ્યવસ્થિત રહેવાં જોઇએ, તે જરૂર કરતાં વિશેષ હોવાં ન જોઇએ. વ્યક્તિગત સભ્યોને પૂરાં પાડવા ખાતર તે ખરીદાવાં જોઇએ નહિ, પણ વાચનાલય ખંડમાં જેટલાં મૂકી શકાય અને **વાચકો જે પ્રમાણમાં પુસ્તકાલયમાં બેસી** લાભ લેતા હોય તે પ્રમાણમાં જ તે ખરીદાવાં જોઇએ. મને લાગે છે કે આપણાં સાર્વજનિક પુસ્તકાલયો નાનાં નાનાં હોય તો ત્રીસથી પાંત્રીસ ટકા સુધી અને કરબા પુસ્તકાલયો વીસ ટકાથી વધારે ઉત્પન્ન આ વિભાગના સામયિકો અને વૃત્તપત્રો પાછળ ખર્ચી શકે નહિ. બતલબ કે કરબા પુસ્તકાલયો અંદાજમાં તે વ્યવસ્થિત રીતે ગોઠવી અને પત્રો નક્કી કરે અને એકબીજા કરબા સાથે વધારે મોંઘાં પરદેશી પત્રો માટે સહકાર કરે તો ઘણુ સારું સાહિત્ય થોડા ખર્ચમાં વસાવી શકે. આશા છે કે પુસ્તકાલયના સંચાલકો મારી આ વિનતિને પણ લક્ષમાં લઇ પોતાના વાચકોને વધુમાં વધુ મદદ આપશે.

વાચકો વધારવા જોઇએ

પોતાના પુસ્તકાલય કે વાચનાલયમાં દિવસે દિવસે વધારે પ્રગતિ થઇ વાચકની સંખ્યા વધે તેવા પ્રયાસો થાય એ જરૂરી છે. મેં અંદાજના બે મહત્ત્વના વિભાગો પર પુસ્તકાલયના સંચાલકોનું ધ્યાન દોર્યું છે. વાચકો વધવા એ પુસ્તકાલયની લોકપ્રિયતા વધવા સંબંધેનો પુરાવો છે એટલે પ્રત્યેક સાર્વજનિક પુસ્તકાલયે પોતાના પુસ્તકાલયમાં વાચકોની નોંધ રાખવી જોઇએ અને દર વર્ષે વાચકો વધતા રહે તે તરફ હમેશાં લક્ષ રહેવું જોઇએ.

શાળામાં ભણતા વિદ્યાર્થીઓ, અને બહેનોને વાચનની અનુકૂળતા મળે તેવા પ્રયાસ થવા જોઇએ અને જ્યાં સ્વતંત્ર મહિલા અને બાલ પુસ્તકાલયો છે ત્યાં બાળકોને વાચન તરફ રસ જાગે તેવી ચિત્રપોથીઓ, રમતો અને બીજાં સાહિત્યો વસાવવા તજવીજ સંચાલકોએ કરવી જરૂરી છે.

વાચકો વધારવામાં ગ્રંથપાલની વાચકની માગણી ઝડપથી પહોંચી વળવાની શક્તિ પણ મહત્ત્વનો ભાગ ભજવે છે. કરબા પુસ્તકાલયના ગ્રંથપાલો વધારે ઝડપથી કામ કરનારા અને મળતાવડા સ્વભાવના હોવા જોઇએ. પુસ્તકાલયોના સંચાલકો આવતા નવીન વર્ષે પોતાના પુસ્તકાલયમાં વાચકોની સંખ્યા વધારવા ઉપરની વાતો લક્ષમાં રાખશે તો પોતાના પુસ્તકાલયની સારી સેવા બજાવી શકશે.

ઉમેદભાઇ મો. પટેલ

૨

સંસ્થાઓમાં વધારે નહિ તોય જોઈએ તેટલી મિલ્કત છે; જ્યારે આ નવી સંસ્થા પાસે સ્થાયી આવકની મિલ્કત નથી. એટલે આપણે જેને જમાડવાનો વિચાર કર્યો હોય તે જમેલો હોય અને બીજો ભૂખે મરતો હોય તો એને જમાડવામાં શો વાંધો ? '

મોતીકાકા જરા વિચાર કરી બોલ્યાઃ ' એ તો બધું હું સમજું છું; પણ એથી સંકલ્પને તો કંઈ વાંધો નહિ ને ? ''

ઉમેદભાઈ—' ધરાયેલાને ધરાવવો એના કરતાં આ શું ખોટું છે ? '

મેં કહ્યું: ' આ કંઈ ઓછો સંકલ્પ કરી ન આપવાની વાત છે. ફક્ત સારા ઉદ્દેશ માટે અન્નદાનને બદલે વિદ્યાદાનમાં આપવાની વાત છે. '

જૂના દેખાતા એ ખોળિયામાં આ નવો વિચાર પ્રવેશ્યો હોય તેમ એમણે કબૂલ થતાં કહ્યું: ' એવું હોય તો મને કંઈ એમાં આપવામાં વાંધો નથી. '

ને બીજા પાંચ છ માસ એ વાત દબાઈ રહ્યા બાદ મેં પૂછ્યું: ' મોતીકાકા ! પેલી વાતનું શું થયું ? '

' કઈ વાતનું ? '

' પેલી જમીનનું ? '

' એમાં મને શું પૂછો છો ?

' કેમ ? '

' તમારી આળસ છે કે મારી ? '

' જોને, કહેતા હો તો સોમવારે જઈએ. '

' સોમવાર બોમવાર હું ન સમજું. જે દિવસે જવું હોય તેની આગલી સાંજે કહેજો. '

અને એ જ સોમવાર તા. ૧–૬–૪૨ ના રોજ એમણે રૂ. ૧૦૦૦)ની કિંમતની ૩૦ વીઘાં જમીનનો પુસ્તકાલયને બક્ષીસલેખ કરી આપ્યો. *

ઈશ્વર પેટલીકર

શું કરવા દોડાદોડી કરે છે અને હાંફળો ફાંફળો થાય છે ? યોગ્ય ક્રમમાં કામ કર્યે જા. તારું કામ જ તારી બદલી માટે ભલામણચિઠ્ઠી લખશે.

*

પારકા દોષો ન જોવા, જોવાય તો તે તરફ ઉદાસ્તાથી જોવું. આત્મદોષ જોવા અને તે દૂર કરવા સદાય જાગ્રત રહેવું.

---

* આ વાર્તા જાગને ગણ (બ્રહ્મ) અંકમાં લેવા માટે મોકલી, પરંતુ તે વખતે એ અંક તૈયાર થઈ ગયેલો એટલે આ અંકે છાપી છે. પરંતુ તે પહેલાં તો બાદ પેટલીકરે તેને "પાટીદાર" માં પ્રસિદ્ધ કરાવી દીધી છે. આ અંકે આ વાર્તા લેવાનું એટલા માટે બંધબેસતું હતું કે ગુલાઈ માસ એ પુસ્તકાલયોનો બર્થ માસ ઊજવાય છે તે વખતે એ વધુ પ્રેરક નીવડવા સંભવ હતો—તંત્રી.

ખેડા જિલ્લા લોકશિક્ષણ તાલીમવર્ગ

ગયા મે માસમાં ગુજરાતના કેટલાક જિલ્લાઓમાં લોકશિક્ષણ તાલીમવર્ગો ઉઘડયા હતા. આજે જ્યારે સૌ જાહેર સેવકોનું ધ્યાન ગામડાંઓ તરફ દોરાયું છે. એને અનુલક્ષીને આવા વર્ગો ભરાય છે. તેમાં લોકસેવા કરનારાઓને જુદા જુદા વિષયો પર નવી નવી લોકજીવનને લગતી વાતો જાણવા મળે છે. આવા તાલીમ વર્ગના હેવાલોમાંથી ગામડે વસતા ગ્રામશિક્ષકોને વિવિધ પ્રેરણા પ્રાપ્ત થાય તેમ હોવાથી અહીં એવા બે તાલીમવર્ગોના હેવાલો આપ્યા છે. (૧) ખેડા જિલ્લા લોકશિક્ષણ તાલીમવર્ગ; (૨) અમુક સ્વીકાર્યકર્તાઓનો તાલીમવર્ગ. બીજા વર્ગમાં તો આપણા પુસ્તકાલય ખાતાના મે. રા. રા. વ્યવસ્થાપક સાહેબે ગામડામાં પુસ્તકાલય કેવી અસરો નીપજાવી શકે તેને લગતું ઉત્તમ વ્યવહારુ માર્ગદર્શન આપ્યું હતું તે પણ આ પછીનાં પૃષ્ઠોમાં આપ્યું છે.

તા. ૧૫ મી મેથી ૨૧ મે સુધી કરમસદ ગામે ઉપર્યુક્ત વર્ગ ઉઘાડવામાં આવેલો. આ વર્ગનું નામ મારે મન નવું હતું. કારણ આજ સુધી ગ્રીષ્મ વ્યાયામ વર્ગ, લોકસેના વર્ગ વગેરે નામ સાંભળેલાં. તા. ૧૪ મીએ સાંજે ઘણાંખરાં ભાઈબહેનો આવી ગયાં હતાં. વર્ગમાં ૫૦ વિદ્યાર્થીઓની યત્તા રાખી હતી, જ્યારે સંખ્યા ૫૩ ની થઇ હતી. આ વર્ગની દોરવણી આપનાર શામણા રાષ્ટ્રીય ગ્રામશાળાના ગ્રામસેવક શ્રી. બાબુભાઇ અને વિદ્યુલ કન્યા વિદ્યાલયના અધ્યાપક શ્રી. ગોવિંદરાવ ભાગવત હતા.

તા. ૧૫ મીએ સવારે દશ વાગે ગુજરાત વિદ્યાપીઠના મહામાત્ર શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇએ વર્ગનું ઉદ્‌ઘાટન કર્યું. વર્ગનો ઉદ્દેશ અને વિદ્યાર્થીઓ પાસેથી રખાતી અપેક્ષા જણાવી "આવા વર્ગો, આજની અપાતી પાંગળી કેળવણીને ભૂંસવા માટે હોય છે. આ વર્ગ પ્રૌઢશિક્ષણનો નથી, પણ લોકશિક્ષણનો છે. ચાલુ શિક્ષણમાં જરૂરી શિક્ષણ અપાતું નહિ હોવાથી આવા વર્ગોની હાલ જરૂર પડી છે. વર્ગમાં દેશની સ્થિતિ અને તે સુધારવા માટેની કેળવણી અપાશે."

પહેલે દિવસે બપોરના વિદ્યુલ કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી. દેસાઇભાઇ પટેલનું વ્યાખ્યાન થયું. સાદી ભાષામાં આજની સ્થિતિ સમજાવતાં તેમણે કહ્યું: "વિદ્યાર્થીઓ આજે જે ધનુષ તકલી ચલાવે છે એને વ્યાપક બનાવવાની છે. રાષ્ટ્રસંઘ જ્યારે થશે ત્યારે જ લડાઇ બંધ થશે. આપણી પાસે હાલમાં અનાજનો જથ્થો પૂરતો રહ્યો નથી. આ લોકશિક્ષણ વર્ગ હાલની યુદ્ધની આવી પહોંચેલી સ્થિતિને પહોંચી વળવા માટે રાખેલો છે. આજની કેળવણીએ આપણને હતાશ કરી દીધા છે. અમો વિદ્યાલયમાં હવે નવી આગળની કેળવણી (College Course) દાખલ કરવાના છીએ તેમાં ચાર વર્ષ રાખ્યાં છે. ખાદી વિદ્યા, લોકસેવા, ગૃહવિદ્યા અને અધ્યાપન વિદ્યા, એમ ચાર વર્ષ રાખ્યાં છે."

તે જ દિવસે તા. ૧૫મીના રોજ વલ્લભ વિદ્યાલયના આચાર્ય શ્રી. શિવાભાઇ પટેલનું

ત્રીજું વ્યાખ્યાન થયું. તેમણે જણાવ્યું: " હું જ્યાં કામ કરું છું એ કાકા સાહેબની કલ્પનાનું વિદ્યાલય છે. આ વિદ્યાલયમાં વિદ્યાર્થી પાસ થાય એટલે એ માણસ થાય. હાલમાં જે શહેર એ એકમ છે એ મટીને ગામડાં એકમ થવાં જોઇશે. દરેકને પાંચ વસ્તુની આવશ્યકતા છેઃ કપડાં, ખોરાક, હવા, પાણી અને રહેવાનું સ્થળ. હવાપાણી એ કુદરતી રીતે મળી શકશે; કપડાં અને ખોરાક આપણે દરેકે બનાવી લેવા પડશે; રહેવાના સ્થળની ચિંતા બહુ ભારે નથી. આજનો વિદ્યાર્થીવર્ગ વાતોડિયો છે. **વાતોડિયા એટલે નિરુદ્યમી.**

" નિશાળોમાં, ઇતિહાસભૂગોળમાં ૩૫ ટકા માર્ક આવે એટલે પાસ થયો જાહેર થાય. અંગ્રેજી માટે ૪૦ ટકા માર્ક મેળવવા જોઇએ. પુસ્તકો એ કાંઇ મુખ્ય વસ્તુ નથી. ઇતિહાસ શીખવાડનાર શિક્ષકની આવડત ઉપર એનો આધાર હોય છે. આજનો ઇતિહાસ જુદી રીતે શીખવાડવામાં આવે છે. ' હિંદુસ્તાનની પ્રજાને રાજ્ય ભોગવતાં આવડતું નથી ' એવો પ્રચાર હમેશાં કરવામાં આવે છે. બ્રિટિશ જશે એટલે જાપાન આવશે એમ સૌ કોઇ બોલી ઉઠશે. પણ બ્રિટિશ જશે તો આપણે રાજ્ય કરીશું એમ કોઇ કહી શકતા નથી. કારણ ગળથુથીમાં શીખવાડમાં આવે છેઃ ' હિંદુસ્તાનના માણસોને રાજ્ય કરતાં આવડતું નથી. આપણી હારનો ઇતિહાસ શીખવાડાય છે; આપણી જિતનો ઇતિહાસ કોઈ ઠેકાણે શીખવાડાતો નથી. ૫૦૦૦ વર્ષમાં એક હજાર વર્ષ હાર્યા એટલે ૪૦૦૦ વર્ષ રાજ્ય કર્યું એ આપણને કયાંય શીખવાડમાં આવતું નથી. આપણું ઘડતર નિરાશાથી ભરી દેવામાં આવે છે.

*

રમતો જેવી નાની બાબતોમાં પણ આપણી હાંસી ! દેશી રમતો કયાંય રમાતી નથી. M. C. C. મેચ હિંદુસ્તાનમાં રમવા આવેલી, પેશાવરથી મદ્રાસ સુધીમાં ફક્ત ત્રણ ઠેકાણે હારેલી. ક્રીકેટ મેચ એ એમની રમત એટલે ગલ્લેજે છતી જાય. વળી રમવાનું તો એમને માટે Profession રૂપ હતું. આપણે માટે જાહેર થયું: ' હિંદીઓને રમતા પણ આવડતું નથી.'

હાલમાં તો દરેક જુવાન નિરાશાથી જીવનમાં પગ મૂકે છે. દુનિયામાં કોઈ ઠેકાણે Matrionી પરીક્ષા આટલી અઘરી હોતી નથી. સમાજના મગજમાં એવું ઠસાવ્યું: Matrio બણેલો એટલે કંઇક કિંમત અને નાપાસ થયેલો એટલે કશી કિંમત વગરનો. જાણે Matrio એજ જીવનનું પગથિયું ન હોય ! જેટલા ટકા નપાસ જાહેર થાય એ નાલાયક છે, એમ ઠરાવવામાં આવે છે. આજના ઇતિહાસે શીખવ્યું: ' આપણે હાર્યા, હવે પછી હારવાના. ' પહેલા ધોરણથી જ Alexander the Great નો પાઠ શીખવાડાય છે. આપણો તે Aryan Period શીખવાડવામાં આવતો નથી. હિંદુસ્તાનની સંખ્યા એ કાંઇ બળ નથી. આત્મશ્રદ્ધા એ જ બળ છે. એકાદ હજાર વર્ષ આપણી હારમાં ગયા એટલે એનો અર્થ એ નથી કે આપણો હારવાનો સ્વભાવ છે. સિકંદરની હિંદુસ્તાન પરની ચડાઈ એ અમદાવાદમાં મણિનગરની લૂંટ બરાબર છે. મણિનગર લુંટાયું એટલે અમદાવાદ લુંટાયું એમ ન કહેવાય. તેવી રીતે જેલમ અને સિનાબના પ્રદેશ જીત્યા એટલે હિંદુસ્તાન જીત્યું એમ ન કહી શકાય; પરંતુ આપણને તો છાતી ઠોકીને કહેવામાં આવે છે કે ' હિંદુસ્તાનને સિકંદરે હરાવ્યું. ' સિકંદર તાકાતવાન હતો તો મગધદેશ ઉપર કેમ ચડાઇ ન કરી ? સિકંદરની ચડાઈનાં પાનાં ઇતિહાસમાં ૩૦ હશે, ત્યારે સેલ્યુકસ માટે ફક્ત એક પાનમાં એક પેરેગ્રાફ ! મોડન જનેડારોથી ૧૦૦૦ વર્ષ ગુપ્તોનો

વખત આપણી જિતવાળો હતો. એ ગૌરવનો ઇતિહાસ કયાં શીખવાડાય છે ? જાણે પરદેશી-ઓને ચડાઈ કરવાની ટેવ ન પડી ગઇ હોય.

આપણે ઇતિહાસ સંગ્રહનના બળથી તૈયાર કરવો પડશે. શારીરિક બળનું કાંઇ મહત્ત્વ રહ્યું નથી. હિંદુ ઇતિહાસ ન લખાયો પરંતુ પુરાણો રચાયાં. મુસલમાન વખતથી ઇતિહાસ લખાવા માંડયો. આપણે ઈશ્વરનો પણ દુરૂપયોગ કર્યો છે. જે હનુમાનની ભક્તિ શક્તિ ન આપે એ હનુમાન શા કામના ? બળ આપે એવા હોય એ જ ઈશ્વર.

*

તા. ૧૭ મીએ દાંતવાળાનું વ્યાખ્યાન હતું. હું તો એમના નામથી એમને પારસી જાણતો હતો. આજે એઓ પ્રોફેસર રહ્યા નથી. વ્યાપારી કૉલેજમાંથી સત્યાગ્રહ વખતે રાજીનામું આપી છુટા થયેલા. આજે અમદાવાદ પ્રાંતિક સમિતિની કચેરીમાં કામ કરે છે. તેમણે 'ગાંધીવાદ અને સમાજવાદની તુલનાનો વિષય પસંદ કરેલો.

'પરદેશમાં હવે ધર્મ માટે ભાગલા નથી. યુરોપ ધર્મ માટે પર છે. હિંદુસ્થાનમાં હજુ હિંદુસ્થાનની સંસ્કૃતિમાં ધર્મે પ્રધાન બળ જમાવ્યું છે. બધા ધર્મોના સાર વડે હિંદુધર્મ સમૃદ્ધ થયેલો છે. ઈ. સ. ૭૧૨ માં મુસલમાનોએ સિંધ પર સ્વારી કરી. મુસલમાનો આક્રમણ કરીને જ આવ્યા એમ નથી. પહેલાં વહેપારી સંબંધો હતા જ. વસ્તુ એમ છે કે મુસ્લીમ ધર્મમાં બાહ્ય અંગોની ભિન્નતા રહ્યા જ કરી છે. નવમી શતાબ્દી પછી વિકૃત સ્વરૂપ જોવા મળ્યું. પહેલાં મસ્જિદ આગળ વાજાં વાગે તો મુસલમાનોને વાંધો ન હતો. ૧૮૫૭ ના બળવામાં હિંદુ-મુસલમાન બેબેબભા મિલાવી લડેલા. નિષ્ફળ ગયો માટે બળવો કર્યો, સફળ થયો હોત તો એ સ્વતંત્રતામાં ખપત. સૈયદ અહમદખાનને લાગ્યું કે કૉંગ્રેસમાં ભાગ ન લેવો, બ્રિટિશરોને મદદ કરવી અને અંગ્રેજી કેળવણી લઈ સરકારી નોકરીઓ મેળવી લેવી. ઇ. સ. ૧૯૦૯ માં મીન્ટો સુધારા બહાર પડયા. તેમાં જાહેર કરવામાં આવ્યું: 'હિંદુ મુસલમાન બંને જુદી જુદી કોમ છે.'

*

શ્રી. બબલભાઇએ પોતાની સાદી ભાષામાં જણાવ્યું:

આપણે ગામડાં ભૂલ્યા છીએ એથી આકૃત વહેારી છે. આપણે ગાંધીજીની સલાહ માનતા નથી. અંગ્રેજોએ જોયું કે હિંદુસ્તાનની કેળવણી હાથમાં લઇશું તો જ આપણું ધાર્યું કરી શકીશું. કેળવણી એટલે પ્રાણ. આયર્લેંડમાંથી પહેલાં પહેલી તકે ભાષા ઝૂંટવી લીધી. કચેરીમાં જઇ આપણે જે કહ્યું હોય તે સારી રીતે કહી શકીએ એમ કીએ; પરંતુ ચોકકા એવાં ગોઠવ્યાં છે કે, વકીલો મારફત અંગ્રેજી ભાષામાં જ કથન ન્યાયાધીશને કહેવાય. **આપણે પરદેશનું શાહીચૂસની જેમ અનુકરણ કર્યું** છે. કાગળ ઉપર લખેલો શાહીનો અક્ષર અસ્પષ્ટ (બ્લૉટીંગ) શાહીચૂસ ઉપર પડે એવી આપણી સ્થિતિ છે. પરદેશોમાંથી પરદેશીઓ પાસેથી ગુણ ન લઈ શકયા; મોજશોખ લીધા. ખોટું અનુકરણ કરનારા એ સમાજમાં પ્રતિષ્ઠિત અને આદર્શવાદી ગણાવા લાગ્યા. માસરા ગામની પાંચ પૈસા દિવસની આવક ! જે વેપારી વાણીઓ હાથપગ લઇને ત્યાં આવેલો એ આજે કેટલાંય વીઘાંનો માલીક થઈ

બેઠો છે ! બારૈયા લોકો બાવટો બાય છે. તે ન મળે તો કેરી કે રાયણું બાઈ જીવે. છેવટે ટેટા પણ બાય. એ પણ ન મળે ત્યારે ચોરી કરે. આ બારૈયો બદારવટીઓ થાય એમાં કોનો બાંક ?

રથયાત્રાનો મેળો હતો. સૌ બારૈયા ડાકોર ગયા. વરસાદ વરસતો હતો એટલે સૌ દાદુરામના મંદિરમાં ગયા. હું પણ ત્યાં ગયોઃ આ ટોળામાં માસરાના વાણીઆનો દીકરો હતો. તેણે ગજવામાંથી ઘોળી બીડી કાઢી અને પેટ્રોલથી સળગતી એક બત્તીથી તે સળગાવી. બારૈયા એ જોઈને છક થયા. બારૈયાના મનમાં થાયઃ આ વસ્તુ હું કયારે મેળવું ? પોતાની પાસે પૈસો ન હોય તો પણ ચોરી કરીને પણ એ વસ્તુ એ મેળવવાનો. માટે જ હું કહું છું. આજે શહેરો ગામડામાં વસ્યાં છે.

બારૈયાના મનમાં હંમેશાં કોડ રહે કે કયારે બાટી બમીસ ચડ્ડી પહેરું ? કારણ એને ડરાવનાર પેલા બાટી ડગલાવાળા હોય છે. એવા થવા બાતર એ કોડ સેવે છે.

આજે તો દરેક બેડૂતને શહેરમાં જવાનું મન થઇ ગયું છે. એક ૪૦–૫૦ વીંઘાનો બેડૂતને મન થયું. આ સાલ્યબી કરતાં શહેરમાં બૂબ મઝા પડશે. પોતાની જમીન પડતી મૂકી એક શેઠીઆને ત્યાં દિવાનખાનામાં પંબો હલાવવાની એણે નોકરી મેળવીઃ આમ ગામડામાં વિશ્વાસ રહ્યો નથી. ”

“ ઇતિહાસ એ લાંબી કથા છે. રાષ્ટ્રને બોળખીએ તો પ્રશ્ન ઉપસ્થિત નહિ થાય. રાષ્ટ્રની પિછાન મેળવવા પ્રયાસ કરવો જોઇએ. આપણા જેવા સાબુનીયા લોક ૨૦ લાખ છે. આપણે આપણા સ્વભાવને પણ પિછાનતા નથી. જાપાનમાં નાનપણથી માતા રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપે છે. ‘ આપણા પૂર્વજોં માટે, આપણા રાજા માટે આપણે મરવું જોઇએ ’ એવો ગુરુમંત્ર શીખવાડવામાં આવે છે. જાપાને જ્યારે લડાઇ જાહેર કરી ત્યારે એક ધાર્મિક સ્થળ ઉપર જઇ રાજાએ જાહેર કર્યુંઃ હે પૂર્વજો ! અમે અમેરિકા અને ઇગ્લંડ સાથે યુદ્ધ જાહેર કર્યું છેઃ મદદ કરશો ? જાપાનમાં પતિભક્તિ શીખવાડવાની કોશેજો છે, પટાવાળાની પણ કોશેજો છે, જમતી વખતે પીરસવું કેમ તેની પણ કોશેજો છે. જાપાન શીખવાડે છેઃ– ‘ સ્ત્રી દુરાચારી હોય તો વાંધો નહિ, પરંતુ તેનામાં રાજ્યભક્તિ હોવી જોઇએ. ’ યુરોપમાં નાનપણથી શીખવાડવામાં આવે છેઃ ‘ સ્વાતંત્ર્ય માટે મરવું ’ દેશની ખાતર શિયળ વેચતાં સ્ત્રીઓ શરમાતી નથી. રાજકોટના રેસીડંન્ટ Rise of Christian Powerમાં આવા શિયળ વેચ્યાના અનેક દાખલા છે. અયોધ્યાની બેગમોનું રાજ્ય ખાલસા કર્યાનો ઇતિહાસ વાંચવા જેવો છે. પરદેશમાં સ્વાતંત્ર્ય આગળ પાવિત્ર્યની દૃષ્ટિ રખાતી નથી. આપણા દેશની ખાસિયત પવિત્રતા છે. પદ્મિનીનો ઇતિહાસ તો આપણી પાસે દબુ જીવતો છે. Oxford અને Cambridge Filologyમાં જણાવેલ ખાસિયતો ખરી નથી. Fielding Hall એણે જણાવેલી ખાસિયત એવી છે કે હિંદીઓ પોતાની જરૂરીઆત બહુ ઓછી રાખે છે. ઇ. સ. ૧૮૭૭ માં ઇસ્ટ ઈંડીઆ કું. ના પટામાં કલમ ઉમેરવામાં આવી કે આ દેશના લોકોની જરૂરીઆતો વધારો. મેકોલેએ જણ્યું કે હિંદીઓની ચામડી બદલી શકાશે નહિ. પરંતુ કેળવણી એવી આપવી કે આગળ જતાં આપણને ઉપયોગી થઇ પડે. આપણું હિંદુસ્તાનનું Culture

એટલે અપરિગ્રહ. જવાહરલાલને શા માટે પૂછે છે ? એમનામાં એવું શું છે ? ત્યાગ છે માટે જ સૌ નમે છે. કાકા સાહેબ કહે છેઃ "આજનો ભણેલ વર્ગ પતિત છે; દુર્બળ છે."

*

હિંદુ-મુસ્લીમ ઐક્યનો પ્રશ્ન શહેરનો છે અને એ પરદેશીઓએ ઊભો કરેલો છે. યુક્ત પ્રાંતના ગવર્નરે કાશીના શાસ્ત્રીજીને બોલાવ્યા અને સમજાવ્યું કે 'મુસલમાનો ઊર્દુ ભાષા આખા હિંદુસ્તાનની કરવા માગે છે.' પછી મુસ્લીમોને બોલાવ્યા અને સમજાવ્યુંઃ 'આ હિંદુઓ તેમની ભાષા દાખલ કરવા માગે છે. અરૂં જોતાં ઊર્દુ ભાષા એટલે Camp language છે. સૌની ભાષા હોય એ Camp language ગણાય. **તારા સિવાય નહિ જાઉં.** આ વાક્યમાં **સિવાય** શબ્દ ફારસી છે. આપણી ભાષા એટલે સૌ કોઈ સમજી શકે એ ભાષા. બાબરે હુમાયુને કહેલુંઃ "તું અહીંનો થઈને રહેજે." ૧૦ કરોડ ઉર્દુ (Camp language) બોલી શકે છે, ૨૦ કરોડ સમજી શકે છે. કાશીના શાસ્ત્રીએ ગવર્નરના કહેવાથી નાગરી પ્રચારિણી સભા સ્થાપી. તેમણે આ 'સિવાય'ના ઠેકાણે 'વિના' દાખલ કર્યું. આપણા જીવનમાં હિંદુમુસલમાન વસ્તુ વણાઈ ગઈ છે. આપણે પહેરેલું પહેરણ કોટ સાફો એ મુસલમાની પહેરવેશ છે. હિંદુઓનો પહેરવેશ એટલે ધોતિયું અને ઉપરણું.

કોઈ પણ પરદેશી એ દેશની ખાસિયત જોવા સિવાય આવે તો તે ફાવી ન શકે. નાસિક જેલમાં કેટલાક સાથીઓ આવેલા. તેમણે, પ્રશ્ન પૂછતાં જવાબ આપેલોઃ 'સ્વરાજ લેવા જેલમાં આવ્યા છીએ.' આનું નામ વૈશ્યસ્વભાવ. વણિકો war ફંડમાંએ પૈસા આપતા અને Congress માં પણ પૈસા આપતા. **रामाय स्वस्ति** અને **रावणाय स्वस्ति.** વૈશ્ય વર્ગના સમયમાં અંગ્રેજો આવ્યા. કંપની સરકાર આવી તે વખતમાં દત્ત નામના કુટુંબની સાર્વત્રિક પેઢીઓ હતી. ફિરંગીઓ વેપાર કરવા આવેલા; નહિ કે રાજ્ય કરવા. ડુપ્લેએ જોયું: હિંદુસ્તાનમાં **Water is thicker than blood** ' એવી સ્થિતિ છે. દેશદ્રોહ જેવું કોઈ હિંદીમાં જણાતું નથી. વેપાર કરવો હોય તો માણસનો પણ વેપાર થઈ શકે છે. ઈસ્ટ ઇંડિયા કંપનીએ સૈન્ય રાખવા માંડયું. વરરાજાના પોશાક જેમ ભાડે અપાતા, તેમ બન્ને પક્ષને સૈન્ય ભાડે આપતા. આજે પણ તેમ ચાલે છે.

ઔરંગઝેબના વખતમાં કાપડ એટલું ઝીણું વણાતું કે બહાર સૂકવેલું બારીક કપડું ગાય ખાઈ ગઈ. **Marquis of Hastings** એણે સુધારા કરી આપણા ઉદ્યોગો તોડયા. ઇંગ્લંડમાં એવો ધારો દાખલ કર્યોઃ 'હિંદુસ્તાનનું કાપડ વેચે એનો ૫૦ પાઉન્ડ દંડ; પહેરે એનો ૫૦ પાઉન્ડ દંડ; જે ચાડી કરી કપડું પહેરનાર બોળી લાવે તેને ૫૦ પાઉન્ડ ઇનામ.' આપણી ઉત્કૃષ્ટતાની શી વાતો કરવી ? પહેલાં દૂધ અને કપાસ વેચાતો નહિ. સૌને જરૂર પૂરતો માંહોમાંહે મેળવી લેવાનો. એ વખતમાં કપાસ વેચવો એ પાપ ગણાતું. ગોપાલજી કાકાનો એક દાખલો સમજવા જેવો છે. તે વખતમાં એવો નિયમ કે પોતાને ત્યાં કાંતવા પૂરતો કપાસ રાખી બાકીનો વેચી દેવો પડતો. એક રાતમાં એમણે થોડો કપાસ કાંતી લીધો; બીજે સંતાડી દીધો. પોલિસના માણસોએ ભાલા બતાવ્યા અને તેમ કરી કપાસ મેળવી લીધો. આવી તે વખતની તકલીફો હતી.

* * *

ખેડા જીલ્લા સમિતિના પ્રમુખ, 'ગાંધીજીની સાધના' પુસ્તકના લેખક, શ્રી. રાવજીભાઇએ ગાંધીજીની મિત્રતા કેવા સંજોગોમાં થઇ એ સમજાવી કહ્યું:

" આફ્રિકાના લોકો ખૂબ ગરીબ. એક વખત હું દુકાને બેઠેલો. ગ્રાહક આવ્યો. તેણે છીંટ માગી. તે કાચા રંગની હતી. મેં એની છ આના કિંમત કહી. પાકી બતાવી એની નવ આના કિંમત કહી. ગ્રાહકે પેલી નવ આનાવાળી છ આનામાં છીંટ માગી. એને પાકો રંગ જોઇતો હતો. ગ્રાહક પાછો ગયો. કાકા ગુસ્સે થયા. વેપાર માટે મારી નાલાયકી જાહેર થઇ. જે ગ્રાહક ખોયો, એ કાકાને ખૂબ સાલ્યું. સાચું જૂઠું કરીને પણ મારે ગ્રાહક ખોવો નહોતો જોઇતો, એમ એમનું કહેવું હતું. મારા મનમાં મૂંઝવણ થતી, આ અપ્રમાણિક ધંધો કેમ થશે ? એ અરસામાં કાકા હિંદુસ્તાનમાં આવ્યા.

આફ્રિકામાં પટેલને ' પટેલ ' કહેતા. ' અરે પટેલ ! મારી છોકરી સાસરે મોકલવાની છે, કપડાં આપ. ' સાડાસાત શિલિંગનાં કપડાં આપ્યાં. એણે દશ શિલિંગ ગજવામાંથી કાઢી નાખ્યા અને કહ્યું: ' હવે બીજા ન માગીશ. મારી પાસે હવે બે પૈસો નથી. ' આવી જેની જ્ઞાનશક્તિ: સાડાસાત શિલિંગ વધારે કે દશ તેની પણ તેમને સૂઝ નહિ. કપડા આપી બાકીના અઢી શિલિંગ પાછા આપવા માંડયા એટલે બબડયો, ' તું તો લુચ્ચો છે. મિઠાઇનું પડીકું કેમ આપતો નથી ? ' ત્યાં એવો રિવાજ હતો કે વસ્તુ પાછળ અમુક મિઠાઇનું પડીકું અપાતું. મેં મિઠાઈ પણ આપી. એણે અઢી શિલિંગ લેવા ના પાડી. મેં તેને સમજાવ્યો ત્યારે એણે અઢી શિલિંગ પરત લીધા. આવી અજ્ઞાનતાનો લાભ ઉઠાવી પાટીદારો પૈસાદાર થયા છે. મને તેમ થવું ગમતું નહોતું.

આફ્રિકામાં સ્ત્રીઓજ ખરીદવા જાય. છોકરાઓ રખડેલ. પાંચ પાંચ માઇલથી રમવા આવતા. એક કુટુંબની સાત છોકરીઓ એકીસાથે કાપડ ખરીદવા આવી. દશ શિલિંગનું કાપડ ખરીદ્યું અને એક પાઉન્ડની નોટ આપી. એ આ પાઉન્ડની નોટને દશ શિલિંગ જાણતી હતી. મેં દશ શિલિંગ પાછા આપ્યા: તેણે ન લીધા. મેં ખૂબ સમજાવી અને કહ્યું: " તું તારા બાપાજીને પૂછજે અને એ કહે તો લેવા પાછી આવજે. પંદર માઇલ આઘું એનું ગામ હતું. મેર ગઇ. બાપાજીએ છોકરીને પૂછયું: " કેટલી કિંમતનાં કપડાં લાવી ? " "તમારા ગજવામાં, તમે જે કહેતા હતા એ દશ શિલિંગનાં." ગજવામાં તો પાઉન્ડનો પણ નોટ હતો અને તે તું લઇ ગઈ છે ? દશ શિલિંગ તો ગજવામાં છે."

છોકરીએ કહ્યું: 'પેલો પટેલ મને દશ શિલિંગ પાછો આપતો હતો, પણ મેં ન લીધા.' બાપે કહ્યું: "હવે એ પૈસાનું શાનો આપશે ?" આફ્રિકામાં પટેલને પૈસાનું પણ કહેતા. પંદર દિવસ પછી પેલી છોકરી દુકાને આવી. દીનસ્વરે મારી ખબર પૂછી. હું બહાર આવ્યો અને મેં તેની સામી ખબર પૂછી. દશ શિલિંગ પાછા આપ્યા. છોકરી તો દશ શિલિંગ લઇ, આકાશ તરફ જોઈ ભગવાનને કહેવા લાગી: હે ભગવાન, ' આનું કલ્યાણ કરજે. ' હજુ મને એ દશ્ય સાંભરે છે. ત્યારપછી કાકાની પેઢીમાંથી રાજીનામું આપી ગાંધીજી સાથે ફીનીક્સમાં દાખલ થયો."

***

તા. ૨૧ મીએ સવારે પૂર્ણાહુતિને દિવસે પૂ. રવિશંકર મહારાજે વ્યાખ્યાન આપ્યું.

" જે કોઇ કામ નિર્વિઘ્ને પાર પડે ત્યારે પૂર્ણાહુતિનો આનંદ મળે છે. આજના વર્ગની તાલીમ તમોને ઓછી અપાઈ છે. તમારો તાલીમવર્ગ એક માસનો હોવો જોઇએ. આચાર

પાડવાની ટેવ પાડજો. તમારો તાલીમવર્ગ હજુ પૂરો થયો નથી. તમારે હજુ અહીંથી જઈ તાલીમ લીધા જ કરવાની છે. ઘેર જાઓ તો સોનાનાં નળીઆં થાય તે પહેલાં ઉઠી જજો. તમારી દિનચર્યા ભરચક કાર્યક્રમથી રાખજો: કોઇપણ પ્રકારનું વ્યસન રાખશો નહિ. ખાવાનું વ્યસન રાખો તો તે ફક્ત પેટ ભરવા પૂરતું રાખજો. મેં અહીં વર્ગમાં જોયું તો સૌને હજુ જમતાં આવડતું નથી. કેટલું ખાઇ શકાશે તેની મર્યાદાની જમનારને હજુ ખબર નથી. તેમ અહીંના લોકોને ખવડાવતાં આવડતું નથી. બે શાક, રોટલી, આવી વિવિધતા ન જોઇએ. આખી દુનિયામાં આપણી પ્રતિષ્ઠા નથી. આપણે ગંદા ગણાઇએ છીએ. જુવાનો દિવસે દિવસે સ્વચ્છંદી થતા જાય છે. અમે તો માથાં મારતા તમારા કામમાં ભરાઇએ છીએ. આંબલાના વર્ગમાં શ્રી. નાનાભાઇ ભટ્ટ કહેતાઃ 'વર્ગોમાં કેટલાક શિકારીઓ ઘૂસી જાય છે તે માટે સાવચેત રહેવું પડશે.' કરકસર તો જાણે શીખ્યા જ નથી. એક યુવાનનો હું પહેરેલો લેંઘો પગ નીચે લબડતો જોઉં છું ત્યારે ખૂબ અકળામણ આવે છે. શી આપણી મનોદશા? તમને ઊંડા ઉતારવા ખાતર આ બધી વાતો કરું છું—એક વાત વારંવાર કરું છે. આ તો તમને **Uderline Most Imp.** તમારી નિશાળમાં જેમ કરાવે છે તેમ કરાવું છું. આ બધી લાલ બત્તીઓ છે. કરકસરને મશ્કરી ન માનશો. કરકસર વગર માણસ લાંબો વખત જીવી શકતો નથી. કરકસર એટલે રૂપીઆ ઠેકાણે બાર આના વાપર્યા હોય એ સવા રૂપીઓ ખર્ચ્યા બરોબર જણાય.

'**સૌ જોઇ લેવાશે**' એ શબ્દ કદાપિ વાપરશો નહિ, વિચારશો નહિ. કરકસર પાછળ જ્ઞાન અને ગણિત હોય છે. ગાંધીજીનો દાખલો મારી નજર આગળ હંમેશાં આવી રહે છે. તેમની પાસે એક નાની પીચદાની અને નાની લોટી છે. એ લોટીનું પાણી દાતણ કરી મોઢું ધોવામાં ઉપયોગમાં લે છે. પાણીનું એક ટીપું પીચદાની બહાર પડતું નથી. થોડા પાણી વડે બધું મોઢું સ્વચ્છ કરી શકે છે. આપણે તો ઉપયોગમાં લઇએ તે કરતાં હજારગણું પાણી ઢોળી નાખીએ છીએ. એક ગામડાની સ્ત્રી માટીના ઘડા વડે કુવામાંથી પાણી કાઢતી જુઓ. ઉપર આવશે ત્યારે ખૂબ જળવીને ઘડો લઇ લેશે. તાંબાના ઘડા વડે કે ડોલ વડે પાણી કાઢતાં પાણી કેવી રીતે નીકળે છે તે જુઓ. પરબની ડોલ વડે કુવામાંથી પાણી કાઢે તે જુઓ. ઉપર ડોલ આવતાં લાત મારી ડોલ પાસે લાવી પાણી લઈ લે છેઃ જેલમાંથી મારા સાથીદાર છૂટતા ત્યારે તેમણે પહેરેલી ચડ્ડી ચીરી નાખી બહાર આવતા. **તેન ત્યક્તેન ભુંજીથા** એ તો જાણે શીખ્યા જ નથી. જ્યાં અપરિગ્રહ હશે ત્યાં ભૂખમરો હશે નહિ. અમ-જીવી થાઓ. તમારું આજનું શિક્ષણ તમને મહેનતમાંથી કેમ કરી છટકી જવું એ શીખવાડે છે. છાપ પાડવા પુરુષાર્થ કરવો પડશે. મૈસૂરમાં એક વખત આરોપ મુકાયો કે 'હિંદુસ્તાનના લોક જૂઠા છે.' મહાત્માજી આ માટે લડેલા. તમે એવું ગૌરવ કેળવશો? હવે વધુ તમને કહેતો નથી. કહેલું અને વર્ગમાંથી મેળવેલું એ બન્નેનું સમજપૂર્વક અધ્યયન કરી તમારો આગળનો તાલીમવર્ગ ચાલુ રાખજો.

શ્રી. દરબાર સાહેબનું પણ યુવાનોને ઉદ્દેશી વ્યાખ્યાન થયેલું. મૂળ ઉદ્દેશ રચનાત્મક કાર્યક્રમને આગળ ધપાવવા અંગેનો હતો. વિનાયક

૨-અમ્રામા તાલીમ છાવણી

અમદાવાદના અગ્રગણ્ય નાગરિક શ્રી. ઈશ્વરભાઇ દેસાઇના આંબાવાડીઆમાં અખિલ હિંદ મહિલા પરિષદ તરફની તાલીમી છાવણી જોનારનું તરત જ ધ્યાન ખેંચે એવી હતી. છાવણીનું ઉદ્‌ઘાટન શ્રી. હંસાબહેન મહેતાના હસ્તે તા. ૨૦ મી માર્ચે થયું. છાવણી ત્યારથી શરૂ થઇ. પણ એ પહેલાં તો કયારનુંએ ત્યાં કામ શરૂ થઇ ગયું હતું. એ હતું ત્યાં સૌને માટે સગવડનું અને ઝૂંપડાં બાંધવાનું કામ. આ કામની બધી મહેનત શ્રી. મીરાબહેને કરી હતી. દીર્ઘદૃષ્ટિથી આખુંએ બાંધકામ નાહ-વા ધોવાની સગવડ, પાયખાના તથા સ્વચ્છતાની દૃષ્ટિએ બીજી બધી જ સગવડ કરવામાં આવી હતી. એમનું એ કામ જોનાર તરફથી પ્રશંસા માગી લેતું હતું. એમની માણસો પાસેથી કામ કરાવવાની આવડત તથા સાથોસાથ રહેવાની સહૃદયતા અને ઈશ્વરભાઇની મદદ કાર્યની સફળતાના આધારરૂપ હતાં.

આ (કેમ્પ) છાવણી એક નવો અખતરો હતો. અને અખતરાની દૃષ્ટિએ એ ઘણે અંશે સફળ થયો છે; ને કે એ સફળતાનો આધાર શ્રી. કમલાદેવીએ જતે સ્વીકારેલી જવાબદારી અને શ્રી. મૃદુલાબહેને લીધેલી મહેનતને આભારી હતી, એમ તો કહેવું જ જોઇએ. આવી છાવણીઓ અનેકાનેક ઠેકાણે ખોલી સ્ત્રીઓમાં જાગૃતિ અને પ્રાણ રેડવામાં આવે તો હિંદની સ્ત્રી પણ બીજા દેશો સાથે ટક્કર ઝીલી શકે એવું કામ કરે એમાં શંકા નથી.

છાવણીમાં ૫૦ ની સંખ્યામાં બહેનો હતી. જુદા જુદા પ્રાંતોની બહેનોનો આ સમૂહ ત્રણ મહિનામાં ખૂબ આનંદદાયક વાતાવરણ ખડું કરી ગયો. હૈદ્રાબાદ-મદ્રાસ, મૈસૂર-બિદાર-મહારાષ્ટ્ર અને ગુજરાત આમ જુદા જુદા પ્રાંતોની બહેનો-જુદી જુદી ભાષાઓ છતાં જાણે એક થઇને રહેતી લાગતી. આ છાવણીની એક નવીનતા તો એ હતી કે હિંદુ, મુસલમાન, પારસી એમ જુદી જુદી કોમો હોવા છતાં સૌ ખૂબ સંપથી રહેતાં. બહારથી આવનારનું તુર્ત જ ધ્યાન ખેંચે એવો ઉલ્લાસ એમના પર નજર પડતાં જ દેખાતો હતો. ૧૮ વર્ષથી માંડી ૪૦ વર્ષની ઉમ્મરની બહેનો એક સાથે કવાયત, રમત-ગમત અને એકેએક કાર્યક્રમમાં ઉલ્લાસથી ભાગ લેતી. એ ઉલ્લાસ અને આનંદ સાથે જુદા જુદા વિષયોનું-નિષ્ણાતો દ્વારા મળતું જ્ઞાન જાણે પ્રકાશ પાડતું સૌના પર પ્રસરતું હતું. કદાચ એ જ્ઞાન અને એમાંથી જાગતી ભાવના અને તમન્ના જ એ ઉલ્લાસના કારણરૂપ હશે. અત્યારની દુ:ખ અને નૈરાશ્યમાં રીબાતી પ્રજાને સાચું જ્ઞાન મળે તો દેશનો મુતો પ્રાણ જાગે. સત્ય વસ્તુનું ભાન થતાં જ અસત્યને ફગાવવા સૌ તૈયાર બને.

સવારે ૫-૩૦ વાગ્યાથી ઘંટારવ શરૂ થતો અને છાવણીનું વાતાવરણ સળવળવા માંડતું. ૬-૧૫ વાગે ચા પી સૌ તૈયાર થઇ જતાં અને ઘંટ થતાં તરત જ કવાયત માટે ચોગાનમાં આવી જતાં. કવાયત માટે પંજાબી પોષાક રાખવામાં આવ્યો હતો. એટલે સવારના ઊગતા સૂર્યના પ્રકાશમાં ભેગા રંગના પોષાકમાં સજ્જ થયેલી બહેનો હિંદની આઝાદીનો પડકાર કરતી મુક્તિ ફોજ જેવી લાગતી. દોઢ કલાકની કવાયત બાદ સૌને ચાહ દૂધ મળતાં. અને ફરી ઘંટારવ થતાં સૌ નહાવા ધોવાની તૈયારીમાં પડતાં. છાવણીની બહેનોના જે વિભાગ પડતા-એક ગ્રેજ્યુએટમાં અભ્યાસ કરતી અને કયો હોય તેવી અને બીજો કદી હિંદીનો અભ્યાસ કર્યો હોય

તેવી. આવા બે વિભાગ પડતાં એક વિભાગ-ઉદ્યોગમાં જતો, બીજો નહાવા જતો. ઉદ્યોગમાં કાંતણ-પીંજણ, નકામી વસ્તુઓમાંથી રમકડાં બનાવવાં. જુદી જુદી વસ્તુઓનાં રમકડાં બનાવવાં, મકાઇના છોલામાંથી બાસ્કેટ તથા બીજી એવી ઉપયોગી ચીજો બનાવવી, શણ તથા ઘાસની બનાવટો, બાગકામ, મુરબ્બા-શરબતો તથા ચટણીઓ અને શાકભાજી સાચવવાની રીતો, જાતજાતનાં કપડાંની ધોલાઇ, વગેરે વારાફરતી વિધવિધ ઉદ્યોગ રાખવામાં આવ્યા હતાં.

આમ ઉદ્યોગ પૂરો થતાં જુદા જુદા વિષયોના નિષ્ણાતો પોતાના વિષયો રજૂ કરતાં. આવા વિષયોના વર્ગો આખા દિવસમાં પાંચ જેટલા લેવાતા. સવારે અગીઆર વાગ્યા સુધી વર્ગો લેવાતા. અગીઆરથી બાર સુધી જમવાનું ચાલતું અને ત્યાર પછી એક કલાકના આરામ પછી લાયબ્રેરીનું વાચન અને હિન્દી ઊર્દુ ઈંગ્લિશના ખાસ વર્ગો લેવાતા. તેમાં જેને જે વર્ગમાં જવું હોય તેમાં જઇ શકતાં. ત્યાર પછી પાછા વર્ગો ચાલતા. આમ સાંજના સાડાપાંચ સુધી વર્ગો પછી પાછી ૧ કલાકની કવાયત થતી. કવાયત બાદ જમણ પૂરું થતાં સાંજે આઠથી નવ સમૂહસંગીતનો વર્ગ ખુલ્લા આકાશ નીચે ચમકતા તારાના પ્રકાશમાં નવીન પ્રાણ પૂરતો લાગતો. આ વર્ગ પૂરો થતાં છાવણી અંગેની સૂચનાઓ અથવા બહારના મહેમાનની વાતચીત ચાલતી. સાડાનવ વાગે સૂવાની તૈયારીનો ઘંટ વાગતો અને દસનો ઘંટ પડતાં છાવણીમાં શાંતિ છવાતી.

આ છાવણીનો ઉદ્દેશ સમાજના એકેએક પ્રશ્નો છણી શકે, સમજી શકે અને તેનો અમલ સમાજની પુનર્રચના કરવામાં કરી શકે એવી તાલીમ ઉચ્ચ કેળવણી લીધેલી બહેનોને આપવી એ હતો, અને એથી જ અનેક વિષયો આજના આપણા પ્રશ્નોની દૃષ્ટિએ રાખવામાં આવ્યા હતા.

માનસશાસ્ત્ર (Psychology), સમાજશાસ્ત્ર, (Sociology), અર્થશાસ્ત્ર (Economics), રાજ્યકારણ (Politics), શિક્ષણ (Education) તથા આ ઉપરાંત સમાજના ચાલુ પ્રશ્નો-અત્યારની હિંદની પરિસ્થિતિ એનો કરવા જોઇતા કામની વિચારણા તથા માહિતી બીજા દેશોના કામ સાથે સરખાવી આપવામાં આવી હતી. દરેક સામાજિક કાર્યકર્તાએ કોઇ પણ પ્રશ્નને હાથ ધરતાં એને ઝીણવટથી અને શાસ્ત્રીય પદ્ધતિથી જોઈ વસ્તુના મૂળમાં જવાની ટેવ પાડવી જોઇએ. એ ઉપરાંત સમાજસેવા કરીએ છીએ કરી થીગડા મારવાનું કામ ન કરતાં જ્યાંથી સડયું હોય ત્યાંથી કાપી નવી સ્થાપના વિશાળ દૃષ્ટિકોણથી સમજ અને શક્તિ આવે એ તરફનું માર્ગદર્શન પણ કરવાનો પ્રયત્ન એમાં હતો. આ ઉપરાંત દરેક વક્તાના પોતાના કાર્યના તથા વ્યક્તિગત સમૃદ્ધ અનુભવો પણ ઓછા આવકારદાયક નહોતા. ગામડાંઓમાં ઘેર ઘેર જઈ સામાજિક અને આર્થિક તપાસ કરવી એ પણ એક વિષય તરીકે રાખી છાવણીના કાર્યને વ્યવહારૂ બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. આ બધા ઉપરાંત કાર્યકર્તાઓમાં જોઇતા ખાસ ગુણો અને આવડત તથા લોકો સાથે કામ કરવામાં એણે કેવી તૈયારી પોતા પૂરતી કરવી જોઇએ એના પર પણ ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. એ રીતે Leadership શું છે અને કેવી હોવી જોઇએ તેનો ખ્યાલ હતો.

છેલ્લે હિંદથી માંડી ચીન, જાપાન, આફ્રિકા-અમેરિકા અને યુરોપના જુદા જુદા દેશો ઈંગ્લાંડ, જર્મની, ઇટલી અને રશિયાની પ્રદક્ષિણા કરતો અને ગાંધીજીથી માંડી ચર્ચીલ, હીટલર, મુસોલિની, રૂઝવેલ્ટ, સ્ટેલીન, કમાલ પાશા અને લેનિનને આવરી લેતો કેમ્પ તા. ૧૫મી જુને બંધ થયો.

કેમ્પમાં ત્રુટિઓ હશે. કેટલીક ધારેલી વસ્તુઓ ચાલુ સંજોગોને કારણે પૂરી પાર પાડી શકાઇ નહિ હશે છતાં એની ઉપયોગિતા ઓછી નથી થતી. ત્રુટિઓ હોય તો સાધીને પણ આવા કેમ્પ ઠેર ઠેર ખોલવાની જરૂર છે. કારણ કે આ રીતે આવા કેમ્પ દ્વારા જ-સમૂહજીવનનો ખ્યાલ શારીરિક, માનસિક અને બૌદ્ધિક તાલીમનો એકસાથ સુમેળ થઇ શકે. એને માટે પૂર્વતૈયારી-કેમ્પ શરૂ કરતાં પહેલાં કરવી જ જોઇએ, અને છેલ્લે સુધી એનો રસ અને આનંદ ટકી રહે એમ કરવું જ જોઇએ. તો જ આવી છાવણી સફળ બને.

નિર્મળા વકીલ

આમંત્રણ

[રાસ]

ઉડી આવો ઓ હંસ, (૨)
ઉડી આવો ઓ હંસ રે,
શારદા સરોવરને કાંઠડે.—ટેક૦

ચરે મોતીડાં હંસ, (૨)
ખરે દેવોનો અંશ રે—શારદા૦

રાજહંસોનાં ગાન, (૨)
શુદ્ધ અમૃતનાં પાન રે—શારદા૦

જુઓ સ્હામે દેખાય, (૨)
એ જ મુક્તિનું ધામ રે—શારદા૦

જ્ઞાન સાચાં દેવાય (૨)
મૂલ્ય મોંઘેરાં થાય રે—શારદા૦

મીઠાં પય કેરાં પાન (૨)
શુદ્ધ હંસોથી થાય રે—શારદા૦

જુઓ કેવા લલચાય (૨)
કાગ કાદવમાં ના'ય રે—શારદા૦

સંત વીરોનાં ધામ (૨)
ભીડો મોંઘેરી હામ રે—શારદા૦

કરો અમૃતનાં પાન (૨)
જીવન અમર થઇ જાય રે—શારદા૦

નારાયણ ન. ઠાકર

અમારા તાલીમવર્ગમાં પુસ્તકાલયવિજ્ઞાન

આપના આમંત્રણનો મેં અવિવેકભર્યો ઉતાવળિયો સ્વીકાર કર્યો છે, પરંતુ તેમ કરવામાં બે કારણો હતાં: (૧) અંગત અને (૨) સંસ્થાને લગતું. અંગત રીતે આમંત્રણ સ્વીકારવાથી મને તથા મારાં પત્નીને, હિંદમાં ચાલતા એક આશાવાદી અખતરાનું અવલોકન કરવાની તક સાંપડી. ગ્રામજીવનની સુધારણા અર્થે આજ સુધી કોઇ સંસ્થા વા મંડળે આવા પ્રયત્નો કર્યા મારા જાણવામાં આવ્યા નથી. સામાજિક સેવા માટે મુંબઇમાં સ્થપાયેલી ટાટાની "સ્કૂલ ઑફ સોશિયલ વર્ક" એ સંસ્થાએ પણ ગામડાંના આ કાર્યને અપનાવી જણાઇ નથી. એટલે સ્ત્રીઓની આ સંસ્થાને તેણે આ દિશામાં કરેલી પહેલ માટે અભિનંદન ઘટે છે. આ વર્ગમાંથી તમો કંઇક પણ નવીન ઉપયોગી વિચારો લઇ જશો એવી આશા રાખું છું. અને મારી પોતાની વાત કહું તો, હું તો લઇને જ જઇશ.

સંસ્થાની દૃષ્ટિએ, આ વર્ગના સંચાલકોએ, તાલીમના કાર્યક્રમમાંથી પુસ્તકાલય શિક્ષણને બાકાત નથી રાખ્યું તેથી હું હર્ષ પામી ગૌરવ અનુભવું છું. વડોદરામાં પ્રાથમિક શિક્ષકો માટેના તાલીમ વર્ગોમાં પણ પુસ્તકાલયને લગતો એક પેપર રાખવામાં આવે છે. પુસ્તકાલયસેવાની પ્રશસ્તિ અંગેની આપની ભાવનાથી, પુસ્તકાલયોએ ગામડાંમાં કેટલું સાધ્ય કર્યું છે અને શું સાધ્ય કરી શકે તેને લગતી થોડી બાબત અહીં રજૂ કરવા માટે હું ખૂબ ખુશ થયો છું. આ પ્રકારની સેવામાં વડોદરા એક જ છે અને એ રાજ્યના પુસ્તકાલયના વ્યવસ્થાપક તરીકે મને લાગે છે કે, તમારે અમારી યોજનાઓ, તેનાં પરિણામો અને મહત્ત્વાકાંક્ષાઓ વિષે કંઇક જાણવું જોઇએ.

ગ્રામ પુનર્ઘટના સંબંધે હિંદમાં ચાર કેન્દ્રો હોવા વિષે આપણે સાંભળીએ છીએ. અને તે ચાર કેન્દ્રો આ પ્રમાણે છેઃ (૧) વર્ધા, (૨) વડોદરા, (૩) માર્તન્ડમ્ અને (૪) ગુરગાંવ. આ દરેક કેન્દ્રે ગ્રામહિતકારી પ્રવૃત્તિઓમાં ખાસ ફાળો નોંધાવ્યો છે. વર્ધાએ પાયાના ઉદ્યોગો—જેવા કે, કાંતણ, વણાટ, લુહારી, તેમ જ સુથારી ઉદ્યોગોને સજીવન કર્યા છે અને તેને બાળકના પ્રાથમિક શિક્ષણની નવીન પદ્ધતિના પાયારૂપ બેડૂત જીવનમાં તાદશ ઓતપ્રોત કરી દીધા છે.

માર્તન્ડમે ખેતી વિષયમાં સહાયભૂત થઇ પડે તેવા ઉદ્યોગોને ઉપર આણ્યા છે—જેવા કે, મધમાખીનો ઉછેર, મરઘાંઉછેર તેમ જ સહકારી ધોરણે ખેતીના માલની ખરીદ-વેચ માટેનાં કેન્દ્રો ચલાવે છે; જ્યારે ગુરગાંવને આપણે અંગત તેમ જ સામાજિક સ્વચ્છતાના આદર્શ પ્રચાર માટે પ્રખ્યાત માનીએ છીએ. અને વડોદરાએ એની ફરજિયાત પ્રાથમિક કેળવણી અને વિસ્તૃત પુસ્તકાલયપ્રવૃત્તિની છાપ આપણા પર અંકિત કરેલી છે.

આ વિવિધ પ્રવૃત્તિઓની મહત્તાનું મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન અસ્થાને નહિ લેખાય. આ સઘળી પ્રવૃત્તિઓના એકીકરણથી આપણા "રામગોવિંદ"ના ઉચ્ચાર કરતાં પણ વહેલું વીર-જગત સર્જાશે, પરંતુ નાણાંના અભાવે અથવા કામ કરનારાઓની નામરજી હશે તો આપણે આદર્શ તરીકે એક કામ ઉપાડી લઇ પસંદગી કરવી જોઇશે. આ તબક્કે હું તમારી ધ્યાન

પર વડોદરાની એક સંયુક્ત યોજના રજૂ કરું છું. ફરજિયાત પ્રાથમિક કેળવણી અને પુસ્તકાલયો એક રથળે જાણીતા સમાજસેવક કાકા કાલેલકરે રજૂ કરેલ રૂપકને મારી પ્રશંસાના સમર્થનમાં રજૂ કરીશ તો અસ્થાને નહિ લેખાય. ધારો કે એક આંધળો માણસ છે. તમે એને એક ઓરડામાં દોરી જઈ તેના હાથે એક ખુણા પરનાં ખુરશી, ટેબલનો સ્પર્શ કરાવી બીજા ખૂણે પુસ્તકોની અભરાઇ, ત્રીજા ખૂણે લૂગડાંની વળગણી અને એ પ્રમાણે જુદી જુદી વસ્તુઓનો સ્પર્શ કરાવો છો.

આ રીતે તમે એને ઘરમાંની સઘળી ચીજોથી વાકેફ કરશો. પરંતુ દરેક જુદી જુદી વસ્તુઓથી એને વાકેફ કરવાને બદલે જો તમે એને આંખો આપો–એને દેખતો કરો તો જે કામ માટે તમારે ઘરમાં વારાફરતી ફરવું પડ્યું હતું તેમ ન કરતાં એક જ તડાકે તમે એને એ બધું બતાવી શકશો અને એથી પણ વધુ સારું પરિણામ મેળવી શકશો. એમ કરીને તમે માત્ર એને માટે એકાદ ઓરડી ખોલતા નથી, પણ તેની આગળ આખી દુનિયા ખડી કરી દો છો. એ જ રીતે પુસ્તકાલયપ્રવૃત્તિ પણ નેત્રદાનનું કામ કરે છે. અને અન્ય પ્રવૃત્તિઓ આંધળાને જુદી જુદી વસ્તુઓ બતાવવા જેવું છે. જો આ દાખલો અક્ષરશઃ બંધબેસતો ન હોત તો તે હું અહીં રજૂ કરત નહિ. હવે એ કેવી રીતે ખરું છે તે આપણે જોઇએ.

પુસ્તકાલયમાં શાનો વ્યાપાર છે ? પુસ્તકો એ શું છે ? જનતાની પેઢી દર પેઢીએ મેળવેલા અનુભવોનું એ નિદર્શન છે. કોઇ જન્મથી જ ડાહ્યું હોતું નથી; પરંતુ જેમ જેમ માણસ ઉંમરે વધે છે તે પછી જ અનુભવ મેળવતાં મેળવતાં તે ડાહ્યો બને છે. પુસ્તકાલયનો ગ્રંથપાલ અનંતકાળના અનુભવોનો આ ભંડાર માણસ માટે ખુલ્લો મૂકે છે. ગત પેઢીઓના એકઠા થયેલા અનુભવોને ખુલ્લા મૂકતાં પુસ્તકાલયો ઓઓ અને પુરુષોને ડાહ્યાં બનાવે છે અથવા આપણી કહેવત મુજબ કહીએ તો તેમની આંખો ખોલી આપે છે. એટલે જ હું ફરીવાર કહું છું કે, દેશમાં આપણી નજરે પડતાં ગામડાંની ગંદી ગરીબાઈ અને અજ્ઞાનતા દૂર કરવામાં પુસ્તકાલયો અગત્યનું અને પ્રાથમિક મહત્ત્વ ધરાવે છે.

તમે અને સાહજિક પ્રશ્ન કરશો કે, પુસ્તકાલય જો આવાં વિસ્મયકારક પરિણામો નીપજાવી શકે છે અને વડોદરા રાજ્યમાં છેલ્લાં પાંત્રીસ વર્ષ થયાં પ્રાથમિક શાળાઓની સાથે સાથે ત્રીસ વર્ષથી પુસ્તકાલયોનું અસ્તિત્વ છે તો કંઈ ખાસ પરિણામ વડોદરા બતાવી શક્યું ? ખરી વાત એ છે કે, જે વર્ષ અગાઉ જ્યારે મિ. એસ. આર. ભાગવત વડોદરા પધારેલા ત્યારે તેમણે પણ આવો જ પ્રશ્ન–ત્રીસપાંત્રીસ વર્ષની પુસ્તકાલયપ્રવૃત્તિ અને ફરજિયાત પ્રાથમિક કેળવણીનાં શાં નક્કર પરિણામો જોવાયાં છે તે–પૂછ્યો હતો. હું કહી જ દઉં કે, અમે તેમને સંતોષકારક જવાબ આપી શક્યા નહોતા. આંકડાશાસ્ત્રની દૃષ્ટિએ જિંદના કોઇપણ પ્રાંત કરતાં અમારે ત્યાંના શિક્ષણના આંકડા આગળ પડતા હતા અને અખિલ હિંદની સરખામણીમાં ત્રીજે નંબરે હતા; આ સિવાય વધુ અમે કંઈ બતાવી શક્યા ન હતા. પરંતુ આપ સ્વીકારશો કે, અચૂક પરિણામ પરથી તે કાર્યની નક્કરતા માપી શકાતી નથી. એ અસંત વિશાળ ક્ષેત્રનો તેને સમજવું પડે છે. ગમે તેટલું સંપૂર્ણ વાદ્યવૃંદ હોવા છતાં તેનો વગાડનાર જો કલાવિદ્ નહિ હોય તો શું તે બેસૂરો સૂર નહિ કાઢે ?

રાજ્યની ગ્રા. પુ. પ્રવૃત્તિ

સંપૂર્ણ રાગાત્મક સંગીતવાળા વાદ્યિંત્રની પાત્રતા માફક વડોદરાની પુસ્તકાલયપ્રવૃત્તિનું પણ છે. હવે હું અમારી ગ્રામ પુસ્તકાલય પ્રવૃત્તિ વિષે કંઈક કહીશ.

વડોદરા રાજ્યમાં લગભગ ૩૦૦૦ ગામડાંઓ છે. તેમાંનાં અર્ધોઅર્ધ તો એવાં છૂટાં છવાયાં વસેલાં છે કે લગભગ ૧૫ ટકા જ વસતી તેમાં વસે છે. આ છૂટાંછવાયાં ગામડાં સિવાય બાકીનાં ઘણાખરાંમાં પ્રાથમિક શાળા અને પુસ્તકાલય હોય છે. આ બંને સંસ્થાઓ એકસાથેજ ચલાવવામાં આવે છે. અમારે ત્યાં ૧૯૰૬ માં આખા વડોદરા રાજ્યમાં ફરજિયાત પ્રાથમિક કેળવણીનું ધોરણ દાખલ થયું. લગભગ એ જ અરસામાં સ્થાનિક ગ્રામ પુસ્તકાલયો તેમ જ ફરતાં પુસ્તકાલયોની પણ યોજના વિચારાઇ. પ્રાથમિક શિક્ષણનો ઉદ્દેશ બાળકોને લખતાં–વાંચતાં શીખવવાનો હતો. તેમનું આ શાળાજીવન ચાર વરસ ચાલતું. ત્યાર પછીનો વખત પડતર રહેતો. આથી બાળકોના લેખન વાચનને એમના સ્વભાવમાં વણાઇ જવાને અવકાશ રહેતો નહિ. તેમના ફરજિયાત શિક્ષણના દિવસો દરમિયાન તેઓ જે ભણ્યા હતા તે પાછળથી ભૂંસાતું જતું હતું. આથી તેમને મળેલો એ અનુભવ વ્યર્થ જતો. આ વ્યર્થતાને મીટાવવા તેમ જ એ ભણેલાઓનું લેખન–વાચન તેમના જીવનમાં ઊંડાં દૃઢ મૂળ નાખે તે માટે પુસ્તકાલયોની યોજના ઉપયોગી નીવડશે એમ જણાયું. અહીં તેમણે, શાળામાં ભણેલાને અનુસરવાનું હતું. આથી નિશાળેથી ઊઠી ગયેલાં બાળકોની તપાસ કરવામાં આવતી અને તેમને પુસ્તકાલયોનો લાભ લેવા આવવા માટે સમજાવવામાં આવતાં. આ પુસ્તકાલયો શાળાશિક્ષકોને હસ્તક સોંપાતાં, કે જેથી તેઓ ઊઠી ગયેલા વિદ્યાર્થીઓની યાદીઓ જોઈ જઇ એઓ પુસ્તકાલયની સગવડનો લાભ લે છે કે કેમ તેની તકેદારી રાખી શકે.

પુસ્તકાલયમાં કશું ફરજિયાત નથી.

આ રીતે પ્રાથમિક શાળા અને ગ્રામ પુસ્તકાલયો દ્વારા આ કાર્ય પાર પાડવાનો ઇરાદો રખાયેલો. પરંતુ શરૂઆતમાં એની કાર્યપદ્ધતિના ધ્રુવ જુદા હતા. ત્યારે શાળાજીવનમાં કંટાળો ઉપજાવે એવા ફરજિયાત ધોરણના કાર્યક્રમો, દંડ, શિક્ષા તેમ જ પરીક્ષાઓની ભરમાર હતી; જ્યારે બીજી બાજુએ, પુસ્તકાલયોમાં, તમને પસંદ પડે તે વાંચવા–કરવાની છૂટ હતી, એમાં કંઇજ ફરજિયાતનું ધોરણ ન હતું. અહીં તો વિદ્યાર્થીઓને આવકાર આપવામાં આવતો, તેમને બેસવાને સગવડભરી બેઠકો તેમ જ વાંચવા માટે આકર્ષક સાધનો–જેમકે, વાર્તાનાં પુસ્તકો, જુદીજુદી ખાસિયતોને લગતાં પુસ્તકો, ચિત્રપોથીઓ, નાનાં ભૂલકાંઓ માટે કાપડપોથીઓ તેમજ તેમને પોતાને માટે રમતગમતનાં સાધનો હોય છે. આ બધાં સાધનો તેમને હસતે મુખે અને માનભરી રીતે ગેલ કરાવતાં આપવામાં આવે છે. આથી તેમની વિચારશક્તિ ખીલીને તેમની કલ્પનાશક્તિને ઉત્તેજન મળે છે. પરિણામે તેમણે પૂર્વે નહિ અનુભવેલું એવું ઘણું તેમને જાણવા મળે છે. ગ્રંથપાલો જાણે છે કે, પુસ્તકાલયને આકર્ષક બનાવવામાં નહિ આવે ત્યાંસુધી તેનું સંચાલન સરળ નહિ બને. શાળામાં હાજરી માટે ફરજ પાડવામાં આવે, પરંતુ પુસ્તકાલયો જો એવી સખ્તાઈ કરે તો તો તેઓ તેમના ઘરાકો ગુમાવે જ. અને બાળકોમાં એના પ્રત્યે અણગમો જ ઉપજે.

ગ્રંથપાલનું કપરું કામ

હવે તમે સમજ્યાં હશો કે ગ્રંથપાલનું કામ કેટલું કપરું છે. એણે કેટલી બધી ધીરજ

ધરવાની હોય છે ! વળી એણે બાળકોની ટેવો-બાસિયતોનું પણ જ્ઞાન ધરાવવાનું હોય છે; અને એ માટે એ બાલપુસ્તકાલયના ગ્રંથપાલે હાસ્ય-વિનોદનો ખજાનો પણ સંગ્રહવાનો હોય છે. હું તમારે મોઢે વડોદરાની ખુશામત નહિ કરું; પરન્તુ જણાવીશ કે, જો વડોદરામાં આ કાર્ય માટે સ્ત્રીગ્રંથપાલો હોત તો અમે જે પરિણામ પ્રાપ્ત કર્યું છે તે કરતાં વધુ સારું પરિણામ મેળવી શકાયું હોત. આ સત્ય હકીકત છે. અમારા વડોદરામાં બાલપુસ્તકાલયની ગ્રંથપાલિકા તરીકે એક બહેન છે. એ જગા પર તેઓ છેલ્લાં ત્રીસ વર્ષથી કામ કરે છે. એ બાલ પુસ્તકાલયની મુલાકાત લેનાર અનેક મહેમાનો, એ બહેન-શ્રી. આનંદીબાઈ પ્રભુ દેસાઈ-ની કાર્યદક્ષતા-બાળકોને રમત ગમતમાં મદદ આપતાં, વાર્તાવિનોદનો આનંદ પમાડતાં તેમ જ તેમની સાથે હસતાં-રમતાં જોઈ તેમનાં મુક્તકંઠે વખાણ કરે છે.

સાર્વજનિક પુસ્તકાલય

આ પુસ્તકાલયોને લોકપ્રિય બનાવવા માટે અમે આ બાલપુસ્તકાલયોનો કેવો ઉપયોગ કરીએ છીએ તે વિષે હવે પછી જ જણાવીશ. હું ભારપૂર્વક જણાવીશ કે, અમારે ત્યાં શાળા અને પુસ્તકાલય બન્ને એકસાથે ચલાવવામાં આવે છે, પરંતુ શાળાશિક્ષક એ બન્ને કાર્યો કેવી રીતે પાર પાડે છે તેનો મહાન ફેરફાર જાણવા જેવો છે. મેં અગાઉ જણાવ્યું તેમ, શાળા-શિક્ષકે ભણેલાઓને આકર્ષવા પુસ્તકાલયને રસપ્રદ બને તેમ કરવાનું હોય છે. પરંતુ એટલેથી કંઈ બસ થતું નથી. સરકાર કંઈ કેળવણીવિષયક બન્ને સંસ્થાઓનો ભાર ઉપાડી શકે નહિ. આથી જનતાને પણ તેમાં રસ લેતી કરી તેને આ કાર્યમાં આર્થિક મદદ આપતી કરવાની હોય છે. એટલે અમે આ પુસ્તકાલયોને સરકારી દખલગીરી સિવાયનાં સ્વતંત્ર સાર્વજનિક સંસ્થા તરીકે જાહેર કર્યાં છે. અમે ગ્રામજનોને જણાવ્યું કે, પુસ્તકાલયોનું સંચાલન તમો જાતે કરો. તેનો વ્યવસ્થા માટે તેનું બંધારણ ઘડો, એની સંચાલન સમિતિમાં કોને નીમવા લે તમે જ નક્કી કરો, તેમ જ તેની પાછળ કેટલો ખર્ચ કેવી રીતે કરવો તેનો પણ નિર્ણય તમારે કરવો. આ બધી બાબતોમાં તમને પુસ્તકાલય ખાતુ સલાહ-સૂચના અને દોરવણી આપશે. ઉપરાંત, તમારા વાર્ષિક ખર્ચમાં કુ આર્થિક ફાળો આપશે. તમારી શરૂઆત માટે નાની સરખી ૨૫) રૂપિયાની રકમમાં પુસ્તકાલય ખાતુ તમને સો રૂપિયાનાં પુસ્તકો આપશે. પુસ્તકાલય માટે મકાન બાંધવા વિચારશો તો એ મકાનના ખર્ચનો કુ હિસ્સો પણ તમને મળશે. આવાં વચનોને પરિણામે ધારેલી અસર ઉપજાવી શકાઈ અને સ્થાનિક પ્રજાની તેના પ્રત્યે સહાનુભૂતિ મેળવવા માંડી. મકાન-મદદ અને વાર્ષિક ખર્ચમાં કુ ફાળો મળે તેમ જ આવી સંસ્થાનો સ્વતંત્ર વહીવટ પણ પોતાના હાથમાં આવે, એની લાલચની સામે ભાગ્યે જ કોઈ થઈ શકે; ત્યારે આ ઉપયોગી કાર્ય પાર પાડવા માટે ખરી રીતે સરકારને તો કુ ખર્ચ ભોગવવાનો હતો. કારણ કે પ્રજાને કુ ખર્ચના અપાયેલા વચન પૈકી કુ તો પુસ્તકાલય ખાતામાં પ્રાંત પંચાયતમાંથી આવે છે.

પુસ્તકાલય પ્રવૃત્તિનો વિકાસ

પુસ્તકાલયોની આ કાર્યપદ્ધતિ અને ગ્રામ પુસ્તકાલયોને મદદનું ધોરણ, ૧૯૧૦ માં સરકારે બોલાવેલા એક અમેરિકન ગ્રંથપાલે અમેરિકાના આદર્શ અનુસાર ઘડેલાં. અત્યારનાં ગ્રામ તેમ જ કસ્બા પુસ્તકાલયોની ઉપરની યોજના ૧૯૧૦ માં અમલમાં મૂકવામાં આવેલી. ત્યારે પુસ્તકાલયોની સંખ્યા ૨૪૭ ની હતી. આજે ૩૨ વર્ષ બાદ એ સંખ્યા વધીને એક

હજાર ઉપરાંતની થઈ છે. એટલે દર આઠ ચોરસ માઇલના વિસ્તારમાં પ્રજાના દર સેંકડે ૮૩ ટકાને એક પુસ્તકાલયનો લાભ મળે છે. આમ છતાં આ ખાતા પાછળ સરકારના ખર્ચમાં તે પ્રમાણમાં વધારો થયો નથી. ૧૯૧૧ માં રૂા. ૨૬૦૦૦ ખર્ચ હતો, જ્યારે ૧૯૪૧–૪૨ માં એ ખર્ચ રૂા. ૮૬૦૦૦ થયો છે. સરકારે એવું ઠરાવ્યું છે કે, જેમ જેમ નવાં પુસ્તકાલયો સ્થપાય તેમ તેમ જૂનાં પુસ્તકાલયોની મદદ ઘટાડતા જવી. આવાં જૂનાં પુસ્તકાલયોની સરકાર તેમ જ પ્રાંત પંચાયત મદદ ઘટતાં તેમણે તેમનાં કાયમ ફંડની યોજનાનો અમલ કરવા માંડ્યો છે. આ ભંડોળને પુસ્તકાલયોનાં ગતિચક્રો (Fly-wheel) ની ઉપમા આપવામાં આવે છે.

અમારે ત્યાં મુખ્યત્વે બે પ્રકારનાં પુસ્તકાલયો છેઃ (૧) સ્થાનિક ગ્રામ પુસ્તકાલયો જેમના ઉદ્‌ભવ અને સંચાલન વિષે ઉપર કહી ગયા તે અને (૨) ફરતાં પુસ્તકાલયો, જેમના વિષે જાણવાની તમારામાં જિજ્ઞાસા જાગી હશે. અરેબિયન નાઇટસમાં જેનું વર્ણન આવે છે એવા ફરતા પર્વતો, સંગીત ગાતાં વૃક્ષો અને પક્ષીઓની વાતો વિષે આપણે સાંભળીએ છીએ ત્યારે આપણામાં તેના વિષે જાણવાની જિજ્ઞાસા જાગે છે. પુસ્તકાલય એટલે પુસ્તકોનો સંગ્રહઃ અને આ માન્યતા આપણા મગજમાં લગભગ ઘર કરી ગયેલી છે. અને આપણે ફરતા પુસ્તકાલયની વાત કરતાં તો આપણી જિજ્ઞાસા વળી વધુ ઉત્તેજિત થાય છે.

ફરતું પુસ્તકાલય

'ફરતું પુસ્તકાલય' એટલે વાચકોની સગવડ માટે પૈડાં પર ફરતાં પુસ્તકોનો સંગ્રહ. એનાથી બે અર્થ સરે છેઃ જે સ્થળે પુસ્તકાલયો નથી હોતાં ત્યાં એ પુસ્તકાલયની ગરજ સારે છે અને જ્યાં પુસ્તકાલયો હોય છે ત્યાં તે પુસ્તકાલયની પૂરવણીનું કામ બજાવે છે. વડોદરામાં જ્યારે સ્થાનિક પુસ્તકાલયોની સંખ્યા અલ્પ હતી ત્યારે આ ફરતાં પુસ્તકાલયોએ સારી સેવા બજાવી હતી. આજે જ્યારે દર આઠ ચોરસમાઇલે પુસ્તકાલયો સ્થપાઇ ગયાં છે ત્યારે આ ફરતાં પુસ્તકાલયોને પૂર્વભૂમિકારૂપે કામ કરવાનું રહેતું નથી. આજે એ પુસ્તકાલયો ગરીબ ગામડાંનાં નાનાં પુસ્તકાલયોનાં પૂરક તરીકે કામ કરે છે. વડોદરાના મધ્યવર્તી પુસ્તકાલયમાં આશરે ૬૦૦ આવી પુસ્તકપેટીઓ છે. અને જ્યાંથી પણ તેની માગણી કરવામાં આવે છે ત્યાં—રાજ્યભરમાં—સરકારના ખર્ચે મોકલવામાં આવે છે. સ્થાનિક ગ્રામ પુસ્તકાલયોમાં મુખ્યત્વે ગુજરાતી પુસ્તકો હોય છે. ત્યાં ઘણી વાર અંગ્રેજી મરાઠી તેમ જ હિંદી વાચકો પણ હોય. આ રીતે સ્થાનિક પુસ્તકાલયોનું, ફરતું પુસ્તકાલય એ પૂરક છે.

મમત્વની ભાવના

સ્થાનિક પુસ્તકાલયો અને ફરતાં પુસ્તકાલયોના સંબંધ વિષેની ચર્ચા કરીને હું અહીં તમને કંટાળો નહિ ઉપજાવું. યુરોપ–અમેરિકામાં લોકો સ્થાનિક પુસ્તકાલયો કરતાં ફરતાં પુસ્તકાલયોની સેવાને વધુ પસંદ કરે છે. પરંતુ અમારે ત્યાં વડોદરામાં, પુસ્તકાલયપ્રવૃત્તિમાં રસ ઉત્પન્ન કરવા માટે મકાન સાથેનું પુસ્તકાલય લોકો વધુ પસંદ કરે છે. જેમાં પોતાનાપણાનું—મમત્વનું—ગૌરવ ન હોય તેવી બાબત લોકો પસંદ કરતા નથી. બીજી એક વિવાદાસ્પદ બાબત વિષે હું તમને અજાણ નહિ રાખું. અને તે એ છે કે આ ગ્રામ પુસ્તકાલયોનો વહિવટ જાહેર પ્રજાએ ચલાવવાની નીતિનું તમારે અનુકરણ કરવા યોગ્ય છે અથવા તો તેનો વહિવટ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ–પંચાયત, સુધરાઇ વગેરેએ ઉપાડવો જોઇએ ? અંધારણીય

સંસ્થાની તરફેણમાં દલીલ એવી છે કે, એ સંસ્થાઓ એકધારું કામ આપી શકે, જે માટે વ્યક્તિગત ઉત્સાહ પર આધાર રાખવો ન પડે. માણસો તો આવે ને જાય, પણ સંસ્થાઓ તો નદીના વહેણની માફક એકધારી ચાલ્યા જ કરે છે. તેમની વિરુદ્ધની દલીલ એવી છે કે, તો પછી પુસ્તકાલયો લક્કડશાહી અને આપખુદ બની જશે; અને તેના પરિણામે પ્રજાની જાસિયતોને ટેકો આપવાને બદલે તેનામાં સ્થિતિસ્થાપકતાનો અભાવ થઈ આવશે. આ સાતત્ય સામે વડોદરાએ વ્યવહારૂ જવાબ રજૂ કર્યો છે. લોકપ્રિયતાના આશરાના અભાવે કોઇ પુસ્તકાલયને નીચું ઊતરવું પડયું નથી.

આ ફરતા પુસ્તકાલય અને સ્થાનિક પુસ્તકાલયના તેમ જ બંધારણીય સંસ્થાઓના પ્રશ્નો ખરી રીતે બીનઅગત્યના છે. એટલે ખરી મહત્ત્વની બાબત તો એ છે કે, કંઈક પુસ્તકાલય પ્રવૃત્તિની સેવાની સ્થાપના થવી જોઇએ અને તેનું સફળ સંચાલન કરવું જોઇએ. એટલે હવે પુસ્તકાલયોને લોકપ્રિય કેમ બનાવવાં તે વિષે જણાવીશ.

પુસ્તકાલયોને લોકપ્રિય કેમ બનાવશો ?

આપણા દેશના કેળવણીકારો સમક્ષ પહેલો પ્રશ્ન અભણોને ભણાવવાનો છે. આથીજ બાળપુસ્તકાલયો અને બાળકોનાં કામો પ્રૌઢો માટેની પુસ્તકાલયપ્રવૃત્તિમાં કેન્દ્રસ્થાને રાખવામાં આવે છે. અમારા રાજ્યમાં અમારાં પુસ્તકાલયોમાં પહેલેથી જ આ પ્રકારનું વલણ રાખવામાં આવ્યું છે. અમે બાળકોને રમકડાં, રમતો અને બિલ્ડિંગની રમતો જેવી કે મોબેકો સેટ, ઑઇલ એન્જીન અને સ્ટીમ એન્જીનના નમૂના આપીને આકર્ષીએ છીએ. વળી તેમને યુદ્ધને લગતાં બનાવટી મશીનગન, વિમાનવિરોધી તોપ, મોટી સ્ટીમર, સબમરીન, એરોપ્લેન વગેરેના બનાવટી નમૂના પણ આપીને આકર્ષીએ છીએ. ત્યાં તેમના આકર્ષણ માટે આ બધાં સાધનો વસાવેલાં છે. પુસ્તકો અને સચિત્ર વિજ્ઞાનકોષો આપીને પણ તેમને આકર્ષવામાં આવે છે. પ્રૌઢો માટેના સાધન કરતાં બાલમાસિકો અને બાલોપયોગી પુસ્તકોને અગ્રસ્થાન આપવામાં આવે છે. નાનામાં નાનું ગ્રામ પુસ્તકાલય જે માત્ર વાર્ષિક ત્રીસેક રૂપિયા જેટલો જ ખર્ચ કરે છે તેમાં પણ બાલમાસિકો–જેવાં કે "**બાલજીવન**" અને "**બાલસખા**" હોય છે. આ બધાં રાષ્ટ્રીય ભંડારનો એટલે કે બાળકોનો વિકાસ કરનાર સાધનો છે. આ સિવાય પુસ્તકાલયમાં દર અઠવાડિયે એક દિવસ બાળકો માટે મુકરર કરવામાં આવે છે. આ ઓરડાઓમાં બાળકોને વાર્તા કહેવામાં આવે છે, પરંતુ રેડિયોના ઉદ્‌ભવ બાદ એનું સ્થાન ઊતરતું જાય છે. ખાસ કરીને આ કામ સ્ત્રીઓનું છે અને મને વિશ્વાસ છે કે, આ પદ્ધતિનો પુનરોદ્ધાર કરવામાં આવશે અને એનાં સુફળો મેળવવા પ્રયત્ન થશે. વાર્તા–કથનની આ કળા આપણે ગુમાવવી ન જોઇએ. મારા એક–બે મિત્રો વાર્તાકથનમાં એવા પાવરધા છે કે તેઓ વાર્તા કહેતા હોય ત્યારે જાણે એ વાર્તા આપણી નજર સમક્ષ તાદૃશ બની રહી હોય તેમ જ અનુભવીએ. વાસ્તવિક અથવા કાલ્પનિક વાર્તા જો સરસ રીતે કહેવામાં આવે તો તેની ભારે અસર ઉપજે છે.

મહિલા પુસ્તકાલયો

બાલ પુસ્તકાલયો પછી આપણું લક્ષ્ય મહિલા પુસ્તકાલયો પ્રતિ દોરાય છેઃ આપણા દેશના કિંમતી ભંડાર–બાળકો–નાં એ સર્જક છે. વડોદરામાં મહિલા પુસ્તકાલયો બહુ જૂનાં

નથીઃ વીસ વર્ષ પૂર્વેના રાષ્ટ્રીય ઉત્થાનકાળે ગુજરાતમાં એનો ઉદ્‌ભવ થયો. જો હું એવા નિર્ણય પર આવું અને કહું કે, ગાંધીવાદે રાજકીય બાબતોમાં શું સાધ્ય કર્યું છે ? પરંતુ મારા આધાર પર મક્કમપણે વળગી રહીને કહું છું કે, એણે સ્ત્રીઓને હિંમતવાન બનાવી છે–હિંમતપૂર્વક બુરખો હઠાવીને, એક સિનેમા ફિલ્મમાં દર્શાવાયું હતું તેમ, તેણે ચરખો હાથ ધર્યો છે. મહિલા પુસ્તકાલયો આ જાગ્રત સામાજિક સેવાને રજૂ કરે છે. પુસ્તકાલયો એ કંઈ માત્ર પુસ્તકો આપવા–લેવાનું સ્થાન જ નથી, પરંતુ સ્ત્રીઓની સઘળી સામાજિક સેવાઓનું એ કેન્દ્ર છે. આ સ્થળે તો ગૃહકલા અને શીવણ–ભરત જેવા ગૃહઉદ્યોગો શીખવવાનું તેમ જ હિંદી અંગ્રેજી ભાષા સરખા બૌદ્ધિક વિષયો શીખવાનું પણ સ્થળ છે. આથી પુસ્તકપ્રવૃત્તિ પર સારી અસર થાય છે. ગમે તેમ પણ, પુસ્તકાલયપ્રવૃત્તિનું ધ્યેય, નર–નારીઓને વધુ સારું અને સંપૂર્ણ જીવન જીવતાં શીખવવાનું, માત્ર પુસ્તકો માટે આવવાના સ્થાન કરતાં વિશેષ અગત્યનું સ્થાન છે. અમરેલી, નવસારી અને પાટણ આવી વિસ્તૃત પ્રવૃત્તિઓના કેટલાક દાખલા છે. બાલ પુસ્તકાલયોની માફક મહિલા પુસ્તકાલયોની બાબતમાં પણ વડોદરા સરકારે ખાસ ફાળો નોંધાવ્યો છે. સામાન્ય રીતે એક જ જાહેર પુસ્તકાલયને સરકારમદદ મળી શકે; પરંતુ બીજું કે ત્રીજું બાલ પુસ્તકાલય હોય તો સરકાર તેની પ્રવૃત્તિ અને પરિસ્થિતિ પારખી અપવાદ દાખલ ખાસ મદદ આપે છે.

પ્રૌઢ વસ્તી પ્રત્યે જાણે દુર્લક્ષ્ય કરાયું હોય તેમ તમને લાગશે. અને એ વિષે સાચું કહેવામાં આવે તો, તેઓ તો ખરા અર્થદાતાઓ (Pay–Masters) હોય છે. એમને અમે સાફ સાફ કહીએ છીએ કે, પુસ્તકાલયમાં પ્રથમ સ્થાન બાળકો અને સ્ત્રીઓને હશે; અને પછી તેમના હિતાર્થે બાકીની રકમ ખર્ચાશે. મને જણાવતાં ખુશી ઉપજે છે કે, ઉપર જણાવ્યા મુજબ સ્ત્રીઓ–બાળકોને અગ્રસ્થાન આપવા સામે તેમણે કદી વાંધો ઉઠાવ્યો નથી. પ્રૌઢો માટે પુસ્તકાલયમાં મુખ્ય આકર્ષણ તરીકે એની પસંદગીનું દૈનિક અથવા અઠવાડીક વર્તમાનપત્ર હોય છે. આમાં કેટલાક એવા હોય છે કે જેઓ એ સામયિકને એક છેડેથી બીજા છેડા સુધી અક્ષરશઃ વાંચી જાય છે, પરંતુ આની અસર તો ધોધમંધ વહી જતા પ્રવાહની નરમ જમીન પર જે અસર થાય તેવી અસર નીપજે છે. દૈનિકોમાં આવતા સમાચારોમાંથી સારું પરિણામ મેળવવા માટે ઇતિહાસ તેમ જ ભૂગોળનું જ્ઞાન અદૃશ્ય થઇ જાય છે. અગ્રલેખોમાં આવી ખામીઓ કવચિત હોય છે; પરંતુ મારે દિલગીરીપૂર્વક જણાવવું પડે છે કે, ગામડે વંચાતાં કેટલાંક ગુજરાતી પત્રો બેજવાબદાર હોય છે. અને તેથી તેઓ કંઇક સારી અસર ઉપજાવવાને બદલે નુકસાન જ નીપજાવે છે. પાશ્ચિમાત્ય દેશોમાં, સાર્વજનિક પુસ્તકાલયો ૨૫% કરતાં વધુ ખર્ચ કરતાં નથી; જ્યારે આપણે ત્યાં આવા ક્ષણિક સાહિત્ય માટે ૫૦% જાણે ઓછા હોય તેમ લાગે છે. એક જવાબદાર દૈનિકના અભ્યાસ કરતાં બીજું સારું કદાચ કશું નહિ હોય. લૉર્ડ મોર્લે કહેતા કે, દૈનિક " ટાઇમ્સ " વાંચવા માટે તેને નકશાપોથી વિશ્વકોષ તેમ જ શબ્દકોષનો ઉપયોગ કરવો પડતો. આવું બુદ્ધિશાળી વાચન અને ચાલાક સંપાદન આપણા દેશમાં ભાગ્યે જ મળી આવશે. એક ગ્રંથપાલ નક્કર વાચન તારવી કાઢી શકે. ગમે તેમ પણ, પુસ્તકો એ પુસ્તકાલયની સિદ્ધિ માટેનાં મુખ્ય વાહિનો છે.

સામયિકો કરતાં પુસ્તકો વધુ પસંદગીપાત્ર છે.

સામયિકો કરતાં પુસ્તકો વધુ પસંદ કરવા યોગ્ય છે; કારણ કે એમાં આપેલા

વિચારો પાકટ હોય છે. દૈનિકો, માસિકો અને પાક્ષિકોમાં પણ, એની અસલ વાસ્તવિકતાને બદલે એના સમયની નિયમિતતાને વધુ મહત્ત્વ આપવામાં આવે છે; જ્યારે પુસ્તકોમાં એની ચિરંજીવતા પર ખાસ ધ્યાન અપાય છે. વિદ્વાનોની માફક ગ્રંથપાલને કંઈ પુસ્તકોની ગુણવત્તા વિષે કહેવાનું હોતું નથી. આ બાબતમાં તેઓ ન્યૂનતા દાખવતા નથી. આપણે ત્યાં કહેવત છે કે " તલવાર કરતાં કલમ વધુ બળવાન છે " અને કોઇ પણ ભાવનાને વિસ્વસ્વીકાર ન મળે ત્યાં સુધી એને યોગ્ય સ્થાન મળતું નથી. પુસ્તકોની તકેદારી (Censorship) નો ઇતિહાસ એ છપાતા શબ્દની શક્તિનું પ્રમાણ છે. ગયા યુદ્ધ કરતાં આજના યુદ્ધમાં, યુદ્ધમોરચા કરતાં ઘરના મોરચાને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. યુદ્ધમોરચાના ભંગાણથી સર્વનાશ થતો નથી. આપણી ભગવદ્ ગીતા કહે છે તેમ, અજિત મન રાજ્ય કરશે. શાન્તિકાળે પુસ્તકો જ સાચાં ઉપયોગી છે. મનુષ્યે અત્યાર સુધીમાં નોંધાવેલી તમામ શોધો જૂનાં દફ્તરોના અભ્યાસમાંથી જ પ્રાપ્ત થયેલ છે. મનુષ્ય પોતાની પ્રગતિ માટેની ઉત્તેજના સાહિત્યમાંથી મેળવે છે અને એ જ પ્રમાણે સાહિત્ય પણ મનુષ્યનાં વીરત્વભર્યાં કાર્યોમાંથી જ સર્જાય છે. આખું ચક્ર આ પ્રમાણે ચાલે છે. અમેરિકાના એક તત્ત્વવેત્તા સંતાપનાના જણાવ્યા મુજબ, કાર્યોને વિચારોમાં મૂર્ત કરવાનું કામ સાહિત્યનું છે અને એને ઉમદા કાર્યોમાં પરિણત કરવાનું કામ વ્યવહાર રાજદ્વારીઓનું છે. અમે ગ્રંથપાલો એક બાજુ પુસ્તકો અને લેખકો અને બીજી બાજુ વાચકો અને કાર્યકર્તાઓ વચ્ચેના પૂલ જેવા છીએ. પ્રાસંગિક પુસ્તકોને લગતાં પુસ્તકમંડળો, અભ્યાસવર્તુલો, ચર્ચા પરિષદો ચલાવીને તેમ જ જનતા સમક્ષ મગજને તર કરે તેવું સિનેમા કે રેડિયો સરખું, સાહિત્ય રજૂ કરીને, અમો ગ્રંથપાલો પુસ્તકોના અભ્યાસને ઉત્તેજી શકીએ.

પુસ્તકોનું આ મૂલ્ય સમજીને જ ઇંગ્લેન્ડમાં ત્યાંના કેળવણીમંડળે સાર્વજનિક પુસ્તકાલયો પર એક પરિપત્ર પાઠવી તેમને પુસ્તકો પાછળ નાણું ખર્ચવામાં પાછા ન પડવા જણાવ્યું હતું. મિ. ચર્ચીલે જણાવ્યું છે: " આપણી પાસે મોટી સંખ્યામાં તોપો અને એરોપ્લેનો છે. એથી કરીને આપણે આ કસોટીમાંથી પાર પડીશું એમ નથી, પરંતુ પુસ્તકોમાંથી મળતી ધીરજ અને શાન્ત વિચારસરણીમાંથી મળતા ઉચ્ચતમ વિચારો અને બુદ્ધિમત્તા આપણી પાસે હશે તેના વડે જ આપણે પાર પડીશું. " વૉશિંગ્ટનના કૉંગ્રેસ પુસ્તકાલયના કવિ ગ્રંથપાલ અને પ્રમુખ રૂઝવેલ્ટના એક અંગત મિત્રે જણાવ્યું હતું કે " પુસ્તકાલયો એ લોકશાહીનો જબ્બર દારૂગોળો છે. ગ્રંથપાલો આ કિલ્લાઓના સેનાપતિઓ છે. અરે, આપણો સંયુક્ત દુશ્મન પણ એના પુસ્તક વડે જ આ યુદ્ધ જીતવા પ્રયત્ન કરે છે. આ રીતે આપણે પુસ્તકો વડે લડવાનું હોય તો " મેઇન કૈમ્ફ " અથવા બીજા ગમે તે " કૈમ્ફ "ને કાઢી મૂકવા માટે, લેખકસ્વરૂપ પુરુષ અને વાચકસ્વરૂપ પ્રકૃતિનું જોડાણ કરવા માટે સુફળદાતા શક્તિનો પાઠ આપણે ભજવવો પડશે. *

ન્યૂ. દિ. વાકનીસ

---

* અથામા ખાતે ગયા મે માસમાં ભરાયેલા સ્ટીવાલીભવર્ગમાં અંગ્રેજીમાં આપેલા ભાષણ પરથી અનુવાદક: **મણિલાલ મ. વ્યાસ**

કયું સામયિક ?

[પુસ્તકાલયના વ્યવસ્થાપક મંડળની સભા મળી છે. વ્યવસ્થાપક મંડળના સભ્યો, પ્રમુખ તથા મંત્રી સૌ અર્ધગોળાકારે પુસ્તકાલયના મધ્યખંડમાં બેઠા છેઃ બજેટ બનાવવાની વિચારણા ચાલે છેઃ એમાં સામયિકોની પસંદગીનો પ્રશ્ન આવતાં સભામાં મતભેદ ઊભો થાય છે અને અહીં એ વિષે ચર્ચા જમે છે.]

મંત્રી—જુઓ ભાઇઓ ! આ વર્તમાનપત્રો-સામયિકોની આખી યાદી હું લઇ આવ્યો છું. એમાં ગુજરાતી સાહિત્યમાં પ્રસિદ્ધ થતાં સઘળાં સામયિકો આવી જાય છે. એમાંથી આપણે પસંદગી કરવાની છે.

૧ લો સભ્ય—જુઓ મિ. સેક્રેટરી ! આપણે ત્યાં એક દૈનિક વર્તમાનપત્ર તો આવવું જ જોઇએ. એ માટે મુંબઇનું " જન્મભૂમિ " અને " વંદેમાતરમ્ " લખો.

મંત્રી—ટકાવારીના ધોરણે બજેટ બનાવવાનું હોવાથી અને રકમની યત્તા જોતાં આપણે એક જ દૈનિક વર્તમાનપત્ર મંગાવી શકીશું.

૨ જો સભ્ય—તો પછી, હું તો કહું છું કે એ બેય દૈનિકોને બદલે એકસરખું ઉપયોગી એવું " મુંબઇ સમાચાર " મૂકો.

પ્રમુખ—પણ ભાઇઓ ! તમે વિચાર તો કરો કે, આપણી પાસે આવાં મોંઘી કિંમતનાં વર્તમાનપત્રો ખરીદવા માટે પૂરતાં નાણાં કયાં છે ! આપણે માત્ર એક દૈનિક પેપર મંગાવવાનું છે એવું તો છે જ કયાં ? એકાદ રાજ્યનું અઠવાડીક કે અર્ધસાપ્તાહિક પણ આપણને જોઇશે જ. વળી માસિકોમાં શિષ્ટ રોચક સાહિત્ય આપતાં તેમ જ ખાસ કરીને બાળકો માટેનાં બાલમાસિકો તથા એકાદ સ્ત્રીમાસિક પણ આપણે લેવું જ જોઇએ. એટલે બહુ મોંઘી કિંમતનું નહિ પણ ઓછી કિંમતે આપણે રોજના સમાચાર મળે તેવું પત્ર પસંદ કરો.

૩ જો સભ્ય—જુઓ પ્રમુખ સાહેબ ! હું તો કહું છું કે, એવાં સસ્તી કિંમતનાં છતાં છેવટના સમાચારો આપે એવાં દૈનિકો તો આપણે ત્યાં ગણ્યાં ગાંઠ્યાં જ છે. એટલે અમદાવાદથી પ્રકટ થતું દૈનિક " સંદેશ " અથવા " ગુજરાત સમાચાર " જે છેલ્લામાં છેલ્લા તાજા સમાચારો આપે છે તેમાંનું એકાદ પસંદ કરીએ તો ઓછી કિંમતે છેલ્લા સમાચારો સાથેનું દૈનિક આપણને મળશે.

૪ થો સભ્ય—બરાબર છે; એમનું કહેવું સાચું છે. " સંદેશ " પેપર જ રાખો ને ! કેમકે, સાંભળવા પ્રમાણે ગયા વર્ષે તેણે સર્વસામાન્ય લવાજમમાંથી પુસ્તકાલયો પાસેથી થોડુંક ઓછું લવાજમ લીધું હતું.

૫ મો સભાસદ—અરે ભાઇ ! એકલા સમાચારોથી આપણું શું વળવાનું ! એની સાથે સાથે વિવિધ વિષય ચર્ચતા લેખો પણ હોય તેવું દૈનિક હોવું જોઇએ. "સંદેશ" કે " ગુજરાત સમાચાર " અથવા સૂરતના " પ્રતાપ " કે " ગુજરાત "થી આપણને એ બધું નહિ મળી શકે.

૧ લો સભ્ય પણ એટલા જ માટે હું કહું છું કે, " વંદેમાતરમ્ " કે " જન્મ-ભૂમિ " પસંદ કરો.

પ્રમુખ—એવા લેખોનું વાચન તો આપણને માસિકોમાંથી મળવાનું જ છે. પછી શા માટે એ મોંઘાં પત્રોની તમે ભલામણ કરો છો?

૩ જો સભ્ય—સાહેબ! એટલા જ માટે હું ' સંદેશ " કે " ગુજરાત સમાચાર " અથવા સૂરતના " પ્રતાપ " કે " ગુજરાત "ની પસંદગી કરવાનું કહું છું.

મંત્રી—બરાબર છે! તો હવે નક્કી કરો, કે આ સસ્તાં દૈનિકોમાંથી કયું પસંદ કરવું?

પ્રમુખ—મને લાગે છે કે, હમણાં હમણાં છેલ્લામાં છેલ્લા સમાચારો આપતું અને લવાજમમાં પણ રાહત આપતું " સંદેશ " આપણે પસંદ કરો.

[સૌ પ્રમુખના મત સાથે સંમત થાય છે. અને દૈનિક પત્ર " સંદેશ " મંગાવવાનું મંજૂર થાય છે. પછીથી અર્ધસાપ્તાહિક કે સાપ્તાહિક કયું મંગાવવું તે વિષે વિવાદ શરૂ થાય છે. "

પ્રમુખ—જુઓ, હવે આપણે સાપ્તાહિક કે અર્ધસાપ્તાહિક કયું પસંદ કરવું તેની વિચારણા ચલાવીએ.

૧ લો સભ્ય—અર્ધસાપ્તાહિક " સયાજીવિજય " પસંદ કરો. આપણે ત્યાં ફેરણીમાં આવતા તમામ અમલદારો એ પેપર ખાસ માગે છે. અને રાજ્યના તાજા સમાચારો પણ એમાં હોય છે.

૨ જો સભ્ય—ના, ભાઇ! એક દૈનિક ઉપરાંત એટલું બધું ૬) રૂપિયા જેટલું લવાજમ આપણા પુસ્તકાલયને ક્યાં પોષાય તેમ છે! મારો મત તો રાજ્યનું એકાદ સસ્તું સાપ્તાહિક ' નવગુજરાત" કે " ભારત " માટેનો છે.

૩ જો સભ્ય—હું તો કહું છું કે, બધુંય જવા દઇને " પ્રજામંડળ " પત્રિકા જ મંગાવોને! કારણ કે જુઓને, એમાં રાજ્યભરના સમાચારો પણ આવે છે, જનતાની જાગૃતિ અને સેવાકાર્ય સંબંધે લેખો પણ હોય છે. અને રાજ્યમાં શું શું કરવા જેવું છે અને ક્યાં કેમ ચાલે છે તેને લગતી વિગતો પણ હોય છે. એટલે હું તો કહું છું કે, " પ્રજામંડળ " પત્રિકા જ મંગાવો. વળી પુસ્તકાલયો માટે એનું લવાજમ પણ ઓછું છે.

ચોથો સભ્ય—અરે ભાઇ! જવા દો ને! " પ્રજામંડળ " મંગાવીને વળી અમલદારોની ખફગી શું કામ વહોરો છો? એ તો " સયાજીવિજય " જ સારું. અથવા નહિ તો " નવગુજરાત " કે " ભારત " મંગાવો; પણ એ તો નહિ જ.

ત્રીજો સભ્ય—ના ભાઇ! આપણે તો કહીએ છીએ કે " પ્રજામંડળ " પત્રિકા જ મંગાવો આપણો મત તો એ બાબતમાં નહિ જ ફરે.

[ત્રીજો સભ્ય ગામનો સેવાભાવી કાર્યકર્તા હતો. પુસ્તકાલયને અવારનવાર આર્થિક મદદ પણ આપતો તેમ જ રાષ્ટ્રીય સેવાકાર્યમાં પણ સારો ફાળો નોંધાવતો. વળી ગામને રાહતનાં કામોમાં પણ સારી સહાય આપતો. આથી કંઇ નહિ તો છેલ્લે એને ખુશ કરવા પણ "પ્રજામંડળ" પત્રિકા પર સૌની પસંદગી ઊતરી.]

પ્રમુખ—જુઓ, આપણે સામયિકોની પસંદગીમાં દૈનિક-અઠવાડીકનો તો નિર્ણય કરી લીધો. હવે બાલમાસિકોમાં કયું પસંદ કરવું તેનો નિર્ણય કરવાનો છે.

૧ લો સભ્ય—બાલમાસિકોમાં વળી પસંદગી શું કરવાની ! ! કેમ વળી, દર વર્ષે "બાળક" આવે છે તેનું તે ચાલુ રાખો.

મંત્રી—જુઓ, ભાઈઓ ! આ બાબત નિર્ણય કરતા પહેલાં મેં ગુજરાતીમાં પ્રકટ થતાં સઘળાં બાલમાસિકોના છેલ્લા અંકો નમૂના માટે આપ સૌ સમક્ષ રજૂ કરવા મંગાવી રાખ્યા છે.

[મંત્રી સઘળાં બાલમાસિકો સભાસમક્ષ રજૂ કરે છે.]

૨ જો સભ્ય—સાહેબ ! ગઇ સાલ આવતું હતું માટે આ સાલ પણ એનું એ જ મંગાવવું, એમ શા માટે ? હું તો કહું છું, કે આ વખતે કોઇ નવા બાલમાસિકની પસંદગી કરો.

ત્રીજો સભ્ય—સાહેબ ! જુઓ, "ગાંડીવ" દર અંકે સરસ-બાળકોને જાણવા જેવી માહિતી બાલભોગ્ય ભાષામાં આપે છે. વળી એમાં આવતી "બકોર પટેલની વાતો" વાંચવા તો, મારા ઘરનાં બાળકો મને દર મહિનાની પહેલી તારીખ યાદ કરાવે છે, કે આજે પહેલી તારીખ થઇ ! આ તો મારો મારાં બાળકોનો અનુભવ કહું છું. હું મારે ત્યાં મારાં બાળકો માટે "ગાંડીવ" મંગાવું છું.

મંત્રી—એ "ગાંડીવ" જેવું જ સારું એક "બાલસખા" માસિક પણ સરસ આવે છે. દિવસે દિવસે એમાં કંઇ ને કંઇ નવીનતા ઉમેરાતી જ જાય છે ! એ બાલમાસિક પણ ખરેખર, પસંદ કરવા જેવું છે.

[આખરે "ગાંડીવ" અને "બાલસખા" બાલમાસિકોમાં લેવાનું સૌ સ્વીકારે છે.]

પ્રમુખ—હવે ચોથું કામ માસિકો પસંદ કરવાનું છે. આપણે ત્યાં માસિકોનો તો રાફડો ફાટ્યો છે કે કયું પસંદ કરવું અને કયું ન કરવું એના માટે ખૂબ વિચાર કરવો પડશે. પણ હા, આ ગ્રંથપાલ એ બધાંથી વાકેફ છે એટલે એ બાબતમાં એમની દોરવણી આપણને ઠીક થઈ પડશે.

ગ્રંથપાલ—પ્રમુખ સાહેબ કહે છે તે સાચું છે. જુઓને, માસિકોની પસંદગી માટે કલકત્તાથી પ્રકટ થતું પણ હવે આપણા રાજ્યના પાટનગર-વડોદરા-માંથી નીકળતા "નવચેતન" ને ખાસ પસંદગી આપવા જેવી છે. આપણે ત્યાં વર્ષો પહેલાં આવતા "વીસમી સદી"ની ગરજ એ પૂરી પાડે છે. અને લોકસાહિત્યના રસિયાઓ માટે "શારદા" પસંદ કરવા

સાહિત્ય અને સોનું

દરેક લેખક પોતે જ પોતાની કૃતિનો મુદ્રક તેમ જ પ્રકાશક થાય એવો આગ્રહ રખાવો જોઇએ. એટલે જેની પાસે સાચી પ્રતિભા છે અને બોલ્યા વિના જેનાથી રહી શકાતું નથી—છવ્વું વસમું લાગે છે, એવો પુરુષાર્થી માણસ જ આવી આકરી કસોટીમાંથી પાર ઊતરશે. તેને ઓછામાં ઓછા શબ્દોમાં વધારેમાં વધારે અર્થ ભરવો પડશે. અને એમ થાય ત્યારે ઓરડાનું રાચરચીલું, પાત્રોનો પહેરવેશ, તેમના શરીરનું સૌંદર્ય અને હાવભાવ, તેમની બૈરાંડાવસ્થાની ચેષ્ટાઓ તથા પ્રેમકિસ્સાઓનું વર્ણન કરી, ભાવનાનું છેલ્લું ટીપું નિચોવી દેતી અને કયાંય પણ જેનો છેડો આવતો નથી એવી નવલકથાઓ આપણે નહિ વાંચવી પડે.

× × ×

સો વરસની અંદર કાગળ બનાવવા માટેનાં જંગલો કપાઇને ખલાસ થશે, અને બહુ જ કીમતી વિચારો સિવાય બીજા કશા માટે કાગળ વાપરી શકાશે નહિ. આપણે ફરી પાછા સાહિત્યમાં સુવર્ણચલણની પદ્ધતિ ઉપર આવીશું; અને યોગદર્શનકાર ભગવાન પતંજલિ વિદ્યાપીઠોમાં સૌથી આદરણીય તત્ત્વજ્ઞ ગણાશે; અને જેમાં અર્થ અને ભાવનાનાં ઉત્કટતા અને ગાંભીર્ય હશે એવું જ સાહિત્ય પ્રસિદ્ધ કરવામાં આવશે.

એ. ઇ. (જ્યોર્જ રસેલ)

જેવું છે. ઊગતા જુવાનો માટે " કુમાર " અને 'કિશોર", વિદ્વાન વિચારકો માટે "પ્રસ્થાન" અને " જીનનવિકાસ " તેમ જ સાહિત્ય સમાચારો જાણવા માગનાર માટે માત્ર નામના મૂલ્યે પ્રકટ થતી " ગુજરાતી સાહિત્ય પત્રિકા " છે. વળી જાણવા જેવા વિચારણીય લેખો માટે "ચિત્રમય જગત" છે; અને એ બધામાં પણ ખાસ અગત્યનું–નવો વિચાર, નવી શૈલી અને પ્રાસંગિક વિનોદવ્યંગચિત્રો આપતું માસિક " રેખા " તો, હું કહું છું કે, ખાસ મંગાવો. કેમકે એનું લવાજમ પણ ઓછું છે. માત્ર અઢી રૂપિયા ! ! અને એમાં આવતું વાચન કોઇપણ માસિકમાં આવતા વાચનથી પણ આગળ વધી જાય તેવું માર્મિક હોય છે. હું તો કહું છું કે, એ માસિક તો ખાસ વસાવો. વળી જુવાનોને વ્યાયામશોખના વિકાસ માટે " યુવક " છે. આમ છતાં સંગીત અને નક્કર સાહિત્ય આપતું એવું " શિક્ષણ અને સાહિત્ય " તો ભૂલશો જ નહિ. એમાં આપણા ગ્રામ પ્રશ્નોની છણાવટ કરતા લેખો ઉપરાંત શિક્ષકોને પણ ઘણા જ ઉપયોગી નીવડે તેવા લેખો આવે છે. વળી સાહિત્યની ઉપયોગી હકીકતો પણ હોય છે અને આપણા પ્રૌઢો માટે એકાદ લેખ તો હોય જ છે. જુઓને, આપણા " પુસ્તકાલય " માસિકમાંના " સામયિક દોહન " વિભાગમાં દર માસે એમાંથી એકાદ પણ લેખ હોય જ છે.

[પુસ્તકાલયના મંત્રીએ ખારસી એવી ચુનંદાં માસિકોની એક હારમાળા રજૂ કરી અને એમાંથી સૌને લાગ્યું કે, બધાં જ પસંદ કરવા જેવાં છે. પણ એમાંથી કયું લેવું ને કયું રહેવા દેવું એની સૌને વિમાસણ થઇ પડી. સૌ વિચારમાં પડી ગયા.]

પ્રમુખ—જુઓ ભાઇઓ ! એમાં વિચાર કરવા જેવું છે ખરું. પણ એને માટે આપણે એક કમિટિ નીમો કે જે માસિકોની પસંદગી કરે. અને હા, કેમ ભૂલો છો, સહકારી બજેટની યોજના પ્રમાણે એ કમિટિ આપણી પાસેનાં બે ગામોનાં પુસ્તકાલયો સાથે સહકાર સાધી એ યાદી તૈયાર કરે.

૧ લો સભ્ય—હા, પ્રમુખ સાહેબ બરાબર કહે છે. એમ જ કરો. આપણાં નજીકનાં ગામોનાં પુસ્તકાલયોનો એમાં સહકાર લઈ કામ કરો.

[આખરે નજીકનાં ગામો સાથે સહકારની યોજનાએ માસિકોની પસંદગી કરવાનું નક્કી થયું.]

પ્રમુખ—જુઓ, આપણે બધું જ કર્યું. પણ સ્ત્રીઓનાં માસિકોની પસંદગી તો કરી જ નહિ. કહો, મંત્રી ! એ બાબત તમારો શું મત છે ?

મંત્રી—સાહેબ ! સ્ત્રીમાસિકોમાં આપણે ત્યાં માત્ર ગણ્યાંગાંઠ્યાં ત્રણ માસિકો છે. એ સહકારી બજેટની યોજના પ્રમાણે ત્રણેય ગામવાળા એકેક મંગાવે. આપણે મંગાવો " ગુણસુન્દરી ", આ પાસેના ગામવાળા મંગાવે " સ્ત્રીબોધ " અને પેલા ગામવાળા મંગાવે "સ્ત્રીજીવન"; સમજ્યાને, આ તો સરળતાપૂર્વક ઉકલી જાય તેવો કોયડો છે.

૧ લો સભ્ય—બરાબર છે, સાહેબ ! મંજૂર.

[સૌ સભ્યો બોલી ઉઠ્યાઃ મંજૂર]

[અને આમ સામયિકોની પસંદગીનું કામ પૂરું થયું. અને સભા વિસર્જન થઇ.]

સૌ પુસ્તકાલયોના મંત્રીઓ આ પ્રમાણે વ્યવસ્થાપક મંડળની સભા બોલાવી સામયિકોની પસંદગી કરે તો પછી પુસ્તકાલયનાં સામયિકોની પસંદગી અંગે કોઈ ઝઘડાને કારણ જ રહે નહિ !

"અજ્ઞાત"

૧. હૅમ્લેટ—અનુવાદકઃ શ્રી. હંસા મહેતા; પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી એન્ડ કંપની મુંબઇ. કિંમત બે રૂપિયા.

પરસાહિત્યના અનુવાદો તો આપણા સાહિત્યમાં ઘણા થયા છે પરંતુ તેમાંના ખરેખર સફળ કહી શકાય એવા ઘણા ઓછા. શ્રીમતી હંસા મહેતાનો આ પ્રયત્ન આ રીતે જોતાં ઘણો સ્તુત્ય અને આવકારદાયક ગણાવો જોઇએ. કારણ, શેક્સપિયરનું ભાષાંતર કરવું એ અતિ દુર્ઘટ કાર્ય છે. ભાષાંતર જોતાં જ ખાતરી થાય છે કે તેમણે મૂળના રસને ખૂબ રસપૂર્વક ગુજરાતી ભાષામાં ઉતાર્યો છે. અનુવાદ માટે નિર્બંધ અનુષ્ટુપ જેવો છંદ યોજી તેમણે પ્રયત્નની સફળતા તો સાધી જ છે, પણ એ ઉપરાંત મૂળના ભાવોને ઉતારવા જ્યાં એ છંદ પ્રતિકૂળ લાગ્યો છે ત્યાં ઉપજાતિ, વસંતતિલકા અને ખંડ હરિગીત જેવી તેમની ઉપયુક્ત યોજનાથી અનુષ્ટુપની એકતાનતામાંથી મુક્તિ પણ અનુભવાય છે. શેક્સપિયરની કરુણાન્તિકાઓમાં જે એક ઘેરું અતિ ઘેરું વાતાવરણ આપણને આદિથી અંત સુધી આવરી લે છે તેવું જ વાતાવરણ અહીં પણ અનુભવાય છે અને એને જ આ અનુવાદની સિદ્ધિ ગણાવી શકાય.

આપણે આશા રાખીએ કે શ્રીમતી હંસાબહેન તરફથી શેક્સપિયરની બધી જ કરુણાન્તિકાઓના ગુજરાતી અનુવાદો આપણને મળે.

૨. અખો (એક અધ્યયન)—સં. શ્રી. ઉમાશંકર જે. જોષી, પ્રકાશકઃ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ; મૂલ્ય રૂ. ૨.

વેદાંતી કવિ અખાની કવિતા પર અત્યાર સુધીમાં જે કાંઇ લખાયું છે તેમાં આ સંશોધનગ્રંથ એક નવી જ ભાત પાડે છે, અને આપણા જૂના કવિઓ વિષે વિચારણા કરવાનું એક અભિનવ દૃષ્ટિબિંદુ રજૂ કરી વિવેચનની પણ એક સુંદર પરિપાટી સ્વીકારે છે. સમગ્ર ગ્રંથમાં રસનિષ્ઠ પાંડિત્યદર્શન, પૂર્વગ્રહમુક્ત સ્વચ્છ દૃષ્ટિ, કવિહૃદયને સમભાવપૂર્વક સમજવાની ઉત્સુક મનોદશા, સાહિત્યના મહાપ્રશ્નોની કરેલી છણાવટ, વિષયનું તલસ્પર્શી જ્ઞાન, ઔચિત્યલક્ષી વિવેકદૃષ્ટિ, ભાષાની પ્રૌઢ અને કર્તાની વિષયના અભિનિવેશ માટેની યોગ્યતાનાં દર્શન થાય છે. અખાના અભ્યાસીઓ માટે જુદી જુદી હસ્તપ્રતોની વાચનાને અંતે લેખકે કરેલા ચર્ચાસ્પદ મુદ્દાઓ અંગેનાં વિધાનો અખાને જો ખરાં જ પણ લેખકને પોતાને પણ પ્રીતિકર થઇ પડ્યાં છે, એમ જણાવતાં આનંદ થાય છે. કવિહૃદયના એક સાચા ચિકિત્સક પાસેથી આવો સુંદર ગ્રંથ અપાવવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાયટી અભિમાન લઇ શકે છે.

કર્તાએ આ ગ્રંથ પાછળ ત્રણ વર્ષ જેટલો લાંબો સમય લીધો છે એ જોતાં, તેમાં

કરેલી શાસ્ત્રીય ચર્ચા ઉપરાંત એક વધારાનું પ્રકરણ અખાની મુખ્ય કૃતિઓ લઈ તેમાં સમાયલી ફિલસૂફીની ચર્ચા માટે ચોખ્યું હોત તો વિદ્વાનો ઉપરાંત અખા વિષે ઓછું જાણનાર વર્ગ પણ તેનો ઉપયોગ કરી શકત. અહીં તો અખાનું તત્ત્વદર્શન વાચકોને જ્ઞાત છે જ, એમ માની લઇ ચર્ચા કરવામાં આવેલી હોઈ તેટલે અંશે અખાવિષયક રસ જાગ્રત કરવામાં એનો ફાળો કાંઇક ઓછો પણ ગણાય.

ગ્રંથના પૃ. ૧૭૭ ઉપર કર્તાએ અખાની મૂળ હસ્તપ્રતો વગેરે જોઇ બધી જ કૃતિઓ અખાની છે અને તે વિષે શંકાનું કારણ રહેતું નથી એવો નિર્ણય કર્યો છે. છતાં ય એટલું કહેવાનું અહીં પ્રાપ્ત થાય છે કે " અખાની અપ્રસિદ્ધ અક્ષયવાણી "માંનાં કેટલાંક પદોની શૈલી એની મૂળ શૈલીથી એટલી વિભિન્ન છે કે શંકાનું કારણ રહે છે જ. વેદાન્તમતના સ્વીકાર પૂર્વે અખાએ ભલે એક વૈષ્ણવ તરીકે પદો રચ્યાં હોય, પરંતુ તેમાંય એની શૈલીનું પોતાપણું ક્યાં છે ?

સમશ્યા સાન સમજે સહુ સુંદરી, સમરના સુખને સૌ સહરાયે;
કુસુમના કુંજમાં કેલિ કરતો અખા, નિરખીએ જેહને નિગમ ગાયે.

તથા

લટકતા લાલની લટક ! તે શું કહું ? (હલા !) વર્ણ જોતાં અલખ લક્ષ્ય જાગે !
લલિત, ત્રિભંગી લઘુલાઘવી પ્રીછતાં, અલખ લખતાં જઇને જ વાગે !

જેવી કડીઓ બ્રહ્મસાક્ષાત્કારનું નિરૂપણ અદ્‌ભુત કલાપૂર્વક કરે છે; પરંતુ અખા જેવો માખાણોલો કવિ જેને મમમ્ સાથે જ લેવા દેવા છે, તે ટપ્‌ટપ પાછળ આટલી જહેમત ઠાવે એ જરા ન સમજાય તેવું છે. આ પંક્તિઓમાં અખા પછી થઇ ગયેલા દયારામની ચોક્કસ શૈલીનાં દર્શન થાય છે. સાંપ્રદાયિક અસ્મિતાને બહલાવવાના ઉત્સાહના આવેશમાં કોઈ વિભક્તે ' અખાજી 'ના વ્યક્તિત્વને વધુ તેજસ્વી રીતે રજૂ કરવાનો પ્રયત્ન કર્યો હોય અને તેની ફિલસૂફીને રજૂ કરતી આ અભિનવ કવિતાસામગ્રી રચી તેને નામે ચઢાવી હોય એ અસંભવિત નથી. એટલે કર્તાની આપેલી ખાતરી પછી પણ અખાની કૃતિઓ ' પ્રક્ષિપ્ત ' ભાગોથી મુક્ત હશે એમ માની શકાતું નથી.

આ બધું ય હોવા છતાં અખાનો આ અભ્યાસ ગુણવત્તાની દૃષ્ટિએ અત્યાર સુધીના પ્રસિદ્ધ થયેલા સાહિત્યગ્રંથોમાં સૌથી વધારે ઉત્તમ છે, એ વિષે બે મત નથી અને તે માટે તેના વિદ્વાન લેખક માનના અધિકારી બન્યા છે.

આવા ગ્રંથમાં સંદર્ભગ્રંથોની યાદી ખાસ આવશ્યક ગણાવી જોઇતી હતી.

—કો.

૩. **વીરપૂજા**—લેખકઃ મોહનલાલ પાર્વતીશંકર દવે, સૂરત; પ્રકાશકઃ પોતે; પ્રાપ્તિસ્થાન, ગાંડીવ સાહિત્ય મંદિર, સૂરત; ૧૯૪૧; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૬+૨૭૪; પાકું પૂઠું કિં. ૧૫.

ઇસ્લામ, ઇસાઇ, બૌદ્ધ અને હિંદુ (આર્યસમાજ) જગતના એ ચાર મહાન ધર્મોના પ્રતિનિધિઓ (૧) હજરત મહમદ પેગંબર, (૨) માર્ટીન લ્યુથર, (૩) અશોક અને (૪) મહર્ષિ

દયાનંદ સરસ્વતીનાં અભ્યાસાત્મક ચરિત્રો આ ગ્રંથમાં રજૂ થયેલાં હોઇ જિજ્ઞાસુઓએ ખાસ વાંચવા જેવાં છે.

આ ચરિત્રો ઉપરાંત પુસ્તકનું નામ જેના પરથી પડ્યું છે તે કાલીદાસને આધારે લખાયલો ને પુસ્તકના આરંભમાં મુકાયલો ' વીરપૂજા 'નો લેખ પણ વાંચવા જેવો છે.

જીવનચરિત્રના વાચકો માટે પુસ્તક વસાવવા જેવું.

૪. ભારતદર્શન--લેખકઃ સારાભાઇ મોગીલાલ ચોકસી; પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી એન્ડ કું. મુંબાઇ; ઇ. સ. ૧૯૪૧; ૧૬ પેજી પૃ. ૨૪૬+૧૮; પાકું પૂઠું; કિં. ૧-૧૨-૦; સચિત્ર.

પ્રવાસવર્ણનના આ પુસ્તકમાં લેખકે પોતે ઉત્તર હિંદુસ્તાનનાં વિવિધ સ્થળોનો પ્રવાસ ત્રણ મિત્રો સાથે કરેલો તેનું વિવિધ માહિતીથી ભરપૂર રસમય બ્યાન રજૂ કરવામાં આવ્યું છે. પુસ્તકના છેવટનાં પૃષ્ઠોમાં આપવામાં આવેલ " હિંદમાં ભરાતા મેળાના દિવસોની " તથા " જોવાલાયક સ્થળોની " નોંધથી પુસ્તકની ઉપયોગિતામાં ખાસ વધારો થયો છે.

કાકા સાહેબ કાલેલકર, પૂ. ઠક્કર બાપા તથા સ્વામી આનંદનાં આશીર્વાદાત્મક લખાણો પુસ્તકના આરંભમાં છે તેમાં લેખકની વર્ણનશૈલીને વખાણવામાં આવી છે. પ્રવાસશોખીનોને માર્ગદર્શક થઇ પડે એવી વસ્તુસામગ્રીવાળું આ પુસ્તક પુસ્તકાલયોએ ખાસ વસાવવા જેવું.

૫. રણબંકા—લેખકઃ મગનલાલ બાપુજી બલ્લભટ્ટ, દહેગામ; પ્રકાશકઃ ચુનીલાલ વિઠ્ઠલદાસ મુટાલા, પ્રાંતીજ; સેલએજંટઃ ગૂ. ગ્રં. રત્ન કાર્યા. અમદાવાદ; ૧૯૪૧; ૧૬ પેજી પૃ. ૧૦+૨૧૦; પૂઠું કાર્ડ બોર્ડ પટ્ટીનું; સચિત્ર; કિં. ૨-૦-૦

શ્રીયુત મેઘાણીના લોકસાહિત્યના વાચનથી પ્રેરણા પામીને લેખકભાઇએ પ્રથમ ' શૂરવીરની વાતો ' અને તે પછી આ ' રણબંકા 'માં ગુજરાતની શૌર્યકથાઓ રજૂ કરી છે.

પ્રસ્તુત ' રણબંકા 'માં (૧) જગતસિંહ પરમાર (૨) કુલાંગાર (૩) કાનજી સોલંકી (૪) રાઠોડ બચ્ચો, (૫) તખોજી સુણસોરીઓ, (૬) ધીરજી, (૭) આસો બહારવટિયો, (૮) મહીકાંઠાનો મહારથી, (૯) મેંઘોજી ચૌહાણ, (૧૦) વીરો બારૈયો, (૧૧) ભૂપતસિંહ, અને (૧૨) સત્તાનો શોખ-નામની ૧૨ કથાઓ છે, જે લોકસાહિત્યના શોખીન વાચકોને ગમે તેવી છે.

ગુજરાત પ્રાંતનું આવું વધુ લોકસાહિત્ય ભાઇ મગનલાલની કલમે બહાર પડે એમ ઇચ્છીએ છીએ. જોડણી તેમજ પ્રૂફવાચન તરફ જરા વધારે લક્ષ આપતા રહેવાની લેખક ભાઇને ભલામણ.

૬. પુરુષાર્થની પ્રતિમાઓ—લેખકઃ ચંદ્રભાઇ કા. ભટ્ટ; પ્રકાશકઃ ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ; ૧ લી આવૃત્તિ ૧૯૪૨; ૧૬ પેજી પૃ. ૧૯૦; પાકું પૂઠું; કિંમત ૧-૧૨-૦

આ પુસ્તક ચરિત્રગ્રંથનું હોઇ તેમાં (૧) ગેલીલીઓ, (૨) આઇઝેક ન્યૂટન, (૩) લેવોઇઝીર, (૪) ફ્રેન્ચ-ડીશ પ્રીસ્ટલી, (૫) લામાર્ક, (૬) માઇકલ ફેરેડે, (૭) ડારવીન, (૮) પેસ્ટર, (૯) હીનરીમહર્ઝ, (૧૦) માહામ વેલ્ડ, (૧૧) એડીસન, (૧૨) મેડમ ક્યૂરી, (૧૩) માર્કોની અને (૧૪) જગદીશચંદ્ર બોઝ-જગતના એ મહાન વિજ્ઞાનવીરોની

વિજ્ઞાનની વિવિધ શોધોના ઇતિહાસ સાથે તેમનાં સંક્ષિપ્ત જીવનચરિત્રોની ગૂંથણી થયેલી છે.

વિજ્ઞાનના તેમ જ જીવનચરિત્રોના અભ્યાસીઓએ પુસ્તક ખાસ વાંચવા જેવું છે.

ના. નં. ચોકસી

૭. **એને પરણવું નહોતું અને બીજી વાતો**—લેખક, શ્રી. વિનોદરાય હરજીવન ભટ્ટ (આનંદેશ); પ્રકાશક, સિંધ ન્યૂસપેપર્સ, કરાંચી; ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૧૮૦; સચિત્ર બોર્ડ પટીનું પૂઠું; મૂલ્ય રૂ. ૧–૮–૦.

કરાંચીમાંથી પ્રગટ થતું ' મહાગુજરાત ' સાપ્તાહિકનું આ પ્રથમ સચિત્ર ભેટ પુસ્તક છે. આ પુસ્તકમાં કુલ નવ વાર્તાઓ અપાઇ છે. અને તે આ પહેલાં ' મહાગુજરાત ' સાપ્તાહિકમાં પ્રસિદ્ધ પણ થઇ ગયેલી છે. ' એને પરણવું નહોતું ' એ આ પુસ્તકની પહેલી વાર્તા છે અને તે સાચી ઘટના છે, એમ લેખક જણાવે છે. આ વાર્તાની નાયિકા દક્ષા, પરણવું નહોતું છતાં સમાજની રૂઢિના બળે પરણવાનું સ્વીકારી, લગ્નના છેલ્લા જ મુહૂર્તે દરિયામાં ઝંપલાવે છે, એ આ વાતનું રહસ્ય છે. આ સિવાય ' એકલતાના ડામ '; ' નિર્બળ કોનો ? ': ' અન્નજળની વાતો '; ' આડો આંક '; ' અભિલાષા ' એ તમામ વાતો પણ સમાજ-જીવનના કેટલાક પ્રશ્નો ચર્ચે છે. ' એક સુખદ અકસ્માત ' અને ' ડોલરગજરા ' એ વાતો હાસ્યરસ ઉપજાવે છે. ' એની અમર કૃતિ ' એ વાત અત્યારના લેખકોની સ્થિતનું આછું ખ્યાન આપે છે. વાતો બધી જ સામાન્ય છે. એમાં બોધ કે પ્રેરણા જેવું ખાસ કાંઇ નથી; છતાં વાર્તાશોખીનોને વાંચવી ગમે તેવી તો છે જ.

૮. **જળસમાધિ**—લેખકઃ શ્રી. ગુણવંતરાય આચાર્ય; પ્રકાશકઃ આર. આર. શેઠની કું. કેશવબાગ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ; ૧૯૩૯; ક્રાઉન ૧૬ પેજી, પૃષ્ઠ ૨૬૭+૨૦; રંગીન આચ્છાદન સહિત સચિત્ર પાકું પૂઠું; મૂલ્ય રૂ. ૩–૦–૦.

દરિયામાં રહીને ચાંચીઆનું જીવન ગાળનારાઓની શૌર્ય અને વીરરસભરી આ એક વાર્તા છે. એ વાર્તાની પાછળ એક રહસ્યમય ઇતિહાસ પણ સમાયલો છે. અને તે એ કે, હિંદની શોધ માટે નીકળેલો પોર્ટુગાલનો સરદાર વાસ્કો ડી ગામા હિંદ કોની મદદથી આવે છે ને કઇ સ્થિતિમાં પાછો જાય છે તે.

આ આખીય વાર્તા ઇતિહાસ, દંતકથા અને કલ્પના, એ ત્રણનો સુમેળ સાધી રચવામાં આવી છે. કાનજી માલમ નામનો હિન્દી મહાસાગરનો ખલાસી, ચાંચીઆઓનો મુખી–સક્કરબાર બને છે. સક્કરબાર પોતાના પાછલા જીવનમાં એકલો પડતાં અને વાસ્કો ડી ગામાનો ભેટો થતાં, તેને મલબાર પ્રદેશના કાલીકટ બંદરે તેડી લાવે છે. વાસ્કો ડી ગામા કાલીકટમાં લૂંટફાટ ચલાવી આગ લગાડે છે, સ્ત્રીઓનાં શિયળ લૂંટે છે અને દેવમંદિરોને ભ્રષ્ટ કરે છે. કાનજીથી ગામાનું આ કૃત્ય સહન ન થતાં, તેની સામે થાય છે અને તેને હરાવીને નસાડી મૂકે છે. તે પછી કાનજીને પોતાના જીવનનું સલ સમજતાં તથા પોર્ટુગીઝોને કાલીકટ તેડી લાવવા બદલનો પશ્ચાત્તાપ થતાં તેના પ્રાયશ્ચિત્તરૂપે એ અને એને ચાહતી વીજળી નામની સ્ત્રી દરિયામાં જળસમાધિ લે છે.

આ વાર્તા, વાચકને ચાંચિયાઓના જીવનનો તથા તેમની દરિયાઇ લૂંટનો સુંદર ખ્યાલ

આપે છે. વાંચિયાઓમાંની વીજળી એ એક સુંદર સ્ત્રીપાત્ર છે. એનો આદર્શ પણ ઊંચો છે. કાનજી એના આદર્શે જ આકર્ષાઇ એની સાથે જળસમાધિ લે છે. આ વાર્તાની ભાષાશૈલી અને પાત્રાલેખન પણ એટલાં સરસ છે કે, વાચકને તે પૂરેપૂરી વાંચવાનું મન થાય જ. પુસ્તકાલયો આ પુસ્તક જરૂર ખરીદે.

' અ-દ્રષ્ટા '

૯. **મંજૂષા**—લેખક તથા પ્રકાશક–મોહનલાલ દલસુખરામ ભટ્ટ; પૃષ્ઠસંખ્યા–૧૬૬; પૂઠું–કાર્ડબોર્ડનું; સોલ એજન્ટઃ આર. આર. શેઠની કંપની, મુંબઇ. કિંમત રૂ. ૨–૦–૦

લેખકે ' મોહિનીચંદ્ર 'ના તખલ્લુસથી જુદાં જુદાં સામયિકોમાં લખેલી કવિતાઓનો આ પુસ્તકમાં સંગ્રહ કર્યો છે. આમાંની કોઇ કોઇ કવિતાઓ અમને સારી લાગી છે; બાકીની કવિતાઓ અમને તદ્દન સામાન્ય લાગી છે. આ કવિતાઓમાં પ્રસાદ જેવું બહુ ઓછું છે. એક ભાવ કે પ્રસંગ સચોટ રીતે વાચકના સમક્ષ ખડો થાય તેવી રીતની લખાવટ આમાં નથી. આમાં તો ભાવ કે પ્રસંગની છાપ ઊઠે તે પહેલાં અલંકારોની ક્લિષ્ટતા તથા ભાષાની દુર્બોધતા વચ્ચે આવીને ઊભી રહે છે. આવી ભારે મોંઘવારીના વખતમાં પણ લેખક આવો સંગ્રહ શામાટે પ્રસિદ્ધ કરતા હશે તે અમને સમજાતું નથી. અમે આધુનિક અનેક કવિતા-સંગ્રહો જોયા પછી અમારી માન્યતા બંધાતી જાય છે કે આધુનિક કવિઓ એમની તદ્દન સામાન્ય કોટિની કવિતાઓના સંગ્રહો પ્રસિદ્ધ કરવાનો મોહ છોડી દે તો તેમને તથા જનતાને લાભ થાય.

શં. સો. પટેલ

૧૦. **એનું નામ નરેન્દ્રકુમાર**—લેખકઃ શ્રી. લાભુબહેન મહેતા; પ્રકાશકઃ ભારતી સાહિત્ય સંઘ–મુંબાઇ અને અમદાવાદ; પૃષ્ઠ ૭૪; પૂઠું કાગળનું; કિં. ૦–૪–૦

૧૧. **પંચગનીના પત્રો**—લેખકઃ રવ. ચમનલાલ વૈષ્ણવ; પૃ. ૪૬; પૂઠું કાગળનું; કિં. ૦–૪–૦; પ્રકાશકઃ ઉપર પ્રમાણે.

આ બંને યોગ્ય ટાઇપમાં છપાયેલ સુંદર પુસ્તિકાઓ છે. ' એનું નામ નરેન્દ્રકુમાર ' એ ' અરુણ પુસ્તકમાળા 'નું ૨૦ મું અને ભારતી પ્રકાશનનું ૧૦૭ મું પ્રકાશન છે.

વાર્તા બાળકોને ગમી જાય તેવી છે, છતાં આરંભનાં પ્રકરણોમાં **ચોરી** કરતો નરેન્દ્ર બતાવ્યો છે, એ સંસ્કારની દૃષ્ટિએ સહેજ ખૂંચે છે. લેખિકાએ ફેરફાર કરવા ધાર્યો હોત, તો કરી શકત. બીજી આવૃત્તિ વખતે થોડો સુધારો થાય એ ઇચ્છવાયોગ્ય છે.

' પૃ. ૧૬ નિશાળમાં મોટા સાહેબ ને મડમ આવેલાં છે. એનું કામ કરવા નહિ જવા બદલ મોતડીને સિપાઇ મારે છે. ' આ પ્રસંગ બરાબર બંધબેસતો આવતો નથી. બિચારા શાળાં ખાતાના સાહેબનો આટલો બધો જૂલમ હોય, એમ અત્યાર સુધીમાં સાંભળ્યું નથી.

હા, કદાચ એકાદ મુલકી–ફોજદારી ખાતાનો કોઇ અમલદારનો દમામ બતાવ્યો હોત તો વ્યવહારની રીતે બંધબેસતું આવત.

' પંચગનીના પત્રો ' અરુણમાળાનું ૧૯ મું અને ભારતી પ્રકાશન ૧૦૬ મું પ્રકાશન છે. ભાઇ ચમનભાઇની અનોખી શૈલી અચાનક વાહવાહ બોલાવી દે છે. પંચગની સંબંધી ઝીણામાં ઝીણી માહિતી સુંદર રીતે પીરસાઈ છે. વાંચતાં જ પંચગનીના પ્રવાસે જવાની તમન્ના જાગે છે. પુસ્તક પહેલી તકે ખરીદવા જેવું છે. '

૧૨. ત્રણ દીકરા—સંપાદકઃ નાગરદાસ ઇ. પટેલ, ચિત્રકાર જગમોહન મિસ્ત્રી પૃ. ૬૨, પૂઠું જાડા કાગળનું. કિં. ૦–૨–૦

બાલવિનોદ ગ્રંથાવલિનું આ ચોથું પુસ્તક છે. બાલવિનોદ કાર્યાલયે એનું આકર્ષક પ્રકાશન કર્યું છે. પૃષ્ઠે પૃષ્ઠે ચિત્રો દોરાયાં છે. એક વાતમાં વીજળીની વરસગાંઠમાં ચાંદો, સૂરજ ને પવન જાય છે વગેરે કલ્પનાતીત ચિત્ર છે.

બીજી વાતમાં ' લડાઇની નોબત 'ને મથાળે ઉંદર, અને બીજાં પ્રાણીઓનું ચિત્ર ખેંચ્યું છે. પૃષ્ઠ ૨૦ ઉપર ' કુતરો ' જોડણી રહેવા પામી છે. એકંદરે આ પુસ્તિકાનું આકર્ષક પ્રકાશન સૌ કોઇનું ધ્યાન ખેંચશે. ' દ્રષ્ટા '

૧૩. મુહમ્મદી દર્પણ દ્વારા ઇસ્લામી શિક્ષણ—અનુવાદકઃ અ. જબ્બાર સી. અમીન; પ્રકાશકઃ બઝમે ઇકબાલ, કઠોર; પૃ. ૧૭૨; રંગિત પેપરનું પૂઠું, કિં. ૦–૧૨–૦

આ " બઝમે ઇકબાલ ગ્રંથમાળા "નું વર્ષ બીજાનું પ્રથમ પુસ્તક છે. ઊર્દુમાં મવલાના અહમદ સઇદ સાહેબે ' તકરીરે સીરત ' લખેલું તેનો આ અનુવાદ છે. ગૂજરાતી ભાષામાં ઇસ્લામનું શિક્ષણ સરળ રીતે મળે, એ ધ્યેય ધ્યાનમાં રાખીને સંચાલકોએ પ્રકાશન કર્યું છે. સાહિત્યપ્રેમીઓ અને ગૂજરાતી મુસ્લિમ પ્રજા અને અભ્યાસકોની નજર ખેંચે એવું છે.

૧૪. ઇબ્ને સિરાજ—ઉતારનારઃ સાલીહ બકીલી; પ્રકાશકઃ બઝમે ઇકબાલ; પૃ. ૭૪ કિં. ૦–૬–૦.

બઝમે ઇકબાલ ગ્રંથમાળાનું બીજા વરસનું બીજું પુસ્તક છે. એ M. Chateaubriant નામક મશહુર ફ્રેંચ લેખકની ઊર્દુમાં ઉતારેલી ચોપડીનો અનુવાદ છે.

એમાં સ્પેન દેશના ઇતિહાસની રસપ્રદ બાની પીરસાઈ છે. એ વાચકને આનંદ સાથે નવીન માહિતી પૂરી પાડે તેમ છે.

૧૫. સરી જતું સૂરત—લેખકઃ શ્રી. ધનસુખલાલ કૃ. મહેતા; પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠીની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૬+૧૦૩, દ્વિરંગી સચિત્ર કવર આચ્છાદન સહિત બોર્ડપટ્ટીનું પૂઠું, મૂલ્ય રૂા. સવા; ૧૯૪૨

આપણા હાસ્યરસિક લેખકોમાં શ્રી. ધનસુખલાલનું પણ ખાસ સ્થાન છે. એ મર્માળું હાસ્ય આપતા લેખકે રચેલું " અમે બધાં " તો આ અગાઉ અનેકોનો આદર પામી ચૂકયું છે. એના પરથી લેખકે સાત દશ્યોમાં આ નાટક સર્જ્યું છે.

નાટકના નાયક વિપિનના જન્મકાળની પૂર્વભૂમિકાથી માંડી તેના સંસારપ્રવેશ સુધીનાં કેટલાંક મર્મહાસ્યયુક્ત ચિત્રો આ પુસ્તકમાં રજૂ કર્યાં છે. પહેલા પ્રવેશમાં, વિપિનના જન્મકાળે કષ્ટાતી એની માતા મંગળાના પ્રસવપ્રસંગે આજુબાજુના બારાં જે

જાતનું વાતાવરણ જન્માવે છે તેનું હૂબહૂ ચિત્ર રજૂ કર્યું છે; બીજા પ્રવેશ–ચિત્રમાં સૂરતમાં પતંગ પેચ માટે કેવો પ્રજ્વરસ જામે છે તે, ત્રીજામાં મેટ્રીકની પરીક્ષાના પરિણામની ઈતેજારી, ચોથામાં ચાર ચિતા–વિવાહ માટે ચાર કન્યાનાં માગાં–નો, પાંચમામાં વેવાઇઓનાં પરસ્પરનાં સગાંનો વેવાઇયાળો વાર્તાલાપ, છઠ્ઠામાં વર–વધૂનાં મિલનપ્રસંગ અને સાતમામાં તેમના છાનાછપના વાર્તાલાપ–એ બધું એવાં હૂબહૂ રીતે રજૂ કરે છે કે જાણે, એ ચિત્રો નજર સામે સર્જાઈ ગયાં હોય તેમ લાગે છે. લેખકની મર્મોળી શૈલી અને એ ચિત્રની રજુઆત વાચકને એકધારું આકર્ષણ જમાવી રાખે છે.

સૂરતી જીવનનાં સરી જતાં એ દશ્યોને શ્રી. ધરુભાઇએ અહીં આ રીતે પૃષ્ઠબદ્ધ કરવા બદલ અભિનંદન.

૧૬. રસોઇનું રસાયણ—લેખિકાઃ શ્રી. વન્દિતાગૌરી દેસાઈ; પ્રકાશકઃ ઉપર પ્રમાણે. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૨+૩૮૪, સચિત્ર દ્વિરંગી ચિત્રયુક્ત કવર આચ્છાદને સહિત પાકું પૂઠું; મૂલ્ય રૂા. ૩–૦–૦; ૧૯૪૨.

આપણે ત્યાં પાકશાસ્ત્રને લગતાં માત્ર આંગળીને વેઢે ગણાય તેટલાં જ પુસ્તકો છે. તેમાં આ એક ઉમેરાય છે. પુસ્તકના આમુખમાં શ્રી. હંસાબહેન કહે છે તેમ, રસોઇ–પાક–નુ જેમ શાસ્ત્ર છે તેમ એ તૈયાર કરવાની કળા પણ છે. અને એની ક્રિયા–કળા જાણવી એ પણ એના કલાવિદ્ થવું એમ કહી શકાય. એ કલા–રસોઇ–પાક કરવાની કલા–ક્રિયા જાણવા માટેનું આ પુસ્તક પણ એક અચ્છું સાધન પૂરું પાડે છે. એમાં, આપણા શાકાહારી ભોજનની લગભગ તમામ વાનીઓ બનાવવાની રીતો આવી જાય છે. ભોજનરસ માણવા ઇચ્છનાર સૌને એમાંથી પોતાને ભાવતા ભોજનની બનાવટવિધિઓ આમાંથી મળી આવે તેમ છે. તેમાં પણ કક્કાવારી પ્રમાણે વાનીઓના પૃષ્ઠાંક અપાયાથી તે વાની શોધવાની તકલીફ પણ તે મેળવવા માગનારને નહિ ઉઠાવવી પડે. પુસ્તકના પ્રવેશકમાં શ્રી. કાન્તિલાલ પંડ્યાએ પાકશાસ્ત્રને લગતી ઠીક માહિતી આપી છે.

પુસ્તકાલયો ખુશીથી પોતાને ત્યાં આ પુસ્તક વસાવે.

૧૭. સ્ત્રીઓનું આરોગ્ય—લેખકઃ શ્રી. કુંવરસી ધરમસી સંપટ, પ્રકાશકઃ ભારતી સાહિત્ય સંઘ, પો. બો. નં. ૭૩, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૮+૧૨૨, બોર્ડપટ્ટીનું પૂઠું, મૂલ્ય રૂા. એક. ૧૯૪૨.

શ્રી. સંપટ આજે આપણા સાહિત્યમાં લગભગ સઘળા વિષયોને સ્પર્શતા લેખો અવારનવાર માસિકોમાં આપે છે. આ પુસ્તકમાં એમણે સ્ત્રીઓના આરોગ્યનો પ્રશ્ન ચર્ચ્યો છે. એમાં શરીરરચનાથી લઇને આપણા સંસારમાં સ્ત્રીનું સ્થાન, તેમ જ સંતાનોત્પત્તિ,

સુવાવડ, ઋતુધર્મ અને એવા જ બીજા સ્ત્રીઓના આરોગ્યને લગતા પ્રશ્નો અને રોગો તેમ જ તેના ઉપાયો વગેરે આપ્યાં છે. આરોગ્ય બાબત બેદરકાર રહેનાર સ્ત્રીઓએ આ પુસ્તક અવશ્ય વાંચી જવા જેવું હોઇને તેમાંના રોગો પરની સારવાર વગેરે જાણવાજોગ છે.

૧૮. વિશ્વયુદ્ધમાં અમેરિકા, ૧૯. ગેરીલા લડાઇ, ૨૦. ચીનનો નવો અવતાર, ૨૧. વર્તમાનયુદ્ધનું સ્વરૂપ—સંપાદકોઃ શ્રી. રવિશંકર મહેતા, અને ધનવંત ઓઝા; પ્રકાશકઃ ઉપર પ્રમાણે. પહેલાં બેનાં પૃષ્ઠ ક્રાઉન કદનાં ૨૮ તથા છેલ્લાં ૨ નાં ૨૪, દરેકનું સાદું સચિત્ર પૂઠું; મૂલ્ય ૦–૨–૦; ૧૯૪૨.

ભારતી સાહિત્ય સંઘ તરફથી દર અઠવાડિયે વર્તમાન યુદ્ધને લગતી નાની બે આનાની કિંમતની પુસ્તિકાઓ પ્રકટ કરવાની યોજના થયેલી. તદનુસાર જુન માસમાં તા. ૪, ૧૧, ૧૮ તથા ૨૫ ના રોજ અનુક્રમે ઉપર્યુક્ત પુસ્તિકાઓ પ્રકટ કરવામાં આવી છે. પહેલીમાં વિશ્વયુદ્ધમાં અમેરિકાએ કયા સંજોગોમાં ઝંપલાવ્યું તે તેમ જ તેને લગતી સઘળી વિગતો, બીજીમાં યુદ્ધવ્યૂહમાં ગેરીલા લડાઇ શું છે તેની સમજૂત, ત્રીજીમાં ચીન જાપાન વિગ્રહના મંડાણથી માંડી આજ સુધીની ચીની ઇતિહાસગાથા અને તેના વીરત્વનું વર્ણન આપવામાં આવ્યું છે. જ્યારે ચોથી પુસ્તિકામાં આજના રોજ પલટાતા યુદ્ધ વિષે એના બે લેખકોએ બે જુદાં જુદાં દૃષ્ટિબિંદુ રજૂ કર્યાં છે. " આ યુદ્ધ જનતાનું યુદ્ધ છે " અને " આ યુદ્ધ જનતાનું યુદ્ધ નથી " આ રીતે યુદ્ધ પરત્વે બે વિચારસરણી રજૂ થતાં વાચક તેમાંથી તુલનાત્મક તારતમ્ય શોધી શકે.

બધ્ધે આને બહાર પડતી આ યુદ્ધવિષયક પુસ્તિકાઓ યુદ્ધવાચનમાં રસ લેનારાઓને કેટલીક જાણવાજોગ માહિતી પૂરી પાડે તેમ છે.

૨૨. રઢિયાળી રાત ભા. ૧ લો—(પાંચમી આવૃત્તિ) સંપાદકઃ શ્રી ઝવેરચંદ મેઘાણી, પ્રકાશકઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ; ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૮+૧૩૬, પાકું પૂઠું, મૂલ્ય રૂા. સવા.

આપણા લોકસાહિત્યમાં રઢિયાળી રાતે જનતાનો કેટલો આદર પ્રાપ્ત કર્યો છે તે એની આ ૮૦૦૦ પ્રતો પૂરી કરારી પાંચમી આવૃત્તિ પ્રસિદ્ધ થાય છે તે પરથી સહેજે જણાઇ આવે છે. અને સંપાદકના મંતવ્ય પ્રમાણે, સાચે જ, આપણા સાહિત્યકારોએ પણ એને, ઊંચા વિવેચનધોરણની પારાશીશીએ માપતાં પણ તે એ કસોટીમાંથી પાર ઊતરેલ છે—એ રીતે પણ આ ગીતોની સરસતા સિદ્ધ થઈ ચૂકેલ છે. જે પણ પુસ્તકાલયમાં એ ન હોય વા નવું વસાવવા જેવું હોય તેઓ વસાવી લે. એમાંનાં લોકગીતો તેમ જ વિદ્વત્તાપૂર્ણ પરિચયલેખ વિષે આજે હવે લખવાનું હોય જ નહિ.

૨૩. રઢિયાળી રાત ભા. ૪ થો—(પહેલી આવૃત્તિ) સંપાદક, પ્રકાશક અને કદ—પૂઠાં ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૪૪+૧૫૮, મૂલ્ય રૂા. દોઢ; ૧૯૪૨.

સંપાદકે આ નવા જ તૈયાર કરેલા ચોથા ભાગમાં કુલ ૧૨૨ ગીતો સંગ્રહ્યાં છે. પુસ્તકના પ્રારંભમાં મરાઠી-રાજસ્થાની લોકસાહિત્ય પણ આપણા સાહિત્યની લગોલગ—નજીક નજીકનાં હોવાનું દાખલા-દલીલો સાથે દર્શાવ્યું છે. આ ભાગના સંપાદનમાં સંપાદકે, પોતાના પાછલા મંતવ્યમાં ફેર કરી, અનૈતિક ગણાતાં કેટલાંક ગીતો જે તેમણે બીજા ભાગમાંથી દૂર કરેલાં તેને આ ભાગમાં સંગ્રહી લીધાં છે. સંશોધનનું અસલ પરિણામ જોવું હોય તો

જેમનાં તેમ વરખ ચડાવ્યા સિવાયનાં મળી આવે તેવાં તે જ રજૂ કરવાં: આ સૂત્ર એમની ઉપલી વિચારસરણીના આધારમાં એમણે ટાંકયાં છે. એટલે, હવે આ પુસ્તક માત્ર લોક-સાહિત્યના અભ્યાસીને જ કદાચ ઉપયોગી થઈ પડશે. કેમકે જ્યાં નીતિ-અનીતિનાં ધોરણોનું ચૂસ્તપણે પાલન થતું હશે ત્યાં કદાચ આ પુસ્તકનાં ગીતો પ્રતિબંધને પાત્ર બને.

એકંદરે લોકસાહિત્યના સંશોધક અભ્યાસકને એ અતિ ઉપયોગી નીવડે તેમ છે.

૨૪. અમર યાત્રાધામો—લેખકઃ શ્રી. રમણલાલ નાનાલાલ શાહ, પ્રકાશકઃ કદ ઉપર પ્રમાણે. સાદું પૂઠું, પૃષ્ઠ ૧૫૬, મૂલ્ય રૂા. ૧-૦-૦; ૧૯૪૨.

ગુર્જર બાલગ્રંથાવલિ-ત્રીજી શ્રેણીનું આ ભેટપુસ્તક છે. એમાં લેખકે, એક યાત્રા સ્પેશિયલ ટ્રેનમાં કરેલા સ્થળ સ્થળના પ્રવાસનું વર્ણન છે. એ પ્રવાસવર્ણનમાં અવન્તિકા-ઉજ્જૈન, મથુરા, વૃંદાવન, કામવન, પુષ્કર, પંઢરપુર વગેરે વગેરે સ્થળોનું બાલભોગ્ય શૈલીએ ત્યાંનાં જોવા જાણવાજોગ સ્થળોનું માહિતીભર્યું વર્ણન આપ્યું છે. બાળકોને પ્રવાસવર્ણન વાંચવામાં રસ ઉપજાવે તેવું આ પુસ્તક છે. પુસ્તકાલયો જરૂર વસાવે. એમાં કેટલાંક સ્થળનાં જોવાલાયક ચિત્રો પણ આપ્યાં છે.

૨૫. હિન્દનું નાણાવટુ—લેખક અને પ્રકાશકઃ શ્રી. જયન્તિલાલ હ. મહેતા, મુખ્ય વિક્રેતાઃ મુકુન્દલાલ એચ. મહેતાની કું. રાવપુરા, વડોદરા. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૦+૩૧૪, બોર્ડ પટીનું કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૩-૮-૦; ૧૯૪૨

આપણે ત્યાં અનેક અર્થશાસ્ત્રીઓ છતાં અર્થશાસ્ત્રને સ્પર્શતાં ગણ્યાં ગાંઠયાં જ મૌલિક પુસ્તકો છે. લેખક વડોદરા કલાભવનના વ્યાપારી શાખામાં અર્થશાસ્ત્ર તથા નાણા-વટાના અધ્યાપક હોઇને તેમણે આધુનિક અર્થશાસ્ત્ર—આપણે ત્યાં નાણાવટાની પ્રચલિત પદ્ધતિ એના અંગભૂત ખેડુતોની આર્થિક સ્થિતિ, આપણા શાહુકારો—શરાફો, સહકારી અને સેન્ડમોર્ટ-ગેજ બેંકો, તેમ જ શેડયુલ્ડ બેન્કો વગેરે અર્થતંત્રવાહક સંસ્થાઓને લગતી સરળ ભાષામાં ભરપૂર માહિતી આપી છે. આપણા દેશમાં ચાલતા અર્થતંત્રને સમજવામાં આ પુસ્તક સારું માર્ગદર્શક નીવડે તેવું છે. પુસ્તકાલયોમાં આવતા વાચકોને આપણું અર્થતંત્ર સરળ રીતે સમજવામાં ઠીક મદદરૂપ થઈ પડશે.

૨૬. ખેડ અને ઓજાર—લેખક અને પ્રકાશકઃ શ્રી. જગન્નાથ રણછોડલાલ પાઠક; કૃષિ શિક્ષકઃ એગ્રીકલ્ચરલ ઇન્સ્ટિટયૂટ, વડોદરા. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૨+૬૪, સાદુ પૂઠું, મૂલ્ય ૦-૧૦-૦; ૧૯૪૧.

લેખક વડોદરાના સરકારી ફાર્મ પરના એક કૃષિશિક્ષક હોઇને ખેતીવાડીના વિદ્યાર્થી-ઓને ઉપયોગી થઈ પડે તેવી ખેતીવિષયક વ્યવહારુ માહિતી તેમ જ તેને લગતાં દેશી-પરદેશી ઓજારોને લગતી હકીકત તેમણે આ પુસ્તકમાં આપી છે. ખેતીવાડીના વિદ્યાર્થીઓ ઉપરાંત ખેતીકામ કરનારને પણ ખેતીમાં શાસ્ત્રીયતા શી હોઈ શકે તે જાણવા સુલભ થાય તેવી વિગતો લેખકે આપી છે. ગ્રામ પુસ્તકાલયો ખેડૂત વાચકો માટે આ પુસ્તક લઈ ખુશીથી વસાવે.

મણિલાલ પ્ર. વ્યાસ

સામયિકો

ગાંડીવ પાક્ષિક—તંત્રીઃ શ્રી. નટવરલાલ વીમાવાળા; હવાડિયો ચકલો; સૂરત. વાર્ષિક લવાજમ. રૂ. ૫-૦-૦

છેલ્લાં સોળ વર્ષો થયાં બાળકોનું એકધારું આકર્ષણ જમાવી રહેલા "ગાંડીવે !"

૨૦ આપણા કવિઓ–ખંડ ૧ લો—(નરસિંહ યુગ પહેલાં) લેખકઃ શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી; મૂલ્ય રૂા. એક.

૨૧ પ્રાચીન ગુ. સાહિત્યમાં વૃત્તરચના—લેખકઃ શ્રી. ભોગીલાલ જયચંદ સાંડેસરા; મૂલ્ય ૦–૬–૦

૨૨ ગુજરાતી સ્ત્રીઓની શારીરિક સંપત્તિ—લેખકઃ શ્રી. રમણિકલાલ મણિલાલ દેસાઇ; મૂલ્ય ૦–૩–૦

૫ ભારતી સાહિત્ય સંઘ–અમદાવાદનાં પ્રકાશનો.

૨૩ ચીનનો નવો અવતાર—લેખકઃ ધનવંત ઓઝા; મૂલ્ય ૦–૨–૦.

૨૪ ગેરીલા લડાઇ—લેખકઃ શ્રી. "સંજય"; મૂલ્ય ૦–૨–૦

૨૫ વિશ્વયુદ્ધમાં અમેરિકા—લેખકઃ શ્રી. દિલીપ કોઠારી; મૂલ્ય ૦–૨–૦

૨૬ વર્તમાન યુદ્ધનું સ્વરૂપ—લેખકોઃ ધનવંત ઓઝા, અને મોહનલાલ મહેતા. મૂલ્ય ૦–૨–૦

૬ અન્ય પ્રકાશકો તરફનાં પ્રકાશનો

૨૭ હિંદનું નાણાવટું—લેખકઃ શ્રી. જયન્તિલાલ હ. મહેતા; સોલ એજન્ટસઃ મુકુન્દલાલ એચ. મહેતાની ફ્રં. રાવપુરા, વડોદરા. મૂલ્ય રૂા. ૪–૮–૦

૨૮ આપણું રાજ્ય—લેખકઃ શ્રી. ડાહ્યાભાઇ મ. પટેલ; પ્રકાશકઃ ગ્રામસર્જન સાહિત્ય કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. મૂલ્ય ૦–૫–૦

૨૯ મંજૂષા—લેખકઃ શ્રી. મોહિનીચંદ્ર, પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની, મુંબઇ. મૂલ્ય રૂા. બે.

૩૦ શંખેશ્વર મહાતીર્થ—લેખકઃ મુનિરાજ શ્રી. જયંતવિજયજી; પ્રકાશકઃ વિજયધર્મસૂરી જૈન ગ્રંથમાળા, ઉજ્જૈન (માલવા); મૂલ્ય ૦–૪–૦

૩૧ શ્રી અરવિંદનું યોગદર્શન—અનુવાદકઃ નાથાલાલ દવે; પ્રકાશકઃ અરવિંદ કાર્યાલય, આણંદ. મૂલ્ય ૦–૪–૦

"નવચેતન"ના તંત્રીને કલકત્તામાં વિદાયમાન

રવિવાર તા. ૭–૬–૪૨ ને રોજ ગુજરાતી સાહિત્ય મંડળ, કલકત્તા, તરફથી શ્રી. ચાંપશીભાઇ વી. ઉદેશી–નવચેતનના અધિપતી–ના વિદાયના માનમાં એક મેળાવડો ધનરાજીઆ કોટરી હાઉસમાં યોજવામાં આવ્યો હતો. લડાઇને લીધે ગુજરાતી કમ્પોઝીટરો કલકત્તામાં નહિ મળવાથી " નવચેતન " માસિક છાપવામાં પડતી અડચણને લીધે શ્રી. ચાંપશીભાઇને " નવચેતન " માસિક વડોદરા લઈ જવું પડે છે. ૪૬ વર્ષના લાંબા ગાળા પછી શ્રી. ચાંપશીભાઇનું કલકત્તા છોડી જવું એ એમના મિત્ર તથા પ્રશંસકોના બહોળા સમુદાય માટે હૃદયસ્પર્શી પ્રસંગ હતો. ચાહ પાણી તથા નાસ્તાને ઇન્સાફ આપ્યા પછી મંડળના સભ્યોએ શ્રી. ચાંપશીભાઇને ફરેહ ઇચ્છી હતી અને "નવચેતન" ફરીથી જલદી કલકત્તા આવે એવી ઇચ્છા પ્રદર્શિત કરી હતી, આ પ્રસંગે કલકત્તાનાં જાણીતાં ગુજરાતી અગ્રગણ્ય શહેરીઓએ ખાસ હાજરી આપી હતી.

માસિકો મળ્યા તારીખ

નામ	પુસ્તક	અંક	માસ	તારીખ
કિશોર	૭	૩–૪	માર્ચ–એપ્રિલ	૬–૭–૪૨
કુમાર	૧૯	૧	જુન	૧૭–૬–૪૨
ખેતીવાડીવિજ્ઞાન	૩૦	૮	જુલાઈ	૨–૭–૪૨
ગુણસુન્દરી	૩૮	૫	જુલાઇ	૧–૭–૪૨
ગ્રામજીવન	૧૨	૯	જુલાઇ	૧–૭–૪૨
ઘરશાળા	૨	૯	જુલાઇ	૧૧–૭–૪૨
ચરોતર	૧૨	૬	જુન	૧૬–૬–૪૨
ચિત્રમય જગત	૨૮	૫	જુલાઇ	૩–૭–૪૨
નવચેતન	૩૮	૩	જુન	૩–૬–૪૨
નવરચના અને ઊર્મિ	૭	૨	મે	૨૭–૫–૪૨
નૂતન શિક્ષણ	૭	૧૨	જુલાઇ	૨–૭–૪૨
પાટીદાર	૧૯	૭	જ્યેષ્ઠ	૨૬–૫–૪૨
પ્રસ્થાન	૧૭	૧	વૈશાખ	૨–૭–૪૨
બાલજગત	૪	૭	જુલાઇ	૧૬–૭–૪૨
બાલજીવન	૨૨	૭	જુલાઇ	૮–૭–૪૨
બાલમિત્ર	૨૧	૧૨	જુલાઇ	૨–૭–૪૨
બાલસખા	૬	૨	જુલાઇ	૧–૭–૪૨
બાળક	૨૦	૫	જુન–જુલાઇ	૧–૭–૪૨
બુદ્ધિપ્રકાશ ત્રિમાસિક	૮૮	૪	જાન્યુ.–માર્ચ	૩૦–૪–૪૨
યુવક	૧૨	૬	જુલાઇ	૬–૬–૪૨
રેખા	૩	૧૨	જુલાઈ	૩૦–૫–૪૨
વૈદ્યકલ્પતરુ	૪૭	૭	જુલાઇ	૬–૭–૪૨
વ્યાયામ	૨૭	૬	જુન	૧૫–૬–૪૨
શારદા	૩૭	૩	જુન	૧૫–૬–૪૨
શિક્ષણ અને સાહિત્ય	૩	૧૦	જુલાઇ	૧–૭–૪૨
સુવાસ	૫	૨	જુલાઇ	૫–૭–૪૨
સૌરાષ્ટ્રશિક્ષક	૧૫	૨	નવે. ડિસે. જાન્યુ.	૧૦–૧–૪૨
સ્ત્રીજીવન	૩	૯	જુલાઇ	૧૨–૭–૪૨
સ્ત્રીબોધ	૮૬	૭	જુલાઇ	૩–૭–૪૨
હાઇટપીર	૧૧	૧,	જુન	૧૫–૬–૪૨

પુસ્તકાલયોની તપાસણી

પુગારદાર પ્રાંત પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત લઇ ત્યાંની પુસ્તકાલય વા વાંચનાલયની સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે, તેમ જ પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી, તત્સંબંધી જરૂરી સૂચના સમજૂત આપી છે; અને પુસ્તકાલય વિનાનાં શાળાવાળાં ગામોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છેઃ—

૧ વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ—માહે જુન માસમાં પલસાણા મહાલનાં (૧) જોળવા, (૨) દસ્તાન, (૩) ગંગાધરા, (૪) ગાંગપુર, (૫) બારસડી, (૬) ઉમરાખ, (૭) બાબેન, (૮) બામડોદલુંભા, (૯) અસ્તાન, (૧૦) ખરવાસા, (૧૧) વણીસાપીસાદ, (૧૨) બામડોદ એના, (૧૩) એના, (૧૪) તુંડી, (૧૫) સોયાણી, (૧૬) વડદલા, (૧૭) ઓરથાણ, (૧૮) લીંગડ, (૧૯) હરિપુરા, (૨૦) અંત્રોલી, (૨૧) નિયોળ, (૨૨) બગુમરા, (૨૩) ખટારવા, (૨૪) ચોપડા તા. નવસારી.

૨ મહેસાણા-બમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઇશંકર ટી. ઠાકર—માહે જુન માસમાં ધારી મહાલનાં (૧) અમૃતપુર (વા.), (૨) ખીચા, (૩) સરસિયા, (૪) જીરા, (૫) કમી (વા.), (૬) કેરાળા, (૭) દીતલા, (૮) નાગધરા, (૯) હુડલી (વા.), (૧૦) ગરમલી, (૧૧) પાણીથા (વા.), (૧૨) ચલાલા સા. પુ., (૧૩) ચલાલા બા. પુ., **બાંભા મહાલનાં** (૧૪) રૂગનાથપુર (વા.) (૧૫) ઝીંકયાળી (વા.), (૧૬) સમઢિયાળા; **બમરેલી મહાલમાં** (૧૭) જેસંગપુરા, (૧૮) માંગવાપાળ, (૧૯) બમરપુર વડી (વા.) (૨૦) નાના ભંડારીઆ, (૨૧) પીપળલગ (વા.), (૨૨) દહીડા, (૨૩) માલવણ (વા.) (૨૪) મોટા બાંકડીઆ, (૨૫) મોટા માચીઆળા.

૩ સાવલી મહાલ માનદ પ્રચારક રા. સોમાભાઇ ગરબડભાઇ—માહે મે માસમાં (૧) વાસાવાવ, (૨) તુલસીગામ, (૩) કડાયલા (વા.), (૪) વગ્છેસર, (૫) શારદાપુર.

૪ દામનગર મહાલ માનદ પ્રચારક રા. નંદલાલ પુરુષોત્તમ ત્રિવેદી તથા મહાલ મંડળના મંત્રી શ્રી. પ્રાણજીવન ભવાનીશંકર જોષી માહે જુનમાંઃ— (૧) નારણગઢ (૨) કાંયરડી (૩) મુકણિયા (૪) ઠાંસા (૫) રાભડા.

તપાસણી દરમ્યાન પ્રચારકોએ જે જે ખામીઓ દર્શાવી હોય તે તે વેળાસર સુધારી લેવા તથા જે સૂચના-સમજૂત આપી હોય તેનો યોગ્ય રીતે અમલ કરવા જે તે મંત્રી બાઇઓને ખાસ ભલામણ.

ના. નં. ચોકસી

પુણ્યાચરણનો ઘમંડ એ પાપાચરણ કરતાં પણ વધારે પાપમય છે. પાપીની સાથે પોતાનું પુણ્ય દેખાડવું એ ગરીબ સાથીને ઘડીઘડી પોતાનો બજાનો બતાવી ચીઢવનાર ધનવાનના જેવું જ હલકું અને નીચ કામ છે.



વ૦ રા૦ પુસ્તકાલય મંડળ

દુઃખદ અવસાન—(૧) સા. પુ. કઠોરના માનદ મંત્રી શ્રી. બાપાલાલ નારાયણ ગુપ્તેનું તા. ૧૩-૬-૪૨ ના રોજ અવસાન થયું છે. તેઓશ્રી છેલ્લાં ચૌદ વર્ષથી સદર પુસ્તકાલયના માનદ મંત્રીપદે હતા.

(૨) ચાણસ્મા સા. પુસ્તકાલયના માજી ગ્રંથપાલ રામી નરસિંહભાઇ ગુલાબચંદનું અવસાન થયું છે. સ્વર્ગસ્થ સારા સેવાભાવી હતા. ગામલોકોના પણ પ્રીતિપાત્ર હોઇ ગામમાં એક આગેવાન વ્યક્તિ હતા. પ્રભુ સ્વર્ગસ્થના આત્માને શાંતિ બક્ષો.

પુસ્તકાલયોને મળેલી મદદ

સા. પુ. પેટલીને રૂા. ૧૦૦૦) ની ગા વીઘાં જમીન પટેલ મોતીભાઇ અજુભાઇએ બક્ષીસ આપી છે.× ૨૫) ઉંઢેલાના પટેલ લલ્લુભાઇ શંકરભાઇ તરફથી, ૧૦) પટેલ ભાઇલાલભાઇ કાશીભાઇ-ઉંઢેલા, ૧૦) પટેલ જશાભાઇ હાથીભાઇ-વડતાલ, ૧૦) પટેલ મોહનભાઇ ખોડાભાઇ તરફથી.

સા. પુ. હરિપુરા (તા. પલસાણા) ને ૫) શ્રી. ગુલાબભાઇ દલપતભાઇ-નિયોળ, ૭) શ્રી. કસનજી દુલ્લભભાઇ-સોનવાડી, ૫) શ્રી. ભિખા ખુશાલ-ઓતીઆણુ, ૨) શ્રી. ભિખાભાઇ દુલ્લભભાઇ-કતારગામવાળા તરફથી.

સા. પુ. મોકાસણ (તા. કડી) ને ૫) પૂનભાઇ મોહનદાસ-કરણુ, ૪) શંકરદાસ ભેચરદાસ-વીઝ, ૪) ત્રિભુવન જેશંગદાસ-રંગપુરડા, ૨) પટેલ શંકરદાસ ત્રિભુવનદાસ-ડોયડા, ૨) શ્રી. નર્મદાશંકર ચુનીલાલ પંડ્યા-પીલવાઇ, ૨) શ્રી. શિવશંકર ભગનલાલ રાવળ-વડરમા, ૨) પટેલ મોતીદાસ હંસરાજ, ૨) શ્રી. મોતીદાસ પ્રાણુદાસ-હરિપુરા તરફથી.

સા. પુ. ઓદલા (તા. પાટણ) ૨) દશાવાડાના જોરાભાઇ કરણસિંહ દેસાઇ તરફથી. ૫) પા. ચેલદાસ કામરાજદાસ-મોઢેરા, ૫) પા. નથુદાસ રામદાસ-મોઢેરા, ૫) પા. મણિલાલ વીરદાસ-ગોદા ધરવા, ૨) પા. જોઇતારામ ગંગારામ-જસલપુર, ૨) પા. હીરદાસ ગંગારામ-જસલપુર, ૨) પા. હરિદાસ માધવદાસ-મોઢેરા, ૨) પા. ચતુરદાસ શંભુદાસ-ગણેશપુરા, ૨) પા. શીવીદાસ શાંતિદાસ-મણિયારી, ૨) પા. મંગળદાસ મોહનદાસ-ઓદલા, ૨) પા. ધનજીદાસ જોઇતિનદાસ વડાવલી; ૨) પા. ચેલદાસ ધનજીદાસ-વડાવલી, ૨) પા. નથુરામ વીરચંદ-રણુજ.

સા. પુ. સોમજીપુરા (તા. પાદરા) ના નવીન પુસ્તકાલયની ઉદ્‌ઘાટનક્રિયા

× આ અંકમાં અન્યત્ર છપાયેલ વાર્તા લખવાની પ્રેરણા તેના લેખકને આ દાન પરથી થઇ છે

બહુના શેઠ મણિલાલ લક્ષ્મીચંદના હસ્તે તા. ૧૮-૬-'૪૨ ના રોજ થઇ હતી. પ્રમુખશ્રીએ રૂા. ૧૦) પુસ્તકાલયને ભેટ આપ્યા.

સા. પુ. દાસજ (તા. સિદ્ધપુર)ને ૮) પા. વિરચંદદાસ રેવીદાસ-રણછોડપુરા, ૪) પા. ભગાભાઇ રણછોડ-દાસજ, ૨) પા. રતનદાસ લવજીદાસ-રાજપુર, ૨) શિવરામ નાનચંદ દાસજ, ૨) પા. શિવરામ કરસન-બીલીઆ, ૨) પા. ભગવાન સેંધીદાસ-દાસજ, ૨) રાત બબા ભગવાન-વાલમ, ૨) રાત શિવા હરિભાઇ-ઉનાવા, ૨) રાત હરગોવિંદ બેચર-ઊંઝા, ૨) પા. ભગુભાઇ વેલા-દાસજ, ૨) ઇશ્વરભાઇ જોઇતારામ-લીહોડા, ૩) ધાંચી પ્રહ્લાદજી કરશન-રસૂલપુર, ૨) ધાંચી ત્રિભુવન લલ્લુ-લાલપુર, ૨) પા. માધવદાસ હરિ-બીલિયા, ૨) પા. ગણેશભાઇ નારાયણ-બીલિયા તરફથી.

સા. પુ. પોઇચા (તા. સાવલી)ને ૧૨) ગામ બોચાસણના પટેલ મહીજીભાઇ હાથીભાઇ તરફથી.

સા. પુ. ઐઠોર (તા. સિદ્ધપુર)ને ૮) પા. કચરદાજી બાજીદાસ-તુંડાવ, ૭) પા. રેવાભાઇ નાથાભાઇ-દેથુપ, ૩) પા. કરશન માનસંગ-રણુંજ, ૨) પા. તળજા અમીચંદ-મહેરવાડા, ૨) પા. ઇશ્વર બહેચર-તુંડાવ, ૨) પા. ઇશ્વર કુંગર-કંબોઇ, ૨) પા. નાનજીદાસ-ડેર, ૨) પા. વાલજી પ્રભુદાસ-કંબોઇ, ૨) ભાઇચંદ ચેલા-તુગોર, ૨) પા. છગન ઊમેદ તરફથી.

રાજ્ય બહાર

ગુજરાત વર્નાકયુલર સોસાઇટીને ઉદાર સખાવત—સ્વ. ડૉ. આનંદશંકર ધ્રુવના પુત્રો તરફથી એમનો અમૂલ્ય પુસ્તકસંગ્રહ ગુ. વ. સો. ને ભેટ મળેલ છે. પુસ્તકોની કિંમત ઓછામાં ઓછી રૂપિયા પચાસ હજારની છે. ઘણાંખરાં પુસ્તકોમાં આચાર્યશ્રીની પોતાની નોંધો છે. અનુસ્નાતક વર્ગોના અભ્યાસીઓને, વિદ્વાનોને અને આગળના અભ્યાસને માટે આથી ઉપયોગી સાધન થશે.

સોસાઇટિના હાલના વિશાળ ખંડને 'આનંદશંકર હૉલ' એવું નામ આપવાનો સોસાઇટિએ ઠરાવ કર્યો છે અને સ્વર્ગસ્થનું સ્મરણ કાયમ રાખવા એક ઉપસમિતિ પણ નીમવામાં આવી છે. થોડાક વખતમાં આ ગ્રંથભંડાર ખુલ્લો મૂકવાની જાહેર ક્રિયા કરવામાં આવશે.

પરદેશ

ચીને વૉશિંગ્ટન મોકલી આપેલાં ત્રણ હજાર કિંમતી પુસ્તકો—'ન્યુયોર્ક ટાઇમ્સ' જણાવે છે કે યુદ્ધના સમય દરમ્યાન સહીસલામત રહે એ માટે ૩૦૦૦ ચીની પુસ્તકો, ચીની સરકારે વૉશિંગ્ટન મોકલી આપ્યાં છે અને વૉશિંગ્ટન ખાતેના ચીની એલચીની પરવાનગી લઇને કૉંગ્રેસના વાચનાલય માટે આ પુસ્તકોની ફિલ્મ ઉતારવામાં આવશે.

આ ત્રણ હજાર ચીની પુસ્તકો પેકીંગની નેશનલ લાયબ્રેરીની માલિકીનાં છે. અને યુદ્ધ પૂરું થયા પછી એ એને પાછાં સુપ્રત કરી દેવામાં આવશે. આ પુસ્તકોમાંનાં કેટલાંક પુસ્તકો તો, યુરોપમાં છાપવાની પદ્ધતિની શોધ થઇ તે પહેલાંના સમયમાં છપાયેલાં છે. અને તે એનસાઇકલોપીડીઆ, સ્થાનિક ઇતિહાસો, પ્રસિદ્ધ ન થયેલા હસ્તલિખિત દાગળો અને ૧૩૬૮ થી ૧૬૪૪ ની સાલ સુધી મીંગ શહેનશાહના સમયનો સત્તાવાર હેવાલ રજૂ કરતાં પુસ્તકો છે. વધુમાં આ પુસ્તકોમાં એક એવું પણ પુસ્તક છે, કે જે ઇ. સ. પૂર્વે ૧૦૩૪ પહેલાંના સમયમાં છપાયેલું છે અને તેમાં કવિતાઓ લખેલી છે.

સન ૧૯૪૧–૪૨ ના પુસ્તકાલય શિક્ષણવર્ગો

ચાલુ સન ૧૯૪૧-૪૨ ની સાલે મહેસાણા તથા વડોદરા પ્રાંતોના શિક્ષણવર્ગો અગાઉ જાહેર થયા પ્રમાણે, મે માસમાં ભરાઇ ગયા. મહેસાણા પ્રાંતનો વર્ગ દહેગામ કરબામાં તા. ૪–૫–૬ ના દિવસોએ અને વડોદરા પ્રાંતનો વર્ગ શિનોર મહાલના બરકાલ ગામે તા. ૧૮–૧૯–૨૦ ના દિવસોએ ભરાયા હોઇ તે દરેકમાં પુસ્તકાલયપ્રવૃત્તિનો ઇતિહાસ, વડોદરા રાજ્યની પુ. પ્રવૃત્તિની યોજના, તેના ધારાધોરણ અને વહિવટ, તથા દફ્તરી કામ, બજેટ-નિવેદન, પુસ્તકપસંદગી, પુસ્તકોનો વિધિ ને વર્ગીકરણ, પુસ્તકાલયપ્રવૃત્તિપોષક વિવિધ યોજનાઓ વગેરે આવશ્યક બાબતોની મૌખિક સમજૂત ઉપરાંત વર્ગીકરણ કામનું ક્રિયાત્મક શિક્ષણ આપવામાં આવ્યું હતું.

વર્ગસંચાલનની કામગીરી રાજ્ય પુસ્તકાલય મંડળના સહમંત્રી રા. ચોકસી, રાજ્ય પુ. પ્રચારક રા. વલ્લભભાઇ તથા મદદનીશ વ્યવસ્થાપક રા. રા. ઉમેદભાઇ સાહેબે બજાવી હતી.

શિક્ષણવર્ગો અંગે શક્ય હોય છે ત્યાં પ્રાચીન સ્થાપત્ય કે જોવાલાયક સ્થળોના પ્રવાસ ગોઠવાય છે તેં મુજબ બરકાલના વર્ગમાં આવેલા બધા ઉમેદવારોને પનાઇ પ્રવાસ, અધિક માસ નિમિત્ત નર્મદાસ્નાન, તથા વ્યાસ અને શુકદેવજીની યાત્રાનો લાભ મળ્યો હતો. પાછા વળતી વખતે કેટલાક ઉમેદવારોને અનસૂયા, સૌભાગ્ય સુંદરી ને શિનોરનાં તીર્થક્ષેત્રોના દર્શનનો પણ લાભ મળ્યો હતો.

મહેસાણા પ્રાંતનો વર્ગ આ વખતે સ્થાનિક કાર્યકરોની ગેરસમજ તેમ જ લગ્નસરાની અસાધારણ તેજીને કારણે બહુધા ચુંથાઇ જવા પામ્યો હતો; છતાં રાજ્ય વ પ્રાંત પ્રચારકોની સમયસરની હાજરી તથા કુનેહને લઇને એ વર્ગ યશસ્વી રીતે પાર પાડી શકાયો હતો, અને ૨૩ ભાઇઓએ એ વર્ગનો લાભ લીધો હતો. સંખ્યાની દૃષ્ટિએ બરકાલનો વર્ગ ભરપૂર ગણાય તેમ હતો.

સદરહુ બન્ને વર્ગોનો લાભ લેનાર મંત્રી, ગ્રંથપાલ વ ઇતર ભાઇઓનાં નામ ઠામ નીચે પ્રમાણે છેઃ—

મહેસાણા પ્રાંત ૨૩

આતરસુંબા મહાલ—૧ શ્રી. હીરાલાલ ગણપતરામ–કાણિયલ, ૨ શ્રી. અંબાલાલ મથુરદાસ શાહ–ધડિયા, ૩ શ્રી. નટવરલાલ કેશવલાલ ભાવસાર–વડાલી. ૪ શ્રી. કાન્તિલાલ ગોવિંદલાલ દેસાઇ–હીરોલ, ૫ શ્રી. નાથાલાલ દાજીરામ જાની–શિકોરા, ૬ શ્રી. અંબાલાલ હરગોવિંદ શાહ–આતરસુંબા.

દહેગામ મહાલ—૧ શ્રી. દલપતરામ વિઠ્ઠલદાસ મિસ્ત્રી–ભાવડા, ૨ શ્રી. કેશવલાલ મગનભાઇ–ધણપ, ૩ શ્રી. પુરુષોતમ ઇશ્વરભાઇ પટેલ–ચંદ્રાળા, ૪ શ્રી. અંબાલાલ હરિલાલ પટેલ–વમીજ ૫ શ્રી. કાલાલાલ છગનલાલ શાહ–ઉદણ, ૬ શ્રી. પ્રતાપભાઇ રસૂલભાઇ મીર–કડાદરા, ૭ શ્રી. ઇશ્વરલાલ મયારામ વ્યાસ છાલા, ૮ શ્રી. પુખલાલ મણિલાલ–અહિયલ, ૯ શ્રી. અંબાલાલ કેશવલાલ મોદી–કરોલી, ૧૦ શ્રી. હરગોવિંદ રેવાશંકર ઝાલોર–ધારીસણા, ૧૧ શ્રી. લક્ષ્મણરાવ માધવરાવ રાવળ–નાંદોલ, ૧૨ શ્રી. વિશ્વનાથ નરભેરામ વ્યાસ–સાંપા, ૧૩ શ્રી. રણછોડભાઇ હરિભાઇ અમીન–દહેગામ.

કલોલ મહાલ—૧ શ્રી. રામભાઇ રણછોડદાસ પટેલ–વડસર, ૨ શ્રી. શંકરલાલ મોહનદાસ પટેલ–શેરથા.

સિદ્ધપુર મહાલ—૧ શ્રી. વેલજીભાઇ જેઠાભાઇ પટેલ–દાસજ.

ધડર સ્ટેટ—૧ શ્રી. રમણુલાલ સાંકળચંદ મહેતા–ધડર

વડોદરા પ્રાંત ૫૪

સાવલી મહાલ—૧. શ્રી. સોમાભાઇ રણછોડભાઇ પટેલ–અંજેસર, ૨ શ્રી. ડાહ્યાભાઇ પુરુષોતમ પાઠક–પોઇચા.

કલોલ મહાલ—૧ શ્રી. શંકરલાલ છગનલાલ શાહ–વઢવાણ, ૨ હિંમતલાલ ગિરધરભાઇ ખત્રી–અમરેશ્વર.

પાદરા મહાલ—૧ શ્રી. રામભાઇ જીવાભાઇ પટેલ–સાંગમા, ૨ શ્રી. ભાઇલાલ ખુશાલભાઇ અમીન–સેજકુવા.

વડોદરા મહાલ—૧ શ્રી. લલ્લુભાઇ રાયજીભાઇ પટેલ–સમિયાલા, ૨ શ્રી. નટવરલાલ નાનાલાલ શાહ–આમલીઆરા, ૩ શ્રી. ઉમિયાશંકર ભાણજી જોશી–દશરથ, ૪ શ્રી. ડાહ્યાભાઇ વેરીભાઇ પટેલ–બીલ, ૫ શ્રી. કાન્તિલાલ રણછોડભાઇ પટેલ–હરણી, ૬ શ્રી. ચિમનભાઇ મૂળજીભાઇ પટેલ–વડોદરા, ૭ શ્રી. મૂળશંકર ભવાનીશંકર–વડસર.

શિનોર મહાલ—૧ શ્રી. મૂળજીભાઇ બહેચરભાઇ પટેલ–સાઢલી, ૨ શ્રી. વિઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ–સાઢલી, ૩ શ્રી. શંભુલાલ શંકરભાઇ પટેલ–આવળીઆ, ૪ શ્રી. વિઠ્ઠલભાઇ નરભેશંકર પાઠક–માંજરોળ, ૫ શ્રી. મગનભાઇ રાયજીભાઇ પ્રજાપત–આનંદી, ૬ શ્રી. મગનલાલ મૂળજીભાઇ દવે–ઉતરાજ, ૭ શ્રી. જેસંગભાઇ નાગજીભાઇ પટેલ–ઉતરાજ, ૮ શ્રી. મગનલાલ ગરબડભાઇ–નાના કરાળા, ૯ શ્રી. ચુનીભાઇ જેસંગભાઇ પટેલ–વણિયાદ, ૧૦ શ્રી. અંબાલાલ હીરાલાલ પટેલ–ટીંગસોદ, ૧૧ શ્રી. કેશુરભાઇ જીભાઇ–માલપુર, ૧૨ શ્રી. બહેચરગીર મોતીગીર ગોસાંઇ–મીંઢોળ, ૧૩ શ્રી. સાકરલાલ દોલતરામ ભટ્ટ–વરખડ, ૧૪ શ્રી. નારણભાઇ કિશોરભાઇ પટેલ–વરખડ, ૧૫ શ્રી. અંબાલાલ નાગેશ્વર જોશી–ઝાંઝડ, ૧૬ શ્રી. નટવરલાલ નવલરામ જાની–કુકસ, ૧૭ શ્રી. ઇશ્વરભાઇ રણછોડભાઇ–આનંદી, ૧૮ શ્રી. દરભાઇ છોટાભાઇ–ટીંબરવા, ૧૯ શ્રી. કૃષ્ણશંકર હરિવલ્લભ–દીવેર, ૨૦ શ્રી. ભાઇલાલ વિઠ્ઠલભાઇ પટેલ–ટીંબરવા, ૨૧ શ્રી. શંકરભાઇ બહેચરભાઇ પટેલ–મોટા ફોફળીઆ, ૨૨ શ્રી. શાંતિલાલ જીભાઇ ભટ્ટ–અંબાલી, ૨૩ શ્રી. ધુળાભાઇ હાંસજીભાઇ પટેલ–કણજોડા, ૨૪ શ્રી. શાંતિલાલ ત્રિભોવનદાસ દવે–માંડવા, ૨૫ શ્રી. તોલાશંકર છોટાલાલ દવે–હામાપુર, ૨૬ શ્રી. હરજીભાઇ ભીખાભાઇ પટેલ–શિરોળા, ૨૭ શ્રી. ફોગટલાલ નાગેશ્વર જાની–કરનાળી, ૨૮ શ્રી. હિંમતસિંગ મૂળજીભાઇ ચૌહાણ–સતીસણા, ૨૯ શ્રી. સેવકલાલ રણછોડભાઇ જોશી–મુરારામળ, ૩૦ શ્રી. મંગળભાઇ ગોપાળભાઇ પટેલ–મોસેયા, ૩૧ શ્રી. શંકરપ્રસાદ ભોળાશંકર વૈદ–અમીસરા, ૩૨ શ્રી. દેવજીભાઇ ગોવિંદભાઇ પટેલ–બરકાળ, ૩૩ શ્રી. નરહરિશંકર હિંમતરામ ઓઝા–બરકાળ, ૩૪ શ્રી. મણિલાલ પ્રાણશંકર ત્રિવેદી–બરકાળ, ૩૫ શ્રી. શાન્તિલાલ મોતીલાલ–સેગવા, ૩૬ શ્રી. હીરાભાઇ ઝવેરભાઇ–સાંધા, ૩૭ શ્રી. દલસુખલાલ હરિલાલ–ભેખડા, ૩૮ શ્રી. મોતીલાલ નાગેશ્વર દવે–સીમળી.

કરજણ મહાલ— શ્રી. શંકરભાઇ ગિરધરભાઇ પટેલ-કંડારી, ૨ શ્રી. ઇવલાગીર લક્ષ્મણગીર ગોસાંઇ-બામણગામ, ૩ શ્રી. નાથાલાલ જેઠાભાઇ પટેલ-ભરથાણા.

આ પ્રમાણે બે પ્રાંતોમાં થઇ કુલ ૭૬ જણને ચાલુ સાલે પુસ્તકાલય વિષયની તાલીમ અપાઈ છે. આશા રાખવામાં આવે છે કે આ બધા ભાઇઓ પોતપોતાના આજુબાજુની પુસ્તકાલયપ્રવૃત્તિને સુવ્યવસ્થિત ને સંગીન બનાવવામાં સક્રિય ભાગ ભજવી શિક્ષણવર્ગમાં મેળવેલી તાલીમ અને પ્રેરણા ને સાર્થક કરી દેખાડશે.

ના. નં. ચોકસી
સહમંત્રી
વ. રા. પુ. મંડળ

વડોદરા
તા. ૨૪-૬-૪૨

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૫ / '૪૧-૪૨

વિષયઃ—પ્રમાણપત્ર માટેની પરીક્ષા

પુસ્તકાલયના કામકાજની તાલીમ પામ્યા બદલ પ્રમાણપત્ર મેળવવા માટેની પરીક્ષા આયંદે વર્ષમાં બે વાર લેવાની યોજના રખાઈ છેઃ એક ઑક્ટોબરમાં ને બીજી એપ્રિલમાં. તે માટેની ચોક્કસ તારીખો જે તે સમયે વખતસર જાહેર કરવામાં આવશે.

આ યોજના મુજબ આગામી પરીક્ષા ચાલુ સન ૧૯૪૨ ના ઑક્ટોબરની તા. ૨૪-૨૫ મીને વાર શનિ-રવિએ જે તે મહાલના વા પ્રાંતના અનુકૂળ પડતા કેન્દ્રે લેવાશે.

ઇચ્છુક ઉમેદવારોને મદદનીશ વ્યવસ્થાપક સાહેબ શ્રી. ઉમેદભાઈ મો. પટેલ સંપાદિત ' સાર્વજનિક પુ. પ્રવૃત્તિનું એકીકરણ ' નામના પુસ્તકનો સાદ્યંત અભ્યાસ કરવાની અને તેમના વર્ગીકરણ વિષયની સંપૂર્ણ સમજણ મેળવી હથોટી પાડવાની ખાસ ભલામણ છે.

મજકુર અભ્યાસ કરતાં કોઇ વિષય આ બાબતમાં મુશ્કેલી જણાય યા વિશેષ સમજૂતની અપેક્ષા રહેતી લાગે તો નીચે સહી કરનારને તે વિગતવાર લખી જણાવ્યેથી જે તે બાબતનો વિગતવાર ખુલાસો હરકોઇ ઉમેદવાર મેળવી શકશે.

ઉપર નિર્દિષ્ટ પુસ્તકના અભ્યાસ વખતે નીચેનાં પુસ્તકો સાથે રાખી જરૂર જેમાં નજર તળે કાઢી જવાથી અભ્યાસમાં સારી સુગમતા સાંપડશેઃ—

(૧) સેં. લા. ખાતાના સૂચના સરક્યુલરોનું એકીકરણ ભા. ૧ થી ૩
(૨) પુ. પુસ્તકો માટે વર્ગીકરણની પદ્ધતિ
(૩) ,, કર્તાઓની નામાવલિ
(૪) ૮૦૦૦ તથા ૪૦૦૦ વર્ગીકૃત પુસ્તકોની નામાવલિઓ

આ પુસ્તકોની પ્રતો રાજ્યનાં કરબા પુસ્તકાલયોમાંથી તેમ જ દાયકા જૂનાં ઘણાંખરાં ગ્રામ પુસ્તકાલયોમાંથી મળી શકશે.

ઇચ્છુક ઉમેદવારોએ પોતાનાં નામ ઠામ ઉંમર ને ધંધા સાથે તા. ૧૦ મી ઑક્ટોબર સુધીમાં પોતાની ઉમેદવારી નીચે સહી કરનાર તરફ નોંધાવી દેવી.

ના. નં. ચોકસી
સહમંત્રી
વ. રા. પુ. મંડળ

૦/૦ સેન્ટ્રલ લાઇબ્રેરી
વડોદરા
તા. ૭-૬-૪૨

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૬ / ૪૧–૪૨

વિષયઃ—જૂથ પુસ્તકાલય મંડળોએ વાર્ષિક સભા ભરવા બાબત.

પુસ્તકાલય ખાતાના વટહુકમ નં. ૧૪ તા. ૮–૭–૩૰ થી રાજ્યનાં દરેક જૂથ પુ૰ મંડળની વાર્ષિક સભા દર વર્ષે ઑગસ્ટના પહેલા રવિવારે ભરવાનું ઠર્યું છે. તે મુજબ સન ૧૯૪૨–૪૩ ની નૂતન સાલની વાર્ષિક સભા ઑગસ્ટ '૪૨ ના પહેલા રવિવારે તા. ૨–૮–૪૨ ના રોજ ભરવાનું અને તેમાં નીચે જણાવેલાં કામો કરવાનું, રાજ્યના દરેક જૂથ–પુ. મંડળના મંત્રીઓને ખાસ સૂચવવામાં આવે છે.

આ સભામાં, જૂથમાં આવેલાં તમામ પુસ્તકાલયો વાચનાલયોના મંત્રીઓએ આવવાનું હોઇ, જૂથ મંત્રીએ સભાની તારીખના ચાર પાંચ દિવસ અગાઉ, પોતાના જૂથના જે તે પુસ્તકાલય–વાચનાલયના મંત્રીઓને સદર તારીખે સભામાં આવવાનું આમંત્રણ મોકલી આપવું. જૂથમાં આવેલાં તમામ પુસ્તકાલયોનાં પૂરી થયેલી સાલનાં વાર્ષિક નિવેદન તથા નવીન સાલનું બજેટ તમામ મંત્રી ભાઇઓએ એકઠા થઇને આ જ સભામાં ભરવાનાં હોવાથી તેને લગતા સાધનિક કાગળો તથા બીજી જરૂરી હકીકત પણ સાથે લેતા આવવાનું દરેકને ખાસ જણાવવું.

આ સભામાં નીચેનાં કામો ખાસ કરવા ભલામણ છેઃ—

૧. જૂથના દરેક પુસ્તકાલયનું વાર્ષિક નિવેદન, પોતાનાં પત્રકો ઉપરથી તૈયાર કરવું.

૨. ગત વર્ષના જુલાઇ અંકમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તકાલય ખાતાની સૂચના નં. ૨૮ માં જણાવ્યા પ્રમાણે તથા જુલાઇ ૩૦ ના અંકમાં પ્રસિદ્ધ થયેલી **"સહકારના ધોરણે બજેટ બનાવવાની યોજના"** પ્રમાણે દરેકે પોતાના પુસ્તકાલયનાં બજેટ બનાવવાં.

૩. મહાલ પુસ્તકાલય મંડળના વ્યવસ્થાપક મંડળ માટે બે પ્રતિનિધિઓની ચૂંટણી કરવી. મહાલ પુ. મંડળને તે નામોની ખબર આપવી.

૪. આ સિવાય (૧) જૂથમાં આવેલાં પુસ્તકાલય વિનાનાં શાળાવાળાં ગામોમાં પુસ્તકાલયની લોકોપયોગી સંસ્થા ઉઘાડવા, (૨) જૂથમાં આવેલાં પુસ્તકાલયોની તપાસણી કરવા, તથા (૩) મહાલ અને રાજ્ય પુ. મંડળ તરફથી યોજાતી શિષ્ટ વાચનની પરીક્ષાઓનો લાભ લેવા લેવડાવવા વગેરે બાબતોના પ્રશ્નો પણ વિચારવા.

આ સભાના અહેવાલની હાજર રહેલા મંત્રી ભાઇઓનાં નામ ગામ સાથેની એકેક નકલ મહાલ પુ. મંડળ, પ્રાંત પુ. મંડળ અને રાજ્ય પુ. મંડળ એ દરેક તરફ સભા ભરાઈ ગયા પછી દિન ૮ માં દરેક જૂથ મંડળના મંત્રીએ ખાસ મોકલી આપવી.

વસો,
તા. ૧–૭–'૪૨

રામભાઇ કા. પટેલ
મંત્રી,
વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૭ / સન '૪૧–૪૨

વિષયઃ—મહાલ પુ૦ મંડળોએ વ્યવસ્થાપક મંડળની વાર્ષિક સભા ભરવા બાબત

પુસ્તકાલય ખાતાના વટહુકમ નં. ૧૪ / તા. ૮–૭–૩૦ થી રાજ્યના દરેક મહાલ પુ. મંડળની વ્યવસ્થાપક સભા દર વર્ષે ઑગસ્ટના ત્રીજા રવિવારે ભરવાનું ઠર્યું છે. તે મુજબ સન ૧૯૪૧–૪૨ ના નૂતન વર્ષની વાર્ષિક સભા ઑગસ્ટ '૪૨ ના ત્રીજા રવિવારે તા. ૧૬–૮–૪૨ ના રોજે, પોતપોતાના મહાલના અનુકૂળ પડતા સ્થળે ભરવાનું અને તેમાં નીચે જણાવેલાં કામો કરવાનું, રાજ્યના દરેક મહાલ પુ. મંડળના મંત્રીઓને ખાસ સૂચવવામાં આવે છે.

જે તે મહાલનું મહાલ વ્યવસ્થાપક મંડળ, જે તે મહાલનાં જૂથમંડળોએ પોતાની નૂતન વર્ષની વાર્ષિક સભામાં ચૂંટેલા અગ્રણે પ્રતિનિધિઓનું બને છે. જે જૂથ મંડળ તરફથી નવા વર્ષના પ્રતિનિધિઓનાં નામ–ગામ આવ્યાં હોય તે પ્રતિનિધિઓને, સભાની તારીખના એક અઠવાડિયા અગાઉ, સભાનાં તારીખ, સ્થળ, ટાઇમ તથા કરવાનાં કામોની યાદી સહિત એક આમંત્રણપત્રિકા મહાલ મંડળના મંત્રીએ મોકલવી. જે જૂથ મંડળ તરફથી પ્રતિનિધિઓનાં નામ–ગામ આવ્યાં ન હોય ત્યાં તે જૂથ મંડળના મંત્રી તરફ આમંત્રણ મોકલવું અને એમાં બે પ્રતિનિધિઓને ચૂંટીને મોકલવા જણાવવું.

આ સભામાં દરેક મહાલ મંડળે નીચેનાં કામો ખાસ કરવાનાં છેઃ

૧ મહાલ મંત્રીએ રજૂ કરેલાં પૂરી થયેલી સાલનાં નિવેદન તથા હિસાબ મંજૂર કરવાં.

૨ મહાલ વ્યવસ્થાપક મંડળ માટેના પ્રતિનિધિઓમાંથી એક પ્રમુખ અને મંત્રીની ચૂંટણી કરવી.

૩ પ્રાંત પુ. મંડળ માટે કરવા પુસ્તકાલયોમાંથી એક અને ગ્રામ પુસ્તકાલય તરફથી એક એમ પ્રતિનિધિઓની ચૂંટણી કરવી. અને તે નામ પ્રાંત મંડળ તરફથી સમયસર મોકલી આપવાની મંત્રીને સત્તા આપવી.

૪ નવા વર્ષમાં મહાલે કરવાજોગાં કામોની વિચારણા કરી કાર્યક્રમ ગોઠવવો તથા તે માટેનું અંદાજી બજેટ મંજૂર કરવું.

ટીપ—નવા વર્ષના કાર્યક્રમમાં નીચેના પ્રશ્નો ખાસ વિચારવાઃ—

૧ પ્રાંત પરિષદને નોતરવાની શક્યતા વિચારવી; ૨ મહાલ પૂરતી શિ. વા. ની પરીક્ષા લેવા બાબત; ૩ શાળાવાળાં બાકી રહેલાં ગામોએ પુસ્તકાલયો ઉઘાડવાની તજવીજ કરવા બાબત; ૪ મહાલનું દરેક પુસ્તકાલય નવીન વર્ષનું અંદાજ બનાવે તથા પૂરી થયેલી સાલનું નિવેદન ઠરેલી મુદતમાં મોકલી આપે તેવી તજવીજ રાખવા બાબત; ૬ મહાલ માટે ભાનદ પ્રચારક વા પ્રચારકા નીમવા બાબત; ૭ મહાલનાં તમામ પુસ્તકાલયોએ પોતપોતાનાં જૂથમાં આવેલાં પુસ્તકાલયોની અરસપરસ સદ્ધકાર સાધી સદ્ધકારના ધોરણે અંદાજપત્રો બનાવવા બાબત; તથા ૮ રાજ્ય પુ૦ મંડળ તરફથી પોતાની પરીક્ષાનો તેમ જ શિક્ષણવર્ગોનો લાભ લેવા લેવરાવવા બાબત વગેરે વગેરે.

આ સભાના કામકાજના અહેવાલની સભામાં હાજર રહેલાઓનાં નામ સાથેની તથા હિસાબ સાથેની વાર્ષિક નિવેદનની એક નકલ પ્રાંત પુસ્તકાલય મંડળ તરફ અને એક નકલ રાજ્ય પુ. મંડળ તરફ સભા ભરાઈ ગયા પછી દિન ૮ માં દરેક મંડળે ખાસ મોકલી આપવી.

વસો,
તા. ૨–૭–'૪૨

રામભાઈ કા. પટેલ
મંત્રી
વ. રા. પુ. મંડળ

પુસ્તકો મોકલ્યાની માહિતી

માહે જુન '૪૨ ની યાદી નં. ૫ ૫૨૮ + ૨૧૭ = ૭૪૫ કુલ

પેટલાદ—આડા, આંટવા, મયરોલ, ખણસોલ, ધુંટલી, રૂણ, પચરાણીઆ (ધૈર્યપુરા). સંન્યા, રણીઆ, રામોલ, મેધલપુર, કોહાવી, કસોલી, નલાખોરડી, નવાગામ, બાલીટા, સિંહોલ, મલાતજ, બાંધણી, અરડી, બાદીઅેલ, ત્રંબોવાડ, શેખડી, ગંગાપુર, રૂણજ, વિરોલ, ડાલી, વટાવ, નેળ કાસર, સાંસેદ, દંતાલી, સીમરડા, માણજ, લીંબાલી, અગાસ, સુંદરણા, મોરડ, વિશ્રામપુરા, રામપુર, દેવા, બાકરોલ, મોગરી, ડેમોલ, પલાણા, મહિલા પુ. મોગ્રી, ચાંગા, માનપુરા, મહિલા પુ. પેટલાદ, મહિલા પુ. વસો.

બાદરણ—ચમારા, જલાજ, ટીંબા, જલુંધ, બામણગામ, ચુવા, કોર્સિદ્રા, રૂદેલ, સીસ્વા, પીપળી, મોટી શેરડી, ઝારોળા, કોંખલોડ, જલસણ, વડાદરા.

વડોદરા—છાણી, અટલાદરા, અંપાડ, પોર, કાશીપુરા, વેમાલી, વડસર, અંકોડીઆ, માંજલપુર, કરચીઆ, દામાપુરા, તતારપુરા, તરસાલી, ગોરવા, પાતલવેણી, વડદલા, આસોજ, મોતીઆપુરા, સીસ્વા, વાસણા ભોતરીઆ, લાલજીપુરા, માણેજા, કલાલી, મકરપુરા, સોખડા, ચાપડ, કેલનપુર, આજોડ, સોનારકુઇ, વરણામા, દશરથ, ઈટોલા, સમસાબાદ, સમીઆળા, પદમલા, ગોકળપુરા, વડસાલા, મેધાકુઇ, કાજલપુર (પોર), કરણી, બાનપુર, ધનીઆવી, બાજવા, કુમાડ, સમા, સાંકરદા, સરાર, ભાયલી.

પાદરા—કુંરોપુર. આતરસુંબા—કનીપુર. કલોલ—સેરયા, ભોયણ રાકોડ.

વિજાપુર—મહિલા પુ. વિજાપુર. વિસનગર—ખંડારણ.

મહેસાણા—પાલોદર. સિધ્ધપુર—મહિલા પુ. ઉંઝા, અમૃદ.

પાટણ—મહિલા પુ. પાટણ. નવસારી—વેરમા.

ગણદેવી—ધનોરી, નાંદરખા, ખખવાડા, માણેકપુર, ભાઠા.

પલસાણા—કડોદરા, સોમાણી, એના, કરણ, તાંતીથૈયા, ચલથાણ, બણમરા, કણાવ.

કામરેજ—ટીંબા, કોસમાડી, સીમાડી, આસ્તા, નેત્રંગ, લાડની, જોખા, કડોદરા, ખોલવડ, બાદા, સેમવા, શેખપુર, નગોડ, ખોલેશ્વર, પાલી, ખાનપુર, દેલાડ, ચીખલી, માકણા, વિહાણ, વલણ, વાવ, ધોરણપારડી, મોરથાણ, પરબ, નનસાડ, દેલોદ, અબ્રામા, કામરેજ, ઉંભેલ, ગામપુરા, ધાતવા, દીગસ, દલધરૂ.

મહુવા—અમરોલી, આમચક, બારતાડ, ધોળીકુઇ, ખરવાણ, ઝેરવાવરા, કુરેલ, કરચેલીઆ, અનાવલ, વહેવલ, ગીલખડી, ગુણસવેલ, વડીઆ, ઘડોઇ. મહુવરીઆ, કુંગરી, બામણીઆ, ઓડચ, કોસ, લસણપોર, વાંસકુઇ, અંધાત્રી.

માંગરોલ—નંદાત્ર, ગીજરમ, લીમોદરા, પીપોદરા, કુંવારદા, સરદા, મોસાલી, કંટવા, મહુવેજ, વાકળ, કોસાડી, લીંબાડા, હથોડા.

વ્યારા—કપૂરા, રૂપવાડા, બેડચીત, ડોલવાણ, કલકવા, કેળકુઇ, ગેડકૂવાદર, વડકૂઇ, કાંજણ, ધાણી, વાંસકુઇ, ઉમરવાત દૂર.

સામયિક દોહન

ફરિયાદભરી ચૂંદડી

દીવમાં ફીરંગીઓનું રાજ્ય હતું ને ફીરંગીઓના મુલક પોર્ટુગલમાં ધર્માંધ પાદરીઓનું રાજ્ય હતું. એ પાદરીઓ સર્વસત્તાધીશ હતા અને દયાળુ ફ્રાન્સિસ ક્ઝેવિયરના નામ ઉપર ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા માટે ગમે તેવા અત્યાચારો કરવામાં પાછું વાળી જોતા નહિ. મૃત્યુ પછીના નરકમાંથી માનવીઓને જીવતા નરકાગારમાં પૂરી રાખવામાં એમને એમનો ધર્મપંથ લાગતો. માનવીઓના આત્માને બચાવવા માટે એમના શરીરના ટુકડાઓ કરવામાં એમને રજ પણ સંકોચ થયો જણ્યો નથી.

એમની પ્રવૃત્તિ પોર્ટુગલમાં જ હતી. પણ કદાચ આપણે ફીરંગીઓના તાબાનાં સંસ્થાનો ઉપર પણ નજર દોડાવીએ. દૂર દરિયાપારનાં સંસ્થાનો સુધી એમના હાથો તો જાણે પહોંચે એમ ન હતું, પરંતુ એમની કલમ તો પહોંચી શકતી હતી. ને એમના ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ ન હોય એવા મૂળ વતનીઓ માટે ' ચિત્રવિચિત્ર કાયદાઓ ' કર્યા.

સુબાઓ એ કાયદાઓનો મનસ્વી અર્થ કરતા. દાદ ફરિયાદનું તો કાંઇ સાધન ન હતું. તાર-ટપાલના કાંઇ વહેવાર ન હતા. પાસવાનોની જાણે પિછાન વગર રાજને મળી શકાતું નહિ. વહાણમાં સફર થઇ શકતી ન હતી. ફીરંગી સંસ્થાનો એક વિશાળ નજરકેદની છાવણી સમા હતા ને એ છાવણીઓમાં સુબો કહે એ કાયદો ચાલતો હતો.

પોર્ટુગલમાં રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઇસાબેલાનાં શાસન ચાલતાં હતાં ત્યારે દીવમાં એક જુલમગાર સૂબાની હકુમત હતી. એ સૂબાના રાજ્યમાં ખ્રિસ્તી ધર્મની બહાર મરનાર માણસની મિલકત ખાલસા થતી હતી. ખ્રિસ્તી ધર્મની બહાર મરનાર માણસનાં લગ્ન ગેરકાયદે લેખાતાં. સ્વભાષાનો ઉપયોગ રાજદ્રોહ મનાતો. નિજ સંસ્કારની તાલીમની મનાઇ હતી. નિજ દેવપૂજાની પણ મનાઇ હતી. ખ્રિસ્તી ધર્મની બહારના માણસને સુબાની મનસ્વી મુનસફી સિવાય કાયદાનું સંરક્ષણ ન હતું.

જુલમગાર સુબાના હાથમાંની આવી જાતની રાજ્યપદ્ધતિ ભારે ક્લેશ, ભારે હેરાનગતિ, અને પારાવારની સતામણી પેદા કરતી.

દીવની વસતીના દુઃખનો કોઇ પાર ન હતો. વહુ-દીકરીઓ સલામત નહોતી. આબરૂ-ઇજ્જત સલામત નહોતાં, માલ-મિલકત સલામત નહોતી, ને એની સામે કાંઈ ઇન્સાફ ન હતો, દાદ ન હતી, ફરિયાદ પણ ન હતી. કેવળ સરકારી વહાણો જ દીવ અને પોર્ટુગલ વચ્ચે આવતાં જતાં ને એમાં સફર કરવાને માટે મૂળ વતનીને સુબાની ખાસ પરવાનગી જોઇતી હતી. એટલે પોર્ટુગાલના રાજાને તો ક્યાં શું કેમ ચાલી રહ્યું છે એનો જરા સરખો યે ખ્યાલ પણ ન હતો.

એવા દીવમાં, એવા સુબાના શાસનમાં એવી રીતે સતાવાતી દીવની પ્રજાની વચમાં જેઠીબાઇ નામે એક ખત્રીની જુવાન છોકરી વસતી હતી. એનો બાપ ખત્રીનો ધંધો કરતો ને જેઠીબાઇ પણ લૂગડાં રંગવાનું કામકાજ કરતી. જેઠીબાઇનું રંગકામ બહુ વખણાતું.

જેઠીબાઇ પ્રયાસે ફીરંગી ભાષા શીખી હતી. એને લીધે ફીરંગી અમલદારોની ઓરતો-માં પણ એનો અવરજવર હતો.

એક દિવસે સુબાની ઓરતે જેઠીબાઇને બોલાવીને કહ્યું: ' અમારા દેશનાં અમારાં રાણી સાહેબનો શુભ જન્મદિન આવે છે ને એ દિવસની ભેટસોગાદ તરીકે અમારે દીવના રંગકામના નમૂના મોકલાવવા છે. માટે તમે અમને થોડા નમૂના જલદી તૈયાર કરી આપો. '

વરસી પ્રમાણે જેઠીબાઇએ મનને ગમે એવું કામ કરી આપ્યું. ને ઉપર આંખને ઠરે એવા વાદળી રંગની એક ચૂંદડી પણ રાખી: ' બાઇ સાહેબ ! હુંયે રાણી સાહેબની રાંક પણ રૈયત છું. આપની લાગેવળગે સોગાદોની સાથે મારી આ રંક ભેટ પણ મોકલાવજો ને ! '

રાણી ઇસાબેલ એટલે રાજા ફર્ડિનાન્ડની કેવળ મહારાણી જ નહિ, પણ દિલપઝીર માશુક પણ હતી. રાજા કેવળ એનો પતિ ન હતો, આશક પણ હતો. ને રૂપસુંદરીના જન્મદિને રાજ રિયાસતનો ભારે દબદબો થતો. દેશદેશાવરથી ભેટસોગાદો લઇને વહાણો આવતાં ને પાટનગરમાં જાણે મેળાનો જમેલો રહેતો.

દીવથી સુબાએ રાણીના કદમમાં ધરેલી સોગાદોમાં વાદળી રંગની ચુંદડીએ એકદમ રાણીનું ધ્યાન ખેંચ્યું: દરબારમાં પોતાના અંગ ઉપર ઉપરણા તરીકે વાપરવાને એણે એ ચૂંદડી પસંદ કરી.

દરબારને હજી જરા વાર છે ને રાણી ઇસાબેલ સજેલાં વસ્ત્રો સાથે દર્પણમાં પોતાનું મુખ નીરખે છે, ને એના ગાલ ઉપર વાદળી રંગની ઝાંય ચોંટેલી એને દેખાય છે. અરે ! આ મનહર રંગની ચૂંદડીનો રંગ તો કાચો છે, ને એ રંગની ઝીણી ઝણ ઊડીને ચહેરાના જોબનવંતા રૂપને ઝાંખું કરે છે.

રાણીએ ચૂંદડી ઉતારીને પોતાની દાસીને ભેટ આપી દીધી. દાસીને થયું કે ભરદર-બારમાં જો પોતે રાણી સાહેબની આપેલી ભેટ ઓઢીને જશે તો પોતાનો મરતબો એકદમ વધી જશે. રાણી સાહેબ તો અમીર માણસ કહેવાય. જરાક ધોઇ નાખીએ તો વધારાના રંગની ઝણ ધોવાઇ જાય.

દાસી ઉતાવળે રંગ ધોવા ગઇ. એણે રંગ ધોયો ને એની આંખો ચમકી ગઇ. ઉપર-નો વાદળી રંગ આખો ઊતરી ગયો ને વાદળી રંગને બદલે મેઘધનુષના રંગકમનો ત્રીજો રંગ ગુલાબી રંગ ખીલી નીકળ્યો.

દાસી દોડી ને એણે રાણી સાહેબને ચૂંદડીના રંગપરિવર્તનની કૌતુકકથા કહી. રાણીએ ચૂંદડી હાથમાં લીધી. ખરે જ, ગુલાબી રંગ બહુ મનોહર હતો. પણ એય જરા હાથે ચોંટતો તો હતો.

દાસી ફરીને ધોવા ગઇ, ને ચૂંદડી ઉપરથી ગુલાબી રંગ ઊતરી ગયો. ને મેઘધનુષના રંગક્રમનો ચોથો રંગ ખીલતો લીલો રંગ નીકળ્યો.

આ અજબ રંગકરામતથી રાણીને નવાઇ લાગી. એણે ચૂંદડી ફરીને ધોવરાવી ને લીલો રંગ નીતરી જતાં ચૂંદડી ઉપર પાંચમો રંગ પીળો રંગ નીકળ્યો.

ફરીને ચૂંદડી ધોવાઇ, ને ધનુષના રંગક્રમનો છઠ્ઠો રંગ કેસરી રંગ નીકળ્યો. છઠ્ઠી વાર ચૂંદડી ધોવાઇ ને રંગક્રમનો છેલ્લો રંગ લાલ રંગ આવ્યો. ને સાતમી વાર જ્યારે ચૂંદડી ધોવાઇ ત્યારે લાલ નીતરી ગયો ને ચૂંદડીનું પાન અસલ હતું તેવું સફેદ રંગનું બન્યું.

તદ્દન અસલ જેવું પણ નહિ, કેમકે સફેદ પાનની વચમાં આછા કાળા રંગની ભાત હતી.

રાણીએ એ ભાત જોઇ. એ ભાત નહોતી, પણ અક્ષરો હતાઃ ફીરંગી ભાષામાં રાણી સાહેબને અરજી હતી.

એ અરજીમાં જેડીબાઇએ રાણી સાહેબના રંક પ્રજાજનને દાવે રાણી સાહેબના કદમમાં દીવના પ્રજાજનોની હાડમારીની વીતક આલેખી હતી. અંતમાં જેડીબાઇએ લખ્યું હતું:

' આ શુભ દિવસે બધા જ આપને ભેટ આપતા હશે. પણ હું દૂર દરિયાપાર વસેલી આપની ગરીબ રૈયત આપની પાસે આ જ ભેટ માગું છું. મારા દેશનાં ભાઇબહેનોને ન્યાય આપો ! અમને ન્યાય આપવામાં આપનો ઈશ્વર નારાજ નહિ થાય. "

અરજીની સાદી ભાષા, અરજી કરનારનું ચાતુર્ય, અરજી કરનારે પોતાની હિંમત ઉપર પાથરેલો પોતાની અજબ કારીગરીનો બુરખો...રાણીનું દિલ દ્રવી ઉઠ્યું.

ને દરબારમાં જ્યારે રાજાએ એને મહામૂલ્ય ઝવેરાત બક્ષીસ આપ્યાં ત્યારે એણે એ બક્ષીસ નકારીને કહ્યું: ' સ્વામી ! મહારાજ ! આજે મને રીઝવવી જ હોય તો માત્ર એક જ બક્ષીસ આપો ! દરિયાપાર વસતી મારી હિન્દની પ્રજાને ન્યાય આપો ! '

તાબડતોબ ફીરંગીઓના પાટનગરથી ફરમાન છૂટ્યું. એ શાહી ફરમાનનું નામ ' પાનરે જેડી ' જેડીબાઇની ચૂંદડી. એ ફરમાન પ્રમાણે પોર્ટુગલની હિન્દી પ્રજા માત્રને ધર્મ કે કોમના ભેદભાવ સિવાય સર્વ કોઇ બાબતમાં ફીરંગી પ્રજાજન જેટલા જ સમાન અધિકારો આપવામાં આવ્યા.

ને બીજી રીતે પણ રાજરાણીએ જેડીબાઇનું બહુમાન કર્યું.

પરદેશી ચડાઇખોરોની વસાહતોમાં મૂળ વતનીઓને પણ ચડાઇખોરો જેટલા જ સમાન પ્રજા-અધિકારોની વાત, ' પાનરે જેડી 'ના પ્રસંગ પછી સર્વસ્વીકૃત બની. ફીરંગી પછીના સર્વ પરદેશી ચડાઇખોરોએ એ સિદ્ધાન્તને સ્વીકાર્યો છે. એ સ્વીકારના મૂળમાં સમગ્ર પ્રજાના પ્રજાજણ કરતાં એક જુવાન ખત્રીની છોકરીની કારીગરીની કરામત ઊભી છે એનો ખ્યાલ ઘણાને નહિ હોય. *

—નારદ

* ' વંદેમાતરમ્ 'ના એક અંકમાંથી.

નારીની સાધના

સ્વ. દાદુ દયાળને નાનીબાઈ અને માતાબાઇ નામે બે કન્યાઓ હતી. જ્યારે તેઓ પરણવા લાયક ઉમ્મરની થઇ ત્યારે માતાપિતા તેમનાં લગ્નનો વિચાર કરવા લાગ્યાં. આજે પણ છોકરી મોટી થાય છે ત્યારે માબાપને ચિંતા થવા માંડે છે, તો તે પ્રાચીન જમાનામાં તો પૂછવું જ શું ? પણ આ સંસારી સાધુની બંને દીકરીઓએ તો કુંવારી રહેવાનો નિશ્ચય કરેલો હતો. આજે પણ છોકરીઓને કુંવારી રાખવાની માબાપોની હિંમત ચાલતી નથી, તો તે જમાનામાં તો ક્યાંથી ચાલે ? વળી કુંવારી રહેવામાં છોકરીઓમાં પણ આજના કરતાં તે જમાનામાં વધારે હિંમત જોઇતી જ હશે તો.

આ બંને બહેનોને લગ્ન કરવાનું સમજાવવાના અનેક પ્રયત્નો થયા. પહેલાં તો એમના પિતાએ જ એમને કહ્યું: ' બેટા, હવે તમે મોટી થઇ છો. તમારે હવે લગ્નનો વિચાર કરવો જોઇએ. ' ત્યારે આ પુત્રીઓએ જવાબ આપ્યો: ' પિતાજી, તમારી સાધના-ધારા અને વંશધારા બંને સાચવવાં અમારે માટે શક્ય નથી. ગમે તે એક જ અમારાથી સચવાય એમ છે. તો એમાં કયું શ્રેષ્ઠ ? અમે તો તમારી વંશધારા આગળ ચલાવવાને બદલે સાધનાધારા જ આગળ ચલાવીશું. '

પછી પિતા શું બોલે ?

આ પછી માતાએ એમને સમજાવવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું: ' બેટા, આપણે સ્ત્રીઓને વળી સાધના શી ? એ તો પુરુષોને શોભે. આપણે તો આપણો સંસાર ભલો; તમે હવે ઝટ સંસાર માંડો. '

પુત્રીઓએ જવાબ દીધો, ' માતા, સંસાર જે માંડવો હોય તો સંસારમાં મન જોઇએ. અમારું મન તો તપસ્યામાં-સાધનામાં છે. મન વિનાનો વિવાહ એ તો વ્યભિચાર જ કહેવાય. '

માતા પણ પાછી પડી. આ બંને બહેનો ઉપર એમના ભાઇની ખૂબ અસર હતી; તેના પ્રોત્સાહનથી જ બંને સાધનાને માર્ગે ચડી હતી. માતાપિતાએ એ ભાઇને પણ ઠપકો આપ્યો કે, લે હવે, બહુ ચડાવી મૂકી છે તે. જો, ભાઇનો પણ થયું કે, લાવને હું પ્રયત્ન કરી જોઉં.

તેણે જઇને બંને બહેનોને કહ્યું: ' બહેન, તમે સાધનામય જીવન ગાળવા માગો છો એમાં તો કંઇ બોટું નથી, પણ મારે માત્ર એક જ વસ્તુ વિષે તમને પૂછવું છે. માણસની દેહની ભૂખ કંઈ જેવી તેવી નથી હોતી. એ ક્ષુધા ખૂબ પ્રબળ હોય છે અને એને જીતવી એ અતિ મુશ્કેલ વાત છે. માણસનો સ્વભાવ જ અધોગામી છે. તો એ અધોગામી સ્વભાવને જીતશો શી રીતે ? '

ત્યારે આ બહેનોએ જવાબ આપ્યો: " ભાઇ, તું અમને એમ પૂછે છે કે અમારામાં રહેલા શિવ (દૈવી અંશ) અમારા જીવ (પાશવી અંશ)ને શી રીતે જીતી શકાશે ?-માનવની સ્વાભાવિક ગતિ જે અધોગામી છે તેને અમે ઊર્ધ્વગામી શી રીતે કરીશું ? એ તો ખૂબ સહેલું છે. ' દીપ લગાય તેલ જસ ચઢિ હૈ ' તેલની સ્વભાવિક ગતિ અધોગામી જ છે. પ્રવાહ પણ પ્રવાહી નીચે જ વહેવાનું; પણ જ્યાં દીવેટને મોઢે દીવો પેટાવ્યો કે તરત જ તેલની

ગતિ ઊલટી થઇ જવાની–ઊર્ધ્વ ગતિ થઇ જવાની. તે નીચે જવાને બદલે ઊંચે ચડવા માંડવાનું. એમાં મુશ્કેલી શી ? ''

ભાઇ શો જવાબ આપે ?

આમ ભાઇ પણ સમજાવી ન શક્યો, એટલે પછી સખીઓને માથે એ કામ આવી પડ્યું. તેમણે જઇને કહ્યું: ' બહેન, સ્ત્રીઓએ તે કદી સાધના કરી છે ? આપણાથી તે વળી સાધના થતી હશે ? માટે તમે એ વાત પડતી મૂકો અને પરણી જાઓ. '

બહેનોએ જવાબ દીધોઃ '' બહેન ! સ્ત્રીઓને મારનાર સ્ત્રીઓ જ હોય છે. ' સ્ત્રીથી કશું થાય નહિ, ' સ્ત્રી તો નમાલી, એવું કહેતાં તમને શરમ નથી આવતી ? અમે તો પૂછીએ છીએ કે જગતે સ્ત્રી પાસે માગ્યું છે કયારે ? જગતે કયારે સ્ત્રી પાસે ઉચ્ચ વસ્તુનો દાવો કર્યો છે કે સ્ત્રી તે આપે ? સ્ત્રી પાસે એવી માગણી થઇ હોય અને છતાં તેણે તે પૂરી ન કરી હોય તો ખરું કે સ્ત્રીથી કશું થતું નથી અને થવાનું નથી. પણ એમ ને એમ શા માટે સ્ત્રીને વગોવો છો ? ' નાર સે કછુ હોત નહીં; અસ દાવા કછુ આહી ? ' એ તો જેમ ગોરખે જઇને મત્સ્યેન્દ્ર પાસે માગણી કરી તો મત્સ્યેન્દ્રને આપવું પડ્યું.

પ્રસંગ એવો છે કે મત્સ્યેન્દ્રનાથ એ ભારતવર્ષના અતિ પ્રસિદ્ધ યોગી હતા, ખૂબ ઉચ્ચ ભૂમિકાએ ચડેલા હતા. એમને ગોરખનાથ નામે એક શિષ્ય હતો. મત્સ્યેન્દ્રનાથ ફરતા ફરતા કામરૂ દેશમાં જઇ ચડ્યા. ત્યાં તો સ્ત્રીઓનું જ રાજ્ય. ત્યાં ગયા પછી અસાવધતા આવતાં મત્સ્યેન્દ્ર ખૂબ ભોગવિલાસમાં ડૂબી ગયાઃ તેમની ખૂબ અધોગતિ થઇ; આખો વખત સ્ત્રીઓમાં જ પડી રહેવા લાગ્યા. જ્યારે ગોરખનાથને કાને આ વાત આવી ત્યારે તેને પારાવાર દુઃખ થયું. તેણે નિશ્ચય કર્યો કે મારે મારા ગુરુને પાછા ઉપર લાવવા. તે તરત જ કામરૂ દેશ જવા ઉપડ્યો. ત્યાં પહોંચી તેણે મત્સ્યેન્દ્રને મળવા પ્રયત્ન કર્યો, પણ એને કોઇએ અંદર જવા દીધો નહિ. આખરે એણે દેવડીએ પડેલા નગારા ઉપર ચોટ ચલાવ્યા અને તે અવાજ સાંભળી મત્સ્યેન્દ્ર એકદમ બહાર આવ્યા.

' કોણ છે ? '

' જાગ મછેન્દર, ગોરખ આયા. '

પોતાના શિષ્યને આટલા દૂરના પ્રદેશમાં આવેલો જોઇ ગુરુનું વત્સલ હૃદય જરા પલળ્યું. પૂછ્યું: ' શું છે ? કેમ આવ્યો છે ? '

' મારે તમારી પાસે ઉપદેશ જોઇએ છે. '

મત્સ્યેન્દ્રે નિખાલસતાથી અને ઊંડા દર્દથી કહ્યું: ' બેટા, હવે આ કંઈ પહેલાંનો મત્સ્યેન્દ્ર રહ્યો નથીઃ હું તને ઉપદેશ નહિ આપી શકું. '

' તે ન ચાલે, આપવો જ પડશે. હું તમારો શિષ્ય છું, તમે મારા ગુરુ છો. ગોરખ માગે અને મછેન્દર ના પાડે એ બને જ નહિ. '

બસ, મછેન્દર જાગી ગયો. તેનું ભોગજીવન ક્ષણમાં સાપની કાંચળીની જેમ ઊતરી ગયું. બાળકનો જન્મ થયા પછી તેની નાડી માતાની નાડીથી સ્વતંત્ર થઈ જાય છે, માતૃ-નાડીનો સંબંધ જેમ બંધ થઈ જાય છે, તેમ પુસ્તકમાં મછેન્દર પાછો પૂર્વભવનો મછેન્દર થઇ ગયો અને ગોરખની સાથે ચાલી નીકળ્યો. અહીં જેમ શિષ્યે દાવો કર્યો તો ગુરુએ

પાત્રતા મેળવી તેને સંતોષવો પડશે, તેમ સ્ત્રી પાસે જો માગણી કરવામાં આવે તો તે પણ જરૂર સંતોષે. માણસ પોતા પાસે પણ જેટલી માગણી કરે તેટલું જ એને મળે. ''

હવે સખીઓને પણ કશું કહેવાનું રહ્યું નહિ.

દાદુ દયાળના એક ભક્ત રાજા ભગવંતદાસ કરીને હતા. તેમણે આ બહેનોને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો. તેમણે કહ્યું: '' સ્ત્રી જાતે કોમળ છે; એનાથી કઠોર સાધના ન થઇ શકે, માટે તમે જીદ છોડી દો. ''

ત્યારે બહેનોએ જવાબ વાળ્યો: '' અંકુર કોમળ હોય છે, કૂંપળ કોમળ હોય છે, પણ એ જ કોમળ કૂંપળ ' પાષણકો પાષણ કરે ગાંઠ ગાંઠ લહરાઇ '–પથ્થર જેવી કઠણ ડાળીઓને ભેદીને તેની ગાંઠેગાંઠને નવપલ્લવથી મર્મરિત કરી મૂકે છે, અને એ જ કોમળ અંકુર ધરતીના પડને ચીરીને ઉપર આવે છે. એટલે સ્ત્રીઓ કોમળ છે, એમ કહીને સ્ત્રીઓ નિર્બળ છે એવું સાબિત કરવા મથશો નહિ. ''

' પણ આ રાજા એમ હારે એવા નહોતા. એ બુઢ્ઢાએ નવો પ્રશ્ન પૂછ્યો: ' ભલે, પણ તમે હજી નાની છોકરી છો, તમારી તે શક્તિ કેટલી ? સાધના કેટલી ? ગજું કેટલું ? '

બહેનોએ કહ્યું: '' મહારાજ, બીજ કેટલું નાનું હોય છે ! અગ્નિનો તણખો કેટલો નાનો હોય છે ! અને છતાં એ બીજ જ ધરતી નીચે દબાયું હોય છે ત્યાંથી એ બાધાને વટાવીને, પોતાનો માર્ગ કરીને સૂર્ય સામે પોતાનો બાહુ વિસ્તારે છે; એ અગ્નિનો તણખો જ પ્રબળ જ્વાળા પ્રગટાવે છે—લાકડાનો બબડકો નકામો હોય છે. બાધાને જીતવી એનું નામ જ પ્રાણ—' બાધાજિત તિત પ્રાણ. ' ''

આટલાથી પણ રાજા ધરાયા નહિ. એમણે વળી પ્રશ્ન કર્યો: ' પણ તમારી સાધનાની રીત તો જરા બતાવો. '

ત્યારે આ બહેનોએ કહ્યું: '' સાધનાની વળી રીત શી ? સાધના એ તો સ્વાભાવિક વસ્તુ છે–સહજ વસ્તુ છે. એ કાંઇ મારી બાંધીને બળજબરીથી પાળવાની વસ્તુ નથી. શિશિર ઋતુમાં વૃક્ષોમાંથી નવપલ્લવ કુટાડવા માટે કોઇ લાખો કુહાડી ચલાવે, પણ ડાળી ભેદીને એક પણું કૂંપળ ન કાઢી શકે. પણ જ્યાં વસંતનો મલયસમીર વાવા માંડે કે લાગલી જ કોમળ કૂંપળો ઓ ડાળીઓને ભેદી ભેદીને ડોકિયાં કરે છે.

' હારે લાખ કુલ્હાડી તૅહ જ્યે મલયસમીર '–એમ અમારી સાધના પણ મલયસમીર જેવી સહજ જ હશે. ''

કશું જ ન ચાલ્યું ત્યારે રાજાએ એક છેલ્લો પ્રશ્ન પૂછ્યો: ' સારું. પણ તમારી સાધનાનો ક્રમ–Plan—યોજના શી છે તે તો મને કહો. '

ત્યારે એ બહેનોએ કહ્યું: ' આગળથી તૈયાર કરેલા નકશા પ્રમાણે તો બગીચો જ ચણી શકાય; ઝાડ તો પોતાની-સ્વૈર સહજ–રીતે જ ઊગે. તેમ સાધના અને જીવનનો પણ નકશો તૈયાર ન હોય; એ તો જીવંત વસ્તુ રહી એટલે એ તો ઊગે–પોતાની સહજ ગતિએ વધે અને વિકસે. '

રાજાની અને સૌની ખાતરી થઇ ગઇ કે, આ બહેનોને પોતાના નિશ્ચયમાંથી ચળાવવી એ અશક્ય પણ છે અને અનાવશ્યક પણ છે.÷

બાબુ ક્ષિતિમોહન સેન

÷ '' શિક્ષણ અને સાહિત્ય ''ના જુલાઇ-૧૯૪૨ ના અંકમાંથી.

સ્થાનિક સ્વરાજ

સ્વરાજ શબ્દ તમે ખૂબ વાર સાંભળ્યો ને વાંચ્યો તથા બોલ્યા હશો. સ્વરાજ એટલે આપણું પોતાનું રાજ. આપણા દેશનો રાજકારભાર આપણે પોતે આપણા પ્રતિનિધિઓ ચૂંટીને અને આપણને હિતકર લાગે એ રીતે ચલાવીએ તે સ્વરાજ. આવું જ ચલાવવાની શરૂઆત આપણા પોતાના સ્થાનથી કે ગામથી શરૂ થાય છે. આખા દેશનું કારભારું કરવાની સાથોસાથ દરેક ગામને પોતાને લગતાં અનેક જાતનાં નાનાંમોટાં કામો હોય છે; જેવાં કે, ગામની સ્વચ્છતા, ગામની સુખાકારી, લોકોની તંદુરસ્તી, અવરજવરનાં સાધનો અને રસ્તા, બાળકોની કેળવણી માંદાની દવા તથા બરદાસ ચાકરી, સુવાવડ, વગેરે. આ બધાં કામો દરેક સ્થાનને અંગે કરવાનાં હોય છે. તેમને માટે નાણાંની જોગવાઇ કરવી, સાધનસામગ્રી મેળવવી અને તેને બરાબર જોગવવી તથા વાપરવી, વગેરે કરવું જોઇએ. આ બધું તે તે સ્થાનના લોકો ભેગા મળીને સહકારથી કરે તો જ સરસ થાય. એ કામો પણ લોકો પોતાની ખુશી પ્રમાણે કરે તો તે મારફત તેમને સ્વરાજ ચલાવવાની તાલીમ પણ મળે અને ગામનું કામ ચાલે. તેથી કરીને આ જાતના સ્થાનિક કામને પણ સ્વરાજ કહેવામાં આવે છે, અને દેશના સ્વરાજથી તેને જુદું પાડવા માટે તેને સ્થાનિક સ્વરાજ કહેવામાં આવે છે.

ઘણા પ્રાચીન કાળથી આપણા દેશમાં આવી જાતની વ્યવસ્થા ચાલતી હતી, એમ ઇતિહાસ પરથી જણાય છે. આપણે એ વ્યવસ્થાને ગ્રામ પંચાયત કહીએ છીએ. ગામની સુખસગવડ અને બધી તરેહની સુખાકારી સાધવા ભથવાની સાથે ગ્રામપંચાયત કોરટનું કામ પણ કરતી. આથી કરીને ન્યાય ચૂકવવાનું કામ આજ જેમ ખૂબ મોંઘું અને બોકજંધ બધી પડયું છે, તેવું ત્યારે નહોતું. ગામના પંચ મારફતે જ ફરિયા ચૂકવાતા, તેથી તે ઝટ પતતા અને સમન્સ આવે ત્યારે લોકોને તાલુકે આવે-જા કરવાની ખટપટ પણ નહિ પડતી. ગામના પ્રશ્નો બાબત મોટે ભાગે ગામપંચાયત જ બધું જોઇ લેતી.

તમે પૂછશો કે, આપણા દેશમાં આજે જિલ્લામાં લોકલ બોર્ડ તથા શહેરોમાં મ્યુનિસિપાલિટીઓ કામ કરે છે તે બધી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ન કહેવાય? બરાબર છે; તે સંસ્થાઓ સ્થાનિક સ્વરાજનું જ કામ કરે છે. અમુક મતાધિકાર ધરાવતા લોકો પોતાના પ્રતિનિધિઓ ચૂંટે છે; તેઓનું લોકલ બોર્ડ કે મ્યુનિસિપાલિટી બને છે. તેમનું કામ શું, કામ કરવાને માટે નાણાં કયાંથી મળે, કઇ મર્યાદામાં તેમણે કામ કરવું જોઇએ, એ બધી બાબતો નક્કી કરવાને માટે સ્થાનિક સ્વરાજનો કાયદો સરકારે કર્યો છે. તે મુજબ આ સંસ્થાઓના સભ્યોને લોકો ચૂંટે છે; તેઓ પછી લોકોનાં સ્થાનિક કામો કરવાને માટે ગોઠવણ કરે છે.

પરંતુ આમાં આખા જિલ્લાનું એક મંડળ હોય છે. દરેક ગામનું ગ્રામપંચાયત જેવું મંડળ એમાં નથી હોતું. હવે સરકારે એને સારુ પણ કાયદો કર્યો છે અને ૨૦૦૦ ઉપર વસ્તીનાં ગામોમાં ગ્રામપંચાયતો નીમવી એમ ઠરાવ્યું છે. આથી કરીને ગામલોકને સ્વરાજની તાલીમ મળી શકશે. જો તેઓ સહકારથી અને સચ્ચાઇથી કામ કરે, તો ગામને અને તેની પ્રજાને ખૂબ લાભ મળે. પણ તેની શરત એ છે કે, લોકોમાં સંપ, પ્રામાણિક બુદ્ધિ અને સેવાભાવ તથા ન્યાયબુદ્ધિ હોવાં જોઇએ. એ જ ગુણો દ્વારા દેશનું સ્વરાજ પણ ચલાવી શકાય. આ ગુણો કેળવવા માટે સ્થાનિક સ્વરાજ સારી નિશાળ ગણાય.* મ૦

* " શિક્ષણ અને સાહિત્ય "ના જુલાઇ ૧૯૪૨ ના અંકમાંથી.

માનસશાસ્ત્રના કેટલાક રસપ્રદ પ્રયોગો

આજે જગતમાં અનેક શાસ્ત્રોની પ્રગતિ થઇ રહી છે. તેમની સાથે માનસશાસ્ત્ર પણ ખૂબ પ્રગતિ કરી રહ્યું છે અને એ શાસ્ત્ર સાથે પોતાને હંમેશાં સંબંધ રહેતો હોઇ તેનાં કેટલાંક સ્થૂળ તત્ત્વો જાણી લેવાં આવશ્યક છે, એમ લગભગ પ્રત્યેક વ્યક્તિને લાગવા માંડ્યું છે. વિશેષતઃ અમેરિકામાં સેંકડો સંસ્થાઓ માનસશાસ્ત્ર સંબંધી બારીક વિચાર ચલાવીને જુદી જુદી શોધો કરી રહેલ છે. કારણ, એ શાસ્ત્ર આજે એટલું બધું ઉપયોગી થઇ પડ્યું છે કે જે કોઇ વ્યક્તિને સમાજમાં રહેવું હોય અને પોતાની પ્રગતિ કરવાની ઇચ્છા હોય તેણે માનસશાસ્ત્રનાં સ્થૂળ તત્ત્વો જાણી લેવાં એ શ્રેયસ્કર છે. રાજ્યશાસ્ત્રજ્ઞો, મુત્સદ્દીઓ, તબીબો, તત્ત્વજ્ઞો અને એવા લોકોને માનવીજીવન સાથે કેટલો બધો સંબંધ રાખવો પડે છે? આમ હોઇ, તેમણે માનસશાસ્ત્રની સૂક્ષ્મ માહિતી મેળવવી જ જોઇએ. વેપારી, શિક્ષક, દલાલ, કારખાનાદાર અને નટ સુદ્ધાંને આ શાસ્ત્રની મદદની જરૂર જણાવા માંડી છે. અમેરિકામાં જુદા જુદા ધંધાઓમાં પડેલા લોકોને તેમના ધંધામાં આવશ્યક એવા પ્રકારનું શિક્ષણ આપવા કેટલીય સંસ્થાઓ હયાતીમાં આવી છે.

તાજેતરમાં ભરાયલી એક અમેરિકન માનસશાસ્ત્ર સંસ્થાની વાર્ષિક બેઠકમાં રસપ્રદ ઉપજાવનારા પ્રયોગો કરવામાં આવ્યા હતા. ડૉ. હેન્રી લિંક અને ડૉ. ફીલ્ડર્ગે લોકોના અભિપ્રાય ખરા હોવા વિષે પડકાર ફેંક્યો હતો. તેમના મત મુજબ પોતાનો અભિપ્રાય આપતી વખતે કેટલાક લોકોને પોતાના મતની બિલકુલ માહિતી હોતી નથી. એટલે લોકો જે વસ્તુ સંબંધી અભિપ્રાય આપે તે વિષે નિશ્ચિત સિદ્ધાંત બાંધવો એ ભૂલ છે. ઉદાહરણ તરીકે તમારી મોટરમાં કયાં ટાયર વાપરો છો, એવો પ્રશ્ન ૫૦૦ જણને પૂછવામાં આવ્યો હતો. તેમના ઉત્તર પછી એ લોકોની મોટરોનાં ટાયર જોયાં તો જણાયું કે કેટલાય માણસોએ ઉત્તર આપવામાં ભૂલ કરી હતી.

× × ×

લોકમત જાણવાની યુક્તિ

બીજા કેટલાંક કેદીઓએ સર્વસાધારણ લોકમત અજમાવી જોવા આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યોઃ "સરકારે ચીજોના ભાવ વધે નહિ એ માટે ખબરદારી રાખવી જોઇએ એમ તમને લાગે છે?" આ પ્રશ્નનો ઉત્તર ૮૫ ટકા લોકોએ "હા" કહીને આપ્યો હતો; પણ તે પછીનો બીજો જ પ્રશ્ન આ પ્રમાણે હતોઃ "લોકોના પગારોમાં અને મજૂરીના દરોમાં વધારો થાય એમ કરવા સરકારે કાંઈ કરવું જોઇએ કે?" આ પ્રશ્નનો પણ ૨૭ ટકા લોકોએ હકારમાં ઉત્તર આપ્યો હતો. ડૉ. લિંકના મતે આવા પ્રકારના પ્રયોગથી આપણને લોકમતનો ખ્યાલ આવશે. માત્ર પહેલો જ પ્રશ્ન પૂછવામાં આવ્યો હોત તો એક જ તરેહનો મત દેખાઇ આવત, પણ બીજા પ્રશ્ન પરથી એ જ લોકોનો કેવો વિરોધ મત હોય છે તેનું દિગ્દર્શન થાય છે. વસ્તુતઃ ઉપરના બન્ને પ્રશ્નોને એકબીજા સાથે સંબંધ નહોતો. નિશ્ચિત સિદ્ધાંત કાઢવા માટે એક વધુ પ્રશ્નની જરૂર હતીઃ "લોકોના પગાર અને મજૂરીના દર ઠરાવ્યા સિવાય જો ચીજોના ભાવ ઠરાવી શકાતા ન હોય તો ચીજોની કિંમત સરકાર ઠરાવી દે એ વાત તમને અનુકૂળ આવે છે?"

મત આપવાના આગલા દિવસે પણ આવતી કાલે પ્રત્યક્ષ મત કેવો પડશે એ નિશ્ચિતપણે કહી શકાતું નથી. કારણ કે પ્રત્યક્ષ નિમણૂંક થવાના આગલે દિવસે કરેલી પ્રાયોગિક મતગણતરી અને પ્રત્યક્ષ મતદાન એ બે વચ્ચે મહત્ત્વનું અંતર હોવાનું દેખાઇ આવ્યું હતું.

× × ×

બૌદ્ધિક પ્રગતિને શિયાળો અનુકૂળ નીવડે છે ?

ડૉ. હેરોલ્ડ જોન્સે શાળામાં જવા યોગ્ય વયનાં સુમારે ૭૦૦ બાળકોને ચકાસી જોયાં હતાં અને એમ જણાઇ આવ્યું હતું કે ચોમાસામાં અને શિયાળામાં સાધારણતઃ બાળકોની બૌદ્ધિક પ્રગતિ ૪-૫ જેટલી વધી હતી. એથી ઊલટી રીતે વસંતઋતુમાં અને ઉનાળામાં માત્ર ૨ હતી.

સર્વસાધારણપણે મનુષ્યની બુદ્ધિની તીવ્રતા ૩૫ થી ૪૦ ની વય દરમિયાન પ્રકટ થાય છે, એમ ઓહીઓ વિશ્વવિદ્યાલયના માનસશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. હાર્વે લેહમેનનો મત છે. છેલ્લાં ૫૦૦ વર્ષમાંના જુદા જુદા ક્ષેત્રોમાંની અધિકારી એવી વ્યક્તિઓનો અભ્યાસ કરીને જ તેઓ એ મત પર આવ્યા છે. ૪૦ વર્ષ પછી મનુષ્યના હાથે કદાચ ખૂબ કામ થાય અથવા એ પુષ્કળ ગ્રંથસંપત્તિનું સર્જન પણ કરે, પણ તેની બુદ્ધિમત્તાનો પ્રકર્ષ તો તેની તરુણાવસ્થામાં એટલે ૪૦ વર્ષ સુધીમાં જ દેખાય છે.

રસાયનશાસ્ત્રી, શારીરશાસ્ત્રી, શોધક, એમના આયુષ્યમાં ૩૦ થી ૩૪ પર્યંતનાં વર્ષો મહત્ત્વનાં જણાયાં છે. ગણિતશાસ્ત્રો, પ્રાણીશાસ્ત્રી અને ઔષધો અંગેનું સંશોધન કરનારાઓના સંબંધમાં એમ માલમ પડે છે કે ૩૫ થી ૩૯ ની ઉંમર દરમ્યાન તેમણે મોટી શોધો કરેલી છે.

લેખકનાં કિંમતી વર્ષો

લેખકો પૈકી પ્રથમ પંક્તિની લઘુકથાઓ કિંવા લઘુકાવ્યો તે તે લેખકની ૨૦ થી ૨૯ વર્ષની વય દરમ્યાન લખાયાં છે. શ્રેષ્ઠત્વ પ્રાપ્ત કરનારાં પુસ્તકો ધીરગંભીર પુસ્તકો, ધાર્મિક સાહિત્ય, ઉચ્ચ વિનોદી વાઙ્મય, એ ત્રીસ વર્ષની અંદરના તરુણોએ લખેલાં છે. શાસ્ત્રીય, રાજકીય, શોકાન્ત વાઙ્મય અને પ્રથમ દરજ્જાનું ઉપયોગી સાહિત્ય સામાન્યતઃ ૪૦ વર્ષની વયનાં માણસોએ લખેલાં દેખાય છે. ઇતિહાસ અને વિવેચન, એ પર પચાસની આસપાસના લોકોએ ઉત્કૃષ્ટ લેખન કર્યાનું જણાય છે. ચરિત્રો, ખાસ કરીને આત્મચરિત્રો સાઠીની આસપાસનાએ લખેલાં છે, એમ દેખાઇ આવશે.

ઉત્કૃષ્ટ નટી ૨૫ થી ૨૯ પર્યંત અને નટ ૩૦ થી ૩૪ ની વય પર્યંત નિર્માણ થાય છે એવું ડૉ. હેરોલ્ડ જોન્સનું કહેવું છે.

મધ્યમ વર્ગના બુદ્ધિવંતોની ખાણ

સારી બુદ્ધિમત્તા ધરાવતા છોકરાઓ સમાજના બધા થરોમાં મળી આવે છે. પરંતુ તેમનું વધુ પ્રમાણ મધ્યમ વર્ગમાંથી મળી રહે છે. ડૉ. લેવીએ ૫૦ હજાર વિદ્યાર્થીઓમાંથી ફક્ત ૫૦ પ્રથમ દરજ્જાના છોકરાઓ શોધી કાઢયા. બધાયનું બૌદ્ધિક ઉચ્ચ બિંદુ (ઇન્ટેલીજન્સ કવોશન્ટ) ૧૪૫ સુધી હતું. આ બધાંય છોકરાઓને જુદા જુદા વિષયોની માહિતી હતી. આ છોકરાઓ અંગેની વ્યક્તિગત માહિતી મેળવતાં જણાયું કે તેઓ સમાજના દરેક થરમાંથી આવેલા હતા. કોઇ છોકરાનો પિતા શાળાનો મુખ્ય અધ્યાપક હતો, કોકનો પિતા સૈન્યનો અધિકારી હતો અને કોકનો પિતા વેપારી હતો; એટલું જ નહિ પરંતુ, કેટલાક

છોકરાઓના પાલક મોટર ડ્રાઇવર અને મિલમાં મજૂર હતા. પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ છોકરાંઓ પૈકી પ્રત્યેક પાંચ છોકરાઓમાં ૧ અને પ્રત્યેક પાંચ છોકરીઓ પૈકી માત્ર ૨, એટલાંને શિક્ષકોએ ઉત્તમ અને ચાલાક એવો શેરો આપ્યો હતો. બે છોકરાઓને તો 'ઢ' શેરો મળ્યો હતો. આ પરથી શિક્ષણપદ્ધતિમાં કેવો દોષ છે એનો વાચકોને ખ્યાલ આવશે.

વૉશિંગ્ટન વિશ્વવિદ્યાલયના એક પ્રાધ્યાપક ડૉ. થિયોડર લેન્ટઝના મત પ્રમાણે દારૂબાજ માણસોમાં Self-Consciousness ખૂબ હોય છે. ૧૦૦ દારૂબાજ માણસો અને ૧૦૦ દારૂ ન પીનારા માણસો એ બન્નેની ચકાસણી કરતાં એમ માલમ પડ્યું હતું કે દારૂ એ સિગારેટની માફક મનુષ્યના સ્વત્વના ભાન (Self-Consciousness) પર વધુ અસર કરે છે. દારૂ નહિ પીનારાઓ વધુ સુખી અને આશાવાદી હોય છે, એવો પણ અનુભવ થયો હતો.

("પ્રજાબંધુ"ના એક અંકમાંથી)

કંટાળો ત્યારે શું કરો ?

" કંઈ ગમતું નથી. " 'મજા પડતી નથી,' મન સાવ સુસ્ત થઈ ગયું છે એ જાતની લાગણી ગમે તેવા આનંદી, ઉત્સાહી, આશાવાદી અને સશક્ત માણસને કોઈ કોઈ વખતે થઈ જ આવે છે. અચાનક આવી પડતી એવી માનસિક અસ્વસ્થતાને ટાળવા માટે તમે શું ઉપાય લો છો ? " એ પ્રકારનો સવાલ અમેરિકાની કેટલીક આગેવાન વ્યક્તિઓને પૂછવામાં આવ્યો હતો.

નવી દૃષ્ટિ સાંપડે

એના ઉત્તરમાં ડોનાલ્ડ પીટી નામના લેખક પ્રકૃતિવિદ્યાવિશારદે જણાવ્યું હતું કે "મારી જાતથી અને બીજા માણસોથી જ્યારે હું ત્રાસી જાઉં છું ત્યારે હું મારી પત્નીને લઈને ઘૂમવા નીકળી પડું છું અને શેરીના ખૂણે દેખાડવામાં આવતું દૂરબીન જોવા કે ઉઘડતો પુડો નીરખવા કે દરિયાકિનારા પરનાં પંખીઓને નિહાળવામાં ગુંથાઉં છું. હંમેશાં, મનુષ્ય સાથે સંબંધ ધરાવતી કોઈ પણ પ્રવૃત્તિ કે કાર્યની બહારનાં ક્ષેત્રોમાં ડૂબકી મારું છું. ત્યાં મને ખ્યાલ આવે છે કે જે દુનિયાની ચિંતા માનવી કરતો નથી તે દુનિયા-કુદરતની દુનિયા કેટલી બળેથી ચાલી રહી છે ! એ રીતે મને મારું દૃષ્ટિબિન્દુ સાંપડે છે. માનવજાતને હું સૃષ્ટિના અથવા કુદરતના એક ભાગ તરીકે જ જોઉં છું અને સૃષ્ટિને અથવા કુદરતને, અનિવાર્યપણે સફળ બનતા પ્રયોગ તરીકે નીરખું છું. "

બહારગામ જાઉં છું !

લેખક, વેપારી અને રાજપુરુષ તરીકે જાણીતા બ્રુસ બાર્ટને જણાવ્યું કે " કામ કરતાં, અધવચમાં જ જો મગજ ખાલી થઈ જાય તો ટોપી પહેરી સીધો બહાર નીકળું છું અને જોડાને 'પાલીશ' કરાવું છું. બહારની તાજી હવા અને જોડા નીચેના પગનાં આંગળાંને પોલીશવાળાના બ્રશને લીધે થતા દળવા 'માલીશો'ના મિશ્રણથી લોહી પાછું મગજ તરફ વહેવા લાગે છે. લાંબા વખત સુધી કંટાળો અને ખાલીપણું લાગતું હોય તો સરસ ઉપાય એ છે કે મિત્રોને, સંબંધીઓને અને ઑફિસમાં પણ જાહેર કરવું કે 'હું બહારગામ જઉં કું, અને પછી જવું નહિ. મોઢા ઉઠવું, પથારીમાં જ થાનાસ્તો કરવાં, ઑફિસે ન જવું

અને શહેરનાં વિશાળ તથા ખુલ્લાં સ્થળોમાં એકલા ઘૂમવા નીકળી પડવું; મંદિરો, દેવાલયો, મ્યુઝિયમો, અદાલતો, રમતગમતનાં મેદાનો, મેળાઓ વગેરે સ્થળોમાં મોજથી ફરવું. માનવ-પ્રવૃત્તિ અને આનંદનાં અનેકવિધ ક્ષેત્રોમાંથી કયાંકથી તો તમને નવીન અને ઉત્તેજક દૃષ્ટિબિન્દુ સાંપડશે. "

સ્ત્રી જુદું જ કહે છે !

વિદ્વાન અને પ્રખ્યાત પત્રકાર ફ્રેન્કલીન એડમ્સે કહ્યું કે " કંટાળાના ભૂતને હઠાવવા માટે મારી પાસે અનેક ઈલાજો છે: જેને લીધે કંટાળો આવ્યો હોય એમ લાગે તેનાથી તદ્દન ભિન્ન એવી કોઈ ચીજમાં મશગુલ થવું જોઇએ. ટેનિસ, પોકર અને પૂલ—આ ત્રણ રમતોમાં હું, ખરેખર, મારી જાતને ભૂલી જ જાઉં છું; અને પછી બેવડા ઉત્સાહથી હું મારે કામે વળગું છું. પણ જ્યારે હું એકલો હોઉં છું ત્યારે તાજો થવા માટે હું શેક્સપીઅર વાંચું છું. એવું કોઇપણ નાટક વાંચવા લાગું છું. આ તો મારું કથન છે. મારી પત્ની એમ કહે છે કે એવું કંઇ હું કરતો નથી. મારી નજીકમાં જે માણસ હોય તેના ઉપર ચીડની ઝડીઓ વરસાવું છું. કેટલું જુદું ! "

રસોડાની જાદુઇ અસર

સ્ત્રીઓના સામયિક પત્રની તંત્રી અને લેખિકા ડેલી લ્યુટેસે આ ઇલાજ સૂચવ્યોઃ " ટેબલ પરના વધુ પડતા ચાલુ કામના કંટાળાની અસર કાઢવા માટે હું રસોડાની પ્રવૃત્તિમાં ગુંથાઉં છું. રોટી શેકવી એ એક અદ્‌ભુત કામ છે. જ્યારે માણસ રોટી શેકે છે ત્યારે જીવનની મૂળભૂત, પાયારૂપ ક્રિયા તે કરતો હોય છે અને શેકાએલ રોટીની સુવાસ એ વસ્તુ પૂરવાર કરે છે. રોટી શેકવાના અથવા તો બીજા કોઇ પણ રસોડાના કાર્યમાં મોરે માટે એવી શક્તિ પડેલી છે કે જેને પરિણામે તાજી થઇને હું મારા લેખનકાર્યમાં ઉત્સાહથી મંડી પડું છું."

અમેરિકાના આજના નૌકામંત્રી ફ્રૅન્ક નૉક્સે સૌથી જુદો જ જવાબ આપ્યો. એમણે કહ્યું: " કંટાળા માટે મારી પાસે કોઈ ઇલાજ જ નથી, કારણ કે કંટાળો શું છે એની મને ખબર જ નથી., જીંદગીને જોશપૂર્વક જીવનાર માટે જીંદગી અખૂટ રસથી ભરેલી છે. "

[તા. ૧૧-૭-૪૨ ના " જન્મભૂમિ "માંથી.]

પ્રભુની ભેટ

આખા દેશમાં ખ્યાતિ ફેલાઇ ગઇ છે કે ભક્ત કબીર સિદ્ધ પુરુષ છે. લાખો નરનારી આવીને તેમની કુટિરને ઘેરી ઊભાં રહે છે. કોઇ કહે છેઃ 'મંત્ર ભણી મારો રોગ મટાડી દો.' કોઇ વંધ્યા રમણી સંતાન માટે વિલાપ કરે છે. કોઇ કહે છે: 'તમારી દિવ્ય શક્તિ મને નજરે બતાવો.' કોઇ કહે છેઃ 'સંસારમાં વિધાતા છે, એ વાત પ્રમાણ આપી સમજાવો.'

વ્યાકુલ કબીર બંને હાથ જોડી ભગવાનને કહે છે: 'હે હરિ! તેં મારા પર દયા કરી મને નીચ યવનને ઘેર જન્મ આપ્યો છે. મને હતું કે તારી અપાર કૃપાને લીધે કોઇ મારી પાસે નહિ આવે સહુની દૃષ્ટિ બહાર હું અને તું બે જ રહીશું. પણ, હે માયાવી ! આ શી રમત રમે છે ! મને છેતરે છે શા માટે ? વિશ્વના લોકોને મારે ઘેર બોલાવી લાવીને તારે નાસી જવું છે કે શું ? '

નગરમાં જેટલા બ્રાહ્મણો હતા તેમને ખૂબ ક્રોધ ચડ્યો છેઃ " યવન વણકરની ચરણ-રજ લેવા લોકો દોડાદોડ કરે છે; પાપનો ભાર વધી પડ્યો છે; પૂરો કળિયુગ આવ્યો છે; આનો પ્રતિકાર નહિ કરીએ તો ધરતી રસાતલ જશે. " બ્રાહ્મણોએ એક ભ્રષ્ટા સ્ત્રી સાથે યુક્તિ કરી. છૂપી રીતે તેની સાથે વાત કરી એ સ્ત્રીના હાથમાં સુવર્ણ આપ્યું.

એક દિવસ બજારમાં કબીર વસ્ત્ર વેચવા જતા હતા. સહસા સહુની સમક્ષ રડતાં રડતાં તે સ્ત્રીએ કબીરને પકડી રાખ્યા. તે કહેવા લાગીઃ " રે શઠ ! નિષ્ઠુર ! કપટી ! હું આ વાત કોઇને નથી કહેતી એટલે તું એક અબળા નારીને છેતરી જાય છે ! કંઇ જ અપરાધ વિના મને તજીને આ સાધુનો વેશ તો ઠીક સજ્યો છે ! અન્નવસ્ત્ર વગર મારો તો વર્ણ કાળો થઇ ગયો. " પાસે જે બ્રાહ્મણો ઊભા હતા તેમણે કપટી ક્રોધ કરીને કહ્યુંઃ " ભક્ત-તપસ્વી ! ધર્મને નામે જ ધર્મનો લોપ કરો છો ! નિરાંતે બેસીને સરલ લોકોની આંખમાં ધૂળ નાખો છો ! અને આ બિચારી અબળા રસ્તે અન્ન વગરની રઝળે છે ! "

કબીરે કહ્યુંઃ " હું અપરાધી છું. હે સ્ત્રિ ! ઘરે ચાલો. મારી પાસે અન્ન હોય ત્યાં સુધી તું શા માટે ઉપવાસી રહે ? "

દુષ્ટ સ્ત્રીને ઘેર લાવી વિનય અને આદરથી કબીરે કહ્યુંઃ " પ્રભુએ તને ગરીબને ઘેર મોકલી છે. " શરમ, ભય અને પશ્ચાત્તાપથી રડીને તે રમણી ત્યારે કહેવા લાગીઃ " લોભમાં પડીને મેં પાપ કર્યું છે. સાધુના શાપથી હું મરી જઇશ. " કબીર કહેઃ " ભય ન રાખ, માતા ! તારો કશો અપરાધ હું માનીશ નહિ, તું મારા મસ્તક પર જે અપમાન અને અપવાદ લઇ આવી તે તો મારું ભૂષણ છે. " ભક્તે તે સ્ત્રીના મનના વિકાર શમાવી દીધા, તેને ચેતનાનું દાન દીધું. તેના મધુર કંઠમાં હરિનામ અને પ્રભુનાં ગુણગાન સોંપી દીધાં. દેશમાં વાત ચાલી—" કબીર કપટી છે, એની સાધુતા સાચી નથી. " સાંભળીને કબીર શિર નમાવી કહે છેઃ " હું સહુથી નીચે છું. જો સામે કિનારે પહોંચી જાઉં તો હોડીનો મારે ગર્વ નથી રાખવો. હે પ્રભુ ! તમે જો મારી ઉપર રહો, તો હું સર્વથી નીચે રહીશ. "

સાધુની વાત સાંભળી રાજાના મનમાં કૌતુક થયું. દૂતે આવીને સાદ પાડ્યો ત્યારે સાધુએ મસ્તક ધૂણાવ્યું. તેમણે કહ્યુંઃ " સહુથી દૂર મારી હીનતામાં રહ્યો છું. મારા જેવો માણસ રાજાની સભામાં શોભે નહિ. " દૂતે કહ્યુંઃ " તમે નહિ આવો તો તેમાં અમારો પ્રમાદ ગણાશે. તમારી કીર્તિ સાંભળી રાજાને દર્શન કરવાની ઇચ્છા થઈ છે. "

રાજા સભામાં બેઠા છે. સભાસદો ગોઠવાઇ ગયા છે. ત્યાં કબીર દાખલ થયા. તેમની પાછળ તે સ્ત્રી હતી. રાજાને થયુંઃ " આ કેટલો બેશરમ છે ! સ્ત્રીને સાથે લઇને ફરે છે ! " તેણે નિશાની કરી. દ્વારપાળે સાધુને સભામાંથી બહાર કાઢ્યા. વિનયપૂર્વક કબીર તે સ્ત્રીની સાથે કુટિર તરફ ચાલી નીકળ્યા.

રસ્તામાં બ્રાહ્મણો ઊભા છે. કૌતુકથી તેઓ હસે છે. તેઓ કઠિન ભાષા વાપરે છે. સાધુને વિરૂપ વાણી સંભળાવે છે. ત્યારે તે સ્ત્રી રડતી રડતી સાધુના ચરણમાં પડી બોલીઃ " પાપના પંકમાંથી શા માટે તમે મને લીધી ? મારા જેવી અધમને ઘરમાં સ્થાન આપી શા માટે અપમાન સહન કર્યાં કરો છો ? "

કબીરે કહ્યુંઃ " મા ! તું તો મારા પ્રભુની ભેટ છો. ",

[" કિશોર "ના માર્ચ-એપ્રિલ અંકમાંથી.]

આવતા માસની કાર્યદિશા

૧ વાર્ષિક નિવેદનો ઑગસ્ટના પહેલા અઠવાડીઆમાં તૈયાર કરી તમારા જૂથ મારફત ખાતા તરફ તુર્ત મોકલી આપો.

૨ કાયમનિધિનું ઓછું વ્યાજ મળતું હોય તે પુસ્તકાલયોએ આ માસિકમાં સૂચના નં. ૨૭ માં જણાવ્યા પ્રમાણે ઠરાવ કરી તુર્ત મોકલવો.

૩ કાયમનિધિ અગર કોઈપણ પ્રકારનું ઇતર ભંડોળ બાનગી ઇસમ પાસે નહિ રાખતાં ખાતાએ જણાવેલી સંસ્થામાં જમા મૂકો.

૪ ઑગસ્ટના પહેલા અઠવાડિયામાં નવા વર્ષના અંદાજ માટે વાર્ષિક સભા બોલાવી તેમાં નવા વર્ષનું અંદાજપત્રક ખાતાના ધારાધોરણને અનુસરી બનાવો તથા નવા વર્ષનું વ્યવસ્થાપક મંડળ ચૂંટો.

૫ અંદાજપત્રોમાં વર્તમાનપત્રો, પુસ્તકો, સામયિકો, લાકડીસામાન, રમતો, ઇતર સાહિત્યની યાદીઓ જરૂર સામેલ રાખો.

૬ અંદાજપત્રો જૂથની સભામાં ચર્ચી સહકારના ધોરણે શક્ય તે ફેરફાર કરી ઑગસ્ટ આખર સુધીમાં ખાતા તરફ મોકલવાં.

૭ જુલાઇ આખરે તમામ દફ્તરો, શિલકી સામાન, પુસ્તકો વગેરે વ્યવસ્થિત કરો. શિલકી સામાન, તથા પુસ્તકોની મેળવણી બદલ જે તે રજીસ્ટરો પર શેરા કરી પ્રમુખ–મંત્રીની સહીઓ કરાવો.

૮ રોજમેળ ને ખાતાવહીઓ ઉપરથી સંસ્થાની મિલકતની તારીજ કાઢી નવા વર્ષે તેની ખાતાવહીમાં નોંધ લેવી.

૯ અંદાજપત્રો તથા નિવેદનોની બે પ્રતો આ માસિકના છેવટના ભાગમાં જોડીને રાજ્યનાં તમામ મદદ મેળવતાં અગર મદદ નહિ લેનારાં પુસ્તકાલયોને મોકલી છે તેમાં હકીકત ભરી મોકલવી.

વડોદરા,
તા. ૨–૭–'૪૨

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૨૭ સને '૪૧-૪૨

વિષય

કાયમનિધિનું ઉત્પન્ન વધારવા બાબત યોજના

કાયમનિધિનો ઉદ્દેશ

વડોદરા રાજ્યનાં મદદ મેળવતાં અગર મદદથી સ્થપાયેલાં સાર્વજનિક પુસ્તકાલયો ભવિષ્યમાં પોતે પોતાની આવક પર નભી શકે તેવા શુભ હેતુથી છેલ્લાં કેટલાંય વર્ષોથી કાયમનિધિની રકમ પ્રતિવર્ષે જુદી રાખવાની યોજના સ્વીકારાઈ છે. આ રકમો પુસ્તકાલય ખાતાએ માન્ય રાખેલી સંસ્થાઓમાં રોકવાની હોય છે.

રકમો કયાં મુકાય છે

ગયા વર્ષે પુસ્તકાલયોની કાયમનિધિની તમામ હકીકત એકત્રિત કરી પુસ્તકાલયવાર આપણે પ્રસિદ્ધ કરી છે. એ ઉપરથી જણાયું છે કે પુસ્તકાલયોની રકમોનું મોટે ભાગે રોકાણ નીચેની સંસ્થાઓમાં વિશેષ છેઃ

(૧) પુસ્તકાલય સહાયક સહકારી મંડળ, (૨) સહકારી પેઢીઓ અને મંડળીઓ, (૩) લેન્ડ મોર્ટગેજ બેંકો, (૪) બરોડા બેંક અને એ બેંકની શાખાઓ, (૫) રાજ્યની અને પોસ્ટની બચત પેઢીઓ તથા પોસ્ટલ સર્ટિફિકેટસ, (૬) મ્યુનિસિપલ ડિબેચર્સ અને ગવર્નમેન્ટ સિક્યુરીટીઓ, (૭) જમીન અગર દુકાનોની સ્વતંત્ર મિલ્કત અગર કબજાગીરો.

ઊતરતા દરજ્જાની સહકારી મંડળી અને ખાનગી ઇસમો પાસેની જૂજ રકમો

આ ઉપરાંત કેટલેક સ્થળે ઊતરતા દરજ્જાની સહકારી મંડળીઓ અને ખાનગી ઇસમો પાસે હજી જૂજ રકમો જણાઇ આવે છે. પુસ્તકાલયોની નૈતિક તેમ જ કાયદેસર જવાબદારી છે કે કોઇ પણ સંજોગોમાં તેમણે ખાનગી ઇસમો પાસે રકમો મૂકવી જોઇએ નહિ. અને મુકાયેલી હોય તે કાયદેસર પગલાં લઇ વસૂલ લેવી જોઇએ. કેટલાંક પુસ્તકાલયોએ વધારે વ્યાજ લેવાની આશાએ ઊતરતા પ્રકારની સહકારી મંડળી અગર ખાનગી ઇસમોને ત્યાં રોકેલાં નાણાં પરત નહિ આવવાથી તેમ જ દેણદારની પરિસ્થિતિ નાદાર-જેવી થવાથી બહુ જૂજ રકમો લઇ નિકાલ કરવાની ફરજ પણ પડી છે. આ રીતે જોતાં એ તો ચોક્કસ છે કે ખાનગી ઇસમો કે ઊતરતા દરજ્જાની મંડળીમાં જાહેર સંસ્થાનાં નાણાં રોકવાં કોઇ રીતે ન્યાયપુરઃસર નથી.

ઉત્પન્ન બાબત

કાયમનિધિની રકમોનાં મુખ્ય રોકાણો ઉપર જણાવેલી સંસ્થાઓમાં થયેલાં છે, તેમના તરફથી આવતું ઉત્પન્ન જોતાં કેટલાંક ડિબેચર્સ, શેર, સિક્યુરીટી તથા ઉ વર્ગની સહકારી મંડળીઓમાંથી અગર જમીનના ઉત્પન્નમાંથી લગભગ સાડાત્રણ ટકા સુધી સરાસરી ઉત્પન્ન આવે છે. જમીન કે દુકાનનું ઉત્પન્ન સારું મેળવવું એ સંસ્થાના કાર્યકરો પર બહુ આધાર

રાખે છે. બાદરણ મહાલ પરિષદે જમીન પર નાણાં રોકવાની હિમાયત કરી હતી, પણ ખાતાના અનુભવમાં જણાયું છે કે પુસ્તકાલયના વહીવટદારો આથી કાં તો એકહથ્થુ સત્તા જમાવી પૂરતું ઉત્પન્ન ઊભું કરી શકતા નથી અગર સમિતિના સભ્યોમાં મંદતા આવી જતાં તેની દરકાર રહેતી નથી. જમીન સંપાદન કરવી એ જાહેર સંસ્થા અને તેમાંય પુસ્તકાલયો જેવી સંસ્થાને હાલ તો અનુકૂળ નથી એમ અમને લાગે છે. એટલે હવે જે બેંક કે બચત પેઢીમાં નાણાં રોકાય છે તેનું ઉત્પન્ન પૂરતું આવતું નથી અને માત્ર ટકા દોઢ ટકાનું નજીવું ઉત્પન્ન આવે છે. સભ્ય આવી રીતે રોકાયલી રકમનું ઉત્પન્ન વધારવાની ખાસ જરૂર છે.

ઉત્પન્ન વધારવાનો હેતુ

કાયમનિધિનું વાર્ષિક ઉત્પન્ન વધે તો જે તે પુસ્તકાલયને પોતાને દર વર્ષે ખર્ચવાની રકમમાં ઉમેરો થાય એ સ્વાભાવિક છે. પેટલાદ મહાલ પરિષદે આ બાબત વિચાર કરી ઉત્પન્ન વધારવા યોજના કરવા ખાતાને વિનંતિ પણ કરી છે.

મે. રા. રા. રાજ્ય કોપાધિકારી સાહેબે એવું સૂચન કર્યું છે કે સાર્વજનિક પુસ્તકાલયોની છૂટક છૂટક રકમો નાની હોઇ તેનું કોઇ ખાસ વધારે ઉત્પન્ન મળી શકે નહિ, પરંતુ જો બધી રકમ ભેગી કરવામાં આવે અને એક આંકડે રકમ દર વર્ષે હિસાબી ખાતાની સલાહ પ્રમાણે રોકવામાં આવે તો લગભગ ત્રણથી સાડાત્રણ ટકા જેટલું ઉત્પન્ન આવી શકે એમ છે. આ પ્રમાણે ઉત્પન્ન વધે તો પ્રત્યેક પુસ્તકાલયને દર વર્ષે થોડો વધુ લાભ મળે એ ચોક્કસ છે.

ઉપર પ્રમાણે સલાહ વાજબી હોવાથી તમામ પુસ્તકાલયોની રકમ એક સ્થળે એકત્રિત કરી પુસ્તકાલય સહાયક સહકારી મંડળ દ્વારા મે. રા. રા. રાજ્ય કોપાધિકારી સા. મારફત વધારે ઉત્પન્ન માટે નાણાં રોકવાની અનુકૂળતા છે.

કાયમનિધિની રકમ ઉપાડવા બાબત

આ રકમો બાંધી મુદત માટે રોકવાની હોવાથી પ્રત્યેક પુસ્તકાલયથી ગમે તેવી રીતે રકમ ઉપાડી શકાય નહિ. આજે પણ પુસ્તકાલય ખાતાની પરવાનગીથી જ કાયમનિધિનાં નાણાં એક સ્થળેથી બીજે સ્થળે અગર કોઇ બીજા હેતુસર ઉપાડવાનાં હોય છે. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, દુકાળ કે એવી કુદરતી આફતોમાં લોકમદદ ઊભી ન થઇ શકે તો કાયમનિધિની રકમમાંથી પોતાને જરૂર પૂરતી રકમ ઉપાડવાનો દરેકોઇ પુસ્તકાલયને હક્ક છે. એટલે બાંધી મુદતની થાપણ જ્યારે રોકવાનું નક્કી કરવામાં આવશે ત્યારે એ બાબતનો ચોક્કસ વિચાર કરી પુસ્તકાલય સહાયક સહકારી મંડળ કુલ કાયમનિધિની રકમના દશ ટકા સુધીની રકમ ચાલુ ખાતે રાખશે એટલે સાર્વજનિક પુસ્તકાલયોની સામાન્ય જરૂરીઆતને તે જરૂર પહોંચી વળશે, એટલે આથી તો ઉત્પન્ન વધારવામાં આવશે એટલું જ નહિ પણ પોતાને જોઇતી પ્રસંગોપાત રકમ પણ અનામત રાખેલી રકમના પ્રમાણમાં મળશે.

સાર્વજનિક પુસ્તકાલયોએ ઠરાવ કરી મોકલવા બાબત

ઉપર પ્રમાણે સંપૂર્ણ સમજ મળ્યા પછી આશા છે કે તમામ ગ્રામ, કસ્બા અને પ્રાંત પુસ્તકાલયો પોતાની રકમો જે ઓછા દરે રોકાઈ હોય તે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ દ્વારા મે. રા. રા. રાજ્ય કોપાધિકારી સાહેબ મારફત વધારે ઉત્પન્ન માટે રોકવા બાબતની સંમતિનો ઠરાવ કરી જે તે સંસ્થા તા. ૧૫ ઑગસ્ટ ૧૯૪૨

મુધીમાં ખાતામાં મોકલી આપવા વ્યવસ્થા કરે. સદર ઠરાવની નકલ જૂથવાર એકત્રિત કરી વાર્ષિક નિવેદન સાથે મોકલવા તજવીજ કરવાની છે.

ઠરાવનો મુસદ્દો સાર્વજનિક પુસ્તકાલયોની જાણ માટે આ નીચે આપ્યો છેઃ—

માર્ગદર્શક ઠરાવ

મુસદ્દો

મોજે.....ગામના સાર્વજનિક પુસ્તકાલયની કાયમનિધિ અને ઇતર ભંડોળ મળી કુલ રૂ.....છે તે પૈકી રૂ.....ત્રણ ટકાથી ઓછા વ્યાજે છે તે રકમ પુસ્તકાલય ખાતાની યોજના અનુસાર પુસ્તકાલય સહાયક સહકારી મંડળને મે. રા. રા. રાજ્યકોષાધિકારી સાહેબ મારફત વધુ ઉત્પન્ન આવે તેવી રીતે રોકવા ઠરાવે છે. સદરહુ બાબતની આગળની તજવીજ મંત્રીએ કરવી.

સભ્યોની સહી.

વડોદરા,
તા. ૨–૭–૪૨

ઉ. મો. પટેલ,
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૨૮ સને ૧૯૪૧–૪૨

વિષય

સાર્વજનિક પુસ્તકાલયોનાં અંદાજપત્રો મંજૂર કરતી વખતે લક્ષમાં લેવાનારી બાબતો.

ઑગસ્ટ ૧૯૪૨ આખર સુધીમાં અંદાજો મોકલવા બાબત

રાજ્યનાં મદદ મેળવનારાં તમામ સાર્વજનિક પુસ્તકાલયોના મંત્રીઓને વિનંતિ કરવામાં આવે છે કે પોતાના પુસ્તકાલયના ૧૯૪૨–૪૩ ના અંદાજપત્રો "પુસ્તકાલય" માસિકના જુલાઇ ૧૯૪૨ ના અંકમાં છાપેલા નમૂના પ્રમાણે બે પ્રતો તૈયાર કરી પુસ્તકાલય ખાતા તરફ ઑગસ્ટ માસની આખર તારીખ સુધીમાં મોકલી આપવા તેઓ મહેરબાનીથી તજવીજ કરશે.

અંદાજમાં થતા ફેરફાર-ની ગેરસમજ દૂર થવા બાબત

પુસ્તકાલય ખાતા તરફથી અંદાજ મંજૂર કરતી વખતે કોઇ પત્ર કે સામયિક કાઢી નાખવામાં આવે છે ત્યારે એમ માનવામાં આવે છે કે આ બાબતમાં ખાતાએ મનસ્વી તજવીજ કરી છે. ખરું જોતાં આમ થતું નથી. અંદાજો મંજૂર કરતાં અગાઉ કેટલીક મહત્ત્વની બાબતો તરફ દર વર્ષે વ્યવસ્થાપકોનું ધ્યાન દોરવામાં આવે છે, અને એવી કોઇ બાબત તેમના તરફથી વિચારાઇ ન હોય અને તેમ કરવું પુસ્તકાલય પ્રગતિની દૃષ્ટિએ ઇષ્ટ લાગે તો અંદાજ મંજૂર કરતી વખતે

ઘટિત ફેરફાર થાય છે. મંજૂર કરેલું અંદાજપત્ર પુસ્તકાલય તરફ પહોંચ્યા બાદ નિયમને અનુસરીને બીજી વધઘટ કરવી હોય તો તે પણ કરાવી શકે છે. સમય આ ગેરસમજૂત દૂર થાય તે માટે આ સૂચના પુસ્તકાલયના જાહેર કાર્યકરો માટે પ્રસિદ્ધ કરવામાં આવી છે.

અંદાજ મંજૂર કરતી વખતે લક્ષમાં લેવાનારી બાબતો

અંદાજ મંજૂર કરતી વખતે પુસ્તકાલય ખાતું નીચેની બાબતોનો વિચાર કરી અંદાજ મંજૂર કરે છે. તો આશા છે કે પુસ્તકાલયના સંચાલકો અંદાજો બનાવતી વખતે ખાસ તે બાબતો લક્ષમાં લેશે.

(૧) સાર્વજનિક પુસ્તકાલયો સ્થાપવાના નિયમોની કલમ ૧૮, ૧૯ તથા ખાતાના અંગે થએલી સૂચના નં. ૪૮ સને ૧૯૩૯-૪૦ "પુસ્તકાલય" માસિકના જુલાઇ ૧૯૪૦ ના અંકમાં પ્રસિદ્ધ થયા પ્રમાણે બનતા સુધી જે તે પુસ્તકાલયે અંદાજ ગોઠવતી વખતે ખર્ચની રકમો માટે ટકાવારી જાળવવી જોઇએ.

(૨) પુસ્તકાલયની સ્થળસ્થિતિ, વાચકોનું પ્રમાણ, પુસ્તકાલયની નિવેદનો મોકલવાની નિયમિતતા, જૂથ મંડળ કે મહાલમંડળની કરેલી કામગીરી, અંદાજની સહકારના ધોરણે કરેલી ગોઠવણી, તપાસણી અધિકારી તરફથી લેવાયલા વાંધાના નિકાલ વગેરે વ્યવસ્થાની બાબતોનો ઘટિત વિચાર કરી અંદાજો મંજૂર કરવામાં આવે છે.

(૩) વર્તમાનપત્ર અને સામયિક વિભાગમાં બાળકો માટે એકાદ માસિક ટકાવારીની યત્તામાં રહીને પુસ્તકાલયોએ વસાવવું જ જોઇએ. કારણ, મોટા ભાગે આપણી શાળાઓમાં જ આ પુસ્તકાલયો છે અને બાળકો તેનો બહોળો ઉપયોગ કરે છે.

(૪) પુસ્તકોમાં પણ બાળકો, બહેનો, સામાન્ય થોડું ભણેલા માણસો સમજી શકે તેવા બોધોપયોગી, સ્ત્રીઉપયોગી અને સામાન્ય પ્રૌઢોને ઉપયોગી સાહિત્ય અવશ્ય થોડું ઘણું દર વર્ષે વસાવવું જોઇએ.

(૫) છેલ્લાં ત્રણ વર્ષમાં સરકાર પંચાયતની મદદ જે મળી હશે તેની સરેરાશમાં જ ચાલુ સાલે પણ મદદ મળશે. વધારે માગણી હશે તો તે નછૂટકે કાપવી પડશે. અને તે પ્રમાણે ખર્ચની બાબતમાં પણ જુદે જુદે સ્થળે કપાત કરી પુસ્તકો, માસિકો કે બહાર સાહિત્ય કમી કરવું પડશે.

(૬) કાયમનિધિની રકમ ખાતાએ માન્ય કરેલે સ્થળે મુકાયેલી હોવી જોઇએ. અગર તેથી કાંઇ વિરુદ્ધ હકીકત હોય તો દર્શાવવી જોઇએ. અને મંજૂરી મળી હોય તો મંજૂરીની નકલ પણ સામેલ રાખવી જોઇએ.

(૭) લોકમદદની નીમે રકમ કાયમનિધિ ખાતે દર વર્ષે મૂકવી જોઇએ.

ઉપરની બાબતોને અનુલક્ષીને સાર્વજનિક પુસ્તકાલયોનાં સને ૧૯૪૨-૪૩ નાં અંદાજો મંજૂર થશે તો આશા છે કે પુસ્તકાલયો પોતાનાં અંદાજો વ્યવસ્થિત રીતે બનાવી મોકલી આપશે.

વડોદરા,
૪-૭-૪૨

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૨૯ સને ૧૯૪૧-૪૨

વિષય

વાર્ષિક નિવેદનો મોકલવા બાબત

સને ૧૯૪૧-૪૨નાં વાર્ષિક નિવેદનો પુસ્તકાલય ખાતા તરફ મોકલવા બાબત

સને ૧૯૪૧ ૪૨ ની સાલનાં વાર્ષિક નિવેદનો વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયો વેળાસર મોકલે તેમ જ હકીકત મોકલવામાં અનુકૂળતા થાય એ હેતુથી તેનાં ફોર્મો ચાલુ માસનાં પુસ્તકાલયના અંકમાં છેવટના ભાગમાં સાંધેલાં છે તે ફાડી લઇ તેનો ઉપયોગ કરવો.

આ અંક રાજ્યનાં તમામ પુસ્તકાલયોને (મદદ મેળવતાં અને ન મેળવતાં) મોકલવા " પુસ્તકાલય " માસિકના વ્યવસ્થાપકોએ ઉદારતા બતાવી છે.

નિવેદનો તૈયાર કરવા બાબત

આશા છે કે આ નિવેદનો જે તે પુસ્તકાલયના મંત્રીઓ તૈયાર કરી એક પ્રત પોતાને ત્યાં રાખી બીજી પ્રત પુસ્તકાલય ખાતા તરફ પોતાના જૂથ મારફત ઑગસ્ટ માસની તારીખ પંદર પહેલાં મોકલી આપવા ચૂકશે નહિ.

મહાલ મંડળ અને રા. મહાલ શાળાધિકારી સાહેબોએ સહકાર આપવા બાબત

રાજ્યનાં જુદાં જુદાં મહાલ અને જૂથ પુસ્તકાલય મંડળો, તેમ જ રા. મહાલ શાળાધિકારી સા. પણ આ બાબતમાં પોતાની સ્થળ-સીમામાં આવેલાં પુસ્તકાલયોને ઘટિત સૂચના આપી સૌને જાગ્રત રાખી ઉપર જણાવેલી તારીખ સુધીમાં નિવેદનો પુસ્તકાલય ખાતા તરફ બીનચૂક મોકલી આપવામાં જરૂરી સહકાર આપશે.

વડોદરા,
તા. ૩-૭-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત નં. ૧૧ સને '૪૧-૪૨

ગતાંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૮ માંનો ઈસમ પટેલ હરગોવિંદ માધવદાસનો પત્તો તો નથી મળ્યો, પણ જુદી જુદી સંસ્થાઓમાંથી એણે બાંધવા આણેલાં પુસ્તકોનો પત્તો લાગ્યો છે. સિદ્ધપુર કન્યાશાળાના શિક્ષક રા. માણેકલાલ ગિરજાશંકર ત્રિવેદીનું સિદ્ધપુરમાં બિંદુ સરોવરના રસ્તા પર આવેલું મકાન સદર ઇસમે ભાડે રાખેલું ને તેનું ભાડું લાંબી મુદતનું ચઢાવી તે નાસી ગયો છે. એટલે જાહેરાત નં. ૮ પ્રસિદ્ધ થતાં મકાનમાલિક ભાઇ માણેકલાલે ઇસમ મજકુરની ઓરડી કબજે લેતાં તેમાંથી જથાબંધ પુસ્તકો અસ્તવ્યસ્ત હાલતમાં મળી આવ્યાં છે.

તો આથી લાગતી વળગતી પુસ્તકાલય સંસ્થાઓના કાર્યકર્તાઓને ખબર આપવામાં આવે છે કે જુલાઇ વેકેશન દરમ્યાન ભાઇ માણેકલાલ પોતે ઘર આગળ રહેવાના છે તે દરમ્યાન લાગતા વળગતા મંત્રી ભાઇએ પોતાની સંસ્થાનાં પુસ્તકો રીતસર પાવતી આપીને ભાઇ માણેકલાલ પાસેથી મેળવી લેવાની તજવીજ કરવી. આ બાબતગાં વિશેષ તજવીજ અત્રેથી કંઇ કરવાની રહેતી નથી; એટલે હવે આ બાબતમાં પુસ્તકાલયના મંત્રીઓએ મે. થી આ તરફ લખાપટી કરવી નહિ.

વડોદરા,
તા. ૧-૭-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૩૦ સને ૧૯૪૧-૪૨

વિષય

સને ૧૯૪૧-૪૨ માં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

૧૯૪૧-૪૨ ની સાલમાં ગુજરાતી સાહિત્યમાં પ્રકટ થયેલાં પુસ્તકોની એક યાદી આ નીચે આપી છે. આ યાદી પુસ્તકાલય ખાતામાં આવતાં ભલામણ માટેનાં પુસ્તકો તથા " પુસ્તકાલય " માસિક પર અવલોકનાર્થે આવતાં પુસ્તકોની યાદી પરથી તૈયાર કરવામાં આવી છે. અને તેમાં નવી આવૃત્તિનાં પુસ્તકોનો પણ સમાવેશ કરવામાં આવે છે. આ યાદી તૈયાર કરવાનું મોટે ભાગે તમામ કાર્ય " પુસ્તકાલય " માસિકના તંત્રી શ્રી. મણિલાલ વ્યાસે કર્યું છે. તે બદલ તેમનો ખાસ આભાર માનવામાં આવે છે.

પુસ્તકાલયો ગામડામાં હોઇ તેમની પાસે પુસ્તક પસંદ કરવા માટે પુસ્તકાલય માસિક સિવાય બીજી માહિતી બહુ જૂજ હોય છે. ખાતા તરફથી ભલામણ થયેલાં પુસ્તકો તેમ જ પુસ્તક પરિચયમાં આપેલી પુસ્તકનોંધો પરથી આ યાદી તૈયાર થઇ હોવાથી નવીન અંદાજપત્ર બનાવતી વખતે તે ખાસ ઉપયોગી થઇ પડે અને નવીન પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો વસાવવા વ્યવસ્થાપકોને પૂરતી સરળતા થાય તે માટે આ નીચે વિષયવાર પુસ્તકોની યાદી આપી છે. જૂથ પુસ્તકાલયના મંત્રીઓ પોતાની સભામાં આ યાદી તરફ તમામ પુસ્તકાલયોનું ધ્યાન ખેંચશે એવી આશા છે.

આશા છે કે પુસ્તકની કિંમત જે અંદાજમાં આપી હોય તેથી એવડી રકમનાં પુસ્તકોની યાદી અંદાજમાં હવે મૂકવામાં આવશે. અને જુદા જુદા વિષયોમાંથી વાચકોને અનુકૂળ થાય તેવી રીતે સહકારના ધોરણે પુસ્તકાલયો પુસ્તકો પસંદ કરી શકશે.

આ યાદી ઉપરાંત પોતાના પુસ્તકાલયમાં જે પુસ્તકો નિરુપયોગી થયાં હોય અને વાચકોની ખાસ માગણી હોય તે પણ નવીન વર્ષે ખરીદાય તેવી કાળજી મંત્રી એને વ્યવસ્થાપક ભાઇઓ રાખશે એવી આશા છે.

	સર્વસાધારણ		મૂલ્ય
વિશ્વદર્શન	ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ		૫-૦-૦
ખિસ્સાકોષ	નવજીવન પ્ર. મંદિર	,,	૦-૮-૦

પુસ્તકાલય સંબંધી

સાર્વજનિક પુસ્તકાલય-			
પ્રવૃત્તિનું એકીકરણ	લુ. પ્રિ. પ્રેસ, વડોદરા		૩-૮-૦

ધાર્મિક, નૈતિક

કેનોપનિષદ્	ગુ. વ. સો. અમદાવાદ		૦-૮-૦
જીવનવિકાસ	જમીઅતરામ આચાર્ય		૦-૭-૦
પરમાત્મદર્શન ભા. ૧-૪	,,	,,	૪-૮-૦
યોગામૃત ભા. ૧-૪	,,	,,	૪-૦-૦
પ્રભુનો આદેશ	,,	,,	૦-૯-૦

તત્ત્વબોધ	રમણીક મહેતા	૦–૬–૦
મનુસ્મૃતિ	સ. સા. વ. કા. અમદાવાદ	૨–૪–૦
કનકતારા	રવિશંકર ના. પાઠક, વડોદરા	૦–૨–૦
સહજબોધ શતકમ્	નવજીવન પ્ર. મં. અમદાવાદ	૦-૧૨-૦

તત્ત્વજ્ઞાન

ઈશ્વરનો ઈન્કાર	નરસિંહભાઈ પટેલ	૧–૮–૦
તત્ત્વચિંતન	જેમ્સ એલન	૧–૪–૦

શિક્ષણ

ટોલ્સ્ટોય અને શિક્ષણ (નવી આવૃત્તિ)	પાંડુરંગ વળામે	૦–૮–૦
પ્રૌઢશિક્ષણ	ઉપેન્દ્ર શર્મા ત્રિવેદી	૧–૦–૦

વૈદક

સ્ત્રીઓનું આરોગ્ય	કુંગરસી ધ. સંપટ	૧–૦–૦
દંતરત્ન	ડૉ. કેખુશરૂ જીલા	
ગુલકંદ	ડૉ. મોહનલાલ પાઠક	૦–૬–૦
શરીરરચનાનું રહસ્ય	ધનવંત ઓઝા	૧–૪–૦
ઉપવાસ કેમ અને કયારે?	હરજીવન સોમૈયા	૧–૪–૦
વૈદકવિજ્ઞાન પ્રકાશ	ડૉ. ઉમર મનજી ચૌહાણ	૫–૮–૦
આયુર્વેદ નિબંધમાળા ભા. ૧–૨	સરતુ સાહિત્ય વ. કા.	૩–૮–૦

વિજ્ઞાન

જીવવિજ્ઞાન	ગુ. વ. સો. અમદાવાદ	૧–૦–૦
અક્ષરોનું કિસ્મત	કેશભાઈ મહેતા, વડોદરા	૨–૦–૦
રેડીઓ અને ટેલીવિઝન	લુહાણા પ્રિ. પ્રેસ, વડોદરા	૦–૮–૦

ઉપયુક્ત કળા

વ્યાયામ જ્ઞાનકોષ	દ, ચિ. મુજુમદાર, વડોદરા	૭–૦–૦
રાગમંજૂષા	કુ. મંગળસિંહજી	૫–૦–૦
ચિત્રસાધના (ચિત્રસંપુટ)	રસિકલાલ પરીખ	૩–૦–૦
સંઘવ્યાયામ	મણિભાઈ પટેલ	૧–૨–૦
રમતોના નિયમો	ગુ. વ્યા. પ્ર. મંડળ, કરાડી	૦–૪–૦
સાદી રમતો અને રમત સંચાલન	,, ,,	૧–૦–૦
આસન	,, ,,	૦–૪–૦
મલખમ	,, ,,	૦–૨–૦
મગદળ	,, ,,	૦–૩–૦
દંડ અને બેઠક	,, ,,	૦–૧–૬
ભાલા–લાઠી	,, ,,	૦–૪–૦
બજેટ અને ફરશુ	,, ,,	૦–૧–૬
જમૈયા, પટ્ટા અને તલવાર	,, ,,	૦–૨–૬
લેઝીમ	,, ,,	૦–૨–૦
રસોઈનું રસાયણ	વન્દિતાગૌરી દેસાઈ	૩–૮–૦
બેડ અને બોર્ડર	જગન્નાથ ર. પાઠક, વડોદરા	૦-૧૦-૦
કવાયત	ગુ. વ્યા. પ્ર. મંડળ	૦–૮–૦

સમાજશાસ્ત્ર, રાજનીતિ, ગ્રામોદ્ધાર વગેરે

આપણું રાજ્ય	ડાહ્યાભાઈ મ. પટેલ	૦–૫–૦
હિન્દનું નાણાવટું	જયન્તિલાલ મહેતા	૩–૮–૦
વ. રા. પ્રજામંડળ રજતાંક	પ્રાણુલાલ મુન્શી	૦-૧૩-૦
ગામડાનું સ્વરાજ	ઇન્દુલાલ યાજ્ઞિક	૦–૪–૦
રચનાત્મક કાર્યક્રમ	ગાંધીજી	૦–૧–૬

રચનાત્મક કાર્યક્રમ

કેટલીક સૂચનાઓ	રાજેન્દ્રબાબુ	૦–૨–૦
મહારાજ્યોની યુદ્ધશક્તિ	કુંવરસી ધરમસી સંપટ	૨–૦–૦
દેશી રાજ્યોનો પ્રશ્ન	ગાંધીજી	૧–૮–૦
મારું ગામડું (નવી આવૃત્તિ)	બળવંતભાઈ મહેતા	૦–૧૦–૦
મધુકર	વિનોબા ભાવે	૨–૦–૦
વૈજ્ઞાનિક સમાજવાદ	ધનવંત ઓઝા	૨–૦–૦
સો ટકા સ્વદેશી	ગાંધીજી અને બીજાઓ	૧–૪–૦
ગ્રામોદ્યોગ	રામરાય મુનશી	૩–૦–૦
પાક્ષિક	મહાગુજરાત પબ્લીશિંગ કું. મુંબઈ	૧–૮–૦
નિર્ભયતા	ન. પ્ર. મં., અમદાવાદ	૦–૨–૦

સાહિત્ય

રણમલ્લ છંદ	મો. અબુઝફર નદવી	૦–૪–૦
રસપાન	મોહનલાલ પા. દવે	૧–૮–૦
પ્રાચીન સાહિત્યમાં વૃત્તરચના	,, ,,	૦–૬–૦
તરંગ	,, ,,	૧–૮–૦
અખો–એક અધ્યયન	ઉમાશંકર જોષી	૨–૦–૦
હેમસારસ્વત સત્ર	ગુ. સા. પરિષદ	૩–૦–૦
ગુ. સા. પરિષદ ૧૬મું સંમેલન નિબંધસંગ્રહ	,, ,,	૪–૦–૦
પરિષદપ્રમુખોનાં ભાષણો	,, ,,	૪–૦–૦
સાહિત્યદૃષ્ટાને	શં. ગં. શાસ્ત્રી	૧–૧૨–૦
નવાં વિવેચનો	નવલરામ ત્રિવેદી	૨–૪–૦
શરદવંદના	ગોન્. ગોમ. ઠક્કર, કું. મુંબાઈ	૨–૮–૦
બુદ્ધિપ્રકાશલેખ સંગ્રહ	ગુ. વ. સો. અમદાવાદ	૧–૦–૦

કાવ્યો

કટાક્ષકાવ્યો	દેવકૃષ્ણ પીતાંબર જોશી	૨–૦–૦
કૃષ્ણપ્રતીક્ષા (સંગીત)	શ્રી. જામકુંવર	૦–૬–૦
મંજૂષા	શ્રી. મોહિનીચંદ્ર	૨–૦–૦
સુદામાચરિત	કવિ પ્રેમાનંદ ને નરસિંહ	૦–૧૦–૦
રઢિયાળી રાત ભા. ૧, ૨, ૪ (નવી આવૃત્તિ)	ઝવેરચંદ મેઘાણી	૧–૮–૦
ગીતાંજલિ અને બીજાં કાવ્યો	ટાગોર	૧–૪–૦
દાંપત્યગીતા	નરસિંયતરામ આચાર્ય	૦–૪–૦
કેસૂડો અને સોનેરુ	હરિશ્ચંદ્ર ભટ્ટ	૧–૦–૦
પરિમલ	રમણીકલાલ જ. દલાલ	૨–૦–૦
સ્વાતિ	કોલક	૧–૮–૦
પ્રતીક્ષા	રમણીક અરાલવાળા	૧–૮–૦
સંગીત પાદાવલિ	ત્રિપુરાશંકર ત્રિપાઠી	૦–૧૨–૦

ઇતિહાસ

ઐતિહાસિક સંશોધન	દુર્ગાશંકર કે. શાસ્ત્રી	૫–૦–૦
મુઘલ રાજ્યવહીવટ	ગુ. વ. સો. અમદાવાદ	૦–૮–૦

ભૂગોળ

લોકમાતા (નવી આવૃત્તિ)	કાકા કાલેલકર	૦–૬–૦

પ્રવાસવર્ણન

દક્ષિણાયન	સુન્દરમ્	૧–૧૩–૦
અમર યાત્રા ધામો	રમણલાલ ના. શાહ	૧–૦–૦
શંખેશ્વર મહાતીર્થ	મુનિરાજ જયંતવિજયજી	૧–૪–૦
હિમાલયનો પ્રવાસ (નવી આ.)	કાકા કાલેલકર	૧–૪–૦
આબુ ભા. ૨ જો	જયંતવિજયજી	૨–૮–૦

ટૂંકી વાર્તા–નવલકથા–નાટક

પ્રતિમાઓ	ઝવેરચંદ મેઘાણી	૧-૧૨-૦
કુંકુમ	કિસનસિંહ ચાવડા	૨–૮–૦
સગ્નની ખેડી	આચાર્ય અત્રે	૨–૦–૦
ગોદ	લાભુબહેન મહેતા	૧–૦–૦
છાયાનટ	રમણલાલ વ. દેસાઈ	૨–૮–૦
રૂપમાધુરી	શરદબાબુ સંપાદિત	૩–૦–૦
લેમ્પપોટ	સૌ. હંસાબહેન મહેતા	૨–૦–૦
સરી જતું મૂરત	ધનસુખલાલ કૃ. મહેતા	૧–૦–૦
રક્ષાબંધન	હરિકૃષ્ણ પ્રેમી	૧–૦–૦
કાશીનાથ (નવી આવૃત્તિ)	શરદબાબુ	૧-૧૨-૦
જેલ ઑફિસની બારી	ઝવેરચંદ મેઘાણી	૧–૮–૦
સૌરાષ્ટ્રની રસધાર ભા. ૪–૫ (નવી આવૃત્તિ)	,,	
હિંદીની શ્રેષ્ઠ વાર્તાઓ	ઇંદ્ર વસાવડા	૨–૮–૦
જળસમાધિ	ગુણવંતરાય આચાર્ય	૩–૦–૦
પ્રીદેવી	બંકિમબાબુ	૩-૦–૦
આનંદરાત્રિ અને બીજી વાતો (નવી આવૃત્તિ)	ધૂમકેતુ	૦-૩–૦
કંઠાવટી (નવી આવૃત્તિ)	ઝવેરચંદ મેઘાણી	૦-૧૨-૦
વિરોચના	ચુ. વ. શાહ	૩–૦–૦
કુલવતી	શરદબાબુ	૨–૦–૦
રામકહાણી	ગુણવંતરાય આચાર્ય	૩–૮–૦
પ્રીતિ	તા. પો. અડાલજા	૨–૦–૦
વીરાંગનાની વાતો ભા. ૨ જો (નવી આવૃત્તિ)	તા. પો. અડાલજા	૩–૮–૦
સ્વર્ગોનું દોહન	અ. મું. પઢિયાર	૧–૮–૦
પ્રતિજ્ઞા	ધનશંકર ત્રિપાઠી	૨–૦–૦
નગરલક્ષ્મી	ટાગોર	૨–૮–૦
હાસ્યાંકુર	હરિપ્રસાદ વ્યાસ	૦-૧૦-૦
ઘરની વહુ	લાભુબહેન મહેતા	૧–૮–૦
ત્રણ પગલાં	સોપાન	૨–૮–૦
*રાજર્ષિ	રવીન્દ્રનાથ ટાગોર	૨–૮–૦
પ્રભાનો ભાઈ	અમૃતલાલ જોષી	૩–૦–૦
ચાયર ભા. ૨ જો	સાત લેખકો	૧–૮–૦
સુવર્ણા	રમણીકલાલ દલાલ	૨–૮–૦
ખાંડાના ખેલ	તારાચંદ્ર અડાલજા	૩–૦–૦
વિવાહિતા	શરદબાબુ સંપાદિત	૩–૦–૦
કથામંગલ	રમણલાલ સોની	૧–૪–૦
પાનદાની	શં. ગં. શાસ્ત્રી	૧–૮–૦
રાધિકા	અજ્ઞાત	૧–૮–૦
પ્રકંપ	હરિકૃષ્ણ વ્યાસ	૦-૧૨-૦
ગામધણી	નવયુગ પુ. ભંડાર	૨–૦–૦
હાસ્યવિલાસ	ભરતફકીર	૩–૦–૦
મુક્તપંખી	સૌરીન્દ્રમોહન મુખોપાધ્યાય	૨–૮–૦
+મમતા	શરદબાબુ	૨–૦–૦
જયશ્રી	શરદબાબુ અને બીજાઓ	૩–૦–૦
દેવદાસી	રામભાઈ પટેલ	૧-૮–૦

* આ પુસ્તક " આનંદી " નામથી મેસર્સ એન. એમ. કપૂરની કું. તરફથી બહાર પડેલું છે.

+ આ પુસ્તક " ચંદ્રમુખ " નામથી ઉપરના પ્રકાશક તરફથી પ્રસિદ્ધ થયું છે.

માનવતાનાં મૂલ્ય	રામનારાયણ ના. પાઠક	૩–૦–૦
ખાંડાની ધાર	,, ,,	૨–૮–૦
અ. સૌ. વિધવા	જદુભાઈ મહેતા	
રાણો પ્રતાપ	ઝવેરચંદ મેઘાણી	૧–૮–૦
ક્ષિતિજ (ઉત્તરાર્ધ)	રમણલાલ વ. દેસાઇ	૨–૮–૦
ચાંદમુખ	શરદબાબુ	૨–૮–૦
શ્યામલી	નિરૂપમાદેવી	૧–૪–૦
માધવી	કવિવર ટાગોર	૧–૪–૦
એને ચરણે	કપિલા ઠાકોર	૦–૧૦–૦

બાલોપયોગી

અક્ષરપોથી (નવી આવૃત્તિ)	નાગરદાસ ઇ. પટેલ	૦–૬–૦
એનું નામ નરેન્દ્રકુમાર	લાભુબહેન મહેતા	૦–૪–૦
પંચગનીના પત્રો	સ્વ. ચિમનલાલ વૈષ્ણવ	૦–૪–૦
સુંદર વાતો (નવી આવૃત્તિ)	સ્વ. ગિજુભાઇ	૦–૬–૦
ક્યારે સમજીશું ? ,,	સ્વ. ગિજુભાઈ	૦–૩–૦
બેર ,,	,, અને જુગતરામ	૦–૬–૦
અલીબાબા ,,	સૌ. વિદ્યાબહેન	૦–૬–૦
બાટી મીઠી વાતો ,,	મનુભાઇ જોષણી	૦–૧૨–૦
જનપદ ભા. ૧–૨ ,,	,,	૧–૮–૦
હાલરડાં . ,,	ઝવેરચંદ મેઘાણી	૦–૮–૦
ચાંદા મામા	નાગરદાસ ઇ. પટેલ	૦–૬–૦
દહીંવડાં	હિંમતલાલ મર્ચંટ	૦–૬–૦
પંચતંત્રની વાર્તાઓ ભા. ૧-૨	લુહાણામિત્ર પ્રેસ–વડોદરા	૧–૦–૦
બકોર પટેલ ભા. ૧૯ મો	હરિપ્રસાદ વ્યાસ	૦–૩–૦
ધનિયો-કનૈયો-રાજહંસ	નાગરદાસ ઇ. પટેલ દરેકની	૦–૩–૦

વડોદરા,
તા. ૬–૭–૪૨

બાવલાનાં પરાક્રમો	સૌ. હંસાબહેન મહેતા	૧–૬–૦
પન્નાકુમારી	રમણલાલ ના. શાહ	૦–૬–૦
અભયકુમારની વાતો ભા. ૨જો	અભયકુમાર	૦–૧૦–૦
પેડું	કીરતન લટકારો	૦–૫–૦

જીવનચરિત્રો

બિરાદર રૉય	શ્રી. દરૂ નડિયાદ	૧–૦–૦
આપણા કવિઓ ખંડ ૧ લો	ગુ. વ. સો અમદાવાદ.	૧–૦–૦
પુરુષાર્થની પ્રતિમાઓ	ચંદ્રભાઇ કા. ભટ્ટ	૧-૧૨-૦
અડધે રસ્તે	કનૈયાલાલ મા, મુનશી	૩–૦–૦
બે ખુદાઇ બીદમતગાર	મહાદેવ હ. દેસાઇ	૦–૧૦–૦
સોરઠી સંતો	ઝવેરચંદ મેઘાણી	૧–૦–૦
સોરઠી બહારવટિયા ભા. ૨જો નવી આવૃત્તિ	,,	૨–૦–૦
મોતીભાઈ અમીન : જીવન અને કાર્ય	પુરુષોત્તમ શાહ	૨–૮–૦
સ્વ. મણિભાઇ દવે	નટુભાઇ રાવળ	૧–૪–૦
સ્વામીશ્રી બ્રહ્માનંદ અને શિવાનંદજી	ત્રંબકલાલ મા. શુકલ	૧–૬–૦
સ્વામી દેવકૃષ્ણનંદ ચરિતમ્	તુળજારામ પંચાલ	૧–૪–૦
બાળકોના વિવેકાનંદ	રામકૃષ્ણ સેવા સ. અમદાવાદ	૦–૨–૦
વીરપૂજા	મોહનલાલ પા. દવે	૧–૮–૦
અમારા ગુરુદેવ	શ્રી. સુશીલ	
બાપુ	ધનશ્યામદાસ બીરલા	૦-૧૨-૦
વિભૂતિમંદિર	અશોક હર્ષ	૨–૦–૦
મહાવીરની કથા	ગોપાલદાસ પટેલ	૨–૮–૦
વિદ્યાર્થી વાચનમાળા	ધીરજલાલ શાહ	૨–૦–૦
પ્રતાપી પૂર્વજો	કુંવરશી ખ. સંપટ	૨–૮–૦

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક.

ભારતી સાહિત્ય સંઘ
પો. બૉ. નં. ૭૩
અમદાવાદ

ભારતી સાહિત્ય સંઘ
પો. બૉ. નં. ૯૭૮
કોટ, મુંબઇ

૧૯૪૧–૪૨ નાં નવાં પ્રકાશનો

જીવનચરિત્રો

કવિવર રવીન્દ્રનાથ ઠાકુર	૨– ૮–૦
પુરુષાર્થની પ્રતિમાઓ	૧–૧૨–૦

આરોગ્ય

ઉપવાસ : કેમ અને ક્યારે ?	૧– ૪–૦
શરીરરચનાનું રહસ્ય	૧– ૪–૦
નવીન રોગો	૧– ૪–૦
સ્ત્રીઓનું આરોગ્ય	૧– ૦–૦
હઠીલાં દર્દોમાં કુદરતી ઉપચાર	૧– ૮–૦

ચિંતન

લગ્ન–એક સમસ્યા [બીજી આવૃત્તિ]	૧– ૪–૦
વિશ્વદર્શન [૧૯૪૧-૪૨]	૫– ૦–૦
મહારાજ્યોની યુદ્ધશક્તિ	૨– ૦–૦
જ્ઞાનિક સમાજવાદ	૨– ૦–૦
જનતાનું યુદ્ધ	૦– ૧–૦
ોવિયેટભૂમિમાં	૦–૧૨–૦

નવલકથા

ાથ્વીનો પહેલો પુત્ર	૨– ૮–૦
ારની વહુ	૧– ૮–૦
ાઇ	૧– ૮–૦

વાર્તા

ત્રણ પત્રો	૨– ૮–૦
હિંદીની બેજોડ વાર્તાઓ	૨– ૮–૦

બાલસાહિત્ય

સોની વાતો ભા. ૧–૨	૦–૧૦–૦
જંગલમાં મંગલ ભા. ૧–૨	૦–૧૧–૦
ગુંજારવ [બાલગીતસંગ્રહ]	૦– ૫–૦
કેસૂડાં [વાર્તાસંગ્રહ]	૦– ૬–૦
તુલસીનાં પાન [વાર્તાસંગ્રહ]	૦– ૫–૦
નંજુની ડાળે [સાહસકથા]	૦– ૮–૦
પંચગનીના પત્રો	૦– ૪–૦
એનું નામ નરેન્દ્રકુમાર	૦– ૪–૦
કેમ અને ક્યારે ? ભાગ ૧—વિમાન	૦– ૫–૦

યુદ્ધપુસ્તિકા

વર્તમાન યુદ્ધના સળગતા રણમોરચા વિષે સંપૂર્ણ માહિતી આપતી આ નીચેની પુસ્તિકાઓ આપે વાંચી ?

હિંદનો બચાવ [સંજય]
હિટલરનું વસંત–આક્રમણ [ધનવંત ઓઝા]
ગાંધીવાદી જપાન [સંજય]
વિશ્વયુદ્ધમાં અમેરિકા [દિલીપ કોઠારી]
ગેરીલા લડાઇ [સંજય]
ચીનનો નવો અવતાર [ધનવંત ઓઝા]
વર્તમાન યુદ્ધનું સ્વરૂપ [મોહનલાલ મહેતા ધનવંત ઓઝા]
વિશ્વયુદ્ધની નિર્ણાયક રણભૂમિ [સંજય]

[આવી પુસ્તિકા દર ગુરુવારે પ્રગટ થાય છે. ટ. ખ. સાથે આવી દરેક પુસ્તિકાની કિં. ૦–૩–૦ છે.]

આમજનતાનું નવસંસ્કારિત માસિક

ઊર્મિ અને નવરચના

તંત્રી : મોહનલાલ મહેતા (સોપાન)

ગુજરાતભરમાં આ માસિકની તોલે આવે એવું એકેય માસિક નથી. કુટુંબપ્રેમની જ્યોત સળગતી રાખે અને ઘરના પ્રત્યેક માણસને એમાંથી નવી પ્રેરણા, નવા વિચારો, કર્તવ્ય પ્રત્યેની નવી સ્પૃહા જ્યારે એનું પ્રેરક વાચન દર મહિને આ માસિક દ્વારા અપાય છે.

[૨૦૦ પાનાંના સે. પુ. સાથે વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૩–૦–૦ : પરદેશમાં રૂ. ૪–૮–૦]

ભા ર તી સા હિ ત્ય સં ઘ
અમદાવાદ – મુંબઈ

ભારતી સાહિત્ય મંદિર : અમદાવાદ — મુંબઈનાં અન્ય પ્રકાશનો

જીવનચરિત્રો

૧ મુસ્તફા કમાલ [કાન્તિલાલ શાહ] ૧-૮-૦ ૨ વૈજ્ઞાનિક જગત [ચંદ્રભાઇ ભટ્ટ] ૧-૪-૦
૩ મહાન મુસાફરો [મૂળશંકર ભટ્ટ] ૧-૮-૦

આરોગ્ય

[રમણલાલ એન્જિનિયર લિખિત]

૧ દર્દો, દવાઓ અને દાક્તરો ૧-૪-૦ ૧૨ કસરત, મહેનત અને રમત ૦-૪-૦
૨ અપચાના સહેવા ઉપાયો ૦-૪-૦ ૧૩ નિસર્ગોપચાર-જલોપચાર ભા. ૨ ૦-૫-૦
૩ શરદી અને સળેખમ ૦-૬-૦ ૧૪ કલેજાના રોગો ૦-૮-૦
૪ વજન શી રીતે વધારવું ? ૦-૪-૦ ૧૫ વૅક્સિનેશન કે સેનિટેશન ? ૦-૬-૦
૫ કબજિયાત ૦-૪-૦ ૧૬ લાંબુ ચાલો અને લાંબુ જીવો ૦ ૬-૦
૬ આંખોનું આરોગ્ય ૦-૪-૦ ૧૭ નિસર્ગોપચાર ભા ૨ ૨-૪-૦
૭ નિસર્ગોપચાર ભા ૧ ૧-૦-૦ ૧૮ નિસર્ગોપચાર અને ઉગ્ર રોગો ૧-૦-૦
૮ આદર્શ ખોરાક કોને કહેવો ? ૦-૪-૦ ૧૯ મીઠું : તેનો સદુપયોગ અને દુરુપયોગ } ૧-૦-૦
૯ નિસર્ગોપચાર-જલોપચાર ભા ૧ ૦-૪-૦ ૨૦ દાતના દર્દો }
૧૦ પહેલું સુખ ૦-૪-૦ ૨૧ હવા, પ્રકાશ અને વાતાવરણ }
૧૧ ખોરાકની પસંદગી ૦-૪-૦ ૨૨ એકાદશીનો ઉપવાસ [ડૉ. સાતવળેકર] ૦-૫-૦

ચિંતન

૧ ગુલામીની શૃંખલા [ધનવંત ઓઝા] ૨-૮-૦ ૩ સો વર્ષ જીવવાની કળા [ડૉ. નાન્દી] ૧-૮-૦
૨ સાહિત્ય અને પ્રગતિ ૨-૮-૦ ૪ રાજકોટ-સત્યાગ્રહ [રા. ના. પાઠક] ૦-૮-૦

નવલકથાઓ

૧ સંજીવની (સોપાન) ૨-૦-૦ ૧૦ બંધન અને મુક્તિ (દર્શક) ૨-૦-૦
૨ પચાસ વર્ષ પછી (રા ના પાઠક) ૧-૪-૦ ૧૧ જગતનો તાત (રા ના પાઠક) ૨-૦-૦
૩ પ્રાયશ્ચિત્ત ભા. ૧ (સોપાન) ૨-૦-૦ ૧૨ ભગતા રે'લે ભા. ૧ (સોપાન) ૨-૦-૦
૪ ,, ભા. ૨ (,,) ૨-૦-૦ ૧૩ ,, ભા. ૨ (,,) ૧-૮-૦
૫ એ પત્ની કોની ? (યશોદા શુકલ) ૨-૦-૦ ૧૪ પંથેર પાંચાલી (વિ. બ દોપાધ્યાય) ૨-૦-૦
૬ આવતીકાલ (રા. ના. પાઠક) ૨-૮-૦ ૧૫ જીવનનું ઝેર (હરજીવન સોમૈયા) ૨-૦-૦
૭ મંગલમૂર્તિ (સોપાન) ૨-૦-૦ ૧૬ પતન અને પ્રાયશ્ચિત્ત (વિ. ભ ભટ્ટ) ૨-૮-૦
૮ દોન ધ્રુવ (વિ. સ. ખાંડેકર) ૨-૦-૦ ૧૭ અહંકાર (હરજીવન સોમૈયા) ૧-૮-૦
૯ ધરતી (નિરુ દેસાઇ) ૧-૮ ૦ ૧૮ પશ્ચિમના સમરાંગણે (હ. સોમૈયા) ૧-૮-૦
૧૯ ઘરમણી (ઇંદ્ર વસાવડા) ૧-૮-૦

વાર્તાઓ

૧ મૂપદાની (વિનોદ ભટ્ટ) ૧-૪-૦ ૪ અંતરની વ્યથા (સોપાન) ૧-૪-૦
૨ પ્રદક્ષિણા (,,) ૧-૮-૦ ૫ ગાંધીજીના વળ (,,) ૧-૪-૦
૩ પશ્ચિમની કથાકૃતિઓ (રા. શુકલ) ૧-૪ ૦ ૬ અખંડ જ્યોત (,,) ૧-૮-૦
૭ જીવનસરિતા ૧-૪-૦

બાલસાહિત્ય

૧ દરિયાના મામલા [ચારુવૃત્ત] ૦-૪-૦ ૬ હજીય મને સાંભરે છે [ગિજુભાઇ] ૦-૩-૦
૨ શંકરાચાર્ય [હરજીવન સોમૈયા] ૦-૨-૬ ૭ કલગી [સોમાભાઇ ભાવસાર] ૦-૫-૦
૩ રંગરંગ વાદળિયાં [સુન્દરમ્] ૦ ૨-૦ ૮ છીપલા [મોહન ઝવેર] ૦-૪-૦
૪ નાના છોકરાં [ચારુવૃત્ત] ૦-૧-૬ ૯ ભરદરિયે [હરજીવન સોમૈયા] ૦-૮-૦
૫ પ્રવાસપત્રો [રામનાઇ પાઠક] ૦-૪-૦ ૧૦ આપણા ઘાંઘુઓ [હેમુભાઇ] ૦-૮-૦

તૈયાર છે ! — ખરીદ કરો — તૈયાર છે !

વડોદરા રાજ્ય ડીરેક્ટરી

(રાજ્યની લાયબ્રેરીઓ, કચેરીઓ અને પંચાયતોએ ખરીદ કરવા મંજૂર થયેલું)

નેક નામદાર દીવાન સાહેબના આમુખ સાથે રાજ્યમાં પહેલવહેલું તમામ પ્રકારની માહિતીથી ભરપૂર એવું આ મોટું સચિત્ર પુસ્તક બહાર પડેલું છે. તેમાં રાજકર્તાઓ, રાજ્યબંધારણ-કારોબાર તમામ ખાતાંઓની વિવિધ પ્રવૃત્તિઓ, રાજ્યના નાના મોટા વેપારીઓ, વેપાર-રોજગારો, લોકજીવન, પ્રાંતમાંથી માંડી નામદારોની જાણવા જેવી હકીકત, રાજ્યની અનેક સંસ્થાઓ, ગૃહસ્થો અને સ્થળોનો પરિચય, પ્રાચીન અને હાલના રાજકુટુંબના ફોટાઓ ઉપરાંત બીજાં અનેક ચિત્રો, પોર્ટ, રેલવે, કાયદા-નિબંધોની સમજ, બંડણી રાજ્યો અને બીજી વિવિધ પ્રકારની ઉપયોગી માહિતી તેમાં આપેલી છે. વડોદરા રાજ્યનો ખરો ચિતાર આ ડિરેક્ટરી આપી શકે છે.

વડોદરા રાજ્યના આ સર્વગ્રાહી ભોમિયાની ઉપયોગિતા માટે રાજ્યની તમામ કચેરીઓએ, લાયબ્રેરીઓ અને પંચાયતોએ તે ખરીદ કરવા રાજ્ય તરફથી યોગ્ય હુકમો થયેલા છે. દરેક વ્યક્તિ, વેપારી કે ગમે તે સંસ્થાને તે એક અતિ ઉપયોગી (Ready Reference તરીકે) સાધન છે. જલ્દ ડીરેક્ટરી ખરીદ કરો અને તેમાંથી અલભ્ય લાભ મેળવો. આટલો ઉપયોગી ને મોટો દળદાર સચિત્ર પાકા પૂંઠાનો ગ્રંથ હોવા છતાં તેની કિંમત માત્ર રૂ. ૪-૦-૦ છે.

—લાયબ્રેરીઓ અને પંચાયતોને ઓછા દરે મળે છે—

મળવાનું સ્થળ : પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., વડોદરા.

અગર લખો : વડોદરા રાજ્ય ડીરેક્ટરી પબ્લીશીંગ કંપની, વડોદરા.

કૌમુદી [સચિત્ર માસિક પત્ર]

ટૂંક વખતમાં શરૂ થશે

વિગત માટે આવતો અંક જોતા રહો

પુસ્તકાલય સ૦ સ૦ મંડળ લિ.

પો. બો. નં. ૧૦, રાવપુરા-વડોદરા

અમારે ત્યાંથી મળી શકતાં પુસ્તકોમાંથી ખાસ ચૂંટી કાઢેલાં ઉત્તમ નવાં પુસ્તકોની યાદી.

સન ૧૯૪૧-૪૨ માં પ્રસિદ્ધ થયેલાં

પુસ્તકનું નામ	કર્તા વા પ્રકાશક	કિંમત
રમતોના નિયમો	ગુ. વ્યા. પ્ર. મં.	૧-૦-૦
સાદી રમતો	ચિનુભાઇ પુ. શાહ	૧-૦-૦
ચોખવટથી વાતો કરજો	દિનેશ ઠાકોર	૦-૪-૦
મનુસ્મૃતિ	સ. સા. વ. કા.	૨-૦-૦
એને ચરણે	કપિલા ઠાકોર	૦-૧૦-૦
અક્ષરોનું કિસ્મત	કેશાભાઇ મહેતા	૨-૦-૦
રાગમંજુષા	કુમાર મંગલસિંહ	૫-૦-૦
કબીર ભજનાવલી	બાલકદાસજી	૦-૪-૦
સત્યકબીર શબ્દાવલી	,,	૧-૪-૦
સો ટકા સ્વદેશી	ગાંધીજી	૧-૪-૦
મહાવીરની કથા	નવજીવન કા.	૨-૮-૦
ક્ષિતિજ ઉત્ત.	ર. વ. દેસાઇ	૨-૮-૦
બાવલાનાં પરાક્રમ	હંસા મહેતા	૧-૯-૦
ચાંદમુખ (મમતા)	શરદબાબુ	૨-૮-૦
શ્યામલી	નિરુપમાદેવી	૩-૦-૦
માધવી	કવિવર ટાગોર	૧-૪-૦
પ્રતાપી પૂર્વજો	કુંગરશી સંપટ	૨-૮-૦
પૈકું	કિરતન લટકારી	૦-૫-૦
ચિત્રસાધના	રસિકલાલ પરીખ	૩-૦-૦
સંગીત પાકાવલી	ત્રિપુરાશંકર ત્રિપા.	૦-૧૨-૦
ગામધણી	ચિ. મૂ. લુહાર	૨-૦-૦
હાસ્યવિલાસ	મસ્તકબીર	૩-૦-૦
વિકાસ	ચુનીલાલ વ. શાહ	૩-૦-૦
કુંકુમ	કિ. ચાઇ	૩-૦-૦
રૂપરાણી	ધસાડોરા ડંકન	૩-૦-૦
જયશ્રી	શરદબાબુ અને બીજા	૩-૦-૦
બાપુ	ઘનશ્યામ બીરલા	૦-૧૩-૦

પુસ્તકનું નામ	કર્તા વા પ્રકાશક	કિંમત
દેવદાસી	રામભાઇ પટેલ	૧-૮-૦
માનવતાનાં મૂલ્ય	રામનારાયણ ના. પાઠક	૩-૦-૦
ખાંડાની ધાર	,,	૨-૮-૦
રસિયો જીવ	પન્નાલાલ પટેલ	૩-૮-૦
અ. સૌ. વિધવા	જટુભાઇ મહેતા	૨-૮-૦
વિભૂતિમંદિર	અશોક હર્ષ	૨-૦-૦
આયુર્વેદ નિબંધ-માળા ભા. ૧-૨	સ. સા. વ. કાર્યાલય	૩-૦-૦
મધુકર	વિનોબા ભાવે	૨-૦-૦
Practicle Non-violence	મશરૂવાળા	૦-૬-૦
A Dicipline for Non-violence	ગ્રેગ	૦-૬-૦
ચાબખા ભા. ૧-૨	ગુર્જરગ્રંથ કા.	૨-૧૨-૦
સુવર્ણા	રમણીકલાલ દ.	૨-૮-૦
ખાંડાના ખેલ	તારાચંદ અ.	૩-૦-૦
વિવાહિતા	શરદબાબુ	૩-૦-૦
કથામંગલ	રમણલાલ સોની	૧-૪-૦
આમીઝમ	રામરાય મુન્શી	૩-૦-૦
રાધિકા	અજ્ઞાત	૧-૮-૦
વેણુનાદ	ગોવિંદભાઇ હા.	૦-૧૪-૦
પ્રકંપ	હરિકૃષ્ણ વ્યાસ	૦-૧૨-૦
एक मासमें हिंदी	हरिकृष्ण व्यास	३-८-०
અમારા ગુરુદેવ	સુશીલ	૧-૭-૦
વીરપૂજા	મો. પા. દવે	૧-૮-૦
એક ધર્મયુદ્ધ	મહાદેવ દેસાઇ	૦-૬-૦
ગાંધીજી	જુગતરામ દવે	૦-૪-૦
સંધ્યાયોગ	મણિભાઇ પટેલ	૧-૨-૦

હિંદી રાજ્યોનો	રાવતભાઇ ખુ.	૦–૭–૦
હનકતારા	રવિશંકર પાઠક	૦–૨–૦
દેશી રાજ્યોનો પ્રશ્ન	ગાંધીજી	૧–૮–૦
લોકમાતા	ફાલેલકર	૦–૬–૦
મદ્‌બોધ શતકમ્	,,	૦–૧૨–૦
ટૉલ્સ્ટૉય અને શિક્ષણ	પાંડુરંગ ળાળામે	૦–૮–૦
રચનાત્મક કાર્યક્રમ	ગાંધીજી	૦–૨–૦
Economics of Khadi	,,	૪–૯–૦
શરદ્‌વંદના	શરદ્‌ચંદ્ર	૨–૮–૦
નગરલક્ષ્મી	ટાગોર	૨–૮–૦
વ્યાયામજ્ઞાનકોશ	વ્યાયામ કાર્યા.	૮–૦–૦
બાળકોના વિવેકાનંદ	રામકૃષ્ણ સ.	૦–૨–૦
જનપદ ભા. ૨ જો	જ્યોધાણી	૦–૧૨–૦
આનંદરાત્રિ	ધૂમકેતુ	૦–૨–૦
વિશ્લેષણા	ચુનીલાલ વ. શાહ	૩–૦–૦
ઈશ્વરનો ઇન્કાર	ન. ઇ. પટેલ	૧–૮–૦
પરિમલ	રમણીકલાલ દ.	૨–૦–૦
કુલવતી	શરદ્‌બાબુ	૨–૦–૦
રચનાત્મક કાર્યક્રમ	રાજેન્દ્રબાબુ	૦–૩–૦
રામકહાણી	ગુણવંતરાય આ.	૩–૦–૦
વીરાંગનાની વાતો	તા.પો. અડાલજા	૩–૮–૦
સ્વર્ગોનું દોહન	વ. રા. પુ. મં.	૧–૮–૦
સર્વોદય	ગાંધીજી	૦–૧–૬
નિર્ભયતા	મશરૂવાળા	૦–૧–૬
અડધે રસ્તે	ક. મા. મુન્શી	૩–૦–૦
જેલઓફિસની બારી	મેઘાણી	૧–૦–૦
હાલરડાં	,,	૦–૮–૦
રાજસંન્યાસી	ધૂમકેતુ	૩–૦–૦
જનપદ ભા ૩ જો	જ્યોધાણી	૦–૧૨–૦
બાદીબીડી બાળ–વાર્તાઓ	,,	૦–૧૨–૦
મદારાજ્યોની સુદ્દશક્તિ	ધૂ. ધ. સંપટ	૨–૦–૦
હિંદીની શ્રેષ્ઠ વાર્તાઓ	ઇંદ્ર વસાવડા	૨૮–૦
કવિની ખુરશી	બકુલેશ	૨–૮–૦
શ્રીદેવી	બંકિમચંદ્ર	૩–૮–૦
કુંકુમ	કિ. ચાવડા	૨–૮–૦
સુંદર વાતો	ગિજુભાઇ	૦–૬–૦
ભેરૂ	,,	૦–૬–૦
અલીબાબા	વિદ્યાબહેન	૦–૬–૦
છાપાનટ	રમણલાલ દેસાઇ	૨–૮–૦
દક્ષિણાયન	સુંદરમ્	૧–૧૪–૦
રૂપમાધુરી	શરદ્. સંપાદિત	૩–૦–૦
હેમ્લેટ	સૌ. હંસા મહેતા	૨–૮–૦
સરી જતું સૂરત	ધ. કૃ. મહેતા	૧–૦–૦
સ્વામીથી બ્રહ્માનંદજી અને સ્વામી શિવાનંદજી	ત્રં. મા. શુકલ	૧–૬–૦
પાસીપીક	ભાસ્કરરાવ વિદ્વાંસ	૦–૧૨–૦
ગીતાંજલિ	અનુ. ન. પારેખ	૧–૪–૦
ગામડાનું સ્વરાજ	ઇન્દુલાલ યાજ્ઞિક	૦–૪–૦
રક્ષાબંધન	ચં. કુ. શાહ	૧–૦–૦
સુદામાચરિત	નવજીવન કા.	૦–૧૦–૦
બે ખુદાઇ ખીદમતગાર	,,	૦–૧૦–૦
સોરઠી સંતો	મેઘાણી	૧–૦–૦
સ્વ. મણિભાઇ દવે	નટુભાઇ રાવળ	૧–૪–૦
બોધક પત્ર	વ્યા. પ્ર. મંડળ	૦–૪–૦
કેવાયત	,,	૦–૮–૦
ગોદ	સીયારામશરણ	૧–૮–૦
સ્ત્રીઓનું આરોગ્ય	ધૂ. ધ. સંપટ	૧–૦–૦
પુરુષાર્થની પ્રતિમાઓ	ચં. કા. ભટ્ટ	૧–૧૨–૦
વૈજ્ઞાનિક સમાજવાદ	ધનવંત ઓઝા	૨–૦–૦
લગ્નની બેડી	આચાર્ય અત્રે	૨–૦–૦
કૃષ્ણપ્રતીક્ષા	શ્રી ઉભયકુંવર	૦–૬–૦
કથાલાસ્ય	હરિપ્રસાદ વ્યાસ	૨–૮–૦
આપણું રાજ્ય	ડાહ્યાભાઇ મ. પટેલ	૦–૫–૦
મંજૂષા	મોદિનીચંદ્ર	૨–૦–૦
બોધકપત્ર	ગુ. વ્યા. પ્ર. મં.	૦–૪–૦
કેવાયત	,,	૦–૮–૦
રશોઇનું રસાયણ	વંદિતાગૌરી દે.	૩–૦–૦
હિંદનું નાણાવટું	ર. ઇ. મહેતા	૩–૮–૦
પ્રતિમાઓ	મેઘાણી	૧–૧૨–૦

અમર યાત્રાધામ	ર. ના. શાહ	૧–૦–૦
તરંગ	મો. પા. દવે	૧–૮–૦
રસપાન	,,	૧–૮–૦
પ્રેમલીલા ભા. ૨જો	રાયચુરા	૨–૮–૦
નકારક હુન્નરો ભા. ૪ જો		૩–૦–૦
શ્રી ભજનસાગર ભા. ૧ લો	સ. સા. વ. કા.	૨–૦–૦
વિશલબા	ધી. કે. ભટ્ટ	૨–૦–૦
જીવન અને કવન	ટાગોર	૨–૮–૦
અધુરું સ્વપ્ન ભા. ૧-૨	ભ્યુભાઇ શુકલ	૬–૮–૦

ગાંધીજીનાં પુસ્તકો

દેશી રાજ્યોનો પ્રશ્ન	૧–૮–૦
આત્મકથા	૧–૦–૦
સો ટકા સ્વદેશી	૧–૪–૦
ધર્મમંથન	૦–૧૨–૦
વ્યાપક ધર્મભાવના	૦–૧૪–૦
ખરી કેળવણી	૦–૧૨–૦
કેળવણીનો કોયડો	૧–૦–૦
અહિંસા	૦–૮–૦
વર્ણવ્યવસ્થા	૦–૬–૦
ગોસેવા	૦–૫–૦
નીતિનાશને માર્ગે	૦–૪–૦
રચનાત્મક કાર્યક્રમ	૦–૨–૦
ત્યાગમૂર્તિ	૦–૧૨–૦
અનાસક્તિયોગ	૦–૨–૦
ગીતાપદાર્થકોશ	૦–૪–૦
ગીતાબોધ	૦–૧–૬
મંગળ પ્રભાત	૦–૧–૦
આશ્રમવાસી પ્રત્યે	૦–૨–૦
હિંદ સ્વરાજ	૦–૪–૦
ગામડાની વહારે	૦–૧–૦
સંપૂર્ણ દારૂનિષેધ	૦–૮–૦
સત્યવીરની કથા	૦–૧–૦
સર્વોદય	૦–૧–૬

કાકા કાલેલકરનાં પુસ્તકો

સદ્‌બોધ શતકમ્	૦–૧૨–૦
લોકમાતા	૦–૬–૦
સ્મરણયાત્રા	૧–૮–૦
બ્રહ્મદેશનો પ્રવાસ	૦–૩–૦
હિમાલયનો પ્રવાસ	૧–૦–૦
જીવતા તહેવારો	૦–૧૨–૦
ઓતરાતી દિવાલો	૦–૬–૦
જીવનનો આનંદ	૧–૮–૦
જીવન ભારતી	૨–૮–૦
જીવન સંસ્કૃતિ	૨–૮–૦

કિશોરલાલ મશરૂવાળાનાં પુસ્તકો

જીવનશોધન	૧–૪–૦
વિદાય વેળાએ	૦–૮–૦
ગાંધી વિચારદોહન	૦–૮–૦
નામાનાં તત્ત્વો	૨–૮–૦
કેળવણીના પાયા	૧–૦–૦
ઉષાનું જીવન	૦–૧૦–૦
ગીતામંથન	૧–૪–૦
સત્યમય જીવન	૦–૧૦–૦
સહજાનંદ સ્વામી	૦–૧૦–૦
વાલ્મીકિનો જય	૦–૬–૦
ગીતાધ્વનિ	૦–૧–૬
રામ અને કૃષ્ણ	૦–૮–૦
બુદ્ધ અને મહાવીર	૦–૬–૦
ઇશુ ખ્રિસ્ત	૦–૬–૦
નિર્ભયતા	૦–૧–૬

રમણલાલ વ. દેસાઇનાં પુસ્તકો

જયંત	૨–૦–૦
શિરીષ	૨–૮–૦
કોકિલા	૨–૮–૦
હૃદયનાથ	૨–૮–૦
સ્નેહયજ્ઞ	૨–૮–૦
દિવ્યચક્ષુ	૨–૮–૦

પૃથ્વિબા	૨–૮–૦
બારેલો અગ્નિ	૩–૦–૦
ભામલક્ષ્મી ભા. ૧ થી ૪	૧૦–૮–૦
મંસરી	૨–૮–૦
પત્રલાલસા	૨–૮–૦
ફાગ	૨–૮–૦
હૃદયવિભૂતિ	૨–૮–૦
છાપાનટ	૨–૮–૦
જાદળ	૨–૮–૦
પંકજ	૨–૮–૦
શંકિત હૃદય અને સંયુક્તા	૨–૮–૦
નિહારિકા	૨–૦–૦
જીવન અને સાહિત્ય ભા. ૧–૨	૫–૦–૦
સુવર્ણરેખ	૪–૦–૦
પરી અને રાજકુમાર	૧–૮–૦
ક્ષિતિજ (પ. ઉ.)	૫–૦–૦
અંજની	૨–૦–૦
શોભના	૨–૮–૦
ગ્રામોન્નતિ	૨–૦–૦
નાના ફડનવીસ, પાવાગઢ, પ્રતાપ	૧–૦–૦
મારું જીવન અને કાર્યક્ષેત્ર	૧–૧૨–૦

કનૈયાલાલ મુન્શીનાં પુસ્તકો

અડધે રસ્તે	૩–૦–૦
પાટણની પ્રભુતા	૨–૮–૦
ગુજરાતનો નાથ	૩–૦–૦
રાજાધિરાજ	૩–૮–૦
જય સોમનાથ	૩–૦–૦
પૃથ્વીવલ્લભ	૧ ૧૨–૦
વેરની વસુલાત	૩–૦–૦
કોનો વાંક	૨–૮–૦
સ્વપ્નદ્રષ્ટા	૨–૮–૦
નર્મદ	૧–૪–૦
નવલિકાઓ	૨–૦–૦
ઘોડાંક રસદર્શનો	૨–૦–૦
લોપામુદ્રા ભા. ૧ થી ૪	૪–૮–૦
નરસૈયો ભક્ત હરિનો	૧–૮–૦
ગુજરાતની અસ્મિતા	૧–૫–૦
Gujrat and its Literature	૬–૦–૦

ધૂમકેતુનાં પુસ્તકો

તણખા મંડળ ૧ થી ૪	૭–૦–૦
રાજમુગટ	૨–૦–૦
મલ્લિકા	૨–૮–૦
અજિતા	૨–૮–૦
પરાજય	૨–૮–૦
અવશેષ	૧–૪–૦
પ્રદીપ	૧–૮–૦
ત્રિભેટો	૧–૮–૦
રજકણ	૧–૪–૦
જલબિંદુ	૧–૮–૦
જીવનચક્ર	૧–૪–૦
સર્જન અને ચિંતન	૧–૮–૦
ચૌલાદેવી	૨–૮–૦
રાજસંન્યાસી	૩–૦–૦
પગદંડી	૧–૮–૦
હેમચંદ્રાચાર્ય	૧–૮–૦
પાનગોષ્ટી	૧–૮–૦
ધર્તિહાસદર્શન	૦–૮–૦
ગોવિંદનું ખેતર અને બીજી વાતો	૦–૨–૦
લખમી અને બીજી વાતો	૦–૨–૦
રજપૂતાણી અને બીજી વાતો	૦–૨–૦
નરકેસરી નેપોલીઅન	૦–૨–૦
આનંદરાત્રિ	૦–૨–૦
પરશુરામ	૦–૨–૦
પ્રૌઢશિક્ષણની ચાર પોથીઓ	૦–૫–૬

સોપાનનાં પુસ્તકો

સંજીવની	૨–૦–૦
પ્રાયશ્ચિત્ત ભાગ ૧–૨	૫–૦–૦
અંતરની વ્યથા	૧–૪–૦
મંગલમૂર્તિ	૨–૦–૦
અખંડ જ્યોત	૧–૮–૦
લગ્ન–એક સમસ્યા	૧–૪–૦
ઝાંઝવાનાં જળ	૧–૪–૦

અંગતો રે'જો ભા. ૧-૨	૩-૮-૦
ત્રણ પગલાં	૨-૮-૦

ઝવેરચંદ મેઘાણીનાં પુસ્તકો

વેવિશાળ	૧-૪-૦
વસુંધરાનાં વહાલાં દવલાં	૧-૮-૦
સમરાંગણ	૧-૮-૦
પ્રતિમાઓ	૧-૧૨-૦
જેલ ઓફિસની બારી	૧-૪-૦
રા' ગંગાજળીઓ	૧-૮-૦
ગુજરાતનો જય ભા. ૧-૨	૩-૮-૦
ધરતીનું ધાવણ	૨-૦-૦
પુરાતન જ્યોત	૧-૮-૦
તુલસી ક્યારો	૨-૮-૦
યુગવંદના	૨-૦-૦
સૌરાષ્ટ્રની રસધાર ભા. ૧ થી ૫	૯-૦-૦
સોરઠી બહારવટીઆ ભા. ૧-૨-૩	૪-૮-૦
રઢીઆળી રાત ભા. ૧-૨-૩-૪	૫-૦-૦
ચુંદડી ભા. ૧-૨	૧-૬-૦
નિરંજન	૨-૦-૦
અપરાધી	૨-૮-૦
સોરઠે તારાં વહેતાં પાણી	૨-૮-૦
કંકાવટી પુ. ૧-૨	૧-૧૨-૦
રાણો પ્રતાપ	૧-૪-૦
સત્યની શોધમાં	૧-૦-૦
સોરઠી સંતો	૧-૪-૦
સોરઠી ગીતકથાઓ	૧-૦-૦
કુરબાનીની કથાઓ	૦-૬-૦
ડોશીમાની વાતો	૦-૮-૦
દાદાજીની વાતો	૦-૮-૦
બિડેલાં દ્વાર	૨-૦-૦
એકતારો	૧-૦-૦

ગોકુળદાસ રાયચુરાનાં પુસ્તકો

સોરઠી વીરાંગનાની વાતો	૨-૦-૦
સોરઠી લોકવાર્તાઓ	૧-૧૨-૦
કાઠીઆવાડની લોકવાર્તાઓ ભા. ૧-૨	૩-૦-૦
વ્યાસજીની વાતો	૧-૮-૦
ગ્રહરાજ	૧-૮-૦
મહીપાળદેવ	૨-૮-૦
સોરઠરાણી	૧-૮-૦
નગાધિરાજ	૧-૮-૦
કુળદીપક	૧-૮-૦
સોરઠપતિ	૧-૮-૦
સોમનાથની સખાતે	૧-૮-૦
નવલખ સોરઠ	૧-૮-૦
કુહાની રમઝટ	૧-૮-૦
લખેશરી	૨-૮-૦
સ્નેહપૂર્ણા	૩-૦-૦
પ્રેમલીલા ભા. ૧-૨	૩-૧૨-૦
રાયચુરાની રસકથાઓ	૧-૮-૦
ગાંધીયુગની વાતો	૦-૧૨-૦
દાલચીવડાની ૧૦ વાતો	૧-૮-૦
દાલચીવડાનો ડાયરો	૧-૮-૦
રાયચુરાની રસમસ્તી	૨-૮-૦
દાલચીવડાનું હાસ્યદફતર	૧-૮-૦
રાસ મંદિર	૧-૦-૦
કૂચગીતો	૦-૧૦-૦
રસિયાંના રાસ	૧-૦-૦
સંગીતલહરિ	૦-૮-૦
પારેવાં	૦ ૬-૦

બંકિમબાબુનાં પુસ્તકો

રાધારાણી	૦-૮-૦
કપાલકુંડલા	૧-૮-૦
કૃષ્ણકાન્તનું વીલ	૨-૮-૦
દુર્ગેશનંદિની	૨-૦-૦
મનોરમા	૨-૦-૦
રાજમોહન	૧-૮-૦
રાજદુલારી	૨-૮-૦
ચંદ્રેના	૨-૮-૦

શરદચંદ્ર ચટ્ટોપાધ્યાયનાં પુસ્તકો

પરિણિતા	૦-૮-૦
પચ્ચીસમાજ	૧-૪-૦
છબી	૧-૦-૦

ચંદ્રનાથ	૦-૧૪-૦
સ્વામી	૧-૪-૦
કાશીનાથ	૧-૧૨-૦
દેવદાસ	૧-૦-૦
જીવનયાત્રા	૧-૪-૦
સાવકી મા	૨-૮-૦
બિંદુ	૦-૮-૦
બડી દીદી	૧-૧૨-૦
દુર્ગા	૨-૮-૦
કુલવતી	૨-૮-૦
વિવાહિતા	૩-૦-૦
ચાંદમુખ	૨-૮-૦
વિપ્રદાસ*	૩-૦-૦
દત્તા	૨-૦-૦
શુભદા	૨-૦-૬
અનુરાધા	૩-૦-૦
શેષપ્રશ્ન+	૩-૦-૦
શરદબાબુની બાળવાર્તા	૧-૮-૦
શ્રીકાંત ભા. ૧ થી ૪	૭-૦-૦
ગૃહદાહ	૩-૦-૦
ચરિત્રહીન	૩-૮-૦
પથેરદાબી§	૪-૮-૦
વિરાજવહુ	૦-૧૦-૦
ત્રણ વાર્તાઓ	૦-૧૨-૦
નવવિધાન	૦-૬-૦
હેમા બહેન	૦-૫-૦
અરક્ષણીઆ	૦-૬-૦
રેણુની મા×	૩-૮-૦
અલકા†	૨-૦-૦
શરદવંદના	૨-૮-૦

* સુવાસચંદ્ર નામે ફરીવાર બહાર પડયું છે.
+ નવીના નામે ફરીથી પ્રકટ થયું છે.
§ આ પુસ્તક અપૂર્વ 'આરતી' નામે પણ પ્રકટ થયું છે.
× નવી વહુ નામે ફરીથી બહાર પડયું છે.
† લૈરવી નામે ફરીથી બહાર પડયું છે

રવીન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકો

સ્વદેશી સમાજ	૦-૮-૦
ચાર અધ્યાય અને માલંચ	૧-૧૨-૦
આનંદી	૨-૮-૦
લાવણ્ય	૧-૧૨-૦
માધવી	૧-૪-૦
ભાભી	૨-૮-૦
ભાઇબહેન	૨-૮-૦
વિભાવરી	૨-૮-૦
પૂજારિણી	૦-૧૨-૦
નૌકા ડૂબી	૨-૮-૦
રવિકિરણો	૩-૦-૦
ચતુરંગ	૧-૪-૦
ઘરેણાંહિરે	૨-૦-૦
કુમુદિની	૩-૦-૦
નગરલક્ષ્મી	૨-૮-૦

અન્ય લેખકોનાં પુસ્તકો

રાતું ગુલાબ ભા. ૧-૨-૩	ભટ્ટ ચંદ્રભાઇ	૨-૮-૦
બાળકોનો બાગ	પટેલ સો. કિ.	૦-૬-૦
ભારતમાં અંગ્રેજી રાજ્ય ભા. ૧-૨	સુંદરલાલજી	૧૦-૦-૦
શિકાર	ચાવડા કિ.	૧-૮-૦
મુસ્તફા કમાલ	શાહ કાંતિલાલ	૧-૮-૦
ધરતી	દેસાઇ નીરુભાઇ	૧-૮-૦
કલ્યાણયાત્રા	દર્શક	૧-૮-૦
ગાંધીજીની સાધના	નવજીવન પ્ર. મં.	૧-૪-૦
સ્મૃતિ અને દર્શન	ત્રિવેદી રતિલાલ	૨-૮-૦
પારિજાત	પૂજાલાલ	૨-૦-૦
લોકપોથી	નવજીવન પ્ર. મં.	૦-૧-૦
સાહિત્યકણા	દવે મો. પા.	૧-૦-૦
બુદ્ધચરિત્ર	દોશી	૦-૧૦-૦
માલવિકાગ્નિમિત્ર નાટક		૧-૮-૦
વનવનની વેલી	યુગાંતર કાર્યાલય	૦-૧૨-૦
પાંખડી	ત્રિવેદી જેઠાલાલ	૦-૮-૦
અક્કલના ઇજારદાર	બેકાર	૧-૮-૦
રાજચંદ્રજીવનકળા	પ્રસ્થાન કાર્યાલય	૧-૮-૦

રેમુજી ડુચકા	ગ્રાહ ધી. ટે.	૦–૮–૦
પથિકનાં પુષ્પો	ગુ.૧થી૩ અરવિંદઘોષ	૧–૦–૦
પથિકના પત્રો	ગુચ્છ ૧,૨,૩, ,,	૧–૯–૦
સૂર્યનમસ્કાર	મનોહર કૃષ્ણ હરિ	૦–૮–૦
વાઘેલાનું ગુજરાત	સાંડેસરા	૦–૬–૦
માયાબાજી અને બીજી વાતો	મોંઘીબ્હેન	૦–૮–૦
ડૉન કવીકઝોટ	,,	૦–૮–૦
ગેદાર્ન (પૂ. ઉ.)	પ્રેમચંદ	૫–૦–૦
શયતાન	ટૉલસ્ટૉય	૧–૦–૦
રમતારામ	બેકાર	૨–૦–૦
રાષ્ટ્રિકા	ખબરદાર	૨–૮–૦
આપવીતી	ધર્માનંદ કૉસંબી	૧–૪–૦
ગ્રામ ભજનમંડળી	નવજીવન કા.	૦–૨–૦
ગ્રામ પંચાયતનો કાયદો	નરહરિ પરીખ	૦–૪–૦
મોહિની	ભો. ૨ દિવેટીઆ	૩–૦–૦
દર્શનિકા	ખબરદાર	૩–૦–૦
રંગલીલા	કલમ મંડળ	૦–૧૪–૦
ગંગાનાં નીર	ઇંદ્ર વસાવડા	૨–૮–૦
જીવનનું ઝેર	ભારતી સા. સંઘ	૨–૦–૦
પલ્લવ	દુર્ગેશ શુકલ	૦–૧૨–૦
યંત્રની મર્યાદાઓ	નરહરિ પરીખ	૦–૧૪–૦
પાપ પુણ્ય અને સંયમ	નવજીવન કા.	૦–૧૨–૦
ખિસ્સા કોશ	,,	૦–૬–૦
મહાસભાનાં ગીતો	,,	૦–૧–૬
ગજવે ઘૂમતો શબ્દકોશ	ત્રિપાઠી અને વોરા	૧–૪–૦
રાજ્ય અને રાજકારણ	હરકાંત શુકલ	૬–૮–૦
સોરઠી સોમનાથ	દયાશંકર કવિ	૧–૧૨–૦
નાંત્રીરાજ	ચં. કા. ભટ્ટ	૧–૧૨–૦
મુક્તિદ્વાર	ગૂર્જરગ્રંથ કાર્યા.	૬–૪–૦
વાંકવિનાની	ચં. ભ. મહેતા	૨–૦–૦
સો વર્ષ જીવવાની કળા	જ. નાન્દી	૧–૮–૦
જીવનનાં વહેણ	ર. છો. પરીખ	૨–૮–૦
અંબુભાઇના પત્રો	ચં. પુરાણી	૦–૧૨–૦
વર્તમાન યુગના વિચારો	શારદાપ્રસાદ વર્મા	૦–૧૦–૦
મારી વ્યાપક કેળવણી	નવજીવન કા.	૧–૪–૦
અવંતિપતિ	જેઠાલાલ ત્રિવેદી	૨–૮–૦
ઇલા	જ. અ. મહેતા	૧–૮–૦
પિપાસી	સુંદરમ્	૨–૮–૦
પુત્રજન્મ	ગુ. આચાર્ય	૨–૮–૦
બાલભજનાવલિ	શં. દ્વા. પરીખ	૦–૩–૦
બાલકુંજના પાઠો	પુ.સ.સ.મં.લિ.	૦–૪–૦
સારી રીતભાત	,,	૦–૪–૦
એઝીક ઈંગ્લિશ	હરિકૃષ્ણ વ્યાસ	૫–૮–૦
શૌર્યનાં તેજ	મ. જોધાણી	૧–૮–૦
બ્રહ્મચર્યમીમાંસા	જટાશંકર નાન્દી	૩–૮–૦
૮૦ દિવસમાં પૃથ્વી પ્રદક્ષિણા	મ. મો. ભટ્ટ	૦–૮–૦
બારી બહાર	પ્રહ્લાદ પારેખ	૧–૪–૦
કલાનું સ્વપ્ન	એન.એમ.ત્રિપાઠી	૨–૮–૦
વસુંધરા અને બીજી વાતો	ગુ. ખોકર	૨–૩–૦
રાષ્ટ્રીય ઉદ્યોગો	મૃદુલ	૧–૮–૦
સંતનાં સ્મરણો	મિસિસ પોલાક	૧–૪–૦
બચુકડો ઉંદર	વીમળા શેતલવાડ	૨–૬–૦
નાનકડો કનુ	,,	૦–૩–૦
બહાદુર હંસા	,,	૦–૩–૦
કમલિની	ચાર બંગાળી લેખકો	૨–૦–૦
રંભા	જેઠાલાલ ત્રિવેદી	૧–૪–૦
પશુમાંથી દેવ	મોહનલાલ ગાંધી	૦–૧૨–૦
ધની વણકર અને બીજી વાતો	ઉ. કે. ઓઝા	૧–૪–૦
વાર્ષિક લવાજમ માત્ર રૂ. ૪) = પરદેશ માટે વાર્ષિક શિલિંગ ૮

લખો:—વ્યવસ્થાપક, 'બાલમિત્ર' કાર્યાલય–ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

બાળક માસિક ૨૦ વર્ષ પૂરાં કરે છે

[બાળકને ગમી જાય તેવાં સાદાં ને સરસ વિવિધતાપૂર્ણ લખાણો આપીને બાળકે બાલદુનિયામાં પોતાનું સ્થાન કયારનું યે મેળવ્યું છે]

બાળક

તંત્રી : લીખાભાઈ વ્યાસ
લવાજમ : રૂપિયા બે
પરદેશ માટે પાંચ શિલિંગ

યુદ્ધકાળ હોવા છતાં તેના કદ, કાગળ, પૂઠું વગેરે એનાં એ કાયમ રહી સસ્તામાં સસ્તા પત્ર તરીકે હજી પણ પ્રકટ થતું રહ્યું છે: વીસ વરસ પૂરાં થવાની ખુશાલીમાં આવતી દિવાળી ઉપર તેનો ખાસ "દિવાળી અંક" પ્રગટ થનાર છે.

બાળકોને બાળક ગમે છે માટે

પુસ્તકાલયમાં 'બાળક'ને અવશ્ય સ્થાન આપશો

'બાળક' કાર્યાલય : રાવપુરા : વડોદરા

બહાર પડી ચૂકયું છે :—

અર્થશાસ્ત્રના અતિ મહત્ત્વના અંગ નાણાવટાના વિષય
ઉપર ગૂજરાતી ભાષામાં પહેલું જ પ્રકાશન

હિંદનું નાણાવટું

લેખક : જયન્તીલાલ હ. મહેતા, (બી. કોમ.)
અર્થશાસ્ત્ર તથા નાણાવટાના મહદ્‌નીશ અધ્યાપક

આ પુસ્તકમાં શરાફી, સહકારી પ્રવૃત્તિ, વ્યાપારી, ઔદ્યોગિક તથા
હૂંડિયામણની બેંકો, રિઝર્વ બેંક તથા હિંદી નાણાપ્રધાન અંગેના
પ્રશ્નોની અભ્યાસપૂર્ણ છણાવટ કરવામાં આવી છે.

આમુખ લેખક : શ્રી. ડૉ. જ્યોતીન્દ્ર મહેતા, વિદ્યાધિકારી વડોદરા રાજ્ય.
પરિચયકાર : શેઠ શ્રી. પ્રાણલાલ દેવકરણ નાનજી.

પૃષ્ઠસંખ્યા : ૩૩૪ સોલ એજન્ટસ :

મૂલ્ય રૂા. ૩–૮–૦ **સુકુન્દલાલ એચ. મહેતાની કં.**
(પાકું પૂંઠું) રાવપુરા, વડોદરા.

પુસ્તકો કયાં બંધાવશો ?

આજના મોંઘવારીના વખતમાં ફાટી ગયેલાં નવાં પુસ્તકો વસાવવાં મુશ્કેલ છે.
એટલે
જૂનાં પણ ચલાવી શકાય તેવાં પુસ્તકો ફરી બંધાવી પુસ્તકાલયના વાચકોમાં ચાલુ રાખો.
એ માટે
કિફાયત ભાવે બાંધવાનું અમદાવાદનું વર્ષોજૂનું ને જાણીતું મથક

યશવંત બુક બાઇન્ડિંગ વર્કર્સ

પાનકોર નાકા, ઢાલગરવાડ, **અમદાવાદ.**

ભાવતાલ માટે આજેજ પુછાવો :

સસ્તુ સાહિત્ય કાર્યાલયનાં તમામ પુસ્તકો અમારે ત્યાં બંધાય છે, એ
અમારી કામ કરવાની પ્રવીણતા અને ખાતરી માટેનો અચૂક પુરાવો છે.

વડોદરા રાજ્યનાં તમામ પુસ્તકાલયો માટે તથા ઇનામો માટે મંજૂર થએલું

— ગુજરાતી સાહિત્યનું એક અનોખું અંગ —

કાગળ

[લેખક : શ્રી. જયંતકુમાર યાજ્ઞિક]

કાગળ શેમાંથી બને છે, કેવી રીતે બને છે, કેટલી જાતનો બને છે તે તથા કાગળની જૂદી જૂદી જાતોની સમજ આપતું ગુજરાતી ભાષાનું સૌથી પ્રથમ અને અનોખું સચિત્ર પુસ્તક. કિંમત એક રૂપિયો.

દરેક પુસ્તકાલય વસાવવાનું ન ચૂકે.

કોમ્પોઝીટર

મુદ્રણકલાના એક મહત્ત્વના અંગ કમ્પોઝીંગની આકૃતિઓ સાથે ઝીણવટભરી સમજ આપતું પ્રથમ ગુજરાતી સચિત્ર પુસ્તક. કિંમત બાર આના.

[લે. : જયંતકુમાર યાજ્ઞિક]

મહાગુજરાતનાં વર્તમાનપત્રો તથા સાહિત્યકારો તરફથી આ બન્ને પ્રકાશનોને સારો આવકાર મળેલો હોઇ

દરેકે દરેક પુસ્તકાલયોએ રાખવા લાયક છે.

મળવાનું ઠેકાણું :—**શ્રી. જયંતકુમાર યાજ્ઞિક** શેઠશેરી, બાજવાડા, વડોદરા.

નવ સૌરાષ્ટ્રનો સેટ

બળવાખોર પિતાની તસ્વીર
કિં. ૨-૮-૦

આઝરીશ સ્વાતંત્ર્યના ઇતિહાસનું એક ગૌરવવંતુ પ્રકરણ શ્રી. ઇંદુલાલ યાજ્ઞિકની પ્રેરણા સાથે.

લયલાના પત્રો
કિં. ૨-૦-૦

એક લોકપ્રિય ઊર્દુ સાહિત્યકારની સફળ કૃતિનો સફળ અનુવાદ. શ્રી. રમણલાલ વ. દેસાઈની પ્રશંસાત્મક પ્રસ્તાવના સાથે.

વિરાટ જાગે છે ત્યારે
કિં. ૧-૮-૦

શ્રી. ગુણવંતરાય આચાર્યની તેજસ્વી અને જોષીલી શૈલીમાં આદ્યંત રસભરી નવલકથા.

દરેક પુસ્તકાલય રાખે છે. તમારે ત્યાં ન હોય તો આજે જ ઓર્ડર મૂકો.

પ્રાપ્તિસ્થાન : બાલસાહિત્ય ભંડાર—નડિયાદ.

શ્રી. ૨ મ ણ લા લ પી. સો ની

અનુવાદિત બે નવાં છેલ્લાં પુસ્તકો

શરદબાબુ
નું છેલ્લું નવું પુસ્તક

શરદ વંદના
રૂા. ૨॥ અઢી

ફ

કવિવર ટાગોર
નું છેલ્લું નવું પુસ્તક

નગરલક્ષ્મી
રૂા. ૨॥ અઢી

શરદબાબુ સંપાદિત

રૂપમાધુરી (રૂા. ત્રણ)

એ ન. એ મ. ઠક્કર ની કંપની

બુકસેલર્સ અને પબ્લીશર્સ
૧૪૦, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ–૨.

સ્ત્રીવર્ગને ખાસ ઉપયોગી

પ્રસૂતિશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વાંચો

પ્રસૂતિવિજ્ઞાન

લેખક, સંપાદક અને પ્રકાશક, વૈદ્ય રવિશંકર જટાશંકર ત્રિવેદી.

જેમાં સ્ત્રીશરીર અવયવોનું વર્ણન, સગર્ભાવસ્થામાં પાળવાના નિયમો, સગર્ભાવસ્થામાં થતા રોગો અને તેના ઉપાયો, ગર્ભિણીની ભાવજત, દાયણનું કર્તવ્ય, પ્રસવની અવસ્થાઓ, પ્રસૂતાને થતા રોગો અને તેના ઉપાયો, પ્રસવ વખતે આવતી અડચણો વિષેની સૂચનાઓ, બાળઉછેર અને ભાવજત, બાળકની પીડાનાં પ્રથમનાં લક્ષણો, બાળકોનાં દરદો અને તેનાં ઉપાયો વિ. વિષયો ૨૬ પ્રકરણોમાં આપવામાં આવેલ છે. આ એક જ પુસ્તકના જ્ઞાનથી પ્રસૂતાને સંપૂર્ણ જ્ઞાન મળી શકે છે અને શરીર નિરોગી રાખી શકે છે.

આ પુસ્તક "વૈદ્યકલ્પતરુ" માસિકના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે.

માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩ ભેટની કિં. રૂા. ૧–૪–૦

લખો:—**ગુજરાત આયુર્વેદિક ફાર્મસી**

ગાંધીરોડ–અમદાવાદ. કાલબાદેવી–મુંબઇ. ચૌટાપુલ–સુરત.

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો અને હાઇસ્કૂલો માટે
મંજૂર થયેલું રસાળીક અવાલવાળાનું માણવાન પ્રકાશન

પ્રતીક્ષા

વડોદરા રાજ્યના પ્રાચ્યવિદ્યામંદિરે જેની ત્રીસ નકલો ઉત્તેજનાર્થે ખરીદી છે તે અગેય અને સુગેય કાવ્યો, ઊર્મિગીતો ને સૉનેટોથી સમૃદ્ધ કાવ્યસંગ્રહ—

કવિશ્રી ઉમાશંકર જોષીના પ્રવેશક તથા ટિપ્પણ સહિત, કનુ દેસાઇ ચિત્રિત અત્યંત મનોહર મુખચિત્ર, કુમાર પ્રિન્ટરીની આકર્ષક છપાઈ, ઊંચા ઍન્ટીક કાગળ, ૧૫૨ પૃષ્ઠ, છતાં મૂલ્ય રૂપીઓ દોઢ, ટપાલ મંગાવતાં પોસ્ટેજ માફ.

ચોકસી બ્રધર્સ, બાલા હનુમાન, **અમદાવાદ**

દરેક પુસ્તકાલયે અવશ્ય વસાવવા લાયક

પ્રો. શંકરલાલ શાસ્ત્રીનાં વિદ્વાનોએ વખાણેલાં બે માણવાન પ્રકાશનો :

(૧) પાનદાની : મૌલિક અને મનોહર નવલિકાઓનો સુંદર સંગ્રહ. રસિક કલાવિધાન, વાસ્તવદર્શન અને જીવંત પાત્રોથી આકર્ષક નીવડતી આ નવલિકાઓ તેમના નિર્દોષ કટાક્ષથી તમને ય બે ઘડી હસાવશે. પથ્ય અને રોચક સાહિત્ય 'પુસ્તકાલય' કહે છે કે 'પાનદાની' પુસ્તકાલયો ખુશીથી વસાવે.
દ્વિરંગી ચિત્ર : સુંદર જેકેટ : ઉત્તમ છપાઈ : પાકું પૂઠું : કિંમત રૂ. ૧॥

(૨) સાહિત્યદ્રષ્ટાને : સંસ્કારી, પ્રાસાદિક અને રમતિયાળ શૈલીમાં સાહિત્યનાં વિવિધ સ્વરૂપો વિષે વિશદ વિવેચનો, તેમ જ સાહિત્યકારોનાં રસપ્રદ રેખાચિત્રો. મૌલિક તેમજ તલસ્પર્શી, વિશિષ્ટ તેમજ વિદ્વત્તાપૂર્ણ પત્રલેખોનો આ સંગ્રહ સાહિત્યરસિકોને નવી જ ભાત પાડે છે. 'પુસ્તકાલય' કહે છે કે સાહિત્યના અભ્યાસીઓને તથા વિદ્યાર્થીઓને આ પુસ્તક ખાસ ઉપયોગી છે.
દ્વિરંગી ભાવવાહી ચિત્ર : સુંદર જેકેટ : આકર્ષક છપાઈ : પાકું પૂઠું : કિં. રૂ. ૧॥॥

પ્રાપ્તિસ્થળ (૧) પ્રો. શંકરલાલ જી. શાસ્ત્રી, ૬૦ કિન્નર રોડ, જૂનાગઢ
(૨) પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ., ઠે. રાવપુરા, વડોદરા

બાળકોને કચડી નાખો નહિ.



❀

બાલસખા

બજેટ ઘટતાં, બાળકોના માસિક માટે ૨–૪ આના, થોડાં પાન કે 'આવ્યું આવે છે હવે!' એવા વિચારથી દોરાઓ જાઓ નહિ. બાળક કચડાય નહિ તે સૌથી પહેલું જુઓ.

'બાલસખા'ના પસંદગી આપને યોગ્ય ઠરાવશે, એવો અમારો નમ્ર દાવો છે. બધી રીતે એ આપને સંતોષ આપશે. પડોશના બાલ્યનાં પુસ્તકાલયો માટે વાર્ષિક લવાજમ કેવળ રૂા. ૨–૧૩–૦ છે.

એક વરસ 'બાલસખા'ને પુસ્તકાલયમાં સ્થાન આપી જુઓ.
કાઠિયો નથી કરી એવી પ્રગતિ એણે પાંચ વરસમાં કરી છે.

કુમુદી [સચિત્ર માસિક પત્ર]

સંપાદિકા : સૌ. વિદ્યુલતા

ટૂંક વખતમાં શરૂ થશે

વાર્ષિક લવાજમ : પાંચ રૂપીઆ.

કાર્યાલય : રાયપુર, અમદાવાદ

વાચનાલયના બજેટમાં

આખરે મૂકવા

જેવું

સર્વાંગસુન્દર સચિત્ર માસિક

નવચેતન

વાચનાલયમાં આવનાર
એકેક વાચકને
સંતોષે છે.

卐

આ લોકપ્રિય માસિક હમણાં
કલકત્તાથી વડોદરા આવ્યું છે.

વાર્ષિક લવાજમ રૂ. ૬।–
હિંદ બહાર રૂ. ૮।।

卐

'નવચેતન' કાર્યાલય
કોઠી પાસે, વડોદરા.

સાહિત્ય
રાજકારણ
અર્થતંત્ર
જેવા જીવતા વિષયોમાં નવદૃષ્ટિ કેળવવા

રેખા

વાંચવું જ
વસાવવું જ
રહ્યું.

વિવિધતા
અનુભવતા
અનોખર

રેખાને વિશિષ્ટ બનાવે છે.

એક એક અંકમાં તે માસનું
ઉત્તમ વાંચન સમાયું છે.

વાર્તાઓ, નાટિકાઓ, કટાક્ષચિત્રો,
રાજકીય નોંધ, અર્થશાસ્ત્રીય લેખો,
માસની કિતાબ અને નવું વાચન,
માનસશાસ્ત્ર અને બોલપટ
આવું વૈવિધ્ય, સાદી બાનીમાં રજૂ થતું
બીજે કયાંય નહિ મળે.

અને સાથે
ગુજરાતના સમર્થ વ્યંગચિત્રકાર
ચકોરનાં

વ્યંગ ચિત્રો

આટલું છતાં

રેખા

ગુજરાતનું સસ્તામાં સસ્તું માસિક છે.
દરમાસે ૧૦૦ પાનાંનું સમૃદ્ધ વાચન

વાર્ષિક	પરદેશમાં	છૂટક
લવાજમ	પડતર	નકલ
૬–૮–૦	૭–૮–૦	૦–૪–૦

આપના ગામ પુસ્તકાલયમાં
રેખા વસાવી દુનિયા

સમસ્ત ગુજરાત અને મુખ્યત્વે વડોદરારાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિનું એકજ મુખપત્ર

પુસ્તક ૧૭ મું ઑગસ્ટ–૧૯૪૨ અંક ૮ મો

આગામી બજેટ અને પુસ્તકપસંદગી

—તંત્રીસ્થાનેથી

પુસ્તકાલયોના ઉત્સાહી મંત્રી–ગ્રંથપાલો જુલાઈની પંદરમી તારીખ આવતાં નવા વર્ષના બજેટની રાહ જ જોઈ રહ્યા હોય છે, અને તે માટે સઘળી પૂર્વતૈયારી કરી જ રાખે છે. પરંતુ બધા જ એ બાબતમાં એકસરખો ઉત્સાહ ધરાવતા-હોય તો તો જોઇએ પણ શું ?

આ ઑગસ્ટ માસમા ઘણાંખરાં પુસ્તકાલયોના મંત્રી–ગ્રંથપાલો આ કામની શરૂઆત કરશે. બંધારણસર કામ કરનારાઓ તો આ બાબત પોતાના વ્યવસ્થાપક મંડળના સભ્યોએ પસંદ કરેલાં હોય તો તે, અથવા મંત્રી કે ગ્રંથપાલે અગાઉથી તૈયાર કરી રાખેલ હોય તે પુસ્તકોની યાદી વ્ય. મં. સમક્ષ રજૂ કરશે અને તેમાંથી સર્વાનુમતે સ્વીકારાય તેવાં તેમ જ નવાં બહારપડ્યાં થયેલાં પુસ્તકો પસંદ કરશે અને નવા વર્ષના બજેટમાં એ પુસ્તકો માગશે.

પરંતુ આ પ્રમાણે બંધારણસર કામ કરવાને હજી પણ નહિ ટેવાયેલા મંત્રી-ગ્રંથપાલો પોતાની મરજી મુજબનાં પુસ્તકો માગશે.

આ બાબત અમો વખતોવખત પુસ્તકાલયોના સૌ કાર્યકર્તાઓનું ધ્યાન ખેંચીએ છીએ અને આજે ફરી વાર પણ, જ્યારે બજેટ બનાવવાનો વખત થયો છે ત્યારે, યાદ આપીએ છીએ કે, આ પુસ્તકોની પસંદગીમાં, જેમાં સમસ્ત ગામનું હિત સમાયેલું છે–જે ગામમાં જુદી જુદી કક્ષાનાં વાચકો વસે છે તે વાચકોના બરનું સાહિત્ય વસાવાય એ જ હિતાવહ છે. નાના સરખા ગામમાં જ્યાં ભણેલો વર્ગ બહુ જૂજ છે તેવા ગામના પુસ્તકાલયમાં યોગવાસિષ્ઠ સરખાં અથવા અધ્યાત્મવાદને લગતાં પુસ્તકો માત્ર ગણ્યાંગાંઠ્યા એકાદબે જણના સંતોષ ખાતર વસાવવાં એ વાજબી નથી. એવા ગામે તો એ વાચકોની કક્ષા વિચારીને તેઓ વાંચી પચાવી શકે તેવું જ સાહિત્ય વસાવવું જોઇએ,

અશિષ્ટ સાહિત્ય

ઘરમાં પણ જે ભાષા સહન ન કરી શકાય એવી ભાષામાં આજે પુષ્કળ સાહિત્ય પ્રગટ થઈ રહ્યું છે અને પોતાને સારા સાહિત્યના ધુરંધર કહેવડાવતા પ્રકાશકો એનો પ્રચાર કરી રહ્યા છે. એક વખત તેઓ જ આવા સાહિત્યનો સ્પર્શ કરતાં અચકાતા હતા.

આજે તેઓ હાવકે મોઢે કહે છે કે 'ભાઈ, હવે જમાનો બદલાયો છે. એને અનુરૂપ સાહિત્ય અમારે આપવું રહ્યું ને!' સાચી વાત એ છે કે તેઓ જાહેર પ્રજાને જાણે છે અને તેની રુચિ (કે કુરુચિ) ને સંતોષવા ગમે તે સાહિત્ય પૂરું પાડવા તત્પર બને છે.

આવાં પ્રકાશનો પર પ્રતિબંધ મૂકવો ભૂલભર્યો છે. પ્રજાની લંપટતા કે વિલાસિતાને ઉત્તેજનારા સાહિત્ય પ્રકાશન ઉપર હુમલો કરવામાં હંમેશ ભૂલ જ થાય છે. એને નુકસાન પહોંચાડનારું સૌથી સરસ પગલું મૌનનું છે. જો આવા સાહિત્ય વિષે વાતચીત ન થાય તો તે વંચાશે નહિ. અને વંચાશે નહિ તો તે વેચાશે નહિ.

['જન્મભૂમિ' માંથી.]

આ જાણતમાં કેટલીક વાર મંત્રી કે ગ્રંથપાલ અગત્યનો ભાગ ભજવે છે. તેવે સ્થળે તે તે ભાઈઓ પોતાની જ માત્ર વાચનભૂખ સંતોષાય તેવાં પુસ્તકો મંગાવે છે તે વાજબી નથી. કેમકે અનેકોના ભોગે જ તેઓની એ ભૂખ સંતોષાતી હોય છે. વળી આમ કરવા જતાં, કદી કદી એવાં જ પુસ્તકોમાં મોટી રકમ ખર્ચાઈ જવાના કારણે બાળકો, સ્ત્રીઓ તેમ જ નવા શીખેલા પ્રૌઢો માટેનાં પુસ્તકોને પછી ભાગ્યે જ અવકાશ રહે છે.

અને બાળકોના સાહિત્ય વિના તો કોઈ પણ પુસ્તકાલય સતેજ રહેશે નહિ. કેમકે આપણાં ગ્રામ પુસ્તકાલયોનો વધુ લાભ તો બાળકો લે છે. તેઓ જ પુસ્તકાલયના વિશેષ વાચકો હોય છે. કેમકે તેમની નવું નવું જાણવાની અને એ માટે એમનામાં વાંચવાની જિજ્ઞાસા વધુ પ્રમાણમાં હોય છે. વળી તેઓ પુસ્તકાલયના ભવિષ્યના કાર્યકર્તાઓ થવાના છે.

એટલે આ બધી જાણતનો વિચાર કરીને પુસ્તકાલય માટેનાં પુસ્તકો પસંદ કરતી વખતે, પસંદ કરનારે કોઈની અંગત લાગવગનો, કોઈના પણ દબાણનો, અથવા શરમાશરમી કોઈ ઓળખીતા પારખીતાના નબળા પુસ્તકને પુસ્તકાલયમાં નાહક સ્થાન ન મળે એ ખાસ જોવું જ જોઈએ. આવા સામુદાયિક કાર્યમાં અંગત સ્વાર્થ કે લાગવગનો હરગીજ ઉપયોગ ન થાય તે માટે ખાસ તકેદારી રાખવી જોઈએ.

પુસ્તકો પસંદ કરવા માટે સાધન તો તમારી પાસે છે જ.

"પુસ્તકાલય" માસિકના તેમ જ અન્ય સામયિકોમાં આવતા પુસ્તક પરિચય વિભાગો તમને એમાં સારા માર્ગદર્શક થઈ પડશે. એ સામયિકોના અંકોના પુસ્તકપરિચયો જોઈ જઈ યોગ્ય લાગે તે જ પુસ્તકો આપના પુસ્તકાલયમાં વસાવો.

જ્ઞાનને પ્રજામાં વહેંચવાનું કાર્ય આપણાં પુસ્તકાલયો કરે છે. એ પ્રજાને સીધી રીતે સ્પર્શે છે. પુસ્તકાલય એટલે કેળવણીનું કવચ. શાળા-પાઠશાળાઓમાં અપાતી કેળવણીને સાચવી રાખવાનું દુર્ઘટ કાર્ય તે કરે છે. —રમણલાલ દેસાઈ.

બજેટ

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનાં બજેટ વિશાળ માનવસંખ્યા ને ગુજરાતી સાહિત્યપ્રવૃત્તિ ઉપર અસરકર્તાં હોવાથી, બજેટ ઘડતાં કેટલું ઊંચું ધ્યેય રાખવું જરૂરનું છે ને કેટલી કાળજી રાખવી ઘટે છે તે 'બાલસખા'ના તંત્રી શ્રી. હિંમતલાલ શાહ તેમની વિચારણા અને અનુભવ ઉપરથી અહીં રજૂ કરે છે. આશા છે કે તમામ પુસ્તકાલયો તેનો લાભ ઉઠાવશે.—તંત્રી.

જેમ ઘરમાં ટાંગેલી છબિઓ માણસના સંસ્કાર માટે બોલી ઊઠે છે, તેમ કોઇ પણ પુસ્તકાલયનું બજેટ અને પસંદ થયેલાં પત્રો કે પુસ્તકો એ ગામ કે બજેટ બનાવનારનાં સંસ્કાર, શક્તિ અને અભિલાષાઓ માટે બોલી ઊઠે છે. બજેટની અસર ગામપૂરતી જ નથી હોતી, પણ એ ઓછામાં ઓછું પ્રાંત સુધી તો અસર લંબાવી શકે છે. વડોદરા રાજ્યનાં પુસ્તકાલયોનું બજેટ વધુ જોખમદાર બની જાય છે. બજેટ બનાવનારાઓ પૂરતો વિચાર ન કરે તો ગુજરાતની સાહિત્યપ્રવૃત્તિને ને એ રીતે સમસ્ત ગુજરાતની સંસ્કારિતાને ભારે અસર પહોંચે છે.

બજેટ ઘડતાં

* સર્વોત્તમ સાહિત્ય મેળવવાનો જ સંકલ્પ કરો.
* પત્રોની સંખ્યાનો મોહ ન રાખો.
* પુસ્તકાલયની કિંમત આવતાં પત્રોની સંખ્યા ઉપરથી ન આંકો, પણ આવતું સાહિત્ય કેટલી ઉચ્ચ કક્ષાનું છે તે ઉપરથી આંકો.
* નિર્બળતા કે આળસને કારણે જ ચાલુ પત્રને ચાલુ ન રાખો. ચાલુ હોય તેના કરતાં સારું મેળવી શકતા હો તો તે માટે તત્પર રહો.
* લાગવગ, ઓળખાણ-પીછાન, પાનાંની સંખ્યા, લવાજમ વચ્ચેનો નાનો ફરક અને લોભાવનાર તત્ત્વોના મોહમાં ન ફસાતાં 'સર્વોત્તમ સાહિત્ય' એ સૂત્રને જ અનુસરો.
* હલકું સાહિત્ય ગમે તેટલું રસિક હોય પણ એને પુસ્તકાલયમાં પેસવા જ ન દો.
* પત્ર ખરીદતા પહેલાં તેની જાતનાં બીજાં પત્રો તપાસો. પૂરા જ્ઞાન ને ઠરાવપછી પછી જે સારું ઠરે તેને સ્થાન આપો.
* બાળકોનું પત્ર પસંદ કરવામાં બેકાળજી ન રાખો. સૌથી વધુ વિચાર એનો કરો.

આમ હોવાથી બજેટ બનાવતાં અનેક દૃષ્ટિએ વિચાર કરવાનો છે. આ માટે તો સૌથી પ્રથમ વિશુદ્ધ સાહિત્ય ઉપર ધ્યાન આપવું જોઇએ; અલબત્ત. નાણાં સામે જોવું જ જોઇએ. આર્થિક સગવડ નજર સામે રાખી થતું કામ ભલે નાનું હોય પણ તેમાં બજેટ બનાવનારનું પૂરતું ડહાપણ આરોપી શકાય છે. બજેટ બનાવનારે કદી ભૂલવું ન જોઇએ કે પુસ્તકાલયની પ્રવૃત્તિ જનતાનું જ્ઞાન વધારવા ને સંસ્કાર સિંચવા માટે છે. બજેટ બનાવતાં ઘણી વખત લાગવગ, આળસ, વ્યક્તિનો મોહ અને સ્થળનું મિથ્યાભિમાન ભાગ ભજવી જાય છે. આને પરિણામે કેવળ રસદાયક અને અસંસ્કારિતાવર્ધક કાગળોના મોટા થોકડો જ મેળવાય છે. દુઃખની વાત તો એ છે કે એમાં ગૌરવ ધરાવવામાં આવે છે. ગૌરવ કાગળોના ને પત્રોના જથ્થામાં નથી, પણ પ્રગતિમાન લખાણોમાં છે. આ વસ્તુ બરાબર ધ્યાનમાં રખાય તો પૈસાના લોભે કોઇ નબળું પત્ર પસંદ ન જ કરે ને ન કરવું જોઇએ.

આ લોકાયંત્ર નજર સામે રાખવા છતાં બજેટ બનાવતાં ઘણું વિચારવાનું રહે છે. બજેટ બનાવનાર આખી સાહિત્યપ્રવૃત્તિનો જાણકાર તો હોવો જ જોઇએ. પોતે જાણકાર ન હોય તો બજેટ વખતે પૂછીગાછીને પણ સારું જ્ઞાન મેળવી લેવા જેટલો કાર્યપ્રવૃત્ત થવો જોઇએ. એ જ્ઞાન કુંઠિત રસવૃત્તિ કે પ્રચારકાર્યમાંથી જન્મેલું ન હોય તે માટે તેણે સાવચેત રહેવું જોઇએ. કેટલીક વખત એવું બને છે કે પ્રચારકાર્ય વધુ હોય, વાચકની લાગણીઓને ઉશ્કેરતું હોય કે ઘણા વખતથી નીકળતું હોય તે જ પત્ર સારું ગણવા જેવી ભૂલ થઈ જાય છે. કદાચ સારાં પત્રો લાંબી જાહેરખબરો કે ગ્રાહકો મેળવવાના લલચાવનારા હીન માર્ગો નથી લેતાં. એ તો જનતાની કદરદાની ઉપર વિશ્વાસ રાખી પોતાના જ કર્તવ્યને નજર સામે રાખી આગળ વધે છે. બજેટ બનાવનાર આ પ્રશસ્ત ભાવનાની કદર ન કરે તો તેઓ પોતાની ફરજ ચૂકે છે, એટલું જ નહિ, જેની જરૂર છે એવી પ્રવૃત્તિને તોડી પાડવાનું પાપ પણ જાણ્યેઅજાણ્યે કરે છે. આવું જ હોય તો સારાં પત્રોની આશા રાખવા અધિકાર નથી. સ્વાભાવિક રીતે આવા પત્રની કિંમત થોડી વધુ હોય છે. આ વધુકી કિંમત ઉપર જ નજર ન હોવી જોઇએ. એ રીતે થોડાં નાણાં બચાવી એકાદ વધુ પત્રનો મોહ પણ ન હોવો જોઇએ. વધુકું એકાદ છીછરું પત્ર મેળવવાના લોભે આખી પ્રવૃત્તિ છીછરી-નબળી થઇ જાય છે, એ ડહાપણવાળો માણસ પસંદ ન જ કરે. એમાં કરકસર નથી. કંજુસાઇ છે, જે નુકસાનકારક છે.

પૈસાના બચાવના આ ભ્રામક મોહ પછી પત્ર કેટલું જૂનું છે તે જોવાની ટેવ ગેરરસ્તે દોરનાર બીજું પ્રલોભન છે. અલબત્ત, પત્રનું લાંબુ આયુષ્ય તેને માટે વિશ્વાસ ઉત્પન્ન કરી શકે છે; પણ ૧૦૦ વરસનું પત્ર સૌથી સારું હોય ને ૭ વરસનું સારું ન આપી શકે તેવું નથી. ઊલટું, એવું બનવાનો યે સંભવ છે કે જૂનું પત્ર એક વર્તુળ બંધાઇ જવાને કારણે બેપરવા બની ગમે તેમ ચાલે, ગ્રાહકને કેમ ખેંચવા તેનું અનુભવેલું જ્ઞાન વાપરે. એવું પણ બને કે નવાં પત્રો પોતાનું સ્થાન જમાવવા સર્વાંગીય ભગીરથ પ્રયત્ન કરે. જૂનું પત્ર હોય એટલે જનતાનો ઘણો મોટો ભાગ એનાથી જાણકાર હોય ને હીભ ઉપર એ નામ રમી રહેલું હોય એટલે એકબીજાને ભલામણ પણ કરે. આમ છતાં ચતુર બજેટ બનાવનાર સત્ય તારવી કાઢી સારું પત્ર જ પસંદ કરે. એમ કરતાં એ પોતે તો સારું પત્ર મેળવે જ છે, પણ સાથે સાથે ગુજરાતી સાહિત્યને ઉત્તેજન આપે છે.

આ પછી ત્રીજું ભયસ્થાન છેઃ **ચાલ્યું આવતું પત્ર લાયકાત જોયા સિવાય ચાલુ રાખવાનું.** આ જરૂરની વસ્તુ તો છે જ. એ સાહિત્યપ્રવૃત્તિને પોષે છે, ચિરંજીવી બનાવે છે ને વાચકનો પ્રેમ જીતે છે; પરંતુ અહીં પૂરતા ડહાપણની જરૂર છે. **ચાલુ પત્રથી સારું પત્ર મેળવી શકાય તેમ હોય તો એ પત્રને ચાલુ રાખ્યા કરવામાં બજેટ બનાવનારનાં પ્રમાદને અજ્ઞાન જ છે.** બજેટ બનાવનાર એટલો જાગ્રત ને ચોકીદાર હોવો જોઇએ કે સારામાં સારા સાહિત્યને પહેલી તકે ઝડપી લેવા ચનગની રહેવો જોઇએ. એમ ન થાય તો નવાં પત્રોને મુશ્કેલીઓ નડે. ભાજી અને ખાજાં વચ્ચેના ભેદને ધ્યાન ઉપર લેવામાં ન આવે તો ખાજાં નહિ પણ ભાજી જ મેળવવાનું રહે ને તે પછી ભાજી મળે તે માટે ખૂબો પાડીએ તેનો કંઇ અર્થ નથી. આથી ટેકાને પાત્ર નવાં પત્રોને પસંદગી આપવાની ખાસ જરૂર રહે છે. એમ ન થાય તો સાહિત્યની દુનિયામાં નવાં સાહસો ન થાય ને એમાં સડન કરવાનું જનતાને જ છે.

આ પછી ચોથી ભૂલ થાય છે પાનાંની સંખ્યા ઉપર પસંદગી ઉતારવાની–પત્રની બડાઇ ઉપર નજર રાખવાની. આ ભૂલનો ભોગ બનનાર પોતાની જાતને માટે નબળો મત ઊભો કરે છે, પણ ઘણો મોટો ભાગ આમાં ફસાય છે. આ બધું જોવું જરૂરનું તો છે, પણ એમાં ઘણી ઝીણવટની, ડહાપણની ને જ્ઞાનની જરૂર છે. ધારો કે બે પત્રો ૮૦ પાન આપે છે. એક પાતળા મોંઘા કાગળ ઉપર છપાય છે, બીજું જાડા સોંઘા કાગળ ઉપર છપાય છે. પહેલું પાતળું દેખાવાનું જ. એક ૮૦ પાન આપી કે જાડું દેખાઇ જાહેરખબરો કે એવામાં પાનાં રોકે છે; બીજું જે જાહેરખબરો નથી આપતું તે પાતળું દેખાવાનું જ. ગ્રાહકોને લેવાદેવા નહિ હોવા છતાં આવી ભૂલભૂલામણીમાં સપડાઈ એને હાથે અન્યાય થઇ જાય છે. બે પત્રો સરખાં પાન આપતાં હોય તો પણ એમાં ઝીણવટથી જોવાની જરૂર છે. એક પત્ર જે લખાણ માટે આખું પાન રોકતું હોય તેને માટે બીજું પત્ર ખૂણો જ ખાલી કરી આપતું હોય. આમ હોય તો પછી પાનાંની સંખ્યા ગણવા બેઠે શો ફાયદો ? એકંદરે આ વસ્તુ છાપકામ ને પત્રકારિત્વનું ઘણું જ્ઞાન માગે છે. અન્યાય ન કરવા ઇચ્છનાર સૌને માટે તે મેળવવું શકય નથી. સૌથી ઘણું સારું તો એ છે કે પાનાં ને જાડાઇ તરફ જોયા સિવાય તેના સાહિત્ય ઉપર નજર રાખવી જોઇએ. પત્રકારોને પોતાના સ્થાન ઉપર ઊભા રહેવાનું હોવાથી તેઓ કિંમત માટે પૂરો વિચાર કરે જ છે, પોતાના વિષયનાં બન્ને પત્રોની કક્ષામાં લવાજમ માટે તો રહેવા યત્ન કરે જ છે. કંઇક ફરક રહે પણ તે બહુ નજીવો જ હોય છે. આ ઝીણવટ સાથે સચિત્ર પત્રોમાં ને ખાસ કરીને માસિકો, બાળકોનાં પત્રોમાં બીજું વધુકું વિચારવાનું રહે છે. ચિત્રો આપવાં તે પત્રનું ખર્ચાળ અંગ છે. આથી સચિત્ર પત્રોનું લવાજમ કંઇક વધુ હોય છે. આમાં જે પદ્ધતિઓ અખત્યાર કરવામાં આવે છે તે વિચારવા જેવી હોય છે. કેટલાંક પત્રો એક જ ચિત્ર વારંવાર છાપે છે, કેટલાંક બિલકુલ ખર્ચ વિના માગીતાગીને સચિત્ર બનાવે છે ને કેટલાંક એ માટે પુષ્કળ ખર્ચ કરે છે. એકનું એક ચિત્ર વારંવાર છપાય તેમાં ચિત્રની ઉપયોગિતા કરતાં રૂપાળા દેખાવાના ને સચિત્ર કહેવરાવવાના મોહ સિવાય બીજું કંઇ હોતું નથી.

બહાર પડેલાં પુસ્તકોમાંના બ્લોકો માગી લાવી, છાપી પોતાને સચિત્ર કહેવરાવનારાં પત્રો પણ છે. બજેટ બનાવનારે આ બધું સમજવું જોઇએ ને સાહિત્યની પવિત્ર સૃષ્ટિમાં ચાલતા આવા વ્યાપારી કાવાદાવામાં ફસાતાં પોતાની જાતને અટકાવતી જોઇએ. એવી ચાલબાજી સાથે સંબંધ પૂરો કરવા સિવાય બીજું કંઇ આ બાબતમાં તે કરી શકે તેમ નથી.

ભેટપુસ્તકનો મોહ પણ ઘણી જગ્યાએ જોવાય છે. જાણવું જોઇએ કે ભેટપુસ્તક જુદું હોવા છતાં ખર્ચ કરનાર કોથળી તો એક જ છે. ભેટપુસ્તકનું ખર્ચ નફામાંના ભાગ તરીકે ભાગ્યે જ હોય છે. એના ખર્ચ જેટલું પત્રમાંથી કોઇ ને કોઇ પ્રકારે ખેંચવાનું જ હોય છે.

આ બધાં પ્રલોભનો ઉપર સમજદાર અને પોતાના કાર્યની જવાબદારી સમજનાર બજેટ ઘડનારે પૂરતો વિચાર કરે છે ને ડહાપણ વાપરી સર્વોત્તમ પસંદગી કરી, અણુવ્રત

અને આળસુ એટલા જ રૂપિયામાં જે મેળવી શકે તેથી વધુ મેળવી શકે છે. એ વજન બને ઓછું મેળવતો હોય, પણ જેને માટે સાહિત્ય છે તે ઉદ્દેશસાધક સામગ્રી વધુ મેળવે જ છે.

બજેટ બનાવવામાં બીજી કેટલીક મુશ્કેલીઓ પણ હોય છે. એમાંની કેટલીક દૂર કરવાની શક્તિ એક સૂત્રથી બંધાયેલાં પુસ્તકાલયો પાસે ન પણ હોય શકે. ગુજરાતમાં આવાં પુસ્તકાલયો માટે ૪-૫ ચાલુ પ્રયત્નો જોતાં અહીં એ વિષે થોડું કે લખવું જરૂરનું છે. કેટલાક આખા ગુજરાતી સાહિત્યની મોટી વાતો કરતાં પોતાના પક્ષનું જ સાહિત્ય પુસ્તકાલયોમાં ઘુસાડી દેવા માગે છે. આમ કરતાં તેમની પાસેથી તટસ્થતાની ભાગ્યે જ આશા રાખી શકાય. બીજી એક પ્રવૃત્તિમાં તો એવું દેખાયું છે કે પુસ્તકાલયોની મોટી સંખ્યાની વ્યવસ્થા તેના હાથમાં હોવાથી તે પોતાનાં જ પત્રોને ઘુસાડી દે છે. લોકરુચિ અને સેવાની મોટી વાત કરવા છતાં એ લોક-માનસને કચડે છે. પોતાને શું વાંચવું ને પોતાના પૈસાનો કેવો ઉપયોગ કરવો તેનો પણ હક્ક થોડોક લાભ આપી ઝૂંટવી લે છે. આવી આવી તો ઘણી વિકૃતિઓ છે. એ બધાથી બજેટ ઘડનારે સાવધાન રહેવું જોઈએ ને પોતાના હક્કનું લિસ્સામ થતું જોઈ રહેવું ન જોઈએ.

બાળકોનાં પત્રો પસંદ કરતાં તીક્ષ્ણ નજરની જરૂર છે. દૈનિક, અઠવાડિક એવું વાચન છે જે અલ્પજીવી ને મોટાં માટે છે. મોટાંઓ માટેનાં પત્રોમાં (માસિકો સુદ્ધાં) સંસ્કારિતામાં અખતરા ચલાવી લઈ શકાય; કારણ કે મોટાંઓ ભગજનું સમતોલપણું વધુ વખત જાળવી શકે છે ને એક વખત વાંચેલું ભાગ્યે બીજી વખત વાંચે છે. બાળકો એક વખત વાંચવા છતાં એ જ વસ્તુ ઘણી વખત વાંચે છે.* આમ હોવાથી સહેજ પણ અસંસ્કારિતા દેખાય તે બાળક આગળ મૂકવું ન જોઈએ. વળી બાળકોનું વાચન તેમના ઘડતર માટે છે તે કદી ભૂલવું ન જોઈએ. કેટલાક બાળસાહિત્યની કિંમત બાળક વાંચે તેના ઉપરથી કરે છે, કેટલાક વાર્તાઓને બાળસાહિત્ય ગણે છે ને કેટલાક કશાનો વિચાર કર્યા સિવાય નામ મૂકી દે છે. ભાવિ પ્રજા આમાંથી ઊભી થનાર હોવાથી બાળકોના વાચન માટે બજેટ બનાવનાર ઉપર બેવડી જવાબદારી છે. મોટાંનાં પત્રો માટે તો ઠીક પણ બાળકોનાં પત્રો માટે તેણે ખૂબ કાળજી રાખવી જોઈએ, ને બાળકના સર્વાંગીણ વિકાસને સાધે તેવા પત્રની જ પસંદગી કરવી જોઈએ. બાળકોને જ્ઞાનની જરૂર છે ને તે દળવી બાબામાં હોય છે. ઓછું ભણેલાં મોટેરાંને પણ આવું જ જોઈએ છે એટલે બાળકોના પત્રની પસંદગી વખતે હોશિયાર બજેટ બનાવનાર જ્ઞાનમય બાલપત્રની પસંદગી કરે તો તેમાં તે ડહાપણ જ બતાવે છે. કોઈ સોંઘામાં સોંઘું હોવાનો દાવો કરે, કોઈ કોઈના અભિપ્રાય ટાંકે, કોઈ સર્વોત્તમ સાહિત્ય આપવાનો દાવો કરે, કોઈ લોભાવવાની યુક્તિઓ કરે—એ બધું કેટલું પોકળ હોય છે કે સાચું હોય છે તે વિવેકશક્તિથી સમજવું જ જોઈએ.

આશા રાખું છું કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો આ સાવચેતીઓ નજર સામે રાખી નવાં બજેટ કાળજીપૂર્વક તૈયાર કરશે.

લિંમતલાલ ચુ. શાહ

---

* આ દૃષ્ટિએ બાળકોનાં પત્રો માટે કુપ સિસ્ટમ વાપરવા જેવી છે. અમુક દિવસમાં અમુક વંચાઈ જવું એનો અર્થ બાળકોને અમુક વાચનથી વંચિત રાખવાં ને વંચિનારાં બાળકોને ઉપરછલ્લા વાચન તરફ જોંકી જવાં જેવો જ થાય.—લેખક

સાહિત્યસૃષ્ટિનું અવનવું

'ટાઇમ્સ લિટરરી સપ્લીમેન્ટ'ના ૧૪ ફેબ્રુઆરીના અંકમાં જણાવ્યા મુજબ ઇંગ્લંડની નેશનલ બૂક કાઉન્સિલે હિંદ અને બર્માના સાહિત્યની સૂચિ પ્રગટ કરી છે. આ વિષયની તે કાઉન્સિલે પ્રગટ કરેલી બીજી આવૃત્તિની આ પૂરવણી છે. ૧૯૩૫ માં પ્રગટ થયેલ પહેલી પૂરવણી અત્યારે અપ્રાપ્ય છે. દુશ્મનના હુમલાને અંગે કાઉન્સિલની ૩૦,૦૦૦ યાદીઓ નાશ પામી હતી તેના પરિણામે પણ આમ બન્યું હોય. આ નવી યાદીમાં વિવિધ વિષયોનો સમાવેશ થાય છે. ૧૯૩૫ પછી પ્રગટ થયેલાં પુસ્તકો જ નહિ પણ આગલી યાદીનાં ઐતિહાસિક તથા સામાન્ય ઉપયોગી પુસ્તકોની યાદી પણ આમાં આપવામાં આવેલ છે. હિંદમાં પ્રગટ થયેલ પણ ઇંગ્લંડમાં સામાન્યતઃ ન મળી શકતાં તથા ટેક્નિકલ વિષયનાં પુસ્તકોનો આ યાદીમાં સમાવેશ કરવામાં આવેલ નથી.

× × ×

આહાર સંબંધી પ્રમાણભૂત ગણાતા ડૉ. રોબર્ટ મેકકેરિસનના પુસ્તક "Our Food" (અવર ફૂડ)નું ઉર્દૂ ભાષાંતર 'હમારી ઘીઝા' નામથી પ્રગટ થયું છે.

× × ×

એક જાણીતી પ્રકાશન સંસ્થાએ ચેતવણી આપી છે કે શેકસપીઅરની નકલો સત્વર અપ્રાપ્ય થશે. પાઠ્ય પુસ્તકોની અછતનો ભય પણ માથે ઝઝૂમી રહ્યો છે. ઇંગ્લંડની પી. ઇ. એન. ક્લબે પ્રકાશકોને ખાસ લાભ આપવા અપીલ કરી છે. બીજી સંસ્થાઓએ પણ તેમાં સાથ પુરાવ્યો છે.

× × ×

ત્રીસ વર્ષની નીચેની ઉંમરના અને બ્રિટિશ સામ્રાજ્યના શહેરીઓ માટે, કમિટિના અભિપ્રાય પ્રમાણે જે નવલકથા નાટક કે કાવ્ય શ્રેષ્ઠ ગણાય તેને માટે 'જહોન સ્ટેવેલિન પ્રાઇઝ' પારિતોષિકની જાહેરાત થઇ છે. આ પારિતોષિક ૧૯૪૦ ના ઑગસ્ટમાં યુદ્ધમાં મૃત્યુ પામેલ એક વિમાની તથા નવલકથાલેખકના સ્મરણાર્થે છે. યુવાન લેખકોને ઉત્તેજન આપવા માટે તેની વિધવાએ, તેને મળતી 'રૉયલ્ટી' તથા 'ગ્રેચ્યુઇટી'માંથી આ ઇનામ આપવાનું નક્કી કરેલ છે.

× × ×

હિંદના લેખકો તથા ગ્રંથકારોના મંડળનો ૧૯૪૧ નો રિપોર્ટ હમણાં જ પ્રગટ થયો છે. આ મંડળને 'કોપીરાઇટ'ના ક્ષેત્રમાં વિશાળ કાર્ય કરવાનું છે. આપણા દેશમાં અપહરણની બહુ કડક ખબર લેવાતી નથી. એક લેખકે બીજી ભાષાના પુસ્તકમાં ડોકિયું કરતાં જણાયું કે તે તો પોતાના જ પુસ્તકનું ભાષાંતર હતું ! તેમાં મૂળલેખકનો ઋણસ્વીકાર કરવામાં આવેલ ન હતો. આવી જાતના અનુભવ આપણા દેશમાં અસામાન્ય નથી.

× × ×

બંગાળી વર્તમાનપત્રોના ૧૮૩૦-૧૮૪૦ સુધીના ઉતારાના બીજા ભાગની સુધારેલ વધારેલ આવૃત્તિ 'સંવાદપત્રે સેકાલેર કથા' તાજેતરમાં બહાર પડી છે. ઓગણીસમી સદીના બંગાળાના જીવન તથા સંસ્કૃતિ પર આ પુસ્તક સારો પ્રકાશ પાડે છે. ૬૧૦ પાનાંના આ પુસ્તકની કિંમત રૂા. ૬) છે.

× × ×

આમ જનતા માટે સાદી, સરળ ભાષામાં પુસ્તકો લખવા પર ગાંધીજીએ ખૂબ ભાર મૂકયો છે. આ કાર્ય કંઈક અંશે વિશ્વભારતીની 'લોકશિક્ષા સંસદે' ઉપાડી લીધું છે. લોકશિક્ષા ગ્રંથમાળામાં પ્રૌઢ અશિક્ષિતતાને ટાળવા માટેનાં પુસ્તકો પ્રગટ થવા લાગ્યાં છે. પહેલું પુસ્તક સ્વ. રવીન્દ્રનાથ ટાગોરની 'યુરોપયાત્રા' તથા બીજું પુસ્તક શ્રી. પ્રમથ ચૌધરીનો 'પ્રાચીન હિંદનો ઇતિહાસ' છે.

× × ×

મરાઠી માસિક 'મનોહરે' મે માસના અંકમાં સામાન્ય વાચકવર્ગ માટે માહિતીપૂર્ણ પુસ્તકોની એક ગ્રંથમાળા પ્રગટ કરવાની જાહેરાત કરી છે. 'મૂડીવાદ' 'સમાજવાદ' 'ગાંધીવાદ' વગેરે વિષયો પર તેર પુસ્તકો ટૂંક વખતમાં પ્રગટ થવાનાં છે. આ યોજનામાં પ્રસિદ્ધ લેખકોનો સહકાર મળ્યો છે.

× × ×

'મરાઠી પત્રકારિત્વની એક સદી' નામક લેખમાં જણાવાયા મુજબ, પહેલું મરાઠી સાપ્તાહિક બાલશાસ્ત્રી જાંભેકરનું 'દર્પણ' હતું. તે ૧૮૩૧ માં પ્રગટ થયું હતું. બીજું તેવું માસિક 'દિગ્દર્શન' હતું. પહેલું મરાઠી દૈનિક 'મુંબઈ વૈભવ' ૧૮૪૯ માં મુંબઇથી નીકળ્યું હતું. બીજું દૈનિક પૂનાનું 'જ્ઞાનપ્રકાશ' તે હજુ પ્રગટ થાય છે. રાષ્ટ્રીય અસ્મિતા જાગ્રત કરવામાં મરાઠી પત્રોએ–ખાસ કરીને 'કેસરી' તથા મરાઠાએ આગેવાનીભર્યો ભાગ લીધો છે.

× × ×

ચાલુ સદીનાં છેલ્લાં પચીસ વર્ષોમાં મરાઠી પત્રોની સંખ્યામાં સારો વધારો થયો છે. પરંતુ મૃત્યુપ્રમાણ પણ ઓછું નથી. મુંબઈનાં પત્રોમાં 'લોકમાન્ય' 'નવાકાળ' તથા 'પ્રભાત'નો પ્રભાવ સારો પડે છે. મહારાષ્ટ્રના પ્રાંતોમાં તથા નાનાં દેશી રાજ્યોમાં ઘણાં સારી રીતે ચલાવાતાં પત્રો છે. પણ તેમનો પ્રદેશ સ્થાનિક પ્રશ્નોનો હોય છે.

× × ×

ઓરિસા ઓરિયા સાહિત્ય પરિષદની પહેલી બેઠક, ઇસ્ટર્ન સ્ટેટ્સ એજન્સીના પાટણા રાજ્યમાં બોલંગીર ખાતે ૨૮, ૨૯, ૩૦ એપ્રિલે ભરવામાં આવી હતી. મહારાજાએ પરિષદની ઉદ્‌ઘાટનક્રિયા કરી હતી. આ અણીના સમયે રાષ્ટ્રીય સંસ્કૃતિને બચાવી લેવા મહારાજાએ વિચારકોને તથા સાહિત્યપ્રિય સજ્જનોને આમંત્રણ આપ્યું હતું. હિંદમાં અને આખા જગતમાં ઓરિયાની પ્રતિષ્ઠા વધે તેવા પ્રાણવંત સાહિત્યનું સર્જન કરવાની તેમણે ઉત્કલના વિદ્વાનોને અપીલ કરી હતી.

× × ×

કોઇપણ ભાષાના ઉત્તમ પુસ્તક પર કાળની અસર થતી નથી, અને કવિ કાલિદાસનું અમર પુસ્તક તેનો અપવાદ ન હોઇ શકે. તા. ૬ ઠ્ઠી મેએ પટણા ખાતે ડૉ. લ્ડી લસને 'શાકુંતલ'ના પોતાના અંગ્રેજી ભાષાંતરથી શ્રોતાઓને મુગ્ધ કર્યાનું આપણે વાંચીએ તેમાં આપણને નવાઈ લાગતી નથી.

× × ×

વર્તમાનપત્રોની સંખ્યા તથા રિપોર્ટિંગની શ્રેષ્ઠતાથી નક્કી થઇ શકતું હોય તો મુના-

ઇટ્ઝ રેટ્રૂસના લોકો આખા જગતમાં સૌથી વધારે માહિતીવાળા લોકો છે. ૧૯૪૨ ની આયરની સર્વેમાં જણાવ્યા મુજબ દૈનિક તથા બીજાં પત્રોની સંખ્યા ૧૪,૦૦૦ ની છે. આ સંખ્યા બીજા કોઇ પણ રાષ્ટ્રનાં પત્રોની સંખ્યા કરતાં વિશેષ છે.

વર્તમાનપત્રોનો કુલ દૈનિક ફેલાવો ચાર કરોડ વીસ લાખનો છે. આ ઉપરાંત ૨૧૦૦૦ ની સંખ્યા તો જુદી છે.

× × ×

'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'ના મદદનીશ તંત્રી મિ. જેકુ લડાઇ ફાટી નીકળ્યા પછી રક્ષણ ખાતામાં જોડાયા હતા. તેમને લેફ્ટ.-કર્નલનો હોદ્દો આપવામાં આવ્યો હતો. સર કલૉડ ઑચિન્લેક તથા સર આર્ચીબાલ્ડ વેવલ સાથે તેણે કેટલાંક રણક્ષેત્રોની મુલાકાત લીધી હતી અને હવે તે બ્રિગેડિયર બન્યા છે.

× × ×

ફ્રિલિપાઇનનાં ચાર વર્તમાનપત્રોના પ્રકાશક કાર્લો રોમ્યુલોને પુલિટ્ઝર પારિતોષિક આપવામાં આવ્યું છે. હોંગકોંગથી બટેવિયા સુધીના યુદ્ધના કેન્દ્રોની મુસાફરી કરતી વખતે દૂરપૂર્વના બનાવો સંબંધીના તેમના નિરીક્ષણ તથા આગાહી માટે આ ઇનામ આપવામાં આવેલ છે.

× × ×

મહાત્માજીના 'હરિજન'ની નીચેની ભાષાઓમાં આવૃત્તિ પ્રગટ થાય છેઃ—

(૧) અંગ્રેજી, (૨) ગુજરાતી, (૩) હિંદી, (૪) ઉર્દૂ—એ સ્થળોએથી, (૫) તામિલ, (૬) તેલુગુ—એ સ્થળોએથી, (૭) ઉડિયા, (૮) મરાઠી, (૯) કાનડી—એ સ્થળોએથી. બંગાળી આવૃત્તિ સરકારી પરવાનગી મળતાં જ પ્રગટ થશે. આસામ, કેરાલા તથા સિંધમાંથી તે પ્રગટ કરવાની માગણીઓ આવે છે. એ સિવાય બીજી બધી ભાષાઓની આવૃત્તિનો ફેલાવો બીજાં સામાયિકોના ફેલાવાના પ્રમાણમાં ખૂબ મોટો છે.

× × ×

બ્રિટિશ અને ફોરેન બાઇબલ સોસાયટીના પુસ્તકાલયનું એક અમૂલ્ય પુસ્તક 'માલાગસી ('Malagasy') બાઇબલ' છે. માડાગાસ્કરમાં દટાયેલાં બાઇબલો પૈકીનું તે એક છે. જ્યારે સો વર્ષ પહેલાં માડાગાસ્કરમાં ખ્રિસ્તીઓ ઉપર જુલમ શરૂ થયો અને બધાં બાઇબલોનો નાશ કરવાનો હુકમ નીકળ્યો ત્યારે ઘણાં પવિત્ર પુસ્તકોને દાટી દેવામાં આવ્યાં હતાં. એમ મનાવામાં આવે છે કે આ પુસ્તકોની સંખ્યા લગભગ સિત્તેરની હતી.

આ નકલ એક ગુફામાં સંતાડી દેવામાં આવી હતી. આ ગુફાનો લોકો 'શીતળાની ઇસ્પિતાલ' તરીકે ઉપયોગ કરતા હતા. જ્યારે સૈનિકો બાઇબલની શોધ કરતા હતા ત્યારે તેઓ આ ગુફા પાસે આવી પહોંચ્યા. તેઓ અંદર પ્રવેશ કરવાની તૈયારી કરતા હતા એટલામાં કોઇએ કહ્યું કે 'આ તો શીતળાની ઇસ્પિતાલ છે તે તમે જાણો છો?' એ સાંભળીને આ માણસો સત્વર ચાલ્યા ગયા.

જ્યારે જુલમ પૂરો થયો સારે બાઇબલ ત્યાં સહીસલામત પડ્યું હતું. ત્યારબાદ બ્રિટિશ અને ફોરેન બાઇબલ સોસાયટીના મથક, લંડનના બાઇબલ હાઉસમાં તે મૂકવામાં આવ્યું. આજે જર્મન બૉંબમારાથી બચાવવા માટે તેને ફરીથી દાટી દેવામાં આવ્યું છે!!

છોટાલાલ માનસિંગ કામદાર

આગામી વર્ષમાં આટલું વિચારશો ?

(૧) વાચનાલયમાં આવતાં પત્રો–સામયિકો વગેરે મેજ પર ગોઠવીને મૂકવાં અને વાચકો વાંચી પાછાં તેની જગ્યાએ જ મૂકે તેવી તેમને વિનંતિ કરવી.

વાચકોએ વાચનાલયમાં કેમ વર્તવું તેને અંગે એક સૂચનાફલક (Notice Board) રાખવું અને તેમાં આ બાબતનો ખાસ નિર્દેશ કરવો.

(૨) નકામાં, જૂનાં (Out of date) ને તદ્દન ફાટી ગયેલાં સામયિકો મેજ પરથી દૂર કરવાં.

(૩) નવાં સામયિકો જલદીથી ફાટી ન જાય તથા ઉપરનું સુંદર પૂંઠું પણ ન બગડે તેટલા સારૂ દરેક સામયિકને યોગ્ય એવાં કાપલાં જોવાં, જાડા કાર્ડ પેપરનાં સુંદર કવરો બનાવવાં કે બનાવરાવવાં અને ઉપર કોઈ વિદ્યાર્થી પાસે ભાવવાહી અગર તો સંગીતમક નાનું ચિત્ર દોરાવી સુંદર અક્ષરે સામયિકનું નામ લખાવવું, જેથી સામયિકો તરફ વાચકોનું આકર્ષણ પણ વધશે.

સ્વચ્છતા ને વ્યવસ્થાનો અભાવ એ આપણા ગ્રામજીવનની ખામી છે. ગામડાના વાચનાલયમાંથી તે ખામી પ્રથમ પગલે દૂર થાય એ જરૂરી છે.

(૪) વાચનાલયમાં આવતાં પત્રો–સામયિકોની યાદી વાચનાલયના ખંડમાં જ સહુની દૃષ્ટિએ પડે તેમ મૂકવી. જો પત્રો બદલાય તો યાદી નવી બનાવવી. તેમ ન થાય તો યાદી મૂકવાનો કશો અર્થ નથી.

(૫) વાચનાલયમાં કોઈ ગરબડ કરે નહિ તથા ઊંઘે નહિ તેની ખાસ સાવચેતી રાખવી. કારણ, તેમ થતાં તે જ્ઞાનપિપાસુઓની જ્ઞાનવાપી મટી જઈ, નવરાઓને ગામગપાટા હાંકવાનું સ્થળ બની જાય છે.

(૬) વાચનાલયમાં કોઈ પણ વ્યક્તિ ચા તથા બીડી પીએ નહિ તેની ખાસ સાવચેતી રાખવી.

આ નિયમનું પાલન શરમ મૂકીને પણ કરાવવું જોઈએ. વાચનાલયમાં બેસીને વ્યવસ્થાપક સમિતિનો કોઈ સભ્ય બીડી પીવાનો અવિવેક તો ન જ કરે.

(૭) ગામના કોઈ શિક્ષક કે સદ્‌ગૃહસ્થ કોઈ સારૂં પત્ર–સામયિક મંગાવતા હોય તો તેમની પાસેથી ઉછીનાં માગી વાચકોને વધુ લાભ આપવા બનતો પ્રયત્ન કરવો.

(૮) વ્યવસ્થાપક સમિતિમાં એ કાર્યમાં રસ લેતી વ્યક્તિઓની જ નિમણૂંક કરવી. તેની કાર્યવાહી સ્વદેશીય અને પ્રાણવાન બનાવવાને માટે વ્યવસ્થાપક સભા દર વર્ષે બદલાય એ યોગ્ય છે.

(૯) પત્રો મંગાવતાં પહેલાં વાચકોની પસંદગી માગી પછી તે નક્કી કરવાં.

(૧૦) યોગ્ય લવાજમ રાખી, બીજે દિવસે સવારે વખતસર પાછાં વળવાની શરતે સાંજે દૈનિક તથા અઠવાડિક વાંચવા આપી શકાય. જૂનાં માસિકો પણ યોગ્ય વધતા રાખી આપી શકાય.

(૧૧) ગ્રામ વાચનાલયોમાં એક દિવસ ચમાડેલું દૈનિક મેજ પર રાખવું, જેથી વાચકોને સગવડ થશે અને નવા દૈનિક ઉપરની તડામારી પણ ઓછી થશે.

(૧૨) સામયિકોના વાંચવા લાયક લેખોનો નિર્દેશ એક ભીંતપત્ર રાખી તેમાં કરી શકાય.

(૧૪) જ્યાં સચિત્ર સામયિકો ("કુમાર" જેવાં) આવતાં હોય ત્યાં ચિત્રસંગ્રહ બનાવી શકાય

[અનુસંધાન સામેના પૃ. ૪૦૧ને છેડે]

એ જ્ઞાનને મુક્ત રાખો.

પંડિતોની રેશમી કપડે બાંધેલી પોથીઓ અને તાડપત્રોમયાં ભંડારોમાંથી સરસ્વતી આજની શાળાઓ અને પુસ્તકાલયોમાં આવી વિરાજમાન થઇ છે. સરસ્વતી કુમારિકા છે, સ્વતંત્ર છે, બંધનમુક્ત છે, એને પડદા-ઘુમ્મા ન હોય, એ જનાનખાનામાં ન હોય, એની માલિકી ન હોય.

આપણા પૂર્વપંડિતોએ એને સ્વતંત્ર વિહરવા દીધી તો એ જગતભર ઘૂમી આવી. આપણા ભિક્ષુઓ અને મુનિઓએ તેને રમવા દીધી તો એણે હિંદ, સિયામ કમ્બોડિયા ચીન, જાપાન; મધ્ય એશિયા, મલાયા અને બાઝીલ સુધી એક વખત પગલાં પાડ્યાં. મલાયા અને સુમાત્રા, જાવા, બાલીમાં મહાભારત રામાયણ વંચાતાં હતાં એમ ત્યાંનાં દેવાલયો બોલે છે. બાઝીલનાં સૂર્યમંદિરો આપણી ગાયત્રીના પડઘા પાડતાં હોય એમ પુરાતત્ત્વવિદો કહે છે. ગોબીના રણમાંથી અને પશ્ચિમ એશિયાનાં ખંડેરોમાંથી સંસ્કૃત પુસ્તકો મળી આવ્યાં છે એ હવે બધાંય જાણતા હશે. ચીન, જાપાન, તિબેટ, બર્મા એ બધાં હજી હિંદની સંસ્કૃતિના ઉછેર છે.

પરંતુ આપણા પંડિતોએ પોથીઓ સંકેલી, તેમને રેશમી કપડે બાંધી મિલકત બનાવી, તેમને પટારાઓમાં બંધ કરી ખંભાતી તાળાં મારી દીધાં. આપણાં સાર્વજનિક પુસ્તકાલયોને મઠ, મંદિર, વિહાર અને દેરાસરનાં ભોંયરાંમાં બંધકર્યાં અને તેમને ભોગળો વાસી. સરસ્વતીને તાળામાં કેમ પુરાય ? સરસ્વતી મંદિરે ભોગળ શી ? એ મહાદેવી તો પોથીઓ અને પટારા, એ પુસ્તકભંડાર અને બબ્બનાઓને હસતી તેમને નિરર્થક બનાવતી બહાર ચાલી આવી. સરસ્વતીને સંતાડનારા એ કંજૂસોને ક્રોધ આજ ઓળખતું યે નથી અને એ જ સરસ્વતી આજ હજાર અને લાખગણો વિસ્તાર પામી જગતભરમાં રમી રહી છે. જેટલી આપણે તેને બાંધી એટલું આપણે ખોયું, અને સાક્ષાત્ સરસ્વતીને મૂકી આપણે તેની પથ્થરમૂર્તિ સાથે માથું ફોડ્યું. બદલો શો મળ્યો એ આપણે જોઇએ છીએ. સરસ્વતીની મૂર્તિ પૂજનારા, દિવાળીને દિવસે શારદાપૂજન કરી ચોપડા ઉપર કંકુચોખા છાંટનારા, ગ્રંથને સાહેબ કહી ઈશ્વરતુલ્ય માનનારા આપણા હિંદુસ્તાનની પાંત્રીસ કરોડની વસતિમાંથી સત્તાવીસ કરોડ માણસો તો પોતાની સહી પણ કરી શકતા નથી ! છેલ્લી વસતિગણતરીના આંકડા આપણી જ્ઞાનહીન દશાનો સચોટ પુરાવો છે. સહજ સહી કરી શકે એટલું જ ભણેલા કેવા હોય છે તે ગૂજરાતને બતાવવું નથી. એવા ન ભણ્યા સરખા કહેવાતા ભણેલાઓ બાદ કરીએ તો હિંદમાં સો માણસે ફક્ત ચાર માણસો જ ભણેલા નીકળે. સોએ છન્નુ માણસો તો હજી ભણાવવા બાકી છે, છતાં ભણેલાઓની સંખ્યા જોઇ આપણે અભરાઇ જઇએ છીએ ! !

—રમણલાલ વ. દેસાઈ

[પૃ. ૪૦૦નું અનુસંધાન]

વણી આથી કોઇ ચિત્રો ફાડી લઇ જઇ શકશે નહિ. આવા ચિત્રસંગ્રહો વાચકોને સારી રીતે આકર્ષે છે.

(૨૫) ગ્રંથપાલે તથા મંત્રીઓએ વાચકો સાથે નમ્રતાથી તથા ભદ્રાશયથી વર્તવું જોઇએ. વાચનાલયની પ્રગતિ માટે એ અતિ અગત્યનો નિયમ છે. બાળકોની પણ અવગણના ન થાય એ ધ્યેય છે.

રિખવદાસ જે. શાહ

રશિયાનાં સામયિકો

એક પત્રકાર તાજેતરમાં રશિયા જઈ આવ્યા છે. તેણે ત્યાંનાં પત્રોનો અચ્છો ચિતાર આપ્યો છે.

દેશનાં ત્રણ મુખ્ય વર્તમાનપત્રો મોસ્કોમાંથી પ્રગટ થાય છે. આ પત્રોએ દેશનાં આઠ હજાર પત્રોનું ધોરણ નક્કી કર્યું છે. આ ત્રણ પત્રો, કૉમ્યુનિસ્ટ પક્ષની સેન્ટ્રલ કમિટિનું મુખપત્ર ' પ્રવડા '; કારીગરો તથા ખેડૂતોનું પત્ર ' ઇઝવેસ્ટિયા ', અને ' પિપલ્સ કૉમીસેરીએટ ઑફ ડિફેન્સ 'નું મુખપત્ર ' રેડ સ્ટાર. '

આ ત્રણે પત્રો દેખાવમાં એકબીજાને એવાં મળતાં આવે છે કે, જો તમે તેના મુખપૃષ્ઠ પરનું પત્રનું નામ લઈ લો, તો એકબીજા પત્રને ઓળખવાનું કાર્ય મુશ્કેલ પડે.

બધાં પત્રોમાં ૧૬×૨૪ ઇંચનાં ચાર બીચોબીચ છાપેલાં પાનાં હોય છે. મથાળાના અક્ષરો મોટા હોતા નથી. કોઈપણ બાબતને ગરમાગરમ બનિયાં તરીકે છાપવાનો યત્ન થતો નથી. દરેક પત્રના પહેલા પાનામાં યુદ્ધની જાહેરાતો, રશિયન યુદ્ધના બીજા ખબર તથા અગ્રલેખો હોય છે.

અંદરના પાનામાં વિદ્વત્તાભર્યા તથા ટેકનિકલ લેખો હોય છે. આવા લેખો જગતભરનાં પત્રોમાં મળી આવતા નથી. " ઇઝવેસ્ટિયા 'માં એક તબ્બનો, ૨,૦૦૦ શબ્દોનો એક લેખ છપાયો હતો.

પાછલા પાનામાં પરદેશના ખબરો છાપવામાં આવે છે. સોવિયેટ પત્રોની વિશિષ્ટતા એ છે કે, પરદેશનો બનાવ ગમે તેટલી અગત્યનો હોય તો પણ તે કદી આગળના પાના પર છાપવામાં આવતો નથી. દાખલા તરીકે ' સિંગાપુરનું પતન ' પાછલા પાનાની વચ્ચે નાના મથાળાથી બે લીટીમાં જ છાપવામાં આવ્યું હતું. અગ્રલેખમાં તે વિષે કંઈ પણ નિર્દેશ કરવામાં આવ્યો નહોતો.

પાછલા પાનામાં રમતગમતોની તથા પુસ્તકોની પણ ખબર આપવામાં આવે છે. બીજી કોઈ પણ પ્રકારની જાહેરખબર હોતી નથી.

બરી હકીકત એ છે કે સોવિયેટ પત્રોનો કાર્યપ્રદેશ, બ્રિટિશ તથા અમેરિકન પત્રોના કાર્યપ્રદેશથી તદ્દન ભિન્ન છે. રશિયન પત્રોમાં કેળવણીવિષયક તત્ત્વ વધારે હોય છે અને તે પત્રો ચલાવતી સંસ્થાઓનાં તે મુખપત્ર હોય છે.

પશ્ચિમના દેશોનાં વર્તમાનપત્રોની માફક તે પત્રોમાં આનંદ પ્રમોદના વિભાગો હોતા નથી. તે પત્રોમાં સિનેમા પાનું, બ્રીજોનું પાનું, રમુજના ટુચકા કે ગપ્પાં હોતાં નથી. પરદેશી દૃષ્ટિએ આ પત્રો શુષ્ક તથા ગંભીર લાગે છે, પણ બીજા દેશોના પત્રમાં નથી હોતું તેમ આ પત્રો રાષ્ટ્રની ફુરસદની ટેવોનું ચિત્ર નહિ પણ રાષ્ટ્રની આકાંક્ષાઓ તથા યત્નોનું ચિત્ર દોરે છે.

છાયાલાલ માનસિંગ કામદાર

રેડિયો વર્તમાનનું વાચન

આજે વર્તમાનપત્રો માટે જ્યાં ત્યાં પડાપડી થાય છે. અને મોટા કસ્બાઓ તથા શહેરોમાં સમાચાર સાંભળવાના સમયે લહેર રેડિયો યંત્રની સામે માનવીઓનું ટોળું તાજા સમાચાર સાંભળવાને ઉતાવળ બેઠેલું હોય છે.

આ રેડિયો પર જે માણસ સમાચાર વાંચે છે તેને કેવી રીતે કામ કરવાનું હોય છે, તેણે તેને માટે કેવી પૂર્વતૈયારી પણ કરી રાખવાની હોય છે અને તેના મદદનીશો તેને માટે સમાચારસંગ્રહ આપવામાં કેવા સહાયરૂપ થાય છે તેને લગતી જાણવાલાયક હકીકત તેમ જ સામ્રાજ્યના B. B. C. અને ઉ. અમેરિકન રેડિયોના સંવાદદાતાઓ જેઓનો અવાજ સંખ્યાબંધ રેડિઓસમાચાર સાંભળનારાઓને પરિચિત છે તેમનો અલ્પ પરિચય પણ આ લેખમાં આપ્યો છે.

સમાચારપત્રોનાં ચોંકાવનારાં હેડિંગો આપતા પત્રકારો અને આ રેડિયો સંવાદદાતા વચ્ચેનો ફરક વાચકને આમાંથી જાણવા મળશે.

બ્રિટિશ સામ્રાજ્યમાં અને ઉત્તરઅમેરિકાનાં ૬૨ ચોવીસ કલાકે બાર સમાચાર બુલેટિનો બહાર પડે છે. ત્યાંનાં રેડિયોવરના સમાચારવાચકો–પેટ બટલર, રોબર્ટ હેરીસ; ડેરેક પ્રેન્ટીસ, નોર્મન ફ્રેમેરીજ અને બોબ બિટ્ટી જેઓ એમાં નિષ્ણાત ગણાય છે તેમના અવાજે એ રેડિયો સાંભળનારાઓને ખૂબ જ પરિચિત છે. પરંતુ એ સૌ સાંભળનારાઓમાંના ભાગ્યે જ થોડા લોકો જાણતા હશે કે, એ સમાચાર સાંભળવા કરતાં એ જે સમાચારપત્રમાં છપાય છે તે સમાચારપત્ર વાંચવું એ અત્યંત કપરું કામ છે.

B. B. C. તેમ જ ઉત્તર અમેરિકાનો એ સમાચારવાચક કંઈ ઘડિયાળના ટકટકની માફક વારંવાર વાંચતો નથી, અથવા થોડુંક કહીને પાછો ઠંડો પડી જાય છે એમ પણ નથી. પરંતુ એ રેડિયો પર સમાચાર કહેવાને આવે છે તે પહેલાં પોણા પોણા કલાક સુધી એને એનું ભેજું કસવું પડે છે. એ પોતે એ વિષયનો તજ્જ્ઞ છે. એને એ વિષયની ઉત્તમ તાલીમ મળેલી હોય છે. એ એના અવાજ ઉપરાંત બીજી પણ ખાસ વિશિષ્ટતાઓ ધરાવતો હોય છે. લગભગ ૧૯૪૦ ના મે માસથી કાર્યક્રમોની સામાન્ય જાહેરાત કરનારને બદલે એ વિષયના તજ્જ્ઞની નિમણૂંક કરવામાં આવી ત્યારથી એ સમાચારવાચન કરનારે દુનિયાના વાતાવરણથી તેમ જ ભૌગોલિક જ્ઞાનથી વખતોવખત પરિચિત રહેવાનું હોય છે. ઉપરાંત એક પત્રકારની માફક તેણે તેની ઉત્તમ રીતે રજુઆત પણ કરવાની હોય છે. આ સિવાય, એક રેડિયો પરના જાનારની માફક એણે શોર્ટ વેવ્સ પર બોલવાનો મહાવરો પણ મેળવવાનો હોય છે.

એ સમાચાર જાહેર કરનાર એના માઇક્રોફોન પર બોલવામાં જેટલો વખત લે છે તે કરતાં કેટલોય વધારે વખત એના સમાચાર–ઓરડામાં એને ગુમાવવો પડે છે. એના વખતોવખત બનતા બનાવોથી–છેક છેવટના બનાવોથી માહિતગાર રહેવાને લીધે જ તે આ સમાચારો આપવામાં કુશળતા વાપરી શકે છે. દરેક સમાચારો આપવા આવતા પહેલાં, જ્યારે સમાચાર તૈયાર કરનારાઓએ એને માટે સમાચારો ગોઠવી તૈયાર રાખ્યા હોય છે ત્યારે, એ

સન્મુખ આવી હાજર થાય છે. સમાચાર જાહેર કરવાનો સમય જેમ જેમ નજીક આવતો જાય છે તેમ તેમ નવી નવી વાતો એની સામે આવી ખડી થાય છે. તે પૈકી જે એ જોઈ ગયો હોય છે તેને એ બાજુ પર મૂકી દે છે. કારણ કે તેમાં પણ એને કંઈક નવું ઉમેરવાનું આવે છે, જ્યારે કેટલીક વાર છેક છેલ્લી ઘડીએ એને કંઈક બિલકુલ તાજા જ-છેલ્લી મિનિટે આવેલા સમાચાર પણ આપવાના બની આવે છે. સમાચાર તૈયાર કરનારા માણસો સાથે સંમત થઈને એ એમને એ સમાચારોમાંનાં કેટલાંક વાક્યો ટુંકાણમાં નવેસર તૈયાર કરવાનું કહે છે, કે જેથી કરીને તે સફાઈપૂર્વક તેના સ્પષ્ટ ઉચ્ચારો કરી શકે અને સાંભળનારાઓને તે ક્લિષ્ટ લાગે નહિ. વળી સમાચાર તૈયાર કરનારાઓ જેમને એ સમાચારો કાન માટે, નહિ કે આંખો માટે, તૈયાર કરવાના હોય છે તેમાં તેમને આ સમાચાર કહેનાર ખૂબ જ મદદરૂપ થઈ પડે છે.

એની ભગજમારી

પછી આવે છે એની ખરી ભગજમારી. જ્યારે આટલા બધા મોખરાઓ પર યુદ્ધ ચાલે છે ત્યારે, કંઈક સ્થળો અને લોકોનાં વિચિત્ર નામો તેની સામે આવી ખડાં થાય છે. એ નામોના ઉચ્ચારમાં જો સહેજ પણ ભૂલ થઈ જાય તો તેની ભયંકર અસર ઉપજે છે. આથી એણે, દરેક અજાણ્યા શબ્દના ઉચ્ચાર વખતે એ ઉચ્ચાર સાચો છે કે કેમ તેની પૂરેપૂરી ખબરદારી રાખવી પડે છે. આ રેડિયોધર પર એના મૂળ સ્થળ પર વપરાતા ઉચ્ચારની માફક જ બરાબર બોલાવો જોઈએ એવું કંઈ નથી હોતું. વળી એમ પણ નથી હોતું કે સત્તાવાર ભાષાતજ્ઞ એનો ઉચ્ચાર હોવો જોઈએ; પરંતુ એનો સાંભળનાર બરાબર સમજી શકે તેવો એણે ઉચ્ચાર આપવાનો હોય છે.

રાત્રે મોડા સમાચારો આવ્યા પછી તેમજ આખા દિવસ દરમિયાન, કેટલીક વાર આ સમાચાર આપનાર મુંઝાઈ જાય છે. કેટલીક વાર છેલ્લી ઘડીએ અકસ્માત એવું વિચિત્ર નામ આવી પડે છે કે જ્યારે એને લગતી માહિતી ન પણ મળે. આવે વખતે એણે ખૂબ સાવધાનતા સાચવવાની હોય છે. આવે વખતે એ અક્ષરે અક્ષરની જોડણી કરી બતાવે છે. આ સંજોગોમાં, એ બાબતના જાણકાર એવા સાંભળનારાઓ આ સંવાદદાતા પર ખૂબ જ છેડાઈ પડે છે. પરંતુ આમ કેમ કરવામાં આવતું હશે તેનો જો તેઓ સહેજ પણ વિચાર કરે તો તેમને ચીડાવાનું કારણ ઓછું જ રહે છે.

કેટલીક વાર આ સંવાદદાતા જ્યારે સમાચાર વાંચતો હોય છે ત્યારે ઝબકારા થઈ આવતાં એ ગભરાઈ જાય છે. એટલામાં તો તેને કહેવામાં આવે છે કે " આ ક્ષણનાં જ નવા સમાચાર આવ્યા છે. " આવા વખતે હજારો માઈલ દૂર માઈક્રોફોન સામે બેસીને બોલતા માણસનો વિચાર કરો. આવે વખતે એ જે સમાચાર વાંચે છે તે મશીનમાંથી કાપી કાઢેલા કાગળના ટુકડા પર હોય છે, જેમાં પદ્ધતિસર ભાષા લખાયેલી હોતી નથી તેને પણ એણે પહેલી જ નજરે ગોઠવીને બોલવું પડે છે. એના મેજ પર આવી પડતી એ કાગળની પટ્ટીનો નમૂનો આ રહ્યો:—

T RAF CARRIED OUT FIGHTER SWEEP OVR N
FRANCE TODAY MCH DAMAGE TO ENMY AIRFIELDS
STOP FIFTEEN ENMY FGHTERS DESTROYED STOP
MGE ENDS.

આવા સમાચારોથી તો એ ટેવાઇ જ ગયેલો હોય છે; આમાં બોલતી વખતે એણે કયાં શબ્દો પર કેવો ભાર મૂકવાનો હોય છે તે પણ એણે સાચવી લેવાનું હોય છે.

B. B. C. રેડિયો પર જાહેરાત કરનાર માઇ વડા પેટ્રીક બટલરે માઇક્રોફોન આગળનાં એનાં બે દુઃખદ સંસ્મરણો નોંધ્યાં છે. એક વાર તો એ સમાચાર વાંચતો હતો. તે દરમિયાન એના નાકમાંથી લોહીની ધારા વહેવા માંડેલી; અને આમ છતાં એણે એ સમાચારો પૂર્વવત્ આપવા ચાલુ જ રાખેલા. બીજી એક વખતે એ "રેડીઓ ન્યૂસ રીલ"ને લગતો વાર્તાલાપ કરતો હતો ત્યારે, છેક છેલ્લી ઘડીએ રેડિયોઘરના કામ કરનારે એનો વાર્તાલાપ કાપી નાંખ્યાની એને ખબર પડી. આમ અચાનક વાર્તાલાપ કાપી નાખવામાં આવતાં અને થોડી વાર પછી પાછો ચાલુ કરતાં એનો તૂટેલો વાર્તાલાપ સાંધતાં એણે ભગજને ભારે કસવું પડેલું.

આપણા સાક્ષરનું જીવનરહસ્ય

(શ્રી. ૨. વ. દેસાઈ)

" ગમે તેવા મિતભાષી છતાંએ, વ્યાસપીઠ પરથી તો રમણભાઇ કયાં ઓછું બોલે છે ? એમણે કથાઓ લખી છે, નવલિકાઓ લખી છે, કાવ્યો રચ્યાં છે અને નાટકો તો લખ્યાં છે અને ભજવ્યાં પણ છે. એમણે અનેક પુસ્તકોની પ્રસ્તાવના લખી છે, નિબંધો પણ લખ્યા છે અને ભારતી પ્રચાર પણ કર્યો છે. એમનાં સાહિત્યમાંથી કે એમની અખાડાથી માંડી યુનિવર્સિટી સુધીની વ્યાખ્યાનમાળાઓમાંથી એમનું જીવન-રહસ્ય તમને નહિ મળે.

* * *

સૌમ્ય, શાંત, નિરભિમાની, સૌને સત્કારવા, સૌને સદાયે સહાય આપવા તત્પર રમણભાઇના જીવનનું રહસ્ય છે:— એમની **અદ્‌ભુત માનવતા.** "

—શ્રીકાન્ત કલાલ

શોર્ટવેવ બ્રોડકાસ્ટિંગમાં જ્યાં વખતોવખત મુશ્કેલ પરિસ્થિતિ હોય છે ત્યાંનો અનુભવ એવો છે કે, રેડીઓ પરના સમાચારવાચન માટે લગભગ દર મિનિટે દોઢસો અથવા તેથી વધુ શબ્દો બોલવા એ અત્યંત ઝડપી લેખાય છે. એટલે સમાચાર વાંચનારે ધીમી ગતિએ બોલવું પડે છે—અર્થાત્ દર મિનિટે ૧૨૦ શબ્દોની અકુદરતી ઝડપે બોલવું પડે છે. આથી સરળ અવાજ આવી શકે. આમ છતાં ગતિદર્શક કાંટાવાળા ઘડિયાળની મદદ લઇને તમે તમારા અવાજને રસપ્રદ બનાવવા જતાં પણ તમને ભારે મુશ્કેલી અનુભવવી પડશે. આ તબક્કે, તમે તમારો અવાજ બંધ કરવા છેલ્લું વાકય ઉચ્ચારો છો, છતાં છેવટે પણ તમારો અવાજ સાંભળી શકાવાનો નહિ. વધુમાં વધુ તમારો આ બંધ થતો અવાજ સાંભળનારને ઝોકાં લાવે તેવો નીકળે છે. ફરી વાર જ્યારે તમે દિવસના પાંચ સમાચારો સંભળાવો જેમાં કેટલીક વાતો તમને તે જ વખતે યાદ આવી જાય ત્યારે, તમારું સમાચારવાચન શુષ્ક બની જાય છે.

સમાચારવાચનની તાલીમ વખતે બંધ બારણે બોલતાં તેના અવાજનો પડઘો પડે છે. આથી એને આઘાત લાગે છે; કારણ કે બીજા માણસો સાંભળી શકે તેમ એ પોતાનો અવાજ સાંભળી શકતો નથી: ત્યાંથી ઉત્પન્ન થતો અવાજ, બોલનારના અવાજ કરતાં વધુ વ્યાપક બની જાય છે. આના શિકાર બની જનારે, પોતે બ્રોડકાસ્ટ કરવા જાય તે પહેલાં તેની ખૂરી ટેવોને એણે ત્યજવી પડે છે.

× × × ×

જાણીતા અવાજો

આ રેડિયોધરોના દરિયાપારના સાંભળનારાઓને પરિચિત એવો મુખ્ય અવાજ પેટ બટલર, ડેરેક પ્રેન્ટિસ, અને નોરમન કેસેરીજના હોય છે. લંડન તેમ જ ન્યુયોર્કના જાણીતા નટ રોબર્ટ હેરીસે " રેડિયો સમાચાર આપનાર " તરીકેની તાલીમ લીધી છે. દક્ષિણઆફ્રિકામાં કેળવણી પામેલો ડેરેક પ્રેન્ટિસ બી. બી. સી. રેડીઓ પર નટઘર અને કારખાનામાં વધને આવેલો છે. એ એક અચ્છો ભાષાભાષી હોઇને રેડીઓ પર સમાચાર આપનાર એક બહુમૂલ્ય મિલ્કત જેવો છે. નોર્મન કેસેરીજ પણ એક નટ જ છે. અઢાર વર્ષની ઉંમરે એ રંગભૂમિ પર આવેલો અને ત્યારથી એ ત્યાં જ છે. ૧૯૪૦ માં એ ફ્રાન્સમાંના બ્રિટિશ લશ્કરીઓ સમક્ષ પાઠ ભજવતો અને ત્યાંથી પાછો આવીને એ B. B. C. ની રિપોર્ટિંગ કંપનીમાં જોડાયેલો. ત્યારપછી ૧૯૪૧ ના ફેબ્રુઆરી માસમાં એ B. B. C. અને ઉત્તરઅમેરિકન સર્વિસમાં રેડીઓ જાહેરાત કરનાર તરીકે જોડાયેલો. પેટ્રીક બટલર કોઇ દિવસ નકારમાં જવાબ આપતો જ નથી. એણે રેડીઓ જાહેરાત કરનાર તરીકેની નોકરી સ્વીકારી ત્યારે B. B. C. ની પહેલી કસોટીમાં એ નિષ્ફળ નીવડ્યો હતો. પરંતુ તે પછી એણે એવી ખંતપૂર્વક તાલીમ લેવા માંડી કે એક જ વર્ષ બાદ એ અનેક રંગે દીપી નીકળ્યો. વિશાળ શ્રોતાસમુદાયથી અદૃશ્ય રહીને સમાચારો સંભળાવવા એ ખરેખર, એ બોલનાર માટે ચિત્તેજક અને પ્રેરણાપ્રદ છે. ઉપસ્થિત થતા અનેક પ્રશ્નો એને માટે વ્યવહાર માર્ગદર્શક હોય છે. આમ છતાં દુનીયા માથેલો પરના તેમના શ્રોતાઓ સાથેના સંબંધની ભાવના ખરેજ, અત્યંત કિંમતી છે. *

એ કોણ હશે ?

એ કહે છેઃ—

આશા મારી આંખો છે; જે વડે હું દૂર દૂરનો અંધકારભર્યો પ્રદેશ પણ જોઇ શકું છું.

કલ્પના મારી પાંખો છે; તે વડે હું દૂર દૂરના અપરિચિત અને વણકલ્પિત પ્રદેશમાં પણ ઉડ્યન કરી શકું છું.

શ્રદ્ધા મારી કુળદેવી છે; જેની કૃપાથી હું મારા માર્ગમાં હિમાચલ સમ અડગ રહી આગળ ધપી શકું છું.

અવિરત અને સાચી કાર્યશીલતા એ મારું પ્યારું શસ્ત્ર છે; જેનાથી હું મારો કંટકભર્યો માર્ગ સાફ કરી શકું છું.

ઉત્સાહ મારો સાથી છે; જેની મદદથી હું આગળ અને આગળ ધપી શકું છું.

બાળકો મારું સાચું ધન છે; તે ધનથી હું સાચી માનવતા રજૂ કરે તેવા સાંસ્કૃતિક રતંભો ઉપર ઊભી રહેલી સલ્તનત રચવા ભાગું છું.

પ્રેમ એ મારો પ્રાણ છે. પ્રેમ એ મારો વિચારમંત્ર છે. સઘળી સમષ્ટિ પ્રેમવર્ષાથી આચ્છાદિત બની રહે એવું ધ્યેય છું. અને એટલા માટે જ હું જીવું છું.

બોલો એ કોણ હશે ?

[એ એક સાચો શિક્ષક છે.] —રવિ+

---

* " બોમ્બે ક્રોનિકલ " પરથી સારરૂપે. + " નૂતન શિક્ષણ " પરથી.

પ્રશ્નોત્તરી

(૧) વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયોમાં અંદાજપત્રોમાં મુકાતાં વર્તમાનપત્રોમાં ખાતાની દરમ્યાનગીરી કેમ થાય છે ?

આ પ્રશ્ન અને આવા બીજા પ્રશ્નોનો ઉકેલ "પુસ્તકાલય" માસિકમાં એકથી વધુ વખત પ્રસિદ્ધ થઇ ચૂકયો છે. આજે પુનઃ જણાવવામાં આવે છે કે પુસ્તકાલય ખાતુ કોઇ વર્તમાનપત્ર કે સામયિક લેવા કે ન લેવા સંબંધે પ્રતિબંધ કે ફરજ (પુસ્તકાલય માસિક સિવાય) પાડતું નથી; માત્ર તે દોરવણી આપે છે. પરંતુ અંદાજ બનાવતી વખતે પુસ્તકાલયમાં બાળકો કે બહેનો માટે કાંઇ વાચન ન હોય તો તે આપવા વ્યવસ્થાપક સમિતિને સૂચવે છે. ખાસ આગ્રહ તો પુસ્તકાલયનાં વર્તમાનપત્રો પાછળ થતો અનહદ ખર્ચ અટકાવવા માટે હોય છે. સામાન્ય પુસ્તકાલયની ખર્ચની શક્તિ માત્ર સાપ્તાહિક કે અર્ધસાપ્તાહિક ખર્ચી શકે તેવી હોવા છતાં દૈનિક પેપરોની માગણી કરે છે. તેઓ પુસ્તકાલયોની નથી સ્વચ્છતા જાળવતા; કબાટો, તેનાં માસિકો મૂકવાનાં સાધનો, રમતો, પુસ્તકો વગેરે માટે જે બાબતોમાં વિશેષ ખર્ચ કરવાનો હોય છે તેને ગૌણ ગણે છે અને એ રીતે એ પુસ્તકાલય સાચું પુસ્તકાલય મટી માત્ર વાચનાલય થાય છે; એટલે પુસ્તકાલય ખાતુ પોતે અંદાજો મંજૂર કરતી વખતે શું શું જોઇશે–તેની અગાઉથી મંત્રી ભાઇઓને સમજ આપે છે. પુસ્તકાલયો એ કેવળ પોતાની રથળસીમામાં સ્વતંત્ર કામ કરતી સંસ્થાઓ છે. પણ તેણે શિક્ષકોને પહોંચી વળવાની પ્રમાણિકતા દાખવવી જ જોઇએ અને ભણેલું ભૂલી ન જાય તે માટે જે કંઇ વર્તમાનપત્ર, સામયિક કે પુસ્તકો હોય તે ઘેાડું ભણેલાં સમજી શકે તેવાં વધુ પ્રમાણમાં હોવાં જોઇએ; કારણકે ગામડાની મોટી વસ્તી ચારથી પાંચ જ ચોપડી ગુજરાતી ભણેલી હોય છે. મોટાં મકાનવાળાં પુસ્તકાલયો તેમ જ કરબા પુસ્તકાલયોએ વર્ષ આખર કમી કરવાનાં, બંધાવવા જેવાં કે નવીન ખરીદવા જેવાં પુસ્તકો માટે પૂરતી રકમ રાખવી જોઇએ. તે ઉપરાંત ગામમાં પુસ્તકાલય દ્વારા બીજી સંસ્કાર ફેલાવનારી પ્રવૃત્તિઓ ઉપાડી (જેવી કે પ્રૌઢ શિક્ષણ, વાર્તાલાપ, ભજનકીર્તન, ગૃહરમતો, ગૃહઉદ્યોગો) તે દ્વારા સંસ્થાને વધુ લોકપ્રિય બનાવવા પોતાના વધુ પ્રયાસો કરી ખર્ચની યથાર્થતા બતાવવી જોઇએ. પુસ્તકાલય એ સામાન્ય જનતા માટેનું કેન્દ્ર હોઇ ગ્રામપુસ્તકાલયોએ પ્રજામાં જ્ઞાનપિપાસા જાગ્રત કરવાના પ્રયાસ થાય તેવું અંદાજ પડવું જોઇએ. એ પ્રમાણે થતું હોય તો તેને કદીએ પુસ્તકાલય ખાતાનો ઉંદરાસ નડતો નથી.

(૨) વાંચવા ગયેલાં પુસ્તકો પરત ન આવે તો સાર્વજનિક પુસ્તકાલયોએ શું કરવું ?

આ પ્રશ્નનો ઉકેલ પ્રમાણિકતાની દૃષ્ટિએ જોતાં વિચારવા જેવો છે. ગ્રામ પુસ્તકાલયોમાં પુસ્તકો મેળવતાં ખૂટવાના બે પ્રસંગો હોય છેઃ એક તો નોંધવહીમાં ચઢેલાં પણ પરત નહિ આવનારાં; અને બીજું, નોંધમાં ચઢયા સિવાય ખૂટતાં. આપણે બન્ને બાબતોનો એક પછી એક વિચાર કરીશું.

આવાં પુસ્તકો આપ–લે નોંધમાં ચઢાવી સહી કરી બેર વાંચવા લઇ જાય પુસ્તક

પરત ન આવે તો મુદત થયે ગ્રંથપાલે તેવા ઇસમોની યાદી મંત્રીને દર માસે રજૂ કરવી જોઇએ. ગ્રંથપાલે પોતાનું દફતર પુસ્તકાલય ખાતાના ધારાધોરણ તથા પોતાના પુસ્તકાલયના સ્થાનિક નિયમો પ્રમાણે બરાબર વ્યવસ્થિત રાખેલું હોવું જોઇએ. આ પ્રમાણે રાખેલા દફતર પરથી સમિતિને ખાતરી થાય કે વાચકે ધરાદાપૂર્વક પુસ્તક દબાવ્યું છે, ઉઘરાણી કરવા છતાં પુસ્તક આપતો નથી અગર પુસ્તક ગુમ થવા છતાં તે ધરાદાપૂર્વક તેની કિંમત વસૂલ આપતો નથી તો તેની સામે કાયદાની રૂઇએ પગલાં ભરી શકાય છે. કેટલાક મંત્રીઓ તો પુસ્તકાલય ખાતામાં આવા ગેરકાયદેસર ઇસમો પાસેથી રકમ વસૂલ કરાવી આપવા લખાણ કરે છે, પણ પુસ્તકાલય એ ખાનગી લોકોપકારક સંસ્થા હોવાથી તે રકમ મુલકી રાહે વસૂલ થઇ શકતી નથી, પણ દિવાની રાહે વસૂલ થઇ શકે છે. આ પુસ્તકાલયની સમિતિએ સંપૂર્ણ વિચાર કરી દિવાની રાહે જવું જોઇએ. બાળકોમાં પુસ્તકો ગુમ કરવાનું કામ વધતું જ હોય તો મને તો લાગે છે કે પુસ્તકાલય સમિતિએ દાખલો બેસાડવો ઘટે.

ગામડાંનાં પુસ્તકાલયોએ બનતા સુધી લાગવગ લગાડી પુસ્તકો પરત મેળવવાં જોઇએ. પણ દર વર્ષે પોતે જોવું જોઇએ કે આવી રીતે પુસ્તકો ગુમ કરનાર ઇસમો ઘટે છે કે નહિ.

આવા ઇસમોને પુનઃ પુસ્તક ન આપવાનો નિર્ધાર વ્યવસ્થાપક સમિતિ કરી શકે છે. પુસ્તકાલય એ સાર્વજનિક લોકોપકારક સંસ્થા છે અને જાહેર પ્રજાની પ્રમાણિકતા પર તેના સુવ્યવહારનો આધાર છે. ગામમાં કોઇ ચઢાઉ માણસ હોય, ગામના આગેવાનો કે સમિતિના સભ્યો તેને અટકાવી શકતા ન હોય અને કામ ગાડરિયું ચાલ્યા કરતું હોય તો દહેશત છે કે પુસ્તકાલય પોતાની ખ્યાતિ સમય જતાં ગુમાવી બેસે. તેવે સ્થળે પુસ્તકાલયના મંત્રીની ફરજ છે કે સ્થાનિક અધિકારી સાહેબની સંમતિ મેળવી તેવા ઇસમોને ડિપોઝીટ મૂક્યા સિવાય કે તે બાબતની જામીનગીરી લીધા સિવાય સાર્વજનિક પુસ્તકાલયમાંથી પુસ્તક વાંચવા ન આપે.

પુસ્તકાલયમાં પ્રીતિ સંપાદન કરવા માટે બાળકો અને બહેનો તરફ જો ગ્રંથપાલો પોતાના પ્રયાસો વધારે તો જરૂર ભવિષ્યમાં તેઓ વધારે પ્રમાણિક બાળકો મેળવી શકશે, એ નિઃશંક છે. આ માટે સેવાભાવી યુવાનોનું પુસ્તક પ્રચાર મંડળ પણ પોતાની મદદ માટે તે શોધું કરી શકે.

ઉપર બતાવેલા પ્રયાસો દ્વારા વાચકની પ્રમાણિકતા સુધારવી અને અપ્રમાણિક માણસો મળે તો કાયદાની મદદથી પણ સાર્વજનિક સંસ્થાનાં નાણાં મેળવવા સમિતિઓએ ઘટતા પ્રયાસ કરવા જોઇએ.

હવે બીજો પ્રસંગ લઇએ. તેમાં પુસ્તકો મેળવણી કરતાં આપણે નોંધવહીમાં ચઢયાં ન હોય છતાં ખૂટે તો આ માટે ખરે જ ગ્રંથપાલ જવાબદાર છે. આપણે ત્યાં મુક્તદ્વાર પદ્ધતિથી પુસ્તકો અપાય છે એ વાત સાચી છે, પણ વાચકોનું પ્રમાણ જોતાં દરરોજ ગ્રામ-પુસ્તકાલયમાં સરેરાશ પાંચથી દશ હોય છે એટલે એક ગ્રંથપાલ ઘણી જ સહેલાઇથી પુસ્તકની કાળજી લઇ શકે. શાળાના શિક્ષકોના સહવાસમાં રહેતા કેટલાક આગેવાનો અગર કેટલાક

શિક્ષકો પાસેથી ખૂટતાં કમી થયેલાં પુસ્તકો તેમનાં ઘરોમાંથી સારી સ્થિતિમાં મળી આવ્યાના દાખલા પ્રાંત પ્રચારકો વર્ણવે છે ત્યારે અમને આવા ભાઇઓ માટે દયા આવે છે. તેમને માટે વ્યવસ્થાપક સમિતિએ તેમ જ રા. મહાલ શાળાધિકારી સાહેબે જો તે સરકારી નોકર હોય તો કડક પગલાં લેવાં જોઇએ અને ઇતર ઇસમ હોય તો તેને ફરીથી પુસ્તક ન આપવાની નીતિ અખત્યાર કરી તેવી હકીકત પ્રજાના ધ્યાન પર જાહેરમાં લાવવી જોઇએ. પુસ્તકાલય એ એક ન્યાસ છે. તેનો વહીવટ સારો અને સરળતાથી વહીવટદારોએ ચલાવવો જોઇએ. આશા છે કે ગ્રંથપાલો વાર્ષિક અંકો, ભેટ પુસ્તકો, તેમ જ સારાં ધાર્મિક કે વાર્તાનાં પુસ્તકોના અલ્પજીવી પ્રલોભનમાંથી છૂટે.

ઉપરની બધી કાળજી લેવા છતાં ક્વચિત્ પુસ્તકો ખૂટવાનો પ્રસંગ આવે ત્યારે વ્યવસ્થાપક મંડળે પોતે બધી કાળજી લઇ ખાતરી કરી તેની સંપૂર્ણ નોંધ હરાવમાં લઇ તેવાં ખૂટતાં પુસ્તકો કમી કરવા રા. મહાલ શાળાધિકારી સાહેબને જલામણ કરવી.

આશા છે કે વાચકો અને ગ્રંથપાલો પુસ્તકોનો બહોળો પ્રચાર કરશે અને પ્રમાણિકપણે ખૂટતાં તથા ફાટી ગયેલાં કે જીર્ણ થઇ ગયેલાં પુસ્તકો કમી કરાવશે.

(૩) સાર્વજનિક પુસ્તકાલયના મંત્રીને ફરજીઆત બહારગામ જવાનું થાય તો જો તે સરકારી નોકર હોય તો તેની હાજરી ગણાય ? અને તેને નિયમ પ્રમાણે ભથ્થુ ભાડું મળે ?

સાર્વજનિક પુસ્તકાલયો બાનમી સંસ્થાઓ છે, એટલે હાજરી ગણી શકાય જ નહિ. તેમ જ સમિતિના હરાવ સિવાય તેને ભથ્થુભાડું પુસ્તકાલયમાંથી મળી શકે નહિ. અને પુસ્તકાલય સમિતિ માત્ર વાસ્તવિક ખર્ચ જ આપી શકે. મંત્રીને વધારે વખત બહારગામ પુસ્તકાલયના કામે જવું પડે એવો સંભવ ક્વચિત્ જો હોય તો તે બદલ બહારની કામગીરી માટે હરાવથી વ્યવસ્થાપક મંડળ બીજા ઇસમને બહારગામ મોકલી શકશે.

નાણાં મૂકવા કે લેવા માટે જો પુસ્તકાલય મંડળના મંત્રીને બહારગામ જવું પડતું હોય અને તેથી વ્યાજ કરતાં અધો બાર આને વધતો હોય તો નાણાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં જમા મૂકવાં કે જ્યાંથી પુસ્તકાલય ખાતા મારફત હરાવ મોકલવાથી નાણાં જમા થઇ શકશે અને ઉપાડી પણ શકાશે; માત્ર જરૂર પૂરતો મનીઑર્ડર ખર્ચ જ થશે.

કોઈ બીજા ઇતર કામે અનિવાર્ય કારણે કોઇ શિક્ષક ભાઇને જવું જ પડે તો તેમણે રજા જ લેવી ઘટે.

મહાલ મંડળો અને પ્રાંત મંડળોની સભાઓમાં હાજરી આપવા માટે વિશેષ દિવસો થાય તો તે પણ મારા મતે હાજરીના ગણી શકાય નહિ. કાં તો શિક્ષકે પોતાની થોડી રજાનો ભોગ આપવો જોઇએ અગર વ્યવસ્થાપક મંડળના બીજા બીનસરકારી ભાણુસો કે કરમા પુસ્તકાલયના ગ્રંથપાલની મારફત એ કામ લેવું ઘટે. આશા છે કે રજાને હાજરીમાં ફેરવવાની માગણી કોઇ જૂજ શિક્ષક જ કરતા હશે.

ઉમેદભાઇ મો. પટેલ

અધિવેશનમાં પસાર થયેલા ઠરાવો

ગઇ તા. ૧૨,૧૩-૪-'૪૨ના રોજ ધીણોજ મુકામે મળેલી પાંચમી મહેસાણા પ્રાંત પુસ્તકાલય પરિષદનો હેવાલ અમો "પુસ્તકાલય" માસિકના એપ્રિલ અંકમાં આપી ગયા છીએ. સ્થળસંકોચ વગેરેને કારણે એ પરિષદમાં પસાર થયેલા ઠરાવો આપી શકાયા નહોતા તે આ નીચે આપ્યા છેઃ—

પસાર થયેલા ઠરાવો

ઠરાવ ૧—પુસ્તકાલય પ્રવૃત્તિને આ સંજોગોમાં પણ ચાલુ રાખવા બદલ શ્રીમંત મહારાજા સા. ના આભારનો હોઇને ઠરાવ ૨—સ્વામીશ્રી અખંડાનંદજી, સાક્ષરશ્રી આનંદશંકર ધ્રુવ, શ્રી. અંબાલાલ ભુ. જની તેમ જ શ્રી. મણિલાલ માધવજી દવેના અવસાન બદલ શોકપ્રદર્શક પસાર થયા હતા.

ઠરાવ ૩—જે પુસ્તકાલયનું મકાન બાંધવાની મંજૂરી મળી હોય તે અંગેની ત્રણે પ્રકારની રકમ પ્રાંત પંચાયતમાં જમા થઈ ગઇ હોય તે મકાનનો કોન્ટ્રાક્ટ અપાતાં સુધી મકાન માટેની પડી રહેલી રકમનું યોગ્ય વ્યાજ સંસ્થાને આપવાનો પ્રબંધ થાય તો તે સંસ્થાને મકાનબાંધકામના અર્થમાં મદદરૂપ થાય એવી સત્વર પ્રાંત પંચાયતે કરી આપવા આ સભા ઠરાવે છે.

દ. મૂ. ખીમજીભાઇ જે. ઠાકર — અનુ. મફતલાલ દવે

ઠરાવ ૪—પુસ્તકાલયો તરફથી મોકલાતાં બજેટમાં સરકાર અને પંચાયત મદદની માગણી પર કાપ મૂકવાની જે નીતિ પુસ્તકાલય ખાતાએ છેલ્લાં બે વર્ષથી ધારણ કરી છે તે પ્રત્યે આ પરિષદ દિલગીરી જાહેર કરે છે અને ખાતાના અધિકારી સાહેબોને વિનંતિ છે કે પુસ્તકાલયો જેટલી લોકમદદ મેળવે તેટલી જ સરકાર અને પંચાયત મદદ આપવી.

દ. મૂ. લાલજીભાઈ — અનુ. સરંજામલ

ઠરાવ ૫—હાલ ઉપસ્થિત થયેલી વાહનવ્યવહારની મુશ્કેલીઓનો વિચાર કરતાં આ પરિષદને સમજાય છે કે ચાલુ સાલનાં જે તે મહાલનાં ગ્રામ પુસ્તકાલયોનાં પુસ્તક પાસેના મહાલના મુખ્ય સ્થળે એકસાથ મોકલી આપવાની તથા તેની જાહેરાત "પુસ્તકાલય" માસિકમાં પ્રસિદ્ધ કરવાની નીતિ પુ૦ સ૦ સ૦ મંડળ સ્વીકારશે તો તે પુસ્તકાલયોના હિતની દૃષ્ટિએ ખાસ ઇચ્છવા જેગ. થઇ પડશે.

દ. મૂ. અંબાલાલ ઉમીયાશંકર — અનુ. શિવજી સાલજી

ઠરાવ ૬—શિષ્ટ વાચનની લેવાતી પરીક્ષાનો લાભ વિશેષ પ્રમાણમાં લેવાય એમ આ પરિષદ ઇચ્છે છે અને તે માટે યથાશક્ય પ્રયત્નો કરવા પ્રતિનિધિ ભાઇઓને અનુરોધ કરે છે. વળી પરિણામપત્રકમાં ગુણ પ્રસિદ્ધ કરવાની જે નીતિ હાલ છે તેને બંધ કરી પરીક્ષામાં લાભ લેનારાઓના નામની યાદી પ્રસિદ્ધ કરવાની નીતિ જે અમલ્યાર થશે તેમ જ પરીક્ષાઓનાં પુસ્તકો ઓછામાં ઓછી ત્રણ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલાં પૈકીનાં વર્ષની શરૂઆતમાં જ જાહેર કરવાની નીતિ સ્વીકારાશે તો પરીક્ષાનો લાભ લેનારાઓની સંખ્યામાં પણ ઇચ્છવા જેગ વધારો થઇ શકશે એમ આ પરિષદ માને છે.

દ. મૂ. શંકરલાલ રાજસંગ — અનુ. ગલબતરામ વલ્લભરામ

ઠરાવ ૭—મહેસાણા પ્રાંતમાં વાણંદ્રા, હારીજ, સિદ્ધપુર, વિસનગર, કડી, ચાટણ સિવાયના કેટલાક મહાલોમાં શાળા હોવા છતાં પુસ્તકાલયો નથી, જેથી તેવાં ગામો માટે પુસ્તકાલયો શરૂ કરવા માટે જે તે મહાલ મંડળો પ્રયત્ન કરે છે છતાં વધુ પ્રયત્ન થાય તેમ આ પરિષદ માને છે. અને તે બદલ જે તે મહાલમાં મહાલ મંડળો આ પ્રયત્ન કરતાં ન હોય તેવાં મહાલ મંડળોને ખાસ પ્રયત્ન કરવા પરિષદ આગ્રહપૂર્વક વિનંતિ કરે છે.

દ. મૂ. અંબાલાલ શિવલાલ વકીલ — અનુ. ખીમજીભાઈ ટી. ઠાકર

ઠરાવ ૮—અહિલા તથા બાલ પુસ્તકાલયોનાં બજેટ કરવામાં પણ ગ્રામ પુસ્તકાલયોના જેટલાં નાનાં હોય છે. તેનું ઉત્પન્ન પણ જેટલું જ હોય છે. તે સંસ્થાઓ ગ્રામ પુસ્તકાલયના

ધોરણે જ ચાલે છે, છતાં પ્રાંત પંચાયત તેને કરબા પુસ્તકાલયમાં ગણી મદદ ગ્રામ પુસ્તકાલયના જેટલી નહિ પણ ઘણી ઓછી આપે છે. આથી આ ઉમદા સંસ્થા પૂરતા પ્રમાણમાં વિકસી શકતી નથી. તો કરબાની બાળ, મહિલા એ સંસ્થાને ગ્રામપુસ્તકાલયના ધોરણે પ્રાંત પંચાયત મદદ આપે એમ આ સભા ઠરાવે છે.

દ. મૂ. નાનાભાઈ નથુભાઈ અનુ. અમૃતલાલ આચાર્ય

ઠરાવ ૯—રાજ્ય પુસ્તકાલય મંડળે યોજેલી ગ્રામ વાચક મંડળની યોજનાને આ પરિષદ આવકારે છે. અને દરેક ગામે " ગ્રામ વાચક મંડળ " સ્થપાય તેવી તજવીજ કરવા પ્રાન્તના દરેક મંત્રી બાઇઓને આ પરિષદ અનુરોધ કરે છે.

દ. મૂ. નાનજીભાઈ જે. પટેલ અનુ. કૃષ્ણલાલ ભીખાભાઇ

ઠરાવ ૧૦—સ્વ. મોતીભાઇ અમીન સ્મારક ગ્રંથમાળાની યોજનામાં ગ્રાહક તરીકે અગાઉથી નોંધાવવા માટે રૂ. ૨)ની ડીપોઝીટ મૂકવાની જે આંટ રખાઈ છે તે પુસ્તકાલય પૂરતી દૂર કરવા સદરહુ માળાના યોજકો તથા વહીવટ કરનારાઓને આ પરિષદ આગ્રહભરી વિનંતિ કરે છે; તેમ જ ગ્રંથમાળાનું જે તે વર્ષનું પુસ્તક પુસ્તકાલયના બજેટ ખાતે ખર્ચ પાડીને ગ્રંથમાળાના ગ્રાહકની કિંમતે જે તે વર્ષનાં પુસ્તકોના પારસલ જોગું મોકલી આપવાની વ્યવસ્થા થવાની લાગતા વળગતાઓને વિનંતિ કરે છે.

દ. મૂ. કેવળભાઈ ચતુરભાઇ અનુ. સાંકળેશ્વર જી. વ્યાસ

ઠરાવ ૧૧—પુસ્તકાલય પ્રવૃત્તિના પરમ સેવક શ્રી. મોતીભાઇ અમીન સા. ના માનમાં શરૂ થયેલી ગ્રંથમાળાના પ્રથમ પુસ્તક તરીકે પ્રગટ થયેલ સ્વર્ગીનું દોહન, તેઓશ્રીનું મોટું જીવન ચરિત્ર તથા પુસ્તકાલયપ્રવૃત્તિના સંચાલન માટે ખાસ ઉપયોગી થઇ પડે તેવી ધારાધોરણ વર્ગીકરણ વગેરેની કિંમતી સામગ્રી ધરાવનાર પુસ્તકાલયપ્રવૃત્તિનું એકીકરણ એ પુસ્તક પ્રાંતના દરેક પુસ્તકાલયને મોકલી અપાવવાની પુ.ખાતાને વિનંતિ કરે છે. પાટણના મૂક સેવક સ્વ. મણિભાઇ દવેનું ચરિત્ર પણ શિક્ષકવર્ગને પ્રેરક અને બોધક હોઇ . તેને પણ રાજ્યનાં પુસ્તકાલયો અપનાવે એ ખાસ જરૂરી છે, એમ આ પરિષદ માને છે.

દ. મૂ. ખેતાભાઈ કેશવલાલ અનુ. મગનલાલ ગંગારામ

ત્યારબાદ ઠરાવ નં. ૧૨ પ્રમુખશ્રીના આભારદર્શનનો થઇને ઠરાવ નં. ૧૩ જોગ ગામના નાગરિકોનો પરિષદને આમંત્રણ આપવા બદલ ધન્યવાદનો થયો હતો.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

સ્વ. શ્રી. મોતીભાઇ ન. અમીન સ્મારક ફંડ

(સન '૪૦-૪૧ માં ભરાયલી રકમો)

જુલાઇ '૪૧-૪૨ આખરનો સરવાળો રૂ. ૪૨૬૧-૬-૦

૧૦૮૬	સા. પુ. રાડોદ (તા. કરજણ)	૫-૮-૭	૧૦૬૩	સા. પુ. સાવલી	૧૦-૦-૦
૧૦૮૭	,, ઓરણા (તા. કામરેજ)	૫-૦-૦	૧૦૬૪	,, વિજાપુર	૫૧-૦-૦
૧૦૮૮	,, દીગસ (તા. કામરેજ)	૫-૦-૦	૧૦૬૫	,, સંખેડા	૨૫-૦-૦
૧૦૮૯	,, ધુંટેલી (તા. પેટલાદ)	૫-૦-૦	૧૦૬૬	,, ચાણસ્મા	૫-૦-૦
૧૦૯૦	,, કોસિંદ્રા (તા. સંખેડા)	૪-૦-૦	૧૦૬૭	,, બોડાદરપુર	૨૬-૦-૦
૧૦૯૧	,, દારકો	૨૫-૦-૦	૧૦૬૮	,, સોખડા (તા. વિજાપુર)	૧-૦-૦
૧૦૯૨	,, પાટણ	૫૦-૦-૦	૧૦૬૯	,, મહેરવાડા(તા. સિદ્ધપુર)	૧૬-૦-૦

કુલ રૂ. ૪૪૬૯-૬-૦

૧ વીરાંગનાની વાતો (ભાગ ૨ જો)—લેખકઃ શ્રી. તારાચંદ પોપટલાલ અડાલજા; પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની કેશવબાગ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ; સં. ૧૯૬૭; ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૩૪૪ + ૧૨; ત્રિરંગી સચિત્ર આચ્છાદન સહિત પાકું પૂઠું; મૂલ્ય રૂ. ૩-૮-૦

આર. આર. શેઠની કું. તરફથી પ્રસિદ્ધ થતી આનંદ ગ્રંથાવલિનું આ સાતમું પુસ્તક છે. લેખકે આ પહેલાં પણ ગુજરાત-કાઠિયાવાડની વીર વ્યક્તિઓની મરદાનગી દર્શાવતાં " વીરની વાતો " તથા " વીરાંગનાની વાતો "નાં જે પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં છે તે વાંચવામાં જેટલો આનંદ અને રસ ઉપજે છે અને તેની માફક સાચી મરદાનગીનો જે બોધ મળે છે તેવું જ આ પુસ્તક પણ છે. આ પુસ્તકના પહેલા ભાગમાં સ્ત્રીઓની વીરતા અને ખાનદાનીનું પ્રદર્શન કરતી જે વાતો અપાઇ છે તેવી જ ઢબની વાતો આ પુસ્તકમાં પણ છે. આ પુસ્તકમાં કુલ દશ વાર્તાઓ પ્રસિદ્ધ કરાઇ છે. અને તેના પ્રસંગો ગુજરાત-કાઠિયાવાડના ઇતિહાસમાંથી, લોકસાહિત્યમાંથી અને ભાટચારણો પાસેથી મેળવાયા છે. જેહ-જેહાણીને લુટારુઓથી બચાવવા માટે પોતાનું શૌર્ય દર્શાવતી " મોતી ", પોતાના વહાલા વતનના બચાવ માટે જીવ સાટે દુશ્મનો સામે લઢતી " વીરાંગના વાઢ ", પતિને અરીણની બદી છોડાવી, શૌર્યનો પાનો ચઢાવતી " ધન્ય વીરાંગના ", શિયળના સંરક્ષણ માટે પ્રાણ અર્પતી બહાદુર " બાઇઆ ", માલિકને પોતાનો ગરાસ મેળવી આપવા માટે પ્રાણ અર્પતી ખવાસણ ' જણુબાઇ ', પરધર્મીઓને પોતાનો દેહ નહિ સોંપવા માટે યવનો સામે યુદ્ધ ખેલતી ' સોનબા ' એ બધી વાતો ખાસ વાંચવા જેવી છે. વાતો સચિત્ર અને લેખનશૈલી પણ સરળ હોઇ, સામાન્ય વાચકોને પણ તે વાંચવાને ખાસ આકર્ષણ કરે તેવી છે. સ્ત્રીઓના જ વીરરસની આ વાતો સ્ત્રીઓએ તો ખાસ વાંચવા-વંચાવવા જેવી છે.

૨ અધુરું સ્વપ્ન (ભા. ૧-૨) સંપાદક શ્રી. બચુભાઇ શુકલ; પ્રકાશકઃ ઉપર પ્રમાણે. ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ પહેલા ભાગનાં ૩૬૩+૩૨ અને બીજા ભાગનાં ૨૮૭+૮; બંને ભાગનાં સચિત્ર આચ્છાદન સહિત પાકાં પૂઠાં, મૂલ્ય અનુક્રમે રૂ. ૩-૮-૦ અને રૂ. ૩-૦-૦

'સંસ્કાર ગ્રંથાવલિ' ના ૨૭ અને ૨૮મા પુસ્તકરૂપે પ્રસિદ્ધ થતી આ એક સુંદર નવલકથા છે. ' અધુરા સ્વપ્ન વિષે અધૂરી વાતો 'ના મથાળા નીચે સંવાદરૂપે પ્રસિદ્ધ થયેલી લાંબી રસમય પ્રસ્તાવના વાંચતાં આ નવલકથાના સર્જક શ્રી. બચુભાઇ શુકલ જ જણાય છે. પુસ્તકોમાં તો લેખક તરીકે પહેલા ભાગમાં ' ધીરજલાલ દવે ' અને બીજા ભાગમાં ' સુલેખા દવે 'નાં નામ જે મૂક્યાં છે તે તો આ વાર્તાનાં મુખ્ય પાત્રો છે.

આ પાત્રો પોતાના દોષના નિવારણ માટે સમાજ સમક્ષ પોતાનું જીવન જાહેર કરવાનું નક્કી કરે છે અને એ રીતે તેઓને જે તે ભાગના લેખક તરીકે ઓળખાવ્યાં છે.

આ વાર્તાનાં મુખ્ય પાત્રો સુશીલ અને શોભી, ધીરૂભાઈ અને લેખા છે. સુશીલ વિજ્ઞાન દ્વારા દેશને સુખી કરવાના કોડ સેવે છે, પણ એના પ્રયોગોમાં જ તે અને તેને ચાહતી શોભી ભસ્મીભૂત થાય છે. અને આ રીતે સુશીલે સેવેલું સ્વપ્ન અધૂરું રહે છે. ધીરૂભાઈ પણ એક મીલમાલિકના સેક્રેટરીમાંથી મીલમાલિક બને છે અને તે પણ સુશીલના વૈજ્ઞાનિક પ્રયોગોને સફળ બનાવી પોતાની મહત્તા વધારવાના વિચારો સેવે છે, પણ તેય સુશીલના મરણથી અધૂરા રહે છે. સુશીલ અને ધીરૂના આ આદર્શોમાં સમાજના અનેક પ્રશ્નો ચર્ચાય છે. તેમાં મૂડીવાદ અને સમાજવાદ પણ દેખા દે છે. તેમાં ક્રાન્તિવાદીઓ અને વિપ્લવવાદીઓનાં પણ દર્શન થાય છે. લગ્નરૂઢિના પ્રશ્નો પણ ચર્ચાય છે. અને એકબીજાના પ્રેમમાં તરફડતાં હૃદય પણ દેખાય છે. આ સિવાય મજૂરોની હડતાળ, મજૂરોને પ્રેમથી જીતવાના મૂડીદારોનાં સંતાનોના અજબ અને ઔદાર્યભર્યા પ્રયત્નો, ખૂન, બળાત્કાર અને સ્ત્રીશક્તિ વગેરે વગેરે ઘણા પ્રસંગો રોચક છે. 'અ-દ્રષ્ટા'

૩. ફિરેફની વાતો ભાગ ૩ જો—લેખકઃ શ્રી. રામનારાયણ વિ. પાઠક; પ્રકાશકઃ ધ ભદ્રાગુજરાત પબ્લિશિંગ કં. લિ., મુંબાઈ નં. ૧; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૧૬ + ૧૮૪; પાકું પૂઠું; કિં. ૧-૧૨-૦.

આ વાર્તાસંગ્રહમાં જાતીય ધનિષ્ટતા, જાતીય આકર્ષણ, માનવસુલભ ઈર્ષાળુતા, ધાર્મિક દરબ્બાને ઐહિક મહત્ત્વનું સાધન બનાવતાં નીપજતો વિનાશ ક્રોધાવેશ અને મેલી વિદ્યાનાં દુષ્પરિણામ ઈત્યાદિ જગતનાં અનિષ્ટ તત્ત્વોને વાર્તાનું વસ્તુ બનાવી તે પરથી સીધો કે આડકતરો બોધ મળે તેવી રીતે ગુંથાયલી ૧૩ વાતો સંધરીછે, જેમાંની ૪ વાતો આ સંગ્રહમાં પહેલવહેલી જ પ્રસિદ્ધ થાય છે. દરેક વાર્તાનું લાઈ લેખકે પોતે પ્રસ્તાવનામાં સમજાવેલું હોઈ વાતો વાંચતાં પહેલાં તેમ વાંચી ગયા પછી પ્રસ્તાવના વાંચી જવાની વાચકોને ભલામણ છે.

આ પહેલાં પ્રગટ થયેલા પ્રસ્તુત પુસ્તકના ૨ ભાગોની વાતો રસથી ભરપૂર છે ને લોકપ્રિય થયેલી છે; તેવીજ રીતે, આ ત્રીજો ભાગ પણ વાચકજનતાનો આદર મેળવશે એમાં શંકા નથી.

૪. લગ્નની બેડી—મૂળ મરાઠી લેખકઃ પ્રબોધ કેશવ બને; ભાષાંતરકારઃ બિપિન ઝવેરી અને કાન્તિ બરોડિયા; પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી એન્ડ કં. મુંબાઈ; ક્રાઉન ૧૬ પેજી પૃ. ૧૬+૧૭૬; પૂઠું કાર્ડ બોર્ડ પટ્ટીનું; કિં. રૂ. ૨-૦-૦.

આચાર્ય શ્રી. અત્રે મરાઠી સાહિત્યના એક વખણાયલા લેખક છે. નાટકો, લઘુકથાઓ તેમ જ દિર્ઘકથાઓની વિવિધ કૃતિઓથી મરાઠી વાચક તેમ પ્રેક્ષક આલમનો સારો મોટ તેઓ મેળવી રહ્યા છે. 'ધરબ્બાઈ' 'લપંડાવ' વગેરે ચિત્રપટો દ્વારા ગુજરાતી આલમને પણ તેઓ પરિચિત બનેલા છે. એવા એ સુપ્રસિદ્ધ મરાઠી લેખકની એક વખણાયલી નાટ્ય-કૃતિનો આ ગુજરાતી અનુવાદ છે. આ ત્રિઅંકી પ્રહસન દ્વારા લેખકે આપણી લગ્નપદ્ધતિમાંના

કેટલાક દોષોનું નિરૂપણ કરી ' પુરુષોની ભોગવાસના અને મોહ અનિવાર્ય હોઇ એમને લગ્નનું બંધન આવશ્યક છે ' તેમ જ ' પતિનું મન પ્રસન્ન રાખવા માટે સ્ત્રીઓએ પોતાના શૃંગારિક આકર્ષણની સંભાળ રાખવી જરૂરી છે ' એમ બતાવવા પ્રયત્ન કર્યો છે. પ્રહસન તરીકે કૃતિ સારી છે, પરંતુ નાટકનાં પરણેલાં તેમ નહિ પરણેલાં સ્ત્રીપુરુષોનાં પાત્રો એકબીજાને જોતાંવારમાં લટ્ટુ બની જઇ એકબીજાની પાછળ જે રીતે ભમતાં નેં પોતાના પરિણિત જીવનના ભાગીદારને બેવફા થતાં ચિતરવામાં આવ્યાં છે, તેમાં અતિશયોક્તિ તથા અવાસ્તવ્યતાનો ભાસ થયા વગર રહેતો નથી.

આ કૃતિ રૂપેરી પડદાને કદાચ વધારે બંધબેસતી થઇ પડે ખરી.

૫. **રક્ષાબંધન**—અનુવાદકઃ ચંદ્રકાંત કૂલચંદ શાહ; પ્રકાશકઃ સરસ્વતી બૂક ડેપો, સૂરત; ૧૬ પેજી પૃ. ૧૧+૧૨૪; પૂઠું કાર્ડ બોર્ડ પટ્ટીનું; કિં. ૧–૦–૦.

મૂળલેખક હરિકૃષ્ણ ' પ્રેમી 'ની કલમે લખાયેલ આ હિંદી નાટકની ગૂંથણી ચિતોડના રાણા સંગની રાણી કર્મવતીએ હુમાયુ બાદશાહને રાખડી મોકલી ચિતોડના રક્ષણાર્થે બહાદુરશાહની સામે લડવાને તેડાવેલો એ ઐતિહાસિક પ્રસંગ પર થયેલી છે પણ તે દ્વારા લેખકે હિંદુ–મુસ્લીમ એકતા તથા બંધુભાવની લાગણી ખીલવવાની જે ખૂબી વાપરી છે તે ખાસ વખાણ માગી લે છે. કૃતિ ખાસ પ્રચારપાત્ર છે. ના. નં.

૬. **કીર્તિસ્તંભ ભા. ૩ જો**—લખનારઃ શ્રી શામરાવ આગરકર; પ્રકાશકઃ ગાંડીવ બાલોદ્યાનમાળા–સૂરત. પૃષ્ઠ ૭૬. પૂઠું ગ્લેઝ કાગળનું સચિત્ર, કિં. ૦–૫–૦

ગાંડીવ બાલોદ્યાનમાળાની ચોથી માળાનું આ ૧૨ મું અને સળંગ ૭૨ મું પુસ્તક છે. આમાં મરાઠાવીરોની ૧૨ વાતો સંગ્રહાઇ છે. શિવાજી મહારાજ, મોરો પંત, મલ્હારરાવ હોલકર, બાજીરાવ રેટરેકર, રામદાસ સ્વામી, જીવાજી પંત, રામજી મહાદેવ, હીરાકણી, વેસાજી કંક, બાજીરાવ પેશ્વા વગેરે મહાનુભાવોની રસદાયક પ્રેરણાપ્રેરક વાતો છે. મરાઠા યુગનો ઇતિહાસ શીખતાં–શીખવતાં સૌ કોઇને મદદરૂપ થઇ પડે તેવું આ પુસ્તક છે. ગાંડીવ કાર્યાલયે ઇતિહાસની દુનિયામાં આ પુસ્તક પ્રસિદ્ધ કરીને બાળકોની અનેરી સેવા બજાવી છે.

૭. **હીરાકણી**—લખનારઃ ભાનુશંકર જોષી, પ્રકાશકઃ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૫૦, પૂઠું ગ્લેઝ કાગળનું, કિં. ૦–૪–૦, આવૃત્તિ ૧લી સચિત્ર.

ગાંડીવ બાલોદ્યાનમાળાની ચોથી માળાનું ૧૦ મું અને સળંગ ૭૦ મું પુસ્તક છે. આમાં અક્કલને વિકસાવે, ડહાપણને બહેલાવે અને શિખામણને સોહાવે એવી ત્રણ સુંદર વાર્તાઓ છે. એમાંની વાર્તાઓના ટૂંક સાર આ રહ્યાઃ—

(૧) ઉતાવળા સો બાવરા—એક રાજા હતો. એણે પોપટ પાળેલો. પોપટ જીવનું જોખમ વહોરીને ' અમર ફળ ' લઇ આવ્યો. રાજાએ એ ફળ વવરાવ્યું. તેને ફળ થયાં. એક ફળને ઝેરી નાગે ડોરેલું. એ ફળ માળી તોડી લાવ્યો. દરબારમાં કૂતરાંએ એને ખાધું. ખાતાં જ એ મરી ગયો. રાજાનો મિજાજ ગયો. એણે પોપટને મારી નંખાવ્યો. એક ચોતરો ચણી લખાવ્યું: ' નિમકહરામ દગાખોર પોપટ. ' ત્રણેક વરસ વીતી ગયાં. એક ડોસા-ડોસીને તકરાર થઇ. ડોસી મૃત્યુને શોધવા નીકળી. એણે પેલા ફળની વાત સાંભળેલી. મરવા માટે ફળ ખાતાં એ તો જુવાન યુવતી બની ગઇ. ગામમાં વાત ફેલાઇ ગઇ. રાજાએ તમામ રૈયતને એ ફળ ખવરાવ્યાં, પોતે પસ્તાવો કરીને અમર રહેવાનું મુનાસબ ન ગણ્યું. ચોતરો ચણાવી લખાવ્યું: ' ઉતાવળા સો બાવરા, ધીરા સો ગંભીર. ' . . .

(૨) અગમ બુદ્ધિ વાણીઆમાં—હેમચંદ ને ચતુરચંદ બે વાણિયા હતા. હેમચંદ પૈસાદાર અને ચતુરચંદ ગરીબ હતો. એક વખત ચતુરચંદે ' લક્ષ્મી ' મેળવવા લક્ષ્મીજીની પૂજા આદરી, લક્ષ્મીજી પ્રસન્ન થયાં. તેમણે પોતે ચતુરચંદને ઘેર વાસ કરવાનું વચન આપ્યું. ચતુરચંદે લક્ષ્મીજી પોતાને ઘેર જ રહે એવો પ્રયત્ન કર્યો...પોતે લક્ષ્મીજીને પોતાને ત્યાં રાહ જોતાં બેસાડ્યાં...પુત્રો સુખી થાય માટે પોતે ઘેર જ ન આવ્યો. કૂવામાં પડી આપઘાત કર્યો. ત્યારથી કહેવત નીકળી: ' અગમ બુદ્ધિ વાણીઆ. '

(૩) પુણ્યનાં મૂળ પાતાળમાં—એક કઠિયારો હતો. ખૂબ દયાળુ હતો. એને ત્યાંથી કોઇ જ ખાધાપીધા વિના પાછું ફરતું નહિ. એક વખત એણે બે મુસાફરોને ખવરાવ્યું. પોતે ભૂખ્યો સૂઇ રહ્યો. બીજે દિવસે એને એક કંદ મળ્યો. મહેનતનું ઝાડ મળ્યું. ધીમે ધીમે એ પૈસાદાર થયો. રાજાને કાને એ વાત પહોંચી. રાજાએ કઠિયારાના ઝાડને ખોદવા પ્રયત્ન કર્યો પણ તે ખોદાયું નહિ, ત્યારથી કહેવત પડી કે ' પુણ્યનાં મૂળ પાતાળમાં. "

ગાંડીવનાં ૧૯૪૧ ના પ્રકાશનમાં ' હીરાકણી ' શ્રેષ્ઠ છે.

૮ **પંચામૃત**—લખનારઃ ભાનુશંકર જોશી, પ્રકાશક અને કદ ઉપર પ્રમાણે. પૃ. ૭૦, પૂઠું ગ્લેઝ કાગળનું, કિં. ૦-૭-૦, આવૃત્તિ ૧લી, સચિત્ર.

' પંચામૃત ' નામ પ્રમાણે એમાં પાંચ બાબતો પીરસાઈ છેઃ કવિતા, વાર્તા, જીવનચરિત્ર, રમંત, સાચો કિસ્સો. આ લખાણો 'ગાંડીવ'માં પ્રકાશિત થયાં હોઇ તેનું પુસ્તક આકારે આ ચોથી માળાના ૧૪ મા અને સળંગ ૭૫ મા પુસ્તક તરીકે પ્રસિદ્ધિ પામે છે. **સોણલાં** સચિત્ર કવિતા છે. **વાર્તાઃ** મોટાઇની તકરાર. પૃથ્વી, સૂરજ, ચાંદો, વાયુ, વરસાદ, દરિયો સૌમાં મોટું કોણ એની રસમય ચર્ચા કરવામાં આવી છે. **જીવનચરિત્રઃ** ગણદેવીના કાનજી રઘનાથ ભરવાડ, બી. એ. એમનું સુંદર ઓળખાણ અપાયું છે. **જ્ઞાનરમતઃ** દિશા. ખૂણા વગેરેની રમતવાર્તા છે. **એક સાચો રમુજી કિસ્સોઃ** મોનોક્રા રાજ્યના કેદીની શિક્ષાનો સરસ કિસ્સો છે.

પુસ્તકનું નામ ' પંચામૃત ' આપ્યું છે. સ્વ. ગિજુભાઇની એક ચોપડીનું નામ પણ ' પંચામૃત ' છે. નામ પ્રમાણે ગુણ ધરાવતી આ નાનકડી ચોપડી ખરેખર સૌ બાળકોનું ધ્યાન ખેંચે એવી છે.

૯. **અમીઝરણાં**—લખનારઃ કસનજી મણિભાઇ દેશાઇ; પ્રકાશકઃ ઉપર પ્રમાણે. પૃ. ૩૬; પૂઠું ગ્લેઝ કાગળનું; કિં. ૦–૨–૦ આવૃત્તિ ૧લી.

ગાંડીવ બાલોદ્યાન માળાની ચોથી માળાનું ૧૮મું અને કુલ પુસ્તકોમાંનું ૬૮મું એ પુસ્તક છે. આમાં મહાન પુરુષોના જીવનના નાના નાના બનાવો લઈ તેની મહત્તા સાબીત કરી છે. પુસ્તકમાં કુલ ૧૨ પ્રસંગો છે. (બાપુ) મોહનદાસ કરમચંદ ગાંધી, નિમાઇ, અંબાલાલ સાકરલાલ દેસાઇ, શંકર પાંડુરંગ પંડિત, અહમદશાહ બાદશાહ, રામશાસ્ત્રી પ્રભુણે માહુલીકર, નરસૈંદ મહેતા, દાદાજી કાંડદેવ, ગોપાળ કૃષ્ણ ગોખલે, પ્રયાગ નારાયણ, રંગનાથ શાસ્ત્રી.

આ 'અમીઝરણાં'નું પાન સૌ કોઇને જ્ઞાનપ્રદ નીવડે તેમ છે.

ભાઇ નટવરભાઇ એકલી પરીકથાઓ પીરસવા પાછળ જ માત્ર શક્તિ ખર્ચતા નથી, એ આ પુસ્તક વાંચ્યા પછી વિદિત થાય છે. આનો ખૂબ પ્રચાર કરવા જેવો છે. મહાલ પુસ્તકાલય મંડળો જેઓ વિદ્યાર્થીઓની પરીક્ષા લે છે ત્યાં આ પુસ્તક પરીક્ષાપુસ્તક તરીકે રખાય તો સારું છે.

૧૦. **ગૂજરાતના ઇતિહાસની આરસી**—લખનાર : ખંડેરાવ માનાજી પવાર, પ્રકાશકઃ તથા કદ ઉપર પ્રમાણે. પૃ. ૪૦, પૂઠું ગ્લેઝ કાગળનું; કિં. ૦–૪–૦.

આ ગાંડીવ બાલોદ્યાનમાળાનું ચોથી શ્રેણીનું ૧૯ મું અને સળંગ ૭૯ મું પુસ્તક છે.

આમાં ગુજરાતના ઇતિહાસના ૧૫ પ્રસંગો લઇને તે કાવ્યરૂપે ઉતાર્યા છે. કાકુને ઠપકો, વનરાજ, શ્રીદેવી, ચેાગરાજ, સામંતસિંહની ધોડી, દારડિયો સામંતસિંહ, મૂળરાજ, મીનળદેવી, સિદ્ધરાજનો ન્યાય, કુમારપાળ, વસ્તુપાળ, કરણ.

કવિતાના છંદો સરળ અને સમજાય એવા હોઇને બાળકોને વાંચવા ગમે તેવા છે.

૧૧. **નીલમ** ભા. ૨—પ્રયોજકઃ 'અનંત', પ્રકાશકઃ તથા કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૫૨, પૂઠું જાડા કાગળનું, સચિત્ર કિં. ૦–૪–૦.

આ ગાંડીવ બાલોદ્યાનમાળાનું–ત્રીજી માળાનું ૧૨ મું પુસ્તક અને કુલ પુસ્તકોમાં ૬૨ મું પુસ્તક છે. એમાં 'કાજળરેખા' અને 'રાણીનો મુગટ' બે વાર્તાઓ અપાઇ છે.

પહેલી વાર્તા કંઇક આવી છે—હીરાધર અને ચંદ્રધર નામે બે સોદાગર હતા. હીરાધરને રત્નેશ્વર નામે પુત્ર અને ચંદ્રધરને કાજળરેખા નામે પુત્રી હતી. એક સાધુ આવ્યો, સાધુ કહે 'છોકરો ૧૨ વરસ જીવશે; ને કાજળરેખા પરણતાં જ રાંડશે.' બંને છોકરાંને જંગલમાં મૂકી આવ્યા. કેટલાંય દુઃખો પડયા પછી બંને છોકરાં ઘેર આવ્યાં. ત્યાં એમનાં લગ્ન થયાં.

અને (૨) 'રાણીનો મુગટ'માં–એક રાજા હતો. તેણે દરબાર ભર્યો. દરબારમાં એક ખંડિયો ગભરુગઢનો રાજા ગેરહાજર રહેતો. એની રાણી મુગટલક્ષ્મીનું વ્રત કરતી હતી. રાજાને એ ન ગમ્યું. એણે 'મુગટલક્ષ્મીનું વ્રત' તોડાવવા પ્રયત્ન કર્યો. વ્રત તોડાવવા જતાં રાજા અને તેનું કુટુંબ કેવું દુઃખી થાય છે તેનું સુંદર વર્ણન કર્યું છે. 'નીલમ' ખરેખર બાળકોને ગમે એવી સુંદર પુસ્તિકા છે.

૧૨. અકુલ ભા. ૨—પ્રયોજક: ' અનંત ' પ્રકાશક ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૫૬. પૂ હું જાડા કાગળનું સચિત્ર. કિં. ૦ ૬–૦, આવૃત્તિ ૧લી.

આ ગાંડીવ બાલોદ્યાન માળાનું ત્રીજી માળાનું ૬ ઠું પુસ્તક છે. આમાં બે સુંદર વાર્તાઓ અપાઇ છે: (૧) પરીકન્યા (૨) રૂપાં માશી.

પરીકન્યા—એક રાજા હતો. રાજા વૃદ્ધ થયો. એણે પોતાના પુત્રને ધનભંડાર સોંપી દીધો. ભંડાર ખોલતાં જ એક હાથીદાંતની પટ્ટી ઉપર સોનાના તાર વડે આંકેલું એક છોકરીનું ચિત્ર જોયું. છોકરો ચિત્રવાળી છોકરીને મેળવવા આતુર થયો. એને મેળવવા એણે જે જે પ્રયત્નો કર્યા તેનું સુંદર કલ્પનાભર્યું આમાં વર્ણન છે.

રૂપાં માશી—એક રાજા હતો. એને છોકરાં નહિ. મહાપ્રયત્ને નાની રાણીને છોકરી થઇ. બીજી રાણીએ છોકરીને ઠેકાણે બિલાડીનું બચ્ચું મૂકી દીધું. છોકરીને પિત્તળના હાંડામાં પૂરી નદીમાં તરતી મૂકી દીધી. નદીકાંઠે એક ઝાડ ઉપર રહે એક સમડી. એનું નામ રૂપાં માશી. રૂપાં માશીના રક્ષણ હેઠળ છોકરી મોટી થાય છે. છેવટે રાજકન્યારૂપે રાજમહેલમાં પહોંચે છે. વગેરે બીના રસિક રીતે સમજાવી છે. 'અકુલ' બાળકોને ગમશે. પણ 'પરીકથા'નું સામ્રાજ્ય વધુ ન જમે એ ઇચ્છવા યોગ્ય છે.

૧૩. ગાંડીવ બાલોદ્યાનમાળા—પુસ્તક, ૫૬, ૬૨, ૬૫, ૭૦, ૭૨, ૭૪, ૭૫, ૭૮, ૭૬.

ઉપરનાં નવેય પુસ્તકોના કાગળો, છાપકામ અને બાંધણી નમૂનેદાર છે. કિંમત જોતાં સસ્તાં પણ છે. બાળકો માટે પીરસાતાં પુસ્તકોમાં ' ગાંડીવ 'નાં પ્રકાશનો ધ્યાન ખેંચે એવાં હોય છે. છતાં એમાંથી પરીકથા, કલ્પનાના ઘોડાની વાર્તા ઓછી થઇ ' અમીઝરણાં ' કે ' આરસી ' જેવું સાહિત્ય વધુ પીરસાય એ ઇચ્છવા યોગ્ય છે.

૧૪. એક હતો રાજા ભાગ ૧—લખનાર, ' પારમલ '; પ્રકાશક, તથા કદ ઉપર પ્રમાણે. પૃ. ૧૫ ચોથી માળાનું પુ ૫ પૃ. ૪૨, પૂ હું ગ્લેઝ કાગળનું. કિં. ૦–૩–૦.

એક વાદી હતો. તે બિલાડીનો ખેલ કરાવતો હતો. બિલાડીની ચાલાકીની વાત રાજનગરના રાજા પાસે ગઇ. રાજાને કૂતરા કાગડાના ખેલ ખૂબ ગમે. રાજાએ બિલાડીનો ખેલ જોયો. તે બિલાડી ઉપર મોહી પડ્યો. એણે બિલાડી માગી. વાદીએ ઊંચા પરાણે આપી. કોઇથી બિલાડી કહેવાય નહિ. ' મીની રાણી ' કહેવું પડે. રાણી ન કહે તેને જેલમાં જવું પડે. મીની રાણીની તબિયત બગડી, રાજા ગાંડોતૂર થઇ ગયો. મોટા મોટા ડાક્ટર વૈદ્યો બોલાવ્યા. મીનીરાણી માટે વિમાનમાં ચિકાગોથી ડૉક્ટરને બોલાવરાવવા પ્રયત્ન કર્યો. પણ વિમાન ઉપડતાં પહેલાં જ મીની રાણી મૃત્યુ પામ્યાં. એને માટે સોનાની હાડી બંધાવી તેમાં મશરૂ પથરાવી રાજાએ જનામી જાતે ઉપાડી. ચંદનની ચેહ ખડકી. પાડોશનો રાજા જયસિંહ ફરતો ફરતો ત્યાં આવ્યો. ' કોલ ' ફરતા હતા ત્યાં ગયો; તો જાણ્યું કે સાત દિવસની હડતાલ છે. કારણ પૂછતાં જણાયું કે ' મીની રાણી ' મૃત્યુ પામ્યાં છે. છાપામાં છપાયું 'સ્વ. મીની રાણીનું મૃત્યુ.' રાજા મહારાજા* અને ખુદ વાઇસરોયે પણ શોકદર્શક 'તાર'

કર્યો. રાજા સાથે વાત કરવાની ઢબ પણ વિચિત્ર. જે વાત કરવી હોય તે સંગીત ગાઇને કહેવી પડે. એક વખત ઘાસના તબેલામાં આગ લાગી. તે વાત કહેવા ગાડીવાને અનેક આલાપ મારી આ...ગ...લા...ગી... એમ જાહેર કર્યું. વખત જવાથી ભારે નુકસાન થયું.

એક વખત લડાઇમાં પણ એવીજ રીતે સંગીત ગાતાં ગાતાં લડાઈ કરવાથી–ગધેડાની પેઠે આલાપતાં માર ખાવો પડયો. વગેરે હાસ્યજનક વસ્તુ સંગ્રહાયું છે.

૧૫. એક હતો રાજા ભા. ૨—પ્રકાશકઃ ઉપર પ્રમાણે. પૃ. ૬૬, પૂઠું જાડા કાગળનું, કિં. ૦–૮–૦, આવૃત્તિ ૧ લી.

ગાંડીવ બાલોદ્યાન માળાનું ચોથી માળાનું ૧૪ મું અને સળંગ ૭૪ મું પુસ્તક છે. આમાં બે વાર્તાઓ છે. બંને ' ગાંડીવ ' પખવાડિકમાં પ્રગટ થઇ ચૂકેલી છેઃ (૧) એક રાજા હતો. એક વખત બધા દરબારીઓ મૂગા મૂગા જેવા હતા. તે વારે રાજાએ ખૂબ મારી ' વજીર ! ' વજીરે ખૂબ મારી ' દરવાન !' દરવાને તળાવમાંથી એક કાળુ માછલી આણી રાજાને વાંસે વળગાડી. વજીરે રાજાને વાંસે ખંજવાળવા માંડયુ. થોડી વારે ખંજવાળવાનું બંધ કરી દરવાન માછલી લઇ પાછો ફર્યો. માછલી તળાવમાં મૂકી આવ્યો. રાજાનો પિત્તો ખસ્યો. એણે વજીરને ગરદન મારવાની શિક્ષા ફરમાવી. પછી ગરદન કેમ મારવાનો છે તેનું કારણ રાજાએ વજીરને પૂછ્યું. વજીરે કંઈજ જવાબ દીધો નહિ. એણે કહ્યું: કોરણ જાણવાનું કામ કોટવાળનું છે. કોટવાળ કંઇ સમજ્યો નહિ. ' કારણ ' શોધવા ઈનામ કઢાયું.

એક છોકરાએ રાજાના ' કારણ 'નો ઉકેલ આણ્યો. વગેરે.....કલ્પનામિશ્રિત રાજાજીની વાર્તા જોડી છે, બાળકોને રસપૂર્વક વાંચવી ગમશે.

બીજી વાર્તામાં પણ એવો જ એક રાજાની વાત છે. એ રાજા ઉપર બીજો રાજા ચઢાઇ કરવા આવે છે. પ્રધાન રાજાને પૂછે છે શું કરવું ? રાજા જવાબ વાળે છે ' રિવાજ પ્રમાણે કરો. '... . રાજા વેશપલટો કરી પ્રજાની સ્થિતિ જોવા નગરચર્યાએ નીકળે છે. રાજા ડોશીના ઝૂંપડામાં રહે છે. પ્રજાને રાજકારભાર સોંપી દે છે.

પહેલી કરતાં બીજી વાર્તાનું વસ્તુ સંસ્કારપૂરક જણાય છે.

ગમ્મત સાથે જ્ઞાન આપે એવી બંને વાર્તાઓ છે.

' દ્રષ્ટા '

૧૬. મુઘલ રાજ્યવહીવટ—અનુવાદકઃ શ્રી. રામલાલ ચુનીલાલ મોદી, પ્રકાશકઃ ગુજરાત વર્નાકયુલર સોસાઇટિ; અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૦+૧૦૯, સાદુ પૂઠું, મૂલ્ય ૦–૮–૦ ૧૯૪૨.

આજે જ્યારે હિંદભરમાં રાજદ્વારી હિલચાલ એ આમજનતાના પણ પ્રશ્નરૂપ થઇ પડી છે તેવે વખતે રાજદ્વારી પ્રવૃત્તિઓમાં રસ લેનાર માટે મુઘલ-કાળના રાજબંધારણને લગતું આ પુસ્તક આવકારદાયક થઈ પડશે. તેમાં પણ પ્રો. જદુનાથ સરકાર સરખા ઇતિહાસકાર અને સંશોધનકારની કલમે તૈયાર થયેલ આ પુસ્તક તત્કાલીન રાજવહીવટ કેવો હતો તેનો તુલનાત્મક અભ્યાસ કરવા માટે સરસ સાધનરૂપ છે.

મુઘલાઇ રાજ્યધારણમાં કયા કયા ખાતાના હોદ્દેદારોની શી પદવીઓ હતી અને આજે આપણે ત્યાં પ્રચલિત કેટલાંક એવાં નામો શામાંથી ઊતરી આવ્યાં છે તે, તથા રાજ્યધારણ અંગેના કરવેરાઓ, લાગાઓ, તેમ જ સામાજિક કાયદાઓ વગેરે આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે. છેલ્લે લેખકે મુઘલાઇના પતનનાં મૂળભૂત કારણો આપ્યાં છે. તેમાં ઔરંગઝેબની ધર્માંધતા અગ્રસ્થાને હોવાનું જણાઇ આવે છે. ઇતિહાસ અને રાજ્યધારણના જિજ્ઞાસુઓને આ પુસ્તક ઠીક ઉપયોગી થઇ પડે તેવું છે.

૧૭. ગુજરાતી સ્ત્રીઓની શારીરિક સંપત્તિ—લેખકઃ શ્રી. રમણીકલાલ મણિલાલ દેસાઈ, પ્રકાશક-કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૫૧, સાદુ પૂઠું, મૂલ્ય ૦-૩-૦.

ગુ. વ. સોસાઇટિને શ્રી. પ્રાગજી દયાળ હરિયાણી તરફથી મળેલા ટ્રસ્ટની આવકમાંથી દર વર્ષે સ્ત્રીઓના પ્રશ્નોને લગતા વિષયો ચર્ચતા નિબંધો મંગાવી તેમાંના શ્રેષ્ઠને પસંદ કરી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તદનુસાર આ વર્ષે "ગુજરાતી સ્ત્રીઓની શારીરિક સંપત્તિ" એ વિષયનો આ નિબંધ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. લેખકે, હિંદના ઇતર પ્રાંતોની સ્ત્રીઓની શારીરિક સ્થિતિનો ખ્યાલ આપી તેની સાથે ગુજરાતની સ્ત્રીની શારીરિક સ્થિતિની તુલના રજૂ કરી છે. સાથે સાથે પરદેશની સ્ત્રીઓની સ્થિતિ પણ જણાવી ગુજરાતી સ્ત્રીઓના ત્રણ વિભાગ ધનવાન, મધ્યમ અને ગરીબ વર્ગની સ્ત્રીઓના શારીરિક સ્વાસ્થ્યનો ખ્યાલ આપ્યો છે. વળી સ્ત્રીઓની દુર્બળતાનાં કારણો પણ આપી તેમની તંદુરસ્તી સુધારવાના કેટલાક ઉપાયો પણ આ પુસ્તિકામાં સૂચવ્યા છે.

૧૮. કેનોપનિષદ્—અનુવાદકઃ મણિલાલ છગનલાલ ભટ્ટ, પ્રકાશક અને કદ ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૭૪, સાદુ પૂઠું, મૂલ્ય ૦-૮-૦.

સ્વામીશ્રી વિરક્તાનંદ ગોવિંદજી ગ્રંથમાળાના ત્રીજા પુસ્તક તરીકે આ કેનોપનિષદ્ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. આ અગાઉ એ ગ્રંથમાળામાં હિંદુ તત્ત્વજ્ઞાનવિષયક બાર ઉપનિષદો પૈકી મુંડકોપનિષદ્ અને પ્રશ્નોપનિષદ પ્રસિદ્ધ થઇ ગયાં છે. ઉપનિષદ્જ્ઞાનના જિજ્ઞાસુઓને સમજવો સુલભ થાય તેવો આ વિવેચનાત્મક અનુવાદ છે. માત્ર અધ્યાત્મજ્ઞાનના ઉપાસકોને જ એ ઉપયોગી થઇ પડશે. એટલે કરણા પુસ્તકાલયો આ પુસ્તક વસાવે એ વધુ ઇષ્ટ છે.

૧૯. ખેડૂતનો શિકારી અને મધ્યમસરની ચાલ—લેખકઃ શ્રી. જગતરામ દવે, પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૫૬, સાદું ભાવવાહી સચિત્ર પૂઠું, મૂલ્ય ૦-૪-૦.

નવજીવન પ્રકાશન મંદિર તરફથી આપણા સાહિત્યમાં જે ઉત્કૃષ્ટ ફાળો આપણને મળી રહ્યો છે તેમાં ગ્રામોપયોગી સાહિત્ય ખાસ ધ્યાન ખેંચે છે. લેખકે બે મદ્યનિષેધ નાટકો ગામડામાં પ્રચલિત બે બદીનો હૂબહૂ ચિતાર આપતાં આ પુસ્તકમાં રજૂ કર્યાં છે. ગામડાનો ઓછું ભણેલ આદમી પણ સમજી શકે તેવી સરળ સુગમ્ય શૈલીમાં લખાયેલાં આ નાટકો શાળાનાં વિદ્યાર્થીઓ ભજવી ગ્રામજનતાની આ બદીને દૂર કરવામાં સહાયરૂપ થઇ પડે તેવાં છે. સર-અવસરે ભજવાતા સંવાદોમાં શાળાશિક્ષકો આ નાટકોને જરૂર સ્થાન આપી શકે. પુસ્તકાલયો અચૂક આ પુસ્તક વસાવી લે.

૨૦ સુદામાજીના કેદારા—સંપાદકઃ શ્રી. મગનભાઇ પ્રભુદાસ દેસાઇ; પ્રકાશકઃ ઉપર પ્રમાણે. ફુલ્સકેપ સોળપેજી કદનાં, પૃષ્ઠ ૨૮, સાદુ પૂઠું, મૂલ્ય દોઢ આનો.

માધ્યમિક શાળામાં ગુજરાતીના અભ્યાસક્રમમાં ઉપયોગી થઇ પડે તેવું પ્રેમાનંદરચિત સુદામાચરિત ગૂજરાત વિદ્યાપીઠ તરફથી સંશોધનપૂર્વક આ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવેલું. તે સાથે, નરસિંહ મહેતાનું રચેલું સુદામાચરિત પણ કાવ્યદોહન પરથી આપવામાં આવેલું. પરંતુ તે પછી સંપાદકને બેતર ચાર હાથપ્રતો મળી આવતાં તેના પરથી નવેસર સંશોધનપૂર્વક આ નરસિંહકૃત સુદામાચરિત–સુદામાજીના કેદારા–પ્રકટ કર્યું છે. માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને ગુજરાતીના અભ્યાસક્રમમાં એ કીક દામ લાગે તેવું–અભ્યાસની તુલનાત્મક દૃષ્ટિ આપે તેવું છે.

૨૧. વડોદરાનો રાજ્યવહીવટ—લેખકઃ શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ; પ્રકાશકઃ શ્રી સયાજી ગ્રામવિકાસમાળા–વડોદરા. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૬+૧૧૧, આર્ટ પેપરનું સચિત્ર પૂઠું, મૂલ્ય ૦–૪–૬

શ્રીમંત સરકાર તરફથી રાજ્યના ગ્રામજીવનના પ્રશ્નો સમજવતી સાદી ભાષામાં પુસ્તિકાઓ પ્રકટ કરવા માટે ખીરક નિધિમાંથી દર વર્ષ રૂા. ૧૦૦૦ ખર્ચવા મંજૂર કરેલા તેના દ્વારા શ્રી સયાજી ગ્રામવિકાસમાળા શરૂ કરવામાં આવી છે તેના પ્રથમ પુષ્પ તરીકે આ પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. પુસ્તકના લેખક શ્રી. રમણલાલ વ. દેસાઇ રાજ્યના રાજ્યધારણના અચ્છા જાણકાર હોઇ તેમણે ગ્રામપ્રજા સમજી શકે તેવી સરળ ભાષામાં, જાણે ઘરમાં બેઠાં બેઠાં વાતચીતરૂપે આપણા રાજ્યનું બંધારણ સમજાવ્યું છે. વડોદરા રાજ્યનું બંધારણ ગ્રામપ્રજાને સમજવું સુલભ થાય તેવું આ પુસ્તક છે. છતાં એને વાંચી સમજવા માટે કેટલુંક અનિવાર્ય જ્ઞાન તો આવશ્યક છે જ. પુસ્તક સાથે આપેલું વૃક્ષફલક રાજ્યતંત્રના મોટામાં મોટા અમલદાર, ખુદ શ્રીમંતથી શરૂ થતા કારોબારથી લઇને રાજ્યના નાનામાં નાના નોકરો કયા ખાતામાં કયા પદ પર હોય છે તે સમજાવી વધુ સ્પષ્ટતા કરે છે.

૨૨. પણ સરકારે લોકો માટે શું કર્યું ?—લેખકઃ શ્રી. રમેશનાથ રંભનાથ ગૌતમ, પ્રકાશક કદ પૂઠું ઉપર પ્રમાણે. મૂલ્ય ૦–૨–૬.

આ પુસ્તકમાં લેખકે શ્રીમંત સરકારે રાજ્યની પ્રજાના હિતસાધન અર્થે શાં શાં પગલાં લીધાં છે તેનું ગામડે વસતી જનતાને જ્ઞાન કરાવવા વાર્તારૂપ માહિતી આપી છે. પુસ્તકમાં મુખ્યત્વે કેળવણી, લોકહિતકારી કાયદા–કાનૂનો, તેમ જ સરકારે ખેડૂતો અને ગામડાંના હિતાર્થે પણ શું શું કર્યું છે તેનો ખ્યાલ આપેલ છે.

૨૩. કેવાદાર ખેડૂત—લેખકઃ શ્રી. મણિલાલ દિરાભાઇ શાહ; પ્રકાશક, કદ, પૂઠું ઉપર પ્રમાણે. પૃષ્ઠ ૮૮, મૂલ્ય ૦–૩–૦.

આ પુસ્તકમાં પણ ઉપર જણાવેલી યોજના મુજબ અને સરળ ભાષાશૈલીમાં સંવાદાત્મક રીતે ખેડૂતોનાં કેટલાંક પ્રશ્નની છણાવટ કરી છે. રાજ્યનાં ગામડાંના આર્થિક પ્રશ્નો

સમજવામાં એ ગામડે વસતી પ્રજા આ પુસ્તકમાં આપેલી વિગતો સમજી દેવાંનો વિચાર કરે એ જરૂરી છે.

શ્રીમંત સરકારે ગ્રામજનતાના પ્રશ્નોની છણાવટ કરતું આવું સાહિત્ય પ્રકટ કરવાની જે યોજના ઘડી છે તેને અમે આવકારીએ છીએ અને સયાજી સાહિત્યમાળા અને બાલજ્ઞાનમાળાની માફક આ સયાજી ગ્રામ વિકાસમાળા રાજ્યનાં ગામડાંના પ્રશ્નોની છણાવટ કરી એમની ઉન્નતિસાધક નીવડે એમ ઇચ્છીએ છીએ.

મણિલાલ પ્ર. વ્યાસ

સામયિકો

નવચેતન–જુલાઈ–ઑગસ્ટ '૪૨—તંત્રીઃ શ્રી. ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશી; કોઠી પાસે, વડોદરા. વાર્ષિક લવાજમ રૂા. ૬–૬–૦.

છેલ્લાં એકવીસ વર્ષ થયાં ' નવચેતન " માસિક આપણાં ગુજરાતી માસિકોમાં હમેશાં મોખરે રહ્યું છે. એમાં આવતા સાહિત્ય અને કલાના લેખો તેમ જ કલાત્મક ચિત્રો ગુજરાતી સાહિત્યમાં રસ લેતી તમામ પ્રજાનું એકધારું આકર્ષણ બની રહેલ છે.

આ અંકથી " નવચેતન " ગુજરાતમાંથી–વડોદરાથી–પ્રસિદ્ધ થાય છે, એ આનંદનો વિષય બને છે ત્યારે, આજ અંકમાં તંત્રી એની આર્થિક વિટંબણાઓ પહેલા જ પાને રજૂ કરે છે. આવા સારા માસિકને નિત્યવિકસિત રાખવા માટે કેટલા જર અને જહેમતનો વ્યય થતો હશે એ સામાન્ય વાચકને ન પણ સમજાય. છતાં એ અનેક આર્થિક આંધીઓમાંથી પસાર થતું નવ–ચેતનવંત જ રહ્યા કર્યું છે, એ ગુજરાતી સાહિત્યરસિક જનતાનું સદ્‌ભાગ્ય જ છે. આ અંકે તંત્રી એને નિત્યવિકસિત અને ઉત્તરોત્તર સાહિત્યકલાસમૃદ્ધ રાખવા માટે બીજું કંઈ નહિ તો નવા ગ્રાહકો માટે માગણી કરે છે. પુસ્તકાલયો, બીજું કચરા જેવું સાહિત્ય પોતાને ત્યાં આવતું અટકાવી આવા સુચારુ સાહિત્યિક માસિકને જરૂર અપનાવે. અને એના ગ્રાહક નોંધાઈ જાય. દૂર પડેલા આપણા આ માન્ય મહેમાનની આપણે આંગણેની આટલી અભિપ્સા "નવચેતન"ના ગ્રાહક થઈને જરૂર પૂરી પાડે.

આ અંકમાં આપેલા લેખોમાં કાન્તિલાલ છગનલાલ પંડ્યાનો રસોઈનાં મૂળતત્ત્વોવાળો લેખ આપણા પાકશાસ્ત્રની શાસ્ત્રીયતા પર ઠીક પ્રકાશ પાથરે છે, જ્યારે " આર્થિક જાપાન " વાળા લેખમાં શ્રી. સંપટનો જાપાનની આર્થિક પરિસ્થિતિનો આપણને ઠીકઠીક ખ્યાલ આપે છે. ચિરદાગ્યેાને લગતો વિવેચનાત્મક લેખ અને પ્રાચીન હિંદમાં ચિત્રપ્રિયતા એ બધા લેખો ખાસ વાંચી જવા જેવા છે.

રાજ્યનાં પુસ્તકાલયો પોતાની સ્થિતિનુસાર એ માસિકના ગ્રાહક થઈ સાહિત્ય–કલાજ્ઞાનનો સારો લાભ પ્રાપ્ત કરે.

મ. પ્ર. વ્યાસ



૧ નવજીવન પ્રકાશન મંદિર-અમદાવાદનાં પુસ્તકો

૧ સર્વોદયની જીવનકળા—અનુ: શ્રી. ગોપાલદાસ જીવાભાઇ પટેલ, મૂલ્ય રૂ. ૨–૦–૦

૨ હિંદુ જીવનદર્શન—મૂળલેખક: સર રાધાકૃષ્ણન્, અનુવાદક: શ્રી. ચંદ્રશંકર પ્રા. શુકલ, મૂલ્ય રૂા. ૯–૧૦–૦.

૩ સ્વરાજ્યશાસ્ત્ર—લેખક: શ્રી. વિનોબા ભાવે, મૂલ્ય ૦–૬–૦

૪ ઉર્દૂ લિપિશિક્ષિકા—લેખકો: શ્રી. હંસરાજ જૈન અને શ્રી. ગિરિરાજ કિશોર, મૂલ્ય રૂા. ૯–૭–૦.

૫ મુહામાળાના કેદારા—સંપાદક: શ્રી. મગનભાઇ પ્ર. દેસાઇ, મૂલ્ય રૂા. ૦–૧–૬

૬ બેડૂતનો શિકારી અને મધ્યમસરની ચાલ—લેખક: શ્રી. જુગતરામ દવે, મૂલ્ય રૂા. ૦–૪–૬.

૨ શ્રી સયાજી ગ્રામ વિકાસ માળા-વડોદરાનાં પુસ્તકો

૭ વડોદરાનો રાજ્યવહીવટ—લેખક: શ્રી. રમણલાલ વ. દેસાઇ, મૂલ્ય રૂા. ૦–૪–૬.

૮ સરકારે લોકો માટે શું કર્યું ?—લેખક: શ્રી. રમેશનાથ રંગનાથ ગૌતમ, મૂલ્ય રૂા. ૦–૨–૬.

૯ દેવાદાર બેડૂત—લેખક: શ્રી. મણિલાલ હિરાલાલ શાહ, મૂલ્ય રૂા. ૦–૩–૦.

૩ જીવનલાલ એન્ડ સન્સ-અમદાવાદ તરફનાં પુસ્તકો

૧૦ કોનો વાંક ? (પાંચમી આવૃત્તિ)—લેખક: શ્રી. કનૈયાલાલ માણેકલાલ મુનશી, મૂલ્ય રૂા. અઢી.

૧૧ અણહીલવાડનો યુવરાજ-ભા.૧, ૨—લેખક: શ્રી. ભગવાનદાસ સાહિત્યવિલાસી, મૂલ્ય બન્ને ભાગના રૂ. ૪–૮–૦.

૪ અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૧૨ સમાજનાં મૂળ—લેખક: શ્રી વ્યોમેશચંદ્ર પાઠકજી, પ્રકાશક: યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા, સૂરત; મૂલ્ય રૂા. ૧–૧–૦.

૧૩ બાળકોની તંદુરસ્તી—લેખક અને પ્રકાશક: શ્રી. મગનલાલ ભાઈશંકર શાસ્ત્રી, પેટલાદ મૂલ્ય રૂા. ૧–૪–૦.

૧૪ યોગાનુભવ સુખસાગર—લેખક: શ્રી. આચાર્ય ઋદ્ધિસાગર સૂરિ, પ્રકાશક: જૈન જ્ઞાન મંદિર, વિજાપુર. મૂલ્ય રૂા. ૧–૪–૦.

૧૫ વડોદરા રાજ્યની વસતિગણતરી—સન ૧૯૪૧ સંપાદક: શ્રી. સત્યવ્રત મુકરજી, પ્રકાશક: પ્રકાશન અમલદાર, વડોદરા રાજ્ય. મૂલ્ય રૂા. ૧ ૬–૦.



કુમાર : જુલાઇ : ૪૨

ઍલન ઑક્ટેવિયન હ્યુમ— સમસ્ત હિંદનું પ્રતિનિધિત્વ ધરાવતી રાજદ્વારી સંસ્થા હિન્દી રાષ્ટ્રીય મહાસભાના સ્થાપકનું આ જીવન-ચરિત્ર છે. પૂરો પાંચ હાથ ઊંચો, સાગરના સોટા જેવો સીધો, ભવ્ય, ભાલપ્રદેશ નીચે ઝીણી આસમાની આંખો ને સુંવાળી દાઢી મૂછવાળોઃ એવા આ મહાપુરુષમાં માનવતા નીતરતી હતી. માત્ર પુરુષોત્તમોમાં જ મળતી ભવ્ય સાદાઇની એ મૂર્તિ હતા. એનામાં વ્યવહારૂ ડહાપણ સાથે પૌર્વાત્ય આધ્યાત્મિક અને માનવ-પ્રેમનો સુંદર સહયોગ સધાયેલો હતો.

પુરાતન મિસરની તવારીખ : જેને આંગણે આજે કાળના તાંડવ સમુ યુદ્ધ ખેલાઇ રહ્યું છે એ મિસર દેશે આજથી પાંચ હજાર વર્ષ પૂર્વે જે સંસ્કૃતિ અને કળાલક્ષ્મી સર્જી હતી તેથી આપણે બહુ જ ઓછા જાણકાર છીએ. એ સમયની ઊડતી ઇતિહાસનોંધ તથા તેની કળાનો પરિચય આ લેખમાં છે.

ભૂતકાળની શોધમાં : કચ્છના રણ-પ્રદેશ પર જ્યાં એક કાળે સાગર ઘૂઘવતો હતો તેના અવશિષ્ટ મોટા ને ખંડિયેર બંદરોની ભાળ કાઢવા લેખકે કરેલા પગપાળા પ્રવાસનું વર્ણન આ લેખમાં છે.

ઊર્મિ અને નવરચના : જુલાઇ : ૪૨

પ્રકાશને પામનાર : ફ્રિલ્ડીંગ હૉલ કૃત " ધી સોલ ઑફ એ પીપલ "નું બીજું પ્રકરણ આ લેખમાં રજૂ કર્યું છે. એમાં ભગવાન બુદ્ધની જીવનઝરમર આપવામાં આવી છે. લેખકે આ, જીવન પુસ્તકો પરથી તારવીને નહિ પણ જીવન્ત વર્તમાનકાળની વાસ્તવિકતાઓમાંથી લીધેલું છે.

સંત જેગિંયાહ : સૈકાઓ પહેલાં એ એક ગામડાના પાદરીને ત્યાં જન્મ્યો હતો. તેનો પિતા એને પણ એક પાદરી બનાવવા ઇચ્છતો હતો. એણે માનવજાતને ભરખી જનારાં યુદ્ધો સામે આખર સુધી ઝૂઝી શાંતિના દૂતનું બિરદ પ્રાપ્ત કર્યું હતું.

શુભ્રસુન્દરી : ઑગસ્ટ : '૪૨

શ્રી. શારદાબહેન મહેતા : જાણીતાં લોકસેવિકા અને બીજો માટેની ઉચ્ચ કેળવણીનાં હિમાયતી શ્રી. શારદાબહેન જેઓ કર્વે વિદ્યાપીઠનાં વાઇસ ચેન્સેલર નિમાયાં છે તેમની આ લેખમાં સંક્ષિપ્ત સેવારેખાઓ આપવામાં આવી છે. જીવનીકાર કહે છે:—

" તેમની અથાગ કાર્યશક્તિ વડે જ નહિ પરંતુ તેમના ઉમંગી સ્વભાવ વડે આજે તેમણે અનેકને આકર્ષ્યાં છે. સ્વાભાવિક નિરાડંબરતા અને નિખાલસ હૃદય વડે એ સૌમ્ય મૂર્તિએ અનેકને જીત્યાં છે. વિચારોના ગમે તેવા મતભેદ હોય છતાં તેમણે કોઇ દિવસ ઉંચા અવાજે અક્ષર કાઢ્યો નથી. ઉલટું પોતાનું દૃષ્ટિબિંદુ નમ્રતાથી મૂકીને સામા પક્ષવાળાને હસતાં હસતાં હરાવવાની કળા તેમણે હસ્તગત કરી છે. "

સંતાનોત્પત્તિ અને બાળઉછેર વિષે આપણી મનોદશા : આ લેખમાં ઉપર્યુક્ત વિષયનો બીજો હપ્તો આગળ ચાલે છે, જેમાં બાળકોના શીતળા, તેના દાંત આવવા, બાળકોને આપવામાં આવતી દૂધની પ્રથા વગેરે બાળકને ધોડિયામાં સુવાડવાની પ્રથાનો વિરોધ દર્શાવ્યો છે.

ચિત્રમય જગત : ઑગસ્ટ : '૪૨

સંચય : જાણવા જેવી જુદાં જુદાં સામયિકોમાં આવેલી અતિઉપયોગી જેવી હકીકતો આ લેખમાં છે. આ અંકના સામયિક દોહન વિભાગમાં આપેલો લેખ " વિલાસિતા—એક ભયંકર રોગ " પણ એમાં છે. નવું નવું જાણવાની જિજ્ઞાસાવાળાએ એ લેખ ખાસ વાંચવા જેવો છે.

ભારતીય રાજ્યક્રાંતિનો અંતિમ ઇતિહાસ : હિંદુસ્તાનમાં ગાંધીજીએ ઉપાડેલી વિશાળ પાયા પરની રાજકીય હિલચાલના હાલના સંજોગો અને રાજદ્વારી પરિસ્થિતિની ઝલક આપતા આ લેખમાં, મહાસભાના અંતિમ પગલાનું વિવેચનાત્મક છે.

કૂલછાબ : આ લેખમાં પણ સંચયવાળા લેખની જેમ જુદી જુદી જાણવા જેવી હકીકતો આપી છે.

જાપાને મલાયા કેવી રીતે લીધું ? જાપાનીઓએ મલાયા પ્રદેશ કેવી રીતે સર કર્યો તેને લગતી જાણવા જેવી માહિતી આ લેખમાં છે.

યુવક : ઑગસ્ટ : ૧૯૪૨

વિચારરત્નો અને જ્યોતિર્ઝાંખીઓ : શ્રી. અરવિંદનાં વિચારરત્નો અને અધ્યાત્મ-દર્શનનાં સૂત્રાત્મક સૂચનો આ લેખમાં છે.

માખણ અને ઘી : શારીરિક સ્વાસ્થ્ય માટે, બુદ્ધિના વિકાસ માટે, દીર્ઘાયુષની પ્રાપ્તિ માટે ઘી માખણ–આ બે ખાદ્યપદાર્થો આપણા દેશ માટે (કારણ કે આપણે માંસાહારી પ્રજા નથી) અમૂલ્ય છે. આપણા દીર્ઘદૃષ્ટિ પૂર્વજોએ આ વાત બરાબર પિછાની છે. " **घृतं वै आयुः** " ઘી એ જ આયુષ્ય છે. " **आयुर्मूलम् हविः** " (જઠરાગ્નિને ' જઠરાગ્નિઃ ' થી સંબોધવામાં આવ્યું છે) ઘી એ જ આયુષ છે. ' **घृतहीनं कुभोजनम्** ' ઘી વગરનું ભોજન કુભોજન છે.

રેખા : ઑગસ્ટ : '૪૨

ધરતીનાં છોરુ : શ્રી. પ્રભુભાઇ પટેલ લિખિત નાટકનો વધુ હપ્તો આમાં છે.

મોંઘવારી : મોંઘવારીને લગતી હળવી માર્મિક કટાક્ષયુક્ત નિબંધિકા આ લેખમાં છે.

ચાલ્યા જાવ : ગાંધીજીએ હાલના રાજદ્વારી વાતાવરણમાં ઉપાડેલા સૂત્ર " ચાલ્યા જાવ "ની રાજકીય તુલનાત્મક નોંધ આ લેખમાંથી મળશે.

મોંઘવારી : ઉપર જણાવેલા મોંઘવારીના લેખ પછી ફરી આવતા એ જ નામના લેખમાં મોંઘવારીને લગતું અર્થશાસ્ત્ર સમજાવવામાં આવ્યું છે.

જીવનનું ધ્યેય શું ? આ લેખ " શિક્ષણ અને સાહિત્ય "ના પાછલા અંકમાં આવી ગયેલો છે. તેમાં જ્ઞાની લોકસેવકની, કર્મોને યોગથી કરવા તથા શોધવાની મર્યાદા શી ? શું એણે સંસારાસક્ત મનુષ્યની જેમ પોતાની બુદ્ધિને વેગ આપી નવાં નવાં કર્મો ખોળતા અને હાથમાંનાં કામોને વધારતા રહેવું ? કે જાણી જોઇને કામ ખોળ્યા વિના જેટલાં કામ અનાયાસે–પ્રવાહપતિત રીતે–આવી પડે તેટલામાંથી ઉચિત કાર્યોને સારી રીતે કરી સંતોષ રાખવો ? આવો પ્રશ્ન શ્રી. કિશોરલાલભાઇએ પૂ. નાયજીને પૂછ્યો હતો, તે ઉપરથી તેમણે ચર્ચા કરતો પત્ર લખેલો તે આ લેખમાં છે.

શારદા : જુલાઇ : '૪૨

લોકસાહિત્યમાં અશ્વવર્ણન : આ ચારણી કાવ્યમાં ઘોડાની પરીક્ષા માટે તપાસવાં જોઇતાં શ્રેષ્ઠ ઘોડાનાં લક્ષણો આપ્યાં છે.

એક મારવાડી કવિના આદર્શો : કેવા કેવા માણસો મરવાને લાયક છે–જીવવાને લાયક નથી–તેનું મારવાડી ભાષામાં રચાયેલું આ લોકગીત છે.

આ ઉપરાંત આખો અંક લોકસાહિત્યથી જ ભરપૂર હોઇને લોકસાહિત્યનાં રસિયાંઓએ આખો જ વાંચી જવા જેવો છે.

શિક્ષણ અને સાહિત્ય :

રચનાકાર્ય : રચનાત્મક કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ એ છે અને હોવો જોઇએ કે, તેનાં

વિવિધ અંગો દ્વારા આખા હિન્દુસ્તાનની જનતામાં આપણે એક નક્કર ધનિષ્ટતા સ્થાપી શકીએ. હજારો વરસ પહેલાં વેદના પ્રાચીન ઋષિએ મનુષ્યને સંગઠનના મહાન મંત્રનો ઉપદેશ આપ્યો—**संगच्छध्वं संवदध्वं सं वो मनांसि जायताम् । देवा भागं यथा पूर्वे संजानानां उपासते ॥**

(ઋગ્વેદ અ૦ ૮, મં૦ ૧૮)

થામણામાં અભ્યાસગૃહ : છેલ્લા છએક માસથી સ્થપાયેલા આ અભ્યાસગૃહનો પરિચય આપી ત્યાંનું સમયપત્રક તથા એના દ્વારા કરવામાં આવતાં વિવિધ કામોનો ઉલ્લેખ છે.

પ્રાથમિક શિક્ષક મંડળ માટે કાર્યક્રમ : નો આ બીજો હપ્તો છે. તેમાં પ્રાથમિક શિક્ષકો અને શિક્ષણને લગતા મહત્ત્વના મુદ્દાની ચર્ચા કરતું શ્રી. સ્નેહરશ્મિનું વ્યાખ્યાન આપ્યું છે.

પુસ્તકાલયોની તપાસણી

પ્રચારદ્વાર પ્રાંત વ માનદ મહાલ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત લઇ ત્યાંની પુસ્તકાલય વા વાચનાલયની સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે, તેમ જ પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી, તત્સંબંધી જરૂરી સૂચના—સમજૂત આપી છે; અને પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧. વડોદરા–નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ–માહે જુલાઇ માસમાં–ડભોઇ મહાલનાં—(૧) કરમાલ (૨) પારીખા (૩) નાના ફોફળિયા (૪) પુનિયાદ (૫) કારવણ (૬) લીંગરથળી (૭) બાણજ (૮) મંડાળા (૯) મોટા અભીપુરા (૧૦) વઢવાણા (૧૧) વ્યારા (૧૨) અંગુણ (૧૩) કુંઢેલા; **કરજણ મહાલનાં** (૧૪) માંગલેજ (૧૫) બામણગામ; **પાદરા મહાલનાં** (૧૬) લતીપુરા (૧૭) ડભાસા (૧૮) ઉમરાયા (૧૯) લુણા–કામગીરી દિનઃ ૨૬.

૨. વિસનગર મહાલ માનદ પ્રચારક રા. ઉમિયાશંકર લ. દવે–માહે ફેબ્રુઆરી, માર્ચ, મે અને જુનમાં—(૧) જેતલવાસણા (૨) ભાંડુ (૩) ગોઠવા (૪) સાતુસણા (૫) વિસનગર.

૩. દામનગર મહાલ મંડળના મંત્રી શ્રી. પ્રાણજીવન ભવાનીશંકર જોશી–માહે જુલાઇમાં—(૧) દહીંથરા (૨) છભાડિયા.

૪. સાવલી મહાલ માનદ પ્રચારક રા. છગનલાલ સોમેશ્વર જોશી–જુલાઇ માસમાં—(૧) લામડાપુરા.

ના. નં. ચોકસી.

માસિકો મળ્યા તારીખ

નામ	પુસ્તક	અંક	માસ	તારીખ
કિશોર	૭	૩-૪	માર્ચ-એપ્રિલ	૬-૭-૪૨
કુમાર	૧૯	૭	જુલાઈ	૨૦-૭-૪૨
ખેતીવાડીવિજ્ઞાન	૩૦	૮	ઑગસ્ટ	૨-૮-૪૨
ગુણસુન્દરી	૩૮	૬	ઑગસ્ટ	૧-૮-૪૨
ગ્રામજીવન	૧૨	૧૦	ઑગસ્ટ	૧-૮-૪૨
ઘરશાળા	૨	૯	જુલાઇ	૧૧-૭-૪૨
ચરોતર	૧૨	૭	જુલાઇ	૧૬-૭-૪૨
ચિત્રમય જગત	૨૮	૬	ઑગસ્ટ	૩-૮-૪૨
નવચેતન	૩૮	૪	જુલાઇ-ઑગસ્ટ	૩-૮-૪૨
નવરચના અને ઊર્મિ	૭	૪	જુલાઇ	૨૭-૮-૪૨
નૂતન શિક્ષણ	૮	૧	જુલાઇ	૨-૮-૪૨
પાટીદાર	૨૦	૮	શ્રાવણ	૨૬-૭-૪૨
પ્રસ્થાન	૧૭	૧	વૈશાખ	૨-૭-૪૨
બાલજગત	૪	૮	ઑગસ્ટ	૧-૮-૪૨
બાલજીવન	૨૨	૮	ઑગસ્ટ	૯-૮-૪૨
બાલમિત્ર	૨૨	૧	ઑગસ્ટ	૨-૮-૪૨
બાલસખા	૬	૨	જુલાઇ	૧-૭-૪૨
બાળક	૨૦	૭	ઑગસ્ટ	૧-૮-૪૨
બુદ્ધિપ્રકાશ ત્રિમાસિક	૮૮	૪	એપ્રિલ-જુન	૩૦-૭-૪૨
યુવક	૧૨	૭	ઑગસ્ટ	૬-૮-૪૨
રેખા	૪	૧	ઑગસ્ટ	૩૦-૭-૪૨
વૈદ્યકલ્પતરુ	૪૭	૮	ઑગસ્ટ	૬-૮-૪૨
વ્યાયામ	૨૭	૭	જુલાઇ	૧૫-૭-૪૨
શારદા	૩૭	૪	જુલાઈ	૧૫-૭-૪૨
શિક્ષણ અને સાહિત્ય	૩	૧૧	ઑગસ્ટ	૧-૮-૪૨
સુવાસ	૫	૨	જુલાઇ	૫-૭-૪૨
સૌરાષ્ટ્રશિક્ષક	૧૫	૨	જાન્યુ.-માર્ચ	૩-૬-૪૨
સ્ત્રીજીવન	૩	૧૦	ઑગસ્ટ	૧૦-૮-૪૨
સ્ત્રીબોધ	૮૬	૮	ઑગસ્ટ	૬-૮-૪૨
સ્કાઉટવીર	૧૧	૧	જુન	૧૫-૬-૪૨



૧—સસ્તુ સાહિત્ય વ. કા. નું સલાહકાર મંડળ

સસ્તુ સાહિત્યવર્ધક કાર્યાલયની સંસ્થાથી આપણા રાજ્યનાં પુસ્તકાલયોનાં સંચાલકો ભાગ્યે જ કોઇ અજ્ઞાત હશે. કે. સ્વામીશ્રી અખંડાનંદજીએ આપણાં પુસ્તકાલયોમાં આપેલો એ ફાળો અજોડ છે.

એમણે, એમની હયાતીમાં એક ટ્રસ્ટીમંડળ નીમેલું. સ્વામીજીએ પોતા સરખો સંસ્થાના કાર્ય પરત્વે સતત ચિંતનશીલ અને કાર્યપરાયણ માનવી મળવો મુશ્કેલ લાગવાથી એને આટોપવા નિર્ણય કરેલો. પરંતુ પાછળથી ભાવનગરના એક લોકસેવક શ્રી. છોટાલાલ શાહ તેમજ તે પછી શ્રી. મનુ સુબેદાર સરખા સજ્જનોએ તેમને જનહિતનું આ કાર્ય ચાલુ રાખવા સમજાવવાથી અને તે સમજાવટમાં તેઓ સફળ થવાથી તેઓશ્રીએ તેમની હયાતીમાં સંસ્થાનું ટ્રસ્ટ કરી ટ્રસ્ટીઓને તેનો ભાર પોતાની હયાતી બાદ સોંપવાના નિર્ણય પર આવેલા. તદનુસાર હાલ તેઓશ્રીએ નીમેલા એ ટ્રસ્ટીઓ એનો વહીવટ ચલાવે છે.

પરંતુ ટ્રસ્ટી મંડળના પ્રમુખે બહાર પાડેલા પરિપત્ર પરથી જાણવા મળે છે કે, સાહિત્યના સંચાલન માટે એ ટ્રસ્ટીઓએ એક સલાહકાર મંડળ નીમ્યું છે, જેમની સલાહ સંસ્થાનાં સઘળાં કાર્યોમાં લેવામાં આવશે.

જો આ સલાહકારોની સલાહ અનુસાર જ ટ્રસ્ટીઓને સંસ્થાનાં સઘળાં કાર્યો કરવાનાં હોય તો પછી જેમનામાં કે. સ્વામીજીએ સંપૂર્ણ વિશ્વાસ મૂકી આ ટ્રસ્ટ તેમને સોંપ્યું તેમણે જ એ બધી જવાબદારી ઉઠાવી લેવી જોઇએ. કેમકે જે માણસ સંસ્થાને આટોપવાના નિર્ણય પરથી તેમના વિશ્વાસથી ચ્યવાઈ તેમને એ સોંપણી કરી તેનો અમારા નમ્ર મત મુજબ તો દ્રોહ કર્યો ગણાશે.

એ ટ્રસ્ટ, આ ટ્રસ્ટીઓને સોંપતી વખતે સ્વામીજીને સંપૂર્ણ વિશ્વાસ હશે કે આ ટ્રસ્ટીઓ જાતે આ કાર્ય ચલાવશેઃ તેવા વિશ્વાસપૂર્વક તેમને સોંપેલું.

આ જે સલાહકારો ટ્રસ્ટી મંડળે નીમ્યા છે તેઓ પણ, આ ટ્રસ્ટ કરતી વખતે હયાત હતા. તેમને પણ ટ્રસ્ટીઓની સાથે સાથે સ્વામીજી સલાહકાર તરીકે નીમી શકે તેમ હતા. છેવટ સુધી તેઓ કાર્યરત રહેતા હતા એટલે એમની એ બુદ્ધિશક્તિ એ બાબત કાર્ય કરી શકે તેમ હતી. પરંતુ તેમણે તો ટ્રસ્ટીઓમાં પૂર્ણ વિશ્વાસ રાખી-કે તેઓ જ સંસ્થાનું સંચાલન કરશે-સંસ્થાનું સુકાન તેમને સોંપેલું હશે.

આજે આ ટ્રસ્ટીમંડળ કદાચ પોતા પરનો બોજો હળવો કરવા અથવા અન્ય કોઇ

કારણે આ પગલું લેવા પ્રેરાયા હશે. પરંતુ એમ કરીને તેઓ કે. સ્વામીજીના વિશ્વાસનો ભંગ કરે છે એમ સહેજે કહી શકાય.'

વળી આવાં સલાહકાર મંડળોથી કયારેય કામ સારાં થયાં જાણ્યાં નથી. અલબત્ત, કોઇક બાબતમાં કંઇક ગૂંચ હોય, કોઇ નવીન પુસ્તક બાબત કોઇને કંઇક પૂછવાપણું હોય તો તે બાબત અવારનવાર એ વ્યવસાયના જાણકારોની સલાહ લેવી જોઇએ. પરંતુ અમુકજ સલાહકારો નીમવા જોઇએ, દરેક બાબતમાં તેમની સલાહ પૂછવી જોઇએ, તેમના નિર્ણયો આવતા સુધી એ કામો અટકવાં જોઇએ—આ બધી બાબતમાં ટ્રસ્ટીઓએ સ્વયંનિર્ણય કરવો જરૂરી હોય છે. કેમકે દરેક બાબતમાં સલાહકારોની સલાહ લેવા દોડી જવાય નહિ, હરવખત સલાહકારો તેમના માટે ચોક્કસ વખત ફાજલ પાડી ન પણ શકે અને અગત્યનાં કામો ખોરંબે પણ પડે એ પણ બનવા જોગ છે.

એ બાબતમાં તો, ખાસ કરીને પ્રકાશનોની બાબતમાં ટ્રસ્ટીઓએ એક સાર્વદેશિક એવા સાહિત્ય વ્યવસાયી માણસની નિમણુક કરવી જોઇએ, જેને પુસ્તકપસંદગી તેમજ પ્રકાશન વિભાગના કામો સોંપવામાં આવે.

બાકી તો પેલી પ્રચલિત કહેવત મુજબ કહીએ તો ચાલે કે " ઝાઝા મળ્યા અને ઝાવા ટળ્યા " જેવું જ થાય.

વળી નિમાયેલા ટ્રસ્ટીઓ પૈકી હાલ તો કેટલાક જેલમહેલના મહેમાન બની ચૂકયા હશે અથવા બનશે. એવે સમયે શું સંસ્થાનું કામ એ સલાહકારોની સલાહ સિવાય અટકયું જ રહી જશે ?

આશા રાખીએ, ટ્રસ્ટીઓ આ બાબત ફરી વિચારણા કરી કોઇ યોગ્ય અનુભવી અને કે. સ્વામીજીની કાર્યપદ્ધતિ પ્રમાણે સાહિત્યવિષયક કામો ઉપાડી લે તેવાની નિમણુંક કરી તેને તે આખો સમય આપે તેવી રીતે સ્વતંત્ર કામ સોંપશે અને ટ્રસ્ટીઓ તરીકેની પોતાની જવાબદારી જેમાં સ્વામીજીએ પૂર્ણ વિશ્વાસ મૂકેલો છે તેને સંપૂર્ણ વફાદાર રહેશે.

૨—" નવચેતન " મંગલમહોત્સવ

અમદાવાદના કેટલાક સાહિત્ય રસિક મિત્રો એ એકઠા મળી આવતી શરદ ઋતુમાં " નવચેતન " માસિકનો મંગલ મહોત્સવ ઉજવવા નિર્ણય કર્યો છે તેને લગતો પરિપત્ર અમને મળ્યો છે. અમે એ મિત્રોની સદર યોજનાને આવકારીએ છીએ અને " નવચેતન " સરખા માસિકની જે પણ કદર જનતા ખૂટે તેટલી ઓછી છે. પુસ્તકાલયો આર્થિક કાળો નહિ તો પોતપોતાની સ્થિત્યનુસાર એ માસિકના ગ્રાહક થઇને પણ એ મંગલ મહોત્સવમાં સાથ આપે એમ જરૂર ઇચ્છીએ.

***

વ૦ રા૦ પુસ્તકાલય મંડળ

પુસ્તકાલયની ઉદ્‌ઘાટનક્રિયા—મહુવડ (તા. પાદરા) સા. પુસ્તકાલયની ઉદ્‌ઘાટનક્રિયા તા. ૨૪-૭-૪૨ ના રોજ શેઠ રણછોડદાસ ગુલાબચંદના પ્રમુખપદ હેઠળ થઈ હતી,

એ પ્રસંગે પ્રમુખશ્રીએ પુસ્તકાલયને રૂા. ૨૫) તથા મુજપુરના પ્રાંત પંચાયતના સભ્ય શ્રી. ત્રિભોવનદાસ શાહે રૂા. ૪) તથા શાળાના મુખ્ય શિક્ષક શ્રી. પ્રતાપસિંહે રૂા. ૨) ભેટ આપ્યા હતા. પુસ્તકાલયપ્રવૃતિપ્રેરક પ્રાસંગિક વ્યાખ્યાનો થયાં હતાં.

પુસ્તકાલયોને મળેલી મદદ

સા. પુ. ચીખલી (તા. કામરેજ)ને ઉમરાખનાં શ્રી. શાન્તાબહેન છગનલાલે કબાટ નંગ ૨ રૂા. ૬૨–૪–૦ ની કિંમતનાં ભેટ આપ્યાં છે.

પ્રમાણપત્ર માટેની પરીક્ષા—ગતાંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૫ નો મજકુર ધ્યાનમાં લઇ ઑક્ટોબરની તા. ૨૪–૨૫ મીએ થનારી પરીક્ષા માટે ઉમેદવારી નોંધાવી દેવાની કરવા પુસ્તકાલયોના ગ્રંથપાલ ભાઇઓને તેમજ બીજા ઇચ્છુક ઉમેદવારોને ખાસ ભલામણ !

જાગતાં જૂથ મંડળો—જે જૂથ મંડળો તરફથી વાર્ષિક સભા ભરાયાના સમાચાર મ. પુ. મંડળ તરફ અત્યાર સુધીમાં આવ્યા છે, તે નીચે પ્રમાણે:—

(૧) નવસારી. (૨) વાલમ.

ભારે વરસાદને કારણે ઊભી થયેલી ટપાલવ્યવહારની અગવડને કારણે કેટલાકના અહેવાલ હજી અમને ન પહોંચવા પામ્યા હોય એ બનવાજોગ છે. જેમણે સભા ભરી હોય ને અહેવાલ ન રવાના કર્યા હોય તેમને તરત જ તેમ કરી દેવાની, તથા કોઇ પણ કારણસર જૂથ મંડળની સભા ઠરેલી તારીખે ન ભરી શકાઇ હોય તેમણે હવે પણ વહેલામાં વહેલી તકે ભરી દઇને અહેવાલ–હિસાબ મોકલી આપવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. મજકુર સભામાં કરવાજોગનાં કામો માટે જુઓ જુલાઇ અંકમાં જાહેરાત નં. ૬ ફ્રી.

મહાલ મંડળની સભાઓ—ગતાંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૭ માં સૂચવ્યા પ્રમાણે તા. ૧૬ મીના રોજ મહાલ મંડળની સભાઓ ભરી દઇને તેના અહેવાલ તથા હિસાબ પ્રાંત પુસ્તકાલય તેમ જ રાજ્ય પુસ્તકાલય મંડળો તરફ તરત જ મોકલી આપવાની મહાલ પુ. મંડળોના મંત્રી ભાઇઓને ખાસ વિનંતિ.

પ્રાંત મંડળોની સભાઓ—સાલાનુબાદ આ વર્ષની પ્રાંત પુ. મંડળોની વાર્ષિક સભાઓમાં પણ મ. પુ. મંડળ તરફનો એક પ્રતિનિધિ તેમ જ પુસ્તકાલય ખાતાના અધિકારી સાહેબ હાજર રહેવાના હોવાથી જુદા જુદા પ્રાંતોની વાર્ષિક સભાઓ માટે નીચે પ્રમાણેની તારીખો નબુદ કરી પ્રાંત મંડળોને જણાવવામાં આવ્યું છે:—

(૧) નવસારી પ્રાંત માટે તા. ૬-૯-૪૨ (૨) મહેસાણાપ્રાંત માટે તા. ૧૩-૯-૪૨ (૩) અમરેલીપ્રાંત માટે ૨૦-૯-૪૨ અને વડોદરા પ્રાંત માટે તા. ૨૭-૯-૪૨.

આ સંબંધમાં જરૂરી પરિપત્ર જે તે પ્રાંત મંડળ તરફથી લાગતા વળગતા સર્વ કોઇને મળશે જ. એવો પરિપત્ર મળ્યેથી ઠરેલી તારીખો ધ્યાનમાં રાખી પ્રાંત મંડળોના સભાસદો પોતપોતાની પ્રાંત સભામાં બીલકુલ હાજર રહે એ ખાસ ઇચ્છવા યોગ્ય.

રખે ભૂલતા !—ચાલુ સાલની પુસ્તક–પસંદગી કરતી વેળા ચાલુ અંકમાં છપાયેલ જાહેરાત નં. ૧ માં સૂચવેલાં પુસ્તકોને બજેટમાં સ્થાન આપવાનું રખે ભૂલતા ! શિષ્ટ વાચનની પરીક્ષાઓના ઉમેદવારોની અનુકૂળતા ખાતર એમ કરવું જરૂરી છે.

સાહિત્ય અને સંસ્કૃતિનાં વહેણ

ગુજરાત સાહિત્ય સભા તરફથી જાણીતા હાસ્યલેખક શ્રી. જ્યોતીન્દ્ર દવેને સન ૧૯૪૧ નો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો વિધિ ગઇ તા. ૩–૮–૪૨ના રોજ અમદાવાદ ખાતે થયો હતો. એ વખતે શ્રી દવેએ ગંભીર અને અગંભીર રીતે હાસ્યરસનો બુદ્ધિ અને વૃત્તિ સાથેનો સંબંધ, હાસ્યરસ શામાંથી ઉદ્‌ભવે છે, ગુજરાતીમાં હાસ્યરસનું સાહિત્ય કેવું અને કેટલું છે વગેરે પ્રશ્નો ચર્ચ્યા હતા.

*

મુંબઇના રેડિયો મથકે તા, ૧૪ તથા ૧૭ મી સપ્ટેમ્બરે ' **નવચેતન** " માસિકના તંત્રી શ્રી. ચાંપશી વિ. ઉદેશી " બંગાળની રંગભૂમિ " અને " બૃહદ્ ગુજરાતમાં ગુજરાતી સાહિત્ય " એ વિષે વાર્તાલાપ કરશે, કહે છે.

*

જાણીતા જુવાન લેખક શ્રી હરજીવન સૌમૈયાનું તારીખ ૧૯-૭-૪૨ ની રાત્રે ૧૦–૧૫ કલાકે અકાળે અવસાન નીપજ્યું છે. સદ્‌ ગુજરાતના એક ઉછરતા આશાદાયી યુવાન લેખક હતા.

*

ગુજરાતી સાહિત્ય પરિષદ મંડળે હવે પુસ્તકપ્રકાશનનું કામ હાથ ધર્યું છે. પરિષદ દ્વારા હવે વિવિધ પ્રકારનાં પુસ્તકો પ્રસિદ્ધ થશે અને તે પ્રકાશનો ભારતી સાહિત્ય સંઘ દ્વારા વેચાશે.

*

સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના, કે. સ્વામીશ્રી અખંડાનંદજીએ નીમેલા ટ્રસ્ટીઓએ સંસ્થાની બધી પ્રવૃત્તિ સંબંધે સલાહ માટે એક સલાહકાર મંડળ નીમ્યું છે. તેમાં (૧) શ્રી. કૃષ્ણલાલ મો. ઝવેરી પ્રમુખ હોઇને (૨) શ્રી. નરહરિ દ્વારકાદાસ પરીખ, (૩) શ્રી. કિશોરલાલ મશરૂવાળા, (૪) શ્રી. રામનારાયણ વિ. પાઠક, (૫) શ્રી. નટવરલાલ વીમાવાળા, (૬) ડૉ. હરિપ્રસાદ દેસાઈ, (૭) શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, (૮) શ્રી. રસિકલાલ પરીખ (૯) રમણલાલ વ. દેસાઇને એ સલાહકાર મંડળના સભ્ય નીમ્યા છે.

*

વડોદરા સાહિત્ય સભા તરફથી સાક્ષર શ્રી. રમણલાલ વ. દેસાઇનો વનપ્રવેશ ઉત્સવ ગઇ તા. ૨–૮–૪૨ ના રોજ ઉજવાયો હતો, જે પ્રસંગે શ્રી. રાયચુરા અને પ્રો. મોહનલાલ દવેએ પ્રાસંગિક વિવેચનો કર્યાં હતાં.

*

આવતી શરદઋતુમાં અમદાવાદ ખાતે " **નવચેતન મંગલમહોત્સવ** " ઉજવવાનો ત્યાંના કેટલાક સાહિત્યકારોએ નિર્ણય કરી એના તંત્રીને આશરે ૧૫૦૦ રૂપિયાની થેલી અર્પણ કરવાનો નિરધાર કર્યો છે.

*

" **સ્ત્રીબોધ** " માસિકનાં વર્ષો જૂનાં તંત્રી શ્રી. પૂતળીબાઈ કાબરાજીનું મુંબઇ ખાતે અવસાન થયું છે.

*

ગણિતશાસ્ત્રના જાણીતા પ્રાધ્યાપક સ્વ. સ્વામીનારાયણની યાદગીરી કાયમ કરવા એક સ્મારક યોજના બહાર પડી છે. એ સ્મારક દ્વારા (૧) ગણિતમાં ઊંચે નંબરે આવનાર વિદ્યાર્થીઓને પારિતોષિક આપવાનું, (૨) " એવરીમેન્સ લાયબ્રેરી " (સર્વજન પુસ્તકાલય) ચલાવવાનું તથા " વર્લ્ડઝ ક્લાસિક્સ " (વિશ્વસાહિત્ય) જેવી ગ્રંથમાળા પ્રકટ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ માટે એક વગદાર સમિતિ પણ નીમવામાં આવી છે.

પુસ્તકો મોકલ્યાની માહિતી

માહે જુલાઇ '૪૨ ની યાદી નં. ૬, ૭૪૫+૨૫૬=૧૦૦૧ કુલ

પેટલાદ—આલ પુ. વસો, ભુરાકોઇ.

ભાદરણ—ઈશ્વર, મહિલા પુ. ભાદરણ, કણજરી, રણોલી, બા. પુ. ભાદરણ, મહિલા ધર્મજ.

વડોદરા—અકોટા, ખાનપુર, ઉડેરા, બીલ, મલાપુરા, ગોત્રી, સૈયદ વાસણા, રાયપુરા, સેવાસી.

પાદરા—ગણપતપુરા, પીંડાપા, મુવાલ, મલ્હતણ, રણોલી, રીકોર, કોટણા, સાંપલા, સાંગમા, સાદરા, વણછરા, લોલા, લુણા, લતીપુરા, ગેઠાદ, બોન્ર, પીપળી, નરસીપુરા, તિયોર, તાજપુર, દરાપુરા, સરસવણી, ડભાસા, ડભોઇ, જલાલપુર, ચોકારી, ચિત્રાલ, ધાયજ, ગોરીઆદ, ગામેઠા, કલ્યાણકુઇ, કુરાલ, કાંદા, કરણાકુવા, કણજરી, ઉમરાયા, આંતી, અંણાડા, અભોળ, સોખડાણુર્દ, રણુ, વકુ, વિશ્રામપુરા, ગવાસદ, સેજકુવા, વડદલા, ભદારી, ભાણપુર, મુજપુર, માસર, સોખડા રાધુ, સાંધી, કરખડી.

કરજણ—ધાવટ, આમણગામ, રારોદ, માનપુર, સારીંગ, હલદરવા, અચાર, વેમારડી, નવી જીયરડી, અટાલી, કારેલી, નિશાળીઆ, ઓઝ, દેથાણ, જૂની જીયરડી, ગંધારી, માંગલેજ, આલમપુર, છંછવા, માછીઆપુરા, માત્રોજ, લાકોદરા, કાસમપુર, લીલોડ, બોડકા, અજૂખી, કોલીઆદ, સાદરણા, ગણપતપુરા, સણીઆદ, કતપુર, સંધોઇ, કંથારીઆ, ગીયાગામ, ધામણજા, રોપા, ખાંધા, કરીડી, ભરથાણા, કોંણા, તેગવા, મેસરાડ, પીંજળવાડા, કોડીઆ, સીમળી, મેયી, પુરા, ભરથાલી, વેમાર, માંગરોલ.

શિનોર—તરવા, સુરાચામળ, સાદલી, ભેખડા, ણીયલી, સાંધા, આણંદી, ઝાંઝડ, દિવેર, સેગવા, વરખડ, ભરકાલ, મોટા કરાળા, મીઢોળ, કણજેહા, અંભાલી, માંજરોલ, ટીંગલોદ, સીમળી, આંડવા, ટીંગરવા, વણીઆદ, માલેથા, કોકળીઆ.

કલોલ—કરનીકુઈ નડા, કારવણ, બાણજ, બદેરામપુરા, રીતપુર, રાજલી, પીસાઇ, માવલી, માકોદ, લંગિરથળી, બોરણાર, કડધરા, અકોટી, છત્રાલ, ગામડી, મોટા કણીપુરા, નદારીઆ પારીખા.

ખેડા—ચિખોદ્રા, લટોદ, ટીંબા કોર્સિદ્રા, કાંકટ, ખુનવાડ, ગોલાગામડી, માલપુર, તાંદળજ, ઝાળ, વાસણા, વાઘેથા, કરેશ્વર, પીપા, ગરડા પાણેજ, અરીડા, પાટણા, માકણી, ઝરવણ, સરડીઆ, કોળમાળ, અલાદપુર, સોનગીર (ઇન્દ્રાડ), પરવટા, કાવિઠા, માકુ, સરગી, દેસણ, વડેલી, લાડોદ, લાઠરસ, કાટા, કસુંબીઆ.

સાવલી—પોર્ખચા, રાણીઆ, રતનપુરા, ધનતેજ, કુંડાર, અંજેસર, કુનપાડ, મંજુસર, પીપોલ, મોટી ભાડોલ, નાની ભાડોલ, રાજીપુરા, ગરબીઆ, વરસડા, રોસર, બાકરોલ, વેજપુર, બાખરીઆ, ગોલડા, નમીસરા, શાંતિપુરા, મુટેલા, ધર્મપુર, વેમાર, સીમલાપા સ્ટેશન, તુલસીપુરા, લીમડાપુરા, ઇન્દ્રાડ, માંગડીઆ.

વાગોડીઆ—રવાલ, લીમડા, કામરોલ, સાકરીઆ, સાંગારોલ, માડોધર, રસલાપાદ.

દહેગામ—મોટા પ્રસનપુર.

કલોલ—પાનસર.

પાટણ—ગોલીવાવડી, માનપુર.

ખેરાળુ—સંખપુર ગોબાસણ.

ગણદેવી—માસા, મહિલા બીલીમોરા.

મહુવા—વેલણપુર, કાન્દી, મહુવા.

વ્યારા—મહિલા બાલ. પુ. વ્યારા-૨જર.

કડી—બોરજના દોડા.

ચાણસ્મા—લણવા, વીરતા.

સિદ્ધપુર—મહિલા પુ.

નવસારી—સીસોદરા, નવસારી સ્ટેશન વા., માંગરોલ.

કામરેજ—ઓગણા.

માંગરોલ—માંગરોલ.

ઓખામંડળ—મહુવા.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

[શિષ્ટ વાચનની પરીક્ષા ૨૨ મી તા. ૨૬–૭–૪૨]

ટીપઃ—

(૧) જવાબો માટે કાગળોની નોટ બાંધવી અથવા છૂટા હોય તો તે શીવી લેવા.

(૨) દરેક ઉમેદવારે પોતાની ઉત્તરવહીના પૂઠા પર નામ, ઠામ સાથે ઉમ્મર અભ્યાસ અને ધંધો અવશ્ય જણાવવાં.

(૩) જવાબ સુવાચ્ય અક્ષરે શાહીથી લખવાઃ બન્ને બાજુએ લખી શકાશે.

(૪) જવાબ લખતી વખતે પુસ્તકની વા બીજી કોઇ રીતની મદદ લેવી નહિઃ પ્રામાણિકપણું પૂરેપૂરું જાળવવું.

(૫) ચોપડીની ભાષામાં નહિ પણ પોતાની ભાષામાં લખાયલા જવાબ વધારે પસંદગીપાત્ર લેખાશે.

પ્રશ્નપત્ર

'સ્વર્ગો'નું દોહન

[સૂચનાઃ—ગમે તે આઠ સવાલ ઉકેલવા. સઘળા પ્રશ્નના સરખા ગુણ : ૪ ગુણ સ્વચ્છતાના.]

૧. નવા યુગની નવી ભક્તિ વિષે પઢિયારજીના વિચારો દર્શાવો.

અથવા

પ્રભુને રાજી કરવાના મનુષ્યોના પ્રયત્નો વર્ણવી પ્રભુને રીઝવવાની સાચી રીત શી છે તે સમજાવો.

૨. 'ભગવાન જે કરે છે તે ભલા વાસ્તે જ કરે છે' એ કથન પૂરવાર કરનાર દૃષ્ટાંત લખો.

૩. 'પરમાર્થનાં કામો ઈશ્વર સામે જોઇને જ કર્યાં કરવાં' એ વિષે એક સાધુએ આપેલી શિખામણ સમજાવો.

૪. પૂજારીઓ ઉપર મહાજનની સત્તાની આવશ્યકતા વિષે પઢિયારજી શું કહે છે ?

૫. બરણીઓની તકરારનો પ્રસંગ વર્ણવી તે પરથી એક મહાત્મા હરિજનોને કેવો ઉપદેશ આપતા હતા તે લખો.

૬. 'શેઠ શેઠાણીનાં ભજ્યાં'વાળું દૃષ્ટાંત લખી તે પરથી શો બોધ મળે છે તે સમજાવો.

૭. નિયમપાલનના ફાયદા વિષે જાણતા હો તે લખો.

૮. મિતાહાર એટલે શું ? ઝાઝું ખાધું કે થોડું ખાધું એનો નિર્ણય કેવી રીતે કરાય ?

૯. ધણીધણિયાણીના ધર્મોની ચર્ચા કરો.

૧૦. 'અંતર સાફ થયા વિના માત્ર આડંબર રાખ્યાથી કંઇ પાપ જાય નહિ'–એ શિષ્ટ-વચન દૃષ્ટાંતથી સાબિત કરો.

અથવા

'દુઃખની અંદર પણ કાંઇક સુખ મહેલું જ હોય છે' એ કથનનું રહસ્ય દાખલાઓ આપી સમજાવો.

૧૧. મહાત્માપણું એટલે શું તે સમજ્યની સંત મહાત્માઓ સૌની ઉપર પ્રેમ શાથી રાખી શકે છે તે સમજવો.

૧૨. મનની એકાગ્રતા સાધવાનું કાર્ય કેવું કપરું છે તે દૃષ્ટાંત સાથે સમજવો.

૧૩. નીચે પૈકી કોઇ બે પ્રસંગો વિષે જાણતા હો તે લખોઃ—
(૧) કડીઓ નદીની વચમાં બળી મુઓ; (૨) આવતી કાલની ફિકર ન કરવી; (૩) રોગ મટાડવાના અકસીર ઈલાજ; (૪) સાચા ભક્તોની કસોટી.

૧૪. આભડછેટ સંબંધમાં પઢિયારજીના વિચારો દર્શાવી તેની ઘટિત ચર્ચા કરો.

અથવા

અંત્યજો પ્રત્યેનો પઢિયારજીનો સમભાવ ટૂંકમાં સમજવી સવર્ણ હિંદુ સમાજની બલી લાગણી જાગૃત કરવા તેમણે કરેલી કાકલુદીનો ખ્યાલ આપો.

૧૫. આપણા લોકો વધારે કલાક કામ કરે છે અને છતાં ઝાઝી બરકત નથી પામતા તે શાથી ?

૧૬. કરજ કરીને મોજશોખ ન કરવા વિષે પઢિયારજી શું કહે છે ?

૧૭. હોળી-દિવાળીના તહેવારો હાલ કેવી રીતે ઉજવાય છે ને તેમાં કેવા ફેરફાર થવાની જરૂર છે એ વિષે પઢિયારજીના વિચારો સંક્ષેપમાં વર્ણવો.

૧૮. ગરીબોના પ્રકાર ગણાવી તેમને ઓળખવાનાં લક્ષણો ટૂંકમાં સમજવો.

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૧ / સન ૧૯૪૨–૪૩

શિષ્ટ વાચનની પરીક્ષા માટેનાં પુસ્તકો

રા.જ્ય પુસ્તકાલય મંડળ તરફથી યોજાતી શિષ્ટ વાચનની પરીક્ષાઓનો લાભ લેવા ઇચ્છતા ઉમેદવારોને પરીક્ષા માટે હરેકું પુસ્તક પૂરું પાડવું એ જે તે સ્થળની પુસ્તકાલય સંસ્થાની પરમ ફરજ છે. પુસ્તકના અભાવે ઘણા ઇચ્છુક ઉમેદવારો પરીક્ષાનો લાભ નથી લઇ શકતા એવી ફરિયાદ કેટલેક સ્થળેથી સંભળાઇ છે. એ ફરિયાદને દૂર કરવા ચાલુ તેમ જ આગામી એ બે સાલોમાં લેવાવાની ૨૩, ૨૪, ૨૫ તથા ૨૬મી પરીક્ષાઓ માટે નીચેનાં પુસ્તકો નબુદ કરી તેની જાહેરાત કરવાનું ઠરાવવામાં આવ્યું છેઃ—

કઇ સાલ	કેટલામી પરીક્ષા	કયું પુસ્તક	કર્તા	કિંમત
૧૯૪૨–૪૩	૨૩ મી	ત્યાગમૂર્તિ અને બીજા લેખો	મ. ગાંધીજી	૦–૧૨–૦
	૨૪ મી	ઉધમનું જીવન	કિ. ધ. મશરૂવાળા	૦–૧૦–૦
૧૯૪૩–૪૪	૨૫ મી	દક્ષિણાયન	સુન્દરમ્	૧–૧૩–૦
	૨૬ મી	મદાન મુસાફરો	મૂળશંકર મો. ભટ્ટ	૧– ૮–૦

આશા રાખવામાં આવે છે કે ઉપરોક્ત પુસ્તકોને ચાલુ સાલની પુસ્તકપસંદગીની યાદીમાં સ્થાન આપી શિષ્ટવાચન પ્રચારની યોજનાના વિકાસમાં રા. પુ. મંડળને સાથ આપશે. હરેકાં બધાં જ પુસ્તકો નહિ તોયે ખાસ વાંચવા ને વંચાવવા જેવાં છે.

ના. નં. ચોકસી
સહમંત્રી.

સામયિક નોંધ

ગામડાનું પોતાનું રાજ્ય

ગ્રામ સ્વરાજ્યનો મારો ખ્યાલ એવો છે કે દરેક ગામ એક સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઇએ. પોતાના જીવનની અત્યંત મહત્ત્વની જરૂરિયાતો માટે એ પ્રજાસત્તાક પોતાના પાડોશીઓથી સ્વતંત્ર હશે, પરંતુ જે બાબતોમાં સહકાર્ય અનિવાર્ય હશે તે બધાં કાર્યોમાં પડોશીઓ સાથે પરસ્પર સહાયથી કાર્ય કરશે. એ મુજબ પોતાની જરૂરિયાત જેટલું ધાન્ય અને પોતાના કાપડ માટેનો કપાસ ઉગાડવાની તેની પહેલી ફરજ ગણાશે. પોતાનાં ઢોરને ચરવાને માટે તેમ જ બાળકોની રમતગમતો અને મોટેરાંઓના આમોદપ્રમોદને સારુ તે જમીન અલગ રાખશે. તે પછી જો ગામ પાસે જમીન ફાજલ રહેશે તો તેમાં ઉપયોગી, બજારમાં વેચી શકાય એવા પાકો લેવાશે. (ઉપયોગી એટલે કે તેમાં ગાંજો, તમાકુ, અફીણ વગેરે જેવા પાકો નહિ આવે.) દરેક ગામ પોતાનું એક નાટકઘર, પોતાની નિશાળ અને સભાગૃહ બનાવશે. ગામની દરેક વ્યક્તિને સ્વચ્છ પાણી મળે એવી જોગવાઈ કરવામાં આવશે. પૂરતી દેખરેખ નીચે બનાવવામાં આવતા કૂવાઓ અથવા તળાવોથી આ કાર્ય પાર પાડી શકાશે. પાયાની કેળવણીના છેવટના ધોરણ સુધીની કેળવણી ફરજિયાત હશે. બની શકે ત્યાં સુધી દરેકે દરેક પ્રવૃત્તિ સહકારી પદ્ધતિના સિદ્ધાન્તો પ્રમાણે ચાલશે. આજે છે તેવી અસ્પૃશ્યતાની ચઢતી-ઊતરતી શ્રેણીઓવાળી જ્ઞાતિવ્યવસ્થા ત્યાં નહિ હોય. દરેક ગ્રામસમાજની સત્તા પાછળનું સાધન અથવા બળ સત્યાગ્રહ અથવા અસહકારની પદ્ધતિવાળી અહિંસા હશે. ગામે રાખવામાં આવતી પાદીમાંથી ગામની ફરજિયાત ચોકી માટે વારા પ્રમાણે ચોકિયાતો પસંદ કરવામાં આવશે. નિયમ પ્રમાણેની નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી ચોક્કસ લાયકાતવાળાં ગામનાં પુખ્ત ઉંમરનાં સર્વ સ્ત્રી અને પુરુષો દર વર્ષે પાંચ જણની એક પંચાયત ચૂંટી કાઢશે અને તે ગામની સરકાર તરીકે ગામનાં બધાં જાહેર કાર્યો કરશે. આ પંચાયતને જરૂરની બધી સત્તા અને અધિકાર આપવામાં આવશે. હાલના માન્ય અર્થમાં શિક્ષાની કોઇ પદ્ધતિનો અમલ નહિ હોય, એટલે આ પંચાયત પોતાના અમલના એક વર્ષને માટે ગામની ધારાસભા, ન્યાયાધીશ અને કાર્યવાહક મંડળ બનશે. કોઇ પણ ગામ આજે જ આવું પ્રજાસત્તાક બની શકે અને તેમાં હાલની સરકાર-જેનો ગામ સાથેનો એકમાત્ર સક્રિય સંબંધ જમીનની મહેસૂલ ઉઘરાવીને ખેંચી જવા પૂરતો જ છે-પણ બહુ અંતરાય નહિ નાખે.

પડોશનાં ગામો સાથેના અને જે હોય તે કેન્દ્ર સાથેના સંબંધોનો વિચાર મેં અહીં નથી કર્યો. મારા હેતુ તો ગામ સ્વરાજ્ય અથવા ગામ સરકારની રૂપરેખા રજૂ કરવાનો જ છે. દરેક વ્યક્તિની સ્વતંત્રતાના પાયા ઉપર રચાયેલી આ વ્યવસ્થામાં સંપૂર્ણ લોકશાહી રહેલી છે. એમાં પ્રત્યેક વ્યક્તિને હાથે પોતાની સરકારનું ઘડતર થાય છે. તે અને તેની સરકાર અહિંસાના નિયમને વશ છે. તે અને તેનું ગામ આખી દુનિયાના બળનો સામનો કરી શકે છે, કેમકે પોતાના ગામના અને તેની આબરૂના રક્ષણને સારુ દરેક ગ્રામવાસી મરણને ભેટવા તૈયાર હોય એ નિયમથી બધાં ગ્રામવાસીઓ બંધાયેલાં હશે.× —ગાંધીજી

× તા. ૨-૮-૪૨ ના " હરિજનબંધુ "માંથી.

પ્રજાનો રાજરોગ : વિલાસિતા

કોઈ રાષ્ટ્ર વિષે ભાખેલી ભવિષ્યવાણી ભાગ્યે જ સાચી પડે. પરંતુ એક દુઃખદ ભાવિકથન પૂર્ણ જ સત્ય સાબીત થયું છે એનો ઉલ્લેખ કરવો જોઇએ.

આજથી પચાસ વર્ષ પહેલાં સુપ્રસિદ્ધ કવિ અને લેખક મેથ્યુ આર્નોલ્ડે ફ્રાંસના પતનની વાત કહેલી. તેમણે જણાવેલું કે ફ્રાંસ ભયંકર અને કદાચ પ્રાણઘાતક રોગથી પીડાઇ રહેલું છે.

ફ્રાંસનો રોગ

આ રહ્યા એ શબ્દોઃ 'જો આ રોગ ચાલુ રહે અને વધ્યે જાય તો ફ્રાંસની સ્થિતિ વધુ ને વધુ બદતર થતી જશે. આ રાષ્ટ્રમાંથી શક્તિ અને આત્મા ઊડી જશે અને એની સર્જનાત્મક બુદ્ધિશક્તિ તદ્દન ક્ષીણ થઇ જશે, એટલું જ નહિ પણ સલાહકાર તરીકેની એની કુશળતા, દુશ્મન તરીકેની એની અજેયતા અને મિત્ર તરીકેની એની કિંમત પણ લુપ્ત થઇ જશે.'

રાષ્ટ્રના જુસ્સાને અને આત્માને કોરી ખાનાર આ રોગનાં લક્ષણો મેથ્યુ આર્નોલ્ડે શામાં જોયાં ? એ જંતુઓ ફ્રાંસના સાહિત્યમાં હતાં. લોકપ્રિય નવલકથાઓના પાત્રાલેખનમાં, નાટકના પ્રિય નાયકમાં અને સામયિકોની લેખનસામગ્રીમાં આ પ્રાણઘાતક જંતુઓની અસર સાફ દેખાઇ આવતી હતી.

સાહિત્યમાં જંતુ

મેથ્યુ આર્નોલ્ડે કહ્યું કે એ જંતુઓનો ચેપ નવલકથાના રસિયાઓને, સામયિકોના વાચકોને અને નાટકોના દ્રષ્ટાઓને ઝડપભેર લાગી રહ્યો હતો. આ ચેપી અસરને કારણે પ્રજામાં વિલાસિતા, મૂંવાળપ અને લંપટતા વ્યાપક બન્યે જતાં હતાં અને એ કારણે આખા રાષ્ટ્રનું ખમીર નીચોવાઇ રહ્યું હતું.

આર્નોલ્ડે કહેલું કે લંપટતાની આરાધનામાં માણસ જલદી લપસી પડે છે. સામાન્ય રીતે એના ઉપર કાબુ મુકાતો જોઇએ. પરંતુ અહીં તો એને ઉત્તેજન મળ્યા કરે છે. એટલું જ નહિ પણ ફ્રાંસના લોકપ્રિય સાહિત્યમાં અને કળાકૌશલ્યમાં પણ એનું સામ્રાજ્ય પ્રવર્તે છે. લંપટતાનું આવું પ્રાધાન્ય અને એની આવી પૂજા માણસને અને રાષ્ટ્રને વિનાશના ગર્તમાં ધકેલ્યા વગર રહેશે નહિ.

વિલાસિતાનો કીડો

આર્નોલ્ડે કહેલું કે પંપાળીને વધારવામાં આવેલી આવી લંપટતા અને વિલાસિતા માનવીના બુદ્ધિબળનો કસબને લઇ લે છે અને એના હૃદયનું સત્યાનાશ કાઢી નાખે છે. વિલાસિતાનો કીડો એક વાર પ્રજામાં ઘૂસ્યો પછી નીકળવો મુશ્કેલ છે. એ કીડો માણસની બધી જ શક્તિઓને ખતમ કરી નાખે છે. સંપૂર્ણ અધઃપતન પછી જ આ કીડો દૂર થાય છે.'

મેથ્યુ આર્નોલ્ડે પોતાનો અભિપ્રાય સ્પષ્ટ કરવા ફ્રાંસની લોકસ્થિતિનું બરાબર પૃથક્કરણ કરેલું અને છેવટે પ્રજાની અધોગતિની ભવિષ્યવાણી ભાખેલી. છેલ્લા ૨૦–૨૫ વર્ષથી જેમને

ફ્રાંસના ઇતિહાસ સાથે સમ્પર્ક છે તેઓ જોઇ શકશે કે જે પતનની આનોંદ્રે આગાહી કરેલી તે સંપૂર્ણ રીતે આપણને જોવા મળી છે.

જીવનમાં અપ્રમાણિકતા

જર્મની સાથેની ૧૯૧૮ ની સંધિ પછી ફ્રાંસના પ્રજાજનો તિરસ્કૃત અને ખૂબ સખ્ત જીવન વિતાવવા જેવી સ્થિતિમાં મુકાયા. આથી કેટલાક ફ્રેંચોએ કંઇક મેળવવાની લાલચમાં નાઝીઓને ઉપયોગી થાય એવી માહિતીઓ વેચવા માંડી.

આવી જ સડેલી સ્થિતિ ત્યાંના રાજકારણની હતી. વર્તમાનપત્રોનો સડો નામચીન હતો. રાજકારણમાં પડેલા કેટલાક માણસો પ્રમાણિક હતા, છતાં રાજકારણમાં પ્રમાણિકતા હોવાની વાતને હસી કાઢવામાં આવતી.

'ધુતારાઓનું છેલ્લું આશ્રયસ્થાન દેશપ્રેમ અને રાજકારણ' જેવી પ્રચલિત કહેવતના નમૂના ફ્રાંસમાં જોવા મળતા. આગેવાનો માત્ર લાગણીની આળપંપાળ કરવામાં પરોવાયા અને બીજી બાજુથી પ્રજાની કામવૃત્તિ વધારનારા સંયોગો ઊભા થતા ગયા. પ્રજાને વિનાશમાં ધસડી જનારાં પ્રકાશનો વધતાં ગયાં અને બધું જ સાહિત્ય જીવનનાં વિવિધ અંગોને ભૂલી જઇ માત્ર કામવૃત્તિની આસપાસ ગુંથાવા લાગ્યું. જુવાન છોકરા ઊગતી વયમાં જ પોતાનું નૂર ગુમાવતા ગયા અને પ્રજા વિલાસમાં ડૂબી નપુંસકતાની સ્થિતિએ પહોંચવા લાગી.

> "સામયિકોમાંથી જે દોહન આવે છે તે સંબંધી મેં એક વખત વાત કરી છે. મને તે બહુ ગમે છે. છેલ્લા કેટલાક વખતથી તે હું નિયમિત વાંચતો થયો છું. અને આવાં બધાં દોહનો પુસ્તકરૂપે તૈયાર થઇ શકે તો સારું એમ મને લાગે છે."
>
> રામભાઇ કા. પટેલ
> (મંત્રી, વ. રા. પુ. મંડળ)

લંપટતાનો વારસો

આનોંદ્રે તો માત્ર સાહિત્યકાર જ હતો. એણે જે રોગનાં દર્શન કરેલાં તે તરફ રાજકીય મુત્સદ્દીઓનું, પત્રકારોનું, ઇતિહાસકારોનું કે સામાજિક કાર્યકરોનું ધ્યાન જ ગયું ન હતું. આખી પ્રજા રોગનો ભોગ બની હતી ત્યારે થોડાક મુઠ્ઠીભર માણસો દુનિયાની નજરમાં ફ્રાન્સનું અસ્તિત્વ સાચવતા હતા. આમાં અમુક પ્રકારની રાજકીય નીતિ ધારણ કરનાર રાજકીય માણસો અને સાહિત્ય, કળા કે કારીગરીમાં આગળ આવેલી થોડીક વ્યક્તિઓનો સમાવેશ થતો હતો. ઉપરંતુ પ્રજાસમૂહને એ સાથે નિસ્બત નહોતી. તે પોતાને માર્ગે જ આગળ ધપતી હતી. પોતાની લંપટતાનો વારસો પોતાનાં બાળકોને પ્રજા આપતી હતી.

આ રીતે આખી પ્રજાની શક્તિના ટુકડા થઇ ગયા. સૌથી પ્રથમ પ્રજાને વિલાસી વિચારો મળ્યા. એ વિચારોએ મનનો કબજો લઇ, વ્યક્તિ ઉપર આધિપત્ય જમાવ્યું. એ પછી વ્યક્તિનો નીતિનો નાશ થયો. લંપટતા જ એનું ધ્યેય બન્યું. સાચી વસ્તુસ્થિતિને ઓળખવાની કે સંયોગો ઉપર કાબુ રાખવાની શક્તિ પ્રજામાંથી ચાલી ગઇ. અને આખરે એ પ્રજાનું પતન થયું, એની સ્વાધીનતા ઝૂંટવાઇ ગઇ. ફ્રાંસના પતનનું અને એના રાષ્ટ્રીય દેવાળાનું મુખ્ય કારણ વધુ પડતી લંપટતા અને કામસેવા જ હતી.

બ્રિટનને લાલ બત્તી

આવા જ ભય સામે બ્રિટનની પ્રજાએ સાવચેત રહેવું જોઇએ. એવી ચેતવણી એક અંગ્રેજ લેખકે આપી છે. બ્રિટનમાં પણ છેલ્લાં વીસ વરસથી વિલાસિતા વધતી જવાના પુરાવા મળે છે. અગાઉ જે નવલકથાઓ માણસ વાંચી ન શકે એવી ગણાતી અને કોઇ પ્રકાશક એને પ્રગટ કરવા તૈયાર ન થાય એ નવલકથાઓ અત્યારે પ્રસિદ્ધિ પામે છે અને એમાં કામુકતા ભરેલી પડી છે. ઉપરાંત નાટય મંડપમાં પણ સુરુચિની મર્યાદાને ઓળંગીને આગળ વધવામાં આવે છે. જેમાં ઘણુ હલકા પ્રકારના આનંદ હોય છે એમાં જ લોકોને વધુ આકર્ષણ હોય છે. થોડાંક વર્ષ પહેલાં વિશુદ્ધ રહેલી રંગભૂમિ આજે કલુષિત થવા માંડી છે. એની સામે વિરોધની સામાન્ય લાગણી છે છતાં એ વિરોધ અસરકારક બની શકતો નથી. એક નાનકડી લઘુમતિનું એના પર વર્ચસ્વ છે. આમ શા માટે બની રહ્યું છે ?

કારણ કે લોકસમુદાય ગાડરીઓ પ્રવાહ છે. તેમને જ્યાં પ્રબળ દોરવણી મળે છે ત્યાં તેઓ આગળ વધે છે. તેમને અભિપ્રાય જેવી વસ્તુ હોતી નથી. તેમના પર જે અસર વધુ મજબૂત થાય છે તે તરફ એ ઢળે છે. જ્યારે થોડાક સુધડ માણસો કોઇ અનિષ્ટ પ્રવૃત્તિ તરફ ઢળે છે ત્યારે આમસમુદાય એની પાછળ ઘસડાય છે. વિલાસિતાના પ્રચારકોનો આજે ઇંગ્લેન્ડમાં પવન વાય છેઃ પ્રજા એમાં સપડાયેલી છે.

અશિષ્ટ સાહિત્ય

ઘરમાં પણ જે ભાષા સહન ન કરી શકાય એવી ભાષામાં આજે પુષ્કળ સાહિત્ય પ્રગટ થઇ રહ્યું છે અને પોતાને સારા સાહિત્યના ઇજારદાર કહેવડાવતા પ્રકાશકો એનો પ્રચાર કરી રહ્યા છે. એક વખત તેઓ જ આવા સાહિત્યનો સ્પર્શ કરતાં અચકાતા હતા.

આજે તેઓ ઢાંકપિછોડો કરીને કહે છે કે ' ભાઇ, હવે જમાનો બદલાયો છે. એને અનુરૂપ સાહિત્ય અમારે આપવું રહ્યું ને ! ' સાચી વાત તો એ છે કે તેઓ જાહેર પ્રજાને જાણે છે અને તેની રુચિ (કે કુરુચિ) ને સંતોષવા ગમે તે સાહિત્ય પૂરું પાડવા તત્પર બને છે.

આવાં પ્રકાશનો પર પ્રતિબંધ મૂકવો ભૂલભર્યો છે. પ્રજાની લંપટતા કે વિલાસિતાને પોષનારા સાહિત્યપ્રકાશન ઉપર કુમકો કરવામાં હંમેશાં ભૂલ જ થાય છે. એને નુકસાન પહોંચાડનારું સૌથી સરસ પગલું મૌનનું છે. જો આવા સાહિત્ય વિષે વાતચીત ન થાય તો વંચાશે નહિ અને વંચાશે નહિ તો તે વેચાશે નહિ.

લંડનની નવલકથાઓ

આમ થશે તો પ્રકાશકો એને પ્રગટ કરવા તરફ ઓછા લલચાશે. એથી લેખકો પણ પોતાની આ પ્રકારની લેખનપ્રવૃત્તિ ઘટાડી દેશે. પરિણામે આવું સાહિત્ય પ્રેસ સુધી તો નહિ જ પહોંચે પણ એના પરનો કુમકો એને વધુ પ્રસિદ્ધિ આપવાનો.

થોડા વખત પહેલાં લંડનના એક અખબારમાં એવી ટીકા પ્રગટ થયેલી કે લડાઇએ બ્રિટનના લેખકોમાં ઘણો મોટો ફેરફાર કરી નાખ્યો છે. થોડાં વર્ષ પહેલાં જે નવલકથાઓને કોઇ હાથ ન અડાડતું એ નવલકથાઓ આજે પ્રગટ થઈ રહી છે. જે નવલકથાઓ સામે ઉગ્ર અસંતોષ હતો એ આજે પ્રજામાં આવકાર પામી રહી છે.

આવી નવલકથાઓનાં પૂંઠાં આકર્ષક અને કામશોત્તુપ દશ્યનાં હોય છે. આવી એકાદ નવલકથાનું વેચાણ ૨ લાખ નકલ જેટલું થવા જાય છે. આ વેચાણને સહન જ કરવામાં નથી આવતું પણ ઉત્તેજવામાં આવે છે.

ઉપરની હકીકત એક ગંભીર ચિન્હ છે. જે માણસોને તક મળે તો વિલાસિતાના એવા ઘણા ભક્તો હોય છે કે જે શિર નમાવીને એની પૂજા શરૂ કરી દે છે. પરંતુ આવી પૂજાનાં પરિણામ કેવાં આવે છે એનો વિચાર કરવો જોઇએ. ' ફ્રાન્સને યાદ કરો ' એ એક જ સૂત્ર તે સૌને આજે સંભાળવા જેવું છે.×

સોંઘું માનવ

[પ્રતિકાવ્ય]

(' જૂનું તો થયું રે, દેવળ જૂનું તો થયું ')

જૂનું તો થયું રે ભાઇ! જૂનું તો થયું,
પેલું માનવદયાનું ગાણું જૂનું તો થયું!

આજે પૃથ્વી તો ભાઇ! ડોલવાને લાગી રે,
શોણીતસાગરમાં જગ તો ડૂબ્યું–ડૂબ્યું રેઃ
પેલું માનવદયાનું ગાણું જૂનું તો થયું!

આજે અવનીમાં ભાઇ! નવતર લીલા મેં ભાળી,
રુધિરની પ્યાસે જગ તો ઘેલું બાવરું રેઃ
પેલું માનવદયાનું ગાણું જૂનું તો થયું!

સોંઘું સોંઘું રે આજે જગમાં સૌ કે છે સોંઘું!
માનવ બિચારું સૌમાં સોંઘું ભાળ્યું રે!
પેલું માનવદયાનું ગાણું જૂનું તો થયું!

પ્રલયનું પૂર આવ્યું, માનવ જીવતું સિઝાયું,
લાખે કરોડે ગણતાં હૈયું દાઝયું રેઃ
પેલું માનવદયાનું ગાણું જૂનું તો થયું!*

જયોત્સ્ના શુકલ

× " જન્મભૂમિ "ના એક અંકમાંથી.
* " રસાનિક સ્વરાજ્ય " માસિકના છેલ્લા અંકમાંથી.

નારાયણ કે નરોત્તમ ?

રામજી—પાયલાગણ, મહારાજ! આજ એક પ્રશ્ન પૂછવા ધારું છું; આજ્ઞા હોય તો પૂછું.

ફકીર—ખુશીથી પૂછ, બેટા.

રામજી—શાસ્ત્રમાં લખ્યું છે કે મનુષ્ય જ ઈશ્વર થઈ જાય છે. મને એમ થાય છે કે તે કેમ થઈ શકે ? કેટલા દોષોથી હું ભર્યો પડયો છું ! હું શી રીતે આશા કરું કે હું કયારેયે ઈશ્વર થઈ શકીશ ?

ફકીર—કયા શાસ્ત્રમાં લખ્યું છે કે મનુષ્ય ઈશ્વર થઈ જાય છે ?

રામજી—શું આપે આ કહેવત નથી સાંભળી કે, ' નર કરણી જો કરે, નરનો નારાયણ હો જાય ! '

ફકીર—હા, એ કહેવત તો મેં સાંભળી છે. પણ કહેવત કાંઈ શાસ્ત્ર ન કહેવાય.

રામજી—તો શું એ કહેવત શાસ્ત્ર પ્રમાણે નથી ?

ફકીર—એનો તો વિચાર કરવો જોઈશે. નારાયણ થવું એટલે શું થવું ?

રામજી—ઈશ્વર, ભગવાન, ખુદા, અલ્લા બની જવું ! ભગવાનમાં અને પોતામાં કશો ભેદ ન રહેવો !

ફકીર—ભગવાન, ખુદા, અલ્લાહ એટલે કોણ ?

રામજી—કોણ કેમ ? તે જ જેણે આ સર્વ દુનિયા રચી છે !

ફકીર—ઠીક ત્યારે જો, કોઈ નરનો નારાયણ થઈ જાય, એટલે તે પણ શું દુનિયા રચવા લાગી જાય છે ? એ જગતનું સર્જન, પાલન અને સંહાર કરવાની શક્તિ પામે છે ?

રામજી—એ...મ તો.....નથી લાગતું. પણ આત્મા અને ભગવાન અસલમાં એક જ છે, એ વાત શું સાચી નથી ?

ફકીર—જો અસલમાં બંને એક જ છે, તો પછી કરણી કરીને થવા ન થવાની વાત નથી રહેતી ! તું તો કરણી કરીને નારાયણ બનવાની વાત કરે છે. માટે જ પૂછું છું કે નારાયણ થવું છે એટલે શું બનવા ઇચ્છો છે ?

રામજી—તો આપણે કયા ધ્યેયથી પુરુષાર્થ કરવો જોઈએ ?

ફકીર—આત્મા અને ભગવાન વચ્ચે નિશ્ચિત કેવો સંબંધ છે તેનો નિર્ણય કરવાની બાંધગડમાં જ ન પડો. તમે આ વખતે મનુષ્ય છો એટલો તો નિશ્ચિત અનુભવ કરો છો ને ?

રામજી—છ, હા.

ફકીર—ઠીક. તો હવે ઉત્તમ મનુષ્ય કોને કહેવાય, એ વિષે તમારો શો મત છે ?

રામજી—બુદ્ધ, મહાવીર, રામ, કૃષ્ણ, ઇશુ જેવા મહાપુરુષોને હું ઉત્તમ મનુષ્યના નમૂના સમજું છું.

ફકીર—અને સિકંદર, નેપોલિયન હિટલર જેવાને કેવા સમજો છો ?

રામજી—એ ઘણા બહાદુર અને પરાક્રમી તો કહેવાય, પણ મને આદર્શ નથી લાગતા.

ફકીર—કેમ ? આદર્શમાં તમે કેવા ગુણ આવશ્યક માનો છો ?

રામજી—પવિત્ર જીવન, સંયમ, પરદુઃખભંજન, નિર્ભયતા, જ્ઞાન તથા ઊંચા ચારિત્રને ઊંચે ચડાવનારા ગુણો.

ફકીર—અને પરાક્રમ, સાહસ, વીરતા, નીડરતા વગેરેને જરૂરી નથી માનતા ?

રામજી—હા, એ પણ જોઇએ. પણ તે સાથે ક્રૂરતા, સ્વાર્થ, લોભ, દ્વેષ વગેરે ન હોવાં જોઇએ.

ફકીર—એટલે કે તમે ક્રૂરતા, લોભ, સ્વાર્થ, દ્વેષ વગેરેને ઉત્તમ મનુષ્ય બનવામાં દોષરૂપ અને પવિત્રતા, સંયમ, પરદુઃખભંજન, નિર્ભયતા, જ્ઞાન, ઉચ્ચ ચારિત્ર વગેરેને યોગ્ય સમજો છો ? અને, તેથી સિકંદર વગેરે પરાક્રમી હોવા છતાં તમને મનુષ્યના આદર્શથી દૂર થયેલા લાગે છે ?

રામજી—જી હા.

ફકીર—હવે નરના નારાયણ થવું, અને નરના નરોત્તમ થવું એટલે મનુષ્યનું મનુષ્યત્વ વધારવું, એ બેમાંથી કયું ધ્યેય તમે સહેલાઈથી સમજી શકો છો, અને ધીમે ધીમે કે ઉતાવળે પ્રાપ્ત કરવાની આશા કરી શકો છો ?

રામજી—મનુષ્યત્વ વધારવાનું.

ફકીર—બરાબર છે. તો નારાયણ બનવાની ચિંતા છોડી દો, અને નારાયણની કૃપાથી ઉત્તમ નર બનવાની જ ઇચ્છા અને પુરુષાર્થ કરો.* કિ. ઘ. મશરૂવાળા

લોકશાસન એટલે ?

લોકશાસન એક ભાવના છે, જીવનવ્યવહારનો એક પ્રકાર છે અને એ ભાવના ફેલવાય અને વિકસે એ આપણું સહુનું લક્ષ્ય હોવું ઘટે. મારે ભાગે ઘણાં વર્ષો સુધી રાજ્યબંધારણોનો અભ્યાસ કરવાનું આવેલું છે, અને અમલદારી કારકિર્દીના સંજોગોને લીધે હિંદનાં બીજાં રજવાડાંમાં આવેલી લોકશાસન સંસ્થાઓના સંચાલનનો તટસ્થ દૃષ્ટિએ અભ્યાસ કરવાના પ્રસંગો પણ મને પ્રાપ્ત થયા છે. એ અનુભવ ઉપરથી, લોકશાસિત કહેવાતી સંસ્થાઓના સફળ સંચાલન માટે જે તત્ત્વો મને મૂળરૂપ લાગ્યાં છે તે હું આપને દર્શાવું ? હું કહું છું તેમાં નવું કશું નથી. પરંતુ સુપરિચિત સત્યોના પુનરુચ્ચારણમાં પણ લાભ રહેલો છે. એ સંબંધમાં ત્રણ મુદ્દાઓ ઉપર હું ભાર મૂકું છું.

પ્રથમ તો, લોકજીવનનાં બધાં પાસાં એકબીજા સાથે સંકલિત છે. એને નોખાં પાડી શકાય નહિ. લોકજીવનના સામાજિક, આર્થિક અને રાજકારણી પાસાંને આપણે એકબીજાથી અલગ કરી શકીએ નહિ આ બધાં પાસાંનો સુસંગત વિકાસ થવો જોઇએ. મધ્યયુગના જમાનાને લાયકની સામાજિક ભાવનાઓ સાથે આપણે અર્વાચીન ઢબના રાજ્યબંધારણનો મેળ ન જ મેળવી શકીએ. એક અનિષ્ટનો આપણે દાખલો લઈએ-જેને "અસ્પૃશ્યતા" કહેવામાં આવે છે તે. 'દલિત વર્ગો"—જે શબ્દપ્રયોગનો તો નાશ થવો જોઇએ-તેનું પ્રતિનિધિત્વ ધારણ કરતા સભાસદે એ હકીકત તરફ ધ્યાન ખેંચ્યું છે કે એ વર્ગોના પ્રાથમિકમાં પ્રાથમિક મૂળભૂત હકોનો પણ ધિક્કાર કરવામાં આવે છે. લોકશાસનના મૂળભૂત ખ્યાલને આ પ્રકારની સ્થિતિ પ્રતિકૂળ છે. તે જ પ્રમાણે આપણા ગ્રામપ્રદેશમાં પ્રવર્તે છે તેવી આત્યંતિક મરીબી અર્વાચીન ઢબની લોકશાસન સંસ્થાની રચના માટે સલામત પાયો પૂરો ન જ પાડી શકે. બીજા મુદ્દા ઉપર હું ભાર મૂકવા ઇચ્છું છું તે, શ્રીમંત મહારાજા સાહેબના ઢંઢેરાના શબ્દોમાં કહીએ તો રાજકર્તા અને રાજ્યના પ્રજાજનો વચ્ચે તથા પ્રજાના બધા વર્ગો વચ્ચે હિતસંબંધોની રહેલી એકરૂપતાનો છે. રાજ્યબંધારણ વિષેના

* "શિક્ષણ અને સાહિત્ય"ના ઑગસ્ટ '૪૨ના અંકમાંથી.

લેખકોએ આ સિદ્ધાન્તની રજુઆત જુદી જુદી રીતે કરેલી છે. દૃષ્ટાંત તરીકે નીચેની એક કલમે પણ આ સિદ્ધાન્ત રજુ થાય છે.

રાષ્ટ્રજીવનની મુખ્ય મૂળભૂત બાબતોમાં લોકોના બધા વર્ગોમાં એક સમજ દોરી, એ લોકશાસનની સફળતા માટે ખાસ જરૂરી વસ્તુ છે. ચર્ચા દરમ્યાન ગ્રામદિતો અને શહેરી દિતોનો, જુદા જુદા વર્ગો અગર કોમોનાં તેમ જ રાજ્યના જુદા જુદા વિભાગોના દિત સંબંધોનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. આ ખ્યાલ પૂર્ણપણે વાસ્તવિક નથી. રાજ્યના બધા ભાગો અને બધા વર્ગો એકબીજા સાથે સંકળાયેલા છે, અને તેમાં ભેદ કે સંઘર્ષ જ નહિ. આપણે " લઘુમતિ કોમો "નો નિર્દેશ થયેલો સાંભળ્યો. આ શબ્દ મને નથી ગમતો. દાખલા તરીકે ઇંગ્લેંડમાં ' સરકાર " અને " વિરોધ બાજુ " હોય છે. કયે વિરોધના નેતા માટે રીતસર પગાર બાંધેલો હોય છે તે ઉપરથી સમજી શકાશે કે ત્યાં વિરોધ કહેવાતી બાજુની સ્થિતિ કેવા પ્રકારની હોય છે. હું જે મુદ્દાની સ્પષ્ટતા કરવા ઇચ્છું છું તે આ દૃષ્ટાંતમાં પ્રત્યક્ષ થાય છે.

લોકશાસન એટલે બહુમત વડે જ રાજ્યતંત્રનું સંચાલન, એવો અર્થ કરવાનો નથી. લોકશાસન એટલે પરસ્પરની સગવડનાં મૂળ, બાંધછોડ, સહિષ્ણુતા અને સમજદારી. બહુમતે પ્રથમ દક્ષાની ઉત્તમ વસ્તુ મેળવ્યા કરતાં સર્વસંમતિથી બીજી દક્ષાની ઉત્તમ વસ્તુનો પણ સ્વીકાર કરવા આપણે તૈયાર રહેવું જોઇએ. એ વસ્તુની પાછળ જે ભાવના રહેલી છે તેની જ કિમત છે. લોકશાસનનાં ઘણાં સ્વરૂપ હોય છે, અને પ્રત્યેક રાજ્યે અગર વહીવટી એકમે પોતપોતાને વધારેમાં વધારે અનુકૂળ થઇ પડે તેવું સ્વરૂપ ઘડી લેવું જોઇએ. ગયા યુદ્ધ પછી તરત જ લોકશાસિત રાજ્યતંત્રોના સંચાલનના શાસ્ત્રીય અભ્યાસમાંથી તારવેલા સારનો સરવાળો લોર્ડ બાઇસે " મૉડર્ન ડિમોક્રસીઝ " નામના પોતાના પુસ્તકમાં આપેલો છે. એમણે લખ્યું છે કે પ્રજાકીય રાજ્યતંત્રો મેળવવાની મહેનત કરવામાં આવે છે અને મેળવવામાં પણ આવે છે, તેનું કારણ એ નથી કે એ જાતનાં તંત્ર સ્વતઃ સારાં જ હોય છે. પરંતુ એમાં સહી લેવાતી મુશ્કેલીઓ અને એમાંથી મળવાના સંભવિત લાભને વિચારે જ એ તંત્રો મેળવાય છે, એવાં પ્રજાકીય રાજ્યતંત્રમાંથી ધારેલા લાભ મળી શકે નહિ, તો રાષ્ટ્રો " રાજ્યતંત્રની નવી પદ્ધતો " પણ સ્વીકારી લે, એ બનવા જોગ છે. નાઝીવાદ, ફાસીસ્ટવાદ ઇ૦ નો ઉદ્‌ભવ થયા પહેલાં લખાયેલા આ શબ્દો ભવિષ્યવાણી સમા નીવડ્યા દેખાય છે ! લોકશાસન એ રાજ્યતંત્રના વિકટમાં વિકટ પ્રકારોમાંનો એક છે. લોકોનાં દિત સાધીને જ એ રાજ્યતંત્રે પોતાની આવશ્યકતા પૂરવાર કરવાની રહે છે. અને આપ તેની ભાવના, પરસ્પરની સમજદારી તથા બાંધછોડની વૃત્તિને આપણામાં વ્યાપક બનાવી, પોષી તેને સજીવ રાખવી પડે છે.

આ રાજ્યબંધારણ આપનાર આપણા શ્રીમંત મહારાજા સાહેબની અને તેમની સરકારની કેવી તીવ્ર ઇચ્છા છે કે એ બંધારણ સારી રીતે કાર્યક્રમ નીવડે તથા રાજ્યની પ્રજાને સુખકર થઇ પડે, તેનો યોગ્ય રીતે વિકાસ થાય એ નિહાળવા તેઓ કેટલા તત્પર છે, એ કારણથી જ આજે મેં આ સામાન્ય સિદ્ધાન્તોનું વિવેચન કર્યું છે.*

* વરોદરા રાજ્ય ધારાસભાની ગત બજેટ બેઠકના ઉપસંહારપ્રસંગે ને. ના. દીવાન સાહેબે આપેલા ભાષણમાંથી.

ગુજરાતનું એક ગામડું

૧. ગામડાનો પરિચય

વડોદરા રાજ્યની મ્હારી લાંબી નોકરી દરમિયાન ગામડાની કામગીરીને અંગે તેની આંતરિક તપાસ કરવાના પ્રસંગો મને ઘણા મળ્યા હતા. ગામડાની અને ખેડૂતોની સામાન્ય સ્થિતિનું મને ઠીક જ્ઞાન હતું. સને ૧૯૧૧-૧૨ માં ખેડૂતોની કરજ્જરત સ્થિતિની તપાસ કરવામાં મને સારી માહિતી મળી હતી. તે પછી તરત જ સહકારી ખાતું મને સોંપવામાં આવ્યું હતું. તે અંગે પણ મારી મુસાફરીનો ઘણોખરો સમય ગામડામાં રહેવાનો અને ફરવાનો થતો હતો. તે પછી અધિકારી, સુબા તથા સરસુબાના હોદ્દાને લીધે ઘણી વાર ગામડામાં જવાનું થતું હતું. અને પ્રસંગોપાત સામાન્ય ખેડૂતોની રહેણીકરણી અને તેમની આર્થિક સ્થિતિ જોવાના ઘણા જ પ્રસંગો આવતા હતા. ગામડાની સ્થિતિના મેં ઘણા આંકડા ભેગા કર્યા હતા એટલે નવા ભેગા કરવાનો બિલકુલ ઇરાદો ન હતો. છતાં પણ મનમાં એમ જ લાગતું હતું કે મારે માત્ર બહારની તપાસ કરી બેસી ન રહેતાં ગામડાની સ્થિતિ સુધારવામાં શું મુશ્કેલીઓ આવે છે તેનો પ્રત્યક્ષ અનુભવ લેવો. આ ઇરાદાથી ૧૯૩૩ ના જાન્યુઆરીના અંતમાં એક દિવસ હું ઘેરથી નીકળ્યો અને વડોદરાથી પાદરા રોડ ઉપર જતા રસ્તામાં એક ગામ આવ્યું ત્યાં ઊતર્યો. ગામમાં બધું શૂન્યકાર દેખાતું હતું. આગલે વર્ષે હીમ પડવાથી પાકનો નાશ થયો હતો. આ વર્ષે પણ એવી જ સ્થિતિ ઉત્પન્ન થઇ હતી. કપાસ જે ગામનો મુખ્ય પાક હતો તે ઉભો પાક ઘણોખરો બળી ગયો હતો. તે દિવસે જે થોડા ખેડૂતો મળ્યા તે ઉપરથી માલમ પડ્યું કે તેમની સ્થિતિ ઘણી લાચાર થઇ પડી હતી. મહેનત અને ખર્ચ કરીને પકવેલો માલ તૈયાર થઇ લણી લેવા જેવો થાય અને તે બધો માત્ર એક રાતમાં નાશ થાય એથી ગરીબ લોકોની કેવી સ્થિતિ થાય તે તો જ્યારે પ્રત્યક્ષ જોઇએ ત્યારે જ ખ્યાલ આવે. સ્વાભાવિક રીતે લોકોને પૂછ્યું કે હવે શું કરશો ? તો કંઈ સંતોષકારક જવાબ મળ્યો નહિ. સરકારી અમલદારને સાધારણ રીતે ખરી હકીકત ન કહેવાય, કારણ કે જે રાહત સામાન્ય રીતે મળવાની હોય તે મળે નહિ એવી માન્યતા લોકોમાં ઘર કરીને રહેલી હતી. એ સાંજે તો સીમમાં ફરી પાકની સ્થિતિ જોઇ. સાધારણ વાતો કરી, ગામમાંથી જરૂરી-આતના થોડી માહિતી મેળવી અને પાછો ઘેર આવ્યો. લોકોની સ્થિતિ બિલકુલ સારી લાગી નહિ. સરકાર રાહત આપે અને કદાચ પૂરો વેરો માફ કરે તો પણ, તેથી વરસ નીકળે નહિ. ધરધંધા બીજા હતા નહિ. વડોદરા શહેર નજીક છે તો ત્યાં જઇને મજૂરી કરવી એ સિવાય બીજો તાત્કાલિક ઉપાય દેખાયો નહિ. અને મજૂરી બધા માટે મેળવવી એ પણ સહેલું કામ ન હતું. ગામના લોકો પુષ્કળ દેવાદાર હતા એટલે તેમને કોઇ નવું ધીરાણ કરે એવું પણ લાગ્યું નહિ. સાથે સાથે ગામલોકોએ જે જરૂરીઆતો બતાવી તેનો પણ વિચાર કરવાનો હતો. લોકો ગામમાં અને ગામમાં રહી કામ કરે અને સાથે ગ્રામસુધારણાનું કામ થાય એવો રસ્તો લેવાનો એક જ ઉપાય દેખાયો. મને પણ કામમાં રસ લાગ્યો અને લગભગ દરરોજ સાંજે તે ગામ જવા લાગ્યો. મારે મારા પોતાના વિચારો દાખલ કરવાને બદલે જે વિચારો લોકોમાં હોય તેને જ વેગ આપવો અને લોકોને પોતાની મેળે કામ કરતાં શીખવવું એ પદ્ધતિ સામાન્ય રીતે દાખલ કરવા નિશ્ચય કર્યો.

૨. પ્રથમના એક માસમાં નીચે પ્રમાણે કાર્યક્રમ ગોઠવ્યો : પ્રાથમિક કાર્યક્રમ

ક. ગામનું તળાવ પુરાઇ ગયું હતું તેથી તેમાં પાણી બારે માસ રહેતું ન હતું અને ઢોરને તથા માણસને પાણીની મુશ્કેલી પડતી હતી. તે દૂર કરવા માટે ગામ પંચાયતનાં ઘણાં વરસોથી લોકલ ફંડમાંથી બે પાઈ લેખે મળનારી રકમ ભેગી થઈ રૂા. ૭,૦૦–૮૦૦ ગામ ખાતે જમા થયા હતા. લોકોની ધારણા પ્રમાણે કામ રૂપિયા ૧૦૦૦ થી ૧૨૦૦ નું હતું. તેટલા રૂપિયા ભેગા ના થાય ત્યાંસુધી તેમાંથી ખરચ કરવાનો ઇરાદો ન હતો. મેં સૂચના એવી કરી કે સામાન્ય મજૂરીનો દર હોય તેથી અર્ધા દરે દરેક કુટુંબે ચોકડીઓ કરી આપવી; એટલે હાલ જે નાણું છે તેટલામાં તેથી ઘાર્યા કરતાં વધારે કામ થઈ શકશે. લોકોને તે પસંદ પડયું તેથી પ્રાંત પંચાયતના ઓવરસીઅરને બોલાવી કામની વિગત અને ખર્ચનો અડસટ્ટો કઢાવ્યો અને જરૂરના ઠરાવ કરાવી દોઢેક મહિનામાં કામ શરૂ કર્યું. તે સાથે ગામની ભાગોળમાં પાણી ભરાવાથી લોકોને ચોમાસા પછી ત્રણ ચાર મહિના જે અડચણ પડતી હતી તે માટે બીજા ગામની સીમમાં જતી નેળ સુધારી પાણીનો રસ્તો સરળ કરાવ્યો. આ પ્રમાણે ચોમાસું બેસતા પહેલાં બધું કામ થઈ ગયું.

ખ. તે સાથે દાણા વગેરેની જરૂરીઆતોની બાબ બોરાકની વસ્તુઓ જથાબંધ ભાવે મળે એ ઇરાદાથી એક નાની વખાર ઉઘાડી અને રોકડેથી માલ વેચવાનું ઠરાવ્યું. જૂજ પ્રસંગોએ તળાવની ચોકડીઓમાંથી અગર દૂધના વેચાણમાંથી આવનાર રકમ સામે ઉધાર આપવામાં આવતું.

ગ. ખેતીના ઉત્પન્ન સિવાય લોકોને દૂધની પેદાશ સાધારણ સારી થતી હતી. ગામનું દૂધ એક વેપારીને ઘણા ભોળા દરથી સવા રૂપીએ મણથી વેચવામાં આવતું હતું. પણ તેમાં લોકો ખુલ્લી રીતે પાણી રેડતા હતા. સામસામી છેતરપિંડીનો વહેવાર ચાલતો હતો. આ બંધ કરી લોકોની એક સહકારી મંડળી (વગર નોંધાયેલી) મારફતે વડોદરા શહેરના લોકોને ભેળસેળ વગરનું દૂધ રૂપિયા અઢીથી ત્રણના દરે વેચવાનું કર્યું અને લોકોના ઉત્પન્નમાં ફેર પડયો; વેચાણ નાણું વખતસર આવવા માંડયાં.

ઘ. દૂધની પેદાશમાં વધારો થાય અને તેની જાત સુધરે તે માટે આખા કપાસીઆને બદલે કપાસીઆનો ભીંજ અને દાળની ભૂકી આપવાની ગોઠવણ કરી. આથી દૂધની પેદાશ સાથે કસમાં સુધારો થયો અને પરિણામે પંદરથી વીસ ટકા ઉત્પન્નમાં વધારો થવા માંડયો.

ઙ. દૂધનો ધંધો બૈરાંનો એટલે તેમને સ્વચ્છતા વગેરે સારી રીતે શીખવવાને માટે એક સ્ત્રીપ્રચારકની નિમણૂક કરાવી. તે બાઈ સવારસાંજ બાઈઓને ત્યાં જાય અને તેમનાં વાસણ કેમ ધોવાં અને સ્વચ્છ કેમ રાખવાં એ બતાવે. ઘણાં વર્ષો સુધી દૂધની સહકારી મંડળીઓ કાઢવામાં મને અનેક મુશ્કેલીઓ પડેલી. દૂધની પેદાશ બાઈઓના હાથમાં હોય છે. પણ દૂધનો ધંધો ગામના આગેવાનો કરે છે. પોતાને થતો નફો જતો કરી ગામના લોકોના ફાયદા માટે સહકારી મંડળીઓ કાઢવાનું તેમને રુચતું ન હતું. એ માટે બીજો સાથે પ્રત્યક્ષ પરિચયમાં આવ્યા સિવાય બીજો માર્ગ ન હતો. તે સંભર્ગ માટે સ્ત્રીકાર્યકર્તાની જરૂર ઘણાં વર્ષોથી લાગેલી, પણ લાયક કાર્યકર્તા નહિ મળવાથી આ કામ પડતું મૂકવામાં આવેલું હતું તે હવે ફરીથી આદર્યું.

ચ. ચોમાસું બેસતાં પહેલાં આવતી મોસમ માટે સારું કપાસીઆનું બી વડોદરા ફાર્મ ઉપરથી લાવવા ગોઠવણ કરી અને તેને માટે જોઇતાં નાણાં એક નવીન સહકારી મંડળી કઢાવીને વડોદરા સેન્ટ્રલ સહકારી બેંકમાંથી ધીરાણ લઇ અપાવ્યાં. ગામમાં એક જૂની મંડળી હતી, પણ તે કામ કરતી ન હતી અને તેણે બેંકમાંથી લીધેલાં નાણાં પરત આપ્યાં ન હતાં. એટલે નવાં નાણાં લાવવા મુશ્કેલી પડી. પણ નવીન મંડળીમાં દાખલ થનાર સભાસદો કંઈક સારા હતા અને આવતી મોસમનો પાક સામટો વેચી નાણાં અદા કરવાનું ઠરાવેલું એટલે બેંકને કંઈક ભરોસો પડ્યો.

છ. આ ગામના લોકોમાં દારૂનું વ્યસન ઘણું જ હતું. ગેરકાયદેસર દારૂ ગાળવો અને દારૂ પી રાતના તોફાન કરવાનો તેમનો રિવાજ હોય એમ લાગ્યું. સાંજના હું ગામમાં આવતો હોવાથી કદાચ દારૂ પીવાનું મોકું રાખ્યું હશે. પણ મારા ગામમાં આવવા માંડ્યા પછી પંદરેક દિવસે મને જણાવવા લોકોએ આપસઆપસમાં વાત કરવા માંડી કે હવે ગામ-લોકોએ ઠરાવ કર્યો છે કે કોઇએ દારૂ પીવો નહિ અને પીશે તો દંડ કરશે, અને ખબર આપનારને ઇનામ મળશે. પંદર દિવસ પછી આબકારી ખાતાના માણસોએ ગામેગામ ઝડતી કરી અને ૭ ઘરો પૈકી છમાંથી ગેરકાયદેસર ગાળેલો દારૂ મળી આવ્યો. બીજે દિવસે સવારમાં પટેલના ઘરમાં પણ મહુડાનો કોયળો કોઇ નાખી ગયું. ઝડતી લીધેલા ૭ પૈકી બે આગેવાનો હતા. તેમના બધા ઉપર કામ ચાલી ભારે રકમનો દંડ થયો. તે પછી દારૂનું વ્યસન થોડા વખત સુધી જોવામાં આવ્યું ન હતું. પરંતુ લગભગ બીજે વર્ષે, દંડાએલા આગેવાનો હોળીના પ્રસંગે પીધેલા જોવામાં આવ્યા હતા.

જ. લોકોને એક બે બીજી સાર્વજનિક મુશ્કીલતો હતી. તેમની સીમમાંથી જતી રેલ્વેનું નાળું સાંકડું હોવાથી ચોમાસામાં પાણી ભરાઇ રહેતું અને તેથી પાસેના ખેતરોના પાકને નુકસાન થતું. બીજી એવી જ એક બે મુશ્કેલીઓ હતી તે રેલ્વે ખાતાને મળી દૂર કરાવવામાં આવી. આ બધી મુશ્કેલીઓ કોઇપણ રીતે સહેલાઇથી દૂર થઇ શકી ન હતી. દરેકમાં એક યા બીજી રીતે મુશ્કેલીઓ નડતી. એક બાજુ લોકોમાં સંપ નહિ, અને બીજી બાજુ મહાજન અને પંચાયત સાથે કામ લેવામાં મુશ્કીલતો પડતી. પંચાયતનાં નાણાં મહાજનમાંથી લાવવામાં દરેક વખતે કંઈક રકમ ખરચવી પડતી એમ પાછળથી જણાયું. આ રકમ આગેવાને લોકો-માંથી જ વસુલ કરવાની એટલે તેનો હિસાબ લખાય નહિ. તેથી ચોકડીઓના મકેનતાણામાંથી કાપી લેવાનું અંદરખાનેથી ઠરાવ્યું હોય એમ લાગ્યું; પણ બધા લોકોને તેની સમજ પડે નહિ તેથી ઘણી ગેરસમજ અને તકરારો થતી. પ્રથમ પણ બીજી બાબતોમાં ગરબડ થતી હશે એમ ભાસ થતો હતો. પણ જ્યાં સુધી આગેવાનો ઉપર પૂરા ભરોસો મુકાય નહિ ત્યાં સુધી આ મુશ્કીલતો વેઠી લેવાની રહી.

આવી રીતે ચાલુ વર્ષ તો કાઢ્યું અને લોકો પણ સારી રીતે નભી શક્યા. વૈશાખ મહિનામાં એક દિવસ સામના પટેલે મને જણાવ્યું કે ' સાહેબ, મને અને મારા ગામને સુધારી શકશો તો તમે આખી દુનિયાને સુધારી શકશો. ' મેં જણાવ્યું કે ' પટેલ, હવે મારું કામ પૂરું થયું છે, તમોને તમારી બાબીઓની જ્યારે ખાતરી થઇ છે ત્યારે આગળ ઉપર સુધારાનું કામ તો આખરે તમારું જ છે; હવે પગીનો રસ્તો સીધો જ છે અને તમારે

" ૬૨ માણસોને પાંડુ રોગ લાગુ પડયો હતો કે જે આંકડીઆ કૃમિને લીધે હશે તેમ અનુમાન થાય છે. વળી જે બીલવાડાના તમામ માણસો આંકડીઆ કૃમિને માટે તપાસવામાં આવે તો ઠીક પડશે એમ મારું માનવું હતું. કારણ વત્તાઓછા પ્રમાણમાં આ લોકોમાં રીકાશ લગભગ બધામાં જણાઈ હતી. ૩૬ માણસોની બરોળ મોટી હતી. અને ૪૯ માણસોને ટાઢીઓ તાવ આવતો હતો. લાયના દર્દીઓમાં પાંચ જણા હતા તેમાંથી બે વધુ આગળ વધેલા માલૂમ પડયા હતા. ચામડીનાં દર્દોમાં મુખ્યત્વે ખસનો આગ્રહ વિશેષ જણાયો હતો. ખસના દરદી ૨૧ ને ઇતર ચામડીના દરદીઓ ૧૭ જણાયા હતા. આંખનાં દરદો જેવાં કેનીજ, મોતિયા વગેરે જણાયા હતા. પાંચ વર્ષની અંદર બધાં મરોમાં થયેલ મરણની સંખ્યા ૨૫૨ ની જણાતી હતી. તેમાં છેલ્લા બે વર્ષમાં ૯ મરણ થયાં હતાં. "

ઉપરનું વૃત્તાંત મળ્યા પછી જે દરદીઓને હોસ્પિટલમાં સારવાર કરવાની જરૂર હતી તેમને ત્યાં મોકલવામાં આવ્યા. બાકીનાને હોસ્પિટલમાંથી દવા લાવવાની સૂચના આપવામાં આવી હતી. તે ઉપરાંત લોકોને ગામમાં જ ઘરગથ્થુ દવાઓ મળે એ માટે એક ઔષધાલય રાજ્ય અને ગામની મદદથી ઉઘાડયું. અને તેની વ્યવસ્થા શાળાના માસ્તરને સોંપી. આવેલી દવાઓ થોડાક વખતમાં ખપી ગઇ અને તેથી નવીન લાવી આપવામાં આવી મોઢાની શારીરિક સંપત્તિ ઘણી જ હલકા પ્રકારની હતી તેના કારણમાં ડૉક્ટરે નીચે મુજબ જણાવ્યું હતું:

" સાધારણ રીતે લોકો ત્રણ વખત ખોરાક લે છે. પરંતુ પોષણ તત્ત્વોનો પહોંચરો અભાવ દોષ છે. દૂધ, ઘી, શાક, ફળો વગેરેનો વપરાશ આર્થિક તંગીને લીધે ઓછો થયો દોષ એમ જણાય છે. "

છ. ચામડીનાં દરદોનું એક કારણ નહાવાની અને ધોવાની પૂરતી સગવડ નહિ દોવાથી દોષ એમ જણાયું. ગામના કૂવામાં પાણી સારું અને પુષ્કળ હતું, પણ નહાવાની સારી સગવડ ઘરોમાં ઘણી જ ઓછી જોવામાં આવી. ઘરમાં નહાવાની સગવડ દોતી નથી, પણ વાડામાં દોષ છે. તે વાડા ખુલ્લા દોષ છે અને તેથી બૈરાંને તો કપડાં પહેરીને જ નાહવું પડે. વાડા ન દોષ તેમને તો એથી પણ વધારે મુશ્કેલી. આ સગવડ ટાળવાને પ્રાંત પંચાયતને સૂચના આપી કૂવા પાસે બે ઓરડીઓ, એક સ્ત્રી અને બીજી પુરુષ માટે બંધી આપી. જેથી પાણી પૂરતા પ્રમાણમાં મળી લોકો મલાને રાખી સારી રીતે નાહી શકે. આ ખોલીઓ મારા વડોદરા છોડયા પછી તૈયાર થઇ હતી, પણ હમણાં તપાસ કરતાં એમ માલૂમ પડયું છે કે તેનો બિલકુલ ઉપયોગ થતો નથી તેનું કારણ એ હતું કે ઓછો આમ બહાર નાવે તે પુરુષોને રૂચતું ન હતું. પુરુષ અને સ્ત્રીઓની ખોલીઓ નજીક હતી તે પણ લોકોને ગમ્યું નહિ. બન્ને ખોલીઓ સ્ત્રીઓને માટે જ રાખી દોત તો ચાલી શકત, પણ ઉપર જણાવેલા અણવિશ્વાસને લીધે તેનો ઉપયોગ થયો નહિ. પંચાયતે ખર્ચેલા પૈસા બરબાદ ગયા હતા પણ તે માટે બાલ પ્રચાર કરવાથી તેનો ઉપયોગ થાય એમાં મને શંકા લાગતી નથી.

સ. લોકોનાં ઘરોની બાંધણી તથા સ્થિતિ તંદુરસ્તી જળવાય એવી ન હતી. ગામમાં પાકાં ઘર થોડાં હતાં. પાંચ સાત પાટીદારનાં, એક બ્રાહ્મણનું. બે પણ કારાગૃહનાં તે સિવાય બાકીના ખારાગા, કોળી અને ઢેડિયોનાં ઘર કાચિયા માટીનાં હતા. અંદરનાં રોનાં ઘર કંઈક સાગ હતાં. બંગડીનાં તેથી ઊતરતાં પણ પ્રમાં જ ગીચ હતાં. એક પોળ બેકારાનાં બા

સારાં અને નવી બાંધણીનાં હતાં. આ ગામમાં મુખ્ય વસ્તી બારીઆઓની હતી. એમના ઘરમાં ઢોર અને માણસ સાથે જ રહે. તેમનું આખું કુટુંબ સામાન્ય રીતે એક જ ખોલીમાં રહે. કોડીઓનો આંતરો રાખી રાંધણી પણ ત્યાં જ હોય. કોઇપણ ઘરમાં પાછળના ભાગમાં બારીઓ રાખવાનો રિવાજ ન હતો. આગની બીકથી અને ઢોરને પવન લાગે એ કારણથી બારી ન રાખવી એવી લોકોની દૃઢ માન્યતા હતી. આખું કુટુંબ પછી ભલે તેમાં ઘરણેલા છોકરા છોકરીઓ હોય તો પણ સાથે સૂઇ રહે. આથી મલાજો અને સ્વચ્છતા ના સચવાય એ દેખીતું જ હતું. ઘણા ઘરમાં દિવસે દીવો કરે ત્યારે જ ઘરની અંદરની વસ્તુઓ જોઇ શકાય. ઘરોમાં મોટા ફેરફાર કરાવવાની સગવડ ન હતી એટલે ચાલુ ગોઠવણમાં થોડા ફેરફારો સૂચવવામાં આવ્યા, પણ તે લોકોના મનમાં ઊતર્યો નહિ. થોડાં ઘરોમાં ભલે જરા સારી સગવડ થાય એ રીતે ફરીથી ગોઠવણ કરી આપી કે જેથી આખું કુટુંબ જુદી જુદી ખોલીમાં વહેંચાઇ જઇ સૂઇ રહે, અને રાંધણીની ધૂણી આખા ઘરમાં ન ફેલાય. લગભગ ૫૦ ઘરમાં નવી બારીઓ ભીંતોમાં દાખલ કરાવી કે જેથી હવા અજવાળું સારા પ્રમાણમાં આવી શકે, પણ આ સુધારો લોકોને બહુ પસંદ પડ્યો હોય એવું લાગ્યું નહિ.

૪. આગલે વર્ષે ભેંસોને અપાતા ખોરાકમાં કપાસીઆની મિંજ અને દાળની ચૂની આપવાથી વધારે અને સારું દૂધ પેદા થયું હતું. શરૂઆતમાં આ ફાયદો લોકોએ ભને જણાવ્યો ન હતો. તેનું કારણ એ હતું કે ભેંસ વધારે દૂધ દે છે એમ જણાવવામાં આવે તો 'ટોકાય' એટલા માટે એ વાત છાની રાખતા. પછીથી જ્યારે વાત જણીતી થઇ ત્યારે લોકોને નવો ખોરાક પસંદ પડ્યો. પ્રથમના બે લૉટ પૂરા થયા પછી ત્રીજો મંગાવવાની વાત આવી ત્યારે આણેવાનો તરફથી આનાકાની બતાવવામાં આવી તેનાં બે કારણો માલૂમ પડ્યાંઃ જે વેપારી ગામનું દૂધ લેતો હતો તેને આવી રીતે સહકારથી દૂધ વેચવા દેવું પાલવતું ન હતું. એણે કેટલાક આણેવાનને ફોડી આ બધી પ્રવૃત્તિઓ તોડી પાડવા પેંતરો રચ્યો હતો. આથી આણેવાનોએ જણાવ્યું કે શરૂઆતમાં ફાયદો થયો એ વાત ખરી, પણ હવે એ ફાયદો રહ્યો નથી. કેટલાક તરફથી બીજો પણ વાંધો બતાવવામાં આવ્યો કે આથી ઢોર ચૂસાઇ જાય છે માટે આવો તાત્કાલિક ફાયદો અમારે જોઇતો નથી. એના દાખલારૂપે તેમણે જણાવ્યું કે મુંબઇના ઢોરવાળા સખ્ત ખોરાક આપી એક વેતરમાં ઘણું દૂધ કાઢી ઢોરને નકામું કરી મૂકે છે. આથી એ કોઇપણ રીતે અમને ફાયદાકારક નથી. એ વખતે કપાસિયાનું મિંજ નવસારીથી મંગાવવામાં પણ કેટલીક મુશ્કેલીઓ નડી. એટલે નાઇલાજે ઢોરના ખોરાકમાં બદલી કરવાનું પડતું મૂકવામાં આવ્યું. આણેવાનો પણ આ વ્યવસ્થા કરવામાં કંઈક આળસુ જણાયા. આ જ વખતમાં ગામનાં ઢોરોમાં રોગચાળો શરૂ થયો. પ્રથમ બે ભેંસો મરી ગઇ. એની ભને ખબર પડી એટલે પશુરોગચિકિત્સકને રસી લઈ ગામે મોકલ્યા. પણ લોકોએ રસી મૂકવા દીધી નહિ. આ વખતે બીજા કોઇ કારણસર ગામ જઇ શકાયું ન હતું. એટલે બીજા ગૃહસ્થને મોકલી પટેલને સમજાવી તેમના ઢોરને રસી મુકાવી. બીજા થોડાએ પણ તેનો લાભ લીધો પણ ગામના ઘણા લોકોએ તો સાફ ના પાડી. કારણ તપાસતાં માલૂમ પડ્યું કે જેમણે કેટલાક માણસોને બાજુના ગામે માતા હતા ત્યાં ઢોરો કરાવવા મોકલ્યા હતા. અને ઢોરો બેચાર બે દિવસમાં આવે, તેવા વખતે ઢોરને રસી મુકાવવામાં આવે તો માતાને કૂદું પડે અને તેથી વધારે નુકસાન થાય. આવી સ્થિતિમાં જબરદસ્તીથી કરજ પાડવી એ વાસ્ત-

વિક ન હતું. છતાં જે સમજુ લોકો હતા તે બધાએ રસી મુકાવી. રોગ ૧૦-૧૫ દિવસ ચાલ્યો અને તેમાં વીસેક ભેંસો મરી ગઇ. તેમાંથી એક વિધવા બાઇની હતી, જેને પોતાની એકની એક ભેંસમાંથી પોતાનો અને નાના છોકરાનો નિર્વાહ થતો હતો. ભેંસના મરણથી તે લગભગ નિરાધાર સ્થિતિમાં આવી ગઇ. આવા અનેક વહેમો લોકોમાં ચાલુ હતા. આ ગામના વહેમ સામે બાજુના ગામમાં તેની જુદી જ અસર થઇ. આ ગામમાં રોગચાળો શરૂ થયો છે તે બાજુના ગામમાં પ્રસરશે જ, એમ ગામના પટેલને લાગવાથી ડૉક્ટરને બોલાવી ગામના ૩૦૦ ઢોરોને રસી મુકાવી અને તેમને રોગમાંથી બચાવ્યા.

૮. સ્ત્રીપ્રચારકની નિમણુક કર્યા પછી ગામની સ્ત્રીઓમાં કંઇક જાગૃતિ જોવામાં આવી. પ્રથમ તો ઢોરની માવજતમાં અને દોહવાની રીતમાં કંઇક ફેરફાર થયો. વાસણ સ્વચ્છ રાખવામાં આવ્યાં. દૂધમાં પાણી નાખવાનો રિવાજ હતો તે પણ ધીમે ધીમે ઓછો થતો ગયો. ઢોરને કેવી રીતે સાચવવાં જોઇએ તે બતાવવા માટે ગામની લગભગ બધી જ સ્ત્રીઓને રાજ્યની મકરપુરા ડેરી ફાર્મ ઉપર જોવા લઇ ગયા. ત્યાં દૂધ દોહવાની રીત પહેલેથી તે છેલ્લે સુધી બતાવી. એક મિત્રે બે મોટી લૉરીઓ વગરલવાજમે આણી આપી. તેમાં બેસાડી બાઇઓને મોકલાવી. સાથે સાથે શહેરમાં આવેલું સરકારી સ્ત્રીપ્રસૂતિગૃહ પણ બતાવ્યું કે જેમની મરજી હોય તે ત્યાં ખુશીથી જઈ શકે. આ બાઇઓની માન્યતા એવી હતી કે એ બધાં દવાખાનાં મોટા શહેરના પૈસાદાર લોકો માટે જ છે, ગરીબને માટે નથી. તે ઉપરાંત લેડી ડૉક્ટરને બોલાવી બાળઉછેરની સ્લાઇડો મેજીક લેન્ટર્ન વડે બતાવી. પ્રચારક બાઇએ દરેક ઘરમાં જઈ શું શું સુધારા કરવા તેની માહિતી આપી. બે વરસને અંતે કંઇક ફેરફાર જોવા. ગામમાં સ્ત્રી મંડળ કાઢી. તેમાં બે ત્રણ વરસમાં રૂપિયા ૧૫૦ જમા કરાવ્યા હતા. એક કોમની સ્ત્રીઓ બીજી કોમની સ્ત્રીઓ સાથે મળતી ન હતી તે ગરબા જોવા પ્રસંગો જોવાથી સાથે મળતી થઇ. કપડાં અને ઘરની સ્વચ્છતામાં કંઇક સુધારો જોવામાં આવ્યો **પણ આ પ્રવૃત્તિઓ લાંબો વખત ચાલી નહિ.** સહકાર્યથી દૂધના વેચાણમાં ઘણા પ્રયત્નો કર્યા છતાં બાઇઓએ પાછળથી દૂધમાં પાણી રેડવાનું શરૂ કર્યું અને તે કારણે દિવસે દિવસે ઘરાકી બંધ થતી ગઇ અને છેવટે મંડળી બંધ કરવાનો પ્રસંગ આવ્યો. આ બાબતમાં ગામના આગેવાનોનો પુરો સહકાર મળ્યો નહિ.

૯. ગામની ખેતી સુધારવા માટે થોડા ઘણા પ્રયત્નો આદર્યા. ઘણી વખત આગેવાનોને વડોદરાના મૉડલ ફાર્મ ઉપર મોકલવામાં આવતા અને જે પ્રયોગો થતા તેની માહિતી આપવામાં આવતી. ફાર્મના મેનેજરને પણ ખેતીમાં થતા રોગ કે કપાસમાં લાગતા સુકારાની તપાસ માટે બોલાવતા. ઝાડની કલમો પણ ત્યાંથી ગામને મળતી. રાસાયણિક ખાતરોનો ઉપયોગ કેમ કરવો તેના અખતરા પણ કરાવવામાં આવતા.

૧૦. ગામની સ્વચ્છતામાં ગામનોકરોથી જૂજ કામ થતું હતું. બધા જ વાળનારા વડોદરામાં બાગ બાતામાં નોકર હતા, એટલે અઠવાડિયામાં એકાદ વખત ગામનો થોડો ભાગ સાફ કરે. ગામમાંથી મળતો ટૂંકો પગાર અને જૂજ જમીન આપેલી તેથી આખા દિવસનું કામ તેમનાથી લઇ શકાય તેમ ન હતું. થોડાને કમી કરી એક બે સારા માણસોને પૂરતો પગાર આપી રાખવામાં આવે તો જ કામ સારું થાય; પણ આ સવાલ રાજ્યની આ સંબંધી નીતિનો રહ્યો. છતાં પણ ગામનોકરો કંઇક વધારે સારું કામ આપે એ માટે

રાજ્ય તરફથી વડોદરાની આસપાસનાં વીસ ગામો માટે મિલીટરીના એક નિવૃત્ત થયેલા સુબેદાર મેજરને* મહારાજાના હીરકમહોત્સવના પ્રસંગે ગામડાની સ્વચ્છતા સુધારવા માટે રાખવામાં આવ્યા હતા. તેમની સારી દોરવણીથી ગામમાં સારો સુધારો થયો હતો.

એવો જ પ્રકાર ગામના રખા–વરતણીઆનો હતો. કપાસની મોસમમાં ગામને રૂ. ૧૦૦૦ થી ૧૫૦૦ પહાણુ અગર એવી જાતના બીજા લોકોને સીમ સાચવવાના કામ માટે આપવામાં આવતા હતા. આ રકમ ગામના પ્રમાણમાં ભારે ગણાય. ગામના રખાઓ આ કામના ઉપયોગી ન હતા. રકમનો વિનિમય કરવામાં ગામના આગેવાનોમાં ઘણી જ તકરારો જોવામાં આવતી. અંદર અંદર કુસંપને અને ખોટી સ્પર્ધાને લીધે ગામને ઘણું ભોગવવું પડતું હતું.

રખા વરતણીઆની ફરજને વધારે સારી રીતે ગોઠવાય અને તેમનો લાભ ગામને પૂરતો મળે એ ઇરાદાથી આ સવાલ પણ ગામનોકરના પ્રશ્ન સાથે જુદો રાખ્યો. એનો નિકાલ એકાદ ગામ માટે સહેલાઇથી લઇ શકાય એમ ન હતું. ગામઆગેવાનોને સમજાવી ઓછા ખરચે કામ થાય અને આ ખરચનો હિસાબ ચોખ્ખો રહે એવી તજવીજ કરી. ગામનોકર ગામની નોકરી જેવી જોઇએ તેવી કરતા નથી એવી ખાતરી થઇ. અમે તેટલી સખ્તાઇ કરવામાં આવે તો પણ તેમની પાસે ઓછામાં ઓછું જરૂરનું કામ લેવું એ મુશ્કેલીનું હતું. ગામ નોકરમાં પટેલ પછી તલાટી મુખ્ય ગણાય છે. પણ તલાટીનું મોં પણ ગામમાં ભાગ્યેજ જોવામાં આવતું. તલાટીને સજ્જના ગામમાં રહેવાનું ફરજિયાત હતું છતાં તે ત્યાં રહેતો ન હતો. એ કારણે એકને બરતરફ કરવામાં આવ્યો અને બીજાને લાવવામાં આવ્યો તે ગામમાં હાજર રહેતો, પણ કામમાં બિલકુલ ઉત્સાહ અગર રસ લેતો ન હતો. એટલે બહુ ઉપયોગી થતો ન હતો. એનો આખો નોકરીનો આશય જ જુદા પ્રકારનો હતો. બીજા મુલકી ખાતાના નોકરોની પણ પૂરતી સહાનુભૂતી ન હતી. ફરજ પાડવાથી ઓછામાં ઓછું કામ થાય પણ તેમાં લાગણી ન હતી.

૬. ગામ વિશ્વામિત્રી નદીને કિનારે આવ્યું હતું. આથી તેના કિનારા ઘણે ઠેકાણે ધોવાઇ જઇ તેમાં કોતરો પડી ગયા હતાં. આવી જાઇઓમાં વાંસનો સારો ઉછેર થઇ શકે છે, અને ધોવાણ અટકે છે એ બીજે ઠેકાણે જોયું હતું. વિશેષમાં વાંસ એ ઉપયોગી ઝાડ છે અને સહેલાઇથી રોપી શકાય છે તેથી વાંસની આંખોના રોપ જંગલ ખાતામાંથી, એક મિત્ર મારફતે રત્નાગિરિ તરફથી અને બીજા એક બે ઠેકાણેથી મંગાવી ગામની સીમમાં અને લોઢાના વાડામાં રોપાવ્યા. તેમાંથી કેટલા ઉગી નીકળ્યા હતા તે મેં હમણાં જ જોયા હતા. ગામ અને સીમની પડતર જમીનમાં ઝાડ ઉછેરવાનો સવાલ અતિમહત્ત્વનો છે અને તે તરફ ખાસ લક્ષ આપવાની જરૂર છે.

૭. પ્રચારક બાઇ તરફથી અનેક જાતના સામાજિક પ્રશ્નો લાવવામાં આવતા. ગામની બાઇઓ આ બાઇને પોતાના સુખદુઃખની વાતો ઘણી સારી રીતે કરી શકતી, છુપી મદદ કરવા માટે કેટલીક માહિતી લાવતી. આગેવાનોની સ્ત્રીઓ પણ તેમના ધણીના વર્તન સામે

---

*નોંધ:—આ અમલદારનું નામ સુબેદાર મેજર અબ્દુલ્લા હતું. તેઓએ નવસારીમાં મેલેરીઆનો ઉપદ્રવ અટકાવવામાં, ૧૯૨૬ના જળપ્રલય વખતે અને વડોદરા શહેરની સ્વચ્છતા સંબંધમાં માહિતી આપવામાં ઘણી જ કીમતી કામગીરી કરી હતી. આ વર્ગના માણસોનો દેશમાં જેવો થવો જોઇએ તેવો ઉપયોગ થતો નથી. શાળાઓમાં કસરત કરાવવામાં અને ગામડા અને શહેરમાં સ્વચ્છતા માટે સારી કામગીરી તેઓ આપી શકે છે.

ફરીઆદ કરતી. બાધના પ્રચારને અંતે કેટલાંક ઘરોમાં સંપ વર્ત્યો હતો. ગામડાનું જીવન જેટલું ધારીએ છીએ એટલું સુખી અને સંતોષી ન હતું. ગામની સ્ત્રીઓની ઉન્નતિનો સવાલ ઘણો જ મુશ્કેલ છે અને તે માટે સ્ત્રીકાર્યકર્તાની અવશ્ય જરૂર છે.

ત. ગામમાં નવીન ઉદ્યોગ દાખલ કરવાને થોડી મહેનત કરી. વેપાર ઉદ્યોગ ખાતામાંથી વણાટશિક્ષકને લાવી ત્યાં વણાટનો અને કાંતવાનો વર્ગ ઉઘાડ્યો અને લગભગ એક વર્ષ ચાલુ રાખ્યો. લોકોના ઘરની સ્થિતિ જોતાં ખેડૂતો વણવાનું કામ કરે એ અશક્ય જ હતું; કાંતવાનું અને પાટી વણવાનું કામ થઇ શકે એમ હતું. ગામના છોકરાઓએ તેનો થોડો લાભ લીધો અને શાળામાં પાટી વણવાનું થોડો વખત રાખ્યું. પણ મારી ખાતરી હતી કે જ્યાં પૈસા પેદા કરવાનો ઉદ્દેશ છે ત્યાં જે ધંધામાંથી ખેડૂતો પેદાશ લે છે તેમાંજ પ્રથમ સારા સુધારા કરવા અને તેમાં જ તેમને ખંતીલા કરવા. મારા અભિપ્રાય પ્રમાણે ખેતી તેમ જ ઢોરની ઓલાદ સુધારવી એ ગ્રામસુધારણામાં પહેલું પગથીઉં છે. સારાં બી અપાવવાં, ખાતર સારી રીતે તૈયાર કરાવવું અને જરૂર હોય ત્યાં નવીન લાવવું, ત્યાંથી શરૂઆત થવી જોઇએ અને તે દિશામાં મેં બનતી મદદ કરી. આ વખતે એસોસ્મીક કંપનીને વડોદરામાં પેટ્રોલીઅમ મશીનરી મૂકી દૂધ મુંબઇ મોકલવાનો વિચાર હતો. તેમની સાથે મળી આ ગામથી બે વખત દૂધ મુંબઇ મોકલાવ્યું અને એ ધંધામાં ફાવતું આવતાં ગામ લોકોને પણ તેમાં કંઇક ઉત્સાહ આવ્યો. લોકો ઢોર વધારે રાખી દૂધની પેદાશ વધારવા ખાસ આતુર જણાયા. તેને માટે પાણીનો સારો જથ્થો જોઇએ. ગામની સીમમાં કૂવાઓ ઘણા હતા. વરસો પહેલાં ગામમાં શેરડીનું વાવેતર થતું હતું, માટે ફરીથી ગામના કૂવાની તપાસ કરાવી. એક બાજોળના કૂવાઓમાં ચોપડુ પાણી નિકળ્યું જ્યારે બીજા ભાગમાં સારું પાણી મળ્યું. આ કૂવાઓ ઉપર વિજળી લાવી આપવામાં આવે તો પંપ મૂકી ઢોરોને ચારો ઉત્પન્ન કરી વધારે ભેંસો રાખવાનો નિશ્ચય ત્રણ ચાર આગેવાનોએ કર્યો. અને કૂવામાં બોરીંગ કરાવવા માટે સરકારમાં અરજીઓ કરી. આ ધરાદાયી વિજળી ખાતા સાથે મળી વિજળીના તાર ગામની સીમ સુધી નંખાવ્યા. હમણાં તપાસ કરતાં માલૂમ પડ્યું કે ત્રણ કૂવાઓ ઉપર વિજળીથી ચાલતા પંપ મૂકવામાં આવ્યા હતા. એમાં રાજ્યે સારી મદદ આપી હતી. તાર કૂવા સુધી સરકારખરચે લાઈ અપાયા અને મોટર અને પંપ સરકારે જૂજ ભાડેથી આપ્યા અને વિજળી બળનો દર ઓછો રાખ્યો. ત્રણ કૂવાઓ પૈકી એક કૂવો નકામો નીકળ્યો એટલે તેનું સાંચાકામ બીજા કૂવાવાળાને આપ્યું. ત્રણ કૂવાઓ પૈકી એક જ કૂવાવાળો બધ સાધનોથી સારો ફાયદો લે છે એમ મને જણાવવામાં આવ્યું છે. પણ મેં જે ઉદ્દેશથી આ કામ હાથમાં લીધું હતું કે દૂધનો ધંધો બીજાઓ એ મારે પડકું તથી. આવા કામમાં સતત દોરવણીની જરૂર હોય છે. મારી દિવસે દિવસે ખાતરી થતી જાય છે કે ખેતી સિવાય, ઉદ્યોગમાં ઢોર ઉછેર અને દૂધનો ધંધો ગુજરાત માટે સારામાં સારો ગણાય અને તેને જેટલું મહત્ત્વ આપીએ તેટલું ઓછું.

૪. ગામ સાથેના સંસર્ગથી છૂટા પડયા એટલે મળેલો અનુભવ

મારો ગામ સાથેનો સંબંધ ૧૯૨૬ ના ડિસેમ્બરમાં જ્યારે મારે વડોદરા છોડવું પડ્યું ત્યારે પૂરો થયો. ધાર્યા પ્રમાણે પરિણામ આવ્યું ન હતું, તેથી મનમાં કંઇક અસંતોષ તો હતો જ, પણ મુખ્ય કરીને ગામની સ્થિતિ સમજવાનો હતો, અને કામ હરકામાં કેવી મુશીબતો પડે છે તે જાણવાનો હતો. આથી પરિણામ શું આવે તેની બહુ અપેક્ષા ન હતી. છતાં કામ અધૂરું રહ્યું છે એમ તો લાગતું હતું. કદાચ સત્તાનો ઉપયોગ કર્યો હોત તો

વધારે તાત્કાલિક પરિણામ લાવી શકાત; પણ મારે તેવો ઉપયોગ કરવો ન હતો. લોકોને પોતાનું કામ પોતાની સ્વેચ્છાએ જ કરવાનું હતું એટલે ઉતાવળથી કામ લેવાની ઇચ્છા ન હતી. પછાત વર્ગના લોકો જે વ્યસનથી પૂરેપૂરા ઘેરાએલા છે તેમને સીધે રસ્તે દોરવવા એ સહેલું કામ ન હતું, એ હું શરૂઆતથી જ સમજતો હતો. એટલે નાસીપાસ થવાનું ખાસ કારણ ન હતું.

મારા ગયા પછી આદરેલું કામ ચાલુ રહે એવી વ્યવસ્થા કરી, પણ તે પાર પડી શકી નહિ. છતાં પણ અવારનવાર મને પટેલ અને સ્ત્રીપ્રચારક ગામની માહિતી આપ્યા કરતા હતા. પણ જૂજ પ્રમાણમાં પાછલી પ્રવૃત્તિ ચાલુ રાખેલી માલમ પડી. આવા કામમાં સતત પ્રેરણાની જરૂર હોય છે.

આ ગામની આર્થિક તેમ જ સામાજિક સુધારણાના ઉપરોક્ત પ્રયાસોના પરિણામે ગામના લોકોની મનોવૃત્તિમાં કંઇક અંશે ફેર પડયો છે એમાં શંકા નથી. પુરુષ, સ્ત્રી તેમ જ બાળવર્ગ પણ એમ સમજવા લાગ્યાં છે કે આપણા ગામની ઉન્નતિ થવી જોઇએ. એ ઉન્નતિના પ્રયાસોમાં તેમનાથી કોઇ અંતરાયરૂપ કાર્ય થઇ જાય તેની તેમને શરમ આવે છે, એ વાત પણ ચોક્કસ છે. લાંબા વખતથી જડ ઘાલી બેઠેલી વૃત્તિઓના સ્વામિત્વમાંથી બચવા માટે તેમને દોરવનાર–તેમને તેમની ફરજોનું વખતોવખત ભાન કરાવનાર–તેમની પ્રવૃત્તિઓને વેગ આપનાર–તેમની ઉદાસીનતા દૂર કરનાર–તેમની ત્રુટિઓ તેમની ધ્યાન ઉપર લાવી સહાનુભૂતિ દર્શાવનાર અને નિરાશામય જીવનમાંથી આશાસ્પદ જીવનનો ધ્વનિ જાગ્રત રાખનાર આગેવાનની ઊણપ છે. આ ગામની વસ્તીમાં એવો પુરુષ હાલ ઉપલબ્ધ નથી. તેમ છતાંયે આ ગામની સર્વાંગી મનોવૃત્તિમાં થએલા ફેરફારનો લાભ ગામને સતત મળ્યા કરશે જ એમાં શંકા નથી.

આ ગામમાં શું ચાલે છે તે આજુબાજુના ગામના લોકો જોયા કરતા હતા. બીજા વર્ષની શરૂઆતમાં બે ત્રણ ગામના લોકો મારી પાસે આવ્યા અને જણાવ્યું કે આ ગામના લોકો તમને કદીપણ યશ નહિ આપે અને એ લોકોની વૃત્તિઓ બિલકુલ સારી નથી, તેથી જો તમે અમારે ગામે આવી સલાહ આપશો તો ધારેલું તમામ કામ પૂરા સહકારથી ઉપાડી લેશે. પણ મારાથી બીજા ગામો લેવાય એવી સ્થિતિ ન હતી. એટલે મારે તેમને ના પાડવી પડી, પણ જણાવ્યું કે કંઇક ખાસ કામ હોય તો મને જણાવવું કે તેમાં હું તમને મદદ કરું. એક બે ગામના ગામડાંનું વિચારવામાં, કાંસ સુધારવાનાં કામોમાં મદદ પણ કરી. મારી લોકોને એ જ સૂચના હતી કે જે કામ ગામમાં થાય છે તેમાં તમોને રસ હોય તો તમારે તમારી જ મેળે તે ઉપાડી લેવું જોઇએ. આ ગામની અને બીજી વીસ ગામે કે જે શ્રી. મહાદેવ સયાજીરાવે એમના હીરક મહોત્સવને અંગે ગામસુધારણાના માટે હાથ લીધેલાં તેમાં જે કામ થયું તે જોતાં મારી ખાતરી થઈ છે કે લોકોને સારી દોરવણીની જરૂર છે. તેઓ સારી રીતે પોતાનું હિત સમજે છે પણ ગામનો નાના નાના કજિયા, આગેવાનોની સ્વાર્થવૃત્તિ અને સરકારી કચેરીઓમાં લાગણી વગરનું ખરચાળ અને ઘણા વિલંબથી થતું કામ, એથી સાધારણ ગામડાંનો માણસ કંટાળી જાય છે. અને ગમે તેવો ઉત્સાહ હોય તો પણ તે પાછો પડે છે.

માટે પ્રથમ કામ તો રોજ્યે ગામ લોક સાથે સંબંધમાં આવનાર રાજ્યતંત્રને સુધારવાનું છે. તે થાય તો જ રાજ્યની અનેકવિધ પ્રવૃત્તિનો લાભ પૂરો લેવાય.

મણિલાલ બાલાભાઇ નાણાવટી

---

* શ્રી ગુજરાત રિસર્જ સોસાયટીના સભાસદો સમક્ષ આપેલા ભાષણનો સાર.

ભગવાન આપી રહેશે.

જાણીતા અમેરિકન હાસ્યલેખક માર્કટવેનની જીવન-કથામાંથી એક પ્રસંગ આ રહ્યો:

આ વાત એ સમયની છે જ્યારે હું અને વિલિયમ સ્વીન્ટન સામાન્ય બાતમીદાર તરીકે કામ કરતા હતા. પૈસાની ભારે તંગી હતી. તે જ દિવસે અમારે ત્રણ ડૉલર ભરવાના હતા. સ્વીન્ટને શ્રદ્ધાપૂર્વક કહ્યું કે 'એ તો ભગવાન કયાંયથી આપી રહેશે.' હું હૉટેલની લૉબીમાં પૈસા કેવી રીતે મેળવવા એનો વિચાર કરતો કરતો ફરતો હતો. એટલામાં એક સરસ કૂતરો આવ્યો ને મારા ઢીંચણ પર જડબું ટેકવીને ઊભો રહ્યો. જનરલ માઇલ્સ ત્યાં થઇને નીકળ્યો ને તેણે કૂતરાને પંપાળ્યો.

'અજબ કૂતરો છે! તમારે વેચવો છે?'

સ્વીન્ટનનું ભવિષ્ય વિચિત્ર રીતે ખરું પડી જાય એવો મોકો આવ્યો હતો. મેં તરત જ કહ્યું: 'હા, એની કિંમત ત્રણ ડૉલર છે.'

જનરલને નવાઇ લાગી. 'બસ, ત્રણ ડૉલર? હું તો એને સો ડૉલર માટે પણ ન ફરી એક વાર વિચાર કરી જુઓ.'

'ના, ફક્ત ત્રણ ડૉલર.' મેં મક્કમ અવાજે જવાબ આપ્યો.

જનરલ કૂતરાને લઇ ગયા.

થોડી વાર પછી એક માણસ ઉદાસ ચહેરે આવ્યો. તે ચારેકોર ચિંતાતુર નજરે જોતો હતો. મેં તેને પૂછ્યું: 'તમે કૂતરાને શોધો છો કે?'

એના ચહેરા પર આનંદ માતો ન હતો. 'હા, તમે એને જોયો છે કે?'

'હા. મને લાગે છે કે હું એને શોધી કાઢીશ.'

પછી મેં કહ્યું કે કૂતરાને શોધી કાઢવા માટે તમારે મને ત્રણ ડૉલર આપવા પડશે.

'ત્રણ જ ડૉલર? એમાં તે શું? હું તમને રાજીખુશીથી દસ ડૉલર આપીશ.'

મેં કહ્યું: 'ના, ના. ત્રણ જ ડૉલર.'

આટલું કહીને હું ઉપડ્યો. સ્વીન્ટને કહ્યું હતું કે ભગવાન ત્રણ ડૉલર આપી રહેશે; તો કરતાં વધારે માંગવા એ પાપ હતું. હું જનરલના ઓરડામાં ગયો ને બધી પરિસ્થિતિ જણાવી. 'હું દિલગીર છું કે મારે કૂતરાને પાછો લઇ જવો પડશે. કૂતરાને મેં માત્ર વેચવાને ખાતર વેચ્યો હતો.' એટલું કહીને મેં તેમને ત્રણ ડૉલર પાછા આપી દીધા ને કૂતરો એના માલીકને સોંપ્યો.

માલીકની પાસેથી ત્રણ ડૉલર લઇને હું ચાલ્યો ગયો. મારા દિલમાં સંતોષ હતો. હું પ્રામાણિકતા જાળવી શક્યો હતો. કૂતરાને વેચીને મેળવેલા ત્રણ ડૉલર મારાથી કદીપણ વાપરી જાત ન હોત; કેમકે એ કૂતરો મારો ન હતો. એટલે એને વેચવાનો મને અધિકાર ન હતો. પણ કૂતરો પાછો મેળવી આપવા માટે લીધેલા ત્રણ ડૉલર વાપરવાને કશી હરકત ન હતી. કેમકે હું ન હોત તો એના માલીકને એ કૂતરો કદી પણ પાછો મળત નહિ.*

* ઑગસ્ટ-'૪૨ ના "ચિત્રમય જગત"માંથી.

આવતા માસની કાર્યદિશા

૧ વાર્ષિક નિવેદનો ખાતા તરફ મોકલવા માટે ઘટિત તજવીજ કરો. વર્ષ આખરે કેટલાંક પુસ્તકાલયોનાં પુસ્તકો આવ્યાં ન હોય તો તે માટે રાખેલી રકમ લાલ શાહીથી ખર્ચમાં બતાવવી.

૨ આવતો માસ હિન્દુઓનાં પવિત્ર પર્વોથી ભરપૂર છે તો ધાર્મિક અને નૈતિક વાચન એ વર્ગનાં ભાઇબહેનોમાં વધુ થાય તેવા પ્રયાસ કરવા.

૩ અંદાજપત્રો તૈયાર કરો; **કરકસર કરો; પુસ્તકો માટે સહકારી ધોરણે અંદાજો બનાવો; વર્તમાનપત્રો પાછળ વધુ પડતાં નિરર્થક નાણાં ના વેડફો.**

૪ થોડું ભણેલાંમાં ભણેલું ભૂલી ન જાય માટે તેમની કક્ષાનાં પુસ્તકો વસાવો અને તેવા અર્ધશિક્ષિતોની યાદીઓ પુસ્તકાલયમાં રાખો.

૫ કમી કરવા પાત્ર જીર્ણ પુસ્તકો કમી કરાવવા અત્રેથી વખતોવખત થયેલી સૂચના પ્રમાણે તજવીજ કરો.

૬ પુસ્તકાલયોમાં બાળવિભાગ તમે આકર્ષક બનાવ્યો છે ? તે માટે જોઇતી રમતો, ચિત્રપોથીઓ વગેરે સાહિત્ય વસાવી તેનો ઉપયોગ કરાવશો ?

૭ મહિલા અને બાળ પુસ્તકાલયોએ વર્તમાનપત્રો પાછળનો નિરર્થક અર્થ અટકાવી, બહેનો અને બાળકોને આકર્ષણ કરે તેવી યોજનાઓ અને પ્રવૃત્તિઓ જેવી કે ગૃહરમતો, ગૃહઉદ્યોગો, વાર્તાલાપ, સંવાદો, પુસ્તકમાંથી વાચન વગેરે-યોજી વધુ બહેનો અને બાળકોને આકર્ષવા પ્રયાસ કરો.

૮ ગુજરાત વર્નાકયુલર સોસાયટીનાં પુસ્તકો મંગાવવા માટે રજીસ્ટર્ડ પુસ્તકાલયો તજવીજ કરે.

વડોદરા,
તા. ૫-૮-'૪૨

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

પુસ્તકાલય ખાતું સાર્વજનિક પુસ્તકાલય શાખા

વટહુકમ નં. ૧ સને '૪૨-૪૩

વિષય

પુસ્તકાલયના મકાનને ફરતા પાકા કે તારના કંપાઉન્ડ બાબત

આથી તમામ મકાનવાળાં ગ્રામ પુસ્તકાલયોને જણાવવામાં આવે છે કે પુસ્તકાલયોનાં

મંજૂર કરેલા પ્લાનમાં કંપાઉન્ડની સવડ નથી.

મકાન કંપાઉન્ડ સાથે મંજૂર થયેલાં નથી. અને મકાન બંધાયા પછી કંપાઉન્ડો માટે ઘણી માગણીઓ આવે છે.

મેંદી કે થોરનું કંપાઉન્ડ કરી લેવા બાબત

ગ્રામ પુસ્તકાલયોનાં મકાનોની વ્યવસ્થા જુવાન કાર્યકરોની હોય છે. તેમણે હંમેશાં પુસ્તકાલયમાં અવરજવર કરવાની હોય છે. ગામડામાં મેંદી કે દેશી થોરની વાડ સહેલાઇથી બની શકે તેમ છે. રાજ્યમાં ઘણે સ્થળે પુસ્તકાલયોનાં મકાનો બાંધવાની હજી જરૂર છે. તેથી જોઇતી પંચાયતમદદ મળી શકતી નથી તો કંપાઉન્ડ માટે વધુ ખર્ચ કરવો ઇષ્ટ નથી.

તાર કે પાકું કંપાઉન્ડ લોકમદદથી કરવા બાબત

સાથે જણાવવામાં આવે છે કે તમામ મકાનવાળાં ગ્રામ પુસ્તકાલયોએ પોતાના મકાનને તાર કે પાકું કંપાઉન્ડ કરવું હશે તો તે માટે એકલી લોકમદદથી કરી શકશે, પણ તે ઉપર સરકાર કે પંચાયત મદદ મળી શકશે નહિ. તેમ જ મંજૂર થયેલાં કમ્પાઉન્ડોનાં કામો જો મંજૂર થયેલી રકમોમાં નહિ થઇ શકે તો વધારાની તમામ રકમ જે તે પુસ્તકાલય સમિતિએ ઊભી કરવી જોઇશે.

કાચા થોરના કે મેંદીના કંપાઉન્ડનો ખર્ચ

કંપાઉન્ડમાં જોઇતા થોર કે મજૂરી અગર તે પાછળ દર વર્ષે જોઇતો ખર્ચ અંદાજપત્રમાં સધાતી મકાનદુરસ્તીની રકમમાંથી તેમ જ પસ્તીના વેચાણની રકમમાંથી થઇ શકશે. માત્ર આવો તમામ ખર્ચ વ્યવસ્થાપક મંડળ તરફથી પ્રથમ મંજૂર કરાવી લેવો જોઇશે.

વડોદરા,
તા. ૬-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

વટહુકમ નં. ૨ સને '૪૨-૪૩

મકાનો માટે લોકમદદ પ્રથમ પુસ્તકાલય ખાતામાં જમા કરાવવા બાબત

સાર્વજનિક પુસ્તકાલયો માટે મકાનો બાંધવાનો ઠરાવ કરવાનું, મદદ આપવાનું, તેમ જ પ્રાંત પંચાયતો પાસેથી મદદ મેળવવાનું કાર્ય, પુસ્તકાલય ખાતું કરે છે. કેટલીક વખત ગામડાના લોકો પોતાના પુસ્તકાલયનું મકાન બંધાવવા માટે લોકમદદની રકમ પરભારી પ્રાંત પંચાયતમાં જમા કરાવે છે. તેથી મદદ આપવામાં ગૂંચવાડો ઊભો થાય છે.

હવે તમામ રકમ પ્રથમ પુસ્તકાલય ખાતામાં અનામત જમા કરાવવા ઠરાવ્યું છે, જેથી લાગતી વળગતી સંસ્થાઓ કે વ્યક્તિઓને તે નાણાં પુસ્તકાલય ખાતાના વ્યવસ્થાપક સાહેબ તરફ મોકલી આપવા સર્વની જાણ માટે આ વટહુકમ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વડોદરા.
તા. ૫-૮-'૪૨

ઉ. મો. પરેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૧ સને '૪૨-૪૩

વિષય

અંદાજપત્રો અને નિવેદનો સંબંધે કેટલાંક સૂચનો

૧. હવે ગ્રામ પુસ્તકાલયો અંદાજપત્રો બનાવવા લાગ્યાં હશે. તેમણે ગયા વર્ષે કરેલા અંદાજ પ્રમાણે પૂરતો ખર્ચ કર્યો હશે. ચાલુ વર્ષે યુદ્ધપરિસ્થિતિ હોઇ નાણાં વધુ ઊભાં થઇ શકે તેમ ન હોય તો ખર્ચ કરકસર કરીને કરવા વિનંતિ છે. આવા સમયમાં લાગણીપ્રધાન પત્રો કે સામયિકોના વાચન કરતાં જાહેર પ્રજાની શાન્તિ અને સાચી દોરવણી તથા ગ્રામ-જનતામાં સ્વરક્ષણ અને સંપ વધે તેવી જાતના પોષક સાહિત્યની ગ્રંથપાલોને વધુ જરૂર જણાશે. તો તેવું વાચન ખરીદવા તરફ તેઓ પોતાનું લક્ષ રાખશે એવી આશા છે.

૨. રૂપિયા ૭૫ થી ઓછા ખર્ચવાળા ગ્રામ પુસ્તકાલયો હવે મોંઘાં દૈનિકો પાછળ ન ઘૂમતાં પોતાની શક્તિ અનુસાર અઠવાડીકો અને માસિકોમાંથી મળતુ વાચન મેળવી સંતોષ માની નાણાંનો દુર્વ્યય ન કરે એ ઇચ્છવા જોગ છે. આશા છે કે ગ્રંથપાલ અને મંત્રીઓ પોતાથી બનતા બધા પ્રયાસો કરી આ બાબતમાં ઘટતું કરી છૂટશે.

૩. વાર્ષિક નિવેદનો અને અંદાજમાં પુસ્તકાલય સહાયક સહકારી મંડળોમાંથી જે સાધનસામગ્રી આવવાની બાકી હોય અને પોતાને ખર્ચ કરવાની રકમ પણ બાકી રહી હોય તે તમામ હકીકત લાલ શાહીથી આંકડા પૂરી શેરાનાં આસનોમાં લખી જણાવવું.

૪. કાયમનિધિની રકમો પુસ્તકાલયના ગ્રંથપાલો પાછળથી મૂકવાની જણાવી અંદાજ મંજૂર થયા પછી મૂકતા નથી; તેમજ તે બાબતનો રીતસર ઠરાવ કરી મંજૂરી મેળવતા નથી તો તે કસુર મંત્રીની ગણાશે અને તેમને નાણાં જમા આપવાં પડશે. કારણ, મંજૂર કરેલી રકમ કાયમનિધિ ખાતે રાખવાની છે એવી સમજ પર તેમનાં અંદાજ મંજૂર કરવામાં આવે છે.

૫. ગ્રામ પંચાયતની મદદ મળ્યા સિવાય અગર અધ્યક્ષ તરફથી તે મંજૂર કર્યાની લેખી ખબર આવ્યા સિવાય અંદાજમાં તે મૂકવી નહિ. અંદાજ મંજૂર થયા પછી મળે તો તે રકમ બીજા વર્ષે ખર્ચવા નોંધ લેવી અગર તેનાં પુસ્તકો ખાતા મારફત વાપી મોકલી મંગાવવાં.

૬. વાર્ષિક નિવેદનોના આંકડાઓમાં ભૂલ ન થાય તે જોવા સૌ કાર્યકરોને વિનંતિ છે. અને તે ઑગસ્ટ આખર સુધીમાં અત્રે આવી જવાં જ જોઇએ.

વડોદરા,
તા. ૫-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક.

સૂચના નં. ૨ સને '૪૨-૪૩

વિષય

ગુ. વ. સો. નાં પુસ્તકો બાબત

આથી વડોદરા રાજ્યનાં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં નોંધાયલાં તમામ પુસ્તકાલયોને જણાવવામાં આવે છે કે તેમને પોતાના પુસ્તકાલયનાં ભેટનાં પુસ્તકો ગુ. વ. સો. તરફથી મળવા માટે વ. હુ. નં. ૨૭ તા. ૭-૮-૩૫ માં જણાવ્યા પ્રમાણે (જુઓ વડોદરા રાજ્ય પુસ્તકાલય પ્રવૃત્તિનું એકીકરણ પાન ૩૨૨) નમૂનામાં હકીકત લખી પોતાના જૂથ મારફત મહાલ પુસ્તકાલય મંડળ મારફત કે કસ્બા પુસ્તકાલય મારફત પોતાનાં પુસ્તકો મંગાવવા તજવીજ કરવી.

આમ પુસ્તકાલયોની જાણ માટે જૂથ મારફત મહાલ મંડળ કે કસ્બા પુસ્તકાલયમાં મોકલવાનો નમૂનો નીચે પ્રમાણે છે:

નમૂનો

મે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીના મંત્રીજી, અમદાવાદ.

વિ. વિ. અમારું પુસ્તકાલય ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં નોંધાયું છે તો તેનાં સને.....નાં વર્ષનાં ભેટનાં પુસ્તકો અમારા જૂથના મુખ્ય ગામ.....ના પુસ્તકાલય મારફતે મોકલી આપવા મે. થશે.

મંત્રી, સાર્વજનિક પુસ્તકાલય
મુ.....તા.....

ઉપર પ્રમાણે બધી માગણીઓ સાથે સામેલ રાખી **મહાલ મંડળ કે મહાલ પુસ્તકાલયે ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાંથી પુસ્તકો મંગાવવા બાબ** તજવીજ કરવી.

આશા છે કે ઉત્સાહી ગ્રંથપાલો પોતાનું આ કાર્ય ઉત્સાહથી બજાવી પોતાનાં પુસ્તકો મંગાવી લેશે.

વડોદરા,
તા. ૬-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત અંક ૧ સને ૧૯૪૨-૪૩

સરકારમદદ લેનાર ગ્રામ વાચનાલયોની યાદી ૧૯૪૧-૪૨

કલોલ મહાલ

૧	તારાપુર	૬-૮-૦
૨	નાદરી	૫-૦-૦
૩	બોયણ રાઠોડ	૬-૮-૦

દહેગામ મહાલ

૪	આલમપુર	૫-૮-૦
૫	કડાદરા	૭-૮-૦
૬	જળીઆનો મઠ	૫-૮-૦
૭	વાસણા ચોધરી	૮-૦-૦
૮	સલાટપુર	૫-૮-૦

મહેસાણા મહાલ

૯	દેદીઆસણ	૫-૮-૦
૧૦	ધનપુરા	૧૦-૦-૦

વિજાપુર મહાલ

૧૧	ઇબરામપુરા	૮-૮-૦

વિસનગર મહાલ

૧૨	પુદગામ	૫-૮-૦

પલસાણા મહાલ

૧૩	કણાવ	૫-૮-૦

મહુવા મહાલ

૧૪	અંધાત્રી	૫-૮-૦
૧૫	લસણપોર	૫-૮-૦
૧૬	વડીઆ	૫-૮-૦
૧૭	વાંસકુઇ	૫-૮-૦
૧૮	હળદવા	૬-૮-૦

વ્યારા મહાલ

૧૯	બહેરામપુરા	૫-૮-૦
૨૦	વડકુઇ	૫-૮-૦
૨૧	કાકડવા	૫-૮-૦
૨૨	મગરકુઇ	૫-૮-૦
૨૩	ઉમરવાવદૂર	૧૦-૦-૦
૨૪	કટાસવાણ	૫-૮-૦
૨૫	ધાણી	૫-૮-૦
૨૬	બેડકુવાદૂર	૬-૮-૦

અમરેલી મહાલ

૨૭	અમરપુર	૧૦-૦-૦
૨૮	ટીંબલા	૬-૮-૦
૨૯	તરવડા	૫ ૮-૦
૩૦	પીપળલગ	૩-૮-૦
૩૧	માલવણ	૫-૮-૦
૩૨	મેડી	૫-૮-૦
૩૩	નાના ગોખરવા	૫-૮-૦

કોડીનાર મહાલ

૩૪	દેવલપુર	૫-૮-૦
૩૫	પીપળી	૭-૮-૦
૩૬	માલસરમ	૭-૮-૦

ખાંભા મહાલ

૩૭	તાલડા	૫-૮-૦

ધારી મહાલ

૩૮	કમી	૬-૮-૦
૩૯	પાણીયા	૪-૮-૦

તા. પાદરા

૪૦	મોભા રોડ	૨૦-૦-૦

તા. વડોદરા

૪૧	મોતિયાપુરા	૫-૮-૦
૪૨	અંપાડ	૫-૮-૦
૪૩	સોનારકુઇ	૫-૮-૦
૪૪	ઉંટિયા મેઢાદ	૩-૮-૦

તા. વાઘોડિયા

૪૫	છોટાલી	૫-૮-૦
૪૬	આજવા કમ્પાઉન્ડ	૧૨-૦-૦
૪૭	જાફરપુરા	૪-૮-૦
૪૮	અડીરણ	૫-૮-૦

તા. સંખેડા

૪૯	વડદલા	૫-૮-૦
૫૦	દેશણ	૧૦-૦-૦
૫૧	હરેશ્વર	૧૨-૦-૦
૫૨	ઝરવણ	૫-૮-૦
૫૩	સૂરિયા	૫-૮-૦

તા. શિનોર

૫૪	ગરાડી	૬-૮-૦
૫૫	દરિયાપુર	૬-૮-૦

તા. સાવલી

૫૬	ધંટીઆલ	૫-૮-૦
૫૭	કુનપાડ	૫-૮-૦
૫૮	કડાયલા	૫-૮-૦
૫૯	ઉત્તમનગર	૫-૮-૦
૬૦	વેમાર	૫-૮-૦
૬૧	શાંતિપુરા	૧૦-૦-૦

કસ્બા વાચનાલયો

૬૨	વડોદરા મેલ ટ્રેનિંગ કોલેજ યુનિયન	૫૦-૦-૦
૬૩	પાટણ ટાંકવાડા	૩૦-૦-૦

વડોદરા
તા. ૫-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત અંક ૨ સને ૧૯૪૨-૪૩

સને ૧૯૪૧-૪૨માં મકાનો ખાતે અપાયેલી સરકાર-પંચાયત મદદની વિગત

અનુ. નં.	ગામનું નામ	લોકમદદ	સરકારમદદ	પંચાયતમદદ	શેરો
૧	પલીયડ તા. કલોલ	૦-૦-૦	૧૬૪-૬-૮	૦-૦-૦	રૂ. ૧૬૬-૬-૪ સરકાર મદદના સને ૧૯૪૧-૪૦માં આપવામાં આવ્યા હતા. બાકીનો રકમ રૂા. ૬૬-૦-૦ ઊંઝા મહિલા પુસ્તકાલયની અનામત સરકાર મદદમાંથી વર્ગ ફેર કરી આપ્યા છે. જે નવા વર્ષ ઊંઝાનું કામ શરૂ થયે આપવામાં આવશે.
૨	ઇસંડ તા. કલોલ	૦-૧-૦	૬૦૦-૦-૦	૦-૦-૦	બીજી મદદ સને ૧૯૪૦-૪૧ માં આપી છે.
૩	સોખડા તા. વડોદરા	૨૬-૧૨-૰	૯-૬-૪	૦-૮-	
૪	મેથી તા. કરજણ	૦-૦-૦	૨૬-૩-૦	૦-૬-૮	
૫	ટુંડાવ તા. સિદ્ધપુર	૧૦૦૦-૮-૦	૮-૦-૦	૧૦૦૮-૦-૮	પંચાયત મદદ બાદલ ૮૦૦ ખર્ચ કરવા લખી મોકલ્યું છે.
૬	રામપુરા તા. કામરેજ	૧૦૦૮-૦-૦	૦-૦-૦	૦-૮-૦	પંચાયત મદદ બાદલ ૮૦૦ ખર્ચ કરવા લખી મોકલ્યું છે. પરંતુ દેલોદની લોકમદદ પ્રાંત પંચાયતને પરભારી રહી ગઈ લખાવી મતાં દેલોદને રૂ. ૭૫૦-૦-૦ અને રામપુરાને રૂ. ૨૫૮-૦-૦ આપી સાથ આપવા ઠરાવ્યું છે.
૭	દેલોદ તા. ,,	૭૫૦-૦-૦	૦-૬-૦	૮-૦-૦	
૮	વેમાર તા. કરજણ	૧૦૦૧-૦-૦	૦-૦-૦	૧૦૦૮-૦-૦	
૯	મંજુસર તા. સાવલી	૧૦૦૦-૦૮-૦	૦-૮-૦	૧૦૦૮-૮-૦	

૧૦	ચોરંદા તા. કરજણ	૧૦૦૧-૦-૦	૦-૦-૦	૧૦૦૦-૦-૦	
૧૧	સંજયા તા. પેટલાદ	૧૦૦૦-૦-૦	૮-૦-૦	૧૦૦૦-૦-૦	
૧૨	દીવેર તા. શીનોર	૧૦૦૦-૦-૦	૦-૦-૦	૧૦૦૦-૦-૦	હજી લોકમદદ જમા થઇ નથી. લખવામાં આવ્યું છે.
	કુલ એકંદર રૂ.	૬૦૨૮-૧૨-૮	૮૦૦-૦-૦	૭૦૦૦-૦-૦	

વડોદરા
તા. ૫-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત અંક ૩ સને ૧૯૪૨-૪૩

સને ૧૯૪૦-૪૧માં ખોલવામાં આવેલા નવીન ૩૦ ગ્રામ પુસ્તકાલયોની યાદી

			વસ્તી
૧	ધનોરા	તા. વડોદરા	૬૩૪
૨	મહાપુરા	,, ,,	૪૪૪
૩	કરાલી	,, ,,	૩૭૨
૪	આમલીઆરા	,, ,,	૫૩૨
૫	અલ્હાદપુરા	,, ,,	૪૬૪
૬	વિરોદ	,, ,,	૭૬૨
૭	એકલબારા	તા. પાદરા	૬૯૪
૮	સાંઢા	,, ,,	૭૮૩
૯	સોમજીપુરા	,, ,,	૫૮૧
૧૦	મહુવડ	,, ,,	૫૧૦
૧૧	ગોન્દલી	તા. ડભોઇ	૪૬૮
૧૨	બહુથા	તા. સાવલી	૫૧૨
૧૩	ગુગલપુર	તા, વાઘોડીયા	૨૧૬
૧૪	બરોલી	તા. તિલકવાડા	૭૬૧
૧૫	વાઘેથા	તા. સંખેડા	૪૨૧
૧૬	પોચંબા	તા. તિલકવાડા	૪૧૭
૧૭	કારોલી	તા. કલોલ	૪૫૭
૧૮	ધાંધૂસણ	તા. મહેસાણા	૭૧૯
૧૯	બદલપુર	તા. ,,	૮૫૭
૨૦	ગણેશપુરા	તા. વિજાપુર	૪૭૩
૨૧	શેવાલા	તા. વિસનગર	૧૨૩૦
૨૨	પીપલાણા	તા. હારીજ	૮૮૨
૨૩	પાટી	તા. ગણદેવી	૫૪૨
૨૪	આંકડોદ	તા. માંગરોળ	૬૭૭
૨૫	લુવારા	તા. ,,	૭૪૦
૨૬	બોરખડી	તા. વ્યારા	૧૬૭૪
૨૭	રાજસ્થલી	તા. અમરેલી	૫૭૧
૨૮	ચાંપાથળ	તા. ,,	૫૦૫
૨૯	નાગધરા	તા. ધારી	૫૬૮
૩૦	કુબડા	તા. ,,	૭૦૫
		કુલ વસ્તી	૧૯૨૧૧

વડોદરા
તા. ૫-૮-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત અંક ૪

વડોદરા રાજ્યનાં સાર્વજનિક પુસ્તકાલયો અને વાચનાલયોની

અનુક્રમ નંબર	મહાલનું નામ	ગામોની સંખ્યા	મહાલવાર શાળાવાળાં ગામ	કસ્બા પુસ્તકાલયોની વિગત	
				કસ્બા પુસ્તકાલયની સંખ્યા	અપાયેલી મદદ
૧	૨	૩	૪	૫	૬
	વડોદરા પ્રાંત				
૧	પેટલાદ	૭૩	૭૨	૭	૧૭૪૫–૦–૦
૨	ભાંદરણ	૩૧	૨૭	૧	૩૦૦–૦–૦
૩	વડોદરા	૧૧૯	૭૮	૧	૫૦૦–૦–૦
૪	પાદરા	૮૨	૭૨	૧	૨૭૦–૦–૦
૫	કરજણ	૯૮	૭૮	૧	૨૬૩–૦–૦
૬	ડભોઇ	૬૭	૪૮	૧	૦–૦–૦
૭	શિનોર	૪૫	૩૯	૧	૨૦૦–૦–૦
૮	સાવલી	૭૨	૩૪	૧	૨૧૦–૦–૦
૯	વાઘોડીઆ	૭૧	૨૮	૧	૨૩૦–૦–૦
૧૦	સંખેડા	૧૩૦	૪૯	૨	૪૫૦–૦–૦
૧૧	તિલકવાડા	૩૪	૮	૧	૧૦૦–૦–૦
	કુલ	૮૫૨	૫૪૩	૧૮	૪૨૬૮–૦–૦
	મહેસાણા પ્રાંત				
૧૨	દહેગામ	૯૬	૪૧	૧	૨૦૦–૦–૦
૧૩	આતરસુંબા	૪૦	૧૮	૧	૧૨૫–૦–૦
૧૪	કડી	૧૨૧	૫૪	૧	૨૩૫–૦–૦
૧૫	કલોલ	૯૧	૫૧	૧	૨૫૦–૦–૦
૧૬	વિજાપુર	૮૭	૬૪	૨	૩૮૦–૦–૦
૧૭	વિસનગર	૫૬	૪૦	૧	૨૭૦–૦–૦
૧૮	મહેસાણા	૮૪	૫૭	૧	૪૫૦–૦–૦
૧૯	સિદ્ધપુર	૮૧	૪૪	૨	૪૦૫–૦–૦
૨૦	ખેરાળુ	૬૧	૪૪	૨	૪૨૦–૦–૦
૨૧	પાટણ	૧૪૦	૪૩	૧	૧૮૫–૦–૦
૨૨	ચાણસ્મા	૧૧૩	૫૪	૨	૪૦૫–૦–૦
૨૩	હારીજ	૩૮	૭	૦	૦–૦–૦
	કુલ	૧૦૩૮	૫૧૭	૧૫	૩૩૨૫–૦–૦

સને ૧૯૪૨-૪૩

મહાલવાર સંખ્યા અને તેમને અપાયેલી મદદ સને ૧૯૪૧-૪૨

ગ્રામ પુસ્તકાલયોની સંખ્યા	પૈકી મદદ લેનારાઓની સંખ્યા	પેટીવાળાં ગ્રામ વાચનાલયોની સંખ્યા	મદદ લેનારાં વાચનાલયોની સંખ્યા	કસ્બા વાચનાલય + મ. પુ. તથા ખા. પુ.	અપાયેલી મદદ
૭	૮	૯	૧૦	૧૧	૧૨
૬૫	૬૦	૦	૦	૦+૪+૨	૧૭૨૮-૮-૦
૨૭	૨૬	૦	૦	૦+૧+૧	૬૮૫-૮-૦
૭૧	૬૫	૬	૪	૧+૦+૦	૧૫૨૧-૦-૦
૭૧	૬૭	૦	૧	૦+૦+૦	૧૧૨૪-૮-૦
૮૦	૬૯	૦	૦	૦+૦+૦	૧૩૬૫-૦-૦
૫૦	૪૭	૦	૦	૦+૧+૧	૭૩૬-૮-૦
૪૨	૪૨	૦	૨	૦+૧+૦	૮૨૩-૮-૦
૩૨	૨૯	૫	૬	૦+૦+૧	૬૪૫-૮-૦
૨૩	૨૦	૭	૪	૦+૦+૦	૪૦૪-૦-૦
૪૫	૩૮	૩	૩	૦+૦+૦	૫૭૮-૦-૦
૫	૫	૨	૦	૦+૦+૦	૧૫૮-૮-૦
૫૧૧	૪૬૮	૨૬	૨૦	૧+૭+૫	૧૦૦૭૦-૮-૦
૨૭	૨૪	૧૩	૫	૦+૦+૦	૩૭૭-૦-૦
૧૧	૧૧	૬	૦	૦+૦+૦	૧૨૯-૦-૦
૫૪	૫૦	૦	૦	૦+૦+૦	૫૯૯-૮-૦
પુસ્તકનો પ્રવેશક આપનાર શ્રી. ગુલાબદાસ બ્રોકરના શબ્દોમાં કહીએ તો, શ્રી. કિશનસિંહ ચાવડાને નામે ચડેલ અનેક અનુવાદગ્રંથોમાંનો આ કંઈ એમનો એક અનુવાદગ્રંથ નથી, પરંતુ એમણે લખેલી અને પ્રથમ જ પ્રકટ થયેલી સોળ ટૂંકી વાર્તાઓનો આ સંગ્રહ છે. શ્રી. કિશનસિંહની આ સઘળી મૌલિક વાર્તાઓ વાંચી જતાં સહેજે કહી જવાય છે કે, શ્રી. ચાવડા એક સિદ્ધહસ્ત અનુવાદક તો છે જ એટલું જ નહિ પણ એક સિદ્ધહસ્ત નવલિકાકાર પણ છે. એમની વાર્તા રજૂ કરવાની શૈલી એકધારી હોઈને તેના વાચન દરમિયાન જરાય વિક્ષેપ પડતાં ગુસ્સે થઈ જવાય તેવી એકજ બેઠકે પૂરી કરવાનું મન થાય તેવી છે. એમની આ વાર્તાઓમાં કળા અને સૌંદર્યનો એમણે એવો સરસ સુમેળ સાધ્યો છે કે એમને આપણા સાહિત્યના એક અચ્છા કલાવિજ્ઞ અને સૌંદર્યપારખુ લેખક તરીકે ઓળખાવતાં ભાગ્યેજ કોઈ વિવેચક સંકોચ અનુભવશે. અને એમની વાર્તાની ખરી ખુબી તો એ છે કે, એ કલા અને સૌંદર્યદર્શનને પંથે આગળ ને આગળ વધતાં શૃંગાર રસ વહાવતાં છતાં, વાચકને કદાચ લાગે કે હમણાં જ બીભત્સતા આવી જશે; પરંતુ એ માટેની એમની કાળજી કોઈ અજબ રીતે એને ટાળી દે છે. કુરૂપતાને જોતાં જ તેના પ્રત્યે નાક સીંકોડનારાઓને એમાં એમણે કલાનું દર્શન કરાવ્યું છે, રામજણીઓમાં પણ માતૃત્વની ભાવના ભુંસાઈ ગયેલી નથી હોતી એની અજબ પ્રતીતિ એમણે વાચકને એમની 'ભિખારણની દુવા'માં દર્શાવી છે. અને સમાજ જેના પ્રત્યે હમેશાં તિરસ્કારની નજરે જુએ છે અને જેના મરણની પણ કોઈ પરવા કરતું નથી તેવા વ્યંઢળો માટે પણ દર્દભરી લાગણી વ્યકત કરવાનો અવસર વાચકને "મૌનનો અવાજ"માં આપ્યો છે.

આમાંની એકેએક વાર્તા રુચિપૂર્વક વાંચવી ગમે તેવી છે. પુસ્તકાલયો પોતાને ત્યાં વસાવવા પ્રયત્ન કરે.

૪. **શ્રી ભજનસાગર**—ભા. ૧ લો, પ્રકાશકઃ સસ્તુ સાહિત્ય વ. કાર્યાલય, ભદ્ર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૪૮+૬૪૦, કવર આચ્છાદન સહિત બોર્ડપટ્ટીનું પૂઠું, મૂલ્ય રૂા. ૨. ૧૯૪૨.

ઉપર્યુક્ત સંસ્થા તરફથી જુદાંજુદા ભક્તોનાં રચેલાં ભક્તિપ્રેરક ભજનોનું નાના કદનું "ભજનસાગર" બહાર પડેલું. તેની સં. ૧૯૮૨ ની સાલમાં તેરમી આવૃત્તિ પ્રકટ થયેલી. ત્યારપછી લાંબા ગાળે એમાં વધુ સંખ્યાબંધ ભજનો ઉમેરીને દળદાર ગ્રંથમાં આ પહેલો ભાગ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.

સદ્. સ્વામીજીની ઉત્તરાવસ્થા મુખ્યત્વે પ્રભુભજન અને કથાશ્રવણમાં વ્યતીત થઈ હતી. અને તે સમય દરમિયાન તેઓશ્રીએ આપણા પ્રાચીન અર્વાચીન ભક્તકવિઓનાં ભજનો સંગ્રહિત કરેલાં. જુદા જુદા ભજનસંગ્રહોમાંથી વીણી વીણીને એકત્ર કરેલાં ભજનો આ સંગ્રહમાં અપાયાં છે. ભક્તિરસિક જનતાને એ ભજનો આંતર આનંદ આપે તેવાં છે. કેટલાંક તો મોઢે ચઢી જાય તેવાં તેમ જ લોકભોગ્ય પણ થઈ ચૂકેલાં છે. એટલે ગામડે વસતી ભક્ત-પ્રજાને એ વાંચવાં ગમે તેવાં છે.

૫. **સુબોધ કથાસાગર**—પ્રયોજકઃ સ્વામી ગણેશાનંદ. પ્રકાશક અને કદ ઉપર મુજબ. મૂલ્ય રૂા. ૧-૧૦-૦.

આ પુસ્તકની પહેલી આવૃત્તિનો પરિચય અમે "પુસ્તકાલય"ના એપ્રિલ-૧૯૪૦ ના અંકમાં પૃષ્ઠ ૧૭૪ પર આપ્યો છે. એ આવૃત્તિ સદ્. સ્વામીશ્રી અખંડાનંદજીએ પાછળથી ખરીદી લીધાનું જાણમાં આવ્યું હતું. એ જ પુસ્તકની આ નવી આવૃત્તિ છે. છપાઈ-સફાઈ અને શુદ્ધિ આ આવૃત્તિમાં ઠીક જળવાયાં છે.

મણિલાલ પ્ર. વ્યાસ

૬. **વડોદરા રાજ્યની વસતિગણતરી** (સન ૧૯૪૧)—૧૯૪૧ની સાલમાં રાજ્યમાં થયેલી વસતિ ગણતરીના માહિતીભર્યા આંકડા આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. એ આંકડાઓ પરથી રાજ્યની વસતીની શું સ્થિતિ છે તે જાણવા મળે છે. ઉપરાંત પાછલી વસતીગણતરી અને તત્કાલીન સ્થિતિની તુલનાનું પણ સારું સાધન મળી રહે છે. આ ઉપરાંત રાજ્યમાં અત્યારની પ્રજાશિક્ષણની, રહેઠાણની તેમ જ સાંસારિક અને ગુજરાતનાં સાધન વગેરે રાજ્યનાં કસ્બા અને ગામોની સ્થિતિનો અભ્યાસ કરનારને કિંમતી માહિતી મળે તેમ છે. પુસ્તકાલયોમાં, માહિતીગ્રંથ તરીકે આ પુસ્તક અવશ્ય હોવું ઘટે.

૭. **અણહિલવાડનો યુવરાજ** (પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ)—લેખકઃ શ્રી નૌતમકાન્ત સાહિત્યવિલાસી; પ્રકાશકઃ જીવનલાલ એન્ડ સન્સ, પીરભર્શા રોડ, અમદાવાદ; સન ૧૯૪૧; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ પહેલા ભાગનાં ૧૯૬ અને બીજા ભાગનાં ૨૭૨; બંને ભાગનાં સચિત્ર આચ્છાદન સહિત પાકાં પૂઠાં, મૂલ્ય અનુક્રમે રૂ. ૨ અને રૂ. ૨॥.

જ્ઞાનવર્ધક પુસ્તકમાળાના પુસ્તક ૧૦૨ તથા ૧૦૩ રૂપે પ્રસિદ્ધ થતી, ગુજરાતના ચાવડા રાજા યોગરાજના સમયની આ એક ઐતિહાસિક નવલકથા છે. યોગરાજ કેટલો ન્યાયી, બુદ્ધિશાળી, પરાક્રમી અને ચાવડા રાજાઓના કુળની કીર્તિને વધારનારો હતો તે આ વાર્તા ખાસ દર્શાવે છે. ચાવડા રાજ્યની વધતી જતી કીર્તિનો નાશ કરવા સોલંકીઓ કંઈ ને કંઈ

પ્રયત્નો કરે છે; રાજ્યમાં વસતી જુદી જુદી કોમોને અંદરોઅંદર અથડાવી કલહ ઉપજાવે છે; પ્રજાના નેતાઓને અનેક જાતનાં પ્રલોભનો બતાવી, યોગરાજ સામે જુદા જુદા આક્ષેપો મુકાવે છે અને ઉશ્કેરે છે. છેવટમાં બળવો જાગે છે. અને એમાં યોગરાજને કાને 'પોતાના પુત્ર ક્ષેમે વેપારીઓનાં વહાણ લૂંટયાં છે' એ હકીકત આવતાં, યોગરાજ, પોતાના ચાવડા કુળને લાગેલા લાંછનથી બચાવવા પોતાની જાતે ચિતા ખડકી બળી મરે છે.

આ વાર્તા, વાચકને, યોગરાજના સમયની રાજનીતિ, યુદ્ધનીતિ તથા ગુપ્તચર્યા કેવાં હતાં તે બતાવી, સાચા રાજવીઓ કેવા હોઇ શકે તેનો ખ્યાલ સામાન્યપણે ઠીક આપે છે. વાર્તા એકંદરે સારી છે. અને વસ્તુગૂંથણી પણ ઠીક છે.

અ-'દ્રષ્ટા'

૮. **શંખેશ્વર મહાતીર્થ**—પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં જૈન લેખકોએ ફાળો આપેલો છે તે સર્વને સુવિદિત છે. અર્વાચીન ગુર્જર સાહિત્યમાં પણ તેમણે પોતાની યશસ્વી પ્રણાલિકા જાળવી રાખી છે. મુનિરાજ જયન્તવિજયજીનું સ્થાન અર્વાચીન સાક્ષરસમાજમાં જાણીતું છે. તેઓ ઇતિહાસ અને શિલાલેખોમાં ખૂબ રસ ધરાવે છે. તેમની પ્રૌઢ લેખિની દ્વારા અત્યાર સુધીમાં વિહારવર્ણન, આબૂ, બ્રાહ્મણવાડા, હેમચંદ્ર-વચનામૃત, અર્બુદ પ્રાચીન જૈન લેખ સંદોહ વગેરે ઉપયોગી ગ્રંથો રચાયા છે. 'શંખેશ્વર મહાતીર્થ'ના પ્રકાશનથી તેમના કીર્તિસ્તંભોમાં એકનો ઉમેરો થયો છે.

શંખેશ્વર તીર્થ એ જૈનોનું પ્રાચીન, પ્રભાવક અને મહત્ત્વનું તીર્થ છે. ભૂતકાળના ઉંડાણમાં ડોકિયું કરી લેખકની સંશોધનવૃત્તિએ આ તીર્થના એક સળંગ ઇતિહાસની કડીઓ મેળવી છે. તીર્થની ઉત્પત્તિ, પ્રતિમાની ઉત્પત્તિ, તેના પ્રભાવ-માહાત્મ્ય-ચમત્કારો, શંખેશ્વર ગામનો ઇતિહાસ, તેની પ્રાચીન જાહોજલાલી, તેનું વર્તમાન સ્વરૂપ, મંદિરની રચના વગેરેનું સર્વાંગ સુંદર વર્ણન એક સાચા ઇતિહાસકારની અદાથી પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યું છે. શિલાલેખોવાળો ભાગ પુરાતત્ત્વરસિકોને અત્યંત ઉપયોગી નીવડવા સંભવ છે. ગુજરાતના 'પઢિયાર' નામથી સુપ્રસિદ્ધ દેશના ઇતિહાસમાં અને ગુજરાતના શૃંખલાબદ્ધ ઇતિહાસની સંકલનામાં આ શિલાલેખો અતિ ઉપયોગી થાય તેમ છે. લેખકે આ શિલાલેખો પાછળ પોતાના કિંમતી સમયનો ભોગ આપી ઇતિહાસસર્જનમાં અમૂલ્ય ફાળો આપેલો છે.

આ ગ્રંથના બે વિભાગ પાડવામાં આવ્યા છેઃ પહેલામાં આ તીર્થનું ઐતિહાસિક અને વર્તમાનકાલિક વર્ણન આપવામાં આવ્યું છે, અને તે સોળ પ્રકરણોમાં વહેંચી નાખવામાં આવ્યું છે. તે ઉપરાંત શિલાલેખોનું ગુજરાતી ભાષાંતર, શંખેશ્વર જતાં માર્ગમાં આવતાં ગામોની હકીકત અને બીજી ઉપયોગી હકીકતો પરિશિષ્ટરૂપે આપવામાં આવેલ છે. બીજા વિભાગમાં ૧ પ્રાકૃત-સંસ્કૃત વિભાગ, ૨ પ્રાકૃત-સંસ્કૃત ઉદ્ધૃત વિભાગ, ૩ ગુજરાતી-હિંદી વિભાગ, અને ગુજરાતી-હિન્દી ઉદ્ધૃત વિભાગ ઉપરાંત તીર્થ સંબંધી કલ્પો, સ્તોત્રો, સ્તુતિ, શ્લોક છંદ, સ્તવનાદિ પ્રચૂર માહિતી પીરસવામાં આવી છે.

પ્રાચીન સ્થાપત્યના નમૂનારૂપ મંદિર જેટલું મનોહર છે તેટલું જ તેનાં પંદર ચિત્રો આપી પુસ્તકને મનોહર બનાવવામાં આવ્યું છે. તીર્થ પર શ્રદ્ધા અને ભક્તિ રાખનાર સજ્જનોને આ ગ્રંથ જેટલો ઉપયોગી છે તેના કરતાં પ્રાચીન ભાષા, રીતરિવાજો, શિલાલેખો, કૃતિઓ

અને પ્રાચ્ય વિદ્યા શોખીનોને આ ગ્રંથ વધુ ઉપયોગી નીવડવા સંભવ છે. ટૂંકમાં 'શંખેશ્વર' સર્વસંગ્રહ જેવો આ ગ્રંથ બન્યો છે. તેમાં શંખેશ્વરની ભવ્યતા, પ્રાચીનતા અને અર્વાચીનતાને મૂર્ત સ્વરૂપ આપવામાં આવ્યું છે, અને આરામખુરશીમાં બેઠાં બેઠાં પરિશીલન કરવાથી શંખેશ્વરની ભવ્ય યાત્રાનો લાભ વાચક મેળવી શકે તેમ છે.

૯. પાવાગઢથી વડોદરામાં પ્રકટ થયેલા જીરાવલા પાર્શ્વનાથ—આ પુસ્તક ઉપર લેખકનું નામ છાપવામાં ન આવ્યું હોત તો પણ અંદરનાં બોડાં પાનાં ઉથલાવનાર લેખકની શૈલીથી પરિચિત હરકોઇ વાચક કહી શકત કે તેના લેખક પંડિત લાલચંદ્રજી હોવા જોઇએ. પંડિતજીની વિદ્વત્તા, તેમની ઇતિહાસઅન્વેષણશક્તિ, અને તેમનો પ્રાચીનતાપ્રેમ પાને પાને દૃષ્ટિગોચર થાય છે. ગુર્જર સાક્ષર સમાજમાં ભાગ્યે જ કોઇ પંડિતજીની લેખિનીને નહિ પીછાનતું હોય. તેમની સાહિત્યસેવા વિપુલ અને વિવિધતાભરી છે અને તેમની સાક્ષરતા ઉંડા અભ્યાસ, વિશાળ વાચન અને નક્કર હકીકતો ઉપર નિર્ભર થયેલી છે.

આ પુસ્તક, તેનું નામ સૂચવે છે તેમ, ફકત જીરાવલા પાર્શ્વનાથ સંબંધી હકીકતો કે ઘટનાઓ આપીને અટકતું નથી. પરંતુ તેમાં કેટલાંયે મહત્ત્વનાં સ્થળો, પુસ્તકો અને વ્યક્તિઓ વિષે સપ્રમાણ ઇતિહાસ રજૂ કરવામાં આવેલો છે. પાવાગઢની કાલિકા, વડોદરાના રાજ્યકર્તાઓ, જૈનમંદિરો–મૂર્તિઓ, પાવાપતિના પૂર્વજ વીર પૃથ્વીરાજ ચૌહાણ અને અન્ય ચૌહાણ મહારાજાઓ, જૈનમંત્રીશ્વરો આદિનો પ્રમાણિક ઇતિહાસ આ ગ્રંથમાં નજરે પડે છે. સંખ્યાબંધ પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ ગ્રંથોના અન્વેષણ અને અથાગ જહેમતથી અહીં કડીબંધ ઇતિહાસ રજૂ કરવામાં આવ્યો છે. પુરાતત્ત્વના અભ્યાસીઓને, ઇતિહાસના સંશોધકોને, તીર્થપ્રેમીઓને અને કાવ્યશોખીનોને આ ગ્રંથમાંથી કંઇ ને કંઇ નવીન જાણવાનું મળે તેમ છે. ઇતિહાસ અને પુરાતત્ત્વના જ્ઞાનના નિચોડરૂપ આ ગ્રંથમાં પ્રત્યેક હકીકતના પુરાવા, પાઠાંતરો, મતાંતરો અને ટિપ્પણીઓ આપી લેખકે પોતાની ઉચ્ચ સંશોધન અને સંસ્કરણશક્તિનો સહજ પરિચય કરાવ્યો છે. તીર્થના મહિમા, સ્મરણો, સ્તોત્રો, યાત્રા–સંઘો, મંદિર, મંડપ, દેવકુલિકાઓ, ઉપદ્રવો, ઉદ્ધારો વગેરેનો ક્રમબદ્ધ ઇતિહાસ અહીં રજૂ થયો છે. ગુજરાતના ઇતિહાસ સાહિત્યમાં આ વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ એક મહત્ત્વનો અને આવકારદાયક ઉમેરો કરે છે અને પંડિતજીની યશસ્વી કીર્તિને વધુ દેદીપ્યમાન બનાવે છે.

નાગકુમાર મકાતી

૧૦. ઇન્ડો આર્યન એન્ડ હિન્દી (અંગ્રેજી)—લેખકઃ શ્રી. સુનીતિકુમાર ચેટરજી, પ્રકાશકઃ ગુજરાત વર્નાકયુલર સોસાયટી અમદાવાદ. મૂલ્ય. ૩–૮–૦

ગુજરાત વર્નાકયુલર સોસાયટીના અનુસ્નાતક સંશોધન વિભાગના ઉપક્રમથી ભાષાશાસ્ત્રના વિષયમાં નિષ્ણાત એવા પ્રોફેસર સુનીતિકુમાર ચેટરજી તરફથી અંગ્રેજીમાં અપાયલાં આઠ વ્યાખ્યાનો હિંદુસ્તાનમાં આર્ય ભાષાનો વિકાસ કેવી રીતે થયો તેના પર કેટલોક નવો જ પ્રકાશ ફેંકે છે. આર્યોના પ્રાગૈતિહાસિક પૂર્વજો યુરોપ અને એશિયામાં ફેલાઇ ગયા તે પૂર્વે તેમની ભાષા એક હતી, ઘણા પ્રાચીનકાળ પૂર્વે તેઓ યુરોપ અને એશિયાના જુદા જુદા પ્રદેશોમાં જુદાં જુદાં ટોળાંમાં જઇ પ્રવેશ્યા અને તે તે પ્રદેશોની ભાષા અને સંસ્કૃતિની તેમના પર કેવી અસર થઇ વગેરેની રસપ્રદ વિગતો અભ્યાસીઓને આનંદ આપે તેવી છે.

બીજો વિભાગ હિંદી ભાષાના વિકાસને અંગેનો છે જે તે ભાષાના કેટલાક પ્રશ્નોની નવેસરની વિચારણા રજૂ કરે છે.

ભાષાશાસ્ત્રના ક્ષેત્રમાં આ પુસ્તક એક મૂલ્યવાન ઉમેરો છે. ગુજરાતીમાં એનું ભાષાંતર આવકારક થઈ પડશે અને અભ્યાસીઓ એ વિષયને વધારે સારી રીતે સમજી શકશે. આવી વ્યાખ્યાનમાળા યોજવાની પરિપાટી સ્થાપવા માટે સોસાયટી અભિનંદનને પાત્ર છે. આવી જ વ્યાખ્યાનમાળા ગુજરાતી ભાષાના વિકાસને અંગે યોજાય એ ઇચ્છવા જેવું છે. નરસિંહરાવ પછી એ પ્રદેશમાં કોઈએ ખાસ પ્રયત્ન કર્યાનું જાણ્યામાં નથી.

૧૧. બુદ્ધિપ્રકાશ : લેખસંગ્રહ ભા. ૨ જો - સંપાદકોઃ શ્રી. નવલરામ ૫. ત્રિવેદી, એમ. એ. તથા શ્રી. અનંતરાય મ. રાવળ, એમ. એ., પ્રકાશકઃ ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, અમદાવાદ. પૃષ્ઠસંખ્યા ૩૫૮, કિં. રૂ. ૧-૦-૦. ૧૯૪૨.

બુદ્ધિપ્રકાશ લેખસંગ્રહ ભાગ પહેલાની જેમ આ સંગ્રહ પણ યોગ્ય પ્રતિનિધિ લેખોની ચૂંટણીથી ઉપકારક બન્યો છે. પ્રથમ ભાગમાં લેખસામગ્રીના જે વિભાગો હતા તે સૌ ઉપરાંત બીજા ભાગમાં 'શિક્ષણ વિચાર'નો વિભાગ ઉમેરવામાં આવ્યો છે. 'બુદ્ધિપ્રકાશ' પોતાની નીતિ અનુસાર સાહિત્ય-જગતની અને સમાજની જે એકધારી સેવા કરી રહ્યું છે તેની યાદીરૂપે આ બંને લેખસંગ્રહો તેમની પોતાની રીતે ઉપયોગી બની રહેશે એમાં શંકા નથી. આમાંના ઘણા લેખો અનુસ્નાતક વિદ્યાર્થીઓને કેટલાક અપ્રાપ્ય લેખો મેળવવા માટે સાનુકૂળ બનવા ઉપરાંત જિજ્ઞાસુઓને પણ 'બુદ્ધિપ્રકાશ'ની પ્રગતિના માર્ગસૂચક સ્તંભો જેવા લાગશે.

૧૨. આપણા કવિઓ—ખંડ ૧ : (નરસિંહ યુગની પહેલાં)—લેખક શ્રી. કેશવરામ કાશીરામ શાસ્ત્રી, પ્રકાશકઃ ઉપર પ્રમાણે, ક્રાઉન કદનાં, પૃષ્ઠ સંખ્યા ૪૦+૪૩૬, કિં. રૂ. ૧-૦-૦. ૧૯૪૨

શ્રી. કેશવરામ શાસ્ત્રીનું નામ હવે ગુજરાતી સાહિત્યજગતમાં અજાણ્યું રહ્યું નથી. પ્રસ્તુત પુસ્તકની પ્રસિદ્ધિ તેમને તેમની સાહિત્યિક પ્રગતિના સોપાનમાર્ગનાં કેટલાંય પગલાં આગળ લઈ જાય છે. વિષયનો તલસ્પર્શી અભ્યાસ, પ્રાકૃત અપભ્રંશ વગેરેનો નિકટ પરિચય, રસનિષ્ઠ ઔચિત્યદૃષ્ટિ અને સિદ્ધહસ્ત લેખનકલાનાં અહીં દર્શન થાય છે.

ઇ. સ. ૧૨૯૭ થી ઇ. સ. ૧૪૦૦ સુધીનો લગભગ સો વર્ષનો સમય જેને શ્રી. ક. મા. મુનશી પોતાના "Gujarat and its Literature"માં A Century of chaos—અર્થાત્ અંધકારયુગ કહે છે તે વિધાનનો સફળ રીતે પ્રતીકાર કરવા ઉપરાંત લેખકે ગૌર્જર અપભ્રંશ (પ્રાચીન ગુજરાતી)થી માંડીને નરસિંહ મહેતાના જીવનકાળ સુધીના સમયનો સાહિત્યઇતિહાસ ઉપલબ્ધ સાહિત્યકૃતિઓનાં સાધનો દ્વારા રજૂ કર્યો છે. આમ ઇસ્વી સનના છઠ્ઠા સૈકાથી માંડીને પંદરમા સૈકા સુધીની સાહિત્યકૃતિઓનો સળંગ પરિચય થવાથી ભાષાનાં સ્વરૂપોમાં જે ફેરફારો થયા છે તેના પર નવો જ પ્રકાશ પડી સમગ્ર ભાષાસ્વરૂપનો વિકાસ યોગ્ય રીતે સમજવામાં જે અનુકૂળતા થઈ છે તેને માટે સાહિત્ય-

જનતા લેખકની ઋણી રહેશે. ગુજરાતી સાહિત્યમાં જૈન લેખકોનો જે ફાળો છે તે વિષે ઘણા ઉલ્લેખો ઉદ્ગારો થવા છતાંય તે તરફ અત્યાર સુધી જે દુર્લક્ષ સેવાતું હતું તે સ્થિતિ પ્રસ્તુત ગ્રંથના પ્રકાશનથી ઘણે અંશે દૂર થઈ છે એટલું જ નહિ પણ તેણે સાહિત્યના અભ્યાસીઓને એ વિષે એક નવી દૃષ્ટિ પણ આપી છે.

મરાઠી સાહિત્યમાં મરાઠી ભાષાને નવમા સૈકાથી અને સાહિત્યને બારમા સૈકાથી સ્વીકારવામાં આવ્યાં છે. મુકુંદરાજ, જ્ઞાનેશ્વર, નામદેવ વગેરે જે કાળમાં થયા તેને મરાઠી સાહિત્યના પ્રથમ યુગ તરીકે ઓળખવામાં આવે છે. આ યુગ એટલે ઈ. સ. ૧૨૦૦ થી માંડીને ઈ. સ. ૧૩૫૦ સુધીનો યુગ. ગુજરાતી સાહિત્યમાં લગભગ આ જ ગાળામાં કશી જ સાહિત્યપ્રવૃત્તિ ન થઈ હોય એમ માની શકાતું ન હતું. શ્રી. શાસ્ત્રીના પ્રયત્ને સાહિત્ય ઇતિહાસના એ અંધારા જે કાંઈ ઉપલબ્ધ સાહિત્યની સામગ્રી દ્વારા સાંધી શકાયા છે એથી ગુજરાતી સાહિત્યજગતને સાહિત્યનો સળંગ ઇતિહાસ મેળવી આપવાનું માન લેખક જરૂર લઈ શકે. પુસ્તકના પ્રારંભમાં કરેલી ભાષાની ચર્ચા અભ્યાસયોગ્ય છે.

આવા કાળમાં પણ પાંચસો પાનાંનું આ અભ્યાસ યોગ્ય પુસ્તક એક રૂપિયામાં મેળવી અભ્યાસીઓ પોતાનો પુસ્તકસંગ્રહ સમૃદ્ધ બનાવવાની આ તક જતી નહિ કરે એમ આશા રાખીએ. —કે.

૧૩. કેસૂડો અને સોનેરુ તથા ફોજાગ્નિ ?—લેખકઃ હરિશ્ચંદ્ર ભ. ભટ્ટ; પ્રકાશકઃ ધી આર્યિક પ્રેસ, ૨૨, કલ્યાણદાસ બિલ્ડિંગ, ગોવળિયા ટેંક રોડ, મુંબઈ; મુખ્ય વિક્રેતાઃ આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ; પૃષ્ઠ ૧૦૬, પૂઠું કાચું; કિંમત ૧-૦-૦.

આ ચોપડીમાં ગુજરાતના ઊગતા કવિ શ્રી. હરિશ્ચંદ્ર ભટ્ટની સ્વતંત્ર રચેલી કવિતાઓ તથા એક લાંબી પોલિશ ભાષા ઉપરથી રચેલી કવિતાનો સમાવેશ થાય છે. સ્વતંત્ર કવિતાઓમાં પહેલી કવિતા ' કેસૂડો અને સોનેરુ ' નામની છે, અને પોલિશ ઉપરથી રચેલી કવિતાનું મથાળું ' ફોજાગ્નિ ' છે. આમ આ ચોપડીનું નામ આ બે કવિતાનાં નામ ભેગાં કરી પાડેલું છે. આ નામ કલિષ્ટ લાગે છે, તથા તેના ઉપરથી ચોપડી સંબંધી બ્યાલ કંઈ આવતો નથી.

સ્વતંત્ર કવિતાઓ જુદા જુદા વિષયો સંબંધી છે. એમાં ' એ નેનમાં ', ' હૈયે છુપાઈ ' ' અલકઝટની શોભા ', ' સફેદ ચંપાનાં ફૂલોને ' વગેરે સુંદર છે.

પોલિશ ઉપરથી રચેલી કવિતા લાંબી છે. એમાં એક માણસને અગમ્ય નાદ સંભળાય છે. એ નાદ સંભળાવાને લીધે એની શાંતિ નાશ પામે છે, એ શાંતિ કાયમ રહે તથા પોતે કુટુંબસુખ પૂર્વવત્ ભોગવી શકે તે માટે તે તથા તેની પત્ની પ્રયત્ન કરે છે. પરંતુ આખરે તેનાથી એ નાદને વશ થયા વગર રહેવાતું નથી, અને તેથી એ ગૃહત્યાગ કરે છે. પાછળ એની સ્ત્રી દુઃખી થાય છે. આ વસ્તુમાં રાગ અને ત્યાગ વચ્ચેનું ધર્મભ્રમ અને છેવટે ત્યાગનો વિજય દેખાય છે.

આ ચોપડી કવિતાપ્રેમીઓને એકંદરે ગમશે, એની કિંમત કંઈક વધારે લાગે છે. સામાન્ય ભણેલાંને આ ચોપડી ખાસ આકર્ષી શકશે નહિ.

શં. સો. પટેલ

સામયિકો

૧ બાલમિત્ર—તંત્રીઓઃ શ્રી. પુરુષોત્તમ શાહ અને શ્રી. નટવરલાલ દવે; પ્રકાશકઃ ચરોતર એજ્યુકેશન સોસાયટિ, આણંદ. વાર્ષિક લવાજમ રૂા. ૩–૮–૦.

ચરોતર એજ્યુકેશન સોસાયટિ તરફથી છેલ્લાં એકવીસ વર્ષ થયાં આ બાલમાસિક પ્રકટ થાય છે. સ્વ. શ્રી. મોતીભાઇ અમીન સાહેબે ચરોતરમાં શિક્ષણપ્રચારનો ભેખ લીધો તેમ બાલશિક્ષણ માટે પણ તેમના પ્રયત્નો ઓછા નહોતા. એમણે વસો ખાતે ભરેલો બાલ-શિક્ષણ તાલીમવર્ગ તો જાણે તાજો જ હોય તેમ ઘણાય શિક્ષકોને જાણીતો છે. તેવું જ બાળકોના શિક્ષણમાં સાથ આપે તેવું, બાલવાચનપ્રચાર માટે જ્યારે ગુજરાતી ભાષામાં માત્ર એકાદ આંગળીને વેઢે ગણાય તેટલાં જ બાલમાસિકો હતાં ત્યારે, બાળકો માટેનું ઉમદા વાચન આપતું આ માસિક શરૂ કરેલું અને એણે સદ્‌ગતના અવસાનકાળપર્યંત તો એનું એ ધ્યેય જાળવી રાખ્યું હતું. પરંતુ પાછળથી એ ધ્યેય પૂરતા પ્રમાણમાં જળવાયેલું જોઇ શકાયું નહોતું; તે સખેદ નોંધવું પડે છે.

ગયા માસથી એના નવા તંત્રીઓએ એને નવી જ સજાવટ સાથે પ્રકટ કરવા માંડ્યું છે. અને આ સપ્ટેમ્બર અંકમાં એક પણ લેખ એવો અપાયો નથી કે જે બાળકોને વાંચવો ગમે તેવો ન હોય; એટલું જ નહિ પરંતુ ઉપયોગિતાની દૃષ્ટિએ પણ એના લેખો ખાસ વાચનપાત્ર છે. દરેક લેખ બાળકને કંઇ ને કંઇ નવું જ જાણવાનું આપે છે. કાવ્યો કેટલાંક ખાસ બાલભોગ્ય હોઇને બાળકોને ગાવાં–મોઢે કરવાં ગમે તેવાં છે.

તંત્રીઓ ભવિષ્યમાં બાળકોને આવું ને આવું ઉપયોગી અને બાળકોની જિજ્ઞાસા તૃપ્ત કરે તેવું વાચન આપતા રહે એજ અભીપ્સા.

૨ નવચેતન (રંગભૂમિ અંક)—તંત્રી અને પ્રકાશક : શ્રી. ચાંપશી વિ. ઉદેશી; કોઠી રોડ, વડોદરા. વાર્ષિક લવાજમ રૂા. ૧–૬–૦

આપણે ત્યાં જ્યારથી સિનેમાનો પ્રચાર શરૂ થયો ત્યારથી કેમ જાણે રંગભૂમિની કફોડી શરૂ થઇ છે અને એનાં કલાવૈવિધ્ય જાણે હવે જવા બેઠાં હોય તેમ લાગે છે. એને અનુલક્ષીને મુંબઇ રેડીઓ સ્ટેશનના ગુ. ડિરેક્ટર શ્રી. ચંદ્રવદન મહેતાએ તેમ જ ગુજરાત સાહિત્ય સભાએ રંગભૂમિ-નટઘર સ્થાપવાના પ્રયત્નો કરેલા. તેનાં પણ કંઇ પરિણામ જણાયાં નથી; ત્યારે "નવચેતન" વર્ષે એકાદ રંગભૂમિ અંક પ્રકટ કરી આપણને એની યાદ તાજી કરાવે છે. આ અંકમાં રંગભૂમિના વ્યવસાયમાં સક્રિય કાર્ય કરતા જાણીતા નટો અને સંચાલકોના આપણી રંગભૂમિની હાલની પરિસ્થિતિ દર્શાવતા લેખો છે. રંગભૂમિ અને નાટ્યકલાના શોખીનોને આ અંક જરૂર ગમશે.

માસિકો મળ્યા તારીખ

નામ	પુસ્તક	અંક	માસ	તારીખ
કિશોર	૭	૫–૬	મે–જુન	૨૬–૮–૪૨
કુમાર	૧૯	૮	ઑગસ્ટ	૨૫–૮–૪૨
ખેતીવાડીવિજ્ઞાન	૩૦	૯	સપ્ટેમ્બર	૨–૯–૪૨
ગુણસુન્દરી	૩૮	૧	સપ્ટેમ્બર	૧–૯–૪૨
ગ્રામજીવન	૧૨	૧૦	ઑગસ્ટ	૧–૮–૪૨
ઘરશાળા	૨	૧૦	ઑગસ્ટ	૧૧–૮–૪૨
ચરોતર	૧૨	૮	ઑગસ્ટ	૧૬–૮–૪૨
ચિત્રમય જગત	૨૮	૬	સપ્ટેમ્બર	૩–૯–૪૨
નવચેતન	૩૮	૫	સપ્ટેમ્બર	૧–૯–૪૨
ઊર્મિ અને નવરચના	૭	૫	ઑગસ્ટ	૨–૯–૪૨
નૂતન શિક્ષણ	૮	૧	સપ્ટેમ્બર	૨–૯–૪૨
પાટીદાર	૨૦	૮	શ્રાવણ	૨૬–૮–૪૨
પ્રસ્થાન	૧૭	૨	જેઠ	૩–૯–૪૨
બાલજગત	૪	૯	સપ્ટેમ્બર	૨–૯–૪૨
બાલજીવન	૨૨	૮	ઑગસ્ટ	૯–૮–૪૨
બાલમિત્ર	૨૨	૨	સપ્ટેમ્બર	૨–૯–૪૨
બાલસખા	૬	૨	જુલાઇ	૧–૭–૪૨
બાળક	૨૦	૯	સપ્ટેમ્બર	૧–૯–૪૨
બુદ્ધિપ્રકાશ ત્રિમાસિક	૯૮	૪	એપ્રિલ–જુન	૩૦–૭–૪૨
યુવક	૧૨	૮	સપ્ટેમ્બર	૬–૯–૪૨
રેખા	૪	૧	ઑગસ્ટ	૩૦–૭–૪૨
વૈદ્યકલ્પતરુ	૪૭	૮	ઑગસ્ટ	૬–૮–૪૨
વ્યાયામ	૨૭	૮	ઑગસ્ટ	૧૫–૮–૪૨
શારદા	૩૭	૫	ઑગસ્ટ	૧૫–૮–૪૨
શિક્ષણ અને સાહિત્ય	૩	૧૧	ઑગસ્ટ	૧–૮–૪૨
સૌરાષ્ટ્રશિક્ષક	૧૫	૨	જાન્યુ.–માર્ચ	૩–૬–૪૨
સ્ત્રીજીવન	૩	૧૦	ઑગસ્ટ	૧૦–૮–૪૨
સ્ત્રીબોધ	૮૬	૬૮	ઑગસ્ટ	૯–૮–૪૨
હકાઉટવીર	૧૧	૧	જુન	૧૫–૬–૪૨



ઊર્મિ અને નવરચના :

ઑગસ્ટ : ૧૯૪૨

માતૃમંદિર : હિંદુ મુસ્લીમ ઐક્યપ્રેરક "રક્ષાબંધન" પુસ્તકના લેખક શ્રી. હરિકૃષ્ણ પ્રેમીની લખેલી આ નાટિકામાં એ જ હિંદુમુસ્લીમ એકતાનો ઉપદેશ અપાયો છે. કોમી ઝગડાની આગ લગાડતા લોકોને એ ખાસ વંચાવવા જેવો છે.

સંસારચક્ર : આપણા સામાજિક કોયડાનાં ગૂંચળાં આ લેખમાં છે. પહેલા પ્રસંગમાં પતિને અણગમતી પત્નીનો. બીજા પ્રસંગમાં આબરૂને નામે આપણા સમાજમાં ચાલતાં આંધળિયાં, ત્રીજામાં ન પરણવા ઇચ્છતા યુવાનની વિધવિધ મૂંઝવણો અને ચોથામાં સ્ત્રીઓની ખુશામતખોરીને લગતી વિચાર ભૂમિકા આપેલી છે.

મારું શરીર મેં શી રીતે બગાડ્યું ? એક બહેન ઉપરનો પ્રશ્ન પૂછે છે. તેમાં પોતે કયાં કયાં કારણે શરીરવ્યાધિને વહોરી લીધો તેનું વર્ણન આપ્યું છે. અને તેના ઉત્તરમાં જાણીતા નિસર્ગોપચારક શ્રી. રમણલાલ એન્જીનિયરે સુધારવાના સાચા રસ્તા સૂચવ્યા છે.

કિશોર : મે-જુન : ૧૯૪૨

મૈસુરની ઔદ્યોગિક પ્રગતિ : ત્યાંની સરકારે પોતાનાં સંસ્થાનોનો ઔદ્યોગિક વિકાસ સાધવાનો આરંભ કર્યો. સરકાર અને પ્રજાના

સહકારયુક્ત પ્રયત્નોને પરિણામે ત્યાંની ઔદ્યોગિક પ્રવૃત્તિ ઠીક ઠીક ફાલી ફૂલી છે. ત્યાં જંગલની તેમ જ ખનીજની પેદાશ ખૂબ જ છે. ઉપરાંત અન્ય કુદરતી ઉત્પાદનો પણ સારા પ્રમાણમાં છે. પરિણામે સરકાર તરફથી પણ નીચે પ્રમાણે કારખાનાં તેમ જ પ્રજાના પોતાના ભંડોળ વડે પણ સંખ્યાબંધ કારખાનાં ત્યાં સ્થપાયાં છે. અને તે ધમધોકાર કામ કરી રહ્યાં છે.

ભારતવાસી ભારુ નથી : એક સબમરીનના આપત્તિકાળે મરજીવા બની મરણની પણ પરવા ન કરનાર એક ભારતીય એન્જીનિયરની બહાદુરીની કથા આ લેખમાં છે.

વક્તા કેમ થવાય ? વક્તા થવા માટેની જુદી જુદી જાણવા જોગ વિગતો આ લેખમાં છે. ઊગતા વક્તાઓને એ ઠીક ઉપયોગી થાય તેમ છે.

" કુમાર " : ઑગસ્ટ : '૪૨

સ્વ. મહાદેવભાઇ : ગઇ તા. ૧૫-૮-૪૨ ના રોજ મહાત્મા ગાંધીજીના જમણા હાથ અને રહસ્યમંત્રી શ્રી. મહાદેવભાઇનું અવસાન થયું તેમની સંક્ષિપ્ત જીવનરેખા આ લેખમાં આપી છે. એમણે ' મીરાંની ભક્તિ ' જેવી અનન્ય ગાંધીજી પ્રત્યેની ભક્તિથી એમનું જીવનસર્વસ્વ એમને ધરી દીધું હતું ને પોતે એમનામાં જ જાણે સમાઇ ગયા હતા. જીવિતની ક્ષણેક્ષણ સ્વરાજસાધનાના તપમાં વિલીન કરીને દેશકાર્યના ઓરસિયા ઉપર સુખડની માફક ઘસાઇ ગયેલા એમના જીવનની માત્ર મહેક જ હવે રહી છે.

વી. શ્રીનિવાસ શાસ્ત્રી : હિંદના રાજદ્વારી ક્ષેત્રમાં વર્ષો થયાં કામ કરતા શ્રી. વી. શ્રીનિવાસ શાસ્ત્રીનું આ જીવનચરિત્ર છે. એઓ સાચે જ સર્વન્ટસ ઑફ ઇન્ડીઆ સોસાયટિમાં સ્વ. ગોખલેનું સ્થાન સાચવે છે. ગોખલેની પેઠે જ એમનામાં બૌદ્ધિક પ્રમાણિકપણા સાથે ઉચ્ચ આદર્શવાદિતા છે; ચાહે તેવા વિરોધનો સામનો કરવાની તૈયારી અને ઊર્મિના વેગમાં તણાઈ ન જવાની એમનામાં મક્કમતા છે.

વર્ધા આશ્રમ : ' વર્ધા આશ્રમ ' એટલે કોઇએક આશ્રમ ન સમજશો. એમાં તો મહાત્માજીની દેખરેખ નીચે અથવા એમની પ્રેરણાથી વર્ધા કરબામાં અથવા તેની આજુબાજુ જે રચનાત્મક પ્રવૃત્તિઓ ચાલે છે તે બધીનો સમાવેશ થાય છે. એને લગતી વિવિધ વિગતો આ લેખમાં છે.

ગુણસુન્દરી : સપ્ટેમ્બર : '૪૨

યુગરેખા : આ કાવ્યમાં સાસુવહુના સંવાદરૂપે બન્ને વહેલી સવારે શું કરે છે તે માર્મિક રીતે જણાવ્યું છે.

માનવતાના મહેરામણમાં આ આરાશ કયાંથી ? આપણા સામાજિક અનિષ્ટોભર્યા બારા સંસારમાં મીઠી વીરડીઓ પણ હોય છે તેના ત્રણ કથાપ્રસંગો આ લેખમાં છે.

મારી વીતકકથા : એક ત્યજાયેલી તરુણી પોતાના પતિનું માનસપરિવર્તન થતાં અને ઘરબાર છોડી જતાં આખરે એકાદ શુભેચ્છકના સમજાવવાથી એ પતિએ ત્યકતાનો કેવો સ્વીકાર કર્યો છે એ ઘટના એનાં અથઇતિ વીતકો સાથે વર્ણવવામાં આવી છે.

ચાલતી ગાડીએ : આ એક હળવી નિબંધિકા છે. નાનેથી મોટાં સૌ આ જગતમાં

સવારથી માંડી સાંજ સુધીમાં કેટલીય વાર ચાલતી ગાડીએ વળગી પડે છે તેનું સુંદર હળવું જ્યાન આ લેખમાં છે.

ચિત્રમય જગત : સપ્ટેમ્બર : ૧૯૪૨

એશિયાખંડનું રાજકારણ : આજે એશિયામાં જાપાન જોર પર આવ્યું છે. તે વખતે એશિયાનાં જુદાં જુદાં રાષ્ટ્રોનાં રાજકારણ–તેમાં પણ ખાસ કરીને–ચીન–જાપાનનાં રાજકારણના પૂર્વેતિહાસથી માંડી આજ સુધીના એના રાજદ્વારી બનાવોનું વિહંગાવલોકન આ લેખમાં આપવામાં આવ્યું છે.

પ્રાર્થનાનું સામર્થ્ય : એક મહાન વિજ્ઞાનવેત્તાને પ્રાર્થનાના બળ પર ભાર મૂકતો સાંભળીએ ત્યારે આપણને સહેજે આશ્ચર્ય ઉપજે. અહીં એવા જ એક વિજ્ઞાનવેત્તા જેણે ૩૩ વર્ષ સુધી વિજ્ઞાન વિષયમાં સંશોધનકાર્ય કર્યું હતું અને જેને કેન્સરના વિષય બાબત નોબેલ જંગનો મેડલ મળ્યો હતો તે કહે છે, કે બીજા કોઇ પણ ઇલાજથી ન મટે એવા કેન્સરનો મણ માત્ર પ્રાર્થના વડે સુકાઇને રૂઝાઇ જતો જોયો છે. એ વૈજ્ઞાનિક અહીં પ્રાર્થનાનું બળ શું છે તે જણાવે છે. એ લેખ " સામાયિક દોહન " વિભાગમાં આ અંકમાં અન્યત્ર ખાસ વાંચો.

નાઝીપંથની દશોક્તિઓ : જર્મનીના નાઝી પક્ષના આગેવાનોએ અનેક વાર ઉચ્ચારેલાં આ અભિમાની વચનો તેમના માનસનું સાચું પ્રતિબિંબ પૂરું પાડે છે. જગત નાઝીવાદનું વિરોધી કેમ છે તે આ લેખમાં આપેલી ૩૫ ઉક્તિઓ પરથી સહેજે જણાઇ આવે તેમ છે.

પ્રસ્થાન : જેઠ : ૧૯૯૮

કળામાં વ્યક્તિતા, રાષ્ટ્રીયતા અને આંતરરાષ્ટ્રીયતા : વિખ્યાત કલાકાર પ્રૉ. જેમ્સ એચ. કઝિન્સની સિત્તેરમી જન્મજયંતિ ગઇ તા. ૨૨–૬–૪૨ ના રોજ હિંદનાં કલા–કેન્દ્રોમાં ઉજવાયેલી. તદનુસાર અમદાવાદ મુકામે પણ ઉજવાઇ હતીઃ તે પ્રસંગે જાણીતા કવિ શ્રી. સુન્દરમ્ (ત્રિભુવનદાસ લુહાર) એ કલાકારના ઉપરના વિષયને લગતા દર્શાવેલા વિચારો આ લેખમાં આપ્યા છે.

અહંપાત્માનું આત્મપુરાણ : આપણા જાણીતા હાસ્યસમ્રાટ શ્રી. જ્યોતીન્દ્ર દવે એમની લાક્ષણિક હાસ્યકટાક્ષભરી શૈલીએ અર્ધદશાબ્દીના અનુભવો આપે છે.

વ્યાયામ મીમાંસા અથવા આપણો વ્યાયામ : આ લેખમાં વ્યાયામના પ્રકારો–જેવા કે, નૈસર્ગિક વ્યાયામ, શસ્ત્ર આદિ દ્વારા વ્યાયામ, દેહસૌંદર્ય અને દેહસૌષ્ઠવ માટેનો વ્યાયામ, સરકસિયા વ્યાયામ વગેરે વ્યાયામની પ્રક્રિયાઓની મીમાંસા આપવામાં આવી છે.

શારદા : ઑગસ્ટ '૪૨

આત્મનિરીક્ષણ : દર માસે, સાક્ષર શ્રી. રમણલાલની વિવિધ વિચારશ્રેણી "શારદા"ના પહેલા પાને આપવાની તંત્રીએ કરેલી યોજના મુજબ આ અંકે લેખકે, વ્યકિત અને સામુદાયિક પાપની અથડામણમાંથી નીપજતી તકરારો ને મુદ્દાની તુલના આપી છે. ઉપરાંત આખો ય અંક જાણીતા પ્રૉફેસરોની કલમે તૈયાર થયેલો હોઇ બધા જ લેખો વાચન માગી જ લે છે.



શ્રી. મહાદેવ દેસાઈનું ખેદજનક અવસાન :

ગુજરાતી સાહિત્યને માટે હમણાં હમણાં વારાફરતી શોકના પ્રસંગો જ આવતા જાય છે. થોડાક વખત પર એના અંગ અભ્યાસી અને બહુશ્રુત અને જૂની પેઢીના સાક્ષરો શ્રી. આનંદશંકર ધ્રુવ અને શ્રી. અંબાલાલ બુ. જાની સરખા પ્રખર સાક્ષરોના અવસાનથી ન પુરાય તેવી ખોટ સાહિત્યજગતને પડી. થોડોક વખત વીત્યો ત્યાં, દેશમાં રાજદ્વારી આંદોલનો શરૂ થયાં, અનેક દેશનેતાઓ જેલ ભેગા થયા; અને એ જેલ ગયેલા નેતાઓમાં આપણા એક સિદ્ધહસ્ત લેખક અને અચ્છા કલમબાજ શ્રી. મહાદેવ દેસાઇનું તો હમેશને માટે ત્યાં જ બલિદાન દેવાઇ ગયું.

સ્વ. મહાદેવભાઇની ગુજરાતી સાહિત્ય જગતમાં ભાગ્યે જ ઓળખ આપવાપણું હશે. સાહિત્યમાં રસ લેનાર તમામ વ્યક્તિ તેમનાથી–તેમની લેખિનશૈલીથી સુપરિચિત છે. તેઓ એક અચ્છા મૌલિક લેખક હતા; તેમની વર્ણનશક્તિ અજબ હતી. હરકોઇ બનાવનું હૂબહૂ ધ્યાન–તાદશ ચિત્ર તેમની કલમ દોરી શકતી; અને મહાત્માજી સરખાનું લેખનરહસ્ય જનતાને સમજવામાં તેઓ એક સફળ સમજાવનાર તરીકે તેઓ આપણી સમક્ષ હતા. તેઓનાં અનુવાદપુસ્તકો વાંચતાં, એ પુસ્તકો પરભાષાના અનુવાદ જ નહિ, પરંતુ જાણે કોઇ મૌલિક પુસ્તક જ વાંચતા હોઇએ તેવી તેમની લેખનશૈલી સરળ અને એકધારી હતી.

આજે એ સાહિત્યકાર આપણી પાસેથી અદૃશ્ય થયા છે. પરંતુ એમની પુસ્તકોની ફોરમ આપણી સમક્ષ છે, એટલાથી જ હવે તો સંતોષ માનવો રહ્યો. પ્રભુ સદ્‌ગતના સેવાભાવી આત્માને શાંતિ જ અર્પશે.

સાહિત્યજગતને પણ શોષવું પડશે—આજે દેશભરમાં–દુનિયાભરમાં ઝંઝાવાત વાઇ રહ્યો છે. દરિયાપારના દેશો યુદ્ધદાવાનળમાં સળગી રહ્યા છે ત્યારે ત્યાંની બળબળતી વરાળો આપણે ત્યાં આવતાં તેનાં સીધાં કે આડકતરાં પરિણામો બરદાસ્ત કરવાનો વખત આપણને પણ આપ્યો છે. સાહિત્યજગતને પણ એને માટે શોષવા વારો કર્યા ઓછો છે ?

આજે કાગળની મોંઘવારી અનહદ વધી ગઇ છે. દોઢ આને રતલ મળતા કાગળના આજે રતલના બાર આના સુધી બજારમાં બોલાય છે. સરકાર નિયમનના હુકમો કરે છે, પરંતુ તેની કેટલી અસર થાય છે તે તો જાતે જોવા આવે ત્યારે જ સમજાય. પરિણામે પ્રકાશકો નવું સાહિત્ય પ્રકટ કરતાં અટકી ગયા છે. આથી પુસ્તકાલયો માટે નવીન ખોરાક આવતો

ઓછો થયો છે. સામયિકો જેમ તેમ જીવી જવા માટે તરફડિયાં મારી રહ્યાં છે જ્યારે કેટલીક પગભર સંસ્થાઓ–આપણા ગુજરાતની નવજીવન પ્રકાશન મંદિર જેવી ચિંતનશીલ અને નક્કર સાહિત્ય આપતી—સિદ્ધહસ્ત અને ચુનંદા લેખકોનાં પુસ્તકો અલ્પ મૂલ્યે જનતા સમક્ષ લઈ જતી સંસ્થા પર, બ્રિ. સરકારે સીલ લગાવી તેના નિર્દોષ સાહિત્યપ્રચારને પણ રૂંધ્યો છે.

"હરિજન" પત્રો રાજદ્વારી વિચારો પ્રસરાવનારાં ગણી તેના પ્રકાશન અને પ્રસિદ્ધિ પર અંકુશ મૂકવામાં આવે એ સહ્ય લેખાય; પરંતુ એ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ થયેલાં સાહિત્ય-વિષય પુસ્તકો–જનતાની નૈતિક, સામાજિક અને આર્થિક ઉન્નતિપ્રેરક પુસ્તકો–ને પણ કેદ કરવામાં આવે એ ખરે જ ખેદજનક લેખાય. એથી તો શિષ્ટ સાહિત્યનાં અને અનેક નિર્દોષ પ્રચારપાત્ર પુસ્તકોથી અનેક વાચકો–બીનરાજદ્વારી વાચકો ના મનનો ખોરાક પણ અટકી જશે.

આ તો એ પ્રકાશનસંસ્થાઓની વાત થઈ. આજે તો આપણા સંખ્યામંધ ગણ્ય-માન્ય લેખકો પણ જેલના સળિયા પાછળ પુરાઈ ગયા છે. એમની લેખનસૌરભથી પણ હાલ તો ગુર્જર સાહિત્ય વંચિત બન્યું છે.

ઈશ્વરને પ્રાર્થીએ અમારા સાહિત્યક્ષેત્રના ઝળકતા સિતારાઓ એમની સાહિત્યપ્રસાદી જનતાને આપવા જેવો સમય સત્વર આવે.

પુસ્તકાલયોને મદદ

સાં. પુ. ઉમરાખ (તા. પલસાણાને) રૂા. ૨૩)નું એક ધડિયાળ એ જ ગામના રહીશ પટેલ છગનલાલ હરિભાઈ તરફથી.

સા. પુ. ચાવંડ (તા. દામનગર)ને રૂ. ૨૧) ચાવંડ (હાલ મુંબઈ)ના શેઠ દ્વારકા-દાસ કેશવજી તરફથી.

સા. પુ. પાટણને રૂા. ૪૦)નું કબાટ નંગ ૧ શ્રી. મહેન્દ્રરાય કલ્યાણરાય વહિયા તરફથી તેમના સ્વ. પુત્ર અનિલકુમારના સ્મરણાર્થે.

સા. પુ. ખાવડ (તા. કડી)ને ૧૯) પટેલ લાલભાઈ ઝવેરદાસ, ૧૦) પટેલ નારણભાઈ મગનદાસ, ૧૦) પટેલ જેઠાભાઈ કિશોરદાસ, ૧૦) અંબારામ જેઠીદાસ, ૨) ડો. ઓચ્છવલાલ માણેકલાલ શાહ તરફથી.

સા. પુ. સામપુરા (તા. કામરેજને રૂા. ૧૫૦) દોઢસો પા. કલ્યાણજી નથ્થુભાઈ તરફથી તેમના કાકા પા. લલ્લુભાઈ જયરામના સ્મરણાર્થે.

પ્રકાશન બંધ

"**યુવક**" માસિકના કાર્યકર્તાઓ જેલ ગયા હોવાથી તેનું પ્રકાશન હાલ મોકુફ રહ્યું છે.

"**સુવાસ**" હાલના સંજોગોને કારણે બંધ થશે કહે છે.

વહોરાની જનતાને—આપણા રાજ્યમાં હમણાં ચાલતી રાજદ્વારી પ્રવૃત્તિ સંબંધે ઉપર મુજબનું એક ચોપનિયું પ્રકટ કરવામાં આવ્યું છે. તેમાં સરકાર અને પ્રજામંડળના સંબંધો દર્શાવી જનતાએ કેવી રીતે વર્તવું તેને લગતાં સૂચનો આપ્યાં છે. એ આખુંય એક વાર "સયાજીવિજય"ના તા. ૨૪-૮-'૪૨ ના અંક સાથે વધારા તરીકે વહેંચાયું હતું.

પુસ્તકો ભસ્મીભૂત—પાટણ હાઇસ્કૂલના મકાનને લાગેલી આગના પરિણામે કહે છે કે, એ શાળાના પુસ્તકાલયનાં રૂા. સાત હજારની કિંમતનાં પુસ્તકો પણ ભસ્મીભૂત થયાં છે.

રાજ્ય આહાર

ભાવનગર રાજ્યમાં પ્રૌઢ શિક્ષણ યોજનાનો અમલ કરવા એક સંઘ સ્થપાયો છે. યોજના મુજબ કહે છે કે, અભણ પ્રૌઢો માત્ર ૧૫ માસમાં લખતાં વાંચતાં શીખે છે. એ માટે જાહેર જનતાનો સંઘે સાથ-સહકાર માગ્યો છે. એ યોજનામાં સક્રિય ઉપયોગી કામ કરનારને અમુક મહેનતાણું આપવાની પણ જોગવાઇ કરવામાં આવી છે.

પરદેશ

યુક્રેઇન પ્રદેશના ગોગોલ ખાતે રહેતા એક પ્રતિષ્ઠિત લેખકના મકાનને પાયમાલ કરતાં નાઝીઓએ તેનાં કિંમતી પુસ્તકો તથા આખાં તેમ જ અર્ધાં પૂતળાંઓનો પણ નાશ કર્યો છે. તે પહેલાં થોડા જ વખત પર જાણીતા રશિયન લેખક ટૉલ્સ્ટૉયના "યસ્નાયા પોલ્યાના" નામનું ઐતિહાસિક રહેઠાણ પણ નાઝીઓની વિનાશક પ્રવૃત્તિનું ભોગ બન્યું હતું.

પુસ્તકાલય સ. સ. મંડળ લિ.

જાહેરાત નં. ૧

રાજ્યનાં ગ્રા. પુ. નાં બજેટમાં લાકડીસામાન ખાતે જે રકમ સાધવામાં આવે છે તેમાં ચાલુ યુદ્ધની મોંઘવારીના કારણે ભાવમાં વધારો થયેલો હોઇ મંડળ મારફતે જેમણે લાકડી સામાન તૈયાર કરાવવો હોય તે પુસ્તકાલયના મંત્રીભાઇઓએ કબાટ ખાતે રૂા. ૩૮-૦-૦ પેપર સ્ટેન્ડ ખાતે રૂા. ૪-૮-૦, અને હાથાવાળી ખુરશી ખાતે રૂા. ૫-૮-૦ સને ૧૯૪૨-૪૩ના વર્ષના બજેટ ખાતે સાધવા વિજ્ઞપ્તિ કરવામાં આવે છે.

આ જાહેરાત પુસ્તકાલય ખાતાના મે. રા. રા. મદદનીશ વ્યવસ્થાપક સા. ની સંમતિપૂર્વક પ્રસિદ્ધ કરવામાં આવી છે.

વા. ના. અમીન
મંત્રી

જાહેરાત નં. ૨

રાજ્યનાં કસ્બા તેમજ ગ્રા. પુસ્તકાલયોને આથી જણાવવામાં આવે છે કે હાલની રાજકીય પ્રવૃત્તિને લઇને સરકારે પત્રો ઉપર મૂકેલા પ્રતિબંધ અંગે કેટલાંક રાષ્ટ્રીય પત્રો તથા માસિકોનાં પ્રકાશનો અચોક્કસ મુદત સુધી બંધ પડેલાં હોવાથી એવાં પત્રો મંગાવનાર પુસ્તકાલયો તરફથી તેનું વાચન ન મળવાના કારણે વારંવાર લવાજમ પરત મંગાવી બીજાં પત્રોનાં લવાજમ ભરવા અનેક માગણીઓ આવે છે. આવી માગણીઓવાળાં પુસ્તકાલયોને વ્યક્તિગત જવાબો આપવા અશક્ય હોવાથી આ જાહેરાત દ્વારા જણાવવામાં આવે છે કે બંધ પડેલાં પત્રો માસિકો સરકારી અંકુશો દૂર થતાં ફરીથી પોતાનું પ્રકાશન ચાલુ કરેથી બંધ રહેલી મુદત પૂરતી લવાજમની મુદતમાં વધારો કરી આપશે. તેમ છતાં તેવાં પત્રોનું પ્રકાશન ફરીથી ચાલુ નહિ થાય તો તેમનું લવાજમ પરત મેળવવા મંડળ બનતા તમામ પ્રયત્નો કરશે. ને પરત મળેલું લવાજમ જે તે પુસ્તકાલયને મનરે આપવામાં આવશે. માટે હાલ તુરત એ બાબત કોઇએ ઉઘરાણી નહિ કરવા વિનંતિ છે.

વડોદરા
તા. ૮-૯-'૪૨

વા. ના. અમીન
મંત્રી

ચર્ચાપત્રનો સાર

ગયા અંકે "બજેટ" શીર્ષક જે લેખ છપાયેલો તેમાંની કેટલીક બાબતો "બાલજીવન"ને ઉદ્દેશીને લખાઇ હોવાનું માની તેના તંત્રી શ્રી. રમણુલાલ ના. શાહે અમારા પર એક ચર્ચાપત્ર મોકલી આપ્યું છે. "પુસ્તકાલય" માસિકમાં ચર્ચાપત્રો કવચિત જ લેવાનું ધોરણ હોઇને તેમાં પણ આજના વખતમાં ચર્ચાપત્રોના વાદ ઈષ્ટ નહિ જણાતાં એ પત્રનો સાર આ નીચે આપ્યો છે:

સાહિત્યના પ્રવાહના વહેણુના સાક્ષાત પરિચય માટે હંમેશાં નવી ચોપડીઓ પ્રકટ થાય ત્યારે તેના ફકરા, વાર્તાનો ઉતારો કે ચિત્રો અમુક અમુક માસિકોમાં આપવામાં આવે જ છે. ગુજરાતનાં અત્યંત સમર્થ અને સુંદર માસિકો "કુમાર", "શારદા", "નવચેતન" વગેરેમાંથી આવા અનેક દાખલા હું બતાવી શકું એમ છું. બાલસાહિત્યનાં જે જે નવાં પુસ્તકો પ્રકટ થાય તેમાંથી જે વિશેષ ધ્યાનપાત્ર મને લાગે તેની વાનગી અર્થે એ પુસ્તકોમાંથી અમુક ભાગ સો ટકા બાલોપયોગી હોય તો તે 'બાલજીવન'માં ચિત્રો સાથે છાપવામાં " વ્યાપારી કાવાદાવા "ની કોઇ વાત છે એ તો કોઇક × × × એકપક્ષી × × × સિવાય કોઇ કબૂલ નહિ જ કરે. × × ×

વળી આ જ રીતે અંગ્રેજી ભાષાના Childrens Encyclopedia, My Magazine, Childrens Magazine, Childrens Treasure House વગેરેનાં ચિત્રો વપરાયલાના દાખલા બતાવી શકાય એમ છે. ચિત્રો આ રીતે માસિકમાં ખુશીથી આપી શકાય એના સમર્થનમાં અનેક દલીલો રજૂ થઇ શકે એમ છે. હાલ એ વિશે લંબાણુ કરવા જરૂર જોતો નથી. × × × ×

માસિકમાંથી અમુક નકો કરવો જ એવી કોઇ પણ યોજના મારી પાસે કદી હતી નહિ અને છે પણ નહિ. × × × અમે જે ચિત્રો નવાં બહાર પડતાં પુસ્તકોમાંથી (આપણી અને બીજી ભાષાનાં શિષ્ટ માસિકો અને પત્રોમાં આપવાનું ધોરણ છે તે મુજબ) આપીએ છીએ. એ બધાં ચિત્રો અને એવા બધા લેખોમાં રોકાયેલાં પાનાં 'બાલજીવન'નાં કુલ પાનાં બાર મહિને અપાય છે તેમાંથી બાદ કરીએ તો પણ જે ચિત્રો અને જે પૃષ્ઠો અમે આપી શકીએ છીએ તે × × × × પત્રોના કરતાં તો ખચીત જ વધારે છે. × × ×

ભેટ ચોપડી આપીએ છીએ તે પણ માસિકનાં પાનાં કે ચિત્રો ઓછાં કરીને બિલકુલ નહિ. બીજાં બાળકોનાં પત્રો કરતાં–વધુ વાચન, વધુ પાનાં અને વધુ ચિત્રો 'બાલજીવન' માસિકમાં આપ્યા પછી જ ભેટ ચોપડી આપવામાં આવે છે, અને તે પણ અમારા જ ટપાલખર્ચથી ગ્રાહકને મોકલીએ છીએ.

["બજેટ" શીર્ષક લેખ છાપતી વખતે આવું અંગત માની લેવાશે એવો અમને ખ્યાલ જ નહોતો. કદાચ બીજા પણ કોઇને એવું લાગે તો તે ભાઇ આવી કોઇ ચર્ચામાં હાલના સંજોગોમાં તો ન જ ઉતરે એમ ઇચ્છીએ છીએ. આજે ચર્ચાઓનો વખત જ ક્યાં છે ?—તંત્રી]

શિષ્ટ વાચનની રર મી પરીક્ષા

' સ્વર્ગોનું દોહન 'નું પરિણામ સહિત નિવેદન

ઉપરોક્ત પરીક્ષા, જાહેર થયા પ્રમાણે તા. ૨૬–૭-૪૨ ના રોજ જે તે સ્થળે લેવાઇ ગયેલી. એને માટે ગુજરાત કાઠિયાવાડનાં ૪૩ ગામોનાં ૨૯૮ ઉમેદવારોની અરજીઓ આવેલી. તેમાંથી ૩૫ ગામોનાં ૧૧૯ ભાઇબહેનોની ઉત્તરવહીઓ અમારા તરફ આવેલી હોવાથી કુલ ૧૧૯ જણે આ પરીક્ષાનો લાભ લીધો હોવાનું જણાઇ આવે છે. પરીક્ષામાં બેઠેલાં ઉમેદવારોની ધંધાવાર સંખ્યા નીચે પ્રમાણે છેઃ—

૩૬ શિક્ષક, ૬૨ વિદ્યાર્થી, ૧ વેપારી, ૩ ખેડૂત, ૧૪ ઘરકામવાળાં તથા ૩ પરચુરણ મળી કુલ ૧૧૯, જેમાં ૧૪ બેટલી બેનો છે.

ઉત્તરપત્રો તપાસતાં બેઠેલાં ઉમેદવારોમાંથી ૮૬ ઉત્તીર્ણ થાય છે. એટલે પરીક્ષાનું પરિણામ, આ વખતે, લગભગ ૭૨·૨૭ ટકા આવેલું ગણાય. ઉત્તીર્ણ થનારોમાં ૩૬ શિક્ષકો, ૩૩ વિદ્યાર્થીઓ, ૧ વેપારી, ૩ ખેડૂતો, ૩ પરચુરણ, તથા ૧૦ ઘરકામ કરનારાં છે, પૈકી ૧૩ બેનો છે.

અગાઉ પ્રસિદ્ધ થયેલી સદર પરીક્ષા માટેની જાહેરાતમાં જણાવ્યા પ્રમાણે પરિણામ–પત્રકના પ્રથમ ૨૦ નંબરો ઉપરાંત * ચિહ્નવાળાં ટ્રે. કૉલેજનો લાભ સમૂળગો નહિ પામેલા શિક્ષકો, અંગ્રેજી પાંચ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ, ખેડૂત વ ઇતર ધંધાદારી ઉમેદવારો પૈકી ઉત્તીર્ણ થનાર ભાઇઓ તથા બહેનો ગુણાનુક્રમે ૦–૮–૦ નું ઉત્તેજનાર્થ ઇનામ મેળવવા પાત્ર ઠરે છે. જેને તેને મળતી ઇનામની રકમ જેના તેના નામની સામે શેરાના ખાનામાં દર્શાવવામાં આવી છે. કુલ રૂ. ૪૨।। નાં ૪૫ ઇનામો આ પરીક્ષા અંગે વહેંચાશે ને તે અત્રેની તેમ જ ઉમેદવારોની સગવડ ખાતર શિરસ્તા મુજબ રોકડ અપાશે. છતાં જેમની ઇચ્છા ઇનામની રકમ પૂરતી કિંમતનાં પુસ્તક લેવાની હશે તેઓ પુસ્તક, અલબત, મંગાવી શકશે. તેથી ઇનામ મેળવવા ભાગ્યશાળી નીવડેલાં ભાઇબહેનોને વિનંતિ કે પોતાને ઇનામ રોકડમાં જોઇએ છે કે પુસ્તકરૂપે, તથા તે કોઈની મારફત રૂબરૂથી મંગાવી લેવું છે કે ટપાલ રસ્તે, તે ચાલુ માસ આખર સુધીમાં જેણે તેણે અવશ્ય જણાવી દેવું. મુદત વીત્યે જે તે રકમ અત્રેથી જેને તેને ખર્ચે મનીઓર્ડરથી રવાના કરી દેવાની તજવીજ રહેશે.

અગાઉની પરીક્ષાઓની માફક આ વખતે પણ જે તે સ્થળના શિક્ષક, મંત્રી કે અન્ય ગૃહસ્થોએ નિરીક્ષક તરીકેની સેવા અર્પી પરીક્ષાના કામમાં જે મદદ કરી છે તે બદલ એ સર્વેનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

સ્ત્રીઉમેદવારો પૈકી ૨ જણે પરસ્પરમાંથી ઉતારો કર્યો હોવાની ખાતરી થવાથી એ બે સિવાય બાકીના ઉત્તીર્ણ–અનુત્તીર્ણ ૧૧૭ ઉમેદવારોનાં પરિણામ નીચે પ્રમાણેઃ—

પરિણામ

નંબર	નામ	ગામ	ધંધો અભ્યાસ	ગુણ	શેરો ઇનામ
૧	હીરાલાલ નરસિંહરામ વ્યાસ	પાટોદ	શિ. મે. સિ.	૭૩	૫)
૨	ભીમજીભાઇ છગનલાલ પંડ્યા	ઝર	શિ. સિ.	૭૧	૪)
૩	તુળસીભાઇ હાથીભાઇ પટેલ	કાસર	શિ. મે. સિ.	૭૦	૩)
૪	ભાઇલાલભાઇ પાવાજીભાઇ પટેલ	વિજનોલી	,,	૬૭	૨)
૫	ચંદુલાલ દામોદર દવે	કાસર	શિ. વ. ૭	૬૬	૧)
૬	ખુશાલભાઇ કાળીદાસ પટેલ	મોભારોડ	શિ. મે.	૬૪	૧)
૭	ભાણુભાઇ દાનભાઇ જેબલિયા	શાહપુર	શિ. ઉ.	૬૨	૧)
૮	પ્રેમશંકર ડાહ્યાભાઇ પંડ્યા	તરવડા	શિ. પૂ.	૬૧	૧)
૯	શાંતિભાઇ આશાભાઇ પટેલ	વસો	વિ. અં. ૭	૬૧	૧)
૧૦	ડાહ્યાભાઇ જેરદાસ પટેલ	શેરથા	શિ. ગુ. ૬	૬૦	૧)
૧૧	રતિલાલ ગોવિંદજી મહેતા	દહીડા	શિ. મધ્યમ	૬૦	૧)
૧૨	ડાહ્યાભાઇ કેકોબાદ કરકરિયા	નવસારી	ઘરકામ	૬૦	૧)
૧૩	બાલકૃષ્ણ મણિશંકર પંડ્યા	અમરેલી	મેટ્રિક	૬૮	૧)
૧૪	મોહનદાસ કહાનદાસ નિમાવત	અડવી	શિ. મધ્યમ	૫૮	૧)
૧૫	ધન અરદેશર મહેતા	નવસારી	ઘરકામ	૫૭	૧)
૧૬	પરતાની બ્રજલાલ ભવાનભાઇ	અમરેલી	વિ. અં. ૭	૫૭	૧)
૧૭	સોનાબેન શંકરભાઇ પટેલ	ગવાસદ	શિ. ઉ.	૫૭	૧)
૧૮	ડાહ્યાભાઇ પુરુષોતમ પાઠક	પોઇચા	શિ. પૂ.	૫૬	૧)
૧૯	જીવણલાલ મથુરદાસ શાહ	,,	શિ. મે. પૂ.	૫૬	૧)
૨૦	ચતુરભાઇ નારણભાઇ પટેલ	વણછરા	શિ. મે. સિ.	૫૫	૧)
*૨૧	નાજી ગુસ્તાસ્પ કોટવાલ	નવસારી	ઘરકામ	૫૪	૦॥ ઉ.
*૨૨	રતી ડોસાભાઇ કાંગા	,,	,,	૫૪	૦॥ ઉ.
૨૩	હરગોવિંદદાસ મોરારજી પંડ્યા	ચાડિયા	શિ. મે. સિ.	૫૪	
૨૪	જેઠાલાલ પ્રભુલાલ હક્કર	રામપુર	શિ. પૂ.	૫૩	
*૨૫	નિરંજનશંકર ડાહ્યાભાઇ પંડ્યા	તરવડા	શિ. ગુ. ૬	૫૩	૦॥ ઉ.
૨૬	ચુનીલાલ દામોદર ભટ્ટ	મહુદરા	શિ. મે. સિ.	૫૩	
*૨૭	ઇશ્વરભાઇ હીરાભાઇ પટેલ	પાટોદ	મુ. ઉ. ગુ. ૬	૫૨	૦॥ ઉ.
૨૮	દલપતરામ વિઠ્ઠલદાસ પટેલ મિસ્ત્રી	ભાવડા	શિ. મે. સિ.	૫૧	
૨૯	ભાઇશંકર મણિશંકર ભટ્ટ	દહીડા	શિ. પૂ.	૫૦	
૩૦	ગોસ્વામી ચંચળપુરી જેતપુરી	ઈચાલ	શિ. પ્રથમ	૫૦	
૩૧	અંબાલાલ ઇશ્વરભાઈ પટેલ	ગાડા	વિ. અં. ૬	૫૦	
૩૨	કેશવલાલ મરધાભાઇ પટેલ	ધણુપ	શિ. ઉ.	૫૦	

૩૩	રાઘવજી રવજી જાની	વાંકીઆ	શિ. પ્રથમ	૪૯	
૩૪	ત્રિભુવન રામજી રાવળ	નાના માચીઆળા	,,	૪૮	
*૩૫	જયંતિલાલ કરશનજી મહેતા	અમરેલી	વિ. અં. ૫	૪૮	૦॥ ઉ.
*૩૬	નારાયણદાસ માધવદાસ આચાર્ય	તાંતોસણ	શિ. અં. ૪	૪૭	૦॥ ઉ.
૩૭	ભોગીલાલ ચુનીલાલ પટેલ	વસો	વિ. અં. ૬	૪૭	
૩૮	કાંતિલાલ મોનજી પંડ્યા	અમરેલી	વિ. અં. ૭	૪૭	
*૩૯	રૂક્ષ્મણીબેન પ્રાણજીવન ભટ્ટ	ઝર	ઘરકામ ગુ. ૪	૪૬	૦॥ ઉ.
*૪૦	રૂક્ષ્મણી નારણજી ઉપાધ્યાય	દહીડા	,, ગુ. ૬	૪૬	૦॥ ઉ.
*૪૧	તરલાદેવી શિવકુમાર દવે	વડોદરા	વિ. અ. પા.	૪૫	૦॥ ઉ.
૪૨	વામનરાય એમ. ભટ્ટ	અમરેલી	વિ. અં. ૭	૪૫	
*૪૩	આશાભાઇ ત્રિકમભાઇ પટેલ	કાસર	વિ. અં. ૪	૪૫	૦॥ ઉ.
૪૪	કુંદનલાલ ગિરધરલાલ ત્રિવેદી	ધમીજ	બે. મેટ્રિક	૪૫	
૪૫	જીવરાજ નાનજીભાઇ રામાણી	સણોસરા	શિ. ઉ.	૪૫	
*૪૬	નાજુ અરદેશ કરકરિયા	નવસારી	ઘરકામ	૪૫	૦॥ ઉ.
૪૭	હીરાલાલ કાશીરામ દવે	સેલાવી	શિ. મે. સિ.	૪૫	
૪૮	આપાભાઇ કાશીભાઇ પટેલ	વસો	વિ. અં. ૭	૪૫	
*૪૯	ભુરીબેન લલ્લુભાઈ	વડોદરા	વિ. સ્ત્રી. અ. પા.	૪૪	૦॥ ઉ.
૫૦	નાનાલાલ રણછોડભાઇ જોશી	મોટાઆંકડીઆ	શિ.	૪૪	
૫૧	રાવજીભાઇ પુરુષોત્તમ પટેલ	વસો	વિ. અં. ૭	૪૪	
*૫૨	સવજી ગોવિંદભાઇ ભુવા	અમરેલી	વિ. અં. ૫	૪૩	૦॥ ઉ.
*૫૩	દયાશંકર ગૌરીશંકર વ્યાસ	મેવાસા	શિ. ગુ. ૬	૪૩	૦॥ ઉ.
૫૪	નરભેરામ ત્રિકમદાસ	મોટાઆંકડીઆ	શિ. ઉ.	૪૩	
*૫૫	શાંતાબેન નરસિંહરામ વ્યાસ	પાટોદ	ઘરકામ ગુ. ૬	૪૩	૦॥ ઉ.
૫૬	પા. રામભાઇ પુલાભાઇ	ગાડા	ખેતી મેટ્રિક	૪૩	
*૫૭	શાંતિલાલ ભુરાભાઇ દવે	મોટાઆંકડીઆ	ચોસ્ટમેન ગુ. ૬	૪૩	૦॥ ઉ.
૫૮	સાણુમિયાં મોટામિયાં ચૌહાણ	વડાવલી	શિ. મધ્યમ	૪૩	
*૫૯	નરસિંહદાસ બળદેવદાસ ત્રિવેદી	નાના માચીઆળા	વિ. ગુ. ૫	૪૩	૦॥ ઉ.
*૬૦	ગંગદાસ હરિભાઇ કાબરીઆ	અમરેલી	વિ. અં. ૫	૪૩	૦॥ ઉ.
*૬૧	બારોટ મનુ સામત	,,	,,	૪૨	૦॥ ઉ.
*૬૨	હિંમતલાલ હરજીવન મસાણી	,,	વિ. ગુ. ૭	૪૧	૦॥ ઉ.
૬૩	શંકરલાલ મોહનલાલ પટેલ	શેરથા	શિ. ગ્રં. પૂ.	૪૧	
*૬૪	ગોરધનભાઇ રણછોડભાઇ પટેલ	કાસર	ખેતી ગુ. ૬	૪૧	૦॥ ઉ.
*૬૫	કાંતિલાલ મણિલાલ શુકલ	વસો	વિ. અં. ૫	૪૧	૦॥ ઉ.
૬૬	લાભશંકર ટીડાભાઇ ઠાકર	સિદ્ધપુર	વિ. બ્રાહ્મ.	૪૧	
૬૭	ચિમનલાલ બેચરદાસ પંડ્યા	કાસર	શિ. પ્રથમ	૪૦	
૬૮	અકબરી કેશવલાલ જાદવભાઇ	અમરેલી	વિ. અં. ૬	૩૯	

*૧૯ પા. રાવજીભાઇ પુરુષોત્તમભાઇ	કાસર	વિ. અં. ૩	૩૯	૦।। ઉ.
૭૦ પટેલ ડાહ્યાભાઇ ચતુરભાઇ	ગાડા	વિ. અં. ૬	૩૯	
*૭૧ વિજયાબહેન અંબાલાલભાઈ ક્ષત્રિય	વડોદરા	વિ. સ્ત્રી. અ. પા.	૩૮	૦।। ઉ.
૭૨ મજીઠીયા પ્રાણજીવન દુર્લભજી	અમરેલી	વિ. અં. ૬	૩૭	
૭૩ રામભાઇ દયાભાઇ પટેલ	મહુદરા	ખેતી. ગુ. ૬	૩૭	
*૭૪ મણિબેન કાળીદાસ શાહ	કનીપુર	ઘરકામ ગુ. ૪	૩૫	૧।। ઉ.
૭૫ મહેતા ચુનીલાલ માધવજી	નાના આંકડીઆ	વેપાર અં. ૨	૩૫	
૭૬ જયંતિલાલ મોહનદાસ	અડવી	વિ. ગુ. ૫	૩૫	
૭૭ ભાઇલાલ હેમરાજ	રોલાસા	વિ. ગુ. ૬	૩૪	
૭૮ શંભુભાઇ માધવલાલ રાવળ યોગી	મણુંદ	શિ. પૂ.	૩૪	
૭૯ ચંદુલાલ કેશવલાલ શાહ	વસો	વિ. અં. ૪	૩૪	
૮૦ નવલ લક્ષ્મીશંકર જોશી	અમરેલી	વિ. અં. ૪	૩૪	
૮૧ નાનાલાલ ત્રિભુવન રાવળ	નાના માંચીઆળા	વિ. ગુ. ૫	૩૩	
૮૨ રતિલાલ ભોગીલાલ દવે	વસો	વિ. અં. ૬	૩૨+૨	
૮૩ નિમાવત હિંમતલાલ મોહનલાલ	અમરેલી	વિ. અં. ૨	૩૦+૩	
૮૪ નરભેરામ ભીમજી	મોટા આંકડીઆ	શિ.	૩૦+૩	
૮૫ ગંગાદાસ અમૃતલાલ ભૂતા	અમરેલી	વિ.	૩૦+૩	
૮૬ મધુસૂદન કલ્યાણજી	,,	વિ. અં. ૬	૩૦+૩	
૮૭ કાંતાબેન જયકૃષ્ણ પંડ્યા	તરવડા	ઘરકામ ગુ. ૫	૨૫	
૮૮ સુખદેવ રૂપશંકર મહેતા	અમરેલી	વિ. અં. ૨	૨૫	
૮૯ દલ્લા એમ. એ.	,,	વિ. અં. ૩	૨૪	
૯૦ મૈનાબાઇ હ્રા. વૈદ્ય	,,	ઘરકામ ગુ. ૬	૨૧	
૯૧ પ્રેમસુખરાય અનંતરાય છાયા	,,	વિ. અં. ૪	૨૧	
૯૨ મનહરલાલ હરિલાલ દોશી	,,	વિ. અં. ૪	૨૦	
૯૩ છોટુભાઇ પુરુષોત્તમ ઘાટલિયા	,,	,,	૨૦	
૯૪ ભૂપતરાય નાનાલાલ શાહ	,,	વિ. અં. ૫	૨૦	
૯૫ દોશી શાંતિલાલ નરભેરામ	,,	વિ. અં. ૧	૨૦	
૯૬ રામજી લખમણ રાઠોડ	,,	વિ. અં. ૧	૧૯	
૯૭ ચિમનલાલ હરિલાલ દોશી	,,	વિ. અં. ૬	૧૮	
૯૮ માળવી માધવલાલ પ્રેમજી	,,	વિ. અં. ૩	૧૮	
૯૯ બાબુભાઇ નાનજી મહેતા	નાના માંચીઆળા	વિ. ગુ. ૫	૧૮	
૧૦૦ ભટ્ટેશ્વર મનુભાઇ હંસરાજ	અમરેલી	વિ. અં. ૪	૧૬	
૧૦૧ ચિમનલાલ ઠાકરશી પટેલ	,,	વિ.	૧૫	
૧૦૨ છગનલાલ નારણદાસ	,,	વિ.	૧૫	
૧૦૩ બાબુચંદ મંગળજી ગોંડલિઆ	,,	વિ. અં. ૨	૧૪	
૧૦૪ પ્રભુદાસ પ્રાણજીવન ભટ્ટ	નાના માંચીઆળા	વિ. ગુ. ૬	૧૪	

૧૦૫ માર્કંડરાય વિઠ્ઠલરાય ભટ્ટ	અમરેલી	વિ. અં. ૨	૧૩
૧૦૬ કાંતિલાલ હરિલાલ દેસાઈ	,,	વિ. અં. ૫	૧૩
૧૦૭ મજીઠિયા પ્રાણુજીવન દુર્લભજી	,,	વિ. અં. ૬	૧૨
૧૦૮ કોરડિયા કાંતિલાલ મગનલાલ	,,	વિ.	૧૨
૧૦૯ રવિન્દ્રકુમાર શ્રીપ્રસાદ ભટ્ટ	,,	વિ. અં. ૭	૧૧
૧૧૦ શામળજી ભગવાન ભુવા	,,	વિ. ગુ. ૫	૯
૧૧૧ શિવલાલ મણિશંકર	,,	વિ. ગુ. ૬	૬
૧૧૨ ત્રિવેદી ચંદ્રશંકર દેવશંકર	,,	વિ. ગુ. ૬	૫
૧૧૩ જોશી નટવરલાલ હરિદાસ	,,	વિ. ગુ. ૭	૪
૧૧૪ વોરા શાંતિલાલ અમૃતલાલ	,,	વિ.	૪
૧૧૫ જોશી અમૃતલાલ નાગજી	,,	વિ. અં. ૪	૨
૧૧૬ ભૂપતરાય ગોકળદાસ પરીખ	,,	વિ. અં. ૪	૨
૧૧૭ મગનલાલ રણછોડદાસ	,,	વિ. ગુ. ૬	

અનુત્તીર્ણોની સંખ્યામાં વિદ્યાર્થી વર્ગજ મોટે ભાગે હોઇ તેઓ પૂરતી તૈયારી વગર પરાણે પરાણે બેઠેલા લાગે છે. તૈયારી વગર વિદ્યાર્થીઓને આવી પરીક્ષામાં બેસવાને ઉત્તેજવા એ આ મોંઘવારીના સમયમાં કાગળના દુર્વ્યયને નાહકનું ઉત્તેજન આપવા બરાબર છે, એની લાગતાવળગતાઓએ નોંધ લેવી ઘટે.

ત્રેવીસમી પરીક્ષા માટે મ. ગાંધીજી કૃત ' ત્યાગમૂર્તિ અને બીજા લેખો ' એ પુસ્તક નમૂદ થયેલું હોઇ એની તારીખ વગેરે માટે આવતા અંકમાં જાહેરાત છપાશે તે જોઈ લેવા લાગતા વળગતાઓને વિનંતિ છે.

વડોદરા,
તા. ૫-૯-૪૨

ના. નં. ચોકસી
સહમંત્રી, વ. રા. પુ. મંડળ

સામયિક દોહન

અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ

ગયા રવિવારની હડતાલ અને શોકસભાઓમાં જેઓએ ભાગ લીધો હશે તેમાંના અનેકને ખબર નહિ હોય કે કેવા સર્વસ્વત્યાગી વીરને, કેવા સંસ્કારમૂર્તિને અને કેવા પુણ્યથી મૃદુ છતાં વજ્રથી વધુ લોખંડી બાંધવના વીરમૃત્યુને તેમણે અંજલિ આપી છે.

રાષ્ટ્રના મહાલયના ઘુમ્મટો, સુવર્ણકળશો, પતાકાઓ, સ્થંભો અને ગભારાને તો સૌ કોઇ જોઇ શકશે અને વખાણશે. નહિ દેખાય એ મહાલયને ટકાવતા પાયાના પથ્થરો; નહિ ખ્યાલ રહે એ મહાલયમાં ચડવાના રંક પગથિયાના અસ્તિત્વનો.

મહાલયનું પગથિયું

આરસના અનેક ટુકડાઓએ પોતાને પ્રતિમામાં કોરાવા ઇચ્છયું હશે, તો એક ટુકડાએ કહ્યું હશે કે ભાઇ શિલ્પી, મને તો પગથિયું જ બની અહીં પડયો રહેવા દેજે આ માટીમાં.

વકીલાત ખેડી હોત તો જે હિંદના સર્વોત્તમ ધારાશાસ્ત્રીઓની હરોલમાં શોભી ઊઠત, લેખિનીને ઉપાસી હોત તો અનેક ભાષાઓના વિરલ સાહિત્યકારમણિ લેખે વિખ્યાત થાત અને જાહેર જીવનના મેદાનમાં સ્વતંત્રપણે ઊભા હોત તો આજે હિન્દને બીજે જવાહર જડી રહેત, એવા એક ગુજરાતી યુવાને મહાલયનું પગથિયું જ બની જઇ સ્વાર્પણની અવધિ બતાવી.

સૌને ઓટ પડી

મહાત્મા ગાંધીજીનું મંત્રી-કાર્ય એટલે અગ્નિ-કુંડના ખેર-અંગારામાં શયન અને ખાંડાની ધાર પરનાં પગલાં. એ શયન અને એ યાત્રાને પૂરાં પચીસ વર્ષો સુધી વેઠનાર મહાદેવભાઇ કેવળ મંત્રી નહોતા, ગાંધીજીની છાયા હતા, ગાંધી-પ્રતિભાનું ચાભામંડલ હતા, ગાંધીજીના મનોરાજ્યના જલતા દીપક હતા.

મોતીના દાણા જેવા અક્ષરો, વ્યાસમુખેથી મહાભારત ઝીલતા ગણપતિની વેગવંતી કલમ, હજારો પત્રોના લહીઆ, સેંકડો વાર્તાલાપોના શિલ્પી, અને મહાત્માજીને મળવા આવતાં સેંકડો દેશી વિદેશી યાત્રિકોના વહ્વલસોયા થઈ પડેલા મહાદેવભાઇના અવસાને ગાંધીજીનો જમણો હાથ છેદ્યો છે, કલેજાનો કટકો કાપ્યો છે, તેમ જ દેશદેશાવરી કૈંક નર-નારીઓના મર્મબંધુને આંચકી લીધો છે.

અગ્નિકુંડનું ગુલાબ

ગાંધીજીની સાથોસાથ એણે જેલો અને મહેલો સેવ્યાં. ગાંધીજીના ઉત્તરકાળના તપસ્વીજીવનના, એ યૌવનની પૂરજહારમાં અંતેવાસી બન્યા. બીજા કૈંકને સળગાવી શુષ્ક કરી મૂકતી, કૈંકને દંભી બનાવતી તો કૈંકને અંધશ્રદ્ધાળુ વેદીઓ બનાવતી એ તપશ્ચર્યા

મહાદેવભાઇની રસિકતાને, દિલખુલાસીને, વિવેકબુદ્ધિને કે કવિતાને ન કરમાવી શકી એ એક અદ્‌ભુત વાત ગણાશે.

ટાગોર, મોતીલાલજી, દાસબાબુ વગેરે આજે હયાત હોત તો રડત. આજનાં અનેક નેતા–નયનો સજળ બનશે. અનેક આગેવાનોનાં કુટુંબોનાં નાનાંમોટાં સર્વ. આંસુ સારશે. મહાદેવભાઇ તો ઘરઘરના વહાલસોયા ગુલામ હતા.

અજાતશત્રુ માનવપ્રેમી

અતિશયોક્તિ નથી. હિન્દના થોડાક વાઇસરોયો, કેટલાક ગોરા હાકેમો, અને સંખ્યાબંધ સરકારી અધિકારીઓ ય શોક કરશે. મહાદેવભાઇની સંસ્કારિતાનો અમી–સ્પર્શ તેમાંના ઘણાખરાને અનગી મંત્રણાઓ દરમ્યાન થયો હશે. કૈંક થીજેલાં હૈયાંને એનાં સૌજન્ય–કિરણે ઓગાળ્યાં હશે. ગાંધીવાદને ગાળો દેનારા પણ મહાદેવનું નામ લેવાતાં જીભ કચરશે.

દોહ્યલા પંથ પર

ગાંધીજીના મનોરાજ્યની સીમ પલે પલે વિસ્તરતી રહી, એનાં મંથનો ક્ષણેક પણ વિરમ્યાં નહિ. એ ચતુર્દિશાના સીમાવિસ્તારની સાથોસાથ ધપતા મહાદેવભાઇના પંથ સોયલા નહિ હોય. ગુરુના કૈંક ઉર–પ્રદેશોની અગોચરતાનાં તાળાં દેખી પોતે થંભ્યા હશે, બાપુની મનોભોમનાં કેટલાંય ગર્ભેરાને કાંઠે ઊભા એ કમ્પ્યા હશે, ઝંપલાવતાં ખચકાયા હશે, પાછા વળવાની વિચાર–પળોએ મૂંઝવ્યા હશે; એની કસોટીની કારમી પળો તો એણે પોતે પણ ટપકાવી નહિ હોય, એટલે કોઇ વાર મહાત્માજી વાચા ખોલશે ત્યારે જાણીશું.

ઈશ્વરને વહાલા

કલ્પના ય જેની આવતી નથી, એવા અતિ દોહ્યલા એ પંથ પર મહાદેવ આગળ ને આગળ ચાલ્યા. પાછળ રહી જતા સોનેરી સંસાર માટે વલખાં એણે માર્યાં નહિ. એ તો આત્મવિલોપનની મહાકથા–અરે નહિ, મહાકાવ્ય મૂકી ગયા

ઈશ્વર ! મૃત્યુને તું વિશ્વના ઉકરડા વાળવા મોકલે છે, તેમાં તેણે ભૂલભૂલથી આ કુણ્ય તો નથી ઝાડી નાખ્યું ! પણ નહિ, તારી વેરજના અકળ છે માટે અરાજક છે એવું તો નહિ કહીએ. તું જેને ખતમ કરવા માગે છે તેને પાગલ બનાવી મૂકે છે અને જેને છાતીએ લેવા ચાહે છે તેને નિદ્રા આપે છે, એ વાત શું અત્યારે પ્રત્યક્ષ બતાવી રહ્યો છે પ્રભુ !

જે તપસ્વિની એનું કંઈ જ ન પામી.

મહાદેવભાઇના ખોળીઆ પાસેથી પૂરી ચાકરી વસૂલ કરી લેનારી દુનિયાને એક જ શ્રદ્ધાથી ભરી દેજો હે વિશ્વજનની ! કે તેમને તમે પોતે જ ખોળામાં લીધા છે. આ શ્રદ્ધા જો તમે નહિ વરસાવો, તો નક્કી બે હૈયાં તો તૂટી પડશે: એક ગાંધીજીનું ને બીજું મહાદેવભાઇનાં સ્નેહગંગા શ્રી. દુર્ગાબહેનનું. એ અણુપ્રીછી તપસ્વિની સ્વામીની કાયાની ચાકરી કરવા તો ન પામી, સ્વામીનું શબ સળગાવવા તો ન પામી, એ શબની રાખ પણ ન પામી. અરે એ ચિતાનો તો શું એ ચિતાસ્થાનનો ય પત્તો ન પામી !

(તા. ૨૧–૮–૪૨ ના " ફૂલછાબ "માંથી)

મન જુવાન તો શરીર પણ જુવાન !

સાઠ વરસની ઉંમરે મને લાગ્યું કે મૃત્યુ નજીક છે. લાગ્યું કે મનની સ્ફૂર્તિ ઓછી થઇ ગઇ છે. નવા વિચારોમાં એને રસ નથી રહ્યો. કામ કરવાની એની શક્તિ નાબુદ થઇ છે. લાગ્યું—અથવા લાગે છે એમ મેં ધારી લીધું—કે શરીરની અંતિમ થકાવટની એંધાણીઓ વરતાવા માંડી છે. જગતના તમામ રંગો અને રૂપો તથા મારી આંખો વચ્ચે જાણે એક પડદો ન પડી ગયો હોય !

આજે હું અઠોતેરે પહોંચ્યો છું. આજે શરીર અને મન વચ્ચે જે એકતાનતા હું અનુભવી રહ્યો છું તે સાઠ વરસની ઉંમરે મને અલભ્ય, ચમત્કારિક, લાગતી. અત્યારે હું જાણું છું કે એવી એકતાનતા તો સાવ સ્વાભાવિક છે. એમાં ચમત્કાર જેવું કશુંયે નથી. રહસ્ય ફક્ત આટલું છેઃ **મન જુવાન તો શરીર પણ જુવાન.**

આ રહસ્ય મને પોતાની મેળે નહોતું સમજાયું; કોઇ બીજાએ મને એનું ભાન કરાવ્યું. આજે હું જીવતો છું, તે કદાચ, મારા એ ' ગુરુને 'જ આભારી છે.

એક હસમુખ નિવાસસ્થાન

એક સવારે હું મીમની કેડીએ કેડીએ ફરવા નીકળેલો. ખેતરોની પેલી પાર મેં એક ખેડૂતનું ઘર જોયું. વટેમાર્ગુથી અવગણી ન શકાય એવું નિમંત્રણ પાઠવતું એક હસમુખ નિવાસસ્થાન. હું એ ઘરની નજીક પહોંચ્યો તેવો જ દશ વરસનો એક છોકરો એમાંથી દોડતો દોડતો નીકળ્યો. બહાર સુકૂનું એક પુરાણું ઝાડ હતું. ઝાડની નીચે એક બાંકડો હતો. બાંકડા ઉપર બેસીને મેં એ છોકરા સાથે વાતચીત શરૂ કરી.

અને થોડા જ વખતમાં એ છોકરાના ચનગનતા અવાજથી જુદો તરી આવતો એક બીજો અવાજ મારે કાને પડ્યો. એક સ્ત્રીનો એ અવાજ હતો. પેલા ઘરમાંથી એ આવતો હતો. એ ગુસ્સાભર્યો હતો. મેં છોકરા સામે જોયું. એક વિમુક્ત સ્મિત કરીને એણે કહ્યું: " એ તો બા છે; દાદાને સમજાવી રહી છે. "

" શી બાબત ? " મેં પૂછ્યું.

" અરે એ તો એમ છે કે દાદા શહેરમાં જવા માગે છે. પેલો નવો બંબો આવ્યો છે ને, તે જોવા. બા કહે છે કે એ રસ્તો ભૂલી જશે અથવા કોઇ ગાડીગાડાંની અડફેટે આવી જશે. અથવા એવું જ કાંઇક થશે. બંબો જોવા શહેરમાં જવાનો વિચાર જ ખોટો છે એમ બા કહે છે. " ઉશ્કેરાટભરી રીતે છોકરો સડેજ ઉછળ્યોઃ " પણ મારે પોતાને પણ બંબો જોવા જવું છે. અને દાદા મને લઇ જ જવાના. તમે જોજો—જોવું હોય તો. "

દાદા !

એ જ ક્ષણે, વાતચીતને અધવચ્ચે જ છોડીને, દાદા ઘરના બારણાંમાંથી બહાર પડ્યા. બહુ જ વૃદ્ધ માણસ. પરંતુ એમની આસમાની આંખો જુઓ તો પ્રાણથી છલકાતી. અને

સ્ફૂર્તિથી ચાલ. એમણે મારી સામે જોઇને આનંદભરી રીતે ડોકું ધુણાવ્યું. મેં કહ્યું: " તમને કાંઇ વાંધો ન હોય તો થોડીક વાર વિશ્રાન્તિ લેવા માટે અહીં થોભવાનો મારો ઇરાદો છે. "

" બેશક. આપની મરજી પડે તેટલી વાર. " એમણે જવાબ દીધો. બેસવા માટે આ સારી જગ્યા છે. અહીંથી પ્રકૃતિ-દર્શન પણ સારું થાય છે. તમને કેમ લાગે છે ? મન થાય છે કે થોડીક વાર અહીં આપની સાથે રહી આસપાસની કેટલીક રસદાયક વસ્તુઓ આપને દેખાડું. પણ આ છોકરો અને હું બન્ને શહેરમાં જવા ઉપડયા છીએ. જરાક મોડી થઇએ તો કદાચ બસ ગુમાવી બેસીએ. "

છેટેના એક વળાંક સુધી તેમની સાથે સાથે જવાની મેં તેમની કનેથી રજા મેળવી લીધી. અને ચાલ્યા.

મેં પાછું વળી જોયું તો છોકરાની બા બારણામાં ઊભી હતી. એના ચહેરા ઉપર ગમગીનીની રેખાઓ અંકાઇ ગઇ હતી. બુઢ્ઢાજી આવી રીતે શહેર તરફ ચાલી નીકળ્યા છે તે હકીકત પ્રત્યેની અસંમતિ તેના મોં પર સાફ તરવરતી હતી. મને થયું કે મેં એવો જ ભાવ બીજે કયાંક પણ જોયો હતો. કયાં જોયો હશે ? એકાએક મને સાંભરી આવ્યું. અને હું ચમકી ઉઠયો ! હા, તે જ સવારે મેં એવો ભાવ જોયો હતો-મારા દર્પણમાં, મારા જ ચહેરા ઉપર !

મિત્ર, સલાહકાર અને વૈદ્ય !

" બિચારી સ્ત્રી ! " વૃદ્ધે વાતની શરૂઆત કરી " એ તો માને છે કે મારે ગળે ગલપટો વીંટાળીને, પુરાણા ગધેડાની પેઠે તડકામાં પડયા રહેવું જોઇએ. એનું કહ્યું માનું તો તો એક વરસમાં જ ખલાસ થઇ જાઉં ! "

અમે જુદા પડયા ત્યારે એમણે મને ફરી વાર આવવાનું આમંત્રણ આપ્યું. હું ફરીવાર ગયો. અનેક વાર ગયો. કારણ કે મને લાગ્યું કે મને મારો મિત્ર ફકત મિત્ર જ નહિ, પરંતુ સલાહકાર અને વૈદ્ય પણ મળી ગયો છે ! એણે આખી જિંદગી બેતર ઉપરના પોતાના એ ઝુંપડામાં વીતાડેલી; અને જે ' શહેર 'માં એ અવારનવાર જતો, તેમાં અને એક ગામડામાં ભાગ્યે જ ઝાઝો ફરક હતો. પરંતુ એને તો એ નાનું વર્તુલ વિશ્વ જેટલું જ વિશાળ ભાસતું; કારણ કે એ વર્તુલના અણુએ અણુથી એ પરિચિત હતો. એમાં રહેનાર નરનારી સાથે એને મમતાની ગાંઠ હતી. એક એકના જીવનમાં એ રસ લેતો. માર્ગમાં મળતાં ત્યારે થોભાવીને તેમનાં જીવનની ઝીણી ઝીણી વિગતો વિષે પણ દિલસોજીથી પૂછી લેતો. કોઇ દુકાનદારે પોતાની દુકાનમાં કોઇ નવા પ્રકારની સજાવટ કરી હોય અને એ એની નજરે પડે તો તે એની તારીફ કર્યા વગર રહે નહિ. કોઇપણ માણસના વેપારને કે કોઇપણ ગૃહિણીના ઘરકામને ફાયદાકારક નીવડે એવો કોઇ પણ વિચાર એને સૂઝે તો તે નિઃસ્વાર્થભાવે એને કહ્યા વગર રહે નહિ. દોસ્તીની બાબતમાં તો કહેાને, કે તે તદ્દન ઉડાઉ જ હતો !

એટલે તે બુદ્ધો છે એવો વિચાર કોઇને આવે જ નહિ. પોતાના મનને કરમાવી મૂકે-

વાની સગવડ એણે વૃદ્ધાવસ્થાને કદી આપેલી જ નહિ ! અને પરિણામે વૃદ્ધાવસ્થા એના શરીરને પણ કરમાવી નહોતી શકી.

બે ચાવીઓ

એની અખંડ જુવાનીની ચાવીઓ બે હતીઃ એક તો, એને જીવનમાં રસ હતો—અજેય રસ હતો, અખૂટ રસ હતો. અને બીજું, એણે શૈશવ સાથેનો પોતાનો સંપર્ક કદી પણ છોડ્યો નહોતો. શહેરનાં પર્યટણો હોય કે ખેતરો સોંસરવી કેડીઓ ઉપર જવાનું હોય—પેલો નાનો છોકરો તો સદા એની સાથે ને સાથે.

બાઇબલ—કાળના બુઝર્ગો લાંબી અને તંદુરસ્ત જિંદગી માણતા. તેની પાછળ પણ મને તો આ જ રહસ્ય દેખાય છે. કુદરતને ખોળે જીવાતાં એ જીવનોમાં એકએક કુટુંબનાં અનેકાનેક કુટુંબીજનો અરસપરસ લાગણીની સાંકળોથી સંગ્રથિત રહેતાં—પછી ભલે તેમની સંખ્યા ચાહે તેટલી મોટી હોય. વૃદ્ધોની આસપાસ છોકરાં તો સદા હોય જ. એ છોકરાંની આંખો દ્વારા, મુરબ્બીઓ જૂના જગની નિત્યનૂતન સુન્દરતા અને અજાયબીઓનું પાન કરતા. અને એ જ છોકરાંઓના સવાલો મારફત, પોતાના દૂર દૂર ઓસરી ગયેલ શૈશવના સંસ્કારો એક વાર ફરીથી જાગ્રત કરતા.

આ વૃદ્ધ તરુણ મિત્રની મુલાકાત પછી મેં મારા જીવનમાં સાફસૂફી કરી નાખી. મારી જૂની ટેવને પરિણામે મને સહજ થઇ ગયેલી કેટલીક નિરર્થક અગમચેતીઓને મારે છોડી દેવી જોઇએ, નિષ્ક્રિયતાનું અને ભયનું ઝેર મારે મારા જીવનમાંથી કાઢી નાખવું જોઇએ એમ મને લાગ્યું. પહેલાં તો પ્રવાસની વાત નીકળતાં વેંત હું ઢીલોઢફ થઇ જતો. ઘરના ધબૂચલામાંથી મારા જેવા વૃદ્ધ માણસથી હવે નીકળાય જ નહિ એમ હું માનતો. જુવાનિયાઓની દોસ્તીથી હું હંમેશાં દૂર રહેતો. અપરિચિતનો પરિચય કરતાં હું સદા થરથરતો—પછી તે અપરિચિત ચહેરા હોય, અપરિચિત દસ્યો હોય, કે અપરિચિત વિચારો હોય !

જીવનની સાધના

હવે તો હું એ બધી વસ્તુઓને વધાવી લઉં છું. હવે મને ભાન થયું છે કે મારા જીવનનો આધાર જ આવા નિત્યનૂતન પરિચયો ઉપર છે. કોઈ અંધજન જેમ ઉપસેલા અક્ષરો ઉપર આંગળીનાં ટેરવાં ફેરવી ફેરવીને મનને પ્રકાશિત કરવા ચાહે, તેમ હું હવે મારી બધીએ ઇંદ્રિયો વડે જીવનસંપર્કની સાધના કરી રહ્યો છું.

આજે ઇતિહાસની ઘનઘોર ગર્જનાઓ વચ્ચે, જીવન ઉપરની આપણી શ્રદ્ધા ટકાવી રાખવાનું કામ કોઇ કોઇ વેળા અશક્ય બની જાય છે. પરંતુ જીવનનો આનંદ એટલી નજીકની વસ્તુઓમાંથી માણી શકાય છે કે કેટલીક વાર તો આપણે એ વસ્તુઓને જોઇ જ નથી શકતા. ઋતુએ ઋતુએ નવા નવા લેબાશ ધારણ કરતાં ખેતરો અને વૃક્ષો, ઉષા અને સંધ્યાના રંગો, પાડોશીને આંગણે રમતું બાળક, આસપાસના માણસો સાથે દોસ્તીભર્યો સંપર્ક, અને.....

જીવનમાં શ્રદ્ધા એ જ જુવાનીની ગુરુચાવીઓ છે.

[તા. ૨૭-૯-૪૨ ના "જન્મભૂમિ"માંથી]

કાળદૂતના સાદ વચ્ચે પણ સરસ્વતીની ઉપાસના.

વીર અને જવાંમર્દ ચીનાઓ શિક્ષણના ઇતિહાસમાં સોનેરી યુગનું સર્જન કરી રહ્યા છે. કાળદૂતના સાદ વચ્ચે પણ તેઓ સરસ્વતીદેવીનું પરમભક્તની અદાથી આરાધન કરી રહ્યા છે. સર્વનાશ અને ફનાગીરી વચ્ચે પણ તેઓ સરસ્વતીદેવીનો ઉન્નત ધ્વજ દિગંતમ ફરકાવી રહ્યા છે.

જાપાની બૉમ્બરો અમરાપુરી જેવાં ચીનનાં શહેરો ઉપર અવિરત બૉમ્બમારો ચલાવે છે અને જોતજોતામાં અનેક શહેરો અને ગામો સ્મશાન જેવાં વેરાન બની જાય છે. ફનાગીરીને પંથે વિચરેલા દેશભક્ત ચીનાઓ પોતાના આ સર્વનાશને લાપરવાઈની નજરથી જોઈ રહે છે અને જાપાનીઓ સામે જીવનના છેલ્લા શ્વાસ સુધી ઝૂઝવાનો તેમનો નિશ્ચય વધુ અને વધુ દૃઢ બને છે.

ગિરિમાળાઓની કંદરાઓમાં

જાપાની બૉમ્બરો ચિનાઓની સઘળી દુન્યવી વસ્તુઓ અને માલમતાઓનો નાશ કરી શકે છે પરંતુ તેમનાં સરસ્વતીમંદિરોનો નાશ કરી શકતાં નથી.

આજે એક શહેરમાં શાળાઓ અને કૉલેજોનો અગ્નિ–બૉમ્બોથી નાશ થાય છે. તો બીજે જ દિવસે તેઓ શહેરથી સેંકડો માઇલો દૂર નિર્જન ગિરિમાળાઓની કંદરાઓમાં ફરી પાછી ઊભી થઇ જાય છે. સાથે સાથે વિદ્યાર્થીઓ માટે રહેવાનાં ઝૂંપડાંઓ અને તેમને માટે ખાવાની વ્યવસ્થા પણ ઘોર વન વગડાઓમાં થઇ જાય છે અને જાણે કંઇ પણ બન્યું ન હોય તેમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ, શિક્ષકો અને પ્રૉફેસરો તેમના શિક્ષણવ્યવસાયમાં ગુંથાઇ જાય છે.

ચીનમાં સુશિક્ષિત મનુષ્યોનું પ્રમાણ તેની વસ્તીની સરખામણીમાં ઘણું જ નજીવું છે. દર ૧૦,૦૦૦ શહેરીઓ દીઠ ફક્ત ત્યાં એક કૉલેજ છે. ચીનના મહાસેનાધિપતિ માર્શલ ચીઆંગ–કઇ–શેક આ પરિસ્થિતિથી સુપરિચિત હોઇ તેઓએ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય સેનામાં જોડાવાનું આહ્વાન આપ્યું નથી અને તેમનો અભ્યાસ ચાલુ રાખવાનો હુકમ ફરમાવ્યો છે.

ચીનની સંસ્કૃતિનો નાશ કરવા માટે જાપાનીઓ શાળા અને કૉલેજોને 'લશ્કરી લક્ષ્યો' તરીકે તારાજ કરી નાખે છે. આ ઘૃણાત્મક નીતિ અખત્યાર કરીને જાપાનીઓએ ચીનની ૧૦૮ કૉલેજોમાંથી લગભગ ૭૫ કૉલેજોનો નાશ કરી નાખ્યો છે.

પરંતુ ચીનાઓની ધીરજ અને હિંમત આશ્ચર્યજનક છે. ઘોર આફત સમયે પણ તેઓ કદી પણ હિંમત હારતા નથી. રાષ્ટ્રની વિપત્તિ તેમના માનસને લોખંડી બનાવે છે અને નવા નવા માર્ગો શોધવાની તેમને પ્રેરણા આપે છે.

નવું માળખું

જમીનદોસ્ત થયેલી શાળા અને કૉલેજોના અવશેષોમાંથી જે કંઇ બચ્યું હોય છે તે બધું તેઓ શહેરોથી ૧૫૦૦ માઇલ દૂર પહાડી પ્રદેશો અને નિર્જન જંગલોમાં ઉપાડી જાય છે અને ત્યાં તેઓ એમાંથી શાળા અને કૉલેજનું નવું માળખું ઊભું કરે છે.

ચીનાઓ ખુનખાર યુદ્ધના સર્વનાશ વચ્ચે પણ ગાયો અને વિદ્યાપીઠોને બહુ પવિત્ર સમજે છે અને તેમને બચાવવા માટે પોતાના જીવનનું બલિદાન પણ તુચ્છ સમજે છે.

જપાની બોમ્બોથી નેનકીંગ શહેર જ્યારે ભસ્મીભૂત થયું ત્યારે નેનકીંગ કોલેજના એક પ્રોફેસરે વિદ્યાપીઠની એક આદર્શ ગાય બચાવવા માટે એક હજાર માઇલની મુસાફરી કરી હતી.

બોમ્બપ્રૂફ ચુંકીંગ શહેરનું અવલોકન કરવા માટે આવેલા એક અમેરિકન પત્રકાર જપાની બોમ્બરોની સંહારલીલા વખતે શહેરનાં અનેક રોમાંચક દૃશ્યોનું વર્ણન કરતાં કહે છે કે શહેરથી થોડેક દૂર એક નાનકડી ટેકરીની ખીણો વચ્ચે ચુંકીંગ વિદ્યાપીઠનો "સાયન્સ હોલ" સૂરજના આછેરા પ્રકાશમાં ઝગમગી રહ્યો હતો. એનું નૈસર્ગિક સૌંદર્ય હૃદયને આલ્હાદ આપતું હતું. સર્વનાશ સમયે પણ ચુંકીંગમાં સરસ્વતીની જ્યોત જલતી રહી હતી એ વિચારે એનું હૈયું પુલકિત થતું હતું.

શ્રી. ભરતકુમાર બાળકો માટે હાસ્યરસની જમાવટ કરે છે.

પોપટની મુસાફરી
કિં. ૦-૫-૦

પેટ ચાલતાં પ્રાણીઓ જાણવા જોગ માહિતી રજૂ કરે છે.

ચાંદા મામા
કિં. ૦-૬-૦

ખગોળ જેવા વિષયને નાગરદાસ પટેલ પોતાની સરળ શૈલીમાં રજુ કરે છે. આ પ્રકાશનો તમારા પુસ્તકાલયમાં વસાવવા માટે કોઈની ભલામણની જરૂર નથી. આજેજ મંગાવો.

બાલ સાહિત્ય ભંડાર—નડિયાદ.

ઊગતી પ્રજાનું અનોખું માસિક

બાલમિત્ર

તંત્રીઓ :
પુરુષોત્તમ શાહ, એમ. એ.
નટવરલાલ દવે, બી. એ.

*

ઑગસ્ટ અને જાન્યુઆરીથી
ગ્રાહક થવાય છે.

દરેક અંકમાં
ચાળીસ પાન
આકર્ષક પૂઠું
રંગીન મુખચિત્ર
સચિત્ર લેખો
સુંદર છપાઈ
જાહેરખબરોથી મુક્ત

લવાજમ :
દેશમાં : ચાર રૂપિયા
પરદેશમાં : આઠ શિલિંગ

માર્ગજનિક પુસ્તકાલયો માટે
સાડાત્રણ રૂપિયા

ઑગસ્ટ માસથી બાવીસમું વર્ષ શરૂ થયું છે.
અસહ્ય મોંઘવારીમાં પણ એનાં રૂપ, રંગ, કદ કાયમ છે.
એનાં લખાણોમાં અપૂર્વ ફેરફારો શરૂ થયા છે.
બાલસામયિકોમાં એણે અનોખી ભાત પાડી છે.

હજારો બાળકોનું એ માનીતું છે.
એના નિયમિત વાચનથી
બાળકો નવીન ઘડતર પામશે.

નમૂનાનો અંક મંગાવી ખાત્રી કરો. આજે જ લખો :

વ્યવસ્થાપક:—"બાલમિત્ર" ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ

સ્ત્રીવર્ગને ખાસ ઉપયોગી

પ્રસૂતિશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે વાંચો

પ્રસૂતિવિજ્ઞાન

લેખક, સંગ્રાહક અને પ્રકાશક, વૈદ્ય રવિશંકર જટાશંકર ત્રિવેદી.

જેમાં સ્ત્રીશરીર અવયવોનું વર્ણન, સગર્ભાવસ્થામાં પાળવાના નિયમો, સગર્ભાવસ્થામાં થતા રોગો અને તેના ઉપાયો, ગર્ભિણીની માવજત, કાયદાનું કર્તવ્ય, પ્રસવની અવસ્થાઓ, પ્રસૂતાને થતા રોગો અને તેના ઉપાયો, પ્રસવ વખતે આવતી અડચણો વિષેની સૂચનાઓ, બાળઉછેર અને માવજત, બાળકની પીડાનાં પ્રથમનાં લક્ષણો, બાળકોનાં દરદો અને તેના ઉપાયો વિ. વિષયો ૨૯ પ્રકરણોમાં આપવામાં આવેલ છે. આ એક જ પુસ્તકના જ્ઞાનથી પ્રસૂતાને સંપૂર્ણ જ્ઞાન મળી શકે છે અને શરીર નિરોગી રાખી શકે છે.

આ પુસ્તક "વૈદ્યકલ્પતરુ" માસિકના ગ્રાહકોને ભેટ આપવામાં આવે છે.

માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩ ભેટની કિં. રૂા. ૧-૪-૦

લખો:—**ગુજરાત આયુર્વેદિક ફાર્મસી**

ગાંધીરોડ—અમદાવાદ. કાલબાદેવી—મુંબઈ. ચોટાપૂલ—સૂરત.

પુસ્તકાલય માટે બાળકોનું પત્ર પસંદ કરતી વેળા
પુસ્તકાલયના મંત્રીઓ નીચેની વિગતો લક્ષમાં રાખે

(૧) ગુજરાતી ભાષાનું ૨૨ વર્ષથી પ્રકટ થતું સૌથી પ્રથમ ૬ થી ૧૬ વર્ષ લગીનાં બાળકો અને વિદ્યાર્થીઓનું સુંદર ઢળદાર અને ઉપયોગી માસિક છે.

(૨) બાળકો રંગ અને ચિત્રોનાં ખૂબ શોખીન હોય છે. માસિકનાં સંખ્યાબંધ પાનાં દ્વિરંગી મુદ્રણથી માત્ર 'બાલજીવન' જ શોભાવી શકે છે. મોંઘી કિંમતનાં આઠ પ્લેટો ઉપર છાપેલાં એકરંગી અને પૂર્ણરંગી આખાં પાનાંનાં ચિત્રો માત્ર 'બાલજીવન' જ આપી શકે છે.

(૩) ૧૨ અંકોમાં મળી આશરે ૬૦૦ પાનાંનું નક્કર અને ચિત્રયુક્ત વાચન આપે છે; એટલે 'બાલજીવન' બાળકોના બીજા કોઇપણ પત્ર કરતાં સુંદર, ઉપયોગી અને લોકપ્રિય હોવા ઉપરાંત સૌથી વધારે સસ્તું છે.

(૪) ૧૨ અંકોમાં ૧ દિવાળી અંક, ૬ બાળક અંક અને એક બીજો ખાસ અંક મળી ૭ અંકો ખાસ અંકો તરીકે વિશેષ પાનાં ને ચિત્રો સહિત અપાય છે.

(૫) અને એ બધા ઉપરાંત આશરે ૧૬૦ પાનાંની અસંખ્ય ચિત્રોવાળી ઢળદાર સુંદર ભેટચોપડી દરવાલખર્ચ પણ લીધા સિવાય દર વર્ષે ભેટ અપાય છે.

(૬) 'બાલજીવન'નું લવાજમ રૂા. ૩) છે. પણ પુસ્તકાલયો માટે માત્ર રૂા. ૨॥ા છે. એમાં રૂા. ૧) ની કિંમતની ભેટ ચોપડી મફત મળે તે બાદ કરો તો માત્ર રૂ. ૧॥॥ માં તમને જે વાચનસામગ્રી મળે છે તે અજોડ છે.

માટે જ

'બાલજીવન' ગુજરાતી ભાષાના કોઇપણ
બાળકોના પત્રો કરતાં વધારે ફેલાવો પામેલું છે

બાલજીવન કાર્યાલય-વડોદરા

નમૂનાનો અંક મંગાવો. પુસ્તકાલયોને વિના મૂલ્યે મોકલવામાં આવશે.

આપની લાઇબ્રેરીમાં આ નવાં પુસ્તકો જોઈએ જ.

અક્ષરના ખાં ૨-૮ શ્રી ઓંકાર

શ્રી ઓંકારની આ નૂતન શૈલીએ લખાયલી હાસ્ય કલિકાઓ ખરેખર અદ્‌ભુત છે.

શ્રીદેવી ૩-૦ શ્રી બંકિમચંદ્ર

બંકિમચંદ્રનું આ પુસ્તક ઐતિહાસિક દૃષ્ટિએ અનુપમ બન્યું છે.

ગ્રામીણમ (ગ્રામવેદ) ૩-૦ શ્રી રામરાય મુનશી

ગ્રામજીવનના આજીવન અભ્યાસીએ આ ગ્રામ-રાષ્ટ્રશાસ્ત્ર સર્જ્યું છે. ડૉ. આનંદશંકર ધ્રુવ અને લેડી વિદ્યાગૌરી નિલકંઠે એમના ઉપોદ્‌ઘાતમાં એને ગ્રામડાંઓના ધર્મગ્રંથ તરીકે વર્ણવ્યું છે.

ઈશ્વરનું ખૂન ૨-૪ શ્રી દિવ્યાનંદ

ધર્મધુરંધરોની વિલાસનિધિઓના પડદા ચીરી ઈશ્વરના અસ્તિત્વનું ભવ્ય દર્શન રજૂ કર્યું છે.

બહેન ૩-૮ શ્રી નિરુપમાદેવી

બંગાળના સમાજજીવનની અદ્‌ભુત સમીક્ષા રવીન્દ્રબાબુના સહાધ્યાયીએ કરી છે.

ગંગાનાં નીર ૨-૮ શ્રી. ઈંદુ વસાવડા

ગોવાના સર્જકે ભવ્ય રીતે આ વાર્તા વણી માનવ-હૈયાને મુગ્ધ કર્યાં છે.

સુભગા ૨-૮ શ્રી સીતારામ શર્મા

પ્રણયત્રિકોણની આ નવલે સમાજના દંભને ખુલ્લો કરી નૂતન સમાજરચનાનું ચિત્ર દોર્યું છે.

કલ્યાણને માર્ગે ૧-૮ રમણિક દલાલ

રાષ્ટ્રીય હિલચાલની ચૂંથણી કરી માર્ગદર્શન કર્યું છે.

સ્વાધ્યાય ૧-૪ ડૉ. હરિપ્રસાદ દેસાઈ

તત્ત્વજ્ઞાનની અદ્‌ભુત ફિલોસોફીની વિસ્તૃત આલોચના કરી છે.

યોગી કોણ ? ૧-૦ શ્રી. દિવ્યાનંદ

ઈશ્વરી પ્રેરણાથી આ પુસ્તક સર્જ્યું છે, એમ વિવેચકોએ કહ્યું છે.

વલ્કલ	૧-૧૨	જયંત ઠાકર
દિગંત	૧-૪	મોહિનીયંદ
જીવનનિર્માણ	૨-૦	ચિરંતન
પ્રસ્તાવના		ગગનવિહારી મહેતા
આશા	૧-૦	મકનજી પરમાર
પ્રીતમની પ્યાસ	૧-૦	દિવ્યાનંદ
આનંદબત્રીસી	૧-૪	બદરુદ્દીન ખંભાતિયા
રાસરંજના	૧-૦	વાડીલાલ શાહ
		જગુભાઈ રાવળ
આજકાલ	૧-૦	પુરુષોત્તમ પારેખ
એકાકી	૧-૧૨	નર્મદાશંકર ત્રિવેદી
રાસનલિની	૧-૦	કેશવ શેઠ
મંદારમાલા	૦-૧૨	કેશવ શેઠ
કવિવર ટાગોર	૦-૧૨	જીવનચરિત્ર
જીવંત જ્વાલા	૦-૮	મનનીય લેખો

ગ્રામ—રાજ ગ્રંથાવલી

ગામડાનું સ્વરાજ	૦-૪	ઇંદુલાલ યાજ્ઞિક
આપણું રાજ્ય	૦-૪	ડાહ્યાભાઈ પટેલ
યુદ્ધ અને ગામડાં	૦-૪	રામરાય મુનશી

આજની બાળગ્રંથાવલી

કલમની પીંછીથી	૦-૪	૨૪. જિજુભાઈ
ફરતાં ફરતાં	૦-૪	સોમાભાઈ ભાવસા
બોલિયો મત	૦-૬	દિનેશ ઠાકોર
સુરલી	૦-૮	ડૉ. શિવુભાઈ
દહીંવડાં	૦-૬	દિનકરાય ભટ્ટ
ધરતીનો બાળમેળો	૦-૬	ઇંદુભાઈ ભાં

: લખો :

નવચેતન સાહિત્ય મંદિર, ભદ્ર : અમદાવાદ

આ પુસ્તકો આપે પુસ્તકાલયમાં વસાવ્યાં છે ?

માત્ર થોડી જ નકલો સિલકમાં છે.

જગત કાદંબરીઓમાં સરસ્વતિચંદ્રનું સ્થાન શ્રી. નાનાલાલ કવિ ૧–૪–૦
બોધપર્વણી „ ૧–૮–૦
કાશ્મીરસાહેબનું બીજક ભા. ૧–૨ ૩–૦–૦
„ સ. સા. માળા
રાજા છબીલરામ બહાદુર „ ૧–૧૪–૦
સદ્ગુણ મીમાંસા „ ૦–૧૩–૦
પુણ્યકથા નાનાલાલ કવિ ૨–૪–૦
જિંદગીનું સાફલ્ય ગો. કા. દેસાઈ ૧–૮–૦
ચૈતન્યમહાપ્રભુ સ સા. કાર્યાલય ૫–૦–૦
સોનેરી સૂચનો „ ૦–૪–૦
બાળકોની વાતો „ ૦–૪–૦
યરવડાના મંદિરેથી(અંગ્રેજી)ગાંધીજી ૦–૨–૦
ગાંધીસાહિત્યસૂચિ નવજીવન કા. ૦–૨–૦
ગાંધીકુચ પ્રસ્થાન કા. ૦–૮–૦
રાજાજીની વાતો „ ૦–૩–૦
સાબરમતી „ ૧–૪–૦
સંતનાં સ્મરણો મીસીસ પોલાક ૧–૦–૦
જવનિકા રેખા કાર્યાલય ૦–૧૨–૦
બિંદુ સરદ્ચંદ્ર ૦–૮–૦
સદ્ચરીની શોધમાં જીવનલાલ સન્સ ૧–૮–૦
સુરેખા „ ૨–૮–૦
તરલા „ ૨–૮–૦
કલાપીની પત્રધારા „ ૩–૦–૦
દૃંદાવન „ ૨–૦–૦
જંગીજખાન „ ૨–૦–૦
હિંદી સંસ્કૃતિ અને અહિંસા „ ૨–૦–૦
અણહીલવાડનો યુવરાજ „ ૨–૦–૦
આવતી કાલના ધડવૈયા „ ૦–૧૨–૦
વિભૂતિમંદિર જીવનલાલ મહેતા ૨–૦–૦
રસપાન આંડિવ સા. મંદિર ૧–૮–૦
ઇતિહાસ દિગ્દર્શન ખ. ક. કાકોર ૧–૮–૦
પરિષદપ્રવૃત્તિ ભા. ૨–૩ „ ૧–૮–૦
સરળ રાજ્ય શાસ્ત્ર સ. સં. માળા ૧–૬–૬
ખાંડાની ધાર રા. ના. પાઠક ૨–૮–૦
શ્રીમદ્રાજ જીવનકળા પ્રસ્થાન કા. ૧–૮–૦
રાધારાણી સરદ્ચંદ્ર ૦–૮–૦
પેશાવરથી મોસ્કો આંડિવ સા. મંદિર ૧–૮–૦
કથાહાસ્ય „ ૨–૮–૦
કથાકલાપ „ ૨–૮–૦
કથાકલગી „ ૨–૮–૦
કથામણિ „ ૨–૮–૦
મો. ન. અમીન રસૂલભાઈ વોરા ૦–૨–૦
જીવનશિક્ષણ મણિભાઈ દ્વિવેદી ૧–૮–૦
ગ્રામદેવતા મહીજીભાઈ પટેલ ૧–૮–૦
બારી બહાર પ્રહ્લાદ પારેખ ૧–૪–૦
અજંતાનો યાત્રી જ્યોતિ કા. ૦–૮–૦
કુદરત અને કળાધામમાં ૧૦ દિવસ „ ૧–૮–૦
મોન્ટીસોરી પદ્ધતિએ મણિતશિક્ષણ ૦–૧૨–૦
સો. કી. પટેલ
મોન્ટીસોરી પદ્ધતિએ બ્યાકરણશિક્ષણ ૦–૧૨–૦
સો. કી. પટેલ
રમુજી કુચક્ર ધી. ટો. શાહ ૦–૮–૦
કુમારની પ્રવાસકથાઓ „ ૦–૮–૦
કલ્પનાનાં પ્રતિબિંબ ૦–૮–૦
રવીંદ્રઝરમેંડની સ્વતંત્રતા ૧–૪–૦
વર્ધમાન સન્સ
ચિઠ્ઠીવાચન દ. મૃ. મંદિર ૦–૫–૦
ગુજરાતી કવિતા „ ૦–૩–૦
આપણા આર્થિક પ્રશ્નો „ ૦–૫–૦
કલા અને કારીગરી ભા. ૧–૨ ૧–૪–૦
દ. મૃ. પ્ર. મંદિર
નૃત્યરેખા ઇન્દુ દેસાઈ ૧–૮–૦

Home Health Library	50-0-0
Vols. 1 to 5.	
Waverly Encyclopaedia	15-0-0
Vols. 1 to 10.	
The master classics	30-0-0
Vols. 1 to 11.	
ાળલેખન ભા. ૧થી૪ સો. ફી. પટેલ	૦-૧૨-૦
હદીપિકા ભા. ૧–૨	૧–૧–૦
ંતરના દિવડે	૦–૬–૦
્ની ગુજરાતી ભાષા	૧-૧૨-૦
ાપણી શિક્ષણુસંસ્થાઓ	૧–૦–૦
જરાતી સાહિત્ય પરિચય	૦-૧૦-૦
ાત્ય કબીર દિગ્વિજય	૧–૦–૦
ંગાલહરિ	૦–૪–૦
ાંદરડાં	૮–૮–૦
અગ્નિદિવ્ય ફે. ભં. રાંગણેકર	૧–૪–૦
ાસપાંખડી	૦–૮–૦
નર્મદ ચિત્રાવલી	૨–૦–૦
રાજ્ય અને રાજકારણ	૧–૮–૦
તક્ષશિલાની રાજમાતા	૩–૮–૦
મો. ન. અમીન જીવન અને કાર્ય	૨–૮–૦
શરદ્ચંદ્ર	૨–૮–૦
લેડી વિદ્યાગૌરી અભિષેકોત્સવ અંક	૧–૮–૦
કેળવણીની કળા	૧–૪–૦
ગૌરવાની આર્થિક તપાસ	૦–૪–૦
કીપલાનીના લેખો	૨–૦–૦

લખો:—

પુસ્તકાલય સ: સ. મં. લિ.,

ટોદશ.

સા હિ ત્ય
રાજકારણ
અર્થતંત્ર
જેવા જીવતા વિષયોમાં નવદૃષ્ટિ કેળવવા

રેખા

વાંચવું જ
વસાવવું જ
રહ્યું.

વિવિધતા
અનુભવતા
અનાડંબર

રેખાને વિશિષ્ટ બનાવે છે.

એક એક અંકમાં. તે માસનું
ઉત્તમ વાંચન સમાયું છે.

વાર્તાઓ, નાટિકાઓ, કટાક્ષચિત્રો,
રાજકીય નોંધ, અર્થશાસ્ત્રીય લેખો,
માસની કિતાબ અને નવું વાચન,
માનસશાસ્ત્ર અને બોલપટ
આવું વૈવિધ્ય, સાદી બાનીમાં રજૂ થતું
બીજે કયાંય નહિ મળે.

અને સાથે
ગુજરાતના સમર્થ વ્યંગચિત્રકાર
ચકોરનાં

વ્યંગ ચિત્રો

આટલું છતાં

રેખા

ગુજરાતનું સસ્તામાં સસ્તું માસિક છે.
દરમાસે ૧૦૦ પાનાંનું સમૃદ્ધ વાચન

વાર્ષિક	પરદેશમાં	છૂટક
લવાજમ	વર્ષના	નકલ
૨–૮–૦	૩–૮–૦	૦–૪–૦

આપના ગ્રામ પુસ્તકાલયમાં
રેખા વસાવી દુનિયા
સાથે કદમ માંડો.

સમસ્ત ગુજરાત અને મુખ્યત્વે વડોદરારાજ્યની પુસ્તકાલયપ્રવૃત્તિનું એકજ મુખપત્ર

પુસ્તક ૧૭ મું · ઑક્ટોબર-૧૯૪૨ · અંક ૧૦ મો

સ્થાનિક પંચાયતો અને અ–વ વર્ગ સુધરાઇઓની

પુસ્તકાલયોને મદદ

—તંત્રીસ્થાનેથી

વડોદરા સરકાર પ્રજાઉન્નતિનાં કામો માટે હમેશાં આગળ પડતું અને લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓમાં પહેલ કરનાર તરીકે સર્વત્ર પંકાય છે. એણે પોતાની પ્રજાની પ્રગતિ અને ઉન્નતિ અર્થે પ્રાથમિક શિક્ષણ ફરજિયાત ઠરાવ્યું અને એ પ્રાથમિક શિક્ષણ પામેલી પ્રજા તેટલું જ ભણીને ધંધે વળગતાં ભણેલું ભૂલી ન જાય તેમ જ આગળ ભણેલી પ્રજા પોતાનો જ્ઞાનવિકાસ નિરંતર સાધ્યા કરે તે અર્થે શાળા ત્યાં પુસ્તકાલયોની સ્થાપના કરી. આ પુસ્તકાલયોના નિભાવ અર્થે, પ્રજા પોતાનામાંથી જેટલી રકમ એકઠી કરે તેટલી જ સરકારમદદ તેમજ પ્રાંત પંચાયત મદદ તે પુસ્તકાલયોના નિભાવ અર્થે આપવાનું સામાન્ય ધોરણ પણ ઠરાવ્યું. વળી ગ્રામ પંચાયતો પણ પોતાના સ્થાનિક પુસ્તકાલયને મરજિયાત મદદ કરી શકે એવું એ સ્થાનિક પંચાયતોના નિયંધમાં પણ ઠરાવાયું. આ સિવાય અ–વ વર્ગની સુધરાઇઓ પણ મરજિયાત મદદ કરવા પુસ્તકાલયોને આપી શકે એવું પણ ધોરણ પ્રચલિત છે.

ઉપર્યુક્ત સુધરાઇઓ અને સ્થાનિક પંચાયતો પોતપોતાની સ્થળ–સીમામાં વસતી પ્રજાની શારીરિક તંદુરસ્તી જાળવવાની અને વિકસાવવાની, અને તે માટે ઔષધાલયો ચલાવવાની તેમ જ ઇતર લોકોપયોગી શુભ પ્રવૃત્તિઓ કરે છે. તો તેણે પોતાનાં ગ્રામજનોનો માનસિક વિકાસ થાય તેવી પ્રવૃત્તિ પણ કરવી જોઇએ. આ પ્રવૃત્તિને મદદ આપવા કેટલીક ગ્રામ પંચાયતો પોતાના બજેટમાં રકમ રાખે છે; પરંતુ પાછળથી એ મદદ જે તે પુસ્તકાલયને એક યા બીજા કારણે વખતસર મળતી નથી વા કેટલીક વાર બિલકુલ પણ મળતી નથી.

સ્થાનિક ગ્રામ પંચાયતોની આવી સ્થિતિ છે ત્યારે કોઈ કોઈ પ્રાંત પંચાયતોએ કસ્બાઓને મદદ આપવામાં કાપ મૂકવા માંડયો છે, વા કોઈ કોઇએ કસ્બા પુસ્તકા-

લયોને સદંતર મદદ નહિ આપવાનો ઠરાવ કર્યો છે, જે ગયા અંકે પુસ્તકાલય ખાતા તરફથી છપાયેલ જાહેરાત નં. ૮ પરથી સહજે જોઈ શકાય તેમ છે.

દિવસે દિવસે પ્રજાની વાચનભૂખ વધતી જાય છે; જનતા પુસ્તકાલયોનું મહત્ત્વ અને ઉપયોગિતા દિન પર દિન વધુ સમજતી થઈ છે અને તેનો બહોળા પ્રમાણમાં લાભ લેવા લાગી છે તેવે વખતે, તેને આ સ્થાનિક સંસ્થાઓ તરફથી મદદ ન મળે તો તેટલે દરજ્જે એ જનતાને મળતા માનસિક ખોરાકમાં કાપ પડે–Rationing થાય–એ દેખીતું જ છે. એક બાજુ જનતા પોતાની વાચનભૂખ સંતોષવા સારા પ્રમાણમાં નાણાં ભેગાં કરવા પ્રેરાય છે તેવા વખતે તેને સ્થાનિક સંસ્થાઓમાંથી અલ્પ મદદ મળે વા બિલકુલ ન મળે તો તેટલે દરજ્જે તે અસંતુષ્ટ રહે એ સ્વાભાવિક જ છે.

આ બાબત મહાલ પુ. પરિષદો, પ્રાંત પુ. પરિષદો વગેરેની બેઠકોમાં શ્રીમંત સરકારને, આવી સ્થાનિક સંસ્થાઓ તરફથી પુસ્તકાલયોને ફરજિયાત મદદ આપવાનું ધોરણ ઠરાવવાને લગતા ઠરાવો કરવામાં આવેલા. એ ઠરાવોનું શુભ પરિણામ હવે આવે છે.

શ્રીમંત સરકાર તરફથી તા. ૨૪–૯–૪૨ ની આજ્ઞાપત્રિકામાં, પુસ્તકાલયોને અ–બ વર્ગ સુધરાઈઓએ તેમ જ સ્થાનિક પંચાયતોએ કરવાનાં ફરજિયાત કામોને લગતી કલમમાં પુસ્તકાલયોને ફરજિયાત મદદ આપવાનો સુધારાનો મુસદ્દો પ્રસિદ્ધ થયો છે.

શ્રીમંત સરકારે પ્રજાના આ માનસિક વિકાસના કાર્યને સ્થાનિક સંસ્થાઓએ ફરજિયાત કામોમાં ગણવાને લગતો ઉપર્યુક્ત જે સુધારાનો મુસદ્દો પ્રસિદ્ધ કર્યો છે તેને અમે આવકારીએ છીએ અને પ્રજાકલ્યાણનાં કાર્યો કરવામાં શ્રીમંત સરકારની આ ઉદાર નીતિ માટે ધન્યવાદ વ્યક્ત કરીએ છીએ.

આ સ્થળે અમે સ્થાનિક પંચાયતો તેમ જ અ તથા બ વર્ગ સુધરાઈઓના માનવંત હોદ્દેદારોને વિનંતિ કરીએ છીએ કે, તેઓની સંસ્થાએ કરવાનાં પ્રજોપયોગી ફરજિયાત કામોમાં પુસ્તકાલયોને પણ સ્થાન આપે અને બીજાં એવાં કાર્યોમાં થોડી થોડી કસર કરીને પણ જ્ઞાનદાતા પુસ્તકાલયોને સમૃદ્ધ કરવામાં વિશેષ ફાળો આપશે તો જનતાની માનસિક ઉન્નતિ થતાં ક્રમશઃ સાર્વદેશિક પ્રગતિ સાધી શકવામાં ઠીક ઠીક સરળતા પ્રાપ્ત થશે. કારણ કે જેમ જેમ જનતા પુસ્તકાલયોનો વધુ ને વધુ લાભ લેતી થશે તેમ તેમ તે વધુ સારાસાર વિચાર કરતી થશે અને પરિણામે એ સંસ્થાઓનાં કાર્યો વધુ ઉજ્જ્વળ બની દીપી ઊઠશે.

આશા રાખીએ આપણા રાજ્યની અ–બ વર્ગની સુધરાઈઓ તેમ જ સ્થાનિક પંચાયત સંસ્થાઓ શ્રીમંત સરકારની આ શુભ નેમને બર આણવા માટે આ લોકભદ્ર પ્રવૃત્તિને વધુ પ્રમાણમાં પોતાનો ફાળો આપવા પ્રેરાશે અને શ્રીમંત સરકારના ઉપરની કલમના સુધારાને સક્રિયપણે સત્કારશે.

સાહિત્યસૃષ્ટિનું અવનવું

યુનાઇટેડ સ્ટેટસ કૉંગ્રેસના ગ્રંથપાલના છેલ્લા રિપોર્ટ પરથી જણાય છે કે, ત્યાંના પુસ્તકાલયમાં હિંદના અભ્યાસ માટેનું એક કેન્દ્ર છે. હિંદનાં સંસ્કૃતિનાં ધામો, પોતાના કાર્ય સંબંધી કૉંગ્રેસ પુસ્તકાલયની સાથે પત્રવ્યવહાર કરી શકશે અને બદલામાં, હિંદના અભ્યાસ સંબંધી અમેરિકન વિદ્વાનો તથા કેળવણીકારોની પ્રવૃત્તિઓ સંબંધી તેમને ખબર આપવામાં આવશે.

બે વર્ષ પહેલાં કૉંગ્રેસ પુસ્તકાલયના હિંદી અભ્યાસના અધ્યક્ષ ડૉ. પોલમેને હિંદની તથા મધ્યપૂર્વમાં એક વર્ષ સુધી ફરીને તપાસ કરી હતી. આ દેશમાં તેણે આઠ મહિના ગાળ્યા તે દરમિયાન હિંદના દરેક દરેક ભાગમાં ઘૂમી વળ્યા હતા. અને કૉલેજો તથા યુનિવર્સિટીઓની ખાસ મુલાકાત લીધી હતી.

આ મુસાફરીના પરિણામે હિંદની લગભગ દરેક કૉલેજ અને યુનિવર્સિટીએ વૉશિંગ્ટનમાં પોતાનું દરેક પ્રકાશન મોકલવાનું નક્કી કર્યું છે. આને લઇને કૉંગ્રેસ પુસ્તકાલય અત્યારે અમેરિકન વિદ્વાનો તથા જાહેરજનતાને હિંદની વિદ્વત્તા સંબંધી પ્રગતિની ચોક્કસ ખબર આપી શકવાની સ્થિતિમાં છે.*

હિંદ સંબંધી હજારો ચિત્રો તથા સંસ્કૃત, હિંદી અને બીજી ભાષાઓની હસ્તલિખિત પ્રતોના સંગ્રહો પુસ્તકાલય માટે મેળવવામાં આવ્યા છે. હિંદી સંગીતની ગ્રામોફોન રેકર્ડો ખરીદ કરવાની યોજના પુસ્તકાલયે શરૂ કરી છે.

જ્યારે ડૉ. પોલમેન અહીં હતા ત્યારે મલબારકાંઠાની કેટલીક વૈદિક વિધિઓનાં ચલચિત્રો બનાવવાની તેને તક મળી હતી. આમાં લગ્નક્રિયા તથા વાળ ઉતરાવવાની ક્રિયાઓનો સમાવેશ થતો હતો. એમ માનવામાં આવે છે કે આ ફિલ્મોનો સંગ્રહ અપ્રતિમ છે.

હિંદી સિનેમા ઉદ્યોગ સંબંધી પણ તેણે તપાસ ચલાવી હતી અને ન્યુયોર્કના આધુનિક કળાના સંગ્રહસ્થાનના ફિલ્મ ગ્રંથપાલને કેટલીક હિંદી ફિલ્મો મેળવી તેનો પ્રચાર કરવાનું સૂચવ્યું છે.

* * *

મુસ્લીમ માલિકીનાં તથા મુસ્લીમ તંત્રીઓ હેઠળ ચાલતાં પ્રકાશનોની સંખ્યા વધતી જાય છે. ઉચ્ચ ધોરણ જાળવી રાખનારાં ત્રણ માસિકો તેમના તરફથી પ્રગટ થાય છે. ' મૃતિકા ', કાઝી અફસરૂદ્દીન આહમદ તરફથી ઋતુ પ્રમાણે પ્રગટ થાય છે. અબ્દુર રહેમાન તરફથી ' શીપ મહાલ ' નામનું માસિક પ્રગટ થાય છે. ' શીપ મહાલ ' હિંદુ તથા મુસ્લીમ લેખકોનો સહકાર મેળવી શકયું છે.

પરંતુ ત્રણેમાં નિઃશંકપણે શ્રેષ્ઠ તો ' ચતુરંગ ' ત્રૈમાસિક છે. તેના તંત્રી હુમાયુન

---

* આ વિષે વધુ વિગત " પુસ્તકાલય " માસિકના જુન-'૪૨ અંકમાં પૃષ્ઠ ૨૮૦ પર જુઓ " હિંદ અને અમેરિકાની સાંસ્કારિક ઐકતા "

કર્ણાટક છે અને તેનું અત્યારે ચોથું વર્ષ ચાલે છે. ચૈત્ર અંકમાં શુદ્ધદેવ બોઝ, કામાક્ષીપ્રસાદ ચટ્ટોપાધ્યાય, મણીન્દ્ર રે વગેરે લબ્ધપ્રતિષ્ઠ લેખકોના લેખો છે. આ ત્રૈમાસિકનો પુસ્તકાવલોકનનો વિભાગ ખાસ ધ્યાન ખેંચે તેવો છે.

* * *

નિરક્ષરતા દૂર કરવા માટે બિહારની પ્રાંતિક સમૂહ શિક્ષણ કમિટીની યોજના સ્તુત્ય અને આવકારદાયક છે. પોતે સ્થાપેલી ગ્રામ્ય પુસ્તકાલયો માટે એક પુસ્તકશ્રેણિ પ્રગટ કરવાની તેની યોજના છે. નવશિક્ષિત પ્રૌઢો માટે પુસ્તકો લખવા પ્રખ્યાત હિંદી તથા ઉર્દૂ લેખકોને આમંત્રણ આપવામાં આવેલ છે. અને તે માટે તેમના તરફથી પ્રોત્સાહન મળી રહ્યું છે.

* * *

શ્રી કાશીનાથ ત્રિવેદીકૃત બાળસાહિત્યમાં ' મેરા ઘર ' બહાર પડેલ છે. બાળકો સમજી શકે તેવી ભાષામાં તેમના પોતાના ઘર સંબંધી બધી હકીકત આ પુસ્તકમાં કહેવામાં આવી છે. આ પુસ્તકથી તેમને વધારે જાણવાની જિજ્ઞાસા થાય છે. તેમાં ગમ્મત સાથે જ્ઞાન ભરેલું હોઇ પુસ્તક ખૂબ ઉપયોગી નીવડશે.

* * *

કાનડા સાહિત્ય પરિષદના સાપ્તાહિક મુખપત્ર ' કાનડાનુડી 'માં જણાવ્યા મુજબ, ચાલુ વર્ષનું દેવરાજ બહાદુર પારિતોષિક ચાર પુસ્તકોને આપવામાં આવ્યું છે. પ્રો. આર. વી. જગીરદારને ' ગીત ગાંભીર્ય ' માટે રૂા. ૨૦૦), વિજાપુરના શ્રી આદ્ય અનંતાચાર્યને ' અષ્ટાંગ હૃદય ' માટે રૂા. ૩૦૦) તથા બેંગલોરના શ્રી. પી. ટી. નરસિંચારને ' અહલ્યા ' માટે તથા મહિસુરના શ્રી. કે. એચ. નરસિંહસ્વામીને દરેકને રૂા. ૧૦૦) આપવામાં આવ્યા છે.

* * *

ધારવાડના કર્ણાટક વિદ્યાવર્ધક સંઘે નવેમ્બર ૧૯૪૧ થી ઑક્ટોબર ૧૯૪૨ સુધીના વર્ષમાં પ્રગટ થયેલ શ્રેષ્ઠ કાનડી ભાષાનાં પુસ્તકો માટે અગીઆર પારિતોષિકો જાહેર કર્યાં છે. આ અગીઆરમાંથી ત્રણ વાર્તાઓ માટે, બે આધુનિક કાવ્યો માટે, બે પ્રાચીન પુસ્તકોની સંશોધિત આવૃત્તિઓ માટે, બે વિજ્ઞાનનાં પુસ્તકો માટે તથા બીજાં બે-જેનો ઉપલા વર્ગોમાં સમાસ ન થઇ શકે પરંતુ અત્યારની માગણીને સંતોષતા હોય તેવાં પુસ્તકો માટે-રાખવામાં આવેલાં છે. જાહેરાતમાં સ્પષ્ટ રીતે જણાવવામાં આવ્યું છે કે, કોઇ વિભાગમાં ધનામને લાયક પુસ્તક નહિ હોય તો બીજા વિભાગનાં પ્રકાશનોને તે આપવામાં આવશે. લેખકોએ ૩૧ ઑક્ટોબર પહેલાં પોતાનાં પુસ્તકોની પાંચ નકલો મોકલવાની છે.

* * *

કાનડા સાહિત્ય પરિષદની વાર્ષિક બેઠક આવતા ડિસેમ્બરમાં શીમોગા ખાતે ભરાવાની છે.

* * *

શ્રી આર. એસ. પંડિત, દહેરાદૂન કારાગારમાં ગયે વર્ષે રાજકીય ગુન્હા માટે સજા

[સામેના પૃષ્ઠને જુઓ]

પુસ્તકપસંદગી

હાલમાં પુસ્તકાલયો બે રીતે લોકપ્રિય બને છેઃ (૧) વર્તમાનપત્રોથી (૨) પુસ્તકોથી. વર્તમાનપત્રો સંસ્કારી સાહિત્ય આપે છે, પણ અંશતઃ; જ્યારે પુસ્તકો વિશેષરૂપે સંસ્કાર-સિંચન કરે છે. તેમ છતાં વર્તમાનપત્રો ઇતિહાસ ઘડે છે ને પુસ્તકરૂપે ઇતિહાસ પ્રસરે છે. આમ એ બાબતમાં એકબીજાનું સહમિલન થયા સિવાય સમાજનું ઘડતર અધુરું રહે છે.

પરંતુ હાલના સમયમાં વિવિધ મંતવ્યો બળવત્તર બનતાં જાય છે. તેથી દરેક પોતાના મંતવ્યને આગળ લાવવા પ્રયત્ન કરે છે. આના પરિણામે તટસ્થતા સાચવી રાખનાર મતને ઘણું શોધવા વખત આવે છે. અને તેનો પ્રચાર ઓછો હોય છે. તેમ છતાં બાહ્યદૃષ્ટિએ પુસ્તકાલયને આદર્શ બનાવવા અનેક યોજનાઓ થઇ રહી છે.

આપણા રાજ્યનાં પુસ્તકાલયોને આદર્શ બનાવવા માટે સામાન્યતઃ નીચેનું ધોરણ અપનાવાયેલું છેઃ (૧) સારી લોકમદદ, (૨) પૂરતું કાયમ ફંડ, (૩) પુસ્તકાલયનું પોતાનું મકાન, (૪) વધુ પુસ્તકસંખ્યા, (૫) વધુ વાચકો, (૬) વંચાયલાં પુસ્તકોનો મોટો આંકડો, (૭) પુસ્તકસાચવણી ને સ્વચ્છતા અને (૮) સંચાલકો તરફથી વ્યવસ્થિત નિયમન. આદર્શ પુસ્તકાલયની આ પારાશીશી છે. પણ તેમાં કેટલું તથ્ય છે, તે તો યોગ્ય તપાસણીથી નક્કી થઇ શકે. તેમ છતાં ઉપરની જણાવાયેલી રીતો જનતાનું આકર્ષણ સચોટ રીતે કરે છે જ. હાલ તો આ રીત બીજો માર્ગ મળતાં સુધી જરૂર ઉપયોગી છે જ.

ઘણાં ઘણાં પ્રસિદ્ધ થતું સાહિત્ય સંસ્કૃતિને સાચવે છે ? જો સાચવી શકે તેવું હોય તો તેનો કસ કાઢતાં કેટલા ટકા આવે ? તે નક્કી થવું જોઇએ. એ માટે પ્રાચીન સાહિત્ય તરફ પ્રથમ નજર કરવી પડશે. એ સાહિત્ય જે જમાનામાં લખાયું તે વખતે આર્યાવર્ત સંસ્કૃતિને શિખરે હતો. અને તેણે જ આપણા ઉચ્ચ અને સંસ્કૃતિના ગૌરવને

[પૃ. ૫૪૬નું સાંધણ]

ભોગવતા હતા ત્યારે તેમણે ' મુદ્રારાક્ષસ 'નું અંગ્રેજી ભાષાંતર તૈયાર કર્યું હતું. મુંબઇની ન્યુ બૂક કંપનીએ તે પ્રગટ કર્યું છે.

* * *

વિખ્યાત હિંદી લેખક ડૉ. મુલકરાજ આનંદ ' લેટર્સ ઓન ઇન્ડિયા ' (હિંદ વિષે પત્રો) તૈયાર કરી રહ્યા છે. તે થોડા વખતમાં ફેટલેજ તરફથી પ્રગટ થશે.

* * *

બહુ થોડાને ખબર હશે કે ' એન્સાઇક્લોપીડીઆ બ્રિટાનિકા 'નું સંપાદન તથા પ્રકાશન પહેલેથી હમણાં સુધી સ્કોટીશ સંસ્થાના હાથમાં હતું. અત્યારે હવે તે પૂરેપૂરું અમેરિકનોના હાથમાં છે. દર દશ અગર પંદર વર્ષે તદ્દન નવી આવૃત્તિ કાઢવાની યોજના હવે પડતી મૂકવામાં આવી છે. તેને બદલે હવે વાર્ષિક સુધારા કરવાની યોજના અમલમાં મુકાવાથી આર્થિક સ્થિતિ પણ સભર બની છે.

છોટાલાલ માનસિંગ કામદાર

સાચવ્યું છે. હાલ કદાચ પ્રાચીન સાહિત્યને પચાવવું અઘરું પડે છે, કારણ કે પ્રાચીન સંસ્કૃતિને પચાવવા જેટલી શક્તિ આજે આપણે ગુમાવી છે. એટલે જ ગમે તેમ લખાતું, ગમે તે મતનો પ્રચાર કરતું છીછરું સાહિત્ય જોરશોરથી પ્રચાર પામી રહ્યું છે. આ શું સાચું દિગ્દર્શન છે ? જે પ્રાચીન સાહિત્યે સંસ્કૃતિને ચિરંજીવ રાખી છે, અને હાલ જે સાહિત્ય દેખાય છે તેમાં આટલો બધો તફાવત શાથી છે ? આટલું મોટું અંતર કેમ પડે છે ? આ એક મુખ્ય પ્રશ્ન છે.

અર્વાચીન સાહિત્ય, સમાજનાં ઉપર ઉપરનાં થરોને જ સ્પર્શે છે, જ્યારે પ્રાચીન સાહિત્ય અંતરતલ ભેદીને છેક ઉંડાણમાં સ્પર્શતું હતું. તે વખતના લેખકોને કીર્તિ કે ધનની પરવા ન હતી. હાલ તો સાહિત્યને નામે એક ધીકતો ધંધો ચાલે છે. અને તેથી જ પ્રાચીન સાહિત્ય જે ઠાંસી-ઠાંસીને ઘણું રેડતું હતું, તે હાલનું સાહિત્ય ઘણી રીતે લાંબું લાંબું લખાઈને પ્રચાર પામવા છતાં તેનું તારતમ્ય તો અલ્પ જ હોય છે. અને એક વર્ગ તો કલ્પના પણ કરે છે કે, આ રીતે જો સાહિત્યનું વહેણ નહિ બદલાય તો ઘણાં અનિષ્ટો ઉત્પન્ન થશે.

હાલના સાહિત્યનું આયુષ્ય કેટલું ? પ્રાચીન સાહિત્યની કોટિનું સાહિત્ય ચિરંજીવ કેમ રહી શકયું ? એનું ગૌરવ કોણ લેઈ શકશે ? જો આધુનિક સાહિત્ય સાચા સુવર્ણસમ હોય તો તે આજથી પચાસ વર્ષ બાદ પણ તેના પ્રત્યે તેટલા જ માનથી જોવાવું જોઇએ. એટલે આનો અર્થ એ નથી કે હાલનું સાહિત્ય તદ્દન નિરર્થક છે. પણ તેમાં નક્કર સાહિત્યના ટકા ઓછા હોય છે.

આમ છતાં આજની જનતાની ગ્રાહક શક્તિ ક્ષીણ થવાથી તે પ્રાચીન સાહિત્ય પચાવી શકે તેમ નથી. તેથી જ હલકા પ્રકારનું સાહિત્ય પ્રચાર પામે છે. તેમાં ય ખાસ કરીને નાટક, નવલકથા, નવલિકા, વાર્તા, રમુજી કાવ્યો વગેરેને અગ્રસ્થાન મળેલું છે. અને આજ સાહિત્ય વંચાય છે. ખર્ચાતી રકમનો મોટો ભાગ વર્તમાનપત્રો અને ઉપરનું સાહિત્ય જ ખાઇ જાય છે અને નક્કર સાહિત્ય માટે અલ્પ ભાગ જ ખર્ચાય છે. એવા સાહિત્યનો પ્રચાર તો તેથીય અલ્પ જ છે. હરકોઇને વિશાળ દૃષ્ટિથી જોતાં આ કથન સત્ય જ લાગશે.

આમ છતાં કંઇક જોવું તો જોઇએ જ. નક્કર સાહિત્યનો પ્રચાર થવો જોઇએ. દા. ત. ઇતિહાસ, ભૂગોળ, ઉચ્ચ કક્ષાનાં સ્ત્રી અને બાલસાહિત્યો, સામાજિક ને વ્યાવહારિક બાબતોને લગતું સાહિત્ય, કેળવણી ને માનસશાસ્ત્રનું સાહિત્ય અને છેવટે આધ્યાત્મિક સાહિત્ય. સદ્‌ભાગ્યે આ સાહિત્ય છે અને વધે છે; પણ બધું મર્યાદિત અવસ્થામાં. બાકી જન્મ તો થઈ ચૂકયો છે. પણ શૈશવ અવસ્થામાંથી જો પચાવવા પ્રયત્ન કરાય તો જ આગળ જતાં ભુંસાતી સંસ્કૃતિનો વિકાસ થઈ આર્યાવર્ત ઉન્નતિને પામી શકે. એટલે આવા સાહિત્યને સ્થાન આપવું જ જોઇએ.

આપણા રાજ્યનાં પુસ્તકાલયોના મંત્રીઓ આ બાબત ખાસ લક્ષમાં લે તેવી વિનંતિ અહીં અસ્થાને નથી. આપણો ચાલે પડેલી પ્રવૃત્તિને ફક્ત સહેજ ફેરવવાની જરૂર છે. વાચકો વધી જવાનો, મદદ ઓછી મળવાનો ને આદર્શ પુસ્તકાલય હોવાનો કીર્તિકળશ નીચે ઉતરી જવા જેવાં ભયસ્થાનો ત્યજવાં જોઇએ. આમાં નૈતિક હિંમત જોઇશે. શરુઆતમાં અડચણો આવે તેમ છતાં જેની શરૂઆત શુભ છે, તેનું છેવટ પણ શુભ આવશે. બાકી હાલ તો આપણે આંકડાની

ને સંખ્યાની ભ્રમજાળમાં ભટકીએ છીએ. અને તેથી જ હરિફાઇએ યા તમન્નાથી તે તરફ દોટ મૂકીએ છીએ.

ધણા શિક્ષક ભાઇઓ પુસ્તકાલયોના મંત્રી છે તેમને તો ખાસ વિચારવાનું છે. તમારે હસ્તક કુમળાં પુષ્પો વિકસવા આવે છે. તેમને ઉચ્ચ સાહિત્ય આપો અને સમાજને પણ પીરસો. પણ એ નગદ સાહિત્ય–તેમનો માનસિક વિકાસ સાધે તેવું સાહિત્ય–હોય તે ખાસ જોજો. રમતિયાળ અને છીછરૂ સાહિત્ય વસાવો નહિ. એવાં પુસ્તકો વસાવતી વખતે પ્રલોભનો આકર્ષે છે. પ્રલોભનો તરફ દુર્લક્ષ કરો. તેમ છતાં અન્યાય થાય નહિ તે વિચારો. અને બાળકો મોટેરાને અનુસરે છે માટે જો સાચું સાહિત્ય વસાવાશે તો બાળકો પણ તે મુજબ ભાવિ નાગરિકત્વને સાચવવા શક્તિમાન થશે.

વણમાગ્યું મૂલ્યાંકન

તમારું "પુસ્તકાલય" સરસ પ્રગતિ કરી રહ્યું છે. તેમાંના કેટલાક લેખો હું રસથી વાંચી ગયો. સાહિત્ય-બહેક ગુજરાતી વાઙ્મય તેમ જ પરદેશી સાહિત્ય વિષે વિવિધ વાનગીઓ સમાચારને પ્રગતિ આપી * * * તેને અનેકવિધ. વિસ્તારી રહ્યા છો.

(પ્રો.) શં. ગ. શાસ્ત્રી
(બહાઉદ્દીન કૉલેજ–જુનાગઢ)

પણ ઉપરનું કથન વ્યક્તિત્વ ઉપર અવલંબે છે અને અવલંબશે. 'કાળને બનાવનાર રાજા છે' એ ન્યાયે પુસ્તકાલય ખાતું જરૂર કંઇક કરી શકે. પણ લોકશાહી સંસ્થાને સત્તાની ખૂંચ નડે. પણ એકંદર રીતે જોતાં જ્યાં જ્યાં સડો છે, તે કાઢવા સત્તા જરૂર કંઇક કરી શકે. બાકી હાલ તો પ્રજાનાં નાણાં, ને સરકારનાં નાણાં હાલના પ્રચારાત્મક સાહિત્યમાં વપરાય છે ખરાં, પણ નગદ સાહિત્ય માટે ઓછાં–ઘણાં ઓછાં.

'राजा कालस्य कारणम्' એ ન્યાયે, પુસ્તકાલય ખાતુ બીજી બાબતો માફક, પુસ્તકખરીદીમાં જરૂર ટકાવારી ઠરાવી ચુસ્તપણે અમલ કરાવી શકે તેમ છે. કારણ કે ધણા મંત્રીઓ એક યા બીજા પ્રલોભનથી લલચાય છે. પણ સત્ય અંધારામાંય દેખાય છે, એ ન્યાયે સાચું સાહિત્ય ટકી રહે છે. વખતે ઊણપ લાગે પણ તે વધુ પ્રકાશ આપવા જ.

અંતમાં આશા રાખીએ કે, બાતા તરફથી ટકાવારી ઠરે, ને વિચારવું પડે તે કરતાં, સમજીને પ્રવાહને પિછાણી સાચું સાહિત્ય પીરસાય તો જ જનતાની સેવા કરી ગણાય. બાકી આજે થોકબંધ ઉભરાતા સાહિત્યમાં વીણવાની મહેનત કર્યા સિવાયનો પુસ્તકપસંદગીનો તો પ્રવાહ ગાડરિયા જ છે અને રહેશે.

એક શિક્ષક

દુનિયાના અન્ય દેશોમાં લોકો જ્યારે પુસ્તકો અગ્નિમાં હોમી રહ્યા છે ત્યારે આપણે તો વિશાળ પ્રમાણમાં પુસ્તકો ફરતાં કરવાં જોઇએ. કારણ કે હરકોઇ યુદ્ધકાળે પુસ્તકો એક મહાન મિત્રસત્તાની ગરજ સારે છે.

—જહોન ડબ્લ્યુ રૂડ્યાર્ડ

વાચનતરંગ (છાયાનટ : એક અવલોકન)

" આ 'છાયાનટ' કોઇ રાંગ નથી, કોઇ નટ નથી. હા, એ એક એવા અદૃશ્ય નટની કલ્પના છે કે જેની છાયા આપણને છોડતી નથી અને જેનું નર્તન આપણને નીચે અને નીચે ઉતારે છે. કોઇ એવો ઓળો આ દેશ ઉપર ફરતોજ રહે છે કે જે રાષ્ટ્રીય પ્રગતિના માર્ગને રોધ્યાજ કરે છે, અને આપણા નિશ્ચયો અને સંકલ્પોને ફળીભૂત થવા દેતો જ નથી. એને નામ ગમે તે આપો; એનાં કારણો ગમે તે શોધો. અણધારી જગાએથી અણધારી વ્યક્તિઓમાં અણધાર્યાં કારણે એ ઓળો પ્રગટી ઉઠે છે "

પ્રસ્તાવનામાંથી લેખકના પોતાના ઉપરોક્ત ઉદ્‌ગારમાં જ 'છાયાનટ'નો પરિચય તો આવી જાય છે. છતાં જરા ઉંડાણમાં ઉતરીએ. શ્રી. દેસાઇએ ' બારેલો અગ્નિ ' ' દુર્ગ ' વગેરે ઐતિહાસિક નવલો લખી છે. તે ઉપરાંત આ ' છાયાનટ ' પણ એક ઐતિહાસિક નવલ જ ગણી શકાય. જો કે તેઓ પોતે તો આ નવલને સામાજિક ગણાવે છે, છતાં એ સને ૧૯૪૧ના મુંબાઇ–અમદાવાદ જેવા જાણીતા શહેરોમાંનાં કોમી રમખાણોને તેમ જ છેલ્લાં દશેક વર્ષથી ઉભા થએલા રાષ્ટ્રીય પ્રગતિ અવરોધક ગૂંચવાડા, મુસ્લીમ લીગ, નિષ્ક્રિય ભણતર, સમાજની કાયરતા. વિચારોને આચારમાં મૂકવાની શિથિલતા સમયાનુસાર સમયસૂચકતા વાપરી હીટલરવાદ, શાહીવાદ કે ગાંધીવાદ-જે અનુકૂળ પડે તેમાં ભળી જઈ જીવન બચાવવાની ભીરૂતા, ઉજળા જણાતા પ્રતિષ્ઠિત વર્ગની સભ્ય લુચ્ચાઇ અને એવા અનેક પ્રશ્નો કે જે વડે સમસ્ત હિંદની પ્રગતિનો અવરોધ થઇ રહ્યો છે તે સર્વેનું હૂબહૂ વર્ણન કરતી આ નવલકથા ઐતિહાસિક કહી શકાય. દેશમાં ઊભા થતા આવા વૈવિધ્યભર્યા પ્રસંગોને લેખિનીમાં ઉતારી કેટલી પ્રબળ અસર કરી શકાય છે, તેનું આ આદર્શ દૃષ્ટાંત છે.

ગૌતમને મધ્યમાં પકડી રાખી તેની આસપાસ કોલેજોની હડતાલ; ક્રિકેટ મેચ, અને તેમાંથી ઊભી થએલી કોમી રમખાણની ભયભરી પરિસ્થિતિ; કેદખાનાંની પશુતા; પ્રત્યેક સુધારાને કેવળ શબ્દથી જ અપનાવતી પ્રજાની પોકળતા; અને શ્રીમંતાઇની રાક્ષસી દાઢઃ આ સર્વ પ્રસંગો ગોઠવવામાં ખૂબ જ કલાચાતુરી રહેલાં છે. એક પ્રસંગમાંથી બીજા પ્રસંગમાં એમ છેવટ સુધી ગૌતમને લઇ લેખક ઘૂમે છે અને એ રીતે સાચા ક્રાન્તિચાહક–સુધારક–દેશસેવકનો માર્ગ હિંદમાં કેટલો બધો અશક્ય-કહો કે મુશ્કેલીની પરાકાષ્ટારૂપ હોય છે, તે સચોટ અને યથાર્થ બતાવ્યું છે. વર્તમાન ભણતર તેમ જ વેડફાઇ જતું વર્તમાન યૌવન પણ બતાવવું લેખક ભૂલ્યા નથી.

હિંદમાં કયો 'છાયાનટ' ઘૂમી રહ્યો છે તે નીચેના ફકરામાં લેખક જણાવે છેઃ

" હિંદુ ધર્મ ! અમને પશુસ્થાને મૂકનાર એ ધર્મ તજીશું તો મુસ્લીમ, બૌદ્ધ, ખ્રિસ્તી, કોઇપણ ધર્મ અમને ઝડપી લેશે. ઝડપથી અમને ગળે વળગાડો, નહી તો .. ...

" જ્ઞાત, જ્ઞત, કોમ, ધર્મ સહુને વચમાં ન લાવતાં રાષ્ટ્રીય ભાવના ખીલવી દેશને સ્વાતંત્ર્યનો મંત્ર આપી રહેલી મહાસભા મુસ્લીમોને પંપાળે છે એમ હિંદુ મહાસભાએ શોધી કાઢયું.

" રાષ્ટ્રીય મહાસભા અને હિંદુ મહાસભા બન્ને અંદરખાનેથી એક જ છે અને બન્ને મુસ્લીમદ્રોહી છે એમ મુસ્લીમ લીગે શોધી કાઢયું.

" રાષ્ટ્રીય મહાસભામાં વ્યવહારકુશળતા નથી એવી વિનીતપણે શોધ કરી.

" સમાજવાદીઓએ જોયું કે મહાસભા તો અર્થવાદની-સામ્રાજ્યવાદની મિત્ર છે.

" પ્રધાનપદમાં ન સંમહાયલા દેશનેતાઓને લાગ્યું કે મહાસભામાં હીટલરશાહી ચાલી રહી છે.

" અને ફ્રેંચને દેખાયું કે સઘળાં દુઃખોનું મૂળ ગાંધી છે.

" સનાતનીઓને લાગે છે કે અંત્યજોને હરિજન બનાવી ગાંધીએ ધર્મ બોળ્યો.

" અર્થશાસ્ત્રીઓને લાગે છે કે ખાદી ઉપર ભાર મૂકી ગાંધીએ વ્યાપાર ડુબાવ્યો.

" સુધારકો કહે છે કે ચારિત્ર્ય ઉપર ભાર મૂકી ગાંધીએ રાજકીય સંસ્થાને મહ બનાવી દીધી.

" રાજસ્થાની પ્રજા કહે છે કે ગાંધીજીએ રાજકોટના ઉપવાસ આદરી ઉધઈ દીધો.

" વિદ્વાનો ભયંભયા ઉપર આવી ગયા. હિંદી અને ઉર્દુની પટાબાજી ચાલી રહી.

" પશ્ચિમની સભ્ય દુરાચારીએ મહાયુદ્ધની જ્વાલા પ્રજ્વાળી.

" હિંદની પેઢી દર પેઢીની મૂર્ખાઈ ટોચે ચઢી અને હતા એટલા સઘળા દુર્ગુણો ફળીફાલીને વિસ્તૃત થયા.

" હિંદ પરાધીન છે એ સમૂળ વિસરાઈ ગયું. એનું દુઃખ નથી હિંદુને કે નથી મુસલમાનને: જેટલા માનવી એટલા વાડા, વાડા એટલા ઝઘડા.

" હિંદમાં રાવણ, દુર્યોધન, કંસ, આંબો, જયચંદ, અમીચંદ અને બાજીરાવના ઓળા પથરાઈ ગયા.

" હિંદની રંગભૂમિ ઉપર એ છાયા આજ નૃત્ય કરી રહી છે.

" આજ શયતાન રાસ્ત્ર પઢે છે.

" આખું હિંદ તાળી પાડી એમને વધાવી રહ્યું છે !

" છાયાનટને ફૂલહાર થાય છે.

" હિંદની પ્રગતિ !

" અને પ્રભુને નામે આ પ્રગતિ !

" દેશને નામે આ પગલાં !

" દેશાભિમાનના શપથ સાથે સર્વ કાર્ય !

" અને તે બહુ ગંભીરતાપૂર્વક !

" હસે છે ગોરું પશ્ચિમ ! પાંત્રીસમાંથી ચાળીસ કરોડ સંખ્યા વધારનાર હિંદમાં માનવીઓ જન્મે છે ? કે અર્ધમાનવી ? પશ્ચિમની આંખમાં પ્રશ્ન ચમકે છે. કાળી પ્રજાઓ કચરવા પાત્ર છે, એમ કહેતો હિટલર પશ્ચિમના માનસને વાણીમાં મૂકે છે

" હરો છે આપણો છાયાનટ !

" હજી જયચંદનો નિર્વંશ ગયો નથી.

" હિંદની વ્યક્તિ વ્યક્તિમાં તે હજી સજીવન છે.

' વહી રફ્તાર બેઢંગી જો પહલે થી સો અબ ભી હય '

આગળ વધતાં વળી લેખક બોલી ઉઠે છે:

" સૂર્યને ગ્રસનાર રાહુ અને કેતુ ! એક ધડ વજ્રનું મુખ: બીજું મુખ વજ્રનું કબંધ:

" હિંદના સૂર્યને ગ્રસી જનાર કોણ ? કોઈ પરદેશી નહિ ! કોઈ ગોરો નહિ ! હિંદવાસી જતે રાહુ અને જતે કેતુ છે. "

આમ લેખક પોતાના હૃદયમંથનમાંથી સરી પડતા, નગ્ન સત્ય બતાવતા છાપા-ઓળા આખાયે નવલમાં પ્રસરાવે છે.

જેમ પોતાના વિદ્યાર્થીઓ સમક્ષ પોડા સમય પર પ્રવચન કરતાં આચાર્ય કિપલાની-

છબ્બે વેગને ગાડીનાં પૂતળાં કહ્યાં હતાં, તેમ જ શ્રી. દેસાઇએ પણ ખોટા આડંબરની પાછળ ઢંકાઈ રહેલી આપણી–સમસ્ત હિંદની અંધાધુંધીને આમ ખુલ્લી કરી બતાવી છે-અને તે પણ સહુ કોઇને ચકિત કરી નાખે તેવી વિચારશીલ સંકલના વડે, તેજસ્વી શૈલીથી અને નામદને પણ શરાનન ચઢાવે તેવી જોમદાર ભાષામાં. ગુજરાત નહિ પણ સમસ્ત હિંદ પોતાનું જગતમાં યોગ્ય સ્થાન નિહાળી લે. પોતાના માર્ગને રોધક ' અદશ્ય ડાયાનેટ 'ને ઓળખી-પિછાની લે, અને તેને દૂર કરવા મન, વાણી અને કર્તવ્યથી, સતત અને અવિરત શ્રમ તથા અડગ શ્રદ્ધા દ્વારા પ્રયત્ન આદરે, તો બીજે દશકે હિંદ કંઇ જુદું જ બની રહે, અને ત્યારે જ શ્રી. દેસાઇની આ નવલને આપણે-હિંદે સાચી પિછાની કહેવાય. અને ત્યારે જ આનંદથી પુલકિત બની જતું એ લેખકનું સ્નેહાળ હૃદય ' આદર્શ સિદ્ધિ 'ને મથાળે આ વાર્તાનો બીજો ભાગ લખી શકે. રવિ

વાચકોની ચોકીદારી

આપણા સાક્ષરો અને મહાસાક્ષરોના પ્રયત્નો અત્યાર સુધી સંસ્કારવાંચ્છુ અને સાહિત્યવાંચ્છુ વર્ગ માટે હતા, જો કે તેમના પર તેની અસર પહોંચતી હતી કે કેમ તે પણ એક પ્રશ્ન છે. 'ગુજરાતી સાહિત્ય પરિષદ પત્રિકા'ના છેલ્લા અંકમાં શ્રી. અરદેશર ખબરદારે 'સાહિત્યના ઓઠવાડ'નો પ્રશ્ન ચર્ચી ગુજરાતી લેખકોને પોતાની ભાષાને વધુ નહિ અભડાવવાનો આગ્રહ કર્યો છે. તેઓ લખે છે કે:

> " મારે બહુજ ખિન્નતાથી કહેવું પડે છે કે કેટલાંક વર્ષથી વાસ્તવવાદ, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્રવાદ, પ્રજાજનન શાસ્ત્રવાદ આદિ અનેક અરાબોટા વાદના ખોટા સિદ્ધાંતોથી એક પાછળ એક એમ ગાડરિયા પ્રવાહથી આપણા કેટલાક સારા લેખકોએ પણ આપણા સાહિત્યમાં આવો ગંદવાડ આણ્યો છે અને હજી તે આણે છે. "

તેમની આ ફરિયાદ ખોટી નથી, પણ એવા લેખકો પોતાને મહાન પ્રગતિવાદી અને પ્રાણવાન તરીકે ઓળખાવે છે અને સુંવાળા સહચાર જેવા વિષયો ચર્ચી નાદાન યુવકો અને યુવતીઓની વિષયવાસના ઉશ્કેરી મૂકે છે. કવિશ્રી પણ કહે છે કે:

> " આપણાં ઘણાં સામયિકો કેટલાંક વર્ષથી ચાલતા વાસ્તવવાદની ઓથે ગલીચ વાર્તાઓ પ્રગટ કરે છે, ગંદાં ચિત્રો આપે છે અને એ રીતે સમાજના નીચલા વર્ગને તેમ જ ઊગતી પ્રજાને તેના અધમ વિકારો પોષીને વધારે ઉંડા ગર્તમાં ધકેલે છે. "

આ ફરિયાદ ખોટી નથી, પણ ખરી રીતે વાચકે એ ચોકીદારનું કામ કરવું ઘટે છે. થોડાં વર્ષ પર મુંબઈના એક પત્રમાં ' ગોરા યુરોપનું ગજ્યું દાસ્તાન 'ના મથાળા નીચે યુરોપનો ' ઓઠવાડ ' પ્રગટ થતાં તે સામે એક વાચકે વાંધો ઉઠાવી સરકારનું લક્ષ ખેંચતાં વિષય આગળ પ્રગટ થતો બંધ પડ્યો હતો. વર્તમાનપત્રોના તંત્રીઓએ આવા વિષયો અને વાર્તાઓ પ્રગટ ન કરવી જોઇએ એ ખરું છે, પણ વાચકો વાંધો ન ઉઠાવે તો વાચકોને તેવું જ સાહિત્ય જોઇએ છે એમ માની લેવામાં આવે છે. આપણા અનેક સાક્ષરો અને સાહિત્ય પરિષદના એક વાંચના રથંભોને શ્રી. ખબરદાર જેને ' સાહિત્યનો ઓઠવાડ ' કહે છે તેમાં રસિકતા અને કળા જણાઇ હતી અને અશિષ્ટ અને ભાઇબ્રહ્મ સાથે બેસીને વાંચી ન શકે તેવું સાહિત્ય લખવામાં તેઓ ગૌરવ લેતા હતા. એ ઓઠવાડ વધુ ને વધુ ઘૂસતો ગયો છે અને હવે તો તે એટલો દુર્ગંધ મારે છે કે માથું ફાટી જાય છે. પણ શ્રી. ખબરદારે હવે કલમ ઉપાડી છે એટલે તેની શુભ અસર થવી જોઇએ.

[મુંબઇ સમાચાર]

અક્ષરજ્ઞાન પછીની લોકકેળવણી

સામાન્ય જનસમૂહને અક્ષરજ્ઞાન મળવું જ જોઇએ, એ સૂત્રનો આજે લોકશાહી સિદ્ધાંત પર ચાલતાં તમામ રાષ્ટ્રોએ રાષ્ટ્રસંચાલન માટેનો એક મૂળભૂત સિદ્ધાંત સ્વીકાર્યો છે. આ સિદ્ધાંતનો હેતુ એ છે કે રાષ્ટ્રની તમામ વ્યક્તિઓ તેના સંચાલનમાં પોતાનો વ્યક્તિ તરીકેનો યોગ્ય ફાળો આપે અને સમાજની એકંદર પ્રગતિમાં પોતાની જવાબદારી સાથે રાષ્ટ્રીય જવાબદારીનો સુમેળ સાધે. તાત્પર્ય કે, રાષ્ટ્રીય જીવનને સમાન કક્ષાએ લાવી આખાય સમૂહનો સર્વોદય સાધવાનો છે. આ હેતુ પાર પાડવા માટે પ્રજાને ફરજીઆત પ્રાથમિક શિક્ષણની સવલત તમામ લોકશાહી રાષ્ટ્રોએ કરી આપી છે, એટલું જ નહિ પણ પ્રાથમિક શિક્ષણ મળ્યા બાદ તે પછીના પુખ્ત ઉંમરે પહોંચતા સુધીના પૂરક વર્ગો ધંધાદારી શાળાઓ ઉપરાંત ચાલુ રાખી પ્રજાના માનસનો વિકાસ સાધવા દરેક દેશમાં યથોચિત પ્રયાસો થાય છે.

ઉપરના જ હેતુઓને અનુસરી આપણા કે. શ્રીમંત સયાજીરાવ મહારાજે ફરજીઆત પ્રાથમિક કેળવણી દાખલ કરી. અને તેનું શુભ પરિણામ આપણે આજે સાક્ષરતાના વધેલા પરિણામ ઉપરથી સહેલાઇથી જોઇ શકીએ છીએ. પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ વાચનનો શોખ ચાલુ રહી દરેક વ્યક્તિ પોતાનો વ્યક્તિગત વિકાસ સાધી શકે તેમ જ સામાજિક વિકાસ સાથે સાથે તે પોતે આગેકદમ ભરે તે માટે પ્રાથમિક શિક્ષણનાં પૂરકો તરીકે ગામડે ગામડે પ્રજાને મફત વાચન માટે પુસ્તકાલયો પૂરાં પાડવાની યોજના કરી. આ યોજનાઓના પરિણામે ગામડાંઓનો સામાન્ય વર્ગ પોતાની વ્યક્તિગત અને સામાજિક જવાબદારી બરાબર સમજતો થયો છે, એ આપણને તેના રોજના જીવન પરથી સહજ સમજાય છે, પરંતુ હજીએ રાજ્યે સામાજિક વિકાસ માટે કરેલા કેટલાક કાયદાઓનો લાભ લોકો સારી રીતે ઉઠાવી શક્યા નથી તેનું કારણ કેળવણીનો પૂરતા પ્રમાણમાં ફેલાવો નથી તે છે. વળી અક્ષરજ્ઞાન પામ્યા છતાં આ ગામડાંઓમાં રહેલાં હજીયે હજારો નિરક્ષરો પોતાની વ્યક્તિગત જવાબદારી તેમ જ સામાજિક જવાબદારી નથી સમજતાં, એ આપણને તેમના વ્યાવહારિક જીવન ઉપરથી સાફસાફ છે. આ બાબતોને લક્ષમાં લેવાઈ પુનઃ પ્રૌઢ નિરક્ષરો માટે શિક્ષણવર્ગો ઉઘાડાયા છે અને કેટલાંય ભાઈબહેનોને લાભ પણ મળ્યો છે. વળી લોકકેળવણીના માર્ગમાં મદદરૂપ થાય તેવી રીતે રાજ્યે ભાષાન્તર શાખા દ્વારા પરદેશી સાહિત્યમાંથી દેશી ભાષાઓમાં કેટલાંય ઉત્તમ પુસ્તકોના અનુવાદો આપ્યા છે. તેમ જ રાજ્યના પ્રકાશન ખાતા મારફત રાજ્યની કેટલીય પ્રવૃત્તિઓની વિવિધ માહિતી પ્રજા સમક્ષ મૂકી છે. પરંતુ આ બધું સાહિત્ય રાજ્યના તમામ વર્ગોને આકર્ષતું નથી. ગામડાંની રૈયતને રુચે તેવા સાહિત્યની હજી જરૂર ઊભી છે, એમ ગામડામાં ફરતાં વાર જ આપણને માલૂમ પડે છે. ગામડાનાં પુસ્તકાલયોમાં ગિરધરકૃત રામાયણ કે બીજાં આખ્યાનો, ધાર્મિક સાહિત્ય તરીકે સરતા સાહિત્યનાં બોધક પદો અને ભજનોના સંગ્રહો, તથા ચોટીક સ્ત્રીઓપયોગી વાંસળીઓએ સામાન્ય જનતાને આકર્ષ્યો છે; બે ચાર ચોપડી ભણેલાં ભાઈબહેનો જે લગભગ ભણેલા પૈકીનાં ૮૦ ટકા જેટલાં છે તેમના બરનું સાહિત્ય બહુ જ જૂજ છે. એટલે આવાં ભણેલાં ભાઈબહેનોને પુસ્તકાલયમાં પ્રીતિપૂર્વક આકર્ષવાં કઠિન છે;

તેમ જ ગામડામાં જતાં દૈનિકો અને સામયિકો હજી આ વર્ગના લોકોને પૂરતા પ્રમાણમાં વાંચવા મળતાં નથી અગર વાંચીને તેનો વિચારપૂર્વક નિર્ણય બાંધવાની તક તેમને મળતી નથી.

વચલા વર્ગના અગર વ્યાપારિક અને રાજકીય જીવન ગાળનાર કે શહેરી જીવનને સ્પર્શ કરનાર વ્યક્તિઓ સિવાય ખેતી અને તેના આનુષંગિક ધંધામાં રોકાયલા શ્રમજીવીઓએ આપણાં વાચનાલયો અને પુસ્તકાલયોનો વિનિયોગ થોડા પ્રમાણમાં કર્યો છે. વળી પુસ્તકાલયોના વાચકોની સંખ્યા પૈકી ઘણો મોટો ભાગ શાળામાં ભણતા વિદ્યાર્થીઓનો છે અને તેમને ઉપયોગી સાહિત્ય હવે પુસ્તકાલયો ધીમે ધીમે વસાવતાં થયાં છે. એટલે બાળોપયોગી સાહિત્ય જે કંઈ થોડું પુસ્તકાલયોમાં છે તેનો ઉપયોગ થાય છે. પરંતુ નવીન પ્રૌઢ શિક્ષિતો માટે તો ઉપર જણાવ્યા પ્રમાણેના થોડા ધાર્મિક કે નૈતિક ગ્રંથો સિવાય તેમને આકર્ષનાર વિશેષ કશું નથી.

પ્રૌઢ શિક્ષણના જે વર્ગો ચાલે છે અગર એ કાર્યમાં જે ભાઈઓ રસ લે છે તે ભાઈઓએ તેમને વાંચવા માટે પૂરતું સાહિત્ય પણ ઉપજાવવું જોઈએ એ અનિવાર્ય છે. આ ઉદ્દેશથી મે. રા. રા. વિદ્યાધિકારી સાહેબે એક સમિતિ નીમી છે અને તે પોતાનું કાર્ય કરવાની યોજનાની પ્રાથમિક શરૂઆત માટે શબ્દભંડોળ અને પ્રસંગો નક્કી કરવા માટે વડોદરા પ્રાંતમાં અખતરારૂપે કામ શરૂ કર્યું છે. તે આ જ માસિકમાં છેવટના ભાગમાં છપાયલી સૂચના પરથી જોઈ શકાશે. આ સમિતિ એમ માને છે કે ગામડામાં આજે આપણે સર્વદેશીય વિકાસની દૃષ્ટિથી લોકસમૂહની કેળવણી હાથ ધરવી જોઈએ. આપણે જેને પ્રૌઢ શિક્ષણ કહીએ છીએ તે એકલું અક્ષરજ્ઞાન આપવાથી પૂરતું થતું નથી, પરંતુ મેળવેલું જ્ઞાન તેને ઉપયોગમાં લેવાની તકો કઈ કઈ છે ને કેટલી છે તેનો વિચાર કરી નવા સાહિત્યનું સર્જન કરવું રહ્યું.

અક્ષરજ્ઞાન અપાતું હતું તેવા પ્રસંગે આ પ્રૌઢ અશિક્ષિતોની મુલાકાત લેખકે લીધી છે. તેમનામાં અક્ષરજ્ઞાન મેળવવાની વૃત્તિ કેળવવામાં કેટલી મુશ્કેલી છે તેનો પણ અનુભવ કરેલો છે. કારણ, તેઓ પોતે એમ કહે છે કે અમારે ભણવાની કંઈ જરૂર નથી; અમે તો ખેતરની મજૂરી કરીએ, અગર પટેલ કે શેઠ શાહુકારની મજૂરી કરી ગુજરાન ચલાવીશું; અમને અભણ હોવાથી કંઈ મજૂરી મળતી નથી એવું નથી. તેમને જ્યારે વધુ સમજાવીએ છીએ અને જણાવીએ છીએ કે જ્યાં કાયદાઓ પુષ્કળ હોય ત્યાં દરેક પ્રજાજનની ફરજ છે કે તેને કાયદાઓની સામાન્ય સમજ હોવી જોઈએ, લેવડદેવડના હિસાબોની પોતાના ખપ પૂરતી નોંધ રાખવી જોઈએ, આપણા વિદ્વાનોના આદેશો બીજા પાસેથી સાંભળવા કરતાં પોતે થઈ વાંચી અને સમજે તો કેટલો સંતોષ થાય ! વ્યવહારમાં, મુસાફરી કરતી વખતે, ધંધાર્થે શહેરોમાં જતી વખતે ભણતરની કેટલી કિંમત છે તે સમજી શકાય તેમ છે. વળી જ્યારે આપણામાં કંઈ શારીરિક વિકાર કે ગામમાં અસ્વચ્છતાના કારણે કોઈ રોગચાળો થયો હોય તો ભણતરવાળા માણસો લોકોને કેવી રીતે સમજ આપી પોતાની આરોગ્યતા સાચવવામાં મદદ કરે છે તે જાણી શકાય તેમ છે. આ ઉપરાંત ગામડામાં ચાલતા નાના નાના ઉદ્યોગો અને ખેતીવાડીને કેટલો સંબંધ છે, આપણી ગરીબ પ્રજાને ત્યાં થોડાં

વીધાંમાં કુટુમ્બનો નિર્વાહ ચલાંવવાનો હોય ત્યાં ખેતી અને બીજા ખેતીને લગતા નાના ઉદ્યોગો જાણવાની આવશ્યકતા માટે શિક્ષણની જરૂર છે.

આ બધું સમજાવતાં એ અભણ ભાઇઓ કહે છે કે અમે એ બધું અમારી આવડત પ્રમાણે કરીએ છીએ અને અડચણ આવે ત્યારે વેઠી લઇએ; પણ આ મોટી ઉંમરે અમારે ભણવાની ઉપાધિ જોઇતી નથી. સમજુ નિરક્ષરો કેટલીક બાબતો ગળે ઊતરે તો તે ભણવાની હા પાડે છે અને શિક્ષક પોતાનું કાર્ય કરે છે. કહેવાનો હેતુ એ છે કે મહામુશીબતે શિક્ષકો પ્રચાર કરી અભણ લોકોને શીખવે; પણ પછી તેને જે આશ્વાસન આપ્યું હોય તેવી જાતનાં પુસ્તકો તેને વાંચવા ન મળે તો તે કેવળ નિરાશ થાય છે, એટલું જ નહિ પણ બીજા નિરક્ષરો ભણવા તૈયાર થતા અટકે છે. એટલે આજે આપણે જે સાહિત્ય વિપુલ પ્રમાણમાં જોઇએ છીએ તે એ ગામડામાં જે હેતુથી આપણે નિરક્ષરોને અક્ષરજ્ઞાન આપ્યું છે તે હેતુઓ પાર પાડવા તેને પોતાના ઓછા બુદ્ધિવિકાસ છતાં સહજમાં સમજાય અને વાંચવા મન લલચાય તેવી ભાષામાં લખાયલાં વૃત્તપત્રો ચિત્રપોથીઓ, પત્રિકાઓ, પુસ્તકો વગેરેની જરૂર છે. હમણાં હમણાં યુદ્ધને લગતી પ્રચારપત્રિકાઓ, રાષ્ટ્રીય યુદ્ધમોરચાને લગતાં ખેડૂતોને સંબોધાઇને તૈયાર થયેલાં પોસ્ટરોએ મુસાફરીમાં જતાં આવતાં તેમનું ધ્યાન ખેંચ્યું છે, એ તેમની વાતો ઉપરથી સહજ સમજાય છે. નિરક્ષરતાનિવારણના કાર્યમાં અને તે પછીના વાચન માટે પણ આવા જ પ્રયાસોની જરૂર છે. ગામડાના ખેડૂત કે મજૂરને પોતાનું જીવન કેમ ચલાવવું તે દર્શાવનારી ચિત્રપોથીઓ, વાર્તાઓ, તેમ જ ધાર્મિક સંમેલનોને લગતી કથાઓ, રાજ્યના કાયદા કાનુનોની સમજાય તેવી પુસ્તિકાઓ, બહેનો માટે સામાજિક કાયદાઓ, ગૃહઉદ્યોગો, ધાર્મિક વાતો, તેમ જ જીવનચરિત્રો તથા ગામડાના સમાચારો આપતી પત્રિકાઓ તેમને આકર્ષશે.

ગુજરાતભરમાં આ પ્રકારની પત્રિકાઓ સ્થાનિક કેળવણીના નિષ્ણાતો અને સામાજિક કાર્યકરોના સહકારથી તૈયાર થઇ સમૂહમાં વહેંચવામાં આવે અગર કોઇ પ્રકાશનસંસ્થા પાસે બહોળા પ્રમાણમાં તૈયાર કરાવી બહુ જૂજ કિંમતે વેચવામાં આવે અને ગામડામાં ફેલાવો થાય તો અક્ષરજ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પોતાની જવાબદારી બરાબર અદા કરવા માટે દરેક ભણેલો માણસ પોતાનો મત બદલશે અને રાષ્ટ્રીય જીવનમાં લોકો જે નીચલા થરમાં છે તેઓ પોતે પોતાના પર નિરક્ષરતાનું પડ છે તે દૂર થવાથી થતા લાભો વિચારતો થશે.

આપણાં સ્થાપિત થયેલાં સાર્વજનિક પુસ્તકાલયોનો આ હેતુ છે. ઇચ્છીએ કે આપણાં પુસ્તકાલયોમાં આપણી ગામડાની ગરીબ જનતાને જોઇતું સાહિત્ય આપણને વહેલી તકે મળે.

ઉમેદભાઇ મો. પટેલ

વાર્ષિક સામાન્ય સભામાં પસાર થયેલા ઠરાવો

તા. ૧૧ મી ઑકટોબર ૧૯૪૨ ના રોજ શ્રી. નાનાલાલ નાથાલાલ શાહના પ્રમુખપણા નીચે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિ વડોદરાની ઑફિસમાં બપોરના સાડાબાર વાગે વાર્ષિક સાધારણ સભા મળી હતી તેમાં નીચેના ઠરાવો પસાર થયા હતાઃ—

૧. તા. ૧–૮–૪૧ થી તા. ૩૧–૭–૪૨ સુધીના બાર માસનો ઑડિટરે તપાસેલો હિસાબ તથા વ્યવસ્થાપક મંડળનો રિપોર્ટ મંજૂર કરવામાં આવે છે.

૨. વ્યવસ્થાપક મંડળે નફાની કરેલી વહેંચણીની ભલામણમાં થોડોક ફેરફાર કરીને નીચે પ્રમાણે વહેંચણી કરવાનું નક્કી કરવામાં આવે છેઃ—

રૂા. ૩૦૪૦–૦–૮ ની વહેંચણીઃ

૧. રિઝર્વ ફંડ ખાતે	૭૬૦–૦–૦
૨. સભાસદોને શેરનું ચાર ટકા લેખે ડિવિડન્ડ વહેંચવા	૧૫૧૨–૨–૦
૩. નોકરોને એક માસનો પગાર બોનસ તરીકે	૩૪૪–૦–૦
૪. મંડળના નવ નોકરોને માસિક રૂા. ૨–૦–૦ પ્રમાણે મોંઘવારી ભથ્થુ આપવા	૨૧૬–૦–૦
૫. ઈન્વેસ્ટમેન્ટ રિઝર્વ ફંડ ખાતે લઈ જવા	૧૬૮–૧૦–૦
૬. આવતા વર્ષના નફાતોટા ખાતે લઇ જવા	૯–૪–૮
	૩૦૪૦–૦–૮

"પુસ્તકાલય" માસિકના તંત્રીને માસિક ખાતેની વર્ષ દરમિયાન થયેલી બચતમાંથી રૂા. ૫૦–૦–૦ બોનસના અને રૂા. ૨૪–૦–૦ (માસિક રૂા. ૨–૦–૦) પ્રમાણે મોંઘવારી ભથ્થુ આપવાનાં મંજૂર કરવામાં આવે છે.

૩ સને ૧૯૪૨–૪૩ માટે સાધારણ સભાના પ્રમુખ તરીકે શ્રી. રા. રા. મગનભાઈ શંકરભાઇ પટેલ અને ઉપપ્રમુખ તરીકે શ્રી. રા. રા. નાનાલાલ નાથાલાલ શાહને નીમવામાં આવે છે.

મંડળના ઑડિટર્સ તરીકે મેસર્સ આપાજી અમીન એન્ડ કું. ને રૂા. ૫૦–૦–૦ ના મહેનતાણાથી નીમવામાં આવે છે.

વ્યવસ્થાપક મંડળના સભાસદો પૈકી શ્રી. રા. રા. ચુનીલાલ પુરુષોત્તમદાસ શાહ–વડોદરા, શ્રી. રા. રા. રાવજીભાઇ નેરાભાઇ પટેલ–છોટાલા, અને શ્રી. રા. રા. વલ્લભભાઈ મૂળજીભાઇ પટેલ પ્રતિનિધિ સા. પુ. સાધી, એ ત્રણ વ્યવસ્થાપકો ચાલુ સાલે નિયમ મુજબ નિવૃત્ત થતા હતા પણ તેમની જગોએ બીજા કોઇ હરીફ ઉમેદવાર નહિ હોવાથી વ્યવસ્થાપક મંડળના સભ્યો તરીકે તેમણે ચાલુ રહેવાનું ઠરાવવામાં આવે છે.

૪. સન ૧૯૪૨–૪૩નું અંદાજપત્ર નીચે પ્રમાણે મંજૂર કરવામાં આવે છેઃ

ઉત્પન્ન

પત્રોનું કમીશન	૨૦૦૦–૦–૦
પુસ્તકોનું કમીશન	૪૦૦૦–૦–૦
વ્યાજનું ઉત્પન્ન	૨૯૦૦–૦–૦
રૂ.	૮૯૦૦–૦–૦

ખર્ચ

પગાર	૪૪૦૦–૦–૦	વીમાનું પ્રીમિયમ	૨૦૦–૦–૦
પોસ્ટેજ	૪૦૦–૦–૦	મુસાફરી ખર્ચ	૫૦–૦–૦
છપામણ	૩૫૦–૦–૦	ઑડીટ ફી	૫૦–૦–૦
કંટીજન્ટ	૩૫૦–૦–૦	પ્રોવિડન્ટ ફંડમાં મંડળનો ફાળો	૨૭૫–૦–૦
મકાનભાડું	૫૦૦–૦–૦	આકસ્મિક ખર્ચ	૧૨૫–૦–૦
ઇલેકટ્રીક ખર્ચ	૧૭૫–૦–૦		૬૮૭૫–૦–૦

ઉપર પ્રમાણે મંજૂર કરેલા ખર્ચની હદમાં રહીને એક હેડ નીચેથી બીજા હેડ નીચે ખર્ચ કરવાની સત્તા વ્યવસ્થાપક મંડળને આપવામાં આવે છે.

૫. વ્યવસ્થાપક મંડળે ઠરાવ નં. ૭૪ તા. ૫–૪–૪૨ થી મંડળના સ્ટાફ માટે જે પ્રોવિડન્ટ ફંડની યોજના નક્કી કરી છે તેને આ સભા બહાલી આપે છે.

૬. પેટા નિયમોની કલમ ૭ માં સુધારા વધારા કરીને નીચે પ્રમાણેની કલમ નં. ૭ મંજૂર કરવામાં આવે છેઃ

કલમ નં. ૭. મંડળને નોંધવાની અરજી કરનાર મૂળ સભાસદો ગણાશે, અને તે સિવાય સભાસદ થનાર દરેક

ક. વડોદરા રાજ્યનો રહીશ હોવો જોઇએ.

ખ. તે અઢાર વર્ષનો અગર તેથી વધારે ઉંમરનો હોવો જોઇએ.

ગ. તેણે ઠરાવેલા નમુના પ્રમાણે દાખલ થવા અરજ કરવી જોઇશે; તે અરજી વ્યવસ્થાપક મંડળે બહુમતીથી સ્વીકારેલી હોવી જોઇશે; અને

ઘ. તેણે ઓછામાં ઓછો એક શેર લેવો જોઇશે.

ઙ. વડોદરા રાજ્યમાં આવેલું દરેક પુસ્તકાલય, સહકારી મંડળી વા કેળવણીની સંસ્થા પોતાના નામે શેર ધારણ કરી શકશે અને જે તે સંસ્થાના મંત્રી વા વ્યવસ્થાપક મંડળના અન્ય સભ્ય પોતાના વ્યવસ્થાપક મંડળના ઠરાવથી જે તે સંસ્થા માટે સભાસદના સઘળા હક્ક ભોગવશે.

ચ. કોઇપણ સભાસદ આ મંડળના ૪૦ કરતાં વધારે શેર ખરીદ કરી શકશે નહિ.

ઉપરના ૭ ઠરાવ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

વડોદરા,
તા. ૧૧–૧૦–૪૨

નાનાલાલ નાથાલાલ શાહ
પ્રમુખ

વડોદરા રાજ્ય પુ. મંડળના વ્ય. મં. ની વાર્ષિક સભા

(વ્ય. મં. ના સભ્યો ઉપર સરકયુલર ફેરવીને કરવામાં આવેલું કામકાજ)

વડોદરા રાજ્ય પુ. મંડળની કારોબારીની સંન ૪૨–૪૩ ની વાર્ષિક સભાનું કામ, સાલાનુબાદ બેઠક ભરીને ન કરતાં, પરિપત્રથી કરી લેવાનું ફરમાન, મંડળના પ્રમુખ સાહેબનું થવાથી, કાર્યક્રમનો પરિપત્ર ફેરવતાં, ૧ શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ. ૨ શ્રી. રામભાઇ કા. પટેલ, ૩ શ્રી. નટવરલાલ ગિ. શાહ, ૪ શ્રી. ચુનીલાલ મ. દેસાઇ, ૫ શ્રી. કાવસજી એ. ગણુદેવીઆ, ૬ શ્રી. કલ્યાણુરાય ન. જોશી, ૭ શ્રી. જયવતીબહેન ન. દેસાઈ અને ૮ શ્રી. જેઠાભાઇ લા. પટેલ એ સભ્યોના લેખી અભિપ્રાય મળેલા. તેમાં પહેલા ૭ સભાસદોએ સૂચવેલા કાર્યક્રમને સર્વાંગી સંમતિ આપી છે. અને છેલ્લા બેએ આંશિક સંમતિ આપી છે. આ પ્રમાણે આવેલા લેખી અભિપ્રાયો તા. ૨૭–૬–૪૨ ના રોજ મંડળના પ્રમુખ રા. બ. શ્રી. ગોવિંદભાઈ હા. દેસાઇ સાહેબ રૂબરૂ રજુ કરાતાં બહુમતીના ધોરણે નીચેનાં કામો બહાલ કરવામાં આવ્યાં છેઃ—

૧ તા. ૧–૩–૪૨ની કારોબારી સભાએ પગારવધારો તથા પ્રો. ફંડની યોજનાનો અમલ મંજૂર કરેલો તે અન્વયે અ સહમંત્રી રા. નાજુકલાલ નં. ચોકસીના પગાર ખાતે વધુ ખર્ચાયલા રૂ. ૩૫), બ રાજ્ય પ્રચારક શ્રી. વલ્લભભાઇ મૂ. પટેલના પગારવધારા ખાતે ખર્ચાયલા રૂ. ૨૮) તથા ક શ્રી. નાજુકલાલ નં. ચોકસી અને શ્રી. વલ્લભભાઈ મૂ. પટેલના પ્રો. ફંડ ખાતે ખર્ચાયલા રૂ. ૩૫–૧૭–૦ ના બજેટ ઉપરાંતના ખર્ચને બહાલી આપવામાં આવે છે.

૨ સન ૧૯૪૧–૪૨ ના ઉત્પન્ન ખર્ચનો હિસાબ તથા અહેવાલ મંજુર રાખવામાં આવે છે.

૩ સન ૧૯૪૨–૪૩ નું રૂા. ૪૭૫૦)ના ખર્ચનું અંદાજ મંજૂર કરવામાં આવે છે અને તે પ્રમાણે ખર્ચ કરવાની મંત્રીને સત્તા આપવામાં આવે છે.

૪ તા. ૧–૩–૪૨ ની કારોબારી સભામાં સ્વીકારાયલી પ્રો. ફં. ની યોજનાની કલમ ૫ જે નીચે પ્રમાણે છે તે, બરોડા બેંકે, દ્રવ્યસંચય નામનું સ્વતંત્ર ખાતું ખોલવાની ના પાડવાથી રદ કરવામાં આવે છે. " કલમ ૩ પ્રમાણે સર્વ નોકરોની દર માસે એકઠી થતી રકમ, બરોડા બેંકમાં દ્રવ્યસંચય નામના ખાતાથી, રાજ્ય પુ. મંડળના નામે એકસઠા જમા મૂકવી અને તેનું જે વ્યાજ મળે તે જે તે નોકરના ખાતામાં એકઠી થયેલી રકમના વરાડે વર્ષ આખરે જમા આપવું. "

૫ બરોડા બેંકે દ્રવ્યસંચય ખાતું ખોલવાની ના પાડવાથી, મંડળના જે તે નોકરના પ્રોવિડંટ ફંડની રકમ, રાજ્ય પુ. મંડળના ચોપડે જમા રાખવી અને તેનું વ્યાજ બરોડા બેંકના સેવિંગ ખાતાના જે તે વખતના ધોરણ મુજબ વર્ષ આખર ગણી જે તે નોકરના ખાતામાં જમા આપવું.

૬ બે પ્રાંત વચ્ચે એક પ્રચારકની યોજના હાલના ચાલુ ધોરણે જારી રાખવી.

વસો,
૧–૧૦–૪૨

રામભાઈ કા. પટેલ
મંત્રી, વ. રા. પુ. મંડળ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળનો

સને ૧૯૪૧-૪૨ ની સાલનો

અહેવાલ

સુજ્ઞ મહાશયો,

૧. પૂરી થયેલી સન ૧૯૪૧-૪૨ની સાલનો રાજ્ય પુસ્તકાલય મંડળનો વિગતવાર અહેવાલ આપની સમક્ષ રજૂ કરતાં આનંદ થાય છે.

આનંદ થાય છે.

૨. વડોદરા રાજ્યની જ નહિ, પણ હિંદભરની સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિના આદ્ય પ્રવર્તક કે. શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબે સન ૧૯૧૨ માં સેન્ટ્રલ લાઇબ્રેરી કલબના સભ્યો સમક્ષના પ્રવચનમાં જાહેર કરેલું કે—

ઉદ્‌ભવ

" પુસ્તકાલયનો લાભ થોડાં અંગ્રેજી ભણેલાં જ લે એવી મર્યાદા (આંટ) ન રાખવી જોઈએ; પરંતુ તે લાભ વધારેમાં વધારે કેવી રીતે લઈ શકે એ જ હેતુ સતત લક્ષમાં રાખવો જોઇએ. એ જ હેતુથી મેં આખા રાજ્ય માટે ગ્રામ પુસ્તકાલયોની યોજના ઘડાવી છે. એ યોજના પાર પાડવા માટે પ્રજાએ પોતાની શક્તિ અનુસાર પોતાનો હિસ્સો આપવાની જરૂર છે. મહેનત કર્યા વગર કાંઇ પણ કામ બનતું નથી. સ્વાર્થત્યાગ કર્યા વગર જ્ઞાન પ્રાપ્ત થતું નથી. "

શ્રીમંત સરકારની એ મહત્ ભાવનાની સિદ્ધિ અર્થે અને તેઓશ્રીનો આદેશનું યથાશક્ય પાલન કરી દેખાડવાની પ્રજાને તક મળે એટલા ખાતર સન ૧૯૨૫ માં રાજ્યનાં મોટાં પુસ્તકાલયોની પ્રથમ પરિષદ ગણદેવી મુકામે ભરાઈ. તે વખતથી જ આ મંડળનો ઉદ્‌ભવ વાસ્તવિક રીતે થયો ગણી શકાય. સન ૧૯૨૫ થી ૧૯૨૯-૩૦ લગી મંડળની પ્રવૃત્તિ વર્ષે બે વર્ષે પરિષદ ભરવા પૂરતી જ હતી: પણ તે પછી સાર્વજનિક પુસ્તકાલયોને મદદ આપવાના સરકારી ઘોરણે મંડળને રૂ. ૧૦૦૦) નો વાર્ષિક મદદ આપવાની યોજના મંજૂર કરવાની શ્રીમંત સરકારે કૃપા કરી અને પાટણમાં મળેલી પાંચમી પરિષદે મંડળનું બંધારણ ઘડયું ત્યારથી મંડળની વિવિધ પ્રવૃત્તિઓ ક્રમે ક્રમે અસ્તિત્વમાં આવી છે.

૩. મંડળના ઉદ્દેશ નીચે પ્રમાણે છેઃ—

(૧) રાજ્યના ચારે પ્રાંતમાં વિખરાયલાં પુસ્તકાલયો અને વાચનાલયોની પ્રગતિ સાધવી અને તેમને સુવ્યવસ્થિત બનાવવાં; (૨) પુસ્તકાલય વિહોણાં ગામોમાં નવીન પુસ્તકાલયો ઉઘડાવવામાં ખાતાને સહકાર આપવો; (૩) પુસ્તકાલયોના કાર્યકર્તાઓ વચ્ચે તથા સરકાર અને સ્થાનિક સંસ્થાઓ સાથે સહકાર સાધવો; (૪) પ્રજામાં વાચનનો શોખ

ઉદ્દેશ

ફેલાવવો; (૫) પુસ્તકાલય પ્રવૃત્તિપોષક સાહિત્ય-પ્રકટ કરવું; (૬) શિષ્ટ સાહિત્યના વાચનનો પ્રચાર વધારવો; (૭) પુસ્તકાલયનું વહીવટી કામ શીખવવા તાલીમ વર્ગો ભરવા યા ભરાય તેમાં મદદ કરવી; (૮) ખાતાના સહકાર અને સલાહ મુજબ પુસ્તકાલય પ્રવૃત્તિનો પ્રચાર કરવો અને તપાસણીનું કામ કરવું.

ગેટા મંડળો

૪. ઉપરના ઉદ્દેશો વ્યવસ્થિત રીતે પાર પાડવા માટે પ્રાંત, મહાલ અને જૂથ મંડળો રચવામાં આવ્યાં છે. આ મંડળો રાજ્ય પુ. મંડળની સલાહ ને દોરવણી મુજબ પોતાના ક્ષેત્રમાં યથાશક્તિ કાર્ય કરે છે. પૂરા થયેલા વર્ષ દરમ્યાન વડોદરા, નવસારી, મહેસાણા અને અમરેલી એ ચારે પ્રાંતમંડળોની વાર્ષિક સભાઓ મળી હતી. તેમના અહેવાલનો સારભાગ પુસ્તકાલય માસિકના ૧૯૪૧ ના નવેમ્બર અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. મહાલમંડળો તથા જૂથમંડળો પણ બધા જ મહાલોમાં ચોજાયાં છે, પણ તે બધાં હજુ પૂરાં જાગતાં બન્યાં નથી. જેઓ જાગતાં છે, યાને જેમની વાર્ષિક સભાઓ અહેવાલના વર્ષે ભરાઈ છે, તેવાં જૂથ તથા મહાલમંડળોનાં નામ નીચે પ્રમાણે છેઃ—

(૧) જાગતાં જૂથમંડળો

વડોદરા પ્રાંતઃ—(૧) કેસર (૨) બચ્ચાર (૩) વેમાર (૪) સોખડા રાધુ (૫) ભાદરણ (૬) આસોજ (૭) દરાપુરા (૮) વેજપુર (૯) રણું (૧૦) કોરાન્દ્રા તા. સંખેડા (૧૧) વસો (૧૨) મકરપુરા (૧૩) સોખડા (૧૪) દશરથ (૧૫) શિનોર (૧૬) પેટલાદ (૧૭) સોજીત્રા (૧૮) વરણામા. **મહેસાણા પ્રાંતઃ**—(૧૯) વેણપુરા (૨૦) વાલમ (૨૧) પલીયડ (૨૨) ઉનાડ (૨૩) કંબોઇ (૨૪) કમાણા (૨૫) બોકરવાડા (૨૬) દેણપ (૨૭) સંડેર (૨૮) વામજ (૨૯) કડી (૩૦) નારદીપુર (૩૧) કંડ (૩૨) ડાંગરવા (૩૩) વડુ (૩૪) ખાવડ (૩૫) ડરણ (૩૬) સૂરજ (૩૭) રાજપુર. **નવસારી પ્રાંતઃ**—(૩૮) ગણદેવી (૩૯) ગડત (૪૦) અંભેટા (૪૧) ધમડાછા (૪૨) પલસાણા (૪૩) નવસારી. (ગઇ સાલ ૩૯).

(૨) જાગતાં મહાલમંડળો

વડોદરા પ્રાંતઃ—(૧) વડોદરા (૨) શિનોર (૩) સાવલી (૪) કરોઇ (૫) વાઘોડીયા (૬) પેટલાદ (૭) ભાદરણ (૮) કરજણ (૯) પાદરા (૧૦) સંખેડા (૧૧) તિલકવાડા; **મહેસાણા પ્રાંતઃ**—(૧૨) ચાણસ્મા (૧૩) કડી (૧૪) વિજાપુર (૧૫) કલોલ (૧૬) સિદ્ધપુર (૧૭) વિસનગર (૧૮) બેરાજુ (૧૯) આતરસુંબા (૨૦) હારીજ (૨૧) પાટણ (૨૨) મહેસાણા; **નવસારી પ્રાંતઃ** (૨૩) ગણદેવી (૨૪) પલસાણા (૨૫) માંગરોળ (૨૬) નવસારી (૨૭) મઢવા; **અમરેલી પ્રાંતઃ** (૨૮) દામનગર (૨૯) અમરેલી (૩૦) ખાંભા (૧) કોડીનાર. (ગઇ સાલ ૩૨).

જે મહાલ મંડળોની સભા ભરાયાનાં નિવેદનો તેમ હિસાબ અમારા તરફ આવ્યાં છે, તેમની જ ગણતરી કરેલી છે.

જૂથ મંડળો તથા મહાલ મંડળોમાં છેલ્લાં ચાર વર્ષો દરમ્યાન આવેલી જાગૃતિ ચાલુ વાલવાળા વર્ષમાં એકંદરે ટકી રહેલી જણાય છે. છતાં મહેસાણા અને અમરેલી પ્રાંતની

જૂથ મંડળની તથા નવસારી અને અમરેલી પ્રાંતની મહાલ મંડળોની પ્રવૃત્તિ મોળી પડેલી દીસી આવે છે, જેની નોંધ સદરહુ બન્ને પ્રાંતનાં જવાબદાર મંડળોએ લેવી ઘટે. ઇચ્છીએ છીએ કે એકવાર કામ કરતાં છતાં હાલમાં શિથિલ બનેલાં તેમજ મૂળથી જ ઊંઘતાં રહેલાં મંડળો નવીન વર્ષ દરમ્યાન ઊંઘ ઉડાડી દઇને પોતપોતાની ફરજો બજાવવા મંડી પડશે. વાર્ષિક અહેવાલ તો વર્ષ પૂરું થતાં જ મોકલી આપવાનો વહીવટ રાખવાની મહાલ મંડળોના મંત્રી મહાશયોને અમારી હંમેશની માફક આગ્રહભરી વિનંતિ છે, જેથી વસ્તુતઃ જાગતાં ને કામ કરતાં મંડળોની ગણતરીમાં પણ ઊંઘતાંની કોટિમાં થવાનો સંભવ ન રહે. વળી એકલો હિસાબ માત્ર ન આવે પણ વર્ષ દરમ્યાન કરેલી કામગીરીનો અહેવાલ પણ આવે એ ખાસ ઇચ્છવા-યોગ્ય ગણીએ છીએ. જે તે પ્રાંતમાં આવેલાં તમામ મહાલ મંડળોએ આમ કર્યું છે કે નહિ તે જોવાની જે તે પ્રાંત મંડળની ફરજ હોઈ જે તે સાલે ભરાતી વાર્ષિક સભા વખતે મંડળના અહેવાલમાં આ બાબતની ખાસ નોંધ લઇ શિથિલ મહાલ મંડળોને ટકોરવાની પદ્ધત અખત્યાર કરવા પ્રાંત મંડળને ખાસ ભલામણ કરીએ છીએ એ જ પદ્ધત જૂથ મંડળો પરત્વે મહાલ મંડળોએ પણ સ્વીકારવી રહી.

પરિષદ પ્રવૃત્તિ

૫. રાજ્યની પુસ્તકાલય પ્રવૃત્તિને સંગઠિત બનાવી એનું તંત્ર એકધારૂં અને સુવ્ય-વસ્થિત ચલાવવાની યોજનાઓ વિચારવા તથા પોતાની મહત્ત્વા-કાંક્ષાઓ અને જોઇતી સવલતો તથા રાહતોની માગણી પુસ્તકાલય ખાતા આગળ તેમજ શ્રીમંત સરકાર સમક્ષ સમૂહગત રીતે રજૂ કરવાના આશયથી સને ૧૯૨૪–૨૫ થી શરૂ થયેલી પરિષદ પ્રવૃત્તિને મંડળે જારી રાખી છે, એટલું જ નહિ પણ સમસ્ત રાજ્યની પરિષદો ઉપરાંત પ્રાંત વ મહાલ પરિષદો ભરવાનું ધોરણ સન ૧૯૩૦ થી સ્વીકાર્યું છે. દર પાંચ વર્ષે રાજ્ય પરિષદ, ત્રણ વર્ષે પ્રાંત પરિષદ અને બાકીનાં દર વર્ષે મહાલ પરિષદ ભરવાની નીતિ જાહેર કરાઇ છે. તે મુજબ અહેવાલવાળું વર્ષ પ્રાંત પરિષદ માટેનું હતું. છતાં રાજ્ય પરિષદ ભરાયા પછી ત્રીજે વર્ષે પ્રાંત પરિષદ ભરાય ને તે પછી પાંચમે વર્ષે રાજ્ય પરિષદ ભરાય તે પહેલાં ચોથે વર્ષે પાછું મહાલ પરિષદ ભરવાનું રહે એ ક્રમ વ્યવહારિક દૃષ્ટિએ બરાબર નહિ લાગવાથી, તેમજ મહાલ પરિષદોએ લાંગટ ત્રણ વર્ષ વિચારેલા પ્રશ્નો ચોથા વર્ષે પ્રાંત પરિષદોમાં વિચારાયા બાદ પાંચમે વર્ષે સીધાં રાજ્ય પરિષદમાં વિચારાય એ પદ્ધત વધારે આવકારદાયક હોવાથી અહેવાલવાળા વર્ષ મહાલ પરિષદો ભરવાની જ ભલામણ કરવામાં આવેલી. પણ લઢાઇના તેમજ મોંઘવારીના સંજોગોને લઇ માત્ર છ જ મહાલ પરિષદો અહેવાલવાળા વર્ષે ભરાઇ શકેલી. બહેસાણા પ્રાંતનાં ધીણોજ ગામે પ્રાંત પરિષદ નોતરવાનો પણ ઉત્સાહ અહેવાલવાળા વર્ષે દેખાડેલો. અહેવાલના વર્ષ દરમ્યાન ભરાયલી પરિષદોની રૂયળ, તારીખ વગેરેની હકીકત પરિશિષ્ટ ૪ થામાં સામેલ રાખી છે.

અમલી કાર્ય

૬. મંડળની ચાલુ કામગીરી ઉપરાંત (૧) ગ્રામ પુસ્તકાલયો માટે સસ્તી કિંમતનાં મકાનોની યોજના તૈયાર કરવા માટે નીમાયેલી સમિતિ પાસે ૧૦૦ × ૩ = ૧૮૦૦] ની યોજના (પ્લાન સાથે) મેળવી લેવાનું; તેમજ મંડળની કારોબારીની ગઇ સાલની વાર્ષિક સભાએ

ઠરાવ્યા પ્રમાણે (૨) બંધારણ સમિતિએ સુધારેલા બંધારણના મુસદ્દાને "પુસ્તકાલય" માસિકમાં પ્રસિદ્ધ કરાવી તેની છૂટી નકલો કારોબારીના સભ્યો ઉપરાંત પ્રાંત પુસ્તકાલય મંડળો તરફ મોકલી આપી તેમના અભિપ્રાયો મંગાવવાનું (૩) મંડળના મહેકમની ગ્રેડ તથા પ્રોવિડંટ ફંડની યોજના માટે નીમાયેલી સમિતિનો નિર્ણય મેળવી કારોબારી પાસે બહાલ કરાવી લેવાનું (૪) સ્વ. મો. ન. અમીન સ્મારક ફંડની રકમનું ટ્રસ્ટ કરી પુ. સ. સ. મંડળને રકમ સોંપી આપવાનું (૫) ગ્રામ વાચક મંડળો સ્થાપવા માટે જરૂરી પ્રચાર કરવાનું, તથા (૬) પત્રવ્યવહાર દ્વારા પુસ્તકાલય શિક્ષણની મૂળ યોજના ચાલુ રાખવી કે કેમ તે પ્રશ્નની વિચારણા માટે નીમાયલી સમિતિનો નિર્ણય મેળવવાનું બાકી કાર્ય અહેવાલવાળા વર્ષ દરમ્યાન મંડળના મહેકમે કર્યું છે.

શિક્ષણ વર્ગ

૭. ઉપરોક્ત પ્રાંત, મહાલ અને જૂથ મંડળોની પ્રવૃત્તિ ઉપરાંત રાજ્ય મંડળે સમગ્ર રાજ્ય માટે જે કેટલીક પ્રવૃત્તિઓ ઉપાડી છે, તેમાંની એક પ્રવૃત્તિ શિક્ષણવર્ગોની છે. પુસ્તકાલય પ્રવૃત્તિમાં સારી સંગીનતા સાધવા માટે તાલીમ લીધેલા ગ્રંથપાલોની સંખ્યા વધારવાના આશયથી પ્રાંતવાર શિક્ષણવર્ગો યોજવાની પ્રથા મંડળે પુસ્તકાલય ખાતાની કરમાશથી સન ૧૯૩૧ થી આગ્રહપૂર્વક ચાલુ કરી છે. તે મુજબ અહેવાલના વર્ષ દરમ્યાન મહેસાણા પ્રાંત માટે દેહગામ કરબામાં સન ૧૯૪૨ ના મે માસની તા. ૪-૫-૬ ના દિવસોએ, અને વડોદરા પ્રાંત માટે શિનોર મહાલના બરકાલ ગામે એ જ માસની તા. ૧૮-૧૯-૨૦ મી તારીખોએ એમ બે વર્ગો ભરવામાં આવ્યા હતા, અને તેનો લાભ અનુક્રમે ૨૩ અને ૫૪ જણે લીધો હતો. અહેવાલના વર્ષે એ રીતે કુલ ૭૭ જણને પુસ્તકાલયના વહિવટી તથા પુસ્તકવિધિ અને વર્ગીકરણ કામની આવશ્યક તાલીમ આપવામાં આવી હતી. આર્થિક તેમજ અન્ય વ્યવહાર કારણોને લઇ સન ૧૯૩૯-૪૦ ની સાલથી મંડળે દરસાલ ચારે પ્રાંતના વર્ગ ભરવાને બદલે બબ્બે પ્રાંતના વર્ગો ભરવાની નીતિ સ્વીકારી હોવાથી મહેસાણા તથા વડોદરા એ બે જ પ્રાંતોના વર્ગો અહેવાલના વર્ષે ભરવામાં આવ્યા હતા. શરૂ થયેલા નવા વર્ષમાં એ જ ધોરણે નવસારી અને અમરેલી પ્રાંતોના વર્ગો ભરવાની ગોઠવણ છે. શિક્ષણ વર્ગોને અંગે મંડળના નિવેદનના વર્ષે રૂા. ૨૩૬-૭-૯ નો ખર્ચ થયો છે. વર્ગમાં અપાતી તાલીમના પ્રતાપે પુસ્તકાલયોનું વર્ગીકરણ વગેરે કરી નાખી પુસ્તકાલયને વ્યવસ્થિત કરી નાખવાનો ઉત્સાહ તો લગભગ બધાને પ્રગટે છે, પણ તેને આચારમાં મૂકી બતાવવાનું બધા તરફથી નથી બનતું એ ખેદનો વિષય છે. આશા રાખીશું કે નવીન વર્ષ દરમ્યાન એ ઉત્સાહ સર્વત્ર મૂર્ત સ્વરૂપ લેશે. મુકેલી જણાય ત્યાં પ્રાંત પ્રચારકનું આગમન પોતાને ત્યાં થાય ત્યારે તેની મદદથી વર્ગીકરણની કામગીરી નિયમસર પૂરી કરી લેવાની કાળજી તાલીમ લીધેલા મંત્રી ભાઇઓ તો બસ રાખે.

તપાસણી

૮. પુસ્તકાલય સંસ્થાનું તંત્ર સુવ્યવસ્થિત રીતે ધોરણસર ચાલે તેટલા માટે તેમની તપાસણી થતી રહેવાની અને સ્થાનિક કાર્યકર્તાઓને પડતી ને નડતી મુશ્કેલીઓનું નિવારણ કરી યોગ્ય તે દોરવણી ને સમજૂત વખતોવખત આપતા રહેવાની જરૂર છે. આ કાર્યની જવાબદારી શ્રીમંત સરકારે મહાલ શાળાધિકારીઓને શિર રાખી છે, તેમના એ કાર્યની પૂર્તિમાં

પુસ્તકાલય પ્રવૃત્તિના રસિયા, ભોમિયા ને સેવાભાવી શિક્ષકો જે જે મહાલે મળી આવે તે તે મહાલે તેઓને માનદ પ્રચારક તરીકે નીમવામાં આવે છે. અહેવાલના વર્ષે એવા ૧૨ માનદ મહાલ પ્રચારકોએ ૬૩ પુસ્તકાલયોની ભેટ લીધી હોવાનું જણાયું છે. માનદ મહાલ પ્રચારકો ઉપરાંત પ્રાંત પ્રચારકો નીમવાની નીતિ સન ૧૯૩૫-૩૬ થી મંડળે સ્વીકારી છે. આર્થિક તેમજ વ્યવહાર કારણોસર બે પ્રાંત વચ્ચે એક પ્રચારક રોકવાનું ધોરણ સન ૧૯૩૯-૪૦ થી સ્વીકારવામાં આવ્યું છે ને પ્રચારકોની નિમણુક તથા દોરવણીની જવાબદારી, પ્રાંત મંડળોની સમ્મતિપૂર્વક, રાજ્ય મંડળે સંભાળી લીધી છે. તદનુસાર નિવેદનના વર્ષે વડોદરા અને નવસારી પ્રાંતોના પ્રચારક તરીકે રા. છગનભાઇ મથુરભાઈ પટેલની, તથા મહેસાણા ને અમરેલી પ્રાંતો માટે રા. ભાઇશંકર ટીડાભાઇ ઠાકરની નીમણોક ચાલુ રાખવામાં આવી હતી.

પૂરા થયેલા વર્ષ દરમ્યાન રા. છગનભાઇએ ૧૬૯ વડોદરા પ્રાંતનાં તથા ૭૭ નવસારી પ્રાંતનાં મળી કુલ ૨૪૬ ગામોની ફેરણી કરી છે. એમની એકંદર કામગીરી ૨૭૫ દિવસની થઈ છે. ત્યારે રા. ભાઇશંકરે ૨૩૦ મહેસાણા પ્રાંતનાં અને ૫૩ અમરેલી પ્રાંતનાં મળી કુલ ૨૮૩ ગામોની ફેરણી કરી છે. એમની એકંદર કામગીરી ૨૯૩ દિવસની થઇ છે. પૂરા થયેલા વર્ષ દરમ્યાન પગારદાર પ્રાંત પ્રચારકો દ્વારા નીચે પ્રમાણે કુલ ૫૨૯ પુસ્તકાલયોની તપાસણી સુવ્યવસ્થા પુસ્તકવિધિ અને વર્ગીકરણને લગતી કામગીરી થઇ શકી છેઃ—

વડોદરા પ્રાંત	મહેસાણા પ્રાંત	નવસારી પ્રાંત	અમરેલી પ્રાંત	કુલ
૧૬૯	૨૩૦	૭૭	૫૩	૫૨૯

આ સંખ્યામાં વર્ષ દરમ્યાન રાજ્ય પ્રચારકની ફેરણીની ૫૩ અને માનદ મહાલ પ્રચારકોની કામગીરીની ૬૩ સંસ્થાઓ ઉમેરતાં અહેવાલના વર્ષે કુલ ૬૪૫ પુસ્તકાલયોની તપાસણી પ્રચારક સંસ્થા દ્વારા મંડળે કરી છે. આ સંખ્યા ગઈ સાલ કરતાં ૯૪ જેટલી વધારે છે, તેની સસંતોષ નોંધ લઇએ છીએ. આ પ્રચારક સંસ્થા શરૂ થયેલા નવા વર્ષમાં પણ ચાલુ રાખવાની મંડળની નેમ છે. આશા રાખવામાં આવે છે કે પુસ્તકાલયોના મંત્રીઓ અને વ્યવસ્થાપકો પ્રચારકોના આગમનને વધાવી લઇ તેમની મદદથી પોતપોતાના પુસ્તકાલયને સુવ્યવસ્થિત બનાવવાની તથા જણાવેલી ત્રુટિઓ તત્કાળ દૂર કરવાની પોતાની ફરજ યોગ્ય રીતે અદા કરતા રહેશે. પ્રાંત પ્રચારકોએ તપાસેલાં ૫૨૯ પુસ્તકાલયોમાંથી જેમનું પુસ્તકવિધિ તથા વર્ગીકરણનું કામ ઠરેલા ધોરણ પ્રમાણે પૂરું થયેલું છે, તેમની સંખ્યા પ્રાંતવાર નીચે પ્રમાણે છેઃ—

વડોદરા પ્રાંત	મહેસાણા પ્રાંત	નવસારી પ્રાંત	અમરેલી પ્રાંત	કુલ
૧૬૩	૧૫૮	૭૬	૩૬	૪૩૩

ઉપર પ્રમાણે ૪૩૩ પુસ્તકાલયોનું કામ પૂરેપૂરું થયેલું હોવાનું અહેવાલના વર્ષની તપાસણીમાં જણાયું છે; બાકીનાનું એ કામ ફોર્મને અભાવે શરૂ કરાવી શકાયું નથી કે થોડુંક શરૂ કરી આપી બાકીનું પૂરું કરી લેવાની આવશ્યક બધી સમજૂત પ્રચારકોએ આપી છે. આ આંકડો ગઇ સાલ આ ખાતે નોંધાયલી ૪૭૨ ની સંખ્યામાં ઉમેરતાં એકંદર ૯૦૫

પુસ્તકાલયોનું વર્ગીકરણનું કામ, ખાતાએ ઠરાવેલા ધોરણે, પૂરું થયું હોવાનો આશરો નીકળે છે. પ્રચારકોનાં નામ તથા તેમની કામગીરીનો ખ્યાલ મેળવવા પરિશિષ્ટ ૫ મું જોવા વિનંતિ છે. માનદ પ્રચારક ભાઇઓની નિઃસ્વાર્થ સેવા બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

અહેવાલના વર્ષમાં માનદ પ્રચારકોની સેવામાં કંઈક મંદતા આવેલી જણાય છે, તે પ્રાંત પ્રચારકોની કામગીરી વધારે વ્યવસ્થિત અને કારગત બની છે એટલે માનદ પ્રચારકોને ફરવાની ખાસ જરૂર નથી એવી માન્યતાને લીધે હોય એ બનવાજોગ છે. પરંતુ સ્થાનિક મુશ્કેલીઓના નિવારણ માટે તેમજ પ્રાંત પ્રચારકોએ કરેલી સૂચનાઓનાં અમલ માટે જરૂરી માર્ગદર્શન ને સહાય આપવાનું કામ તો માનદ પ્રચારકો દ્વારા જ સિદ્ધ થઈ શકે. એટલા માટે આશા રાખીશું કે જે મહાલોમાં માનદ પ્રચારકોની નિમણૂક જ ન થઈ હોય તેવા મહાલોમાં એ કાર્ય કરવાને ઉત્સાહી શિક્ષક આગળ આવશે ને જે મહાલોમાં માનદ પ્રચારકો નિમાયા હોય છતાં શાંત હોય તેઓ સ્વીકારેલી એ સ્વયંસેવા યથાશક્તિ બજાવવા માંડશે.

નવીન પુસ્તકાલયો

૯. તપાસણી ઉપરાંત, દર સાલ ૫૦ નવીન પુસ્તકાલયો ઉઘાડવાની શ્રીમંત સરકારની નીતિને બર લાવવામાં પણ આ મંડળ પુસ્તકાલય ખાતાને પોતાના પ્રચારકો દ્વારા પૂરતો સાથ આપે છે. અહેવાલના વર્ષે સરકારી બજેટની કાપકુપને કારણે ૩૦ જ નવીન પુસ્તકાલયો ઉઘાડવાનું ઠરેલું. તે બાબતમાં પત્રવ્યવહાર, રૂબરૂ મુલાકાત વગેરે દ્વારા મંડળે પુસ્તકાલય ખાતાને સંપૂર્ણ સહકાર આપ્યો હતો. શાળાવાળું એક પણ ગામ પુસ્તકાલય વિનાનું ન હોય એવી સ્પૃહણીય સ્થિતિ પ્રાપ્ત કરવાનું માન, આ સાલ, મહેસાણા પ્રાંતના વિસનગર તથા હારીજ મહાલોને મેળવી આપવા બદલ એ મહાલોના કાર્યકર્તાઓને ધન્યવાદ !

પુસ્તકાલય પર્વણી

૧૦. પ્રત્યેપકારક પુસ્તકાલય પ્રવૃત્તિનું મહત્ત્વ જનસમૂહને સમજાવવા કાજે દર વર્ષે વસંતપંચમીનો દિવસ ખાસ પુસ્તકાલય પર્વણી તરીકે ઉજવવાનું ધોરણ છેલ્લાં અગિયારેક વર્ષથી મંડળે સ્વીકાર્યું છે. તે મુજબ એ મંગળ પર્વ દર વર્ષે અનેક સ્થળે ઉજવાય છે; અને સરઘસ, પુસ્તકવાચન, પુસ્તક-પ્રદર્શન, વાર્તાકથન, રમતગમત, સભા-સંમેલનો, સંભાષણો, સ્થાનિક પુસ્તકાલય સંસ્થાના કાર્ય ને હિસાબની રજુઆત, ભજનમંડળીઓ વગેરે વિવિધ કાર્યક્રમ રખાય છે. નિવેદનના વર્ષે આ પર્વણી ઉત્સવ ચારે પ્રાંતમાં અનેક સ્થળે ઉજવાયો હતો. એમાંથી છત્રીસ સ્થળોના અહેવાલ મંડળ તરફ આવેલા તેનો સાર 'પુસ્તકાલય' માસિકના સન ૧૯૪૨ ના ફેબ્રુઆરી-માર્ચના અંકોમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ નવીન વર્ષે પર્વણી ઉત્સવ વધુ સ્થળે ઉત્સાહભેર ઉજવાય એવા સાનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય તે માટે પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના ગુજારીએ છીએ.

શિષ્ટવાચન પ્રચાર

૧૧. જનતા શિષ્ટ વાચન તરફ આકર્ષાય અને એકલા વાર્તાસાહિત્યને બદલે જીવનચરિત્ર કે જીવનવિકાસમાં ઉપયોગી થઈ પડે એવા અન્ય વિષયોના વાચન તરફ વળે એ સદ્હેતુથી મંડળે શિષ્ટવાચનની

પરીક્ષાની યોજના છેલ્લાં અગિયારેક વર્ષથી હાથ ધરી છે. નિવેદનના વર્ષે પણ એ યોજના ચાલુ રખાઇ હતી.

નિવેદનના વર્ષ દરમ્યાન બે પરીક્ષાઓ યોજાઇ હતી. ૨૧મી પરીક્ષા કાકાસાહેબ કાલેલકર કૃત **સ્મરણ યાત્રા**ના પ્રેરણાત્મક જીવનપ્રસંગોની રખાઇ હતી, જેમાં ૧૪૧ ભાઇ બહેનો બેઠાં હતાં ને ૧૧૯ ઉત્તીર્ણ થયાં હતાં; ત્યારે ૨૨મી પરીક્ષા સ્વ. મો. ન. અમીન સ્મારક ગ્રંથમાળાના પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરાયેલ " **સ્વર્ગોનું દોહન** " એ નામના પુસ્તકની જુલાઇ માસની ૨૬મી તારીખે લેવાઇ હોઇ તેનો લાભ ૧૧૯ જણે લીધો છે. આ યોજના અંગેની ઇનામવહેંચણી ખાતે રૂા. ૯૦-૬-૦ નો ખર્ચ નિવેદનના વર્ષમાં થયો છે; અને અગાઉની સભામાં ઠર્યા પ્રમાણે ઘણાંખરાં ઇનામો જે તે મહાલની પરિષદોમાં પ્રમુખશ્રીને હસ્તે વહેંચવાની તક સાધવામાં આવી છે. રાજ્ય મંડળની આ યોજનાનું અનુકરણ કેટલાંક ઉત્સાહી મહાલમંડળોએ પણ હવે કરવા માંડયું છે. એજ આ યોજનાની ઇષ્ટતા અને ઉપકારકતાની સાબિતી લેખાશે. અહેવાલના વર્ષ દરમ્યાન પાદરા, વડોદરા, ભાદરણ, શિનોર, કડી, ચાણસ્મા, સિદ્ધપુર, વિસનગર, ખેરાળુ અને અમરેલી એ ૧૦ મહાલોએ એવી પરીક્ષા યોજાઇ હતી. તે બદલ એ મહાલમંડળોના ઉત્સાહી કાર્યકર્તાઓને ધન્યવાદ આપી એ ધોરણ દર વર્ષે ચાલુ રાખવાની તેમને તેમ જ તેમનું અનુકરણ કરવાની બીજા મહાલોના કાર્યકર્તાઓને ભલામણ કરીએ છીએ. **શિષ્ટસાહિત્યનો પ્રચાર વધે એમાં જ ગણાવી જોઇએ પુસ્તકાલય પ્રવૃત્તિની ખરી સાર્થકતા !**

વાચક મંડળ

૧૨. હિતકર અને બોધક સાહિત્યના વાચનની નિયમિત ટેવથી જીવનવિકાસ સાધવામાં માર્ગદર્શક અને મદદગાર થવાના સુભાશયથી મંડળે વડોદરા વાચક મંડળની જે યોજના સન ૧૯૩૩-૩૪માં શરૂ કરેલી, તેનું કામ જોઇએ તેવું સંતોષકારક નહિ જણાયાથી મંડળની કારોબારીએ ગઇ સાલની વાર્ષિક સભામાં મૂળના ધોરણની એ યોજના આરોપ લઇને તેને રથાને ગ્રામ વાચકમંડળોની પ્રવૃત્તિનો અખતરો હાથ ધરવાનું ઠરાવેલું. ગ્રામ વાચક મંડળની સ્વીકૃત યોજના નીચે મુજબ છે: —

ગ્રામવાચક મંડળની યોજના

(૧) અઠવાડિયામાં નિદાન એક ચોપડી વા ૨૦૦ પૃષ્ઠો જેટલું વાચન કરવાની ટેક લેનાર શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અન્ય વાચકોનું આ મંડળ બને.

(૨) મંડળના સભાસદો દર અઠવાડિયે વા પખવાડિયે ભેગા મળે અને તે મુદત દરમ્યાન પોતે શું વાંચ્યું, કેટલું વાંચ્યું, શું સમજ્યા, શું ગમ્યું, શું ન ગમ્યું, એ બાબતો વિષે છૂટથી વિવરણ અને ચર્ચા કરે: ઉપયોગી વિષય પર નિબંધ વાચન પણ કરી શકાય.

(૩) રાત્રે રાત્રે પ્રચારપાત્ર ઉપયોગી પુસ્તકોના વાચનવર્ગો પણ ફળિયાવારે ઉત્સાહી વાચકો દ્વારા યોજી શકાય.

(૪) સ્ત્રીઓ, બાળકો, તેમજ વૃદ્ધ જનોનો વાચનરસ જાગૃત કરી તેમને વાચનસાહિત્ય ઘેર બેઠાં પૂરું પાડવાના માર્ગ યોજવા.

ઉપરોક્ત યોજનાના અમલ માટે અહેવાલવાળા વર્ષ દરમ્યાન મંડળે પત્રવ્યવહારથી, પરિષદોમાં તેમજ શિક્ષણવર્ગોમાં ઠરાવ તથા વિવેચનો દ્વારા તેમજ પ્રાંત પ્રચારકો દ્વારા યથાશક્ય પ્રયત્નો કરેલા, જેને પરિણામે અનેક સ્થળે ગ્રામ વાચકમંડળો સ્થપાવાની આશા બંધાઈ છે. વડોદરા પ્રાંતમાં ઝારોળા તા. ભાદરણ, અવાખલ તા. શિનોર અને ગાડા તા. પેટલાદ ગામોએ આવાં વાચકમંડળો ચાલતાં થયાં હોવાની ખબરો મળી છે. જે તે સ્થળોના ઉત્સાહી કાર્યકર્તાઓને તેમજ વાચક વર્ગને ઉપર નિર્દિષ્ટ બાબતો પૈકી બની શકે તેટલીનો અમલ કરવાનું ઠરાવી વાચકમંડળ સ્થાપી દઈને તેની ખબર અત્રે રા. પુ. મંડળને તેમજ પોતાના મહાલ પુ. મંડળને આપી દેવાની ખાસ ભલામણ કરીએ છીએ. અને પ્રાંત પ્રચારકોને તેમ માનદ મહાલ પ્રચારકોને, શરૂ થયેલી આ નવી સાલમાં, આ માટે ખાસ પ્રયાસ કરી સ્થાનિક ગ્રામ વાચકમંડળો ઠેર ઠેર સ્થાપન કરાવી, તેની લેખી ખબરો આ તરફ મોકલાવી આપવાની ખાસ નોંધ લેવા સૂચવીએ છીએ.

પ્રમાણપત્ર માટેની પરીક્ષા

૧૩. પુસ્તકાલય પ્રવૃત્તિ વિષયક શિક્ષણ ઘેરબેઠાં સુલભ કરી આપવા ખાતર પત્રવ્યવહાર દ્વારા પુ. શિક્ષણની યોજના મંડળે સને ૧૯૩૪-૩૫ થી હાથ ધરેલી. સન ૧૯૪૦-૪૧ સુધી ચાલુ રહેલા તેના અમલ દરમ્યાન મળેલા અનુભવ પરથી તેમાં જરૂરી ફેરફાર કરવાનું ધ્યેય જણાયેલું. આથી મંડળની કારોબારીની ગયસાલની વાર્ષિક સભાએ પુસ્તકાલય ખાતાના મદદનીશ વ્યવસ્થાપક અને મંડળના સહમંત્રીની સમિતિ નીમેલી. તે સમિતિએ આ બાબત યોગ્ય વિચારણા કરી ઠરાવ્યું છે કે "પુસ્તકાલય પ્રવૃત્તિ વિષયક શિક્ષણ ઘેરબેઠાં મેળવીને ગ્રંથપાલત્વની પરીક્ષા પસાર કરવા માગનારાંઓ માટે શ્રી ઉ. મો. પટેલ સંપાદિત '**સાર્વજનિક પુસ્તકાલય પ્રવૃત્તિનું એકીકરણ**' એ પુસ્તકનો અભ્યાસ આવશ્યક ઠરાવવો, અને તેમાં પુસ્તકોના વર્ગીકરણ કામની આવડતને ખાસ મહત્વ આપવું. સદર પુસ્તકના અભ્યાસમાં તેમજ વર્ગીકરણવિધિના શિક્ષણમાં પડતી મુશ્કેલીઓનું નિવારણ મંડળના સહમંત્રી પાસેથી જે તે ઉમેદવારે પત્રવ્યવહારથી મેળવી લેવું: વર્ષમાં બે વાર પરીક્ષા લેવાનું રાખવું."

અહેવાલવાળા વર્ષમાં જુની યોજના મુજબ તૈયાર થયેલા ૧૫ ઉમેદવારોની પરીક્ષા માર્ચ માસમાં લેવામાં આવેલ ને તેમાંથી ઉત્તીર્ણ થયેલા ૧૪ ઉમેદવારોને પુ. ખાતાના વ્યવસ્થાપક સાહેબ તથા મંડળના મંત્રીની સંયુક્ત સહીવાળાં પ્રમાણપત્રો આપવામાં આવ્યાં છે. પ્રમાણપત્રોની બીજી પરીક્ષા આ ઑક્ટોબર માસમાં જાહેર કરવામાં આવી છે. એનો લાભ ઉત્સાહી ઉમેદવારો જરૂર લે એમ ઇચ્છીએ છીએ.

સ્વ. મો. ન. અમીન સ્મારક ફંડ

૧૪. પુસ્તકાલય પ્રવૃત્તિના અઠંગ સેવક સ્વ. શ્રી. મોતીભાઈ અમીનની યાદગીરી અર્થે યોજાયેલા સ્મારક ફંડમાં સન ૧૯૪૦-૪૧ ની સાલ આખર સુધીમાં એકત્ર થયેલા રૂા. ૪૨૬૧-૬-૦ નું ટ્રસ્ટ ડીડ કરી પુ. સ. સ. મંડળને વહીવટ માટે સોંપી દેવામાં આવ્યું છે, ને તે પુ. સ. સ. મંડળની વ્યવસ્થાપક સભાએ ઠરાવ

નં. ૨૨ તા. ૧૧–૧૧–૪૧ થી સ્વીકાર્યું છે. આ ટ્રસ્ટ પછી નિવેદનના વર્ષની આખર સુધીમાં રૂા. ૨૦૬) સદરહુ ફંડ ખાતે વસુલ આવેલા તે પણ પુ. સ. સ. મંડળને, ટ્રસ્ટની શરત મુજબ, સુપ્રત કરી દેવામાં આવ્યા છે.

સ્મારક ગ્રંથમાળા

૧૫. સ્મારક ગ્રંથમાળાના પહેલા પુષ્પ તરીકે સ્વ. અમૃતલાલ મું. પટિયારનાં સ્વર્ગમાળાનાં ગ્રાપ્ય પુસ્તકોમાંથી ચુનંદા લેખોનો સંગ્રહ ' સ્વર્ગોનું દોહન ' નામે પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. એ પુસ્તકની વેચાણ માટે ૧૫૦૦ નકલો છપાવી છે, જેમાંથી ૬૦૦ જેટલી નકલો ખપી ગઇ છે. ગ્રંથમાળાના કાયમના ગ્રાહક તરીકે ૨૫૦ પુસ્તકાલયોનાં નામ નોંધાયાં છે. રાજ્યનાં બાકીનાં પુસ્તકાલયો ગ્રંથમાળાના કાયમના ગ્રાહક તરીકે પોતાનાં નામ નોંધાવી દઈ સ્વ. અમીન સાહેબ પ્રત્યે પોતાની ભક્તિ પુરવાર કરે એ ઇચ્છવાયોગ્ય. બીજા પુષ્પ તરીકે જાણીતા ગ્રામસેવક શ્રી. બબલભાઇ મહેતાપ્રણીત " ભીંતપત્રો "નું પુસ્તક પ્રસિદ્ધ કરવાનું ઠરાવ્યું છે.

સિનેમા

૧૬. વેચી નાખવા ઠરેલા સિનેમા મશીનનો નિકાલ ગ્રાહકના અભાવે થઇ શકયો નથી. કોઇપણ હિસાબે એનો નિકાલ કરી નાખવાનું કારોબારી સભાએ ગઇ સાલે ઠરાવ્યું છે. તેના અમલ માટે તજવીજ ચાલે છે.

રાજ્ય પ્રચારક

૧૭. ઉપરોક્ત પ્રાંતિક તથા માનદ પ્રચારકો ઉપરાંત મંડળ તરફથી નિમાયલા પગારદાર રાજ્ય પ્રચારક ભાઈ વલ્લભભાઇની સેવા પણ અહેવાલની સાલે ચાલુ રહી છે. તેમણે નવીન પુસ્તકાલયો ઉઘાડવાના, પ્રાંત મંડળની વાર્ષિક સભાના, રાજ્ય પુ. મંડળ તરફે યોજાતાં પુસ્તકાલય શિક્ષણવર્ગોના, પરિષદોમાં હાજર રહી તેની કાર્યવાહીને દોરવાના તેમજ કેટલાંક ગ્રામ પુસ્તકાલયોની તપાસણીના વગેરે વગેરે કામે કુલ ૫૩ ગામોની ૭૬ દિવસમાં ફેરણી કરી છે. પ્રચાર તથા તપાસણીની કામગીરી ઉપરાંત મંડળના હિસાબ કિતાબ અને ઑફિસના દફતરી કામની જવાબદારી પણ રાજ્ય પ્રચારકને માથે મુકાયેલી છે. એ જવાબદારી સંતોષકારક રીતે સંભાળવા ઉપરાંત ગ્રામ પુસ્તકાલયોનાં બજેટમંજૂરીના કામે બાતાને પૂરતો સહકાર આપવાની, નવીન પુસ્તકાલયોની સંખ્યા પૂરી કરી આપવા માટે પ્રાંતો અને મહાલોના કાર્યકર્તાઓ સાથે પત્રવ્યવહાર કરી બજેટો તથા રકમો મંગાવી આપવાની, તેમજ જૂથ અને મહાલ મંડળોને જાગતાં રાખવાની ફરજો એમણે બજાવી છે. એ સિવાય મંડળના બંધારણમાં સુધારા વધારા કરવા માટે નિમાયેલી સમિતિએ રજુ કરેલા મુસદ્દાને છપાવી તેની નકલો લાગતાવળગતાંઓને મોકલી છે. તદુપરાંત સ્મારક ફંડનો હિસાબ રાખવા, વસૂલ આવતી રકમોની પાવતીઓ ભરવા વગેરેની કામગીરી પણ એમણે કરી છે.

સહમંત્રી

૧૮. સહમંત્રી તરીકે શ્રીયુત નાગુકલાલ નંદલાલ ચોકસીની સેવા પણ ચાલુ રખાઇ છે. નિવેદનની સાલે એમણે શિષ્ટ વાચનની પરીક્ષાઓ અંગેનું પરીક્ષાની જાહેરાતથી માંડીને તે અરજીઓ મંગાવી, પ્રશ્નપત્રો કાઢી છપાવી પહોંચતા કરવા તથા ઉત્તરપત્રો તપાસી પરિણામ

પ્રસિદ્ધ કરવા લગીનું તમામ કામ, ગ્રામ વાચક મંડળો ઉભાં કરાવવા અંગે જરૂરી પત્રવ્યવહાર તેમ પ્રચાર કરવાનું કામ, મૂળ યોજના મુજબ તૈયાર થતી જુની ટૂકડીનો અભ્યાસ પૂરો કરાવવાનું તથા પ્રમાણપત્ર માટેની પરીક્ષા લેવાની તદ્‌ગેનું તમામ કામ કરવા ઉપરાંત ઉપરોક્ત બધા જ શિક્ષણ વર્ગોમાં હાજર રહી તથા ગોધરા સ્ટુઅર્ટ લાયબ્રેરીના ગ્રંથપાલને, કબેરીનો સમય દરમ્યાન, વર્ગીકરણ પદ્ધતિનું ક્રિયાત્મક શિક્ષણ આપવાની તથા બીજા મુકામે ભરાયેલી મહેસાણા પ્રાંત પરિષદમાં હાજર રહી તેની કાર્યવાહીને દોરવાની કામગીરી બજાવી છે. મંડળને લગતો પત્રવ્યવહાર તથા પ્રાંત તેમજ મહાલ પ્રચારકોની માસિક ડાયરીઓ તપાસી તેમની તાલીમ, દોરવણી તથા દેખરેખની કામગીરી, તેમજ સ્વ. મોતીભાઇ ન. અમીન સ્મારકમાળા અંગે જરૂરી પત્રવ્યવહાર કરવાની તથા હસ્તલિખિતો મંગાવી, વાંચી વંચાવડાવી સમિતિ પાસે બહાલ કરાવવાની તમામ કામગીરી પણ સહમંત્રીએ જ બજાવી છે. સહમંત્રીની બહારગામની કામગીરી કુલ ૧૮ દિવસની થઇ છે.

માનદ મંત્રીઓ

૧૯. પરિષદ પ્રવૃત્તિની શરૂઆતથી મંડળનું મંત્રીપદ સંભાળતાં રહેલા શ્રી મણિલાલ મંગળજી કાશીવાળા, અહેવાલના વર્ષે, રાજીનામું આપી મંત્રીપદેથી છૂટા થયા છે. એમના રાજીનામાનો સ્વીકાર કરતાં, મંડળની વ્યવસ્થાપક સભાએ તેમની એકધારી સારી સેવાની નોંધ લીધી છે. શ્રી. કાશીવાળા મુખ્ય મંત્રીપદેથી છૂટા થતાં જોડીયા માનદ મંત્રી તરીકે કામ કરતા શ્રી રામભાઇ કા. પટેલે મુખ્ય મંત્રી તરીકેની જવાબદારી ઉઠાવી લીધી છે. અહેવાલવાળા વર્ષ દરમ્યાન એમણે મંડળના મહેકમની ચાલુ કામગીરી પર દેખરેખ રાખવા ઉપરાંત પેટલાદ મહાલ મંડળની સભા તથા પરિષદમાં તેમજ મુંબાઇમાં ભરાયેલી અખિલ હિન્દ પુસ્તકાલય પરિષદમાં વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળના પ્રતિનિધિ તરીકે હાજરી આપી હતી.

પ્રમુખપદ

૨૦. મંડળની કારોબારી સમિતિના પ્રમુખ તરીકે, સમાજહિતનાં કાર્યોમાં ઘણો ઉત્સાહ ધરાવનાર વડોદરા રાજ્યના નિવૃત્ત નાયબ દિવાન રા. બ. ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇ સાહેબની સેવા નિવેદનના વર્ષ દરમ્યાન ચાલુ રહી છે. તે બદલ તેઓશ્રીનો આભાર માનીએ છીએ, ને તેમની ઇચ્છા હવે નિવૃત્ત થવાની છે, પણ મંડળના હિતની ખાતર હજી નવીન વર્ષે પણ તેમની સેવાનો લાભ જારી રાખવાની તેઓશ્રીને વિજ્ઞપ્તિ કરીએ છીએ.

રાજ્યાશ્રય અને પ્રાંત પંચાયતોની મદદ

૨૧. મંડળના ઉદ્દેશને માન્ય રાખી તેની સિદ્ધિ અર્થે વાર્ષિક રૂ. ૧૨૦૦) ની મદદ આપવાનું નવું ધોરણ શ્રીમંત સરકારે સન ૧૯૩૮-૩૯ થી પાંચ વર્ષ માટે મંજુર કરવાની કૃપા કરી છે. તે મુજબ નિવેદનની સાલે રૂ. ૧૨૦૦) સરકાર મદદના મળ્યા છે. ચારે પ્રાંત પંચાયતોએ પણ પોતાને ભાગે પડતો ફાળો આપી પંચાયત પક્ષની એટલી જ રકમ પૂરી પાડી છે. આ બદલ શ્રીમંત સરકાર તથા પ્રાંત પંચાયતોનો સહૃદય અહેશાન માનીએ છીએ.

મંડળના સભ્યો, કાર્યપદ્ધતિ અને હિસાબ.

૨૨. રાજ્યાશ્રિત પુસ્તકાલયો અને વાચનાલયોની કુલ સંખ્યા અહેવાલના વર્ષે ૧૪૪૧ છે, જેમાંથી ૧૨૩૮ સંસ્થાઓ બંધારણમાં ઠરેલી ફી (લવાજમ) ભરીને મંડળના સભ્ય તરીકે ચાલુ રહી છે. પ્રાંતવાર સંસ્થાઓ તથા તેમાંથી લવાજમ આપનારાંની સંખ્યા માટે પરિશિષ્ટ જુઓ જોઇ લેવા વિનંતિ છે. સંસ્થાઓ ઉપરાંત વ્યક્તિગત સભાસદો કરવાનું પણ આપણું ધોરણ છે, ને તેને માટે આજીવન સભ્યનું લવાજમ રૂ. ૨૫) અને વાર્ષિક સભાસદનું લવાજમ રૂ. ૩) છે. એ બન્ને વર્ગોના સભ્યો મંડળના ચોપડે નોંધાવ એ બહુ ઇચ્છવાજોગ હોઇ તે માટે બનતો પ્રયાસ કરવા મંડળની કારોબારી સમિતિના સભ્યોને વિનંતિ કરીએ છીએ.

મંડળના બંધારણ પ્રમાણે ૧૬+૫ મળી ૨૧ સભ્યોનું એક વ્યવસ્થાપક મંડળ સન ૧૯૪૯–૪૦ માં ત્રીજા મુકામે ભરાયેલી ૭ મી રાજ્ય પુ. પરિષદની બેઠકમાં ચુંટવામાં આવેલું. તેમાં અવસાન તથા રાજીનામાના કારણે કારોબારીએ કરેલા સુધારાવાળું વ્યવસ્થાપક મંડળ હાલ કામ કરી રહ્યું છે. એના સભ્યોનાં નામ પરિશિષ્ટ ૩ જામાં આપેલાં છે.

વ્યવસ્થાપક મંડળની વાર્ષિક સભા, દર સાલ પ્રાંત મંડળોની વાર્ષિક સભાઓ મળી ગયા બાદ, સપ્ટેમ્બર માસમાં ભરાય છે, ને તેમાં પૂરા થયેલા વર્ષનો અહેવાલ–હિસાબ ને નવી સાલનું બજેટ રજૂ કરી બહાલ કરાવી લેવામાં આવે છે. તે પછી પણ વર્ષ દરમ્યાન ઉપસ્થિત થતા પ્રશ્નોની વિચારણા ને નિર્ણય વ્યવસ્થાપક મંડળે કરવાના પ્રસંગ પડે છે. પણ તેવે વખતે વ્ય. મં. ના સભ્યો આખા રાજ્યમાંથી ચુંટાયલા અને પોતપોતાના વ્યવસાયોમાં રોકાયલા હોવાથી વખતોવખત ભથ્થાભાડાનો ખર્ચ કરી અને કિંમતી વખતનો ભોગ આપી બધા સભ્યોની સભા બોલાવવાનું શક્ય તેમ ઉચિત નહિ લાગતું હોવાથી વડોદરા પ્રાંતમાંથી ચુંટાઇ આવેલા સભ્યો સાથે માનદ્ મંત્રી રાજ્ય પુ. મંડળે વિચારવાના સામાન્ય પ્રશ્નોની ચર્ચા કરી લઇ તે પર દરેક સભાસદના અભિપ્રાય ટપાલ દ્વારા મેળવીને નિર્ણય કરી લેવાનો સામાન્ય વહીવટ મંડળે સ્વીકાર્યો છે. છતાં અહેવાલવાળા વર્ષમાં મંડળના મુખ્ય મંત્રીના રાજીનામાનો તથા મંડળના મહેકમના પગારની ગ્રેડ તથા પ્રોવિડન્ટ ફંડની યોજના જેવા મહત્ત્વના પ્રશ્નોનો નિકાલ કરવાનું પ્રાપ્ત થવાથી બાર મહિનામાં વ્યવસ્થાપક મંડળની ખાસ બેઠક મળી હતી. ઓડિટ થયેલો મંડળનો ઉપજ–ખર્ચનો વિગતવાર હિસાબ પરિશિષ્ટ ૧ માં સામેલ છે.

ઑફીસ

૨૩. મંડળની ઑફીસ સેન્ટ્રલ લાયબ્રેરીમાં સાર્વજનિક પુસ્તકાલય શાખાની કચેરીમાં ચાલુ રહી છે.

આભાર

૨૪. આ મંડળને વખતોવખત જોઇતી સગવડ અને સહાય આપી મંડળના કાર્ય પરત્વે સહાનુભૂતિ ધરાવવા બદલ પુસ્તકાલય ખાતાના વ્યવસ્થાપક મે. વાકનીસ સાહેબનો તથા મદદનીશ વ્યવસ્થાપક રા. રા. ઉમેદભાઇ સાહેબનો, મંડળના રચનાત્મક કાર્યને પડોંચી વળાય તે માટે રાજ્ય તરફની મદદ ચાલુ રાખવા બદલ નામદાર મંત્રીમંડળનો

અને પંચાયત પક્ષની મદદ પૂરી કરી આપવા બદલ ચારેય પ્રાંત પંચાયતોનો, શિક્ષણવર્ગમાં તેમ પરિષદમાં હાજરી આપવા પૂરતી શિક્ષકોની કામગીરી ગણવા માટે મંજુરી આપવા બદલ મે. રા. રા. રાજ્ય વિદ્યાધિકારી સાહેબનો; સભાસદ સંસ્થાઓના લવાજમ વસુલ કરી આપવા બદલ પુસ્તકાલય સ. સ. મંડળ લિ.નો અને મંડળનો હિસાબ ને સરવૈયું વખર ફ્રીએ ઑડિટ કરી આપવા બદલ રાજ્યમાન્ય એકાઉન્ટન્ટસ મેસર્સ આપાજી અમીન એન્ડ કો. નો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

વડોદરા, તા. ૧૫–૯–૪૨

રામભાઇ કા. પટેલ
માનદ મંત્રી
વ. રા. પુ. મંડળ

તમને પોતાને પૂછો–

દશ ગાઉ ચાલવાની તાકાત મ્હારામાં આવી છે ?

ત્રણ ગાઉ દોડતા સુધી મ્હારો શ્વાસ અતૂટ રહી શકે છે ?

કુસ્તી, જ્યુજુત્સુ કે બૉક્સીંગ–બજરમુષ્ટિ વડે હું મ્હારો પોતાનો બચાવ કરી શકું એમ છે ?

મ્હને લાઠી કે લાકડીના દાવ આવડે છે ?

જ્યૈયો કે ભાલાનું ચમકતું ફળ જોઇ મને ચમક તો નથી થતી ને ?

મ્હારા ચાર સોબતીઓ બેગા ઉભા રહેતાં મને આવડે છે ? એમની સાથે સાથે હું પગ ઉપાડી શકું છું ? એમની સાથે સાથે હું હાથ ઉપાડી શકું છું ? કે પછી ઊભા રહેતાં, ચાલતાં, હાથ ઉપાડતાં હું એવી અવ્યવસ્થા કરી મૂકું છું કે જેથી મ્હારા જ સોબતીઓને હું ભારે થઇ પડું છું ?

મ્હને તરતાં આવડે છે ?–પછી બીજાને તારવાની વાત.

મ્હને ઝાડ ઉપર ચઢતાં કે ભીંત ઠેકતાં ભય તો લાગતો નથી ને ?

હું ભણેલો હોવાથી ભૂત પ્રેતમાં ન માનું પણ મને ભણેલાને અંધારામાં એકલા જતાં ભયની ભમરીઓ તો કરડતી નથી ?

આ બધાનો સંતોષકારક જવાબ હું આપું નહીં ત્યાં સુધી હું નિર્બળ જ છું.

અને નિર્બળનું બળ ' રામ ' માની હાથપગ જોડી બેસી રહી હું બધા જ બળધારીઓ આગળ નાકલીટી ખેંચતો બેસી જ રહેવાનો ?

હાથમાં લાઠી પકડયા સિવાય લાઠી ખાતાં આપણને આવડે ખરી ?

દર વર્ષે મુંબાઇ યુનિવર્સિટી વીસ વીસ હજાર મેટ્રીકયુલેટસને બહાર પાડે છે. પાંચ વર્ષમાં લાખની સંખ્યાએ પહોંચનાર એ પેઢીમાં દેહની નિર્બળતા દૂર કરનાર કેટલા તૈયાર થયા ?

—સાક્ષર શ્રી. રમણલાલ વ. દેસાઇ

પરિશિષ્ટ ૧ લું

સન ૧૯૪૧-૪૨ ના ઉત્પન્ન-ખર્ચનો હિસાબ

(તા. ૧-૮-૪૧ થી તા. ૩૧-૭-૪૨ સુધીનો)

જ		ઉ	
૧૭૬૬-૧૨-૦	સાર્વજનિક પુસ્તકાલયો તરફથી લવાજમ અને મદદના	૧૩૦૭-૪-૦	મહાલ તથા પ્રાંત મંડળોને ફાળવણીના
૧૨૦૦-૦-૦	સરકાર મદદ	૭૩૩-૧૫-૭	પ્રાંત મંડળોને પ્રાંત પ્રચારક ખાતે મદદના
૧૨૦૦-૦-૦	પ્રાંત પંચાયત મદદ	૭૮૫-૩-૩	સહમંત્રીનો પગાર તથા મુસાફરી ખર્ચ
૬૭-૦-૪	વ્યાજ	૬૮૯-૧૧-૬	રાજ્ય પ્રચારકનો પગાર તથા મુસાફરી ખર્ચ
૫૩-૨-૬	પરચુરણ ઉત્પન્ન	૨૩૬-૦-૯	શિક્ષણ વર્ગોનો ખર્ચ
૨૨-૬-૦	પાટણ પુ. તરફથી પ્રાંત પ્રચારકની ખાસ કામગીરી બદલ પગારના	૬૦-૬-૦	શિ. વા. ની પરીક્ષાઓનાં ઇનામ તથા પુસ્તક ખર્ચ
૩૦-૨-૦	મહેસાણા પ્રાંત પુ. મં. ને પાછલી સાલે વધુ અપાયલી મદદ પરત જમા લીધી તેના	૬૮-૫-૬	કંટીજંટ તથા મોરટેજ ખર્ચ
૦-૭-૬	'પુ. પ્રવૃત્તિની માહિતી'ની પત્રિકાના વેચાણના	૬૨-૬-૦	છપામણી ખર્ચ
૫૩-૨-૬		૪૧-૬-૬	મંત્રીઓ તથા વ્ય. મં. ના સભ્યોના મુસાફરી ખર્ચના
		૩૫-૧૦ ૦	સ્ટાફના પ્રોવિડંટ ફંડ ખાતે
		૪૦૫૦-૭ ૭	
		૨૩૬-૭-૩	સાલ આખર બચત રહી તે
૪૨૮૬-૧૪-૧૦		૪૨૮૬-૧૪-૧૦	

વડોદરા તા. ૪ થી સપ્ટેમ્બર ૧૯૪૨

અમે ઉપરનો ઉપજ-ખર્ચનો હિસાબ તપાસ્યો છે ને તે બરાબર છે.

(Sd). Apajl Amin & Co.
Registered Accountants
Auditors.

તા. ૩૧-૭-૪૨ આખરનું સરવાયું

જ		ઉ	
૬૨૧૪-૨-૭	ચાલુ ફંડ (રાજ્ય પુ. મં. નું)	૧૮૬-૨-૩	પુસ્તકોનો સ્ટૉક (વેચાણ બાદ જતાંનો ખર્ચ)
૫૬૭૭-૧૧-૪	સન ૧૯૪૦-૪૧ આખરનું	૧૨૨-૬-૩	બાલ સાહિત્ય સર્વ સંગ્રહ ભા. ૧ લા ખાતે (સ્ટૉક નં. ૧૮૪)
૨૩૬-૭-૩	સન ૧૯૪૧-૪૨ ની બચત	૬૬-૬-૦	બાલ સાહિત્ય સર્વ સંગ્રહ ભા. ૨ જા ખાતે (સ્ટૉક નં. ૨૨૩)
૩૫૧-૧૫-૬	અનામત દેવા		
૧૩૫-૦-૦	શ્રી સ. મા. ફ. ફંડના વ્યાજના.		
૧૧૦-૦-૦	સન ૪૦-૪૧ આખરના		

ખ		ઉ	
	૨૫-૦-૦ સન ૪૧-૪૨ માં આવ્યા	૧૧૦૩-૧-૫ લ્હેણું	
	૭૬-૧૦-૩ શ્રી દત્ત રમા. ફં. ના વ્યાજના	૧-૬-૦	નવસારી પ્રાંત પુ. મંડળ
	૫૧-૧૦-૩ સન ૪૦-૪૧ આખરના	૧૦૭૪-૧-૦	પુસ્તકાલય સ. સ. મંડળ
	૨૫-૦-૦ સન.૪૧-૪૨ માં આવ્યા	૨૧-૨-૫	મહેસાણા પ્રાંત પુ. મંડળ
	૧૯-૦-૦ કામરેજ-માંગરોળ મહાલની શિ. વા. ની પરીક્ષા માટેના	૬-૫-૦	અમરેલી પ્રાંત પુ. મંડળ
	૪૯-૫-૩ બાલ સાહિત્ય સર્વ સંગ્રહ ભા. ૨જા-ની પૂરવણી ખાતે ખર્ચ જતાં વધુ આવ્યા તે (હવે સ્ટૉક. નં. ૫૭૩)	૫૨૭૩-૧૪-૫	રોકડ શિલક
	૯૦-૦-૦ સ્ટાફનાં પ્રોવિડંટ ફંડના.	૫૪૬-૯ ૯	બરોડા બેંકના ચાલુ ખાતામાં
		૪૬૬૧-૪-૮	બરોડા બેંકના સેવિંગ્સ ખાતામાં
		૬૬-૧-૦	હાથ ઉપર શિલક
	૧૫૬૬-૨-૧		૧૫૬૬-૨-૧

વડોદરા તા. ૪ થી સપ્ટેમ્બર ૧૯૪૨

અમે વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળનું તા. ૩૧-૭-૪૨ નું ઉપર જણાવેલું સરવાયું તપાસ્યું છે અને તે બરાબર છે.

(Sd). **Apaji Amin & Co.**
Registered Accountants
Auditors.

પરિશિષ્ટ ૨ જું

આજીવન સભ્ય

૧ રા. ભા. ગોવિંદભાઈ હાથીભાઈ દેસાઈ

પ્રાંતવાર લવાજમ આપનાર પુસ્તકાલયોની સંખ્યા

	વડોદરા પ્રાંત		મહેસાણા પ્રાંત		નવસારી પ્રાંત		અમરેલી પ્રાંત	
	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર	પુ. ની સંખ્યા	લવાજમ આપનાર
પ્રાંત પુસ્તકાલય.	૧	૦	૧	૧	૧	૧	૧	૧
કસ્બા પુસ્તકાલય	૧૭	૧૬	૧૪	૧૪	૬	૬	૫	૫
આ. પુ; અ. પુ; બા. પુ; કસ્બા તથા ગ્રામ વા.	૫૪૪	૪૭૪	૪૮૭	૪૧૬	૨૨૫	૧૮૬	૧૩૯	૧૧૫
	૫૬૨	૪૯૦	૫૦૨	૪૩૪	૨૩૨	૧૯૩	૧૪૫	૧૨૧

કુલ : ચારે પ્રાંતનાં પ્રાંત પુસ્તકાલય ૪; કસ્બા પુસ્તકાલય ૪૨; મહિલા પુસ્તકાલય ૨૧; બાલ પુસ્તકાલય ૧૨; ગ્રામ પુસ્તકાલય ૧૩૦૧; ગ્રામ વાચનાલય ૫૬; કસ્બા વાચનાલય ૨ મળી કુલ ૧૪૪૧ માંથી લવાજમ આપનારની કુલ સંખ્યા ૧૨૩૮.

પરિશિષ્ટ ૩ જું

વ્યવસ્થાપક મંડળની યાદી

પ્રમુખ :

રાવ બહાદુર શ્રી. ગોવિંદભાઇ હાથીભાઈ દેસાઇ

માનદ મંત્રી :

શ્રી રામભાઈ કાશીભાઈ પટેલ-વસો

સભાસદો :

૧ રાજપ્રિય શ્રી મોતીલાલ છોટાલાલ દેસાઇ, વડોદરા
૨ શ્રી મગનભાઇ શંકરભાઇ પટેલ, વડોદરા
૩ શ્રી નટવરલાલ ગીરધરલાલ શાહ, શિનોર
૪ શ્રી ચીમનભાઇ હરીભાઇ અમીન, વરણામા
૫ શ્રી જયવતીબેન ન. દેસાઈ, વડોદરા
૬ શ્રી ચુનીલાલ પુરૂષોત્તમદાસ શાહ, વડોદરા
૭ શ્રી હરિવલ્લભદાસ ચુ. શાહ, પેટલાદ
૮ શ્રી મહાસુખભાઇ ચુ. શેઠ, વિસનગર
૯ શ્રી ચુનીલાલ મગનલાલ દેસાઇ, વડોદરા
૧૦ શ્રી મણિલાલ મંગળજી કાશીવાળા, વાધોડીઆ
૧૧ શ્રી બાપુલાલ વિઠ્ઠલદાસ ગામી, કડી
૧૨ શ્રી જેઠાભાઇ લાલદાસ પટેલ, મહેસાણા
૧૩ શ્રી નાનજીભાઇ જેઠીદાસ પટેલ, ધીણોજ
૧૪ શ્રી કાવસજી એદલજી ગણુદેવીઆ, ગણુદેવી
૧૫ શ્રી કનૈયાલાલ જમનાદાસ મજમુદાર, નવસારી
૧૬ શ્રી કસનજી દયાળજી દેસાઇ, નવસારી
૧૭ શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતા, અમરેલી
૧૮ શ્રી મોહનલાલ વીરજીભાઇ પટેલ, ,,
૧૯ શ્રી કલ્યાણરાય નથ્થુભાઇ જોશી, દ્વારકા

પરિશિષ્ટ ૪ થું

પરિષદોની હકીકત

	ક્રમ પરિષદ	તારીખ	સ્થળ	પ્રમુખ
૧	કડી મહાલ પાંચમી પરિષદ	૫-૧૦-૪૧	કંડ	કલોલ વિભાગ શાળાનિરીક્ષક શ્રી દા. ગો. માલસે
૨	વિજાપુર મહાલ ૨જી	,, ૨૫-૧-૪૨	બીલોદરા	,,
૩	પેટલાદ મહાલ ૬ઠ્ઠી	,, ૧૫-૩-૪૨	સિહોલ	શ્રી ગો. દા. રામચુરા
૪	કોડીનાર મહાલ ૨જી	,, ૨૨-૩-૪૨	ધાંટવડ	પ્રાંત સુબા શ્રી કાકોરલાલ મો. દેસાઈ સાહેબ
૫	મહેસાણા પ્રાંત ૪થી	,, ૧૨/૧૩-૪-૪૨	ધીણોજ	શ્રી મહાસુખભાઈ ચુનીલાલ શેઠ
૬	વિસનગર મહાલ ૬ઠ્ઠી	,, ૨-૫-૪૨	ગોઠવા	,,
૭	સાવલી મહાલ ૨જી	,, ૧૭-૫-૪૨	વેમાર	શ્રી રમણલાલ વ. દેસાઇ

પરિશિષ્ટ ૫ મું

પ્રાંત તથા મહાલ પ્રચારકોએ કરેલી પુસ્તકાલય તપાસણી

	નામ	કયા પ્રાંત વ મહાલના પ્રચારક	કેટલાં ગામ તપાસ્યાં
૧	શ્રી છગનભાઇ મથુરભાઇ પટેલ	વડોદરા તથા નવસારી પ્રાંત	૧૬+૩૭
૨	શ્રી ભાઇશંકર ટી. ઠાકર	મહેસાણા તથા અમરેલી પ્રાંત	૨૩+૫૩
૩	શ્રી છોટાભાઇ રાયજીભાઇ પટેલ	વડોદરા મહાલ માનદ	૭
૪	શ્રી છગનલાલ સોમેશ્વર જોશી	સાવલી મહાલ માનદ	૧૧
૫	શ્રી સોમાભાઇ ગરબડભાઇ	,,	૫
૬	શ્રી ચતુરભાઇ નારણભાઇ પટેલ	પાદરા મહાલ માનદ	૬
૭	શ્રી અંબાલાલ દ્વારકાદાસ પટેલ	ભાદરણ મહાલ માનદ	૪
૮	શ્રી છોટાલાલ મોતીલાલ રાવળ	સિદ્ધપુર મહાલ માનદ	૧
૯	શ્રી નાનજીભાઇ જેઠીદાસ પટેલ	ચાણસ્મા મહાલ માનદ	૬
૧૦	શ્રી સીતારામ સોમનાથ શુકલ	કડી મહાલ માનદ	૬
૧૧	શ્રી જયશંકર જી. ભટ્ટ	આતરસુંબા મહાલ માનદ	૪
૧૨	શ્રી ઉમિયાશંકર લ. દવે	વિસનગર મહાલ માનદ	૫
૧૩	શ્રી નંદલાલ પુરુષોત્તમ ત્રિવેદી તથા	દામનગર મહાલ માનદ	૭
૧૪	શ્રી પ્રાણજીવન ભવાનીશંકર જોશી	,, મહાલ પુ. મં. ના મંત્રી	



૧. રસપાન—લેખકઃ પ્રૉ. મોહનલાલ પાર્વતીશંકર દવે; પ્રકાશકઃ ગાંડીવ સાહિત્ય મંદિર, સૂરત. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૮ + ૨૧૪, કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. દોઢ.

પ્રૉ. દવે આપણા સાહિત્યના એક ઊંડા અભ્યાસી લેખક છે. એમણે અવારનવાર પ્રસંગોપાત્ત આપણા કેટલાક સાહિત્યકારો અને એમની કૃતિઓનો પરિચય આપતાં જે વ્યાખ્યાનો આપેલાં તેનો આમાં સંગ્રહ કરેલો છે. એમાં આપણા રસકવિ દયારામને તેમ જ વીર નર્મદને લગતાં ૨ વ્યાખ્યાનો અપાયાં હોઈને બીજાં જાણીતા જૂના વિવેચક નવલરામ, સાક્ષરશ્રી નરસિંહરાવ, ગુજરાતી સાહિત્યને નક્કર એવો સમૃદ્ધ ફાળો આપનાર સ્વ. સાક્ષરશ્રી કમળાશંકર ત્રિવેદીનો તેમ જ તેમની કૃતિઓનો પરિચય પણ આપ્યો છે; જ્યારે છેલ્લા બેમાં અર્વાચીન યુગનું કાવ્યસાહિત્ય અને સંસ્કૃત સાહિત્યના અણમૂલ રત્ન સરખી ગણાતી સાહિત્યકૃતિ—શકુન્તલાનું અવલોકન રસભરી રીતે કરાવ્યું છે.

સાહિત્યમાં રસ લેતા અને એ સાહિત્યકારોના જીવન વિષે જાણવા ઇચ્છનારને સાહિત્ય-રસયુક્ત સાહિત્યપાન આમાંથી મળશે. સાહિત્યના અભ્યાસીઓને આ પુસ્તક ઠીક ઉપયોગી નીવડે તેવું છે.

૨. સર્વોદયની જીવનકળા—અનુવાદકઃ શ્રી. ગોપાલદાસ જીવાભાઈ પટેલ, પ્રકાશકઃ નવજીવન પ્ર. મંદિર, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૨૮+૩૪૦, બોર્ડ પટીનું પાકું પૂઠું, મૂલ્ય રૂા. બે.

જાણીતા વિદેશી વિદ્વાન વિચારક શ્રી. એલ. પી. જેકસના "Constructive citizenship"ના સ્વતંત્ર અનુવાદરૂપ આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. એમાંના સિદ્ધાંતોને આપણા દેશ-કાળને અનુરૂપ બનાવવાની અનુવાદકે ઠીક કુશળતા દાખવી છે.

પુસ્તકનો પ્રવેશક-પરિચય-લખનાર શ્રી. મગનભાઈ દેસાઈએ એને કર્મયોગના સામાન્યિક ભાષ્ય તરીકે ઓળખાવ્યું છે તે યથાર્થ જ છે. ગીતામાં જેમ એક વ્યક્તિને સંબોધી કર્મયોગ સમજાવવામાં આવ્યો છે તેમ, આ પાશ્ચાત્ય લેખકે, આ પુસ્તકમાં સમાજ-સામુદાયિક સમષ્ટિને ઉદ્દેશી સામાન્યિક કર્મયોગનું દિગ્દર્શન કરાવ્યું છે. એમાં આપણા સામાન્યિક એવા અનેક પ્રશ્નોની ઝીણવટભરી છણાવટ કરવામાં આવી છે. અને તેને લગતા નીતિનિયમો પણ સમજાવવામાં આવ્યા છે. આમાં—આ સામાન્યિક કર્મયોગમાં વ્યક્તિહિત પણ કેવું સાધી શકાય છે તે પણ યથાર્થ રીતે બતાવ્યું છે.

અને એને અનુરૂપ પુસ્તકના નામ પ્રમાણે "સર્વોદયની જીવનકળા"—સૌ કોઈની

ઉન્નતિ માટેનું જીવન જીવવાના શાસ્ત્રરૂપ આ પુસ્તકને સહજે લેખી શકાય. પુસ્તકાલયો આ પુસ્તક ખુશીથી વસાવી લે.

૩. સંસ્કારલક્ષ્મી—(સચિત્ર) લેખકઃ શ્રી. ડુંગરશી ધરમશી સંપટ; પ્રકાશકઃ મેસર્સ ઓન. એમ. દક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ. સુંદર આકર્ષક પૂઠાની પેટી સાથે ક્રાઉન કદનાં પૃષ્ઠ ૫૫૫, પાકું પૂઠું, મૂલ્ય રૂા. ૫

આપણે ત્યાં સ્ત્રીઓને લગતા જુદા જુદા વિષયો પર જુદા જુદા લેખકોએ કલમો ચલાવી છે અને જે તે વિષયને લગતું જ્ઞાન આપવા પ્રયત્નો થયા છે; જ્યારે સ્ત્રીઓના પ્રશ્નોને લગતો ભાગ્યે જ કોઈ વિષય આ પુસ્તકમાં ઉતારવો રહી ગયો હશે. એટલે, આ પુસ્તક ખરી રીતે કહીએ તો " સ્ત્રી સર્વસંગ્રહ " સરખો થયો છે. એનો પરિચય આપવા જતાં—એમાં અપાયેલા વિષયો ગણાવવા જતાં—લંબાણ થાય. એટલે ટૂંકમાં એટલું જ કહીએ કે સ્ત્રીસમાજના પ્રશ્નોમાંનો ભાગ્યે જ કોઈ આ પુસ્તકમાં રહી જવા પામ્યો હશે. શ્રી. સંપટ ખરે જ, આપણા સર્વસંગ્રહરૂપ છે. તેમની લેખિની દ્વારા ધાર્મિક, સામાજિક, આર્થિક અને રાજકારણના વિષયો આપણને જાણવા મળે છે; ત્યારે સ્ત્રીસમાજનું એક સર્વાંગ પુસ્તક મળે એ પણ સ્વાભાવિક જ છે.

સ્ત્રીસર્વસંગ્રહ સરખું આ પુસ્તક સઘળી ગુર્જર ગૃહિણીઓ અપનાવે એટલી આશા લેખક-પ્રકાશક રાખે તો તે વધારે પડતી નહિ લેખાય. સ્થિતિવાળાં પુસ્તકાલયો અવશ્ય ખરીદે.

૪. પંચતંત્રની વાર્તાઓ—ભા. ૧-૨; લેખકઃ શ્રી. ચંદ્રશંકર મણિશંકર ભટ્ટ; પ્રકાશકઃ લુહાણામિત્ર પ્રિં. પ્રેસ, રાવપુરા વડોદરા. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૮+૧૧૨ (ભા. ૧) ૮+૧૦૪ (ભા. ૨). બોર્ડપટ્ટીનું સચિત્ર પૂઠું, મૂલ્ય બન્ને ભાગનો રૂા. ૧) ૧૯૪૧

આપણે ત્યાં જુદાં જુદાં દૃષ્ટાંતોને આડે રાખી હિતોપદેશ આપવાની જૂની પ્રથા પ્રચલિત છે. તદનુસાર સંસ્કૃત સાહિત્યમાં આ પંચતંત્રની વાર્તાઓ કોઈ અજ્ઞાત પંડિતની લખેલી હોવાની કહેવાય છે. એમાં વાર્તારૂપે બોધ સમાયેલો છે. આમાં ખાસ કરીને બાળકોને ઉપયોગી વાર્તાઓ પ્રાણીઓને મુખ્ય પાત્રોરૂપે રાખી રચાયેલી છે. આવી વિદેશી સાહિત્યમાં ઈસપ નીતિકથાઓ પણ જાણીતી છે.

આ પંચતંત્રની વાર્તાઓ સરળ બાલભોગ્ય શૈલીએ જાણીતા બાલશિક્ષક શ્રી. ચંદ્રશંકરે તૈયાર કરેલી હોઈને ગુજરાતી ત્રીજા-ચોથા ધોરણનાં વિદ્યાર્થીઓને વાંચવી સુગમ પડે તેવી છે. ઉપરાંત વાર્તારૂપે બોધ હોવાથી બાળકોને તેમાંથી ઠીક સદ્બોધ પણ મળશે. એક રૂપિયાની કિંમતમાં પંચતંત્રની વાર્તાઓના આ બે ભાગ દરેક પુસ્તકાલયે વસાવવા જેવા છે. બાળકોને એ જરૂર ગમશે.

મણિલાલ પ્રે. વ્યાસ

૫. ઉર્દૂ લિપિશિક્ષિકા—લેખકો દેવરાજ જૈન; ત્રિવિક્રમ કિશોર. પ્રકાશકઃ નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ. કિં. ૦-૭-૦ પૃ. ૭૬. પૂઠું દેશી કાગળનું.

નામ પ્રમાણે ગુણ ધરાવતી આ પુસ્તિકા ખરેખર ઉર્દૂ શીખનાર માટે આદર્શ સંજ્ઞી છે. અત્યાર સુધીમાં જે છૂટા છવાયા પ્રયત્નો થયેલા તેમાં આ પુસ્તિકા અમરસ્થાને છે.

આમાં રાષ્ટ્રભાષા સાથે ઉર્દૂ લિપિમાં છાપકામ થયેલું છે. સમજૂતી સચોટ અને શિક્ષકની ગરજ સારે તેવી છે. ઉર્દૂ પ્રચારપ્રેમી અને શીખનાર જેમ બને તેમ વેળાસર ખરીદે.

૬. **ઉર્દૂ લિપિપરિચય**—લેખકઃ યાજ્ઞવલ્ક્ય અગ્નિહોત્રી–ગવર્મેન્ટ ટ્રેનિંગ કૉલેજ, સૂરત. પ્રકાશકઃ શ્રી હરિહર પુસ્તકાલય ટાવરરોડ, સુરત. પૃ. ૬૦+૧૬, કિં. ૦–૮–૦. પૂંઠું કાગળનું.

આ પુસ્તક પણ ઉર્દૂ શીખનારને મદદરૂપ થઈ પડે તેવું છે. ભાઈ અગ્નિહોત્રી સુરત ગવર્મેંટ ટ્રેનિંગ કૉલેજના હિંદીના અધ્યાપક હોઈ એ ઝિક ટ્રેનિંગ સેન્ટર કતારગામમાં પણ કામ કરે છે.

એમણે પ્રથમ ૭ અક્ષરો લઈને ઉર્દૂ શિક્ષણની રીત આપી છે. આથી શિખાઉ નવા ઉમેદવારને ઝાઝું મુશ્કેલ પડતું નથી, પણ શીખનારે ખૂબ કાળેલિયત રાખી પાછલું શિક્ષણ પાકું કરવાની જરૂર રહે છે.

સમજૂતી ગુજરાતી લિપિમાં આપી છે, એ એમની વિશેષતા છે. છેલ્લે ઉર્દૂ લિપિમાં પુનરાવર્તનના પાઠો પણ લીધા છે.

એકંદરે આ ચોપડી પણ વાપરવા જેવી ખરી.

ઉર્દૂ શિક્ષણમાં જેમ આપે એવી આ બે જુદી જુદી પ્રતો સહેજે ધ્યાન ખેંચે એવી છે.

કુરસદના વખતે ઘેર બેઠા નાના મોટા વિદ્યાર્થીઓ આ પુસ્તિકાઓને અપનાવી ઉર્દૂ શીખવા જરૂર પ્રયત્ન કરે. ‘ દ્રષ્ટા ’

ટપાલપેટી—(નવલિકા સંગ્રહ) પ્રકાશકઃ શ્રી. જટુભાઈ મહેતા, પ્રગતિ સાહિત્ય મંદિર, રાજકોટ; ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૮+૧૬૭, સચિત્ર સાદું પૂઠું; મૂલ્ય રૂ. ૧–૮–૦.

શ્રી. ‘ નિરંજન ’, શ્રી. મોહનલાલ ધામી, શ્રી. ખાવચંદ વડેરા, શ્રી. વજુભાઈ ટાંક, શ્રી. રસિકલાલ જોશી, શ્રી. ‘ પરાગ ’, અને શ્રી. ‘ ચિરંતન ’ એ સાત લેખકોએ લખેલી બબ્બે વાર્તાઓ મળી કુલ ૧૪ વાર્તાઓનો આમાં સંગ્રહ કરાયો છે. સમાજના ઉપલા અને નીચલા થરના માનવીઓના જીવનનાં કરુણ અને ગંભીર દશ્યો દર્શાવતી આ વાર્તાઓ વાચકને ખરેખર બોધક અને પ્રેરક થઈ પડે તેવી છે. આ સંગ્રહમાં દેશની આઝાદી ઇચ્છતા યુવકોનું પણ એક દશ્ય ‘ બોલ્શેવિક ’ નામની વાર્તામાં રજૂ કરાયું છે. આ વાર્તા તથા ‘ વિલાસને પંથે ’, ‘ આંસુની દુનિયા ’, ‘ કાદમ્બિની ’, ‘ નિર્ધનનું હૈયું ’, ‘ પટાવાળો ’, ‘ ભક્તિ ’, ‘ ખાડીના ખૂંદનારા ’, અને ‘ ઉભયાન્વયી અવ્યય ’ એ વાતો ઠીક ધ્યાન ખેંચે તેવી છે.

આ પુસ્તકનું નામ દર્શાવતી ‘ ટપાલપેટી ’ એ પણ આ સંગ્રહમાં અપાયલી એક ટૂંકી વાર્તા જ છે.

બાતાસી—અનુવાદકઃ શ્રી રમણલાલ સોની; પ્રકાશકઃ શ્રી હરિહર પુસ્તકાલય, ટાવર-રોડ, સુરત; ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૪૮; સચિત્ર આચ્છાદન સહિત બૉર્ડનું પૂઠું; મૂલ્ય રૂ. ૨–૮–૦.

બંગાળી સાહિત્યમાં પ્રસિદ્ધ થયેલ, ટૂંકી વાર્તાઓનાં પુસ્તકોમાંથી ચુંટાયલી ૧૫ વાર્તાઓનો આ અનુવાદ છે. આમાંની ૧૫ વાર્તાઓમાં, બંગાળી લેખક શ્રી. હેમેન્દ્ર રાયની ૧,-

શ્રી જલધર સેનની ૨, શ્રી. હેમલતા દેવીની ૩, શ્રી સુધીન્દ્રનાથ ઠાકુરની ૨, શ્રી પ્રભાતકુમાર મુખોપાધ્યાયની ૭ અને શ્રી મનોજ બુચની ૧ છે.

વાચકને, આ વાર્તાઓ, સમાજમાં પતિત થયેલી સ્ત્રીનું સ્થાન કયાં હોય છે, માછી જેવી હલકી કોમની સ્ત્રીઓમાં પણ સ્વાભિમાન કેવું હોય છે, સાચા પતિપ્રેમમાં વિયોગ કેવો અસહ્ય હોય, છે હિંદુ સમાજમાં પુત્રીઓનો જન્મ કેટલો ભારરૂપ હોય છે, સમાજનાં અવધૂત માનવીઓ કેવા જીવનમાં આનંદ અને સંતોષ માને છે, યોગી સંન્યાસી કેવો હોય વગેરે વગેરે સમાજજીવનનાં કંઈક કંઈક દૃશ્યો આ પુસ્તકમાં દેખાડયાં છે. તે ઉપરાંત અત્યારની રાષ્ટ્રીય હીલચાલ અંગેનાં પણ બે દૃશ્યો તથા વિલાયત અભ્યાસાર્થે જતા વિદ્યાર્થીઓનાં જીવન વિલાયતમાં કેવા પ્રકારે વ્યતીત થાય છે તે બતાવતાં પણ ત્રણ દૃશ્યો આ સંગ્રહમાં અપાયાં છે. વાતો બધી જ સરસ છે અને તે સમાજને બોધ અને પ્રેરણા પણ આપે તેવી છે.

'બાતાસી' પણ એક વાર્તા છે. અને તેના નામ પરથી આ પુસ્તકનું નામ રખાયું છે.

સામયિકો

ગુણસુન્દરી—(નવરાત્ર અંક) સંપાદકઃ શ્રી. મૂળજીભાઇ પી. શાહ, હુન્નરપ્રસાદ પ્રિં. પ્રેસ, રાવપુરા, વડોદરા.

" ગુણસુન્દરી " માસિક છેલ્લા કેટલાક વખતથી નવરાત્રના દિવસોમાં ગુર્જરીઓની ગરબા-પ્રિયતાને સંતોષવા અને તેને લગતું સાહિત્ય આપવા માટે નવરાત્ર અંકો પ્રકટ કરે છે. આ વર્ષે પણ, જાણીતા રાસસર્જક શ્રી. મૂળજીભાઇ શાહના સંપાદકત્વ હેઠળ આ અંક તૈયાર કરાવ્યો છે. સંપાદકે, અંકને નીચેના ૫ વિભાગોમાં તૈયાર કર્યો છેઃ-૧ પ્રાચીન રાસ, ૨ લોકરાસ, ૩ શક્તિના રાસ, ૪ રંગભૂમિના રાસ અને ૫ અર્વાચીન રાસ.

શરૂઆતમાં જ સંપાદકે આપણા રાસ સાહિત્યને લગતો એક અભ્યસનીય નિબંધ આપ્યો છે અને તે જ પ્રમાણે જે તે વિભાગને લગતા નિબંધો પણ તે તે વિભાગ સાથે અપાયા છે. પ્રાચીન રાસમાં આપણાં પ્રાચીન કવિ-કવયિત્રીઓના રાસો અપાયા હોઇને તે પછીના વિભાગોમાં લોકરાસમાં લોકમુખે ચઢી ગયેલા, તેમ જ તે પછી રંગભૂમિના રાસમાં આપણાં નાટકોમાં આવતા રાસો આપ્યા છે. અને અર્વાચીન રાસોમાં આપણા કવિશ્રી ખબરદારથી લઇને કેઠ આજે રાસ લખતાં નાનાં મોટાં અનેક રાસસર્જકોના રાસ આપ્યા છે. રાસ સાહિત્યમાં આ અંક ખાસ ભાત પાડે છે. અને જો એને પુસ્તકાકારે તૈયાર કરવામાં આવે તો પ્રાચીન-અર્વાચીન યુગનો સમન્વય સાધે એવા ચિરંજીવ રાસસાહિત્યનું એક સરસ પુસ્તક ગુજરાતી સાહિત્યમાં સુલભ થાય.

એકંદર સંપાદક અને સંચાલકોએ લીધેલો શ્રમ સફળ થયો લાગે છે.

મોઢ મહોદય—રજત મહોત્સવ અંક—સંયોજકઃ શ્રી. તારાચંદ્ર પોપટલાલ અડાલજાઃ

હિંદુ સમાજમાં જ્ઞાતિઓ અગત્યનો ભાગ ભજવે છે અને જેટલે દરજ્જે જ્ઞાતિઓની ઉન્નતિ થાય તેટલે દરજ્જે સમાજ ઉચ્ચકક્ષ બને. આ દિશામાં કેટલાંક જ્ઞાતિમાસિકો

પ્રયત્ન કરે છે; તેમાંનાં કેટલાંક ઊગી અકાળે આથમે છે, જ્યારે કેટલાંક પોતાની ધગશ અને સેવાપરાયણતાથી સમાજમાં પોતાનું ખાસ સ્થાન મેળવી લે છે. એવો જ પ્રયાસ છેલ્લાં પચીસ વર્ષ થયાં આ માસિકે કરેલો. તેની પચ્ચીસીના ઉત્સવપ્રસંગે આ ખાસ અંક જાણીતા લેખક શ્રી. તારાચંદ્ર અડાલજાએ તૈયાર કર્યો છે. તેમાં, સંપાદકે લીધેલી મહેનત ખાસ તરી આવે છે. અંકમાં જ્ઞાતિના આગેવાનોનાં ચરિત્રો અપાયા ઉપરાંત, કેટલાક વાચનીય લેખો પણ આપ્યા છે. સાથે સંખ્યાબંધ જ્ઞાતિજનોની તસ્વીરો પણ અપાઈ છે. એકંદરે આખોય અંક મોઢ જ્ઞાતિજનતાને લગતું ઠીક સાહિત્ય આપે છે.

કલ્યાણ (હિંદી) મહાભારતાંક—સંપાદકઃ શ્રી. હનુમાનપ્રસાદજી પોદ્દાર; પ્રકાશકઃ ગીતા પ્રેસ, ગોરખપુર.

છેલ્લાં સોળ વર્ષ થયાં આધ્યાત્મિક સાહિત્ય આપતું "કલ્યાણ" માસિક હિંદી ભાષામાં પ્રકટ થાય છે. એ માસિકના દર વર્ષનો પ્રથમાંક ખાસ અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે. એના આ અગાઉ પ્રસિદ્ધ થઈ ગયેલા ગીતાંક, ગીતાતત્ત્વાંક, માનસાંક. ભાગવતાંક વગેરે વિવિધ ધાર્મિક અને આધ્યાત્મિક વિષયોને સ્પર્શતા ઊંડા અભ્યાસયુક્ત ખાસ અંકો બહાર પડેલા છે.

ચાલુ સત્તરમા વર્ષમાં એનો આ મહાભારત અંક ખાસ અંક તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. મહાભારત એ તો આપણા આર્ય સાહિત્યની નક્ષત્રમાળાનો અતિઉજ્જ્વલ તારક છે. એટલે જ એને માટે કહેવાય છે કે **यन्न भारते, तन्न भारते** । અર્થાત્ જે ભારત-(મહાભારત)માં નથી તે ભારત (ભારતવર્ષ)માં નથી. એટલે કે મહાભારતમાં સર્વ કંઈ છે. એવા આ મહાભારતપ્રકાશનનું મહાન મુશ્કેલીભર્યું કાર્ય આવી વિરલ સંસ્થા જ હાથ ધરી શકે.

આપણે ત્યાં ગુજરાતીમાં એ પ્રસિદ્ધ કરવાના ગુજરાતી પ્રેસ તરફથી અને તે અગાઉ છૂટાછવાયા પ્રયત્નો થયા હતા. અને તે પછી એની પ્રસિદ્ધિનું મહાભારત કાર્ય સ્વ. સ્વામી શ્રી અખંડાનંદજીએ ઉઠાવી પાર પાડી આવા મોટા ગ્રંથના મોટા મોટા સાત ભાગો બનતા ઓછા મૂલ્યે બહાર પાડયા હતા. અને કેટલાંક પુસ્તકાલયોને તો તેમના કૃપાપ્રસાદે અર્ધા મૂલ્યે મળ્યા હતા.

આજે હિંદી ભાષા જ્યારે રાષ્ટ્રભાષા થઈ છે અને આખા હિંદભરમાં તેનો પ્રચાર થઈ રહ્યો છે ત્યારે, ગુજરાત આ મહાભારતના સરળ ભાવવાહી હિંદી અનુવાદને જરૂર અપનાવશે. જેઓ "કલ્યાણ" માસિકના ગ્રાહકો હશે તેમને તો એ મળશે જ. ઉપરાંત, જેઓ એના ગ્રાહક ન હોય તેઓ થઈ જશે તો બે વર્ષના એના લવાજમમાં સો-સો રૂપિયા ખર્ચતાં પણ અપ્રાપ્ય ગણાય તેવો આ ગ્રંથ સહજ સુલભ થશે.

આ અંકમાં મહાભારતનાં શરૂઆતનાં સાત પર્વો તે તે પ્રસંગને અનુરૂપ સંખ્યાબંધ ત્રિરંગી તેમ જ સાદાં ચિત્રો સહિત આપ્યાં છે. અને બાકીનાં પર્વો આ વર્ષમાં પૂરાં પાડવાની સંચાલકોની યોજના છે. ગુજરાતી જનતા અને તમામ પુસ્તકાલયો "કલ્યાણ"ના બે વર્ષના ગ્રાહક તરીકે નોંધાઈ જઈ ક્વચિત જ મળતી આવી તક તત્કાળ ઝડપી લે. અને આ અમર ગ્રંથને પોતાને ત્યાં વસાવી લે.

આવું મહાભારત સાહસ ઉઠાવી જનતામાં ઉચ્ચ જ્ઞાનપ્રચાર કરવા માટે ગીતા પ્રેસના સંચાલકોને અમારાં હાર્દિક અભિનંદન. **મણિલાલ પ્ર. વ્યાસ**



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

૧ હુએનસંગ—લેખકઃ શ્રી. ધૂમકેતુ; મૂલ્ય ૦–૩–૦

૨ વેવિશાળ—લેખકઃ શ્રી. ઝવેરચંદ મેઘાણી; મૂલ્ય રૂા. ૨–૮–૦

૩ સૌરાષ્ટ્રની રસધાર–ભા. ૧ લો—લેખક ઉપર પ્રમાણે. મૂલ્ય રૂ. ૨–૦–૦

હરિહર પુસ્તકાલય–સૂરતનાં પુસ્તકો

૪ સનમની શોધમાં—લેખકઃ શ્રી. બેકાર; મૂલ્ય રૂા. ૨–૮–૦

૫ ઊર્દૂલિપિ પરિચય—લેખકઃ શ્રી યાજ્ઞવલ્કય; મૂલ્ય ૦–૮–૦

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૬ અકકલના ખાં—લેખકઃ શ્રી. બેકાર; પ્રકાશકઃ નવચેતન સાહિત્ય મંદિર, ભા અમદાવાદ, તથા મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની મુંબઈ, મૂલ્ય ૨–૮–૦

૭ સામ્રાજ્યવાદ—(એનાં ભયંકર સ્વરૂપો) લેખક તથા પ્રકાશકઃ રાવત ખુમાણ પાડરશિંગા, પો. દામનગર. (કાઠિયાવાડ) મૂલ્ય રૂા. બે

૮ ટપાલપેટી—સંપાદકઃ જડુભાઈ મહેતા; પ્રકાશકઃ પ્રગતિ સાહિત્ય મંદિર, રાજકો મૂલ્ય રૂા. ૧–૮–૦

૯ કલ્યાણી—લેખકઃ શ્રી. રમણીકલાલ જયચંદભાઇ દલાલ; પ્રકાશકઃ ગ્રીજ્ઞ કાર્યાલય, રતન પોળ, અમદાવાદ; મૂલ્ય રૂા. બે

૧૦ બાતાસી—અનુવાદકઃ શ્રી. રમણલાલ સોની; મૂલ્ય રૂા. ૨–૮–૦

સ્વીકાર

શેઠ ભો. ચ. વિદ્યાવર્ધક પુસ્તકાલય (મહિલા અને બાલ સહિત) વડનગરઃ સન ૧૯૪૧–૪૨ નું વાર્ષિક નિવેદન. સા. પુ. વેળાણાનો ૧૯૩૦–૩૧ થી ૧૯૪૦–૪ સુધીનો ૧૧ વર્ષનો રિપોર્ટ તથા નિયમો. મહારાણી શાન્તાદેવી મહિલા અને બાલ પુસ્તકાલય–નવસારીનો ૧૯૪૧–૪૨ નો વાર્ષિક રિપોર્ટ અને હિસાબ. લિ. ના. માને સા. પુસ્તકાલય–વામોડીઆનો સન ૧૯૪૧–૪૨નો વાર્ષિક અહેવાલ. ય. લે. સા. પુસ્તકાલય–વીસનગરનું ૧૯૪૧–૪૨ નું વાર્ષિક નિવેદનઃ સા. પુ. કરજણનું સન ૧૯૪૧-૪૨ નું નિવેદન.



"કુમાર"નું પ્રકાશન - "કુમાર" માસિકના ગયા સપ્ટેમ્બર અંકમાં તેના સંચાલક તરફથી તેના ગ્રાહકો-વાચકોને એક નિવેદન પ્રકટ થયું છે. તેમાં, આજના અસહ્ય મોંઘવારીના વખતમાં "કુમાર"નું પ્રકાશન ચાલુ રાખવું કે બંધ કરવું અને ચાલુ રાખવું હોય તો તે માટે ગ્રાહકોની ચાલુ રહેવાની ખાતરી માગવામાં આવી છે.

આપણે ત્યાં "કુમાર" એક જ એવું માસિક છે જે આપણા જુવાનોને,-ઉછરતા જુવાનોને સંતોષે તેવું વાચન આપે છે "કિશોર" માસિક તેવો કંઈક પ્રયત્ન કરવા મથતું હતું; પરંતુ તેના એ પ્રયત્નોમાં એ ફાવ્યું નથી. અને આ રહ્યુંસહ્યું એ કક્ષાનું માત્ર એક જ સચોંગ માસિક રહ્યું છે. તેનું પ્રકાશન જો બંધ થાય તો આપણા કિશોરો-કુમારીને તેમના બરનું સાહિત્ય મેળવવામાં નિરાશ જ થવું પડે.

એટલે આવા આપણા આવતી કાલના નાગરિકોનું ઘડતર ઘડતું આ માસિક હરકોઇ સંજોગોમાં એનું હમેશનું રૂપ-રંગ અને સજાવટ તેમ જ લેખસમૃદ્ધ પ્રકટ થાય તે આપણે જોવું જોઇએ. એની અત્યારની મુશ્કેલીમાં કંઇ નહિ તો એના ગ્રાહક ચાલુ રહેવાની ખાતરી અપાય તો પણ તેના સંચાલકો તેમના "કુમાર"ના પ્રકાશનમાં પ્રોત્સાહિત રહી શકે.

આથી પુસ્તકાલયો જેઓ એ સામયિકના ગ્રાહક હોય તેઓ ચાલુ રહીને તેમ જ પોતાનાં ગામનાં કુમારો-કિશોરોની આ કક્ષાની વાચનભૂખ સંતોષવા માટે બને તો નવા ગ્રાહક તરીકે નોંધવાનું જણાવે.

નવજીવન કાર્યાલયનાં પુસ્તકો હવેથી મળી શકશે. મુંબઇ સરકારે સદર કાર્યાલયનાં પુસ્તકો કબજે રાખેલાં તે પરથી હવે કબજો ઉઠાવી લેવામાં આવ્યો છે. એટલે એ કાર્યાલય તરફથી પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો હવે મળી શકશે. જે પુસ્તકાલયોને પોતાનાં બજેટમાં ઉપર્યુક્ત સંસ્થાનાં પુસ્તકોનો સમાસ કરવો હશે તેમને હવે એ તક સુલભ થશે.

"મોતીભાઇ અમીનઃ જીવન અને કાર્ય" સ્વ. શ્રી. મોતીભાઇ સાકેબના જીવનચરિત્રના ઉપર્યુક્ત પુસ્તકને મુંબઇ સરકારના ઉત્તર વિભાગના કેળવણી ખાતા તરફથી માધ્યમિક શાળાઓના તેમ જ ટ્રેનિંગ કોલેજના વિદ્યાર્થીઓનાં પુસ્તકાલયો માટે ખરીદવા મંજૂર કર્યું છે.

"બાલમિત્ર"નો ઑક્ટોબર અંક પ્રકટ થનાર નથી. તેનો હવે પછીનો અંક નવેમ્બરની પહેલી તારીખે પ્રસિદ્ધ થશે, એમ તે કાર્યાલય તરફથી જાહેર કરવામાં આવ્યું છે.

પુસ્તકાલયોને મળેલી મદદ

સા. પુ. માંગ્રોજ (તા. કરજણ)ને ૬) નું મહાભારત પટેલ પુરુષોતમ સંપતરામ તરફથી.

સા. પુ. હરિપુરા (તા. પલસાણા) ને ૭) નીછાભાઇ દલપતભાઈ મહેતા તરફથી.

શ્રી. ઈંદુમતી સા. પુ. મેથી (તા. કરજણ) ને બાંકડા ૨ દરેકની કિંમત ૧૫) તે શેઠ બાપુલાલ દલસુખભાઈ તરફથી. ખુરસી ૧ દરેકની કિંમત ૭) તે બામણગામના શેઠ અંબાલાલ માણેકલાલ તરફથી. ૧૦) મજૂસર તા. વડોદરાના પા. ખુશાલભાઇ જોઇતાભાઇ, ૫) શેઠ શાન્તિલાલ વીરચંદભાઈ, ૫) શેઠ સાંકરચંદ મગનલાલ, ૩) શેઠ સેવકલાલ મગનલાલ, ૩) કસ્તુરચંદ મગનલાલ, ૩) શેઠ નેમચંદ મોહોલાલના દુ. વ. ક. ચંદુલાલ નેમચંદ, ૩) શેઠ ખેચરલાલ વીરચંદ, ૨) પા. પરસોતમ ઈશ્વરભાઇ, ૨) પુરોહિત બાલકૃષ્ણ નાથાલાલ, ૩) ડૉક્ટર શાંતિલાલ મોહનલાલ જાની, ૨) પા. છગનભાઈ મીઠાભાઇ, ૨) પા. દેસાઇભાઇ ખુશાલભાઇ.

સા. પુ. વાગડોદ (તા. પાટણ) ને ૨) શા. ચંદુલાલ ભાઇચંદ, ૫) શા. કેશવલાલ નાનચંદ, ૨) રા. કેશવરાવ ગણેશરાવ આપ્ટે તરફથી.

સા પુ. લુણાસણ (તા. કડી) ને ૧૦) દવે ચિમનલાલ જોઇતાલાલ, ૧૧ સાપેર તા. દહેગામના ઠાકોર મફતાજી ધીરાજી.

સા. પુ. ઓરણા (તા. કામરેજ) ને શ્રી. મણિભાઇ દ્વિવેદી તરફથી રૂા. ૧૫૦) ની કિંમતનાં ૨૧૪ પુસ્તકો, ૨-૦-૦ ડાહ્યાભાઇ નારણજી દેસાઇ દીગસ, ૨-૦-૦ હરિભાઇ ભાણાભાઇ ભક્ત દીગસ. ૨-૦-૦ નરોત્તમભાઇ હરિભાઇ વાંઝ, ૨-૦-૦ ખુશાલભાઇ મોરારજી સ્યાદલા, ૨-૦-૦ ભગાભાઇ ફકીરા ધોરણપારડી, ૨-૦-૦ ફકીરભાઇ ભગાભાઇ વાવ, ૧-૨-૦ મગનભાઇ નાથુભાઇ ટેલર-ઓરણા, ૨-૦-૦ કાલીદાસ લાલભાઇ-દોલતપુર, ૨-૦-૦ જીવણભાઇ કસનજી-નનસાડ, ૨-૦-૦ મોરારભાઇ રણછોડજી દેરોદ, ૨-૦-૦ ખુશાલભાઇ કાળીદાસ દેરોદ, ૧૨-૦-૦ ભક્તિભાઈ રણછોડજી-ઓરણા, ૧-૧૦-૦ રણછોડભાઈ ખુશાલભાઇ ઓરણા, ૩-૧૦-૦ ભક્તિભાઇ રણછોડભાઇ-ઓરણા, ૫-૦-૦ દયારામભાઇ સીતારામ શુરા-ઓરણા, ૨-૦-૦ પરશુભાઇ બહેચરભાઇ ખાનબારા, ૨-૦-૦ નાગરજી પ્રાણભાઇ કોદરા, ૬૫-૦-૦ હરિભાઇ માધવભાઇ ભક્ત-ઓરણા, ૩૬-૦-૦ કસનજી કાલીદાસ ભક્ત-ઓરણા, ૩૬-૦-૦ નારણદાસ લક્ષ્મીદાસ ટેલર-બારડોલી, ૬-૮-૦ મોરારજી ગોપાલજી-ઓરણા, ૬૮-૪-૦ પરશુભાઇ કલ્યાણજી ઓરણા.

સા. પુ. શીહોલી (તા. સિદ્ધપુર) ને શ્રી. નારણભાઇ સેંધીદાસ પટેલ તરફથી રૂા. ૪૦) નાં પુસ્તકો.

સા. પુ. મુઠરડા (તા. મહેસાણા) ને ૬) શેઠ અમથારામ ઉગેદરામ, ૫) પોલિસ પટેલ મૂળરાજખાં, ૨) લાલખાં મુલ્લતખાં, ૨) મિસ્ત્રી મૂળચંદ.

વ. રા. પુ. મંડળ

પ્રમાણપત્ર માટેની પરીક્ષા જાનેવારીમાં લેવાશેઃ—પ્રમાણપત્ર માટેની પરીક્ષા ૨૫ મી તારીખે લેવાશે એમ આ પહેલાં જાહેર કરાયું છે. પરંતુ રાજ્યના કસ્બા વ પ્રાંત પુસ્તકાલયોના શીનતાલીમી ગ્રંથપાલો આ પરીક્ષાનો લાભ લે એ ખાસ ઇચ્છવા જોગ છે, જેમ પુસ્તકાલય ખાતું જાનતું હોવાથી અને તે માટે જરૂરી ફરમાન બહાર પડવાનો ઇરાદો

રાખવું હોવાથી સદર પરીક્ષા ચાલુ માસને બદલે જાનેવારીમાં લેવાનું ઠરાવ્યું છે. લાગતા વળગતાંઓએ આ ફેરફારની યોગ્ય નોંધ લેવી ઘટે.

જાગતાં જૂથ મંડળો

વડોદરા પ્રાંત:—(૧) બીલ, (૨) ડેસર, (૩) વેમાર તા. સાવલી, (૪) પેટલાદ, (૫) વસો, (૬) આસોજ, (૭) વેજપુર, (૮) સોખડારાધુ, (૯) શિનોર, (૧૦) કોસીન્દ્રા (૧૧) બાદરણ, (૧૨) દરાપુરા, (૧૩) સોજીત્રા; **મહેસાણા પ્રાંત** : (૧૪) વાલમ, (૧૫) કંડ, (૧૬) ઉનાઉ, (૧૭) વેણપુરા, (૧૮) ખાવડ, (૧૯) કડી, (૨૦) નંદાસણ, (૨૧) વકુ તા. કડી, (૨૨) સુરજ, (૨૩) વામજ, (૨૪) રાજપુર, (૨૫) ડરણ, (૨૬) થોળ, (૨૭) ચારોલ, (૨૮) મેડા આદરજ, (૨૯) ડાંગરવા, (૩૦) ઝુલાસણ, (૩૧) કલ્યાણપુર, (૩૨) સંડેર, (૩૩) કંબોઈ, (૩૪) મોટપ, (૩૫) ધીણોજ; **નવસારી પ્રાંત**: (૩૬) નવસારી, (૩૭) આમચક, (૩૮) ગણદેવી, (૩૯) ધમડાછા, (૪૦) ગડત, (૪૧) અંભેટા, (૪૨) વેસ્મા.

જાગતાં મહાલ મંડળો—(૧) વડોદરા, (૨) કરજણ, (૩) ડભોઈ, (૪) શિનોર, (૫) સંખેડા, (૬) તિલકવાડા, (૭) સાવલી, (૮) વાઘોડિયા, (૯) પેટલાદ, (૧૦) બાદરણ, (૧૧) પાદરા, (૧૨) કડી, (૧૩) ચાણસ્મા, (૧૪) વિજાપુર, (૧૫) આતરસુંબા, (૧૬) પાટણ, (૧૭) હારીજ, (૧૮) સિદ્ધપુર, (૧૯) વિસનગર, (૨૦) ખેરાળુ, (૨૧) નવસારી, (૨૨) ગણદેવી, (૨૩) પલસાણા (૨૪) કામરેજ, (૨૫) અમરેલી, (૨૬) કોડીનાર, (૨૭) ઓખામંડળ.

જેમણે સંભા ન ભરી હોય ને ભરી હોય છતાં અહેવાલ હિસાબ હજી ન મોકલી આપ્યાં હોય તેમને તેમ કરી દેવાની ખાસ ભલામણ. **પૂરા થયેલા વર્ષ માં થયેલા કામકાજના અહેવાલ તથા હિસાબ તો નિદાન દરેક મોકલી આપે જ.**

શિષ્ટ વાચનની ૨૩ મી પરીક્ષા:—સદરહુ બાબતની જાહેરાત ચાલુ અંકમાં અન્યત્ર છપાઇ છે તે જોઇ લેવા શિષ્ટ વાચનનાં રસિયાંઓને વિજ્ઞપ્તિ.

—અનુભવનો એક કાંટો શિખામણના સો ગુલાબો જેટલો કિંમતી છે.

—જેની પાસે પૈસા નહિ હોય એવા જ મિત્રો તમને પૈસા ધીરવા ઉત્સાહી જણાશે.

—પોતાને ભારે માનતા માણસને બીજાઓ બહુ હળવી રીતે સ્વીકારે છે.

—કેટલાક માણસો એવા અસહિષ્ણુ હોય છે કે પોતાના વિચારોને પણ સહન નથી કરી શકતા.

—લોકોને સહાય કરવાનો એક રસ્તો તેમને શિખામણ આપવા ન નીકળવાનો પણ છે.

—એક માણસની મહત્તા પાછળ અનેક નાના માણસોની મદદ રહેલી હોય છે.

—સૂએઝની પૂર્વમાં તો આખિલનાં દશ ફરમાનોની કયાતી જ નથી, એમ એક રાષ્ટ્રકવિએ નથી કહ્યું ?

—પ્રેમ પુરુષની જીભને ગતિ આપે છે, જ્યારે સ્ત્રીના હૃદય ને દૃઃખનું સ્મિત હમેશાં શીતળ હોય છે.

—પોતાને સાચો મનાવવાને માણસ જેટલો આતુર હોય છે એટલો સાચો બનવાને નથી હોતો.

—પ્રીતિ માટે બહુ મથવાનું પરિણામ ઘણાઓ માટે અપકીર્તિમાં જ આવે છે.

—ઘણાં માણસો ફેફસાંમાં જ પોતાનું મગજ રહ્યું હોવાનું માનતા હોય છે.

પુસ્તકાલયોની તપાસણી

પગારદાર પ્રાંત પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત લઈ ત્યાંના પુસ્તકાલય વા વાચનાલયની સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે, તેમ જ પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી અજમાવી તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧ વડોદરા નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઈ મથુરભાઈ પરેલ-**માહે ઑગસ્ટમાં કરજણ મહાલનાં:**—(૧) સાંદરણા, (૨) સામરા, (૩) કાણા, (૪) કનેપુર, (૫) દેરોલી, (૬) સણિયાદ, (૭) કરણ, (૮) જૂની છત્તરડી, (૯) ધાવટ, (૧૦) ભરથાણા, (૧૧) ભરથાણી, (૧૨) કાસમપુર, (૧૩) નવી છત્તરડી.

—માહે સપ્ટેમ્બરમાં: વાઘોડીઆ મહાલ—(૧) ભણિયારા, (૨) ગણેશપુરા, (૩) કામરોલ, (૪) કોટંબી, (૫) જરોદ, (૬) લીલોરા, (૭) આસોજ, (૮) સંકરપુરા, (૯) રવાલ, (૧૦) રસુલાબાદ; **સાવલી મહાલનું** (૧૧) ગરધીઆ.

૨. મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારક રા. **ભાઈશંકર ટી. ઠાકર-માહે જુલાઇમાં, અમરેલી મહાલનાં**—(૧) મોટા માંચીઆળા, (૨) નાના માંચીઆળા, (૩) નાના આંકડીઆ, (૪) ઈશ્વરીઆ, (૫) કેરિયા નાગસ, (૬) લાલાવદર, (૭) અમરેલી બાબ પુ., (૮) અમરેલી મદિલા પુ., (૯) ચકરગઢ, (૧૦) દેવળીઆ, (૧૧) ખીજડીઆ રાંદલીઆ; **દામનગર મહાલનાં** (૧૨) આંબરડી, (૧૩) નારણગઢ, (૧૪) કાંચરડી, (૧૫) હીરાણા, (૧૬) કરકોલીઆ, (૧૭) વીરપુર, (૧૮) નાના રાજકોટ, (૧૯) ચાવંડ, (૨૦) ઝમાળીઆ.

—માહે ઑગસ્ટમાં રતનપુર મહાલનાં—(૧) નવાગામ, (૨) રતનપુર, (૩) રાઘવપુર, (૪) મોણપુર, (૫) મેવાસા, (૬) શિવાનગર; **દામનગર મહાલનાં** (૭) ખીજડીઆ; **કડી મહાલનાં** (૮) ડાંગરવા, (૯) કરજીસણ, (૧૦) કૈયલ, (૧૧) નંદાસણ, (૧૨) માધાસુળ, (૧૩) બટાસણ, (૧૪) સુરજ, (૧૫) ચાલાસણ, (૧૬) જસલપુર, (૧૭) મોકાસણ, (૧૮) સરસાવ, (૧૯) ઉટવા, (૨૦) કરાણા, (૨૧) ઈદ્રોડ, (૨૨) રાજપુર; **મહેસાણા મહાલનાં** (૨૩) લાડવી, (૨૪) વડસમા, (૨૫) નવી શેદાવી વા.

—માહે સપ્ટેમ્બરમાં: કડી મહાલનાં—(૧) ધુમાસણ, (૨) મુલાસણ, (૩) આણંદપુરા, (૪) ચડાસણ, (૫) લણાસણ, (૬) વામજ, (૭) વડાવી, (૮) કુણેત્રા, (૯) **કલોલ મહાલનાં:** (૧૦) છત્રાલ, (૧૧) બિલેશ્વરપુરા; **સિદ્ધપુર મહાલનાં** (૧૨) ઉનાવા, (૧૩) ઐોર, (૧૪) હીરપુર, (૧૫) રામપુરા (ઉંઝા) વાચનાલય, (૧૬) વનાદર, (૧૭) બિલીઆ, (૧૮) જગન્નાથપુરા, (૧૯) કહોડા, (૨૦) મહેરવાડા, (૨૧) ઉપેરા.

ના. નં. ચોકસી
મદમંત્રી, વ. રા. પુ. મંડળ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ

જાહેરાત નં. ૨ / ૧૯૪૨–૪૩

શિષ્ટ વાચનની ૨૩ મી પરીક્ષા

શિષ્ટ વાચનની ૨૩ મી પરીક્ષા સન ૧૯૪૩ ના જાનેવારી માસની ૨૪ મી તારીખ ને રવિવારે સવારના ૭॥ થી ૧૦॥ ના સમયમાં જે તે સ્થળે લેવાશે. પરીક્ષા માટે મહાત્મા ગાંધીજી કૃત "ત્યાગમૂર્તિ અને બીજા લેખો" એ પુસ્તક મુકરર કરવામાં આવ્યું છે. એ પુસ્તકની કિંમત રૂ. ૦–૧૨–૦ હોઈ પુ. સ. સ. મંડળમાંથી મળી શકશે. જે પુસ્તકાલયોમાં એ પુસ્તક ન હોય તેમણે વહેલામાં વહેલી તકે મંગાવી લઈને તેનો છૂટથી પ્રચાર કરવો જોઈએ, તેમ પરીક્ષામાં બેસવાની પ્રેરણા પણ કરવી ઘટે. પુસ્તકને અભાવે પરીક્ષા લેવાનો વિચાર માંડી વાળવાપણું કોઈને ન રહે એ જે તે સ્થાનનાં પુસ્તકાલયોએ જોવું જોઈએ.

ઇચ્છુક ઉમેદવારોએ પોતાનાં નામ, ગામ, ઉમ્મર, અભ્યાસ, ધંધો ને પોસ્ટનું સ્થળ અવશ્ય જણાવી રાજ્ય પુ. મંડળના મંત્રીને શિરનામે મોડામાં મોડી તા. ૧૫ મી જાનેવારી સુધીમાં પોતાની ઉમેદવારી નોંધાવી દેવી જોઈશે. શિષ્ટ વાચનની આવી પરીક્ષાનો લાભ સમજનાર અને એનો સુસ્વાદ ચાખેલાં ભાઈબહેનો તો આ જાહેરાત વાંચતાં જ તેમ કરી દે એમ ઇચ્છીએ છીએ.

પરીક્ષા જે ગામે આપવાની હોય તે ગામે ટપાલ અઠવાડિયામાં કયે કયે દિવસે આવે છે તે અચૂક જણાવવું. પરીક્ષાની મુદત દરમ્યાન શિરનામાનો ફેરફાર થાય તો તેની ખબર જે તે વખતે તરત જ આપવાની નોંધ લેવા ભલામણ કરીએ છીએ.

ઇનામ:—પરીક્ષામાં ઉત્તીર્ણ થતા ઉમેદવારો પૈકી પહેલા ૪ નંબરોને અનુક્રમે રૂ. ૫), રૂ. ૪), રૂ. ૩), રૂ. ૨) નું તથા નં. ૫ થી ૨૦ સુધીનાં દરેકને રૂ. ૧) નું ઇનામ અપાશે. ઉપરાંત ઉત્તીર્ણ થનાર સ્ત્રીઉમેદવારો પૈકી ગુણાનુક્રમે પ્રથમ આવતી ૧૦ને તેમ જ ટ્રેનિંગ કોલેજનો લાભ બિલકુલ નહિ પામેલા શિક્ષકો, અંગ્રેજી પાંચ ધોરણ સુધીના વિદ્યાર્થીઓ તથા સામાન્ય ભણતરવાળા ખેડૂત, કારીગર અને વેપારીવર્ગ પૈકી ઉપલા ૧૦ નંબરોને દરેકને રૂા. ૦॥ નું ઉત્તેજનાર્થ ઇનામ આપવાની ગોઠવણ રહેશે. ઇનામ રોકડમાં અપાશે. છતાં જેમની ઇચ્છા હશે તેમને તેમની પસંદગીનાં પુસ્તક તેમના ખર્ચે મોકલી આપવાની સગવડ રહેશે.

C/o. સેન્ટ્રલ લાયબ્રેરી, વડોદરા
તા. ૧૦–૧૦–૪૨

રામભાઇ કા. પટેલ
મંત્રી, વ. રા. પુ. મંડળ

સામયિક દોહન

સાહિત્યનો એઠવાડ

દરેક દેશનું સાહિત્ય તે દેશની મોંઘી મીરાસ છે, તેનું પવિત્ર ધન છે. એ મીરાસને જાળવવાનો, તેમાંથી પ્રેરણા લેવાનો, તથા તેની વૃદ્ધિ કરવાનો તે દેશના પ્રત્યેક ઊગતા કે ઊગેલા લેખકનો પવિત્ર ધર્મ છે. અક્ષરબદ્ધ વાણી એ માનવજાતિનું અમોઘ શસ્ત્ર છે. એ જ શસ્ત્રના ડહાપણભર્યા ઉપયોગથી દરેક પ્રજા પોતાની સંસ્કૃતિનું રક્ષણ કરે છે. એ શસ્ત્ર બે ધારવાળું છે: એટલે એનો ગેરઉપયોગ કરતાં તે વાપરનારનું જ ગળું તે કાપે છે. સાહિત્યની શક્તિનું જેને યથાયોગ્ય ભાન નથી તે એનો દુરુપયોગ કરી પોતાના સમાજનું તેમ જ માનવજાતિનું ભારે નુકસાન કરે છે.

ગત સંમેલન વેળાના ભાષણમાં મેં આ વિષય પર કંઈક લંબાણથી ભાર મૂકીને કહ્યું હતું, પણ હું બહુ દિલગીર છું કે આપણા કેટલાક સાહિત્યકારો હજી પણ આ વિષય સંબંધે બેપરવાઈ ચોપે છે અને પોતાનું તથા સમાજનું હૃદય, ગંદુ સાહિત્ય પ્રગટ કરીને કલુષિત કરે છે. આપણા સાહિત્યની શિષ્ટતા જાળવવા ખાતર એવા ગંદા સાહિત્ય પ્રત્યે મારે મારો દૃઢ વિરોધ દર્શાવ્યા વગર છૂટકો નથી, અને એમ કહીને હું મારો તેમ જ ગુજરાતના સાહિત્ય અને સંસ્કૃતિની પ્રતિનિધિરૂપ સંસ્થા "ગુજરાતી સાહિત્ય પરિષદ" નો ધર્મ જ બજાવું છું એવી મારી દૃઢ પ્રતીતિ છે.

સાહિત્ય એ પ્રજાના સમગ્ર ભૂતજીવનની તેમ જ વર્તમાન અને ભાવિ જીવનની વિસ્તૃતતા તથા ઉન્નતિ માટેના પ્રજાના મુખ સમાન બનેલા વિદ્વાનોના અને ભક્તજનોના વિચારોની શિષ્ટ નોંધ છે. જે બોલાયું, જે લખાયું કે જે ગવાયું, તે બધું જ સાહિત્ય નથી, અને એમાં સાહિત્યના કેટલોક અંશ હોવા છતાં તે શિષ્ટ સાહિત્ય બનતું નથી. કોઈ પણ વિચારશીલ માનપિતા પોતાનાં બચ્ચાં આગળ તે બાળકનું ચારિત્ર્ય બગાડે કે તેના મનમાં મેલા વિચાર ઉત્પન્ન કરે તેવું સાહિત્ય–પછી તે સંભાષણરૂપે, લેખરૂપે, ગીતરૂપે કે ચિત્ર–શિલ્પ જેવી કળાઓના કોઇ રૂપે–મૂકવા ઇચ્છે નહિ. એ જ બતાવે છે કે માનવજાતની સ્વાભાવિક વલણ શિષ્ટતા અને પુણ્યાચરણ તરફ જ રહે છે. એ વલણમાં સારામાઠા સંસર્ગથી ફેર પડી જાય છે, અને તેને સન્માર્ગ તરફ નહિ વળાય તો તે સંયમ બોધ બેસી અધોગતિને પંથે ચઢે છે. માનસશાસ્ત્રની આ મુખ્ય વાત આપણા પ્રત્યેક લેખકે ધ્યાનમાં રાખવી જોઇએ.

વિચારની, વાણીની કે કર્મની વિલાસિતા માનવપ્રજાની ખરી મહીની શક્તિને કાં તો લઈ તેની અધોગતિ કરીને તેને ગુલામગીરીમાં નીચે પાડી દે છે. દુનિયાની પ્રજાઓનો ઇતિહાસ જે સ્પષ્ટ રીતે બતાવે છે, ભરતખંડની મહીની આર્ય પ્રજાના સંસ્કૃત સાહિત્યમાં રમતે

નવસારી પ્રાંતમાં આવેલાં પુસ્તકાલયો ચૈકી નીચે જણાવેલાં પુસ્તકાલયો એક આ બીજી રીતે પોતાના પુસ્તકાલયનું કાર્ય ઠીક કરે છે. આશા છે કે તેઓ પોતાની ઊણપો દૂર કરવા પ્રયાસો કરશે અને બીજાં પુસ્તકાલયો પોતાના પુસ્તકાલયને ઉપર બતાવેલી કાર્યક્ષમતાની જરૂરી હદ સુધી તો પહોંચવા પોતાનો પ્રયાસ નિષ્ઠાલસતાથી કરશે. -મને ખાત્રી છે કે કાર્ય કરનાર જો શ્રદ્ધેય હશે તો યુવાન કાર્યકરો અને વાચકો મેળવવામાં, નબળાં પડી ગયેલાં પુસ્તકોને કમી કરવામાં, વિપુલ પ્રમાણમાં પુસ્તકો વધારવામાં તેમજ ગરીબ ભણીને ભૂલી જાય તેવી સામાન્ય પ્રજામાં વાચનનો બહોળો ફેલાવો કરવામાં પોતે જરૂર યશ પ્રાપ્ત કરશે.

ગામનું નામ	તાલુકાનું નામ	પુસ્તક સંખ્યા	વંચાયલા પુસ્તકો	વસ્તી	વાચકો
૧	૨	૩	૪	૫	૬
ઓરણા	કામરેજ	૧૮૮૫	૧૮૨૦×	૧૭૪૩	૫૩૪
અજરાપ	ગણદેવી	૮૮૮	૫૬૩×	૬૩૩	૨૫૬
કાછીઆવાડી	નવસારી	૧૩૬૫×	૪૨૮૭	૧૪૬૬	૩૩૪
ધામણ	,,	૧૧૮૩	૭૭૯×	૧૨૭૭	૨૭૫
નિમળાપ	,,	૨૯૫×	૧૮૨×	૪૫૬	૬૬
વેરમા	,,	૧૬૬૯	૬૩૨૩	૩૭૭૧	૪૬૫×
ઓડંચ	મહુવા	૩૬૪	૮૨૦	૪૯૩	૧૧૪
વલવાડા	,	૧૪૪×	૪૮૦	૧૨૨૫	૧૦૨×
ઉમરા	,,	૨૫૭×	૫૦૭	૧૪૮૬	૧૩૧×
કોસંબા	માંગરોળ	૧૭૪૬×	૫૩૪૬	૨૯૨૯	૭૬૫
પીપોદરા	,,	૧૦૧૧	૧૦૫૩×	૭૯૫	૫૩૦
વેળાછા	,,	૨૦૯૨	૨૫૭૦	૧૦૩૫	૩૨૧
માંગરોળ	,,	૨૭૭૯	૩૦૩૯	૨૦૬૮	૪૨૦

નવસારી પ્રાંતનાં પુસ્તકાલયોની હકીકત જોતાં ઘણાં ખરાં પુસ્તકાલયો માટે નબળો ખ્યાલ આવે છે. લેખકે નવસારી પ્રાંતમાં ગામડાંમાં ફરતાં પણ જોયું છે કે પુસ્તકોનો બંડોળ ત્યાં સારો નથી. પુસ્તકો તેના કારણે વિશેષ વંચાતાં નથી અને થોડાં સારાં પુસ્તકાલયોના કારણે પુસ્તકસંખ્યા વિશેષ જણાય છે. ઘણાંખરાં પુસ્તકાલયો વાચનાલયોની સ્થિતિમાં છે. ગામડાંના ગ્રંથપાલોએ દર વર્ષે પુસ્તકાલયની પ્રગતિ માટે નીચે પ્રમાણે તજવીજ કરવી જોઇએ અને રા. મહાલ શાળાધિકારી સાહેબો જે નિદાન ત્રણ વખત ગામે જાય છે તેઓ આ બાબતમાં કાર્યકરોને મળી પૂર્ણ ઉત્સાહ અને સંતોષથી તેમની પાસેથી કાર્ય લેશે એવી આશા છે.

(૧) પુસ્તકો પાછળ ઘણી મોટી રકમ ખર્ચવી, તેમાંથી દર વર્ષે

(અ) બાળકો માટે વિપુલ પ્રમાણમાં બાળવાચન વસાવવું,

(આ) ઊઠી ગયેલાં બાળકો ગમે તે વર્ગમાંનાં હોય તેમને નિદાન વર્ષમાં બે ત્રણ વખત નાની નાની ચોપડીઓ વાંચવા આપવી;

(ઇ) શાળામાં ભણતાં બાળકો માટે વાચન આપવું;

(ઈ) ધાર્મિક અને લોકભોગ્ય વાર્તાસાહિત્ય તેમજ જીવનચરિત્રો ખરીદવાં.

(૨) વાચકોની નોંધવહી બરાબર રખાવવી.

(૩) આપ-લે નોંધવહીમાં પુસ્તકો બરાબર નોંધાય તે જોવું.

(૪) કમી કરાવવા પાત્ર પુસ્તકો અને સામયિકો કબાટોમાં ભરાઈ રહ્યાં હોય તે દૂર કરાવવાં.

આશા છે કે આવતા વર્ષના કાર્યક્રમમાં રા. મહાલ શાળાધિકારી સાહેબો આ વસ્તુ ખાસ લક્ષમાં લેશે. અને પ્રાંતનાં તમામ પુસ્તકાલયો પોતાની પ્રગતિ સુધારવા પૂરતી મહેનત કરશે અને ગામડાની ગરીબ ભણેલી પ્રજાની ખરી સેવા કરશે.

મહેસાણા પ્રાંતનાં ગ્રામ પુસ્તકાલયો

મહેસાણા પ્રાંતનાં ગ્રામપુસ્તકાલયોના આંકડા તપાસતાં માલૂમ પડે છે કે પ્રાંતનાં પુસ્તકાલયોની સંખ્યાના પ્રમાણમાં કાર્યક્ષમ પુસ્તકાલયોની સંખ્યા ઉપર જણાવ્યા બન્ને પ્રાંત કરતાં ઘણી કમી છે. વળી આ પુસ્તકાલયોના પુસ્તકબંડોળ સાથે તેનાં વંચાયલાં પુસ્તકો જોતાં પણ સંતોષકારક પ્રગતિ જણાતી નથી અને પ્રત્યેક ગામની વસ્તીના પ્રમાણમાં તેમજ ભણેલાંઓની સંખ્યાના પ્રમાણમાં પુસ્તકાલયોનો ઉપયોગ કરનાર ઘણો થોડા છે. આશા છે કે વિદ્યાર્થીઓ, ઊઠી ગયેલાં બાળકો, અને બહેનોમાં વાચનપ્રચાર વધારવા આ ગ્રામપુસ્તકાલયોના મંત્રીઓ અને ગ્રંથપાલ ભાઇઓ આગળ આવશે અને તેમના પુસ્તકાલયમાં જીર્ણ અને જનતાને બીનઉપયોગનાં પુસ્તકો કમી કરાવતા રહેશે.

મહેસાણા પ્રાંતમાં થોડાં પુસ્તકાલયો જેનું કામ જોકે સર્વાંગ સુંદર તો નહિ કહી

શકાય, પણ બીજાઓ કરતાં કંઈક ઠીક હશે તેવાં ગામોની હકીકત આ નીચે આપી છે. તેમાં વ્યાસવાસણા અને ઘડીઆ તા. આતરસુંબા, સામેત્રા તા. મહેસાણા, બોરીસણા તા. કડી બાલીસણા તા. પાટણ તથા બહુચરાજી તા. ચાણસ્મા એ ગામોમાં સૌથી વધુ સારું વાચન થયાનું જણાયું છે.

ગામનું નામ	તાલુકાનું નામ	પુસ્તક ભંડોળ	વંચાયલાં પુસ્તકો	વસ્તી	વાચકો
૧	૨	૩	૪	૫	૬
વ્યાસવાસણા	આતરસુંબા	૬૭૯	૧૯૦૯	૬૫૪	૧૬૮
ઘડીઆ	,,	૩૦૭	૬૫૫	૮૨૬	૧૩૨
બોરીસણા	કડી	૫૫૯	૩૧૩૮	૯૦૭	૧૨૫
બહુચરાજી	ચાણસ્મા	૬૭૧૩	૫૨૯૯	૧૬૦૭	૨૬૮
બાલીસણા	પાટણ	૧૮૮૩	૩૦૨૦	૫૦૦૮	૪૮૦
સામેત્રા	મહેસાણા	૮૮૦	૧૩૨૦	૧૨૫૨	૫૪૪
બલોલ	,,	૧૮૪૮	૨૫૦૬	૨૫૮૩	૩૦૨
લાંઘણજ	,,	૧૮૩૬	૩૧૨૩	૪૨૬૬	૫૬૭
બિલોદરા	વિજાપુર	૧૩૩૧	૨૩૬૧	૩૨૨૩	૩૧૪
ગુંજા	વિસનગર	૩૭૭	૮૪૫	૨૬૫૦	૪૩૦
વાલમ	,,	૧૫૫૨	૨૭૬૬	૫૦૧૦	૪૬૫
કરલી	સિદ્ધપુર	૬૬૮	૨૦૨૬	૧૬૬૩	૫૬૬

ઉપરનાં પુસ્તકાલયોમાં પણ વાચકો વધુ પ્રમાણમાં આકર્ષાય તેવો ખાસ પ્રયાસ કરવા કાર્યકરોને મારી આગ્રહભરી વિનતિ છે અને ને માટે તેઓ નવીન વાચકોને સંતોષવા પૂરતી કાળજી રાખે એવી આશા છે.

આખા પ્રાંતમાં કાર્ય કરનાર માનદ પ્રચારકો, પગારદાર પ્રચારકો, ગ્રંથપાલ અને રા. તપાસનીસ સાહેબોને પોતાની ફેરણી દરમ્યાન નીચેની બાબતોમાં પોતે યથ કંઈ માર્ગ-દર્શક કાર્ય કરવા વિનતિ છે.

(૧) ગામડાના પુસ્તક ભંડોળમાંથી કચરો પુસ્તકો, જીર્ણ પુસ્તકો, બીનઉપયોગનાં પુસ્તકો તથા કચરા પાનવાળાં કે ઉધાંઈથી નુકસાન પામેલાં પુસ્તકો કમી કરાવવાં.

(૨) વંચાયલાં પુસ્તકોની સંખ્યા વર્ષ આખરે પુસ્તક ભંડોળથી નિદાન બમણી સંખ્યા થાય તે માટે પોતે સારાં પુસ્તકો શોધી તેનો પ્રચાર કરવામાં મદદરૂપ થાય.

(૩) બાળકોને કોઇ ગ્રંથપાલ કદીય ન વિસરે. નિદાન માસમાં એક વખત હરકોઇ ભણતા કે ભણેલા બાળકને મફત સાર્વજનિક પુસ્તકાલયમાંથી પુસ્તક

વાંચવા મળવું જોઇએ એવી શિસ્ત સર્વ પુસ્તકાલયોના ગ્રંથપાલો અને મંત્રીઓ સ્વીકારે.

(૪) સહકારના ધોરણે એક ગામથી બીજે ગામે મંત્રી કે ગ્રંથપાલ મારફત એક-મેકનાં સારાં પુસ્તકોના વાચનનો ફેલાવો કરે.

(૫) મકાનવાળાં પુસ્તકાલયો પોતાની કાર્યક્ષમતા જે ઘણી મંદ છે તે વધારે. સમાજસેવાની દૃષ્ટિએ પ્રજાને લાભદાયી રીતે કાર્ય કરવાથી પુસ્તકાલયને વધુ નાણાં મળશે.

વડોદરા પ્રાંતનાં પુસ્તકાલયો

મહેસાણાનાં પુસ્તકાલયો માટે જે મેં જણાવ્યું છે તે તમામ બાબતો વડોદરા પ્રાંતનાં પુસ્તકાલયો માટે પણ લાગુ પડે છે. વળી વિશેષમાં કહું તો વડોદરા પ્રાંતમાં જૂના વખતથી ચાલતાં ઘણાં પુસ્તકાલયો છે. મકાનવાળાં પુસ્તકાલયો પણ મહેસાણા જેટલાં જ છે. પરંતુ તેમની કાર્યક્ષમતા મહેસાણા જેટલી જ છે, એ ખરેખર શોચનીય છે. ત્રીસ વર્ષ પછી પણ જ્યારે પ્રજાકીય દૃષ્ટિએ કામ કરી મદદ મેળવવાની હોંશ રાખતાં પુસ્તકાલયો ગામના વીસ ટકા લોકોને પણ વાચકો બનાવી ન શકે ત્યારે તેના કાર્યકરોને પોતાના કામમાં ઘણી મોટી ખામીઓ છે એમ કબૂલ કરવું જ રહ્યું.

પુસ્તકાલયો વડોદરા રાજ્યમાં બે હેતુથી સ્થપાયાં છેઃ (૧) રૈયત ભણેલું ભૂલી ન જાય, (૨) નવું જ્ઞાન અને વિચારો મેળવી પોતાનું જીવન ઉચ્ચતર બનાવે.

આ બન્ને આશયો તો ત્યારે જ ફળે કે જ્યારે પ્રજાનો મોટો વર્ગ એ પુસ્તકાલયમાં આવતા લોકભોગ્ય સાહિત્યનો ઉપયોગ કરતો હોય. આશા છે કે આ સિદ્ધાંતોને અમલમાં લાવવા માટે વડોદરા પ્રાંતનાં પુસ્તકાલયોના ગ્રંથપાલો અને મંત્રી ભાઇઓ જરૂર સહકાર આપશે. આશા છે કે પુસ્તકાલયના ગ્રંથપાલ અને મંત્રીઓ બાળકોને પોતાનું કેન્દ્ર બનાવશે અને દરેક વર્ગના દરેક બાળકને નિદાન માસમાં એક વખત પુસ્તક તેને પસંદ હોય તેવું વાંચવા આપશે એવી આશા છે. ગરીબ બહેનો અને ખેડૂતોમાં પણ પુસ્તકાલયનાં જૂનાં માસિકો, અઠવાડિકો અને પુસ્તકોના વાચનનો બહોળો ફેલાવો કરશે જીર્ણ માસિકો, નિરૂપયોગી પુસ્તકો, સામાન વગેરે કમી કરાવશે અને પુસ્તકો પાછળ પૂરતાં નાણાં ખર્ચશે.

વડોદરા પ્રાંતમાં સારાં પુસ્તકાલયોની સંખ્યા પણ ઘણી જ જૂજ છે. મારી નજરે જે થોડાં છે તે આ નીચે આપું છું. મકાનવાળાં પુસ્તકાલયોમાં વ્યવસ્થાનું સ્વરૂપ ઘણે સ્થળે કથળ્યું છે. નિયમિતતા અનિયમિતતામાં પરિણમી છે. આ દુઃખદ બીના હજી ત્યાંના જુવાન કામ કરનારા અને મદદ આપનારા વડીલવર્ગો વહેલી તકે સમજે તો સારું છે; નહિ તો પુસ્તકાલયો પોતાની સ્વતંત્રતા ગુમાવશે એ નિઃસંશય છે. આશા છે કે એ પુસ્તકાલયો પોતાનું કાર્ય આ લેખમાં જણાવેલી કાર્ય-ક્ષમતાની દૃષ્ટિએ વિચાર કરી પોતાની ઊણપો દૂર કરશે.

ગામનું નામ	તાલુકાનું નામ	પુસ્તક ભંડોળ	વંચાયલાં પુસ્તકો	વસ્તી	વાચકો
૧	૨	૩	૪	૫	૬
પીપળોઇ	તા. ભાદરણ	૬૪૨	૧૯૮૧	૧૫૩૦	૨૫૮
પિસાઇ	તા. ડભોઇ	૩૮૧	૫૫૮	૬૨૭	૧૮૬
સાઠોદ	,,	૫૮૨	૯૧૦	૧૮૨૭	૨૬૧
બુજેઠા	તિલકવાડા	૩૧૬	૪૬૨	૫૧૫	૧૧૨
વહુ	પાદર	૧૮૦૪	૨૪૧૩	૨૬૧૫	૬૦૦
ચાંગા	પેટલાદ	૨૧૧૧	૨૫૧૬	૩૦૮૮	૯૨૦
બાકરોલ	,,	૨૫૦૮	૩૪૭૬	૩૪૮૪	૫૮૨
છાણી	તા. વડોદરા	૪૬૯૨	૫૪૫૩	૪૬૪૮	૬૬૨
બીલ	,,	૨૨૫૫	૨૦૧૪	૧૩૨૧	૨૮૭
સમસાબાદ	,,	૨૬૬	૩૭૧	૪૩૭	૧૧૫
જરોદ	વાઘોડીઆ	૧૪૦૩	૨૦૧૫	૧૬૦૦	૨૬૨
રવાલ	,,	૧૦૭૪	૧૪૪૫	૬૮૧	૧૭૬
તેનતલાવ	શિનોર	૧૧૩૨	૧૬૦૬	૧૪૪૮	૨૨૫
સાઢલી	,,	૧૦૬૪	૧૪૦૬	૨૭૩૬	૨૬૬
વાસણા	સંખેડા	૬૫૨	૧૨૩૪	૧૬૬૬	૨૫૦
હરેશ્વર	,,	૨૪૧	૪૦૭	૫૭૩	૧૧૨
પોઇચા	તા. સાવલી	૪૩૨	૮૬૪	૧૦૧૭	૧૫૩
ડેસર	,,	૧૧૬૩	૧૩૭૨	૨૨૭૦	૩૪૪

ઉપરનાં પુસ્તકાલયો પણ પોતે વાચકો વધારવા તથા બાળકોથી ભણેલું ભૂલી ન જવાય તે માટે પોતાનું બનતું કરતા રહી આ સંસ્કારિક પ્રવૃત્તિને વેગ આપવા પૂરતા પ્રયાસો કરશે એવી આશા છે. બીજાં ગ્રામ પુસ્તકાલયો પૈકી વરણામા તા. વડોદરા અને રણોલી તા. ભાદરણમાં પુસ્તકસંગ્રહો ઘણા મોટા છે. પરંતુ વંચાયલાં પુસ્તકો અને વાચકોની સંખ્યા જોતાં તે ખાસ નોંધપાત્ર થતા નથી. ૫૧૧ પુસ્તકાલયોમાંથી માત્ર આટલાં જ પુસ્તકાલયો પોતે કંઇક ઠીક કામ કરતાં પોતાના વાર્ષિક નિવેદનમાં જણાવે છે તેનું મૂળ કારણ તો વર્તમાનપત્રો પાછળ અઢળક ખર્ચ અને સામાન્ય ગરીબ વર્ગમાં સારા ધાર્મિક, નીતિ અને વાર્તાનાં તેમ જ બીજા ધંધાનાં ઉપયોગી પુસ્તકોનો ઓછો પ્રચાર તથા મકાનવાળાં કે સ્વતંત્ર રીતે ચાલતાં પુસ્તકાલયોની બાળકો તરફ નિષ્કાળજી છે. મને ખાતરી છે કે આ આખો લેખ વાંચ્યા પછી મારા મિત્રો પોતાના આ નિઃસ્વાર્થ સેવાકાર્યમાં ખરા ઉદ્દેશને તે બર લાવવા માટે જ સાર્વજનિક નાણાંનો સદુપયોગ કરવા પ્રેરાશે.

ઉમેદભાઇ મોતીભાઇ પટેલ

પ્રાંત પુ૦ મંડળોની સભાઓ ને હેવાલો

૧. વડોદરા પ્રાંત પુ૦ મંડળની વાર્ષિક સભા

વડોદરા પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા તા. ૨૭-૯-૪૨ ના રોજ બપોરના એક વાગે, સેન્ટ્રલ લાઇબ્રેરીમાં, મંડળના પ્રમુખ શ્રી. જયવતીબહેન ન. દેસાઇ હાજર નહિ રહી શકવાના કારણે, પેટલાદની રાજરત્ન મિલ્સના મેનેજર શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહના પ્રમુખપણા નીચે ભરાઇ હતી. તે પ્રસંગે કરજણ મહાલમાંથી મહાલ શાળાધિકારી શ્રી. શાન્તિલાલ પી. શાહ, તથા ઉરદના શ્રી. પુરષોત્તમ કા. પટેલ; વડોદરા મહાલમાંથી માણેજના શ્રી. છોટાભાઇ રા. પટેલ; શિનોર મહાલમાંથી છાણભોઇના શ્રી. હરિભાઇ શંકરભાઈ; પેટલાદ મહાલમાંથી માણજના શ્રી. જયશંકર મ. પાઠક; પાદરા મહાલમાંથી વણછરાના શ્રી. ચતુરભાઇ ના. પટેલ તથા રા. પુ. મં. ના વ્ય. સભ્યોમાંથી પેટલાદના શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ; વસોના શ્રી રામભાઇ કા. પટેલ અને શિનોરના શ્રી. નટવરલાલ ગિ. શાહ અને તે ઉપરાંત પુ. સ. સ. મંડળના મંત્રી શ્રી. વાઘજીભાઇ ના. અમીન; 'પુસ્તકાલય' માસિકના તંત્રી શ્રી. મણિલાલ વ્યાસ તથા રા. પુ. મં. ના સહમંત્રી શ્રી. ચોકસી; રાજ્ય પ્રચારક શ્રી. વલ્લભભાઈ અને પ્રાંત પ્રચારક શ્રી. છગનભાઇ વગેરે પણ હાજર હતા.

આ સભામાં થયેલા ઠરાવો નીચે મુજબ છે:—

ઠરાવ ૧—તા. ૨૮-૯-૪૧ ની વાર્ષિક સભામાં થયેલા કામકાજની મિનિટબૂક જે વાંચવામાં આવી તેને બહાલી આપવામાં આવી છે.

ઠરાવ ૨—પ્રાંત પ્રચારક શ્રી. છગનભાઇ મ. પટેલના પ્રોવિડંટ ફંડ ખાતે જે રૂ. ૧-૧૪-૦ નો ખર્ચ થયો છે તે મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ ૩—સન ૪૧-૪૨ નો વાર્ષિક અહેવાલ અને હિસાબ સર્વાનુમતે મંજૂર કરવામાં આવે છે.

ઠરાવ ૪—સન ૪૨-૪૩ ના વર્ષ માટે નીચે પ્રમાણે પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી, ઉપમંત્રી તથા વ્ય. મં. ના સભ્યો ચૂંટવામાં આવે છે.

પ્રમુખ—શ્રી. જયવતીબહેન ન. દેસાઇ, **મંત્રી**—શ્રી. ચિમનભાઇ હ. અમીન
ઉપપ્રમુખ—શ્રી. હરિવલ્લભદાસ ચુ. શાહ **ઉપમંત્રી**—શ્રી. છોટાભાઇ રા. પટેલ
વ્ય. મં. ના સભ્યો—શ્રી. શાન્તિલાલ પી. શાહ, શ્રી. ચતુરભાઇ ના. પટેલ, શ્રી. જયશંકર મ. પાઠક, શ્રી. પુરુષોત્તમ કાશીભાઇ, શ્રી. હરિભાઇ શંકરભાઇ ઉપરાંત વડોદરા પ્રાંતના, રા. પુ. મં. ના વ્ય. મં. ના સભ્યો.

ઠરાવ ૫—સન ૪૨-૪૩ નું નીચે પ્રમાણે અંદાજ મંજૂર કરવામાં આવે છે:

જમા		ઉધાર	
૧૩-૦-૦	શિલક	૧૪-૦-૦	છપામણી
૧૩૦-૦-૦	ફાળવણી	૧૦-૦-૦	કંટીજંટ-પોસ્ટેજ
૨૪૫-૦-૦	રા. પુ. મં. ની મદદ	૧૪-૦-૦	મંત્રીનો પ્રવાસખર્ચ
		૩૫૦-૦-૦	પ્રાંત પ્રચારકનો માસ ૮ નો પગાર, પ્રો. ફંડ, કંટીજંટ અને પોસ્ટેજ
૩૮૮-૦-૦		૩૮૮-૦-૦	

ઠરાવ ૬—હાલના પ્રસંગો જોતાં, પ્રાંત૦ પરિષદ ભરવાનું મોકૂફ રાખવાનું ઠરાવવામાં આવે છે. અને સંજોગો સુધર્યે પ્રાંત પરિષદ અગેનું તમામ કાર્ય કરી લેવા પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને ઉપમંત્રીને સત્તા આપવામાં આવે છે.

ઠરાવ ૭—સ્વ. શ્રી. મો. ન. અમીન સાહેબના જીવનચરિત્રનું મોટું પુસ્તક, વડોદરા પ્રાંતનું એકએક પુસ્તકાલય અપનાવે એવું વડોદરા પ્રાંત પુ. મંડળની આ સભા ઇચ્છે છે.

ઠરાવ ૮—પુસ્તકોની ગોઠવણી બાબતમાં, પુસ્તકાલય ખાતાએ પ્રસિદ્ધ કરેલ સૂ. નં. ૧૩ નું ધોરણ, ૧૦૦૦ ની અંદરની પુસ્તકસંખ્યાવાળાં પુસ્તકાલયો માટે મરજિયાત ઠરાવવું, એમ આ સભા પુસ્તકાલય ખાતાને વિનંતિ કરે છે.

ઠરાવ ૯—પ્રાંત પ્રચારક એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં જાય ત્યારે વિશેષ બક્ષીસ જે રૂ. ૫) આપવામાં આવે છે તે ચાલુ રાખવાને આ સભા રા. પુ. મં. નેં ભલામણ કરે છે.

ઠરાવ ૧૦—સન ૪૨-૪૩ માં રાજ્ય પુ. મંડળ તરફથી આવનારી ફાળવણી, જે તે મહાલ મંડળોને, તેમના તરફથી પાછલી સાલનો હિસાબ-નિવેદન આવે અદા કરવા મંત્રીઓને સત્તા આપવામાં આવે છે.

સન ૧૯૪૧–૪૨ નો હેવાલ તથા હિસાબ

સ્થાપના અને ઉદ્દેશ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળના છેવટના બંધારણને અનુસરીને, સન ૧૯૩૦–૩૧ થી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. અને તેનો ઉદ્દેશ રાજ્ય પુ. મંડળના જે ઉદ્દેશો છે તેને પોતાના પ્રાંત પૂરતા અમલમાં મૂકવા તે છે.

મંડળનું કાર્ય

મહાલ પુસ્તકાલય મંડળો

રાજ્ય પુ. મંડળના ઉદ્દેશ પ્રમાણે, વડોદરા પ્રાંતના અગિયારે મહાલોમાં, મહાલ પુ. મંડળ સ્થપાઇ ચૂકયાં છે. અને તે દરેક નીચે જણાવેલાં કંઇ ને કંઇ કાર્ય કરતાં પણ થઇ ગયાં છે. આ વર્ષમાં તિલકવાડા અને સંખેડા મહાલ પુ. મંડળ સિવાયના તમામ મહાલ મંડળોએ પોતાની વાર્ષિક સભાઓ ભરી હતી તથા તમામ મહાલ મંડળોએ પોતાનું નિવેદન અને હિસાબ પણ અત્રે મોકલવી આપ્યાં હતાં.

મહાલ મંડળોનું સામાન્ય કાર્ય નીચે પ્રમાણે છે:—

(૧) જે વર્ષે રાજ્ય વા પ્રાંત પરિષદ ભરાય તે સિવાયના દરેક વર્ષે મહાલ પરિષદ ભરવી;

(૨) દર વર્ષે વિદ્યાર્થીઓ માટે શિષ્ટ વાચનની એક પરીક્ષા લેવી;

(૩) રાજ્ય પુ. મંડળ તરફથી મોટાંઓ માટે લેવાતી શિષ્ટવાચનની પરીક્ષાનો, દરેક જૂથ મંડળ ઉપર સૂચના કાઢી પ્રચાર કરવો તથા પરીક્ષાના પુસ્તકની માગણી આવતાં તે પૂરી પાડવાની તજવીજ કરવી;

(૪) શાળાવાળા પુસ્તકાલય વિનાના ગામે પુસ્તકાલય ઉઘાડવા પ્રયત્ન કરવો;

(૫) જૂથ મંડળોને જાગ્રત કરવાં, તેમની વાર્ષિક સભાઓ ભરાવવી, જૂથમાં આવેલાં

પુસ્તકાલયો પાસે સહકારના ધોરણે બજેટ બનાવડાવવાં તથા જૂથ મંડળોને જે કાર્ય કરવાનાં જણાવ્યાં છે તેનો અમલ કરાવવો;

(૬) જ્યાં શકય હોય ત્યાં 'ગ્રામ વાચક મંડળ' સ્થાપવા યત્ન કરવો.

૨. જૂથ પુ. મંડળો

કેળવણી ખાતાએ શાળાઓ માટેનાં જે સેન્ટરો ગોઠવ્યાં છે તે જ સેન્ટરોને રાજ્ય પુ. મંડળની ભલામણથી પુસ્તકાલય ખાતાએ જૂથ મંડળ તરીકે સ્વીકાર્યાં છે. આવાં જૂથ મંડળો વડોદરા પ્રાંતમાં ૧૫૫ છે. આમાંથી સાવલી મહાલમાં ડેસર, વેજપુર, વેમાર; પાદરા મહાલમાં સોખડા રાધુ, દરાપુરા અને રણુ; કરજણ મહાલમાં બચાર; ભાદરણ મહાલમાં ભાદરણ; વડોદરા મહાલમાં આંસોજ, મકરપુરા, સોખડા, દશરથ અને વરણામા; સંખેડા મહાલમાં ઠોસિંદ્રા; પેટલાદ મહાલમાં વસો, સોજીત્રા અને પેટલાદ; અને શિનોર મહાલમાં શિનોર મળી કુલ ૧૮ જૂથ મંડળોએ પોતાના જૂથની વાર્ષિક સભાઓ ભરી છે. બીજાં કેટલાંક જૂથ મંડળોએ સભાઓ ભરી હશે; પણ તેના અહેવાલો આવ્યા નહિ હોવાથી તેની નોંધ લીધી નથી. જૂથ મંડળોની જાગૃતિ કેટલા પ્રમાણમાં છે તે આ આંકડા ઉપરથી આપ સૌ કોઇને સારી પેઠે સમજાશે. મહાલ મંડળોના હાથ–પગ, જૂથ મંડળો, જો કાર્ય કરતાં નહિ થ જાય તો મહાલ મંડળોનું કાર્ય બરાબર દીપી શકવાનું નથી, અને એમાં જોઇએ તેટલી સફળતા પણ મેળવી શકવાના નથી; જેથી મહાલ મંડળો આ પ્રશ્ન ખાસ વિચારે અને જૂથ મંડળોને જાગ્રત કરવા ખાસ પ્રયત્ન કરે એવી આશા છે.

જૂથ મંડળોનું કાર્ય નીચે પ્રમાણે છે:—

(૧) જે તે જૂથ મંડળ વાર્ષિક સભા ભરે અને તેનું નિવેદન મહાલ, પ્રાંત તથા રાજ્ય મંડળ તરફ મોકલી આપે.

(૨) જૂથમાં આવેલા એકે એક પુસ્તકાલય–વાચનાલયનું વાર્ષિક નિવેદન ભરાવે તથા સહકારના ધોરણે બજેટ બનાવડાવે અને તે તમામ એકત્ર કરી ખાતા તરફ મોકલી આપે.

(૩) જૂથમાં આવેલાં શાળાવાળાં પુસ્તકાલય વિનાના ગામે પુસ્તકાલય ખોલવા પ્રયત્ન કરે.

(૪) જૂથમાં આવેલાં એકે એક પુસ્તકાલયની વાર્ષિક તપાસણી કરે.

(૫) મહાલ તથા રાજ્ય પુ. મંડળ તરફથી લેવાતી શિ. વા. પરીક્ષાઓનો પ્રચાર કરે.

(૬) જ્યાં શકય હોય ત્યાં 'ગ્રામ વાચક મંડળ' સ્થાપવા પ્રયત્ન કરે.

૩. મહાલ પરિષદો

આ વર્ષમાં ફકત પેટલાદ અને સાવલી એ બે જ મહાલ મંડળોએ મહાલ પરિષદ ભરી છે, જ્યારે બીજા મહાલો મોંઘવારી અને બીજી કેટલીક પ્રતિકૂળતાઓના કારણે મહાલ પરિષદો ભરી શકયા નથી.

૪. પગારદાર અને માનદ પ્રચારકો

પ્રાંત તરફથી પગારદાર પ્રચારક રોકવાની યોજના છેલ્લા છ વર્ષથી શરૂ કરવામાં આવી છે. આ વર્ષે પણ પ્રચારક તરીકે ચાલુ રહેલા ભાઇ છગનભાઇ મ. પટેલે વડોદરા મહાલનાં ૫, પાદરા મહાલનાં ૬૬, કરજણ મહાલનાં ૭, શિનોર મહાલનાં ૪૧, ડભોઇ

મહાલનાં ૪૮ અને વાધોડીઆ મહાલનાં ૨ મળી કુલ ૧૬૯ પુસ્તકાલય–વાચનાલયની તપાસણી કરી છે.

આ સિવાય વડોદરા મહાલ માનદ પ્રચારક શ્રી. છોટાભાઇ રાયજીભાઇ પટેલે ૭, સાવલી મહાલ માનદ પ્રચારક શ્રી. છગનલાલ સોમેશ્વર જોશીએ ૧૧, અને શ્રી. સોમાભાઇ ગડબડભાઇએ ૫ તથા પાદરા મહાલ માનદ પ્રચારક શ્રી. ચતુરભાઈ નારણભાઇ પટેલે ૬ અને ભાદરણ મહાલ માનદ પ્રચારક શ્રી. અંબાલાલ દ્વારકાદાસે ૪ મળી કુલ ૩૩ પુસ્તકાલયોની તપાસણી કરી છે. બીજા મહાલોમાં પણ નિમાયલા માનદ પ્રચારકોએ કામગીરી કરી હશે, પણ તેઓની ડાયરી અત્રે આવી નહિ હોવાથી, તેનો ઉલ્લેખ થઇ શક્યો નથી.

૫. પુસ્તકાલયપર્વણી

ગામડાંના લોકોને પુસ્તકાલય પ્રવૃત્તિમાં રસ લેતા કરવાને, આ ' પર્વણી દિન ' ઉજવવાની ખાસ જરૂર છે. આ વર્ષમાં શિનોર મહાલમાં શિનોર અને અવાખલ; કરજણ મહાલમાં કંડારી; તિલકવાડા મહાલમાં કરનાળી ખુજેઠા; વડોદરા મહાલમાં વરણામા; પેટલાદ મહાલમાં વસો; પાદરા મહાલમાં સાંગમા અને સાવલી મહાલમાં વેજપુર એ ૬ ગામોએ 'પર્વણીદિન' ઉજવવામાં આવ્યો હતો. બીજાં સ્થળોએ પણ ઉજવાયો તો હશે. પણ તેના અહેવાલ અહીં ન આવવાથી, તેની નોંધ લઈ શકાઇ નથી.

આ વર્ષમાં એકે એક મહાલ અને જૂથ મંડળો ' પર્વણીદિન ' ઉજવવા માટેનો સારા પ્રમાણમાં પ્રચાર કરશે એવી આશા છે.

૬. શિષ્ટ વાચનની પરીક્ષા

જનતામાં શિષ્ટ વાચનનો પ્રચાર બહોળા પ્રમાણમાં થાય તે માટે રાજ્ય પુ. મંડળ તરફથી શિ. વા. નાં પુસ્તકોની પરીક્ષા લેવાની યોજના અયાગિર વર્ષથી ચાલુ કરેલી છે. નિવેદનના વર્ષમાં રાજ્ય પુ. મંડળે ' સ્મરણયાત્રા ' અને ' સ્વર્ગોનું દોહન ' એ બે પુસ્તકોની પરીક્ષા લીધી હતી. આ પરીક્ષામાં વડોદરા પ્રાંતના અનુક્રમે ૪૪ અને ૨૬ ભાઇબહેનોએ લાભ લીધો છે. આ વર્ષે પાદરા, વડોદરા, ભાદરણ અને શિનોર એ મહાલ મંડળોએ પણ વિદ્યાર્થીઓ માટે રા. પુ. મં. ના ધોરણે સ્વતંત્ર પરીક્ષાઓ લીધી હતી. પ્રાંતનાં બીજાં મહાલ મંડળો પણ આવી પરીક્ષાઓ લેવાનું કાર્ય હાથ ધરશે એવી આશા છે.

૭. ગ્રામ વાચકમંડળ

પુસ્તકાલયના વાચકો વધે અને તે નિયમિતપણે શિષ્ટ પુસ્તકો વાંચતા થાય, એ હેતુથી વડોદરા રાજ્ય પુ. મંડળે ' ગ્રામ વાચકમંડળ 'ની યોજના પ્રસિદ્ધ કરી છે. આ યોજના નીચે પ્રમાણે છે:—

(૧) અઠવાડિયામાં નિદાન એક ચોપડી વા ૨૦૦ પૃષ્ઠો જેટલું વાચન કરવાની ટેક લેનારા શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અન્ય વાચકોનું આ મંડળ બને,

(૨) મંડળના સભાસદો દર અઠવાડિયે વા પખવાડિયે ભેગા મળે અને તે મુદ્દત દરમ્યાન પોતે શું વાંચ્યું, કેટલું વાંચ્યું, શું સમજ્યું, શું ગમ્યું, શું ન ગમ્યું એ બાબતો વિષે છૂટથી વિવરણ અને ચર્ચા કરે. ઉપયોગી વિષયપર નિબંધવાચન પણ કરી શકાય.

૩ રાત્રે રાત્રે પ્રચારપાત્ર ઉપયોગી પુસ્તકોના વાચનવર્ગો પણ ફળિયાવાર ઉત્સાહી વાચકો દ્વારા યોજી શકાય.

૪ સ્ત્રીઓ, બાળકો તેમજ વૃદ્ધ જનોની વાચનરસ જાગ્રત કરી, તેમને વાચનસાહિત્ય ઘેર બેઠાં પૂરું પાડવાના માર્ગ યોજાય.

આ યોજના નિવેદનના વર્ષમાં જે પ્રસિદ્ધ થઈ હોઈ હજુ જોઇએ તેટલો એ દિશામાં પ્રચાર કરી શકાયો નથી. આશા છે કે, મહાલ અને જૂથ મંડળો આ યોજનાને સારી પેઠે સમજી લઇ, જ્યાં શક્ય હોય ત્યાં ગ્રામ વાચક મંડળ સ્થાપવા જરૂર પ્રયત્ન કરે.

નવીન પુસ્તકાલયો

પેટલાદ, બાદરણ, સિનોર, ડભોઈ અને કરજણ આ પાંચે મહાલોમાં શાળાવાળા એકે એક ગામે પુસ્તકાલયો ઉઘડી ચૂકયાં છે. એટલે હવે બાકીના ૬ મહાલોમાં, એ દિશામાં પ્રયત્નો કરવાના રહે છે. નિવેદનના વર્ષમાં વડોદરા મહાલમાં ૬, પાદરા મહાલમાં ૪, સાવલી મહાલમાં ૧, વાઘોડિયા મહાલમાં ૧, તિલકવાડા મહાલમાં ૨, સંખેડા મહાલમાં ૧ અને ડભોઇ મહાલમાં ૧ મળી કુલ ૧૩ નવીન પુસ્તકાલયો ઉઘડતાં વર્ષ આખરે ૨૬ ગામ બાકી રહે છે. આ ગામોની મહાલવાર યાદી પરિશિષ્ટ ૧માં આપી છે. આશા છે કે, નવીન વર્ષમાં જે તે મહાલ તથા જૂથ મંડળના કાર્યકરો પોતાના બાબતમાં બની શકે તેટલાં ગામોમાં નવીન પુસ્તકાલયો ઉઘાડવા પ્રયત્ન કરશે.

૯ ફરતા પુ. ની પેટીઓ

શેઠશ્રી ચિમનલાલ ગિ. ઝવેરચંદ લક્ષ્મીચંદ તરફથી મળેલી રકમ પર સરકાર, પંચાયત મદદ મેળવી બનાવેલી ફ. પુ. ની પુસ્તકો સાથેની પેટીઓ, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી આવેલાં પુસ્તકોની પેટીઓ અને કરજણ મહાલ માટે શ્રી. આનંદકુંવરબા તરફથી અપાયલાં પુસ્તકોની પેટીઓનો ઉપયોગ જે તે સ્થળે સારા પ્રમાણમા થઇ રહ્યો છે.

૧૦ પ્રાંત અને મહાલ મંડળોની ફાળવણી

પ્રાંત અને મહાલ મંડળોને પોતાની પ્રવૃત્તિ અંગે થતા ખર્ચને પહોંચી વળવા સારૂ, રા. પુ. મંડળ તરફથી જે ફાળવણી મળે છે તે નિવેદનના વર્ષમાં રૂા. ૫૧૦-૧૦-૨ ની મળી હતી. આમાં રૂા. ૧૨૭-૧૧-૦ પ્રાંત મંડળને પોતાને માટે અને રૂા. ૩૮૭-૧-૦ મહાલ-મંડળો માટે આવેલા હતા, જે મહાલ મંડળોને પૂરેપૂરા પરિશિષ્ટ ૨ માં જણાવ્યા પ્રમાણે અદા કરવામાં આવ્યા છે.

આભાર

વખતોવખત સલાહ અને સૂચના આપવા બદલ પુસ્તકાલય ખાતાના અધિકારી સાહેબો, રા. પુ. ના મંત્રીઓ તથા પોતાના મહાલમાં સેવાવૃત્તિથી પુસ્તકાલયોની તપાસણી કર્યા બદલ માનદ પ્રચારકોનો અને આ સિવાય એક યા બીજી રીતે જે જે ભાઇઓએ મદદ આપી છે તે સર્વેનો આભાર માનવામાં આવે છે.

(સહી) સૌ. જયવતી દેસાઇ
પ્રમુખ
વડોદરા પ્રાંત પુ. મંડળ.

પરિશિષ્ટ ૧ લું

શાળાવાળાં પુસ્તકાલય વિનાનાં ગામો : ૨૬

વડોદરા મહાલ ૭

૧ અંપાડ ૩૪૩
૨ કપુરાઇ ૪૮૦
૩ કોટણા ૫૦૦
૪ ખલીપુર ૩૪૦
૫ કોસિંદ્રા ૩૦૦
૬ રાધવપુરા ૩૬૭
૭ મોચીયાપુરા

પાદરા મહાલ ૧

૧ મદાપુર ૨૬૫

તીલકવાડા મહાલ ૧

૧ જેમલગઢ ૨૯૮

સાવલી મહાલ ૭

૧ આણંદીનું મુવાડું ૩૩૪
૨ કડાછલા ૩૪૪
૩ કુનપાડ ૫૦૭
૪ ધંટિયાળ ૫૮૧
૫ જાંબુગોરલ ૩૨૬
૬ રાસાવાડી ૨૫૪
૭ વેમાર ૪૬૦

વાઘોડીઆ મહાલ ૭

૧ અડીરણ ૪૯૧
૨ અલવા ૫૦૧
૩ આમોદર ૬૬૫
૪ કુમેટા ૫૪૫
૫ તરવા ૬૪૧
૬ ફલોડ ૫૦૪
૭ મછલીપુરા ૩૫૦

સંખેડા મહાલ ૩

૧ કાળી તલાવડી ૩૨૭
૨ લોટિયા ૨૯૬
૩ સુરિયા ૨૩૧

પરિશિષ્ટ ૨ જું

મહાલ મંડળોની ફાળવણી

નીચે પ્રમાણે જે તે મહાલ મંડળોની ફાળવણી, રાજ્ય પુ. મંડળ તરફથી પ્રાંત પુ. મંડળને મળેલી તે જે તે મહાલ મંડળને પૂરેપૂરી અદા કરવામાં આવી છે.

૧ કરજણ	૫૧-૧૨-૦	૫ પેટલાદ	૮૪-૧૫-૦	૯ શિનોર	૩૦- ૬-૦
૨ ડભોઇ	૨૫-૧૪-૦	૬ ભાદરણ	૨૯-૧૨-૦	૧૦ સંખેડા	૩૩-૧૨-૦
૩ તિલકવાડા	૪- ૮-૦	૭ વડોદરા	૩૯- ૬-૦	૧૧ સાવલી	૨૪-૧૨-૦
૪ પાદરા	૪૧-૧૦-૦	૮ વાઘોડિયા	૧૬- ૫-૦		૩૮૩- ૧-૦

પરિશિષ્ટ ૩ જું

સન ૪૧-૪૨ નો હિસાબ

જ	ઉ
૬૭-૮-૦ પાછલી સાલની સીલક ૧૮-૮-૯ પ્રાંત મંડળની ૪૮-૭-૩ ફ. પુ. પેટીઓ ખાતેની બચત	૩૨૯-૧૨-૬ પ્રાંત પ્રચારકનો પગાર તથા મુસાફરી ખર્ચ ૧-૧૪-૦ પ્રાંત પ્રચારકના પ્રોવિડંટ ફંડના ૧-૪ ૬ પોસ્ટેજ ખર્ચ
૨૦૦-૦-૦ વડોદરા રાજ્ય પુ. મંડળ તરફથી પ્રાંત પ્રચારકના ખર્ચ ખાતે મદદના	૩૩૨-૧૫-૦
૨-૮-૦ ફ. પુ. ની પેટીઓની બચત ખાતેઃ ઇસ્યુ બુકો વેચી તેના	૬૪-૪-૦ વર્ષ આખરની શિલક ૧૩-૪-૯ પ્રાંત મંડળની ૫૦-૧૫-૩ ફ. પુ. ની પેટીઓ ખાતે બચત
૧૨૭-૧૧-૦ રા પુ. મંડળ તરફથી મળેલી ફાળવણી	૩૯૭-૦-૦
૩૬૭-૧-૦	

૨. નવસારી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા

નવસારી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા, તા. ૬-૯-૪૨ ના રોજ રાખવામાં આવેલી, પણ તે દિવસે કોરમ નહિ થવાથી, તા. ૧૩-૯-૪૨ ના રોજ નોનકોરમ સભા, રા. રા. નવસારી પ્રાંત શાળાધિકારી શ્રી. ભાલચંદ્ર વ્યાસ સાહેબના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી. આ સભામાં રા. નવસારી મહાલ શાળાધિકારી સાહેબ રા. ઉમિયાશંકર જે. મહેતા; રા. રાજેન્દ્રપ્રસાદ જ. મજમુદાર; રા. મંત્રી સા. પુ. આમલા; તથા રા. શંકરલાલ નાથજી દવે વગેરે પણ હાજર હતા.

આ સભામાં થયેલા ઠરાવો નીચે મુજબ છે:

ઠરાવ ૧—વાર્ષિક હેવાલ તથા હિસાબ : સભા સમક્ષ પ્રમુખ સાહેબે જે વાંચી સંભળાવ્યો તે મંજુર કરવામાં આવે છે.

દર: મૂ.—રા. રા. **શ્રી નવસારી મહાલ શાળાધિકારી સાહેબ,** ટેકો—રા. રા. **ઉમિયાશંકર જે. મહેતા**

ઠરાવ ૨—નવા વરસ માટે વ્યવસ્થાપક કમિટિ : પ્રમુખ, મંત્રીઓ વગેરે નીચે પ્રમાણે નીમવામાં આવે છે:—પ્રમુખ : રાજરત્ન કનૈયાલાલ જ. મજમુદાર; મંત્રીઓ : રા. રા. મગનલાલ છ. દેશાઇ, રા. રા. કસનજી દયાલજી દેશાઇ. સભાસદો : રા. રા. કાવસજી એદલજી ગણદેવિયા, (ગણદેવી) રા રા. મણિલાલ હરિલાલ મોદી, (વેલાછા) રા. રા. નવસારી પ્રાંત શાળાધિકારી સાહેબ, (નવસારી) નવસારી મહાલ શાળાધિકારી સાહેબ. (નવસારી) રા. રા. કામરેજ મહાલ શાળાધિકારી સાહેબ, [(ગણદેવી) રા. રા. ગોકલભાઇ લાલભાઇ ધામણ, (નવસારી) રા રા. કાકોરભાઇ નારણજી દેશાઇ, (કઠોર, કામરેજ)

દા. મૂ.—રા. રા. **ઉમિયાશંકર જે. મહેતા,** અનુ.—**શંકરલાલ નાથજી દવે,**

ઠરાવ ૩—નવા વર્ષનું અંદાજ બજેટ મંજુર થયા.

જમા		ઉધાર	
૩૦-૪-૮	શ્રી પુરાંત બાકી	૫૦-૦-૦	શ્રી પ્રચારકના પગાર બાબે પ્રોવિડન્ડ ફંડ ખાતે
૪૦-૦-૦	વડોદરા રા. પુ. મંડળના ફાળાના	૩૦-૪-૮	શ્રી કન્ટીજન્ટ ખરચ બાકી
૨૫-૦-૦	વ. રા પુ. મંડળ તરફથી મદદના	૧૫-૦-૮	મુસાફરી વગેરે
૯૫-૪-૮		૯૫-૪-૮	

ઠરાવ ૪—ચાલુ સાલે પ્રાંત પરિષદ ભરવા માટેની યોગ્યતા-અયોગ્યતાનો વિચાર કરી, પરિષદો ભરવાનું મોકુફ રાખવું. આગળ ઉપર સવડે ભરવી

દા. મૂ.—રા. રા. **નવસારી મહાલ શાળાધિકારી સાહેબ,** દા. ટેકો—રા. રા. **ઉમિયાશંકર જે. મહેતા,**

ઠરાવ ૫—બે પ્રાંત વચ્ચે એક પ્રચારક રોકવો : તથા તેનો ખર્ચ પ્રાંત મંડળની સ્થિતિ અનુસારે વડોદરા રા. પુ. મંડળમાંથી પાડવો.

દા. મૂ.—રા. રા. **ઉમિયાશંકર જે. મહેતા,** દા. ટેકો—રા. રા. **મંત્રી સા. પુ. આમ રી.**

ઠરાવ ૬—પ્રચારક પોતાના મુખ્ય પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં બદલાય તો તેને માસિક રૂા. ૫) વિશેષ ભથ્થુ આપવું તેમ જ પ્રોવિડંટ ફંડ તથા ગ્રેડની યોજના વ. રા. મંડળે કરેલી છે તે આ સભા મંજૂર રાખે છે.

દા. મૂ.—નવસારી મહાલ શાળાધિકારી સા. દા. ટેકો—ઉમીયાશંકર જે. મહેતા,

ઠરાવ ૭—સહકારના ધોરણે ગ્રામ્ય પુસ્તકાલયનાં બજેટ બનાવવા : તેમ જ વાર્ષિક નિવેદનો ભરી ન મોકલ્યા હોય તો તે તરત ખાતા તરફ મોકલી આપવા દરેક મહાલ તથા નૂય મંત્રીને સૂચના કરવામાં આવે છે.

દા. મૂ.—રા. રા. ઉમિયાશંકર જે. મહેતા, દા. ટેકો—રા. રા. મંત્રી સા. પુ. આમલી

ઠરાવ ૮—ચાલુ સાલે પ્રાંતમાં શિક્ષણવર્ગ કયાં ભરવો તે હાલની સ્થિતિ જોતાં નિર્ણય કરી શકાય તેમ નથી. આગળ ઉપર વિચાર કરવો.

દા. મૂ.—રા. રા. ઉમિયાશંકર જે. મહેતા, દા. ટેકો—રા. રા. મંત્રી સા. પુ. આમલી

ઠરાવ ૯—વિદ્યાર્થીઓ તથા ઘેરું ભણેલાઓ માટે શિષ્ટ વાચનની પરીક્ષા રાખવાની યોજના : મહાલ મંડળોને ભલામણ કરવામાં આવે છે, તેમજ રાજ્ય પુ. મંડળ તરફથી લેવાતી પરીક્ષાઓનો લાભ લેવા-લેવરાવવા ભલામણ કરવામાં આવે છે.

દા. મૂ.—રા. રા. શંકરલાલ નાથજી દવે. દા. ટેકો—રા. રા. ઉમિયાશંકર જે. મહેતા

ઠરાવ ૧૦—સ્વ. મો. ન. અમીન સ્મારક ગ્રાળાના જે કાયમી ગ્રાહક ન થયા હોય તેમને તેમ થઇ જવાની ભલામણ કરવામાં આવે છે.

દા. મૂ—ઉમિયાશંકર જે. મહેતા. દા. ટેકો—શંકરલાલ નાથજી દવે.

ઠરાવ ૧૧—પ્રાંતમાં પુસ્તકાલય માટે : કબાટ, ટેબલ વગેરે જે ફરનિચરની જરૂર હોય તો તે ગયા વરસોની ગ્રાહક પ્રાંત મંડળની દેખરેખ નીચે વ્યાજબી ભાવતાલથી બનાવી મોકલી આપવું ને તે માટે નીચેના સૌજ્યોની કમિટિ નિમવી.

રા. રા. કસનજી દયાલજી દેસાઇ. રા. રા. શંકરલાલ નાથજી દવે.

દા. મૂ.—રા. રા. નવસારી મહાલ શાળાધિકારી સાહેબ દા. ટેકો—રા. રા. રાજેન્દ્રપ્રસાદ જે. મજમુદાર

ઠરાવ ૧૨—પ્રમુખનો આભાર : આજની સભાના પ્રમુખ સાહેબે સભાનું કામ જે કુનેહથી પાર પાડયું છે તે માટે તેમનો આભાર માનવામાં આવે છે.

દા. મૂ.—રા. રા. શંકરલાલ નાથજી દવે. દા. ટેકો—રા. રા. ઉમિયાશંકર જે. મહેતા

સને ૧૯૪૧–૪૨ નો વાર્ષિક અહેવાલ તથા હિસાબ

સ્થાપના અને ઉદ્દેશ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળના છેવટના બંધારણને અનુસરીને સન ૧૯૩૦–૩૧ થી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. અને તેનો ઉદ્દેશ રાજ્ય પુસ્તકાલય મંડળનો જે ઉદ્દેશ છે તે ઉદ્દેશોને પોતાના પ્રાંત પૂરતા અમલમાં મૂકવો તે છે.

નવસારી પ્રાંતની વસ્તી

નવસારી પ્રાંતના આઠ મહાલોમાં એકંદર વસ્તી છેલ્લી ગણતરી મુજબ પુરૂષો ૧૮૦૪૭

તથા સ્ત્રીઓ ૧૭૨૩૮ મળી કુલ વસ્તી ૩૫૨૮૫ માણસોની છે ને પ્રાંતમાં કુલ ગામો ૭૬૯ છે તેમાં શાળાવાળાં ગામ ૨૪૩ છે.

વસ્તીની વિગત

પ્રાંતમાં માંગરોળ, મહુવા, વ્યારા અને સોનગઢ, એ ચાર મહાલમાં રાની ભાઇઓની વસ્તી વધુ પ્રમાણમાં છે; જ્યારે પલસાણા, ગણદેવી, કામરેજ, નવસારીમાં ઉજળિયાત ભાઇઓની વધુ પ્રમાણમાં છે.

મંડળનું કાર્ય

રાજ્ય પુસ્તકાલય મંડળના ઉદ્દેશ પ્રમાણે નવસારી પ્રાંતના સોનગઢ મહાલ સિવાય દરેક મહાલે પુસ્તકાલય મંડળો સ્થપાઈ ચૂકયાં છે. અને તે દરેક કંઇ ને કંઇ કાર્ય કરતા થઇ ગયાં છે. પણ નિયમિત ને સંગીન કાર્ય થવાં જોઇએ તે થતાં નથી, એ બદલ બરોબર દિલગીર થવા જેવું છે. આશા છે કે પ્રાંતના દરેક મહાલ મંડળના મંત્રી નીચેનાં કાર્યો દર વરસ બરાબર કરશે જ:

૧ જે વર્ષે રાજ્ય યા પ્રાંત પરિષદ ભરાય તે સિવાયના દરેક વર્ષે મહાલ પરિષદ ભરે.
૨ દર વર્ષે વિદ્યાર્થીઓ માટે શિષ્ટ વાચનની પરીક્ષા લે.
૩ રાજ્ય તરફથી લેવાતી શિષ્ટવાચનની પરીક્ષાનો દરેક જૂથ મંડળ ઉપર સૂચના કાઢી પ્રચાર કરે અને ઉમેદવારો ઉભા કરે તથા પરીક્ષાના પુસ્તકની માગણી આવે તો તે પૂરી પાડવાની તજવીજ કરે.
૪ શાળાવાળાં પુસ્તકાલય વિનાનાં ગામે પુસ્તકાલય ઉઘાડવા પ્રયત્ન કરે.
૫ જૂથમંડળ દ્વારા જૂથના એક એક પુસ્તકાલયની તપાસણી કરાવે.
૬ જૂથમંડળને જાગ્રત કરે, તેમની વાર્ષિક સભાઓ ભરાવે તથા કરવાનાં કામોનું વખતોવખત સૂચન કરે.
૭ દર વર્ષે મહાલની વાર્ષિક સભા ભરે અને હેવાલ તથા હિસાબ રજૂ કરે તથા નવા વર્ષનો કાર્યક્રમ વિચારે અને સર્વે હકીકત પ્રાંત તથા રાજ્ય તરફ મોકલી આપે.

મકાનવાળાં તથા ગુ. વ. સોસાયટીમાં નોંધાયેલાં પુસ્તકાલયો

પ્રાંતમાં મકાનવાળાં પુસ્તકાલયો ૩૩ છે ને ગુ. વ. સોસાયટીમાં નોંધાયેલાં ૬૭ છે. મકાન માટે શ્રીમાન મહારાણી શાંતાબાઇ મહિલા અને બાલ પુસ્તકાલય નવસારી તરફથી લોકમદદ તૈયાર છે. આ સંસ્થા આજ પાંચ વરસથી મકાન માટે સરકારમદદની માગણી ચાલુ કરે છે પણ તે મંજૂર થતી નથી. તો આ સાલ મકાન માટેની તેમની તથા છીણુમ, તવડી ગામની પણ સરકાર તથા પંચાયત મદદમાં રજૂ કરવા મે. રા. રા. કયુરેટર સાહેબને વિનંતિ છે.

મહાલ પરિષદો

આ સાલે ચાલુ મોંઘવારી ને ચાલુ લડાઇને લઇને પ્રાંતના કોઇ પણ મહાલમાં મહાલ પરિષદ ભરાઇ નથી તેમ જ પ્રાંત પરિષદ ભરવાનો પણ મોકો મળ્યો નથી.

શિક્ષણવર્ગ

આ સાલ શિક્ષણવર્ગ પ્રાંતમાં રાખવામાં આવ્યો ન હતો. ગઈ સાલ કાઠિયાવાડી પુસ્તકાલયે રાખેલ હતો ને તેમાં પ્રાંતમાંના નવસારી, ગણદેવી, માંગરોળ, મહુવા, કામરેજ, વગેરે મહાલનાં મળી ૩૩ ભાઇઓ તથા બહેનોએ ભાગ લીધો હતો.

પગારદાર અને માનદ પ્રચારકો

પ્રાંત તરફથી પગારદાર પ્રચારક રોકવાની યોજના છેલ્લાં ચાર વરસથી શરૂ કરવામાં આવી છે. આ વરસે પણ વડોદરા અને નવસારી પ્રાંત માટે એક પ્રચારક ભાઇ છગનભાઈ પટેલને રોકવામાં આવ્યા હતા, જેમને મહુવા, બ્યારા, સોનગઢ તથા પલસાણા, નવસારીનાં બાકી રહેલાં પુસ્તકાલયોની તપાસણી, વર્ગીકરણ તથા હિસાબી કામ વગેરે વ્યવસ્થિત કાર્ય અંત અને શ્રમ લઇને કરેલ છે. તેમનું નિવેદન આ સાથે છે. તે જોવાથી તેમની કાર્યની બાતરી થશે. પ્રાંતમાં દરેક મહાલનાં પુસ્તકાલયોનાં વર્ગીકરણ થઇ ગયાં છે. હવે એક પણ પુસ્તકાલય વર્ગીકરણ વગર બાકી નથી.

માનદ પ્રચારકોની ડાયરી " પુસ્તકાલય " માસિકમાં આવતી નથી. તો તે ભાઇઓ પોતાના પ્રચારની ડાયરી " પુસ્તકાલય " માસિકમાં મોકલી પ્રસિદ્ધ કરે તો કાર્યની સમજ પડે.

પુસ્તકાલયની પર્વણી

ગામડાના લોકોને પુસ્તકાલયમાં રસ લેતા કરવાને આ પર્વણીદિન ઉજવવાની બાસ જરૂર છે. આ વર્ષે પણ પ્રાંતનાં ઘણાંખરાં ગ્રામ્ય પુસ્તકાલયોમાં તેમજ નવસારી કસ્બાના શ્રીમાન મહારાણી શાન્તાબાઇ મહિલા તથા બાલપુસ્તકાલય તરફથી ઉજવવામાં આવ્યો હતો. દરેક જૂથ મંડળના મંત્રીઓએ પોતાના જૂથના પુસ્તકાલયવાળાં ગામે આ પર્વણીદિન ઉજવવા પ્રયાસ કરશે ને જનતાને પુસ્તકાલયના લાભ સમજાવશે.

શિષ્ટ વાચનની પરીક્ષાઓ

રાજ્ય પુ. મંડળ તરફથી લેવામાં આવતી પરીક્ષામાં કામરેજ, ગણદેવી, નવસારી, તથા નવસારી કસ્બાના શ્રીમાન મહારાણી શાન્તાબાઇ મહિલા બાલ પુસ્તકાલયની બહેનોએ તથા કોળી આશ્રમના વિદ્યાર્થી ભાઇઓએ સારો લાભ લીધો હતો. બીજા મહાલમાં જોઇતો લાભ લેવાતો નથી તો તે લેવા વિનંતી છે.

મહાલ મંડળો તરફથી કોઇપણ મહાલમાં આ વર્ષ શિષ્ટ વાચનની પરીક્ષા રાખવામાં આવી નહોતી. નવીન વરસ માટે દરેક મહાલ પોતા તરફથી રાખે તેમ બલામણ છે.

ફરતા પુસ્તકાલયની પેટીઓ

ફરતા પુસ્તકાલયની પેટીઓનો પ્રચાર આ સાલ કામરેજ, મહુવા, નવસારી વગેરે મહાલોમાં થયો છે. નવીન વરસમાં દરેક મહાલના મંત્રીઓ ફરતા પુસ્તકાલયોની પેટીઓનો લાભ પોતાના મહાલનાં પુસ્તકાલયો જેમ બને તેમ વધુ લે તેવા પ્રયાસ કરશે.

પ્રાંત તથા મહાલની ફાળવણી

	રૂા. આ. પૈ.		રૂ. આ. પૈ.
નવસારી પ્રાંત	૪૮-૧૨-૦	મહુવા મહાલ	૧૪-૧૦-૦
કામરેજ મહાલ	૨૭- ૦-૦	માંગરોળ ,,	૧૫-૧૨-૦
ગણદેવી ,,	૨૧-૧૫-૦	વ્યારા ,,	૧૦- ૨-૦
નવસારી ,,	૩૬- ૦-૦	સોનગઢ ,,	૨-૧૨-૦
પલસાણા ,,	૧૮- ૯-૦		૧૯૫- ૦-૦

ઉપર પ્રમાણે દરેક મહાલને તેમની ફાળવણીની રકમ મોકલી આપવામાં આવી છે.

રાજ્યની નવા વર્ષની ધારાસભામાં પુસ્તકાલયો માટે શ્રીમંત સરકાર તરફથી એક લાખ રૂપિયાની ગ્રાન્ટ મંજૂર થવાનું જણવામાં આવ્યું છે. તો મે. રા. રા. કયુરેટર સાહેબને નમ્રતા સાથે વિનંતિ કે ચાલુ મોંઘવારીને લડાઇના સમયે લોકમદદ પુસ્તકાલયોને મળે તેમ નથી. તો લોકમદદની ખોટ કાઢી નાખી પૂરતા પ્રમાણમાં સરકારમદદ દરેક પુસ્તકાલયોને મળે તેમ થવા તજવીજ થશે.

આભારદર્શન

વખતોવખત સલાહ અને સૂચના આપવા બદલ પુસ્તકાલય ખાતાના અધિકારી સાહેબોનો, રાજ્ય પુ. મંડળના મંત્રીઓનો, નવસારી પ્રાંત શાળાધિકારી સાહેબો તથા ચાલુ વરસના પ્રમુખ તેમજ બીજા જે જે ભાઇઓએ મદદ આપી છે તે સર્વેના અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

સાલ ૧૯૪૧-૪૨ નો જમા ખર્ચનો હિસાબ

જમા		ઉધાર	
૮૧- ૦-૦	શ્રી પુરાંત બાકી	૩૧- ૦-૦	શ્રી ફારમ ખરીદ ખાતે ઉધાર
૧-૧૦-૨	શ્રી વ્યાજ ખાતે જમા	૧૦- ૯-૦	શ્રી. વ. રા. પુ. મંડળ ખાતે
૮-૧૦-૦	શ્રી ફારમ વેચાણ ખાતે	૧૯- -૧૦	શ્રી પુસ્તકાલ સ. સ. મંડળ ખાતે ફારમના બીલના ચૂકતે.
૪૫-૧૩-૦	શ્રી નવસારી મહાલ મંડળ ખાતે ફારમના જમા	૧૯૭- ૩-૦	શ્રી પગાર ખાતે ઉધાર માસ ૪ નો પ્રોવિડન્ટ ફંડ સાથેનો
૧૦- ૦-૦	શ્રી નવસારી મહાલ મંડળ ખાતે ગયા સાલના લીધેલા તે પરત જમા	૧૪૬- ૪-૦	શ્રી. મહાલ મંડળોને ફાળાના આપ્યા તે.
૧૬૦- ૯-૦	શ્રી. વ. રા. પુ. મંડળ તરફથી પગાર માટે લીધા	૧૮- ૪-૬	શ્રી કન્ટીજન્ટ ખરચ ખાતે
૧૯૫- ૦-૦	શ્રી. વ. રા. પુ. મંડળ તરફથી ફાળાની સાલ ૧૯૪૦-૪૧		૪૭૨- ૫-૬
		૩૦- ૪-૮	શ્રી જણસે બાકી
			૩૦-૨-૦ હાથ ઉપર રોકડા
			૦-૨-૮ બરોડા બેંક સેવિંગ ખાતે
			૩૦-૪-૮
૫૦૨-૧૦-૨		૫૦૨-૧૦-૨	

૩. મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા

મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા, તા. ૧૬-૯-૪૨ ના રોજ મહેસાણાના સાર્વજનિક પુસ્તકાલયમાં, મહેસાણા પ્રાંત સહકારી બેંક લિમિટેડના મેનેજર શ્રી. જેઠાભાઇ લા. પટેલના પ્રમુખપણા નીચે ભરાઇ હતી. તે પ્રસંગે ચાણસ્મા મહાલમાંથી બ્રાહ્મણવાડાના શ્રી. નાનજીભાઇ જે. પટેલ, ધીણોજના શ્રી. વીરભાણ બહેચરભાઇ, ગોરાદના શ્રી. સાંકળેશ્વર જી. વ્યાસ, સિદ્ધપુર મહાલમાંથી સિદ્ધપુરના શ્રી. મણિલાલ ઉ. દવે, દાસજના શ્રી. રત્નાભાઇ ખેમચંદ, વિજાપુર મહાલમાંથી વિજાપુરના શ્રી. મૂળશંકર નથુરામ; કલોલ મહાલમાંથી કલોલના શ્રી. અંબાલાલ એ. બહાભટ; પાટણ મહાલમાંથી પાટણના શ્રી. શંકરલાલ ભાણાભાઇ વ્યાસ, કુણઘેરના શ્રી. કાશીભાઇ રામજીભાઇ; કડી મહાલમાંથી કડીના શ્રી. મકતલાલ ર. દવે; મહેસાણા મહાલમાંથી મહેસાણાના શ્રી. ખોડીદાસ હ. બારોટ, પાંચોટના શ્રી. રતિલાલ વીરચંદ નાયક તથા ખેરાળુ મહાલમાંથી સુંઢિયાના શ્રી. વાડીલાલ બહેચરદાસ નાયક વગેરે પ્રતિનિધિઓ પણ હાજર હતા.

આ સભામાં થયેલા ઠરાવો નીચે મુજબ છે:

ઠરાવ ૧—પ્રમુખ તરીકે રા. શંકરલાલભાઇની દરખાસ્ત અને નાનજીભાઇના અનુમોદનથી સર્વાનુમતે રા. જેઠાભાઇને નિમવાનું મંજુર.

ઠરાવ ૨—રજુ થએલા નિવેદનમાંથી પ્રચારકની કામગીરીના આંકડાનું પત્રક રદ કરી બાકીનું મંજૂર કરવામાં આવે છે.

[દ.—રા. નાનજીભાઈ જે. પટેલ. અનુ.—રા. મકતલાલ ર. દવે.]

ઠરાવ ૩—વાર્ષિક હિસાબ વાંચી સંભળાવવામાં આવ્યો. બરાબર હોઇ સર્વાનુમતે મંજુર.

[દ.—મૂળશંકર નથુરામ જોશી. અનુ.—અંબાલાલ અચરતલાલ બારોટ.]

ઠરાવ ૪—પ્રચારકને આ પ્રાંતમાં ૯ માસ સુધી કામગીરી કરવા રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી ઠરાવ્યું છે તે મુદત દરમિયાન તેમને પ્રાંતમાં ફેરણીના પ્રોગ્રામ અહીંથી અપાઇ તેમની તે બદલ થએલ કામગીરીની ડાયરીની ૨ બે પ્રતો રજુ થએ તેના ઉપર મંજુરીનો શેરો થઇ છેવટ મંજુરી માટે રાજ્ય પુસ્તકાલય મંડળ તરફ મોકલવા વલિયટ રાખવો અને ત્યાંથી પગાર અદા કરવાનું લખાણ આવ્યેથી પગાર અદા કરવો.

[દ.— રા. શંકરલાલ ભાણાભાઇ વ્યાસ. અનુ.—રા. મકતલાલ ર. દવે.]

ઠરાવ ૫—આ પ્રાંતમાં નિમાએલ પ્રચારકને આ પ્રાંતમાં ૯ માસ અને ત્રણ માસ માટે અમરેલી કામગીરી કરવાની ઠરેલી છે, તેથી પ્રચારકે અમરેલીની કામગીરીની ત્રણ માસની મુદત માટે તેમને ચાલુ મળતા પગાર ઉપરાંત માસિક રૂ. ૫) પ્રમાણે રૂ. ૧૫) પંદર વધારે આપવા આ મંડળ ઠરાવે છે.

[દ.—રા. નાનજીભાઈ જે. પટેલ. અનુ.—રા. મકતલાલ ર. દવે.]

ઠરાવ ૬—દરેક ગ્રામ પુસ્તકાલયોના સહકારના ધોરણે બજેટ બનાવવા અને જ્યાં બજેટો આ પ્રમાણે બનેલ હોય અને મંજૂરી માટે ખાતા તરફ ન મોકલેલ હોય તે વેળાસર મોકલી આપવા આ મંડળ દરેક મહાલ પુસ્તકાલય મંડળના હાર્યકર્તાઓને ભલામણ કરે છે.

—પ્રમુખસ્થાને.

ઠરાવ ૭—૨૫. મોતીભાઇ ન. અમીન-રમારક ગ્રંથમાળાના માહક જે ન થયા હોય તેમણે થવા બાબત આ સભા દરેક મહાલ પુ. મંડળના કાર્યકર્તાઓને ભલામણ કરે છે.

—પ્રમુખસ્થાનેથી.

ઠરાવ ૮—દરેક મહાલ પુસ્તકાલય મંડળોના કાર્યવાહકોને આ મંડળ આગ્રહપૂર્વક ભલામણ કરે છે કે તેમણે પોતપોતાના મહાલોમાં મહાલ પુસ્તકાલય પરિષદ હાલ મોંઘવારીનો સમય હોઇ ઘણી જ સાદાઇથી અને ઓછા ખર્ચે ભરવી.

—પ્રમુખસ્થાનેથી.

ઠરાવ ૯—સને ૧૯૪૨-૪૩ માટે નીચે પ્રમાણે વ્યવસ્થાપક મંડળ કરાવવામાં આવે છે.

મફતલાલ ૨. દવે, કડી	સાંકળેશ્વર છગાઇ વ્યાસ, ચાણસ્મા
શંકરલાલ ભાણજીભાઇ વ્યાસ, પાટણ	છોટાલાલ મોતીલાલ રાવળ
ખોડીદાસ હ. બારોટ, મહેસાણા	વાડીલાલ ખેચરદાસ નાયક
મૂળશંકર નથુરામ જોશી, વિજાપુર	હમિયાશંકર લ. દવે, વાલમ, તા. વિસનગર
અંબાલાલ અચરતલાલ બારોટ, કલોલ	જેઠાલાલ લાલદાસ પટેલ, મહેસાણા

ઠ.—રા. નાનજીભાઇ જે. પટેલ

અનુ.—રા. મફતલાલ રણછોડલાલ દવે

ઠરાવ ૧૦—સન ૧૯૪૨-૪૩ ની સાલ માટે મંત્રી તરીકે રા. ખોડીદાસ હરીસિંગ બારોટની નિમણૂંક કરવી.

ઠ.—નાનજીભાઇ જે. પટેલ

અનુ.—મફતલાલ ૨. દવે

ઠરાવ ૧૧—સન ૧૯૪૨-૪૩ ની સાલ માટે નીચે પ્રમાણે બજેટ રાખવું.

જ

આવક

૧૧૬-૦-૦ ફાળવણી
૨૩૪-૦-૦ રા. પુ. મં. ની મદદ
૩૫૦-૦-૦

ઉ

ખર્ચ

૨૧૫-૦-૦ પ્રચારકનો પગાર
૧૦-૦-૦ પોસ્ટેજ
૨૫-૦-૦ પરચુરણ ખર્ચ
૩૫૦-૦-૦

ઠ.—મફતલાલ ૨. દવે

અનુ—શંકરલાલ ભાણજીભાઇ વ્યાસ

સને ૧૯૪૧-૪૨ નું નિવેદન

ગૃહસ્થો ! મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળનું સને ૧૯૪૧-૪૨ સાલનું નિવેદન તથા હિસાબ આપની સમક્ષ રજૂ કરવાની રજા લઉં છું.

ચાલુ સાલે આ મંડળમાં પ્રમુખ તરીકે અમારો નિભણૂક થએલી અને મંત્રી તરીકે મહેસાણાના રહીશ અને પારેખ છગનલાલ પિતાંબરદાસ સાર્વજનિક પુસ્તકાલયના ગ્રંથપાલ રા. ખોડીદાસ હરીસિંગ બારોટની નિમણૂંક કરેલી છે.

નિવેદનની સાલે, મહાલ પુસ્તકાલય મંડળો પૈકી વિસનગર, વિજાપુર અને કડી, આ મહાલ પુસ્તકાલય મંડળો તરફથી મહાલ પુસ્તકાલય મંડળની પરિષદો બોલાવવામાં

આવી છે. જણાવતાં આનંદ થાય છે કે, પ્રાંત પુસ્તકાલય મંડળની ગઇ છેલ્લી પરિષદ સને ૧૯૩૬-૩૭ ની સાલમાં ચાણસ્મા તાલુકાના બહુચરાજી મુકામે ભરાયેલ, ત્યારબાદ મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળનું ચોથું અધિવેશન પણ ચાણસ્મા મહાલ પુસ્તકાલય મંડળનાં ઉત્સાહી કાર્યકર્તાઓના ખાસ આગ્રહથી પ્રાંતનાં મહાલ મંડળોની પરિષદ માટેની માગણીઓ હોવા છતાં ચાણસ્મા તાલુકાના ધિણોજ ગામે પરિષદ બોલાવવાનું માન ચાણસ્મા મહાલ પુસ્તકાલય મંડળના કાર્યકર્તાઓ જ મેળવી ગયા છે.

આ પરિષદ તા. ૧૨-૧૩ એપ્રિલ ૧૯૪૨ ના રોજ રાજરત્ન મહાસુખભાઇ મુનીલાલ શેઠના પ્રમુખપણા નીચે ભરાઇ હતી તેનું સવિસ્તર વિવેચન "પુસ્તકાલય" માસિકના પાછલા અંકમાં આવી ગએલ છે. એટલે તે બદલ અત્રે વધુ વિવેચન કરવાની આવશ્યકતા જોતો નથી.

ટીપ—ઉપરની હકીકત ઉપરથી તેમ જ અત્યાર સુધીના પ્રાંત પુસ્તકાલય મંડળના પ્રસિદ્ધ થએલ નિવેદનો ઉપરથી પણ આપ જાણી શકશો કે અમુક તાલુકા મંડળો જેવાં કે હારીજ, આતરસુંબા, પાટણ, સિદ્ધપુર અને કલોલ વગેરે તાલુકા મંડળોની તાલુકા પરિષદો વર્ષો થયાં ભરાઇ જાણવામાં નથી આવી. તો ચાલુ સાલે ઘણી સાદાઇથી અને બને તેટલા ઓછા ખર્ચે આવી મહાલ પરિષદો બોલાવવાની યોજના જે તે તાલુકા મંડળ તરફથી થશે એવી આશા રાખીએ તો અસ્થાને નથી.

રાજ્ય પુસ્તકાલય મંડળની સૂચના અન્વયે દરેક મહાલ મંડળે પોતાને ત્યાં જે તે સાલમાં થએલ કામકાજનો વાર્ષિક અહેવાલ તથા મંડળના ઉત્પન્ન અને મંજૂર કરેલ બજેટને અનુસરી પડેલ ખર્ચનો હિસાબ દરસાલ પ્રાંત પુસ્તકાલય મંડળમાં ઑગસ્ટ આખર સુધીમાં મોકલવા કહ્યું છે. તે પ્રમાણે દરેક મહાલ મંડળો તરફથી નિવેદનો તેમ જ હિસાબ નિયમિત રીતે આવતા નથી, તે જણાવતાં દિલગીરી થાય છે. ચાલુ સાલે પણ મહેસાણા, દહેગામ, આતરસુંબા, કલોલ, વિજાપુર, વિસનગર અને હારીજ વગેરે મહાલ મંડળોનાં નિવેદનો અને હિસાબ આજસુધીમાં મળ્યા નથી. તો જે મહાલ મંડળો તરફથી રીતસર નિવેદનો તેમ જ હિસાબ ઠરેલ મુદત સુધીમાં નહિ આવે તેમને મળતી ફાળવણીની રકમ અહીં અનામત રાખી જ્યાં સુધી નિયમિત રીતે હિસાબ તથા નિવેદન નહિ આવે ત્યાં સુધી અટકાવી રાખવી પડશે.

પ્રચારક સંબંધી

પ્રાંતના દરેક મહાલ મંડળ તરફથી માનનીય પ્રચારકોને, જે તે મહાલના પુસ્તકાલયોની તપાસણી તેમ જ નવીન પુસ્તકાલયો, વાચનાલયો વગેરે બોલવામાં આમજનતાને સહાયરૂપ થાય, એવા શુભ ઉદ્દેશથી નીમવામાં આવે છે. અને તે દરેક ભાઇ તરફથી તેમને મળતા વખત અને અનુકૂળતાના પ્રમાણમાં જે સેવા આપવામાં આવે છે તે બદલની તેમની કામગીરીની નોંધ "પુસ્તકાલય" માસિકમાં લેવામાં આવે છે. અને તેમણે બજાવેલ આવા પ્રકારની કામગીરી બદલ અમો આ મંડળ તરફથી તેમના આભારી છીએ.

રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી પગારદાર પ્રચારક સંબંધમાં અમને તા. ૭-૮-૪૨ના

લખાણથી થએલ સૂચન ઉપરથી જણાવવાની રજા લઇએ છીએ કે છેલ્લાં બે વર્ષથી પગારદાર પ્રચારકની જગો કાયમની કરી તેમને સતત કામગીરી મળે તેવા ઉદ્દેશથી બે પ્રાંત વચ્ચે એક એ પ્રમાણે મહેસાણા અને અમરેલી આ બે પ્રાંત માટે એક પ્રચારકની રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી નિમણુંક કરવામાં આવે છે. અને બન્ને પ્રાંતોની કામગીરી આપવાનું તેમ જ ડાયરી મંજૂર કરવાનું કામ પણ રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી જ કરવામાં આવે છે. આ વહિવટ અમારા પાછલા વહિવટ સાથે એટલે જે વખતે કાયમના પ્રચારક રાખવા જેટલી નાણાની સગવડ નહોતી તેવા વખતે ફંગામી માણસો રાખી જે કામગીરી લેવામાં આવી છે તેની સાથે સરખાવતાં હાલનો વહિવટ અમને બરાબર જણાતો નથી.

હાલની પદ્ધત પ્રમાણે આ પ્રચારકની નિમણુંક મહેસાણા અને અમરેલી પ્રાંતના નામે રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી કરવામાં આવે છે. કામગીરી પણ તેમના તરફથી જ આપવામાં આવે છે. ડાયરી મંજૂર કરવાનું કામ પણ તેમના તરફથી જ થાય છે. માત્ર પગાર આપવાનું કામ રાજ્ય પુસ્તકાલય મંડળના હુકમ પ્રમાણે પ્રાંત પુસ્તકાલય મંડળે કરવાનું રહે છે.

આ વહિવટ અમને કોઇ પણ રીતે બંધબેસતો લાગતો નથી એટલે આ-સંબંધમાં કાં તો પગાર આપવાનું કામ પણ રાજ્ય મંડળ તરફથી બારોબાર ઉપાડી લેવાવું જોઇએ, કે જેથી કરી પ્રચારકને લગતા આખાયે પ્રશ્નનો ઉકેલ આવી જાય.

જો તેમ નહિ તો પ્રચારકના નવ માસના પગારની રકમ ફાળવણીની રકમના ⅔ ઉપરાંત જે ખૂટતી રહે તે અગ્રે મોકલી આપી પ્રચારકની કામગીરી સીધી રીતે અમારી દેખરેખ અને દોરવણી પ્રમાણે રહે, એ પ્રમાણે વ્યવસ્થા થવી જોઇએ તે સિવાય અગ્રે પ્રચારક પાસેથી કામગીરી લેવા અશકત છીએ.

આ સંબંધમાં અમે અમારા ગઈ સાલના નિવેદનમાં પણ સ્પષ્ટ રીતે જણાવેલ છે. છતાં તે બદલ રાજ્ય પુસ્તકાલય મંડળે કંઇ વાત ધ્યાન ઉપર લીધી હોય એમ જણાતું નથી.

એટલે જો આ પદ્ધત પ્રમાણે રાજ્ય પુસ્તકાલય મંડળ કામ કરવા માગતું હોય તો રાજ્ય પુસ્તકાલય મંડળે નિમેલ પ્રચારક પાસેથી અમે કંઈ કામગીરી લેવા માગતા નથી.

નિવેદનની સાથે નીચે પ્રમાણે બજેટ મંજૂર થયું છે. અને તેમાં જણાવ્યા પ્રમાણે ખર્ચ થયો છે:

	મંજૂર	ખર્ચ પડયો	કમી જાસ્તી
પ્રચારકનો પગાર	૨૭૦-૦-૦	૩૩૭-૮-૬	૬૭-૦-૬ (જાસ્તી)
ચોરટેજ ખર્ચ	૧૦-૦-૦	૨-૭-૮	.....
પરચુરણ	૨૫-૦-૦	૧૫-૦-૯	.....
	૩૦૫-૦-૦	૩૫૪-૬-૦	૬૭-૦-૬ (જાસ્તી)

ટીપ—પ્રચારકના પગાર ખાતે જે વધુ ખર્ચ પડેલ છે તે રકમ રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી મળી ગએલ છે. એટલે વધુ ખર્ચ પ્રાંત મંડળને ચોપવાનો રહેતો નથી.

ચાલુ સાલના હિસાબનું વાર્ષિક સરવાયું, ઉત્પન્ન ખર્ચ, દેવું, લહેણું અને મહાલ મંડળોની ફાળવણી બાબતનો હિસાબ નીચે પ્રમાણે છેઃ—

જ		ઉ	
૧-૧૩-૬	શ્રી રોકડા શિલક	૩૩-૧૫-૪	અનામત ખાતે ઉધાર
૧૩-૧૪-૦	રા. પુ. મંડળ ખાતે જમા— પાછલા લહેણા વસુલ આવ્યા તે	૧૦-૧-૦	કડી મહાલ ખાતે ઉધાર
૨૮૯-૦-૦	રા. પુ. મં.ના અનામત ખાતે જમા	૩-૦-૦	વિજાપુર મહાલ પુ. મંડળ ખાતે ઉધાર
૪૧૪-૪-૦	પ્રાંત અને મહાલ મંડળોની ફાળવણી ખાતે જમા	૨-૭-૬	પોસ્ટેજ ખર્ચ ખાતે
૧૪૬-૦-૦	મહેસાણા પ્રાંત સહકારી બેંક ખાતે જમા	૧૬૫-૧૩-૨	મહેસાણા પ્રાંત સહકારી બેંક ખાતે ઉધાર
૩-૦-૦	વિજાપુર મહાલ પુસ્તકાલય મંડળ ખાતે જમા	૩૪૪-૧૧-૬	ફાળવણી ખાતે ઉધાર
૮-૧-૦	બોડીદાસ હડીસિંગ બારોટના અનામત ખાતે જમા	૩૩૭-૦-૬	પ્રચારકના પગાર ખાતે
૧-૦-૮	વ્યાજ ઉત્પન્ન ખાતે જમા	૧૫-૦-૬	પરચુરણ ખર્ચ ખાતે
	૧૪૨૭-૧-૨	૮-૧-૦	બોડીદાસ હડીસિંગ બારોટના અનામત ખાતે
		૬-૧૪-૨	રોકડા શિલક
			૧૪૨૭-૧-૨

ઉત્પન્ન-ખર્ચ

જ		ઉ	
૧-૦-૮	વ્યાજ ઉત્પન્ન ખાતે જમા	૨-૭-૬	પોસ્ટેજ ખર્ચ
૧૧૬-૧-૦	ફાળવણીના આવ્યા તે	૩૩૭-૦-૬	પ્રચારકનો પગાર
૨૭૫-૨-૦	રા. પુ. મંડળ તરફથી મદદના આવ્યા તે	૧૫-૦-૬	પરચુરણ ખર્ચ
	૩૯૨-૩-૮		૩૫૪-૬-૦
		૩૭-૧૦-૮	રાજ્ય પુ. મંડળના અનામત રહ્યા તે દેવા
			૩૯૨-૩-૮

દેવું-લહેણું

જ		ઉ	
૩૭-૧૦-૮	રા. પુ. મંડળના અનામત દેવા	૬૭-૧૦-૬	મહેસાણા પ્રાંત સહકારી બેંકમાં જમા
૪૬-૧૫-૩	મહાલ મંડળોની ફાળવણીના અનામત દેવા	૧૦-૧-૦	કડી મહાલ પુ. મં. પાસે લેવા
	૮૪-૬-૧૧	૬-૧૪-૨	રોકડા શિલકમાં
			૮૪-૬-૧૧

મહાલ મંડળોની ફાળવણી

મહાલ મંડળનું નામ	પાછલી બાકી	સને ૧૯૪૧-૪૨માં આવી તે	કુલ	અદા કરી તે	બાકી જમા
દહેગામ	—	૧૮-૦-૦	૧૮-૦-૦	૧૮-૦-૦	૦-૦-૦
આતરસુંબા	૩૩-૧૨-૦	૭-૧૪-૦	૪૧-૧૦-૦	૪૧-૧૦-૦	૦-૦-૦
કડી	૦-૦-૬	૩૧-૮-૦	૩૧-૮-૬	૩૧-૮-૬	૦-૦-૦
વિજાપુર	૦-૦-૦	૪૩-૫-૦	૪૩-૫-૦	૪૩-૫-૦	૦-૦-૦
કલોલ	૭-૦-૩	૩૨-૧૦-૦	૩૨-૧૦-૩	૩૨-૧૦-૦	૦-૦-૩
વિસનગર	૦-૦-૦	૨૯-૪-૦	૨૯-૪-૦	૨૯-૪-૦	૦-૦-૦
મહેસાણા	૦-૦-૦	૩૯-૬-૦	૩૯-૬-૦	૪-૦-૦	૩૫-૬-૦
સિદ્ધપુર	૦-૨-૦	૪૦-૮-૦	૪૦-૧૦ ૦	૪૦-૮-૦	૦-૨-૦
ખેરાળુ	૦-૦-૦	૩૩-૩-૦	૩૩-૩-૦	૩૩-૩-૦	૦-૦-૦
પાટણ	૦-૦-૦	૩૨-૧૦-૦	૩૨-૧૯-૦	૩૨-૧૦-૦	૦-૦-૦
ચાણસ્મા	૦-૦-૦	૩૬-૬-૦	૩૬-૬-૦	૩૬-૬-૦	૦-૦-૦
હારીજ	૬-૬-૦	૩-૬-૦	૧૨-૧૬-૦	૧-૮-૦	૧૧-૭-૦
કુલ	૪૩-૭-૬	૩૪૮-૩-૦	૩૬૧-૧૦-૬	૩૪૪-૧૧-૬	૪૬-૧૫-૩

ખોડીદાસ એચ. બારોટ
મંત્રી
મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળ

જેઠાલાલ એલ. પટેલ
પ્રમુખ
મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળ

તા. ૧૩-૬-૪૨ ની સાધારણ સભામાં ઠરાવ નં. ૨ બે અને ૩ ત્રણથી હિસાબ તથા અહેવાલ મંજૂર કરવામાં આવેલ છે.

ખો. હ. બારોટ
મંત્રી : મહેસાણા પ્રાંત પુસ્તકાલય મંડળ

૪. અમરેલી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા

અમરેલી પ્રાંત પુસ્તકાલય મંડળની વાર્ષિક સભા, તા. ૨૦-૬-૪૨ ના રોજ, અમરેલી સાર્વજનિક પુસ્તકાલયના મકાનમાં, કાયમના પ્રમુખ તથા ઉપપ્રમુખ હાજર નહી હોવાના કારણે, અમરેલી મહાલ શાળાધિકારી શ્રી. હરિભાઇ ના. પટેલના પ્રમુખપણા નીચે ભરાઇ હતી. તે પ્રસંગે પ્રમુખશ્રી ઉપરાંત શ્રી. ભોગીલાલ ભ. મહેતા, શ્રી. પુરુષોત્તમ હીરજી જોશી, શ્રી. ઈશ્વરલાલ કરસનજી જોશી, શ્રી. ભગવાનજી રાઘવજી, શ્રી. હમીરભાઇ જીવાભાઇ, શ્રી. લક્ષ્મણ નાગજી, શ્રી. ચુનીલાલ ડાહ્યાભાઇ, શ્રી. વલ્લભદાસ અંબાલાલ, શ્રી. કાળીદાસ

પ્રભુરામ, શ્રી. પ્રાણશંકર હી. ત્રની, શ્રી. કાનજી ખાવાભાઇ, શ્રી. લાલશંકર નાનજી, શ્રી જન્મશંકર પ્રભુજી, શ્રી. ખેરામ પાંચાભાઇ, શ્રી. ખોડીદાસ છગનભાઇ, શ્રી. ભાનુશંકર ગગજી, શ્રી. રમેશરાય ઉ. મજમુદાર, શ્રી. નાનજી પ્રેમજી, શ્રી. ભાણજી રામજી, શ્રી. મણિશંકર કાનજી, શ્રી. રામશંકરભાઇ, શ્રી. વિઘારામભાઇ, શ્રી. હંસરાજભાઇ વગેરે પણ હાજર હતા.

આ સભામાં થયેલા ઠરાવો નીચે મુજબ છેઃ—

ઠરાવ ૧—પ્રમુખશ્રી તેમજ ઉપપ્રમુખ હાજર ન હોવાથી આજની સભાનું પ્રમુખસ્થાન શ્રી. હરિભાઇ ના. પટેલ સાહેબને આપવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૨—સને ૧૯૪૧-૪૨ સાલનું વાર્ષિક નિવેદન તથા હિસાબ મંત્રીઓ તરફથી રજુ થયા તે વંચાણમાં લીધા. સર્વાનુમતે મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૩—સને ૧૯૪૨-૪૩ સાલ માટે નીચે મુજબ વ્યવસ્થાપક મંડળ ચૂંટવામાં આવેલ છેઃ—પ્રમુખઃ—રાજરત્ન મોહનલાલ વી. પટેલ, ઉપપ્રમુખઃ—શ્રી. મે. રા. કૃ. ત્રં. ત્રેમટે (જીલ્લાધિકારી), મંત્રીઓઃ—શ્રી. ભોગીભાઇ ભ. મહેતા, શ્રી. રામશંકર તુ. મહેતા. સભ્યોઃ—રમેશરાય ઉ. મજમુદાર–હાપાનગર, ચુનીલાલ ડાહ્યાભાઇ-ધારી, કૃષ્ણલાલ રણછોડ-વિરપુર, રામશંકર તુ. મહેતા, ભગવાનજી રાઘવજી-કોડીનાર, હરજીવન ખુશાલ-ખાંભા, રાયજી જીવરામ-રતનપુર.

ઠરાવ ૪—ચાલુ ટાઇમ અનુકૂળ ન હોવાને કારણે પ્રાંત પરિષદ ભરવાનું મુલતવી રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૫—આપણી સંસ્થાને સ્થાયી કરી આપવા નથી પરંતુ ફાળવણીની જે રકમ આવે છે તેનો પુસ્તકખર્ચ કરવા અને ત્રણ સાલ કરતાં સરાસરી ખર્ચ વધારે ન થાય તે માટે હાજી રાખવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૬—બે પ્રાંત વચ્ચે પગારદાર પ્રચારક રોકવાની અને પ્રાંત મંડળમાંથી અર્ધ ફાળવણી વ. રા. પુ. મંડળને આપવાનું બની શકે તેમ નથી; કારણ કે અમરેલી પ્રાંતને ફાળવણી ઘણી ઓછી હોવાથી જે રકમ આપી શકાય તેમ નથી.

ઠરાવ ૭—પ્રાંત પ્રચારકને એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં ફેરબદલીએ જવી વખતે બચ્યુ રૂા. પાંચનું આપવાનું ધોરણ સ્વીકાર્યું છે તે વિરોધ બચ્યુ આપવા સત્તારૂઢ નથી એવી આ સભા બચ્યુ નહિ આપવા ઠરાવે છે.

ઠરાવ ૮—સદ્ધારના ધોરણે બક્ષીસો બનાવવામાં આવે છે. અને વાર્ષિક નિવેદનો ન ભરેલાં હોય તેમણે ભરી મોકલવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૯—પ્રાંત શિક્ષણ વર્ગ કયા મહીનામાં ભરવો તે બાબત એવું ઠરાવવામાં આવે છે કે ચાલુ સંજોગો બરાબર નહિ હોવાથી ચાલુ સાલે શિક્ષણવર્ગ ભરવાનું બંધ રાખવા ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૧૦—વ. રા. પુ. મંડળ તરફથી લેવાતી શિષ્ટ વાચનની પરીક્ષાનો લાભ જેમ બને તેમ વધારે પ્રમાણમાં લેવાઃ શિષ્ટ વાચનનો વધુ લાભ લેવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૧૧—સ્વ. મો. ન. અમીન રમારક માળાનાં માદા થઇ જવાની મહામણ કરવામાં આવે છે માટે જેઓ માદક ન થયા હોય તેઓ થાય તેમ ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૧૨—કંઇ મુકરેલી રોનક ફેરવવાની ન હોવાથી આ સંજોગે કંઇ કરવાનું રહેતું નથી તેમ ઠરાવવામાં આવે છે.

ઠરાવ ૧૩—પ્રચારક મોકલાત ગામોમાં જતું અને આગેવાની મહાલનાં બાકીનાં ગામો પ્રમુખ સા. ને મળી તેમનાથી નમૂદ કરાવી લેવાં. આ રીતે તે ગામોનાં કેટલી કરવી એનું કરાવવામાં આવે છે.

ઠરાવ ૧૪—આ પ્રાંત માટે વધુ માસ પ્રાંત પ્રચારક રોકવામાં આવશે રૂ. ૧૫૦ જેટલો ખર્ચ થાય છે એટલે બા ખાતે ૫. સા. પુ. મંડળ પાસે રૂ. ૧૧૫ ની મદદ મળવા માગણી કરવા સર્વાનુમતે કરાવવામાં આવે છે.

સને ૧૯૪૧-૪૨નો હેવાલ તથા હિસાબ

સ્થાપના અને ઉદ્દેશ

વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળના છેવટના બંધારણને અનુસરીને સને ૧૯૩૦-૩૧થી આ મંડળની સ્થાપના કરવામાં આવી છે. અને તેનો ઉદ્દેશ રાજ્ય પુસ્તકાલય મંડળના જે ઉદ્દેશોને પોતાના પ્રાંત પૂરતા અમલમાં મૂકવા તે છે.

મંડળનું કાર્ય

મહાલ અને જૂથ પુસ્તકાલય મંડળો રાજ્ય પુસ્તકાલય મંડળના ઉદ્દેશ પ્રમાણે અમરેલી પ્રાંતના એકે એક મહાલમાં સ્થપાઈ ચૂકયાં છે. અને દરેક કંઈ ને કંઈ કાર્ય કરે છે. ગતિ મંદ છે; કારણ કે નવાં પુસ્તકાલયો સ્થાપી શકતા નથી. આ માટે આશા છે કે પ્રાંતનાં દરેક મહાલ મંડળ નીચેનાં કામો દર વર્ષે કરશે:—

( ) જે વરસમાં રાજ્ય વ. પ્રાંત પરિષદ ભરાય તે સિવાયના દરેક વર્ષે મહાલ પરિષદ ભરે.

(૨) દર વર્ષે વિદ્યાર્થીઓ પાસે શિષ્ટ વાચનની એક પરીક્ષાનો પણ લાભ જરૂર લેવરાવે.

(૩) રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી મોકલાતી શિષ્ટ વાચનની પરીક્ષાનો દરેક જૂથ મંડળ ઉપર સૂચના કાઢી પ્રચાર કરે અને ઉમેદવારો ઊભા કરે. તથા પરીક્ષાનાં પુસ્તકોની માગણી આવે તો તે પૂરી પાડવાની તજવીજ કરે.

(૪) શાળાવાળા પુસ્તકાલય વગરના ગામોએ પુસ્તકાલયો ઊભાં કરવા પ્રયત્ન કરે.

(૫) જૂથ મંડળ દ્વારા જૂથના એકેએક પુસ્તકાલયોની તપાસણી કરાવે.

(૬) જૂથ મંડળોને જનમત કરે, તેમની વાર્ષિક સભાઓ ભરાવે તથા કરવાનાં કામોનું વખતોવખત સૂચન કરે.

(૭) દર વરસે મહાલની વાર્ષિક સભા ભરે અને હેવાલ તથા હિસાબ રજૂ કરે. તથા નવા વર્ષનો કાર્યક્રમ વિચારે અને તે સર્વ હકીકત પ્રાંત તથા રાજ્ય તરફ મોકલી આપે.

ઉપર પ્રમાણે હકીકત પેઠી જૂથ મંડળો નિયમિત રીતે કામ કરતાં થયાં છે અને આગેવાની સૂચનાઓનો અમલ કરતા થશે એવી આશા અસ્થાને નથી.

દરેક જૂથ મંડળોએ પોતાની સભા ભરી છે તે આ મહાલ મંડળની સભા વખતે જણાવ્યું છે. દરેક પોતાનાં બજેટ અને નિવેદનો મોકલી શકયા હશે. ન મોકલ્યાં હોય તો તેમની તપાસ કરી દરેક જૂથ મંડળ મોકલી આપે.

પ્રાંત અને મહાલ મંડળો

પ્રાંત અને મહાલોને પોતાની પ્રવૃત્તિઓને અંગે થતા ખર્ચને પહોંચી વળવા સારૂ રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી ફાળવણી મળે છે. તે ફાળવણી નિવેદનનાં વરસમાં રૂા. ૧૧૪–૧૨–૦ મણી હતી, જેમાં મહાલ મંડળોમાંથી ૮૬–૧–૦ મળ્યા છે, જેની ફાળવણી નીચેના કોષ્ટક પ્રમાણે કરવામાં આવી છેઃ

મહાલ મંડળોની ફાળવણીનો આંકડો

અમરેલી	૩૭– ૨–૦	ખાંભા	૪– ૮–૦
દામનગર	૧૬– ૮–૦	ભીમકટા	૦– ૬–૦
કોડીનાર	૧૨–૧૫–૦	રતનપુર	૩– ૬–૦
ધારી	૧૪–૧–૦		૮૬–૧–૦

રૂ. ૨૮–૧૩–૦ પ્રાંત મંડળને સને ૧૯૪૦–૪૧નાં ફાળાના મળ્યા છે.

પુસ્તકાલય પર્વણી

દર સાલ મુજબ પર્વણી ઉજવીએ છીએ તેના કરતાં ચાલુ સાલે કંઇક વિશેષ પ્રકારે પર્વણી ઉજવવામાં આવી હતી. પર્વણી ઉજવવાના દિવસ અગાઉ શાળાના વિદ્યાર્થીઓ, બહેનો, પુસ્તકાલયના કાર્યકર્તાઓ, શિક્ષકો અને શહેરના લોકોએ સરઘસમાં ભાગ લીધો હતો અને તા. ૨૯–૧–૪૨ રવિવારના રોજ સાંજના મેળાવડો રાખવામાં આવેલ હતો. મેળાવડામાં પુસ્તકાલયપર્વણી એટલે શું ? અને શા માટે ઉજવાય છે ? તેનો હેતુ શું છે ? તેમ જ શિષ્ટવાચન એટલે શું ? તે વિષે વિવેચનો થયાં હતાં.

શિષ્ટવાચનની પરીક્ષા સંબંધે

નિવેદનની સાલે રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી " સ્વર્ગનું દોહન " નામના પુસ્તકની પરીક્ષા લેવામાં આવી હતી. આ પ્રાંતમાંથી ઠીક લાભ લેવાયો હતો.

પગારદાર પ્રચારક સંબંધે

નિવેદનની સાલે રાજ્ય પુસ્તકાલય મંડળ તરફથી આ પ્રાંતના પગારદાર પ્રચારકની ત્રણ માસ માટે પદ્ધત યોજના થઇ છે અને જ્યાં જ્યાં સલાહ સૂચના આપવી ઘટે ત્યાં જોઇતી સલાહ આપી છે. નિવેદનની સાલે પગારદાર પ્રચારક શ્રી. ભાઇશંકર ટી. હાકરે ધારી મહાલ, દામનગર મહાલ, અમરેલી મહાલનાં ઘણાં ગામોએ ફેરણી કરેલી હતી.

(૧) આપ સૌને ખાસ વિનંતિ છે કે બજેટ બનાવતી વખતે સહકારી ધોરણે બજેટ બનાવવાની બાબત ખાસ લક્ષમાં રાખશો.

(૨) આ મહાલનાં ઘણાંખરાં નજીકનાં ગામડાંઓમાં ફરતા પુસ્તકાલયોની પેટીઓ અમારા તરફથી પહોંચાડવાની તજવીજ થાય છે. અને ગામડાંઓમાંથી આવેલી પેટીઓ અમો ખાતા તરફ મોકલાવી આપીએ છીએ.

(૩) અમરેલી મહાલના અને સ્થાનિક સભ્યો તેમ જ પુસ્તકાલયો જે જે ગુજરાત વર્ના. સો. ના આજીવન સભ્યો છે તેઓને દરકને જોઇતાં પુસ્તકોનાં બંડલ અમો જ પહોંચાડીએ છીએ અને વ્યવસ્થા કરીએ છીએ.

(૪) શ્રી. મોતીભાઇ અમીન સા. સ્મારક ફંડમાં જે મહાલ અથવા ગામડાંઓની લાયબ્રેરીઓએ હજુ પણ કંઇ ફાળો ન ભર્યો હોય તો તે ભરી આપે એમ અમારી ખાસ ભલામણ છે.

(૫) અમરેલી પ્રાંતમાં શાળાધિકારી સાહેબ અને જે તે મહાલના મહાલ શાળાધિકારીઓ જુદા જુદા ગામોએ ફેરણી વખતે પુસ્તકાલયો તરફ ખાસ લક્ષ રાખે છે, અને સલાહ સૂચના આપે છે, જે માટે તેઓ સાહેબોનો આભાર માનવામાં આવે છે.

(૬) અમોને વખતોવખત સલાહ અને સૂચનો આપવા બદલ પુસ્તકાલય ખાતાના અધિકારી સાહેબ, વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળના મંત્રીઓ, પ્રાંત પુસ્તકાલય મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ (પ્રાંત શાળાધિકારી) મહાલોના શાળાધિકારી સાહેબો અને અન્ય ગૃહસ્થો જેઓ મંડળમાં સક્રિય રસ લઈ રહ્યા છે તેઓશ્રીનો અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

આપણા મહારાજા શ્રીમંત પ્રતાપસિંહ ગાયકવાડને **शतं जीव शरदः** કહી અભિનંદન આપીએ છીએ અને આ પ્રવૃત્તિઓના વિકાસમાં તેઓશ્રી ઊંડો રસ લે છે તે આપણા અહોભાગ્યનું ચિહ્ન છે.

આ વરસમાં આપણે જે કાંઇ કર્યું છે તે આપ જોઇ શક્યા છો. આપણે ધરાવીએ છીએ કે આવતે વર્ષે કાંઇ સવિશેષ સક્રિય કામ કરી શકીએ એટલું ધરાવી આ નિવેદન પૂરું કરીએ છીએ.

શ્રી અમરેલી પ્રાંત પુસ્તકાલય મંડળનું તા. ૧-૮-૪૧ થી તા. ૧-૮-૪૨ સુધીનું જમા-ઉધારનું સરવૈયું

જ		ઉ	
૧૪-૦-૬	શ્રી પુરાંત બાકી	૨૯૮-૬-૦	શ્રી ખેતી પેઢી ખાતે
૨૨૫-૦-૦	વ. રા. પુ. મંડળ	૧૩૪-૩-૩	વ. રા. પુ. મંડળ
૧૭૮-૮-૦	શ્રી ખેતીવાડી	૫-૦-૦	ગ્રંથપાલ
૫-૦-૦	ગ્રંથપાલ	૪૬-૨-૦	અ. મ. પુ. મંડળ
૨-૬-૦	કન્ટીજન્સી	૫-૦-૦	ધલાય
૨૮-૧૧-૦	અ. પ્રાં. પુ. મંડળ	૧૬-૫-૬	પ્રચાર ખાતે
૪૭-૨-૦	અ. મ. પુ. મંડળ	૫-૭-૬	સ્વાગતના
૧૨-૧૫-૦	કોડીનાર મ. પુ. મંડળ	૪૬-૮-૦	મહાલોના ફાળાના
૪-૮-૦	ખાંભા મ. પુ. મંડળ	૧૦-૧૧-૦	કન્ટીજન્સી
૧૩-૮-૦	દામનગર મ. પુ. મંડળ	૫૭૩-૧૪-૬	
૧૪-૧-૦	ધારી મ. પુ. મંડળ	૬-૧૦-૩	સીલક
૦-૬-૦	ભીમકટા મ. પુ. મંડળ		
૩-૬-૦	રતનપુર મ. પુ. મંડળ		
૦-૧૪-૩	વ્યાજના		
	૫૮૦-૮-૬		૫૮૦-૮-૬

ઉપર પ્રમાણે ઠરાવ નં. ૨ તા. ૨૧-૨-૪૨ થી મંજૂર કરવામાં આવ્યો છે.

હ. ના. પટેલ
પ્રમુખ, અમરેલી પ્રાંત પુ. મંડળ



૧ તરંગ—લેખકઃ શ્રી. પ્રૉ. મોહનલાલ પાર્વતીશંકર દવે; પ્રાપ્તિસ્થાનઃ માંડવી સાહિત્ય મંદિર, સૂરત. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૮+૨૪૬, કવરઃ આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. દોઢ.

ગયા અંકે અમે પ્રૉ. દવેના " રસપાન "નો પરિચય આપ્યો હતો. એમનું જ રચેલું આ તરંગ પણ છે. એમાં વિવિધ વિષયને અનુલક્ષીને જુદાં જુદાં સામયિકોમાં લખેલા લેખો આપવામાં આવ્યા છે. તેમાં મુખ્યત્વે પાવાગઢની યાત્રા, ઉત્સાહ-ઉમંગ, કંઈક નવું, શ્રી. લોકપ્રિયની આત્મકથા, ભગવતી નિદ્રાદેવી, સત્ય કે અસત્ય, કલહરસિકતા વગેરે વગેરે વિષય પર લેખકે કલમ ચલાવી છે. તેમાંના કેટલાક લેખો હળવું વાચન આપી જાય તેવા છે, જ્યારે કોઇ કોઇ ગંભીરતાપૂર્વક વાંચી વિચારવા જેવા પણ છે. અને કેટલીકમાંથી વાર્તારસ પણ પ્રાપ્ત થાય છે. સાહિત્યનું વિવિધ રસભર્યું સાહિત્ય વસાવવા પુસ્તકાલયો એ ખુશીથી ખરીદે.

૨. દીવડિયા—લેખકઃ શ્રી. " પ્ર. " પ્રકાશકઃ લેખકના મિત્રમંડળ વતી શંકરલાલ નાયક દવે, વૈદ્ય મહોલ્લો, નવસારી. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૪૮ + ૬, સાદું પૂઠું, મૂલ્ય રૂા. દોઢ.

કેટલાંક સામયિકોમાં ફક્ત ' પ્ર. " સંજ્ઞાથી આવતા લેખો, વાર્તાઓ કે કાવ્યો વાંચવામાં આવતાં ત્યારે, એ લેખોની વિશિષ્ટતાને કારણે, એના લેખકને તેમના અસલ નામે જાણવાની સહજ જિજ્ઞાસા ઉદ્‌ભવેલી, પરંતુ તેમનો પૂરો પરિચય મળવા પામેલો નહિ; ત્યારે પાછળથી એક મિત્ર દ્વારા તેમનો પરિચય અને પરિસ્થિતિ જાણવા મળેલી.

આજના કેટલાક લેખકોની જેમ શ્રી. " પ્ર. " મૂક લેખક જણાયા છે. અને હશે પણ તેમણે, પોતે આટલું સારું લખી શકે છે છતાં સાક્ષર તરીકે પ્રસિદ્ધિમાં આવવા પ્રયત્ન કર્યો નથી. તેમણે લખેલાં પ્રાસાદિક કાવ્યોનો આ એક સંગ્રહ છે; અને તેમની તેને પ્રસિદ્ધિમાં મૂકવાની અશક્તિને કારણે તેમના મિત્રોએ છપાવી પ્રસિદ્ધ કર્યું છે. કાવ્યો હાલના જમાનાના વાતાવરણને સ્પર્શી જાય તેવાં તેમ જ વાંચતાં વાંચતાં સહજ ઉલ્લાસ અનુભવાય તેવાં છે. કેટલાંકમાં હાલની કેટલીક વિચિત્રતાઓ પર માર્મિક કટાક્ષ પણ છે, જ્યારે કેટલાંક સ્વદેશાભિમાન પ્રેરે તેવાં છે. જ્યારે તેમની પ્રાર્થનાના કાવ્યને વાંચતાં સહજ-પણે જ જાણે અંતરમાં ઊંડા ઊતરી જવાય છે. પુસ્તકમાંનાં સઘળાં કાવ્યો પ્રાસાદિક હોઇને કેટલાંક તો ગાવા માટે મોઢે કરવા જેવાં પણ છે.

પાંચસો જેટલી પ્રતો સત્વર ઉપડી જાય, એમ સહજે ઇચ્છી જવાય છે.

૩ તેજછાયા—લેખકઃ શ્રી. રમણલાલ વસંતલાલ દેસાઇ, પ્રકાશકઃ આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૪૪+૮, સચિત્ર કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. ત્રણ. ૧૯૪૨

સાક્ષર શ્રી. રમણલાલ દેસાઇએ લખેલાં ભારતના ભૂત અને વર્તમાનકાલીન મહાન તેમ જ સામાન્ય વ્યક્તિવિશેષોનાં રેખાચિત્રો તેમની વિશિષ્ટ શૈલીએ આ પુસ્તકમાં આપ્યાં છે. તેમાં ભગવાન શ્રીકૃષ્ણ, છત્રપતિ શિવાજી, મ. ગાંધીજી, મહારાણા પ્રતાપ અને સ્વામી દયાનંદ સરખી ભારતભૂષણ વિભૂતિઓનાં પણ ચરિત્રો છે, જ્યારે આજના રાજકારણમાં ઊંડા ઊતરેલા એવા ગુજરાતના મહાન રાજરથાન વડોદરાના ભૂતકાલીન અને વર્તમાન બે દીવાનોનાં કલમકશ સુંદર રેખાચિત્રો લેખકે આપ્યાં છે. આ સિવાય શ્રી. કંચનબહેન સરખાં સાત્વિક સેવાભાવી સ્વયંસેવિકા, દાતારશિરોમણિ રમણભાઇ, વાડિયા માસ્તર અને શ્રી. ગોકુલદાસ રાયચુરા સરખા લોકસાહિત્યકારની પિછાન પણ આપી છે.

પુસ્તક વાંચતાં એક અચ્છા ગુજરાતી સાક્ષરની પ્રાસાદિક કલમનો નિતાર અનુભવતા હોઇએ તેમ થઈ આવે છે. અને મહાત્મા ગાંધીજીનું તેજચિત્ર રજૂ કરવામાં લેખકે ખરે જ, કમાલ કરી છે મએકહેવાઇ જ જાય છે.

લેખકે એમની અસલ લેખનશૈલીએ જ આ પુસ્તકમાં એકધારો વાચનરસ વહાવ્યો છે. તેમાં પણ જાણે એકાદ સૂત્ર રજૂ કરી તેના પરનું તેમનું ભાષ્ય રજૂ કરવાની શૈલી તો ખૂબ જ આકર્ષક છે. ઇચ્છીએ, લેખક આપણને આવાં બીજાં આવી જ બાનીમાં વધુ તેજચિત્રો આપે.

મણિલાલ પ્ર. વ્યાસ

૪. **સામ્રાજ્યવાદ**—લેખક અને પ્રકાશક: રાવતભાઇ દેસાભાઇ ખુમાણ, પાડરશિંગા, પો. દામનગર (કાઠિયાવાડ); સન ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૧૬૧; આચ્છાદન સહીત પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨-૦-૦ અને કાચું પૂઠું રૂ. ૧-૧૨-૦

શ્રી. કુંગરશી ધરમશી સંપટનું ' મહારાજ્યોની યુદ્ધશક્તિ ' અને શ્રી ભાસ્કરરાવ વિદ્વાંસનું ' પાસિફીક 'ની માફક આ પુસ્તક પણ અત્યારે યુરોપમાં ચાલી રહેલા મહાયુદ્ધના ટાંકણે પ્રસિદ્ધ થઈ, જર્મની, જાપાન, અમેરિકા અને આફ્રિકાના પ્રદેશોનો સામ્રાજ્યવાદની દૃષ્ટિએ જે ખ્યાલ આપે છે તે રાજકારણ અને યુદ્ધપ્રવૃત્તિમાં રસ ધરાવનાર સૌ કોઇને ખાસ વાંચવા જેવો છે. શરૂઆતમાં સામ્રાજ્યવાદનો જન્મ કયાંથી કયા કારણે ઉપસ્થિત થયો તે ચર્ચી, તે પછી જુદા જુદા પ્રકરણો દ્વારા ઉપર જણાવેલા પ્રદેશોનો મહત્વનો ઇતિહાસ વર્ણવી તેની સાથે ત્યાંનો સામ્રાજ્યવાદ કેવો અને કેટલો ભયંકર છે તે દર્શાવ્યું છે.

લેખક રાવતભાઇ ખુમાણનો અત્યારના ટાંકણે આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો પ્રયત્ન ખરેખર અભિનંદનીય છે.

૫. **અકકલના ખાં**—લેખક: શ્રી. ' બેકાર; ' પ્રકાશક: નવચેતન સાહિત્ય મંદિર, ભદ્ર, અમદાવાદ; અને મેસર્સ એ૪ એમ હકકરની કું. મુંબઇ ૨. સન ૧૯૪૨; ક્રાઉન ૧૬ પેજી પૃષ્ઠ ૨૪૬; સચિત્ર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂ. ૨-૮-૦ અને કાચું પૂઠું રૂ. ૨-૪-૦.

નવચેતન સાહિત્ય મંદિર તરફથી પ્રસિદ્ધ થતી ગૃહલક્ષ્મી ગ્રંથમાળાના પુ. ૩૨ મા રૂપે પ્રસિદ્ધ થતું આ પુસ્તક હાસ્યરસનો એક ગ્રંથનો છે. પુસ્તકના લેખક રા. ' બેકાર 'નાં

આ પહેલાં પ્રસિદ્ધ થયેલાં હાસ્યરસનાં પુસ્તકથી ' બેકાર ' હવે, હાસ્યનાં પુસ્તકો વાંચનારાઓમાં ભાગ્યે જ અપરિચિત હશે. હસવું એ પણ આરોગ્યની અને કંટાળેલા મગજનો થાક ઉતારવાની દૃષ્ટિએ અમોઘ દવા છે. એનાથી શરીરને એક પ્રકારની કસરત મળે છે. અને મન પ્રફુલ્લિત રહે છે. ભાઇ બેકારનાં આ પ્રકારનાં આ પહેલાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો જેટલો આનંદ આપે છે તેટલો જ આનંદ આ પુસ્તકમાં પણ છે. આમાં કુલ ૨૧ વાર્તાઓ અપાઇ છે. અને તે બધી જ એકબીજીથી ચઢે તેવી છે. ' અકકલના બાં ' એ આ પુસ્તકની છેલ્લી વાર્તા છે. અને એના ઉપરથી જ આ પુસ્તકનું નામ પણ અપાયું છે.

' અ-દ્રષ્ટા '

દીપોત્સવી અંકો

સંદેશ—તંત્રીઃ શ્રી. નંદલાલ ચુનીલાલ બોડીવાળા, સંપાદકઃ શ્રી. પ્રહ્લાદ અલભદ્ર, સારંગપુર, અમદાવાદ. મૂલ્ય રૂા. દોઢ.

પ્રથમ દૃષ્ટિએ જ ઊડીને આંખે વળગે એવા આ અંકના કવરચિત્રની ડિઝાઇન જાણીતા ચિત્રકાર શ્રી. હિરાલાલ ખત્રીએ દોર્યું છે. રાષ્ટ્રધ્વજધારિણી હિંદ માતાને અભિવંદન કરતા યુવક-યુવતીનું આ ચિત્ર નયનાભિરામી છે. આ સિવાય ઉઘડતા અંકે આપણા જાણીતા ચિત્રકાર શ્રી. કનુ દેસાઇનું પ્રકાશ-છાયાનું ત્રિરંગી ચિત્ર પણ અંધકાર અને ઉજાશનો સુંદર સમન્વય સમજાવી જાય છે. અને અંકની વચ્ચે વચ્ચે આવતાં શ્રી. ચંદ્રકળા બહેન પરીખનાં લવ-કુશ અને જાનકીનું રામવનવાસનું ભાવનાભર્યું ચિત્ર, શ્રી. ચંદુલાલ શાહનું ભગવાન બુદ્ધ, જાણીતા ફોટો આર્ટિસ્ટ શ્રી. પ્રાણલાલ પટેલનું ઈશુ અને ગાંધીની સમાનભાવના વ્યક્ત કરતું ચિત્ર, તેમ જ શ્રી. ભદ્રા દેસાઇનું અહારના જગતનું ચિત્ર અને ભિખુભાઇ આચાર્યનું અંતરગીત ચિત્રકલાના સુંદર નમૂનાઓની ઝાંખી કરાવે તેવા છે; જ્યારે સંખ્યાબંધ ફોટોઆર્ટ પ્લેટો પણ ફોટોગ્રાફીના સરસ નમૂનાઓ આપે છે.

જેવી એની ચિત્રકૃતિઓ નયનાભિરામી છે તેવી જ વાચનસામગ્રી પણ આકર્ષક છે. આપણા મહાકવિ ન્હાનાલાલ રચિત-" જયો જયો " કાવ્ય આજના વિશ્વયુદ્ધની તાદશતાને મૂર્ત કરતું કાવ્ય હોઇને હરિના જય જયકારની પ્રેરણા આપે છે. આપણા મહાકવિ કાવ્યસર્જન માટે એટલા બધા તત્પર થઇ ગયા છે કે તેઓનું કાવ્યનીતરતું અંતર ઊભરાવા છતાં બહુ ઓછું કાગળ પર ઊતરે છે. આપણે ઇચ્છીએ, તેઓએ આપવા ધારેલું " હરિસંહિતા " જલ્દર પ્રસિદ્ધ થાય. આ સિવાય જાણીતા કવિ શ્રી. કેશવ શેઠનું " દીપ ! તું જલ કવણ કાજે ! " કાવ્ય સચિત્ર હોઇને આજના આપત્કાળે દીપક કેમ જલે છે તે પ્રશ્ન પૂછ્યો છે. આ સિવાય અન્ય કાવ્યો પણ અપાયાં છે. જ્યારે જાણીતા વાર્તાનવેશ શ્રી. ધૂમકેતુની હવે પછી પ્રકટ થનાર " કર્ણાવતી "નું એક ઐતિહાસિક પ્રકરણ સોમપતિ તૈલી એ ઐતિહાસિક નવલકથા કેવી હશે તેનો ઝાંખો પરિચય આપી જાય છે. ઉપરાંત, સ્વ. મહાદેવભાઇનું જીવન, આજના આંધીના વખતનું ગત વર્ષનું તલસ્પર્શી સિંહાવલોકન પણ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. એમાંથી આપણી સમક્ષ ગત વર્ષનું વાતાવરણ હૂબહૂ ખડું થાય છે. આ ઉપરાંત બીજી પણ કેટલીક વાચનીય સામગ્રી આ અંકમાં છે.

જે પુસ્તકાલયો ' સંદેશ "નાં વાર્ષિક ગ્રાહક હશે તેમને આ દીપોત્સવી અંક વિના મૂલ્યે મળશે જ.

બે ઘડી મોજ—તંત્રીઃ અને પ્રકાશકઃ શ્રી. શયદા. મુંબઈ.

" બેઘડી મોજ " એના દર અંકે હળવું વાચન-આમજનતા પચાવી. શકે તેવું વાચન આપવામાં હીક આગળ પડતું છે એના આ દીપોત્સવી અંકમાં શયદાએ પ્રથમ પૃષ્ઠે કળાદેવીને ચરણે પ્રાર્થના કરી છેઃ પોતાના પુરોગામી સાહિત્યગુરુ " વીસમી સદી "ના તંત્રી શ્રી. હાજી મહમદ અલારખિયા શિવજીના સૂત્ર અનુસારઃ " સહન કરજોઃ શબ્દોચ્ચાર કરીશ મા. " પોતે પણ જાણે એ વ્રત લીધું હોવાનું જ જણાવે છે.

આ અંકમાં ફટલીક ફોટો પ્લેટસ આકર્ષક હોઇને ચિત્ર રસિકોને ઘરમાં મઢાવી લેવી ગમે તેવી છે. અને સાહિત્યસામગ્રી પણ હળવા વાચનના રસિયાઓને જરૂર આનંદ આપે તેવી હોઇને વાર્તાસાહિત્ય પણ ઠીક સંગ્રહાયું છે, જ્યારે શ્રી. ખંડુભાઈ દેસાઇનો વિશ્વની ભાવિ પુનઃ રચનાવાળો લેખ આંતરરાષ્ટ્રીય દૃષ્ટિએ ખાસ વાંચવા જેવો છે. વળી જાણીતા હિંદી કવિ શ્રી. પ્રદીપજી " મુરલિ કે છોડ સૂરીલી તાન "વાળું ગેય કાવ્ય ગાવું ગમે તેવું છે. અને કવિ ખબરદારનું "કંચનપાત્ર" અને આપણા રાષ્ટ્રીય શાયર શ્રી. મેઘાણીએ આપેલો સ્વ. કવિવર ટાગોરના " ચરમ મૂલ્ય "નો સરસ ગેય અને ભાવભર્યો અનુવાદ આપ્યો છે. એમાંની આપણા સાક્ષર શ્રી. રમણલાલ દેસાઇની " ટેલીફોનનું ભૂત " આપણા મૂડીદાર સમાજ પર ઠીક પ્રકાશ ફેંકે છે. એકંદરે આખોય અંક શિષ્ટ સાહિત્યના વાચકો તેમ જ હળવું સાહિત્ય વાંચવા માગનારને પણ તૃપ્તિ આપે તેવો થયો છે.

પ્રજાબંધુ—તંત્રી શ્રી. કપિલરાય મનવંતરાય મહેતા; અમદાવાદ.

" પ્રજાબંધુ "ના ખાસ દીપોત્સવી અંકની અગાઉથી જાહેરાત કર્યા સિવાય જ આ ચાલુ અંકને પણ દીપોત્સવી અંકની જેમ દળદાર-સમૃદ્ધ-બનાવ્યો છે. કવર ડિઝાઇન પર " હૃદયદીપકની જ્યોતને જ્વલતી " રાખવા ઇચ્છતી " ઝંઝા થકી જાળવવા પાલવને પસારતી " રમણીનું ભાવનાભર્યું સુંદર ચિત્ર આપ્યું છે. સાચે જ, આ ચિત્ર દીવાળીની ભાવનાને મૂર્ત કરતું સુંદર ચિત્ર છે, એમ મુક્તકંઠે કહી શકાય.

અંકમાં જુદાજુદા લેખકોના લેખો ઓછા લાગે છતાં આપેલા સઘળા લેખો મનનીય હોઇને ખાસ વાચન માગી લે છે. તેમાંના અંધારઘેર્યા અઢારણુંની સંધ્યાએ, ગત સંવત્સરનું આંતર-રાષ્ટ્રીય અવલોકન રજૂ કરે છે, જ્યારે " શ્રીકૃષ્ણ કહે છે માટે કહું છું..." શીર્ષક લેખ મહાભારતયુદ્ધના એક પ્રસંગને આજના યુદ્ધકાળે જાણે બંધબેસતો થાય તેવો લાગે છે.

ગુજરાતી—તંત્રીઃ શ્રી. નટવરલાલ ઇચ્છારામ દેસાઇ, ગુજરાતી પ્રિ. પ્રેસ, સાસૂન બિલ્ડિંગ સર્કલ, ફોર્ટ, મુંબઇ.

મુંબઇથી પ્રકટ થતું જૂનું અને જાણીતું સાપ્તાહિક " ગુજરાતી " દરસાલ ખાસ દીપોત્સવી અંક પ્રકટ કરે છે. આ વર્ષે પણ એણે કોઇ જાતના બાહ્યાડંબર સિવાય ઉપયોગી વાચન આપવા પ્રયત્ન કર્યો છે. તેમાં પણ સન ૧૮૭૮ ના જમાનાના ઇતિહાસ પર પ્રકાશ પાડે તેવા તત્કાલીન " સ્વતંત્રતા " સાપ્તાહિકે પત્રસ્વાતંત્ર્ય માટે જગાવેલી ઝુંબેશ અને

[અપૂર્ણ પૃ. ૬૩૬ને છેડે]



પ્રાચ્ય વિદ્યામંદિર–ભાષાંતર શાખા–વડોદરાનાં પુસ્તકો

૧ બ્રહ્મદેશ—લેખક : શ્રી. રમેશ રંગનાથ ગૌતમ; મૂલ્ય રૂા. ૧–૨–૦

૨ વીર વનરાજ—લેખક : શ્રી. ધૂમકેતુ; મૂલ્ય ૦–૬–૦

મેસર્સ આર. આર. શેઠની કંપની–મુંબઇનાં પુસ્તકો

૩ તેજચિત્રો—લેખક : શ્રી. રમણલાલ વ. દેસાઇ; મૂલ્ય રૂા. ૩–૦–૦

૪ ચોરાની વાતો—લેખક : શ્રી. મયૂર; રૂા. ૨–૮–૦.

મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની–મુંબઇ તરફનાં

૫ પારૂ—અનુવાદક : શ્રી. મૃદુલ; મૂલ્ય રૂા. ૨–૦–૦

નવચૈતન સાહિત્ય મંદિર–અમદાવાદનાં પુસ્તકો

૬ ધરતીના બાલમેળો—લેખકો : શ્રી. ઈંદુપ્રસાદ ભટ્ટ; અને મણિલાલ હાકર; મૂલ્ય ૦–૬–૦

અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૭ દીવડિયા—લેખક : શ્રી. " પ્ર. " પ્રકાશક : શ્રી. શંકરલાલ નાથજી દવે; વૈદ્ય મહોલ્લો, નવસારી. મૂલ્ય રૂા. ૧–૮–૦

૮ સ્વ. દિ. બ. અંબાલાલ સાકરલાલનાં ભાષણો અને લેખો—સંપાદક અને પ્રકાશક : શ્રી. વૈકુંઠલાલ શ્રીપતરાય ઠાકોર; બી. એ., ડોલી ફળિયા, કતારગામ, (જી. સૂરત) મૂલ્ય રૂા. અઢી.

[અનુસંધાન પૃ. ૬૩૫નું]

સૂરત રાયટ કેસ તેમજ સંપાદકના વડવાઓને મોગલ દરબાર તરફથી મળેલી સનદ વગેરે પણ ઠીકઠીક ઐતિહાસિક માહિતી આપે છે.

આપણે ઇચ્છીએ, " ગુજરાતી"કાર આપણને આવી ગુજરાતના ઇતિહાસને લગતી માહિતીઓ અવારનવાર આપતા રહે.

દાંડીઓ—તંત્રી શ્રી. નટવરલાલ વીમાવાળા; સૂરત.

આપણે ત્યાં દર સાલ પ્રકટ થતા દીપોત્સવી અંકોમાં દાંડીઓએ નવી પ્રથા શરૂ કરી છે, અને તે ખાસ વાર્તાંક પ્રકટ કરવાનો.

દીવાળીના નિવૃત્ત દિવસોમાં વાચકોને આનંદમય વાચન-વાર્તાવાચન–મળે તે હેતુએ બાઇ વીમાવાળાના આ શિરસ્તાને અમે આવકારતા આવ્યા છીએ અને આજે ફરીવાર આવકારીએ છીએ. પુસ્તકાલયમાં આવતા વાર્તારસિકો માટે આ અંકને પાકા પૂંઠામાં બંધાવી વસાવ્યો હોય તો સારું ચિરસ્થાયી વાચન વાચકોને બક્ષી શકાય.



ભિક્ષુ અખંડાનંદજીના સ્મરણાર્થ યોજના—સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલયના સ્થાપક કૈ. સ્વામી અખંડાનંદજીના સ્મરણાર્થે ઉપર્યુક્ત સંસ્થાના હાલના સંચાલકોએ સંસ્થા દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલાં પુસ્તકોને સસ્તી કિંમતે આપવા માટેની ૨ યોજનાઓ હમણાં બહાર પાડી છે. તેમાં પહેલી યોજનામાં ૧૧૯ પુસ્તકો (જેનું છાપેલું મૂલ્ય રૂા. ૨૧૬-૧૨-૦ થાય છે) તે રૂા. ૧૪૫) ની કિંમતે, તથા બીજી યોજના દ્વારા ૬૦ પુસ્તકોનો સેટ (જેનું છાપેલું મૂલ્ય રૂા. ૧૨૫-૨-૦ છે તે) માત્ર રૂપિયા ૭૫) માં આપવાની જાહેરાત બહાર પાડી છે.

સ્વામીશ્રી અખંડાનંદજીની હયાતીમાં જનતા જનાર્દનના લાભાર્થે તેઓશ્રી અવારનવાર પુસ્તકોની કિંમતમાં ઘટાડો કરતા-કોઈ વાર અર્ધા મૂલ્યે સંસ્થાનાં પુસ્તકો જનતાને તેમ જ પુસ્તકાલયોને આપી તેની અસીમ સેવા બજાવતા. એમની જ યાદગીરીમાં સંસ્થાના હાલના સંચાલકોએ ઉપર પ્રમાણે પુસ્તકોની કિંમતમાં ઘટાડો જાહેર કર્યો છે. આ યોજનાને અનુસરીને સો સેટ આપવાની જાહેરાત કરવામાં આવી છે.

ઉપર્યુક્ત સંસ્થાનાં, આ યોજનામાં સમાવેશ કરવામાં આવેલાં પુસ્તકો, ઘણે ભાગે રાજ્યનાં પુસ્તકાલયોમાં વસાવાયાં હશે જ; છતાં જે જે પુસ્તકાલયો ઉપર્યુક્ત સંસ્થાના લાભથી વંચિત રહ્યાં હોય તેઓ આવી મળેલી આ તકનો લાભ લઇ અચૂક પોતાની શક્તિ અનુસાર પુસ્તકો વસાવી લે. સંભવ છે કે, એક યોજનામાંનાં કેટલાંક પુસ્તકો પોતાને ત્યાં હોય તેથી કદાચ આખો સેટ વસાવતાં પુસ્તકાલયો અચકાય, પરંતુ તે માટે કંઈ જ કારણ નથી. આવાં ધર્મનીતિપ્રેરક પુસ્તકો જેમ વધુ પ્રમાણમાં જનતા વાંચશે તેટલું વધુ સારું છે. અને આવાં પુસ્તકો પુસ્તકાલયમાં એક કરતાં વધુ સંખ્યામાં હોય તો તે કંઈ ખોટું નથી. એટલે જે પુસ્તકાલયો હજી પણ ઉપર્યુકત સંસ્થાના લાભોથી વંચિત રહી ગયાં હોય તેઓ તો અચૂક વસાવી લે.

જે પુસ્તકાલયોનાં બજેટો મોકલાઇ ગયાં હશે અને પોતાનાં પુસ્તકાલયોમાં આ સેટ વસાવવાની ઇચ્છા હશે તેમને તેવી વિનંતિ કરતાં પુસ્તકાલય ખાતાના મે. રા. ગ. મદદનીશ વ્યવસ્થાપક સા. જોગ સાદર કરતાં જરૂર સગવડ કરી આપશે.

આ વિષેની વિગતવાર માહિતી ઉપર્યુક્ત સંસ્થાના અમદાવાદના કાર્યાલયમાં લખવાથી મળશે.

ટૂંકી રકમની કિંમતના પ્રમાણમાં ઉપર જણાવ્યા કરતાં ઓછાં પુસ્તકોનો સેટ આપવા માટે રૂા. ૨૫) અને રૂા. ૪૦) સુધીની કિંમતનાં અલ્પ મૂલ્યે પુસ્તકો મળે તેવી યોજના

સંસ્થાના સંચાલકો જો ધારશે તો ટૂંકી આવક ધરાવતાં પુસ્તકાલયો પણ સ્વામીશ્રી અખંડાનંદજીની યાદગીરીમાં પોતાથી બનતાં પુસ્તકો ખરીદવા પ્રેરાશે.

આશા રાખીએ સંચાલકો આવી કંઈક યોજના વિચારશે.

મ. પ્ર. વ્યાસ

વ. રા. પુ. મંડળ

શિષ્ટવાચનની પરીક્ષા—ગતાંકમાં પ્રસિદ્ધ થયેલ જાહેરાત નં. ૨ વાંચી શિષ્ટવાચનની ૨૩મી પરીક્ષા માટે શિષ્ટ વાચનનાં રસિયાંઓએ સમયસર પોતાની ઉમેદવારી નોંધાવી દેવી ઘટે.

પ્રમાણપત્ર માટેની પરીક્ષા—સદર પરીક્ષા માટે જેમની ઉમેદવારી આ પૂર્વે નોંધાઈ છે તે તો ચાલુ જ રહેલી સમજવાની છે. તેમને પોતાની તૈયારી વધારે પાકી કરવાની અને તેમાંય શાસ્ત્રીય પદ્ધતિના વર્ગીકરણ કામનો સવિશેષ મહાવરો મેળવવાની ખાસ ભલામણ!

—ચાલુ અંકમાં પ્રસિદ્ધ થયેલ ખાતાની સૂચના લક્ષમાં લઈને કરબા વ પ્રાંત પુસ્તકાલયોના બીનતાલીમી ગ્રંથપાલો પણ આ પરીક્ષાનો લાભ અવશ્ય લે.

જાગતાં જ્યોત મંડળો—(ગતાંકથી ચાલુ) (૪૩) જાસલપુર તા. કડી, (૪૪) દેલવણા તા. કડી (૪૫) વીરજ તા. કડી.

જાગતાં મહાલ મંડળો—(ગતાંકથી ચાલુ) (૨૮) કલોલ, (૨૯) દહેગામ, (૩૦) માંગરોળ, (૩૧) કામરેજ, (૩૨) દામનગર.

જેમણે સભા ન ભરી હોય ને ભરી હોય છતાં અહેવાલ હિસાબ હજી ન મોકલી આપ્યાં હોય તેમને તેમ કરી દેવાની ખાસ ભલામણ. **પૂરા થયેલા વર્ષમાં થયેલા કામકાજના અહેવાલ તથા હિસાબ તો નિદાન દરેક મોકલી આપે જ.**

'આયુર્વેદ જગત'ના તંત્રી તરફથી લખાઈ આવ્યું છે કે વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો પાસેથી રૂા. ૧–૮–૦ ને બદલે રૂા. ૧–૪–૦ લવાજમ લેવામાં આવશે તો જે તે પુસ્તકાલયોએ સદર લાભ લેવા ભલામણ છે.

શિનોર મહાલ તરફથી શિષ્ટ વાચનની ૬ ઠ્ઠી પરીક્ષા લેવાઈ ગઈ. તેનો ૬૦ પરીક્ષ્યોએ લાભ લીધો હતો. તે પૈકી ૪૦ ઉત્તીર્ણ થયા છે. પરીક્ષા માટે શ્રી. જુગતરામ દવે કૃત **ગાંધીજી** પુસ્તક નિયત થયું હતું. ઉત્તીર્ણ થનારને પુસ્તકરૂપે ઇનામ આપવામાં આવ્યાં હતાં.

પુસ્તકાલયોને મદદ

શેઠ ઘે. ઠા. મુ. સા. પુસ્તકાલય—ગેટને સદર સંસ્થાના સ્થાપક શેઠશ્રીના કુટુંબી ટ્રસ્ટીઓ તરફથી શેઠ શ્રી લંસરાજ માધવજી દામોદર–મુંબઇ–એ૦શ્રીએ રૂા. ૧૨૫૨–૧–૦ ના ખર્ચે પુસ્તકાલયના હૉલને વિસ્તારી આપવામાં આવ્યો છે. આથી સદર હૉલ વિશાળ થતાં વાચકોને વધુ સગવડ થઇ છે.

સા. પુ. હરિપુરાને ૧૨) પટેલ મોતીભાઇ ગોકળભાઇ, ૧૦–૦–૦ હુંદરાજ નારાયણ હળવે, તથા ૨–૦–૦ શ્રી. રામચંદ્ર દત્તાત્રય દેશપાંડે તરફથી.

સા. પુ. ભટ્ટવડ (તા. પાદરા)ને શ્રી. રમાકાન્ત રામચંદ્ર તરફથી રૂા. ૯૬–૮–૧ નાં ૧૫૬ પુસ્તકો.

આત્મિક દોહન

સાચું જ્ઞાન

૧. તમારા સંતાન !

અને એક સ્ત્રી, જેણે પ્રેમથી પોતાનું સંતાન છાતી સરસું ચાંપી રાખ્યું હતું, તેણે કહ્યું: ' પ્રભુ ! અમને બાળકો વિષે કાંઇક કહો. ' અને તેણે કહ્યું:

તમારાં બાળક, એ તમારાં નથી.

અખંડ જીવનસ્રોતનાં એ પુત્રપુત્રી છે. જીવનની પોતાની પ્રાપ્તિભાવ પામવાની ઇચ્છામાંથી એ આવ્યાં છે.

તે તમારી દ્વારા પૃથ્વી ઉપર આવ્યાં એ ખરું; પણ એ તમારામાંથી નથી આવ્યાં.

અને જો કે તે તમારી સાથે રહ્યાં છે, પણ તમારી માલિકીનાં નથી.

તમે એમને તમારા પ્રેમથી ભીંજવી દો, પણ તમારા વિચારોથી મૂંઝવતા નહિ. એમને પણ એમના પોતાના વિચારો છે.

તમે ભલે એમનાં શરીરને આશ્રય આપો, પણ એમના આત્માને તો મુક્તપણે વિહરવા દેજો, એમના માટે આવતી કાલનું ઉજ્જવળ ભવિષ્ય છે. એ આવતી કાલ–કે જે તમે જોઇ નહિ શકો, જેનો તમે સ્વપ્નમાં પણ ખ્યાલ નહિ લઇ શકો.

બની શકે તો, તમે એમના જેવા થવા પ્રયત્ન કરો, પણ તમારા જેવા જ એમને બનાવવાનો પ્રયત્ન રહેવા દો.

જીવન આગળ વધતું હોય છે; એને પાછળ જવાપણું હોતું નથી.

તમે તો ધનુષની કમાન છો. તમારાં સંતાન એ એમાંથી છૂટેલાં તીર છે.

જે મહાન ધનુર્ધર આ ધનુષનો ઉપયોગ કરી રહ્યો છે તેનું નિશાન તો અનંતતાના પંથ ઉપર છે. તે પોતાના સામર્થ્યથી તમને વાળે છે, કે જેથી એનાં તીર સચોટ જાય ને દૂર જાય. એ મહાન ધનુર્ધરની ઇચ્છામાં તમારી જાતને સોંપી દો. કમાનમાંથી છૂટતા તીરને એ જેમ પ્રેમથી જુએ છે, તેમ કમાનને પણ એટલા જ પ્રેમથી જુએ છે.

૨. શોક અને અશોક

પછી એક સ્ત્રી બોલી: ' અમને આનંદ અને શોક વિષે કાંઇક કહો. ' અને તેણે જવાબ વાળ્યો: અપ્રગટ શોક એનું નામ આનંદ.

એક કૂપમાંથી જ આનંદનાં અને શોકનાં જળ આવી રહ્યાં છે. જે કૂપમાંથી હાસ્યના પડઘા ઉઠે છે, તે જ કૂપ વારંવાર તમારા આંસુથી ભરાય છે.

અને એ સિવાય બીજું શું હોઇ શકે !

સાહિત્યકારની પવિત્ર ફરજ

પ્રત્યેક સાહિત્યકાર પોતે સંસ્કૃતિનો એક મર્યાદિત હલકારો છે જ, એમ તેણે સમજવું જોઇએ. એનું કાર્ય કેટલું પવિત્ર છે તે એણે જાણવું જોઇએ. એના શબ્દથી માનવજાતિની આખી સંસ્કૃતિને ડાઘ લાગે તેવું કશું કરવાથી એણે બાધ આવવું જોઇએ. બોલેલાં વચનો તો કદાચિત્ ઊડી જાય છે, પણ લખેલા શબ્દો તો રહી જાય છે. એ શબ્દો એવા હોય કે તે તેના જનબંધુઓના સમગ્ર વિકાસને હાનિકર્તા હોય તો તે સંસ્કૃતિને પાછળ હઠાવવાનું પાપ કરે છે એટલું જ નહિ પણ પોતાની પણ અધોગતિ આવતા યુગો સામે પ્રત્યક્ષ કરે છે. સાહિત્યકારની જોખમદારી ઘણી જ છે. કેમકે એ વાણીનો અધિકારી છે, અને વાણીએ જ મનુષ્યને પશુતા-માંથી ઊંચકીને દિવ્યતા તરફ વાળ્યો છે. દિવ્યતાની વાત તો મહાહલકારાઓ પાસે રહી, પણ સામાન્ય માનવતાને પણ વાણીનો વ્યભિચાર નીચે પાડે છે અને તેને પાછો પશુતા તરફ ધકેલે છે. મારા સાહિત્યકાર બંધુઓ, આ તેમના પવિત્ર ધર્મની વાત બરાબર સમજો, અને તાત્કાલિક ધનપ્રાપ્તિ કે પોતાના નાના મંડળની અજ્ઞાનતામાંથી કુપ-જોથી પ્રશંસા મેળવવા માટે કે પોતાને પ્રગતિશીલ બતાવવા તેઓ સાહિત્યને કોઇ પણ જાતના વિકારોત્તેજક વિચારદરાંતથી અપવિત્ર કરી પોતાના વર્ગને તથા પોતાની સંસ્કૃતિને અધોગતિ પ્રત્યે વાળે નહિ, એ જ તેમના એક ખરા ચાહક અને હિતચિંતક તરીકે હું તેમને વિનંતિ કરું છું. * *

એકનું પાપ હજારોને ડુબાડે તે તો મહાપાપ છે. સાહિત્યકારો બધા જ સંસ્કૃતિના નાના મોટા હલકારા છે, અને જે હલકારાની મશાલ ધરે છે, તે મશાલ સૌને પ્રકાશ આપે ને આગળ ધપાવે, અને નહિ કે તે મશાલ મશાલચીને જ સળગાવી દે અને તેને જોનારમાં ભય, રાંકા અને ગ્લાનિ ઉપજાવે. એમ નહિ થાય તો જ એ હલકારો સંસ્કૃતિને ને સાહિત્યને ઉપયોગનો છે. જગતનું મધ્યબિંદુ સત્યમાં એટલે જોખમોમાં છે. અને નહિ કે કળામાં. કળાને લીધે આ જગત નથી પણ જગતને લીધે કળા છે, એ મહાસૂત્ર જે પ્રત્યેક સાહિત્યકાર સમજે ને પાળે તો તે પોતે સંસ્કૃ-તિનો ખરો હલકારો છે.

—અરદેશર ફ. ખબરદાર

તમારા અંતરમાં જેમ જેમ શોક ઊંડે ને ઊંડે જગ્યા મેળવતો હોય છે, તેમ તેમ એટલી જ વધારે જગ્યા આનંદ માટે પણ બની રહે છે.

જે પ્યાલું તમારે માટે મધુર આસવથી ભરેલું છે, શું તે જ પ્યાલું, કુંભારની ભઠ્ઠીમાં દગ્ધ બની બનીને, પછી જ બહાર નથી આવ્યું?

જે વાંસળી પોતાના રવ વડે તમારા અંતરાત્માને શાંતિ આપે છે, શું તે જ વાંસળી, છરીના કાપ ખમી ખમીને પોલી નથી બની?

જ્યારે તમે આનંદમગ્ન હો ત્યારે તમા હ�ૃદયમાં ઊંડે ઊંડે જુઓ, અને તમને જ આવશે કે જેનાથી તમને શોક મળ્યો હતે તેનાથી જ તમને આનંદ મળી રહ્યો છે.

જ્યારે તમે શોકમગ્ન હો ત્યારે પાછ તમારા અંતરમાં દૃષ્ટિ કરો અને તમ જણાશે કે, વસ્તુતઃ જે તમારો આનંદ હતો તે જ અત્યારે તમારો શોક બની રહ્યો છે.

તમારામાંના કેટલાક કહે છે: 'આનંદ શોક કરતાં મહાન છે;' વળી બીજા કહે છે 'ના ના, શોક મહાન છે;' પણ હું તમ કહું છું કે, એ બન્ને તો 'અવિભક્ત આત્મા' છે.

તેઓ બન્ને સાથે જ વિચરે છે. અ જ્યારે તેમાંનો એક તમારી સાથે એકલો રંગમંચ ઉપર બેઠેલો હોય છે, ત્યારે જ સ્મૃતિમાં રાખજો કે, બીજો બીજો મિ તમારી શય્યામાં જ સૂતેલો હોય છે.

આનંદ અને શોકનાં તોલાં વચ્ચે, તમારું જીવનદાંડી હોલે ચડે છે.

જ્યારે અંતર તદ્દન ખાલી હોય, શો અને અશોક કાંઇ એમાં ન હોય, ત્યારે જ જીવનતુલા સ્થિર અને શાંત બની રહે છે. *

ધૂમકેતુ

["સ્ત્રીજીવન"ના હાલના માસના અંકમાંથી.

* ખલિલ જિબ્રાન ઉપરથી ભાવાનુવાદ

પાશ્ચાત્ય સંસ્કૃતિના સાણસામાં જકડાયેલી

આજની હિંદી સંસ્કૃતિ

આજની પરિસ્થિતિમાં કોમી એકતા વિષે તમારી સમક્ષ પ્રવચન કરવામાં મને કંઈ આનંદ નથી આવતો એ વસ્તુનો હું ખુલ્લા દિલે એકરાર કરું છું. વિલક્ષણ પ્રકારની અવાસ્તવિકતાની ભાવના મારા હૃદયમાં જાગ્રત થઇ, મારા મનનો કબજો મેળવે છે. હું હિંદી છું, છતાં પરદેશી ભાષામાં બોલી રહ્યો છું. નૂતન દિલ્હીની આ કૉલેજ, કે જે સ્થાપત્યમાં કે વાતાવરણમાં હિંદી નથી ત્યાં હું બોલી રહ્યો છું. પરદેશી શાસકોના, આ પરદેશી દેખાતા પાટનગરમાં, હિંદની આવતી કાલની માતાઓ સમક્ષ બોલી રહ્યો છું. આ માતાઓમાંથી ઘણીખરીએ પરદેશી વસ્ત્રો પરિધાન કર્યાં છે. આમાંની ઘણીખરીઓ, પરદેશની તાસીરનું અનુકરણ કરી, પાવડરની મોહક ચમકથી, વાંકડિયા વાળથી અને કૃત્રિમ રીતે રંગેલા લાલ હોઠથી, પોતાનું સૌંદર્ય ઝળકાવી રહી છે. તેઓ પરદેશી ભાષા મારફતે ગૃહ-વિજ્ઞાન શીખી રહી છે.

આ ગૃહવિજ્ઞાનને આપણા દેશના લાખો લોકોના ઘરની જરૂરિયાત સાથે ભાગ્યે જ કંઈ નિસ્બત છે. તે ગૃહવિજ્ઞાન અને આપણા ઘરની જરૂરિયાતો વચ્ચે આસમાન-જમીનનું અંતર છે.

મારી પહેલાંના વિદ્વાન વક્તાએ એમ જણાવ્યું છે કે આ કૉલેજમાં તમે કોમી એકતાની ભાવનાનો વિકાસ સાધી રહ્યાં છો. જે કોમી એકતાની ઉન્નત ભાવના આપણા દેશમાં, દુઃખદ રીતે, ગેરહાજર છે, તેનું પુનરુત્થાન કરવાના, તેને મૂર્તિમંત કરવાના, પ્રથમ વ્યાવહારિક પાઠો તમે અહીં શીખી રહ્યાં છો. હું જોઇ શકું છું તે ઉપરથી મારે તો એક જ અનુમાન પર આવવું પડે છે. એ અનુમાન એ છે કે આ સંસ્થામાં એક એવો મધ્યવર્તી ખ્યાલ પ્રવર્તે છે કે હિંદીઓમાં કુસંપ ઘર કરી રહ્યો છે અને તેને દૂર કરી, કોમી એકતા પ્રાપ્ત કરવા માટે, આપણે પાશ્ચિમાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલું અને તેની પ્રબળ પ્રેરણા તળે વિકાસ પામતું જીવન જીવવું જોઇએ. બીજા શબ્દોમાં કહું તો, આપણે પાશ્ચિમાત્ય સંસ્કૃતિથી ઓતપ્રોત એવું ત્યાંનું–કહેવાતું પ્રેરણાદાયી જીવન અને તેની તાસીર, કોમી એકતાનું ધ્યેય સિદ્ધ કરવા માટે, અપનાવી લેવાં જોઇએ.

કોમી એકતા કોણે તોડી ?

દુર્ભાગ્યવશાત્, આવી શ્રદ્ધા હું ધરાવી શકતો નથી. બ્રિટિશોના આગમન પહેલાં, આપણામાં કોમ કોમ વચ્ચે વેરઝેર નહોતાં. ખરું કહું તો પાશ્ચિમાત્ય સંસ્કૃતિના ધસમસતા વહેણે જ, આપણા કોમી એકતાના તરાપાને ખરાબે ચડાવી, તેના ભુક્કા કરી નાખ્યા છે. આપણા બ્રિટિશ માલિકોની રાહબરી નીચે આપણને જે કેળવણી આપવામાં આવે છે તે, આપણી કોમી એકતાની ભાવનાને પોષવાને બદલે તેનો સરિયામ વિધ્વંસ કરે છે. એ પાશ્ચિમાત્ય કેળવણીનાં પગલાં હિંદમાં થયાં ત્યારથી કોમી એખલાસ નષ્ટપ્રાય થયો છે.

આ દેશમાં આવીને વસેલા વિદેશી કેળવણીકારોએ, વખતોવખત આપણને ભારપૂર્વક કહ્યું છે કે બ્રિટિશોના આગમન પહેલાં પણ, અહીં કોમ કોમ વચ્ચે કડવાશ અને કુસંપ સિવાય બીજું કંઈ નહોતું. પેલા ભાવિક અને શ્રદ્ધાળુ બ્રાહ્મણની જેમ, આપણામાંથી કેટલાંક આ વાત સાચી માનતાં થઈ ગયાં. એ શ્રદ્ધાળુ બ્રાહ્મણની વાત આ પ્રમાણે છેઃ એક સમયે એ બ્રાહ્મણ, યજ્ઞમાં આહુતિ આપવાના પવિત્ર હેતુથી, એક બકરાને લઈ, વગડામાંથી પસાર થતો હતો. એવામાં એક એવી ઘટના બની ગઈ કે જેથી એ બ્રાહ્મણ, એ બકરાને કૂતરું માનવા લાગ્યો. હકીકત એ છે કે, ત્રણ બંધા ચોરો એ બકરાને પંડાવી લેવા માગતા હતા. તેમાંના પ્રત્યેકે, થોડે થોડે અંતરે, ભારપૂર્વક અને મક્કમ અવાજે બ્રાહ્મણને કહ્યું કેઃ " મહારાજ ! આપ જે ખભા પર લઈ જઓ છો તે બકરું નથી, પણ કૂતરું છે. " આથી તે ગરીબ બિચારા બ્રાહ્મણને છેવટે એમ લાગ્યું કે તેની આંખો તેને છેતરતી હોવી જોઈએ—પેલા ત્રણ માણસોની વાત સાચી જ હોવી જોઈએ. આમ વિચાર કરી તેણે બકરાને ફેંકી દીધું. ચોરોને પોતાનો શિકાર બહુ સહેલાઈથી મળી જવા પામ્યો. એવી જ રીતે આપણને વખતોવખત ખૂબ ભારપૂર્વક અને મક્કમ અવાજે, બ્રિટિશો કહે છે કે અમારા આગમન પહેલાં પણ, હિંદમાં કોમી એકતા નહોતી, પણ કોમ કોમ વચ્ચે જબરદ વેરઝેર હતાં. આપણે પણ, વારંવાર એકની એક વાત કહેવાયાથી, એ વાત સાચી માની બેઠા છીએ.

એકતા-જીવનમાં અને મૃત્યુમાં

કેટલીક નક્કર હકીકતો પ્રત્યે કું તમારું લક્ષ ખેંચું કે ? બ્રિટિશોના અહીંના આગમનની લાંબો વખત પૂર્વે, હિંદુ-મુસ્લીમના વિરોધને આ દેશમાં ટાળી નાખવામાં આવ્યો હતો અને તે બંને કોમો વચ્ચે સુખદ અને શાંતિભરી સમાધાનવૃત્તિ સ્થાપવામાં આવી હતી.

બંને વચ્ચે એકતા અને એખલાસની જીવંત ભાવના મૂર્તિમંત થવા પામી હતી. આ કોમી એકતાના વિધાયક અને દિગ્દર્શક થવાનો સુયશ કબીર અને અકબરના ફાળે જાય છે.

તે કાળે, હિંદુ અને મુસલમાન ઉભય સુખી હતા. ઈસાની ઐતિહાસિક વાત પરથી જેમ ફલિત થાય છે તેમ, પરસ્પરની સમજૂતી દ્વારા, તેઓએ અપ્રતિમ એકતા સિદ્ધ કરી હતી ઈસા એ એક મુસલમાન સરદાર હતો અને તેની બહેનનું, એક બીજા મુસલમાન સરદારે હરણ કર્યું હતું. પોતાના એક ધર્મચુસ્ત પરમાર રાજપૂતની જોડે મળીને, ઈસાએ એ મુસલમાન સરદાર સાથે દારુણ યુદ્ધ કર્યું. એ ભીષણ સંગ્રામમાં ઈસા અને તેનો પરમ મિત્ર પરમાર રાજપૂત બંને, પ્રાણઘાતક રીતે ઘાયલ થયા. જિંદગીના છેલ્લા શ્વાસો લેતાં તેઓ ટેકરી ઉપર પડયાં હતાં ત્યારે, ઈસાના શરીરમાંથી નીકળતો લોહીનો પ્રવાહ, પરમારના શરીરમાંથી નિર્ગળતા લોહીના પ્રવાહ તરફ વહેતો હતો.

રખેને પોતાનું લોહી, ધર્મચુસ્ત પરમારના લોહીમાં ભળી જઈને, પોતાના પ્રાણપ્રિય મિત્રની ધર્માભિમાનની લાગણીને દુખવે એવા ઉન્નત હેતુથી, તેણે (ઈસાએ) પોતાના લોહીના ધસમસતા પ્રવાહને ખાળવા માટે રેતીની એક નાની સરખી પાળ બાંધવાનો યત્ન કર્યો. આ જોઈને પરમારે તરત જ જવાબ આપ્યોઃ " ઈસા, જીવનમાં આપણે એક થઈ રહ્યા છીએ તો

પછી, ભલેને આપણું લોહી, એકબીજામાં છૂટથી અને નિરંકુશ રીતે ભળે; આપણે જીવનમાં છૂટા નથી પડયા, તો પછી મોતમાં શા સારૂ છૂટા પડીએ ? " આનું નામ તે સાચી એકતા–એક બીજા પ્રત્યેની માનભરી લાગણીની એકતા–રૂપરંગ કે આકાર પરત્વે લવલેશ પણ દુરાગ્રહથી વંચિત એવી હૃદયનું સમન્વયપણું શોધતી નિર્મળ અને ઉદાત્ત એકતા. ૧૮૫૭ માં, દિલ્હીના મુસલમાન શહેનશાહના ઝંડા તળે, ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના પરદેશી શાસનનો સામનો કરવા માટે, હિંદુ અને મુસલમાન સૈનિકો એકત્ર થયા હતા. મારો બાલ્યાવસ્થામાં, અર્ધી સદી પહેલાં, મારા ધર્મચુસ્ત બ્રાહ્મણ કુટુંબના કેટલાક જનો ભરૂચના એક વિખ્યાત મુસ્લીમ કુટુંબના પુત્રો સાથે, અતિશય મિત્રાચારીભર્યો સંબંધ રાખતા હતા. તેઓ એકબીજાના દિલને બરાબર સમજતા હતા અને ઉભય કુટુંબમાંથી કોઇની પણ ધાર્મિક કે નૈતિક લાગણી ન દુભાય તેની કાળજીભરી સંભાળ રાખતાં હતા. બંને કુટુંબો પરસ્પરની ધાર્મિક અને નૈતિક ભાવનાને માન આપતા હતા.

હવે, પચાસ વરસ સુધી પાશ્ચિમાત્ય કેળવણી લીધા પછી આ એકતા દુનિયાના કયા ખુણામાં વિલીન થઈ ગઇ ?

વેરઝેરનો ઝેરો

વાઇસરોયની કાઉન્સિલમાં બિરાજતા સભ્યો કે જે ઘડીકમાં હિંદુ રાજ અને ઘડીકમાં મુસ્લીમ રાજની હિમાયત કરી રહ્યા છે તે આ આધુનિક બ્રિટિશ કેળવણીનો પરિપાક ! શું આપણી કૉલેજો આ એકતાની બરદાસ્ત કરનારાં સેવાગૃહો નથી ? નહિ, હરગીજ નહિ. હિંદુ-મુસ્લીમ વચ્ચેનો વિરોધ, હિંદી અને ઉર્દૂ વચ્ચેની તકરાર અને એવી બીજી એકસો ને એક બાબતો જે હિંદુ–મુસ્લીમ વચ્ચે કડવાશ અને કુસંપનું પ્રદર્શન કરે છે તે બધી, એક જ સ્થાનમાંથી આવિર્ભાવ પામે છે. તે સ્થળે એટલે આધુનિક બ્રિટિશ કેળવણી પામેલી આપણી વર્તમાન પ્રજા, કેમી વેરઝેરનો ઝેરો તેમના દિલમાંથી ફૂટી નીકળી આખા દેશમાં ફરી વળે છે અને આપણા જીવનને વિસંવાદી બનાવી, તેમાં ઝેર ઠલવે છે.

હું તમને પૂછું છું કે બ્રિટિશોનાં પગલાં પહેલાંના દિવસોની એકતા તમારામાં છે કે ? એવી ભ્રાતૃભાવભરી એકતાને આજે તમારામાં ગૌરવભર્યું સ્થાન મળે છે કે ? તમે એમ માની લો છો કે તમારામાં ભાગલા પડી જઇને કુસંપ પેઠો છે; પણ આ કુસંપ અને ભાગલા વિષેની વાત તમારા જાણવામાં કયારે આવી ? નૂતન એકતાની શોધમાં, તમે જ્યારે આ કોલેજમાં આવ્યા ત્યારે ને ? શું આ નિર્વિવાદ હકીકત નથી ? તમે પરદેશી શિક્ષણ દ્વારા એકતા પામવાને ફાંફાં મારી રહ્યાં છો. તમે એમ માની લો છે કે, ખુદ તમારી પોતાની જ સંસ્કૃતિ દ્વારા એકતાની પ્રાપ્તિ શકય નથી. હું તમને પૂછું છું કેઃ જે જાહોજલાલી અને હૃદયની વિશાળતા હિંદુ સંસ્કૃતિનાં લાક્ષણિક અંગો હતાં તેને પિછાનવાની તમારા પૈકી કેટલીક મુસ્લીમ બાળાઓ કોશીશ કરે છે ? જે અદ્‌ભુત શોભા અને અપૂર્વ સમૃદ્ધિ, મોગલો આ દેશને અર્પી ગયા તેમાં, તમારા પૈકી કેટલી હિંદુ બાળાઓ રસ લે છે ? જો આ સમૃદ્ધ હિંદી વારસામાં તમે રસ ન લેતાં હો તો, હું તમને પૂછું છું કે, કેમી એકતા

જે હિંદી સંસ્કૃતિ આપણામાંના દરેકને આવરી રહી છે તેના વિરાટ્ સ્વરૂપ ઉપર જ આ દેશની એકતાનો પાયો અંકિત થયેલો છે. તમારી કૉલેજમાં, હિંદી સંસ્કૃતિનું પ્રાબલ્ય અને તેની ચિરસ્થાયી પ્રેરણાનું યથોચિત ગુણદર્શન કરાવવામાં આવે છે ? દ્રૌપદી, કુમતદેવી ધ્રુવસ્વામિનીદેવી, જોધબાઇ અને નૂરજહાં જેવી મહાન મહારાણીઓ તથા આ દેશની અન્ય વીરાંગનાઓની રસીલી જીવનકથાઓ તમને કહેવામાં આવે છે ? તમને કહેવામાં આવ્યું છે કે આ હિંદની સન્નારીઓ, પ્રાચીન ' બિકેન્ટિયમ ' માં રાજ કરી ગયેલી મહારાણીઓ તથા અર્વાચીન યુરોપના રાજકર્તાઓ જેટલી જ સત્તા ધરાવતી હતી ? વળી તેઓ (હિંદી સન્નારીમાં) ચારિત્ર્યમાં વધુ મહાન હતી, તમને મીરાં જેવી સંત સન્નારી વિષે કહેવામાં આવ્યું છે કે તે પ્રભુભક્તિમાં તદાકાર થઇ પોતાની ઈશ્વરપરાયણતાને નાચગાનમાં મૂર્ત કરતી હતી ? વળી તમને એ કહેવામાં આવ્યું છે કે, હિંદમાં જ્યારે અંધાધુંધીનું સામ્રાજ્ય પ્રવર્તતું હતું ત્યારે આવી એકનિષ્ઠાએ જ હિંદને ' એક અને અવિભાજ્ય ' બનાવ્યો હતો. તમને કદી તમારા દેશનાં ગામડાંઓમાં જઇ ત્યાંના ' એકતાના સાક્ષીરૂપ ' કૂવાઓ બતાવવામાં આવે છે કે ? તમને ખબર છે કે આ કૂવાઓ સમીપે, હિંદુ અને મુસ્લીમ સ્ત્રીઓ, એકબીજાના સુખદુઃખમાં ભાગ લેવા હંમેશાં મળે છે, તેઓ પરસ્પર વિશ્વાસ રાખી, એકબીજા પ્રત્યે પોતાનું દિલ ખોલી વાતો કરે છે એ તમે જાણો છો ? પાશ્ચિમાત્ય સ્ત્રીઓની ખૂબ આગળ ઓગણીસમી સદીની અધવચ્ચ સુધી હિંદની હિંદુ તેમ જ મુસ્લીમ સ્ત્રીઓ, કાયદેસરના હકકો ભોગવી શકતી હતી તે તમને શીખવવામાં આવ્યું છે કે ? તમને ખબર છે કે છેલ્લાં બાર વરસના ગાળામાં હિંદનાં સ્ત્રીપુરુષોએ, આગાઉના કોઇ પણ વખત કરતાં વધુ સ્વાતંત્ર્ય હાંસલ કર્યું છે ? તમને ખબર છે કે આઝાદીની શોધમાં સંચરેલાં સ્વદેશાભિમાની સ્ત્રીપુરુષો જે બ્રિટિશ જેલોમાં અટવાઇ પડ્યાં છે ત્યાં એકતા ઘડાઇ રહી છે ? દરરોજ સાંજના હિંદુ અને મુસલમાનો, પોતાની ગીતા અને પોતાનું કુરાન ભેગાં મળીને વાંચવાને ત્યાં બ્રિટિશ જેલોમાં એકઠાં થાય છે. ત્યાં એક સાથે તેઓ ' એક અને અવિભાજ્ય માલિક 'ની બંદગી કરે છે. મહાત્મા ગાંધીજીની પ્રેરણા તળે, હિંદી સ્ત્રીઓને એક નૂતન અને ગૌરવભર્યું દૃષ્ટિસ્વરૂપ આપવામાં આવ્યું છે તેની તમને ખબર છે કે ? ૧૯૩૦ ની સાલમાં, હિંદના આપણા ભાગની, સમાજમાં અતિ ઊંચું સ્થાન ભોગવતી સન્નારીઓને, મહાત્મા ગાંધીજી તરફથી આદેશ મળ્યો કે તેઓએ મુંબઇમાં આવેલી દારૂની દુકાનોએ જઇ ત્યાં ' પિકેટીંગ ' કરવું. તેઓએ ગાંધીજીને ઠપકો દીધો. કદાચ મવાલીઓ તેમને હેરાન કરે એવી એ વનિતાઓને દહેશત રહેતી હતી. પરંતુ ગાંધીજીએ કહ્યું: ' તમે જાઓ અને ' પિકેટીંગ ' કરો; તમે એ મવાલીઓને પણ કેળવી શકશો. " ખરે, ગાંધીજીની વાત સાચી ઠરી. ' પિકેટીંગ ' કરતી વેળાએ, કોઈ પણ સ્ત્રીની છેડ થવા પામી નહોતી. જે સ્વદેશાભિમાની લાગણી, શિષ્ટ અને સુધરેલી વનિતાઓને, પોતાની વચ્ચે લાવવામાં કારણભૂત થઇ હતી તેને એ મવાલીઓ પણ માન આપતાં શીખી ગયા હતા.

વર્તમાન સમયમાં, આ દેશની સરાસરી સ્ત્રીનું દૃષ્ટિસ્વરૂપ કેવું છે તે તમે જાણતા હશો. જો તમે ન જાણતાં હો તો, આપણા મુંબઇ જેવા કોઇ નગરની શેરીઓમાં, તમે મારી સાથે બહાર આવો. સેંકડોની સંખ્યામાં તેઓ ત્યાં, પોતાના દેશ પ્રત્યેની ફરજ

કરી રહી છે. પોતાની વિરાટ અને આશ્ચર્યજનક તાકાતનું તે વનિતાઓને હવે ભાન થાય છે. કોમ કોમ વચ્ચે વિરોધ જગાડનારાં અને દેશના ભાગલા પાડનારાં બધાં અનિષ્ટ તત્ત્વો, જે બ્રિટિશ કેળવણીને પગલે પગલે, અહીં સરકી આવ્યાં છે તેને આખરે આ વીરાંગનાઓની વિરાટ્ શક્તિ ઓગાળી નાખશે.

તમને એ ખબર છે કે, જ્યારે ઈજીપ્ત, ગ્રીસ અને રોમનો જન્મ પણ નહોતો થયો ત્યારે આપણી ભારત માતા જ ઉદ્ધારણયુક્ત પ્રેરણાનું ' એકમાત્ર ' સ્થાન હતું. આના પર ખૂબ ઊંડો વિચાર કરી જુઓ. આખી દુનિયામાં સૌથી વધુ પૂજનીય અને સૌથી વધુ યુવાન આપણી ભારત માતા છે. સર્જનજ્યોતું, સેંકડો ઉલ્કાપાતોમાં અગ્નિશુદ્ધ અને જીવંત રહેલું તેનું જે ઉદાત્ત ગૌરવ છે, તેના આપણે નસીબદાર વારસો છીએ. હા, પશ્ચિમે આપણને આ કેળવણી આપી છે અને પાશ્ચિમાત્ય ખ્યાલોએ આપણા પર અજબ વશીકરણ કરી નાખ્યું છે અને હવે આપણે ભાન ભૂલી બેઠા છીએ. પશ્ચિમે આપણને દારૂગોળો, વિમાનો, ટેંકો અને તેના જેવાં બીજાં એક હજાર અને એક સાધનો આપ્યાં છે. આ ક્રરપીણ સાધનો વડે માણસ માણસનો સંહાર કરી શકશે. નિર્દોષ સ્ત્રીઓ અને કુમળાં બાળકોથી ભરપૂર એવાં શહેરો ઉપર પોતાનું પાશવી, તાંડવ નૃત્ય બેલી, તે સૌનું રાખના ઢગમાં રૂપાંતર કરી શકશે.

કેવળ સત્તા ઉપર આરૂઢ થયેલી આ સંસ્કૃતિ, કે જેના બોળિયામાં અમીરતાનો છાંટો સરખો યે નથી તે યુરોપની સમરભૂમિ ઉપર, પોતાના સર્વનાશ તરફ, આંધળિયાં કરી ધસી રહી છે. તેના સર્વનાશમાંથી, જીવનની એક એવી સ્થિતિ ઉત્પન્ન થશે કે જેમાં, હિંદ પોતાની સર્વસાધનસામગ્રીઓ સાથે, એક મહાન રાષ્ટ્ર તરીકે આગળ આવી પોતાનું અસલ ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરશે.

આ પ્રકારની શ્રદ્ધામાં જે અદ્‌ભુત પ્રેરણા સમાયેલી છે તે જ આપણને ' એક કરે છે. ' કોમી એકતા જેનો કુનેહપૂર્વક અને દુષ્ટતાથી નાશ કરવામાં આવ્યો છે તેનું પુનરુત્થાન કરવામાં કેવળ આ પ્રેરણાત્મક શ્રદ્ધા જ આપણને સહાયભૂત થશે.

[તા. ૨૭–૧૦–૪૨ ના " જન્મભૂમિ "માંથી]

અંધ અને અધમ લેખક

સર પ્રીરોઝખાન નૂને ' મધમધતી રજકણ ' (સેન્ટેડ ડસ્ટ) નામનું એક પુસ્તક લખી પોતાની અત્યાર સુધીની કીર્તિ (!) ઉપર કળશ ચડાવ્યો છે.

ગટરમુકાદમ મિસ મેયોને પણ શરમાવે એવું, હિંદની ભયંકર બદનક્ષી કરનાર પુસ્તક લખનાર હિન્દના આ સુપુત્રે (!) પોતાની માતૃભૂમિની બદનક્ષી કરવામાં પાછું વાળીને જોયું નથી.

' હિન્દ એટલે વિષયલોલુપતા, વ્યભિચાર, લાંચરુશ્વત, વહેમો અને મૂર્ખતાઓથી ભરપૂર ભૂમિ ' એ જાતનું ચિત્ર સર પ્રીરોઝખાં નૂને વાચક સમક્ષ ઊભું કર્યું છે.

અને સર પ્રીરોઝખાં પોતે લખે છે તે પ્રમાણે એ પુસ્તક એમણે પરદેશી વાચકો માટે જ લખ્યું છે !

દુનિયાના દરેક દેશમાં અને સુસંસ્કૃત ગણાતા દરેક સમાજમાં જે બદીઓ હયાત છે

તેમાંની કેટલીક હિંદમાં પણ છે એની ના નહિ પણ હિંદ એટલે એ બધીઓ અને બીજું કશું જ નહિ, એમ કહેનાર માણસ કાં તો અંધ છે અને કાં તો અધમ છે; અથવા તો અંધ અને અધમ બંને છે.

વાઇસરોયની કારોબારીમાં બેસનાર આ પ્રીરોઝખાં નૂનની નિર્લજ્જતા પણ ઓછી નથી. આ પુસ્તકમાં તદ્દન બિન-જરૂરી એવી ગંદી વાતો લખીને એમણે એમના પોતાના મલિન માનસનું પ્રતિબિંબ પાડયું છે.

એ પુસ્તકમાં એમણે બે કેળવાયેલા હિંદીઓ વચ્ચેનો સંવાદ આપ્યો છે. એમાં એક જણ કહે છે કે, " અબ્દુલ, તું મને એક મુસલીમ સ્ત્રી મેળવી આપે કે ? " " જરૂર, જરૂર, પણ મુસલીમ જ શા માટે ? " એટલે પેલાએ કહ્યું. " કારણ કે તેઓ તન્દુરસ્ત અને સશક્ત હોય છે; અને તેમનાં અંગો રસાયુભરપૂર હોય છે ! "

આવી જ જાતની હલકટ વાતોથી આ પુસ્તક ભરેલું છે. દુનિયાભરને પ્રેરણા અને પ્રકાશ આપી શકે એવી હિંદની મૂલ્યવાન સંસ્કૃતિ વિષે લખવાને બદલે સર પ્રીરોઝખાં નૂનને આવી જ વસ્તુઓ લખવાનું સૂઝયું છે ! !

જેવો જેનો રસ ! હંસ મોતીનો ચારો ચરે છે; કાગડાને વિષ્ટા ચૂંથવામાં જ અજબ આનંદ મળે છે.

[તા. ૨૬-૧૦-'૪૨ ના " જન્મભૂમિ "માંથી]

કારાવાસી કહે છે —

" પાર્સલ મળ્યું. ઉપનિષદ્‌ના ગ્રંથો પર અંગ્રેજી નામ નથી એટલે હજી મને મળ્યાં નથી. ઉનાળો શરૂ થયો એટલે વાચન ઘટયું. " હિસ્ટોરિયન્સ હિસ્ટરી ઑફ ધી વર્લ્ડ "ના પહેલા પાંચ ખંડો વાંચી કાઢયા.

× × ×

" પુસ્તક મંગાવવાની પરવાનગી ન અપાઇ તે દિવસો જરા દુષ્કર હતા. × × છાપાં કે સામયિકો પણ, ઈગ્લાંડનાં હોં કે હિંદની કોઇ ભાષામાં મને મળવાનો પ્રતિબંધ હતો. પછી એકાએક મને × × × પુસ્તકો મારી પાસે રહેવા દેવાનો હુકમ થયો; બાકીનાં ઑફિસમાં રહે.

" શંકર મોરો રાનડેની નવલકથાઓ મૂળ અંગ્રેજી ગ્રંથોના આધારે લખાયેલી છે. ' મોરી કિવન ઑફ સ્કોટસ ' અને ' ગાય ફૉકસ ' એ મૂળ નવલકથાઓ હશે, એમ લાગે છે. ' શિલાદિત્ય નામની નવલકથામાં કેથોલિક અને પ્રોટેસ્ટંટને સ્થાને જૈન હિન્દુ કલ્પીને તેનો ધર્મવિરોધ આલેખવાનો પ્રયત્ન કર્યો છે. એટલે રાનડે જો એની આ કથા પૂરી કરવાના હોય તો જૈન યતિઓના રીતરિવાજનો અભ્યાસ જૂના ગ્રંથોમાંથી કરવો જ જોઇએ.

× × ×

" વેફરનો ગ્રંથ વાંચ્યો. એ જર્મન ભાષામાં છે, કલાકે પાંચ પાનાં પ્રમાણે વાંચતાં આવડી ગયું. તેથી કેટલો આનંદ થયો એ શું કહું ? "

—લોકમાન્ય તિલક

આવતા માસની કાર્યદિશા

૧ જેમણે અંદાજો બનાવી ન મોકલ્યાં હોય તે પોતાના પુસ્તકાલયનાં અંદાજો બનાવી મોકલે.

૨ પુસ્તકાલયના કબાટની આજુબાજુ રદ્દી ચીજો ન મૂકો. હોય તો તેને તુર્ત દૂર કરો. દર માસે પુસ્તકાલયનાં તમામ પુસ્તકોને ધૂળ અને ઉધાઈથી બચાવવા સાફ કરો.

૩ મંજૂર થયેલાં અંદાજો મળે એટલે પાવતીઓ, ધોરણ પ્રમાણે સહીઓ કરી પુસ્તકાલય ખાતામાં તુર્ત મોકલી આપો અને લોકમદદનાં નાણાં પુ. સ. સ. મંડળમાં મોકલો.

૪ પોતાનાં પુસ્તકાલયોનાં અંદાજોમાં કપાત થઈ હોય તો તે ખાતાને અનિવાર્ય રીતે કરવી પડી છે એમ માની ખાતા તરફ લખાપડી ન કરવા સલાહ છે. ફેરફાર કરાવવા માટે ચાલુ માસની સૂચના વાંચીને વિચાર કરીને જ માગણી કરે.

૫ ત્રિમાહી નિવેદનો જૂથમંડળો પોતાના જૂથનાં પુસ્તકાલયમાંથી મંગાવી એકત્રિત કરી મોકલે. જરૂર પડે સભા બોલાવી હકીકત એકત્રિત કરવા તજવીજ કરશો.

૬ મહાલ પુ. મંડળો ત્રિમાસિક સભા ભરે અને નવીન પુસ્તકાલયો બોલવાનો મહેસાણા મહાલ મંડળ અને દહેગામ મહાલ મંડળ તથા મહેસાણા પ્રાંત મંડળ અને નવસારી પ્રાંત મંડળ ખાસ વિચાર કરે.

૭ તમારા પુસ્તકાલયમાં ઠરાવ બુક, વાંધાપત્રકની ચોપડી, ઊડી ગયેલાં બાળકોની યાદી, વાચકનોંધવહી ન રાખી હોય તો આજે જ આ પત્રકો બાંધી તમારું કામ વ્યવસ્થિત કરો. આ બાબી હજીયે સુધરતી નથી તે માટે રા. મહાલ શાળા-ધિકારીઓ પણ ધ્યાન આપશે એવી વિનંતિ.

૮ તમારા નજીકના શાળાવાળા ગામે પુસ્તકાલય ન હોય તો લોકમદદ રૂપિયા પચાસથી પંચોતેર સુધી ઊભી કરવા પ્રયાસ કરો.

વડોદરા,
તા. ૪-૧૧-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

પુસ્તકાલય ખાતું — સાર્વજનિક પુસ્તકાલય શાખા

વટહુકમ નં. ૩ સને ૧૯૪૨-૪૩

વિષય

પુસ્તકાલયોનાં મકાનો માટેની માગણી બાબત

પુસ્તકાલયનાં મકાન બાંધવા માટેની મદદ બાબત

૧ સાર્વજનિક પુસ્તકાલયોનાં મકાનો બાંધવા માટે સાર્વજનિક પુસ્તકાલયના નિયમની કલમ ૧૧ થી ઠર્યું છે કે જે ગામના લોકો પુસ્તકાલયના મકાન બાંધવાના કુલ ખર્ચની ½ રકમ ઊભી કરે તો તેમને સરકાર અને પંચાયત ઘણ ½ સુધી મદદ મળી શકશે.

૨ ઉપરની કલમથી પુસ્તકાલયોને કેવી રીતે મદદ આપવી એ બાબત સ્પષ્ટ ધોરણ ઠર્યું નથી. તેથી તેવું ધોરણ ઠરાવવાની આવશ્યકતા જણાઈ છે. કારણ કેટલાક સ્થળોએ મકાનવાળાં પુસ્તકાલયો થયા બાદ તેનું કામ પુસ્તકાલયની દૃષ્ટિએ બરોબર બૂબ જ અવ્યવસ્થિત જણાયું છે. તેમાં મુખ્યત્વે ખામીઓ નીચેની બાબતોની જણાઈ છેઃ

પુસ્તકાલયની ખામીઓ બાબત

(૧) વ્યવસ્થાપક મંડળની સભા દરમાસે નિયમિત મળતી નથી.

(૨) ગ્રંથપાલનું કામ પણ નિરાશાજનક હોય છે અને કેવળ પુસ્તકો સહી કરાવી આપવાં અને પાછાં લેવાં એટલું જ તે કરે છે.

(૩) જીર્ણ, નિરૂપયોગી અને ઉધાઈ લાગેલાં પુસ્તકો કમી કરાવવા તરફ પૂરતી કાળજી રહેતી નથી.

(૪) વાંચનાલય બરાબર ગોઠવાતું નથી.

(૫) નિયમિત સમયે પુસ્તકાલય ઉઘડતું નથી.

(૬) બાળકો અને ઉઠી ગયેલાં વિદ્યાર્થીઓના તરફ પૂરતું ધ્યાન અપાતું નથી.

(૭) દફ્તરી વ્યવસ્થા અનિયમિત રહે છે.

(૮) પુસ્તકાલયને લોકપ્રિય બનાવવા તથા લોકમદદ તે પ્રમાણમાં વધુ ઊભી કરી પુસ્તકો માટે વધુ રકમ ખર્ચી શકતા નથી.

(૯) ગામમાંથી સારા ગ્રંથપાલ નહિ મળવાના કારણે શાળાના શિક્ષકોને આ કામ ફરજીઆત કરવું પડે છે.

મદદની માગણી વખતે પાળવાની શરતો

૩ ઉપરની અવ્યવસ્થા હોય તો પુસ્તકાલયો જે આજુબાજુનાં ગામડાં માટે આદર્શરૂપ હોવાં જોઈએ તે ઉદ્દેશ ફળીભૂત થતો નથી અને ખર્ચનું પ્રમાણ વધે છે. વળી પુસ્તકાલયોનો આદર્શ પ્રમાણિકપણે નિયમ અને ધોરણ અનુસાર કામ કરનાર યુવકો ઊભા કરવાનો હોવો જોઈએ. સઘળ મકાનની માગણી કરનાર પુસ્તકાલયોને સને ૧૯૪૨-૪૩ ની સાલથી સરકાર પંચાયત મદદ જે પ્રમાણે સવડ હશે તે પ્રમાણે આપવાની હશે તો નીચેની બાબતોને પાત્ર રહી અપાશેઃ—

(૧) ગામની વસ્તીના નિદાન ૬૦ ટકા માણસો ભણેલા હોવા જોઇએ.
(૨) છેલ્લાં પાંચ વર્ષથી શાળાના શિક્ષક ગ્રંથપાલે પોતાની સાથે ઉપગ્રંથપાલ તરીકે પ્રત્યક્ષ કામ કરનાર પાંચેક સ્વયંસેવકો તૈયાર કરેલા હોવા જોઇએ.
(૩) છેલ્લા પાંચ વર્ષથી પુસ્તકાલયનો ઉપયોગ ભણેલાં પૈકી નિદાન ૩૦ ટકા માણસોએ દર વર્ષે કરેલો હોવો જોઇએ. આ માટે પુસ્તકોની નોંધવહી અને વાચકોનું રજીસ્ટર માત્ર આધારપાત્ર ગણાશે.
(૪) ઉઠી ગયેલાં બાળકોમાં વાચન માટે સારો પ્રચાર થતો હોવો જોઇએ.
(૫) પુસ્તકાલયનું વ્યવસ્થાપક મંડળ છેલ્લાં પાંચ વર્ષથી નિયમિત દર માસે મળતું હોવું જોઇએ અને પુસ્તકાલયની વ્યવસ્થા, પુસ્તકોનો વાચનપ્રચાર અને હિસાબ વગેરેની બરાબર તપાસ રાખતું હોવું જોઇએ.
(૬) પુસ્તકાલયનું અંદાજપત્ર છેલ્લાં પાંચ વર્ષથી ઠરેલી ટકાવારીના ધોરણ પ્રમાણે બનતું હોવું જોઇએ. અને ભવિષ્યમાં ઠરાવેલા ટકાવારીના ધોરણ પ્રમાણે જ અંદાજ બનાવવાની જવાબદારી લેવી જોઇએ.
(૭) વર્ગણીદાર સભાસદો ઊભા થવા જોઇએ અને પુસ્તકાલયના નિયમો ઘડાઇ તે પ્રમાણે તેનો અમલ થતો હોવો જોઇએ.
(૮) ગ્રંથપાલનો રૂા. ૨૦૦)નો જામીન લેવો જોઇશે.

ઉપર પ્રમાણે જે પુસ્તકાલયોની વ્યવસ્થા હશે અને તેમની માગણી ઉપર રા. મહાલ શાળાધિકારી સાહેબ તથા રા. રા. પ્રાંત શાળાધિકારી સાહેબની ભલામણ હશે તેમને માટે સ્વતંત્ર પુસ્તકાલયના મકાન માટે અત્રેથી સવડ હશે તો મદદ આપવા સંબંધી ઘટિત તજવીજ થશે.

વ્યવસ્થાપકોએ ઉપર પ્રમાણે તજવીજ કરવા બાબત

૪ સબબ આથી જે પુસ્તકાલયોના વ્યવસ્થાપકોએ પોતાના પુસ્તકાલયના મકાન માટે માગણી કરી હોય કે રકમ ઊભી કરી હોય તેમણે ઉપરની શરતો પ્રમાણે તજવીજ કરી રા. મહાલ શાળાધિકારી સાહેબ અને રા. રા. પ્રાંત શાળાધિકારી સા. મારફત માગણી અમારા તરફ કરવી એટલે છેવટનો નિર્ણય થયા બાદ તેમને જણાવવામાં આવશે.

ભાડાના મકાનમાં પુસ્તકાલયો ગોઠવવા બાબત

(૫) જ્યાં મકાન બાંધી શકાય તેમ નથી અગર સવડ થઇ શકે તેમ નથી છતાં વ્યવસ્થાપકોને સ્વતંત્ર પુસ્તકાલય ચલાવવું હશે તોપણ ઉપલી શરતોને પાત્ર રહી તેઓ તે પ્રમાણે કરી શકશે. પણ તેમણે નોકરખર્ચ માટે તેમ જ મકાનભાડા માટે અંદાજમાં તેટલી વધારાની લોકમદદ ઊભી કરી માગણી કરવી જોઇશે. આથી કાયમનિધિમાં રકમ ઓછી મૂકવાની સવલત મળશે નહિ. પરંતુ સરકારમદદ જેટલી રકમ તેમણે કાયમનિધિ ખાતે અવશ્ય મૂકવી પડશે.

વડોદરા,
તા. ૨૦-૧૦-૪૨

પુ. ત્રિ. શાહ.

ઉ. મો. પટેલ.
મદદ. વ્યવસ્થાપક

ટહુકમ નં. ૪ સને ૧૯૪૨-૪૩

વિષય

પસ્તી વેચાણની રકમના વિનિયોગ બાબત

પત્રો-માસિકોના જૂના અંકોના પસ્તીવેચાણની રકમના વિનિયોગ બાબતમાં સરકયુલર નં. ૧૧ તા. ૨૫-૧૨-૧૪ થી ખાતાએ આ પૂર્વે ઠરાવેલું છે કે સદર રકમ પુસ્તકાલયના રોજમેળમાં જમા કરી કંટીજંટ ખાતે વાપરવી તથા એ રકમ પર સરકાર પંચાયત મદદ લેવી નહિ.

કંટીજંટ સિવાયના બીજા કામે આ રકમ ખર્ચાય કે નહિ એ સંબંધમાં અનેક પુસ્તકાલયો આ તરફ વખતોવખત પુછાવતાં હોવાથી સરકયુલર મજકુરની પૂરવણીમાં નીચે પ્રમાણે સ્પષ્ટતા કરવામાં આવે છેઃ—

(૧) પસ્તી વેચાણની ઉપજની રકમ ટપાલખર્ચ, સ્ટેશનરી, રેલ્વે નૂર, હેલકરી વગેરે કંટિજંટ ખર્ચ ઉપરાંત પુસ્તકબંધામણી, પુસ્તકખરીદી, પત્રોમાસિકોની છૂટક વા વાર્ષિક ખરીદી વગેરે પુસ્તકાલય સંસ્થાના હિતના સાર્વજનિક ઉપયોગના હરકોઇ સદરે ખર્ચી શકાશે.

(૨) એના જમાખર્ચનો હિસાબ સંસ્થાના રોજમેળમાં અંદાજની બીજી રકમોની માફક જ રહેવો જોઇએ.

(૩) આ રકમ પર સરકારપંચાયત મદદ મળી શકતી નહિ હોવાથી અંદાજના કામે લોકમદદ તરીકે ન લેવાય તેની ખાસ કાળજી રાખવી.

યોગ્ય અધિકારીની મંજૂરીથી કમી કરાયલાં રદ્દી પુસ્તકો કે ચોપાનિયાંના વેચાણની રકમો બાબતમાં પણ ઉપલું જ ધોરણ લાગુ સમજવાનું છે.

વડોદરા,
તા. ૨૩-૧૦-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

જાહેરાત નં. ૧૦ સને ૧૯૪૨-૪૩

વિષય

નવીન પુસ્તકાલયો ઉઘાડવા બાબત

સને ૧૯૪૨-૪૩માં નવીન પુસ્તકાલયો ૫૦ ઉઘાડવાનાં છે. તો આથી તમામ રા. વહીવટદાર સાહેબો, રા. મદાર શાળાધિકારી સાહેબો તથા રાજ્ય પુસ્તકાલય મંડળના કાર્યકરોને વિનંતિ કરવામાં આવે છે કે પોતાની ફેરણી દરમ્યાન સરકારી શાળાવાળા ગામે જ્યાં પુસ્તકાલય ન હોય ત્યાં લોકમદદ ઊભી કરાવી જે તે ગામના લોકોની અરજ સાથે નવીન પુસ્તકાલય ઉઘાડવા માટે માગણી મોડામાં મોડી ડિસેમ્બર આખર સુધીમાં અમારા તરફ મોકલી આપે. લોકમદદ નિદાન રા. ૫૦ થી ૭૫ સુધી ઊભી થવી જોઇએ. આ નીચે

પુસ્તકાલય વિનાનાં ગામો જ્યાં શાળાઓ છે તેની યાદી આ નીચે આપી છે. આશા છે કે કાર્યકરો અને અધિકારી સાહેબો આ પ્રવૃત્તિને મદદ કરવા પોતાથી બનતું કરશે અને નવીન પુસ્તકાલયો ડિસેમ્બર આખર સુધીમાં તૈયાર થઇ જાય તેવી તજવીજ કરવામાં મદદ કરશે.

વડોદરા,
તા. ૧૩-૧૦-૪૨

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

વડોદરા રાજ્યનાં શાળાવાળાં પણ પુસ્તકાલય વિનાનાં ગામોની યાદી

કુલ ગામ : ૧૪૨

વડોદરા પ્રાંત : ૨૯

વડોદરા મહાલ ૯	
૧ ચંપાડ	૩૮૭
૨ ઉંટિયા (પીંગળવાડા)	૩૨૪
૩ કપુરાઇ	૫૭૮
૪ કોટણા	૬૪૩
૫ ખલીપુર	૪૩૭
૬ ગોસીંદ્રા	૪૫૯
૭ મોતિયાપુરા	૫૦૯
૮ રાઘવપુરા	૪૪૨
૯ સુભાનપુરા	૪૮૧
સંખેડા મહાલ ૩	
૧ કાળી તલાવડી	૩૯૯
૨ ભોટિયા	૪૦૯
૩ સૂર્યા	૨૪૮
સાવલી મહાલ ૮	
૧ આણંદીના મુવાડા	૪૧૯
૨ કડાછલા	૩૬૬
૩ કુનપાડ	૫૬૫
૪ ધંટિયાળ	૭૪૧
૫ જાંબુગોરલ	૨૬૯
૬ રાસાવાડી	૪૪૧
૭ વેમાર	૫૭૭
૮ સમલાયા	૫૮૭
વાઘોડીઆ મહાલ ૭	
૧ અડીરણ	૫૩૫
૨ આમોદર	૬૧૯
૩ અલવા	૬૨૬
૪ કુમેટા	૪૭૪
૫ તવરા	૪૮૭
૬ ફલોડ	૫૫૬
૭ મછલીપુરા	૩૨૦
તિલકવાડા મહાલ ૧	
૧ જેમલગઢ	૩૧૧
પાદરા મહાલ ૧	
૧ મહાપુર	૩૯૩

મહેસાણા પ્રાંત : ૫૦

કલોલ મહાલ ૪	
૧ નાદરી	૨૯૫
૨ મોયણી રાઠોડ	૪૯૮
૩ સોનીપુર	૫૭૬
૪ હાજીપુર	૬૧૧
કડીગામ મહાલ ૧૫	
૧ અંજનપુર	૭૨૬
૨ કડાદરા	૧૩૩૪
૩ ગીયોડ	૧૧૦૩
૪ જખોરા	૫૧૯
૫ જળિયાનો મઠ	૪૦૫
૬ દશેલા	૧૦૪૯
૭ નાના જલુંદ્રા	૫૩૬
૮ પાલજ	૧૨૯૩
૯ પીપળજ	૬૦૧
૧૦ રામનગર	૨૧૬
૧૧ વડવાસા	૮૩૭
૧૨ વાંસણા ચોધરી	૧૧૩૪
૧૩ શાહપુર	૭૬૯
૧૪ શાહોલી મોટી	૧૦૨૧
૧૫ સલાડપુર	૫૪૩
ખાતરસુંબા મહાલ ૫	
૧ કમાલબંધ વાસણા	૬૨૨
૨ ગરોડ	૫૦૬
૩ વાયજીપુર	૪૬૨
૪ સંદેશર	૪૮૨
૫ હીરોલ વાસણા	૧૬૦
વિજાપુર મહાલ ૨	
૧ ધનારામપુરા	૩૪૨
૨ હરણાઢોડા	૧૨૧૬
પાટણ મહાલ ૨	
૧ વામૈયા	૧૮૩૧
૨ સાંપરા	૧૬૬૨
મહેસાણા મહાલ ૧૪	
૧ કુકસ	૫૫૬
૨ ચલોવા	૧૩૭૬
૩ ટુંડાલી	૫૩૦
૪ દેદિયાસણ	૬૫૨
૫ ધોળાસણ	૧૧૬૮
૬ નવી શેઢાવી	૬૫૪
૭ નાગલપુર	૮૮૧

૮ પુનાસણ	૮૧૦	
૯ ભાસરિયા	૩૦૭	
૧૦ મુદરડા	૧૨૩૦	
૧૧ સોભાસણ	૭૯૫	
૧૨ સીડાસણ	૩૦૫	
૧૩ વડાસણ	૧૦૨૩	
૧૪ ધનપુરા	૨૨૮	
ખેરાળુ મહાલ ૮		
૧ ગોરીસણા	૮૪૨	
૨ ચોટિયા	૪૯૩	
૩ નાની હીરવાણી	૫૩૬	
૪ નવા દેલવાડા	૫૨૬	
૫ પાન્છા	૬૮૪	
૬ મચ્છાવા	૭૧૬	
૭ છાપલિયા	૧૬૦૫	
૮ મઢાસણા	૫૬૧	

નવસારી પ્રાંત : ૪૨

પલસાણા મહાલ ૨		
૧ કણાવ	૪૧૦	
૨ વંજોળિયા	૪૩૧	
સોનગઢ મહાલ ૫		
૧ અગાસવાણ	૬૬૩	
૨ ગાળકુવા	૫૪૬	
૩ ઘોડચીત	૩૮૭	
૪ પાંચપીપળા	૪૮૯	
૫ સાલ્હેર	૭૪૬	
વ્યારા મહાલ ૨૧		
૧ આંબિયા	૫૯૩	
૨ ઉચામ્બળા	૧૩૧૪	
૩ ઉંમરવાવ નજીક	૬૯૯	
૪ ઉંમરવાવ દૂર	૮૦૭	
૫ કટાસવાણ	૮૯૫	
૬ ખાનપુર	૫૨૨	
૭ ખંભાળિયા	૬૧૮	
૮ ઘાટા	૬૪૧	
૯ ઘાણી	૫૫૧	
૧૦ ચીખલી	૭૭૫	
૧૧ ચીખલવાવ	૫૦૬	
૧૨ ઘાટ	૬૫૨	
૧૩ બામણામાલ દૂર	૭૭૬	
૧૪ બેડકુવા દૂર	૧૨૨૫	
૧૫ બેડારાયપુર	૧૩૦૮	
૧૬ મગરકુઈ	૬૪૫	
૧૭ વાંકલા	૮૨૩	
૧૮ કાકડવા	૯૨૬	
૧૯ ન્હેસંગપુર	૬૬૬	
૨૦ વડકુઈ	૫૦૦	
૨૧ ભાનાવાડી	૪૮૫	
મહુવા મહાલ ૧૪		
૧ અલગઢ	૩૬૧	
૨ અંધારી	૨૬૭	
૩ કાંકરિયા	૪૭૩	
૪ દેદવાસણા	૭૧૨	
૫ નળધરા	૪૨૬	
૬ પુના	૫૪૦	
૭ લસણપુર	૭૭૬	
૮ વડિયા	૪૪૪	
૯ વાછાવાડ	૩૩૬	
૧૦ વાંક	૫૭૫	
૧૧ વાંસકુઈ	૬૧૬	
૧૨ હળધરા	૮૩૬	
૧૩ ભોળિયા	૬૧૨	
૧૪ વાણિયાવાડ	૪૫૧	

અમરેલી પ્રાંત : ૨૧

અમરેલી મહાલ ૭		
૧ તરવડા	૫૬૮	
૨ માલવણ	૫૭૦	
૩ મેડી	૫૧૩	
૪ અમરપુર	૫૪૬	
૫ ટીંબલા	૬૧૫	
૬ પીપળલગ	૮૩૫	
૭ ફતેપુર	૩૧૧	
ખાંભા મહાલ ૨		
૧ ઝીડિયાળા	૪૬૭	
૨ રઘુનાથપુરા	૬૪૧	
ઓખામંડળ મહાલ ૨		
૧ મીઠાપુર	૪૩૩૭	
૨ ઓખા પોર્ટ	૪૦૨૬	
ધારી મહાલ ૪		
૧ કમી	૬૬૩	
૨ પાણિયા	૪૦૭	
૩ ફુલી	૪૦૨	
૪ અમૃતપુર	૪૦૬	
કોડીનાર મહાલ ૬		
૧ નભનવાડા	૪૪૮	
૨ દેવળપુર	૮૨૬	
૩ પીપળા	૮૩૬	
૪ માલસરમ	૮૨૦	
૫ માલગામ	૫૭૪	
૬ ગોદલની ખાણ	૪૧૧	

સૂચના નં. ૧૧ સન ૧૯૪૨-૪૩

વિષય

કરબા પુસ્તકાલયોએ લોકમદદ વધુ ઊભી કરવા બાબત

ચાલુ સાલે ગ્રામ પુસ્તકાલયોએ પોતાની લોકમદદ વધારે ઊભી કરી મદદ માગ્યાનું જણાઇ આવે છે. ગામડાંની માગણી સંતોષવી એમ અમે માનીએ છીએ. એટલે કરબા પુસ્તકાલયોને તેમની માગણી કરતાં રકમો ઓછી મંજૂર થશે. તો આશા છે કે તેમણે પોતાની લોકમદદ વધુ ઊભી કરવી અગર પત્રો બાતે અગર બીજા સદરોએ બીનજરૂરી ખર્ચ કમી કરી નવાં પુસ્તકો તથા નોકરખર્ચની પૂરતી સવડ રાખવી. કરબા પુસ્તકાલયોએ લોકોમાં પ્રચાર કરી વધુ લોકમદદ દાન દ્વારા ઊભી કરવી જોઇએ. કારણ, એકલા સભાસદોના લવાજમથી બીજા સામાન્ય લોકો માટે જોઇતાં પુસ્તકો ખરીદી શકાતાં નથી. આશા છે કે કરબાએ પોતે વધુ લોકમદદ ઊભી કરવા તજવીજ કરશે.

વડોદરા,
તા. ૧૭-૧૦-૪૨

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નંબર ૧૨ સને ૧૯૪૨-૪૩

વિષય

જુલાઇ આખર સુધીમાં પુસ્તકાલયોનો ખર્ચ પડી રહે તેવી વ્યવસ્થા બાબત

આથી ગ્રામ પુસ્તકાલયોના વ્યવસ્થાપકો અને મંત્રી ભાઇઓને જણાવવામાં આવે છે કે પુસ્તકાલય સહાયક સહકારી મંડળ પાસે થતું કામ જુલાઇ આખર સુધીમાં પૂરું કરાવવા તજવીજ થવા માટે તેમને સરકારમદદ નિદાન એપ્રિલમાં મળી જવી જોઇએ, જેથી પુસ્તકાલયોનાં છૂટાં છૂટાં અંદાજો વર્ષમાં ગમે તે વખતે મંજૂર થતાં તે ચાલુ સાલથી માત્ર ફેબ્રુઆરી સુધીમાં જ અંદાજો ગ્રાહ્ય રાખવામાં આવશે. તે પછીથી આવેલાં અંદાજપત્રો પરત કરવામાં આવશે. કારણ તેનો ખર્ચ પડી વિનિયોગ જુલાઇ આખર સુધીમાં થતો નથી તો તે બાબત ધ્યાનમાં લેવા વિનતિ છે.

ગામડાંનાં પુસ્તકાલયોને મળતી પંચાયતમદદ પણ હંમેશાં ઑગસ્ટથી એપ્રિલ સુધીમાં જ મોકલી આપવાનું ફરાવવામાં આવે છે. તે પછી મદદ મળે તો તે બીજા વર્ષે ખર્ચ પડાવવા તજવીજ કરવી. આશા છે કે પુસ્તકાલયના કાર્યકર્તાઓ ગામની પંચાયતના અધ્યક્ષ સાહેબ સાથે સહકારથી કામ કરી તેમની પાસેથી મળતી પંચાયત મદદ મેળવવા નિયમ પ્રમાણે તજવીજ કરશે.

વડોદરા,
તા. ૧૭-૧૦-૪૨

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદ, વ્યવસ્થાપક.

સૂચના નંબર ૧૩ સને ૧૯૪૨

વિષય

પાછલા વર્ષની બચત

ગ્રામ પુસ્તકાલયોની કેટલીક બચત મંડળમાં જમા રહે છે, અને કેટલીક બચત તેઓ સ્થળ પર રાખે છે. તો તે તમામ બચત હિસાબ ઉપરથી તારવી કાઢવી જોઇએ.

કોઈ પણ સંજોગોમાં આ રકમ ઉપર બીજી સરકાર પંચાયતમદદ મળતી નથી. માટે જે રકમ જે તે સદરે ખર્ચવા તજવીજ કરવી. અગર બીજા સદરે ખર્ચવાની હોય તો તે બાબત પરવાનગી મેળવી લેવી.

આવી બચતો માટે અંદાજમાં સ્પષ્ટ જણાવવા સૂચવ્યું છે. તે છતાં કોઈ પુસ્તકાલયની ગેરવ્યવસ્થા જણાશે તો તે માટે મંત્રી કસુરદાર ગણાશે અને જવાબદારી તેમની રહેશે. માટે આશા છે કે બચત રહેલી રકમનો નિદાન બીજા વર્ષે જે તે બાબતમાં જરૂર હોય ત્યાં ખર્ચવા અંદાજપત્ર સાથે જ માગણી કરવી અને તેટલી બાબતો અંદાજમાં ખર્ચના સદરોમાં ઓછા રાખવા. દાખલા તરીકે પુસ્તકબંધામણીના રૂા. ૫-૦-૦ ગઇ સાલે તમે ખર્ચ્યા નથી તો ચાલુ સાલે ફરી રૂા. ૫ પાંચ કે બેની માગણી ન કરતાં પાછલી બચત રકમમાંથી ખર્ચવા માગણી કરવી. તેજ પ્રમાણે પરિષદ ખાતે ખર્ચવાની રકમ પડી રહી હોય તો તે માટે અગર કોઈ બીજા કોઇ ઉપયોગમાં લેવી હોય તો તે માટે અગર કોઇ બીજા ઉપયોગમાં લેવી હોય તો તે બાબત અંદાજપત્ર સાથે જણાવવું.

વડોદરા,
તા. ૧૭-૧૦-૪૨

પુ. ત્રિ. શાહ

ઉ. મો. પટેલ
મદદ. વ્યવસ્થાપક

સૂચના નં. ૧૪ સને ૧૯૪૨-૪૩

વિષય

મંજૂર કરેલાં અંદાજો બાબત

ગ્રામ પુસ્તકાલયોનાં અંદાજો મંજૂર થઇ જે તે ગામો તરફ મોકલવાનું કાર્ય હજુ થયું છે, જે નવેંબર આખર સુધીમાં પૂરું થઇ જશે. સબજ સાર્વજનિક પુસ્તકાલયના મંત્રીઓને જણાવવામાં આવે છે કે મંજુર થયેલા અંદાજ પ્રમાણે પોતાની લોકમદદની રકમ પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં મોકલવાની તજવીજ રાખે.

મંજૂર થયેલા અંદાજપત્રો ઉપર વિશેષ રકમની માગણી થશે તો તે સ્વીકારી શકાશે નહિ. માટે મંત્રીઓ મે. થી વધુ રકમ માટે માગણી કરે નહિ.

ખાનગી ભાડાના મકાનમાં બેસતાં પુસ્તકાલયોનાં મકાનભાડું અને નોકરખર્ચ અંદાજમાંથી પડી શકશે નહીં. માટે તે બદલ પુનઃ પુનઃ લખાપડી ન કરવા વિનંતિ છે.

જે પુસ્તકાલયોએ (કરથા સાથે) વર્તમાનપત્રો, પુસ્તકો વગેરેની યાદી મંજૂર કરાવી ન હોય તેમણે પોતાની યાદીઓ તૈયાર કરી મોકલી આપવી.

કોઇ પણ કરથા પુસ્તકાલયે પોતાને વર્ગફેર કરવાની રકમ પુસ્તકો ખાતે ઓછી ખર્ચી બીજા સદરે વર્ગફેર કરવાની નથી. અંદાજોમાં નક્કી ઠરાવી આપેલી રકમ પ્રમાણે જ પુસ્તકો ખાતે રકમ ઓછામાં ઓછી ખર્ચવી જોઇશે. કારણ પુસ્તકાલયનો મુખ્ય પાયો નવીન પુસ્તકો જ છે.

અંદાજપત્રો મંજૂર રાખતી વખતે બંધ થયેલાં, રાજ્ય તરફથી કે બ્રિટિશ સરકાર તરફથી નિષેધ થયેલાં પત્રો, નામંજૂર કર્યાં છે. કેટલાંક પુસ્તકાલયોએ રકમ અનામત રાખવા જણાવ્યું છે. પણ તે પ્રમાણે અનામત રકમ રાખી સરકાર પંચાયત મદદ મંજૂર થઇ શકે નહિ. માટે જે તે પુસ્તકાલયની કક્ષા પ્રમાણે પત્ર મંજુર કર્યું છે. તેમાં નક્કી કરેલી રકમ સુધી જ તે અગર બીજું પત્ર ફેરફાર કરાવવું હશે તો ખર્ચ પડશે. કોઈ પણ ફેરફાર કરવામાં વધુ રકમ ખર્ચવાની હશે તો માગણી સાથે વધારાની રકમ પુસ્તકાલય સહાયક સહકારી મંડળમાં મોકલ્યાની પહોંચની નકલ સામેલ હશે તો પત્રો શરૂ થઇ ગયાં નહિ હોય તો ફેરફાર કરી આપવામાં આવશે.

વડોદરા,
તા. ૧૭-૧૦-૪૨ } પુ. ત્રિ. શાહ

ઉ. મો. પરેલ.
મદદનીશ-વ્યવસ્થાપક.

સૂચના નં. ૧૫ સન ૧૯૪૨-૪૩

વિષય

બંધ રહેલાં વર્તમાનપત્રો બાબત

૧. કેટલાંક વર્તમાનપત્રો ચાલુ વર્ષે બંધ થયાં હતાં તે હવે શરૂ થવાનાં છે. તે પૈકી વંદેમાતરમ્ પત્ર સાથે પુ. સ. સ. મંડળે પત્રવ્યવહાર કરતાં તેનું બે માસ બાવીસ દિવસનું લવાજમ નવા વર્ષે મજરે આપવા ત્યાંના કાર્યાલય તરફથી લખાઇ આવ્યું છે. "ગુજરાત સમાચાર" પત્રના તંત્રીને પણ લખવામાં આવ્યું છે. જે નિર્ણય થશે તે સંસ્થા તરફથી હકીકત મળે જાહેર કરવામાં આવશે. સખત વિનંતિ કરવામાં આવે છે કે હવે બંધ પડેલાં પત્રો સંબંધી લખાપડી મે. થી કરવી નહિ.

૨. ચાલુ અંદાજમાં બંધ થયેલાં વૃત્તપત્રો અમે અંદાજ મંજૂર કરતી વખતે બનતા સુધી મંજૂર કર્યાં નથી; છતાં તે ચાલુ રાખવાની માગણી આવે છે. તે સંબંધે જણાવવાનું કે જે વર્તમાનપત્રોના લવાજમમાં ફેરફાર થશે. તે વર્તમાનપત્રોનો ફેરફાર બાજ રાખવામાં આવશે. દા. તરીકે 'વંદેમાતરમ્' ને બદલે 'જન્મભૂમિ' પેપર મૂકવામાં આવ્યું હશે તો માગણી હશે તો પુનઃ 'વંદેમાતરમ્' શરૂ કરી આપવામાં આવશે; પણ જે પત્ર

ફેરફાર કરવાથી લવાજમ વિશેષ આપવું પડશે તે વિશેષ રકમ લોકમદદ સાથે વધારાની મોકલ્યા સિવાય ફેરફાર અાલ્ય થઇ શકશે નહિ. માટે તે બાબતનો પૂર્ણ વિચાર કરી વ્યવસ્થાપક સમિતિમાં ઠરાવ કરી મોકલી આપે ઘટિત તજવીજ કરી આપવામાં આવશે.

વડોદરા,
તા. ૫-૧૧-૪૨

ઉ. મો. પટેલ
મદદનીશ વ્યવસ્થાપક

સૂચના નંબર ૧૬ સને ૧૯૪૨-૪૩

વિષય

વર્તમાનપત્રની ભલામણ

સુરતથી પ્રગટ થતા દૈનિક "ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ" પત્ર ઓછા ખર્ચવાળાં પુસ્તકાલયોને ટકાવારીના ધોરણે માગણી હશે તો મંજૂર કરવામાં આવ્યું છે. સદર પત્રનું લવાજમ રૂા. ૧૬-૦-૦ પુસ્તકાલયો માટે રાખવામાં આવ્યું છે. નવસારી પ્રાંતમાં દૈનિક પત્રની ઇચ્છા જ હોય અને રૂા. ૫૦ સુધીનું અંદાજ ખર્ચ હોય તો આવા પત્રની સવડ થઇ શકે અને નિરર્થક બોંધા દૈનિક પાછળ વધુ રકમ ખર્ચવાની જરૂર પડે નહિ. સબબ સદર સૂચનાથી ગ્રામ પુસ્તકાલયોના મંત્રીને સદર પત્રની જરૂર હોય તો અંદાજમાં માગણી કરવા ભલામણ કરીએ છીએ.

વડોદરા,
તા. ૫-૧૧-૪૨

ઉ. મો. પટેલ.
મદદ. વ્યવસ્થાપક

કાગળનો ટુકડો પણ કામનો છે !

રદ્દી કાગળને સામાન્ય રીતે આપણે ફેંકી દઇએ છીએ પરંતુ તે કેટલા ઉપયોગમાં આવે છે એ નીચેની હકીકત વાંચતાં સમજશેઃ—

એક સામાન્ય વર્તમાનપત્રમાંથી ૨૫ પાઉન્ડ જેટલા વજનના ગોળા રાખવાનું બોક્સ બને છે; એક સામયિકમાંથી બે સુરંગોના અંદરના વિભાગનું ઢાંકણ; ૬ જૂની ચોપડીઓમાંથી એક મોટર-શેલ-વાહક, સાબુ પેક કરવાના કાગળોમાંથી ચાર વિમાની એંજીનોની પાંખો, ૬૦ સિગારેટની પેટીઓના કાગળોમાંથી એક ગોળો પેક કરવાનું બોક્સ. એક જૂના પટ્ણીડીઆમાંથી કારતુસો રાખવાની ગાદી અને બાર જૂનાં પત્રોમાંથી રાઇફલના કારતુસો માટેની એક પેટી બનાવી શકાય છે.

અને રદ્દી કાગળોના જથ્થાના ટનબંધી હિસાબના આંકડા માંડશો તો તમે આજથી જ કાગળનો એક ટુકડો પણ બહાર નહિ ફેંકી દો એટલો અગત્યનો તમને એ સમજાશે.

[તા. ૮-૧૧-૪૨ના "પ્રજાબંધુ" માંથી]

વડોદરા રાજ્યનાં પુસ્તકાલયો–લાયબ્રેરીઓ માટે.

નવાં બહાર પડેલાં પુસ્તકો

ગુજરાતનો નાથ (ક. મા. મુનશી) ૩– ૦–૦
કોનો વાંક ? (પાંચમી આવૃત્તિ) ૨– ૮–૦
નરસૈયો ,, ૧– ૮–૦
નવલિકાઓ ,, ૨– ૦–૦
થોડાંક રસદર્શનો ,, ૨– ૦–૦
લોપામુદ્રા ૧ થી ૪ ,, ૪– ૮–૦
કલાપીની પત્રધારા ,, ૩– ૦–૦
હૃદયત્રિપુટી ,, ૧–૧૨–૦
મામમાતા ,, ૦–૧૩–૦
કલાપીઆલ્બમ ,, ૪– ૦–૦
હાસ્યમંદિર (રમણભાઈ નીલકંઠ) ૨– ૦–૦
રાઇનો પર્વત ,, (નવી આવૃત્તિ) ૨– ૦–૦
આપણી નવલકથાઓમાં આપણે સમાજના નીચલા થરનાં પાત્રો જોઇએ છીએ. એ પાત્રો મૂકવા ખાતર મુકાયાં હોય છે. કવચિત્ એ પાત્રોની ભાષા કોઇ ગ્રેજ્યુએટને પણ ટપી જાય તેવી હોય છે. ગુજરાતી ખેડૂત, વાધરી કે ભંગી આવી ભાષા બોલે ખરો ? વર્તમાન વાસ્તવિકતામાં વ્યાપી રહેલી આ મોટામાં મોટી અવાસ્તવિકતા નથી ? જેવું જોને છે તેવું રજૂ કરવું તેનું નામ વાસ્તવિકતા, એમ વાસ્તવિકતાના પૂજારીઓ માને છે; છતાં

મજૂરો અને ખેડૂતો કેળવાએલા માણસો જેવી ભાષા નથી બોલતા છતાં તેમની પાસે સંસ્કારી ભાષા બોલાવવી એ અવારતવિકતા તો ખરી ને?

સાહિત્યમાં તળપદી ભાષાનું સ્થાન નક્કી કરવા માટે આપણે જરા ભૂતકાળમાં નજર કરીએ. જે ભાષા વિદ્વાનોમાં બોલાતી હતી તેમાં ગ્રંથો લખાતા, પણ જ્યારે એ ગ્રંથોએ પ્રસિદ્ધિ ન મેળવી ત્યારે તેમાં લોકભાષાના અંશ ભર્યા. વેદો મહાસંસ્કૃતમાં છે એટલે એ વેદને જાણનાર તો ફક્ત વિદ્વાનો જ રહ્યા. સામાન્ય જનતા સંસ્કૃત બોલતી હતી ત્યાર પછી સંસ્કૃતમાં ગ્રંથો લખાયા. ભાષામાં ફેરફાર થવાના જે વેગ, જીહ્વાદોષ, અશિક્ષિતતા વગેરે કેટલાંક કારણો છે તેને લઈને ભિન્ન ભિન્ન જગ્યાએ સંસ્કૃત ભાષામાં ભિન્ન ભિન્ન ફેરફારો થયા. અને માગધી, શૌરસેની અને પૈશાચી વગેરે પ્રાકૃત ભાષાઓ જન્મી. બુદ્ધ અને મહાવીરે આ વલણ તપાસ્યું અને લોકપ્રિય થવા માટે–જનતામાં તેમના ગ્રંથોનું રહસ્ય સમજાય તે માટે બુદ્ધે માગધી અને મહાવીરે અર્ધમાગધી, શૌરસેની, માગધી અને પૈશાચી એ ત્રણેયનો સમન્વય સાધતી ભાષામાં પોતાના વિચારો રજૂ કર્યા. જો કે પાછળથી ઇ. સ. પૂર્વે ૧૫૦ની આસપાસ બૌદ્ધ ધર્મપદનું સંસ્કૃતમાં ભાષાંતર કરવામાં આવ્યું.

'જેવું પાત્ર તેવી ભાષા' એ સૂત્ર સંસ્કૃત નાટયકારોને પણ કબૂલ હતું. એટલે નીચલો થરનાં પાત્રો માટે પ્રાકૃત ભાષાનો ઉપયોગ થતો અને ઉપલા વર્ગનાં પાત્રો સંસ્કૃતમાં બોલતાં.

સોળમી સદીમાં આ જ હેતુ લક્ષ્યમાં લઈને તુલસીદાસે હિંદીમાં–લોકભાષામાં રામાયણ રચ્યું, જ્ઞાનેશ્વરે અને એકનાથે મરાઠી ભાષા દ્વારા ધર્મોપદેશ કર્યો. આમ આપણે જાણીએ છીએ કે સાહિત્યના ખેડાણની શરૂઆતથી જ નીચલા થરના લોકોની ભાષાને સાહિત્યમાં યોગ્ય સ્થાન મળ્યું છે.

ગુજરાતી ભાષાનો વિકાસ પણ એ જ સૂચવે છે. આપણા પ્રથમ કક્ષાના જૂના લેખકો લોકભાષામાં જ લખતા હતા. વિદ્વાનો માટે જૂદું અને સામાન્ય જનતા માટે જુદું એવા વાડા ત્યાં હતા જ નહિ. એવા વાડા તો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ પછી પડયા છે.

અંગ્રેજી સાહિત્યમાં પણ આપણે જોઈશું તો તળપદું વાતાવરણ રજૂ કરનાર સ્કૉટ અને ટૉમસ હાર્ડીની નવલકથાઓ કે કાવ્યો સારા પ્રમાણમાં ખ્યાતિ પામ્યાં છે.

હમણાં હમણાં ગુજરાતી લેખકો તળપદી ભાષાનું મહત્ત્વ સમજતા થયા છે. એનું માન શ્રી.ઝવેરચંદ મેઘાણીને તેમ જ આમવર્ગના સાહિત્યના પક્ષકાર 'સાહિત્ય'કાર સ્વ. મટુભાઈ કાંટાવાળાને ઘટે છે. મેઘાણી, રામચુરા તેમ જ શ્રી. અડાલજાએ કાઠિયાવાડની દંતકથાઓ તથા લોકસાહિત્યનો સારો અભ્યાસ કર્યો છે અને પોતે કાઠિયાવાડી હોવાથી તેમની લોકવાર્તાઓમાં તળપદું તત્ત્વ ઠીક પ્રમાણમાં પ્રવેશ્યું છે; છતાં ભાષાની દૃષ્ટિએ જોઈએ તો અડાલજા ને રામચુરા બહુ સફળ નથી.

શ્રી. મેઘાણીની સામાજિક વાર્તાઓમાં પણ તળપદું વાતાવરણ પ્રાધાન્ય ભોગવે છે. તેમની કોઈ પણ વાર્તા કે નવલિકા વાંચનારને એવો ખ્યાલ જરૂર આવશે કે તે કાઠિયાવાડનો વીરભૂમિ સાથે પરિચય સાધી રહ્યો છે.

શ્રી. 'ધૂમકેતુ'એ નીચલા થરનાં પાત્રોનું સજીવ આલેખન કર્યું છે, એમના મનોભાવો એ બરાબર ઝીલી શકયા છે; છતાં એમનું ભાષાનું વાહન તો સંસ્કારી જ હોય છે.

નવા લેખકોમાંથી શ્રી. ઉમાશંકર જોષી, શ્રી. સુંદરમ્, શ્રી. રા. ના. પાઠક, પન્નાલાલ પટેલ અને નિરુ દેસાઈમાં પ્રાંતીય વાતાવરણ સર્જવાની શક્તિ છે.

શ્રી. ઉમાશંકર જોષી વગેરે જેવા લેખકોને ગ્રામજીવનનો થોડેઘણે અંશે અનુભવ છે, એટલે તેમની કૃતિઓમાં ગ્રામજીવનના ચડકાટ વિશેષ પ્રમાણમાં માલમ પડે છે. શ્રી. ઉમાશંકરની 'ચક્રીનું ભૂત' નામની વાર્તામાં, 'ઉડણ ચરકલડી' 'કડવા' વગેરે નાટિકાઓમાં તેમ જ 'પારકાં જણ્યાં'માં શુદ્ધ પડરિયા ભાષા છે. તેમણે તો પોતાનાં કાવ્યોમાં પણ એ ભાષા લાવવા પ્રયત્ન કર્યો છે. દા. ત. 'સાબરનો ગોડીઓ.'

'સુન્દરમ્'ની ગ્રામજીવનની વાર્તાઓ પણ આદર માગે તેવી છે. તેમની ભાષા વાતાવરણને વફાદાર રહે છે. એ આપણી સામે ચિત્રો ખડાં કરી શકે છે. આના સમર્થન માટે જુઓ 'પુનમડી' 'ખોલકી' 'ગટી' 'મોનાવેલાનું મૃત્યુ' 'મિત પિપાસી' વગેરે વાર્તાઓ.

શ્રી. રા. ના. પાઠક 'જગતનો તાત'માં તળપદુ વાતાવરણ રજૂ કરવા શક્તિમાન થયા છે. એમાં ચરોતરી ભાષાની શક્તિ ઝીલાઈ છે. શ્રી. નિરુ દેસાઈનું 'ધરતી' પણ સૂરત પરગણાની ભાષાનો પમરાટ ફેલાવી શક્યું છે.

તળપદી ભાષાને સફળતાપૂર્વક રજૂ કરનાર અને તેનું જોમ અંકાવનાર એક નવો સિતારો ગુજરાતી સાહિત્યમાં ઉગણીથી ચમકવા લાગ્યો છે. શ્રી. પન્નાલાલ પટેલે એની વાર્તાઓ લોકજીવનમાંથી જ લીધેલી છે. એની લેખનશૈલી પણ તળપદી છે; પછી વાર્તાલાપ તળપદી હોય એમાં નવાઈ જ શી! કલ્પનાઓ પણ એવી જ આકર્ષક છે. તેમના આજસુધીમાં છ સંગ્રહો મળ્યા છે. 'વળામણાં' 'સુખદુઃખનાં સાથી', 'જીવો દાંડ', 'મળેલા જીવ', 'જીંદગીના ખેલ' અને 'રસિયો જીવ' આ બધી કૃતિઓમાં સર્વાંગસંપૂર્ણ તળપદી તત્ત્વ રજૂ થયું છે. આને લીધે શ્રી. પન્નાલાલ આટલા લોકપ્રિય થઈ શક્યા છે. અલ્પ કેળવણી લીધા છતાં, લોકજીવનનો અંગત પરિચય હોવાથી કેવી લોકપ્રિયતા મેળવી શકાય છે તેનો જીવંત દાખલો પન્નાલાલ પટેલ છે. લેખક થવા માટે વિદ્યાપીઠની પદવી આવશ્યક ધારતા હોય તેમને કહેવું જોઈએ કે જુઓ આ પન્નાલાલ! એ પદવીધર નથી છતાં સફળ કલાકાર છે. એટલે લેખક થવા માટે તો જીવનનું બારિક નિરીક્ષણ આવશ્યક છે–ઉપરછલ્લી ભાલિની નહિ.

ગુજરાતી સાહિત્યે જો જનતામાં સ્થાન મેળવવું હશે તો તળપદી ભાષાને અવગણે કાંઈ થઈ શકે એમ નથી. આ ભાન ઘણાખરા લેખકોને થતું જાય છે, એ સુભાગ્યની નિશાની છે. ભિન્ન ભિન્ન મનુષ્યોનાં વિચારવહેણ સમજવાથી જે સાહિત્ય જન્મ પામે છે એ સાહિત્ય જ ચિરકાળ ટકવાને લાયક છે. બીજું સાહિત્ય તો દાંપકા કે બે દાયકા પછી સ્મૃતિગ્રસ્ત થઈ જાય છે.

તળપદી ભાષાના આગ્રહમાંથી ઉત્પન્ન થતા એક ભયસ્થાન તરફ પણ આપણે જોઈ લઈએ. કેટલાક લેખકો તળપદી ભાષાનો એવો અર્થ કરે છે કે 'ચ' 'છ' ને 'શ' ને–જાણે 'સ' લખવો, 'કર્યા'ના બદલે 'ચર્યા' લખવું, 'ઢાંઢો' કે 'બીહ' (ચારણો 'ભેંસ'ને બદલે 'બીહ' બોલે છે) નો એકાદ વાર પ્રયોગ કરવો એટલે તળપદી ભાષા થઈ ગઈ. આ મોટામાં મોટી ભૂલ છે. જેમ અમુક શબ્દોના પ્રયોગ કર્યે વિદ્વદ્ભોગ્ય ભાષા થઈ શકતી નથી, તેમ જ અમુક શબ્દોના પ્રયોગથી તળપદી ભાષા બની જતી નથી. સાહિત્યમાં ખરી તળપદી ભાષા રજૂ કરવા માટે તળપદું વાતાવરણ જાણવું જોઈએ અને એ જાણવા માટે નીચલા થરના લોકો સાથે સંપર્ક સાધવો જોઈએ.

ત્રિભુવન વ્હેરાભાઈ પરમાર.

૧૯૯૮ નું બાલસાહિત્ય* [એક પત્ર]

પ્રિય ભાઇશ્રી,

મારો ગયો પત્ર* પ્રગટ થયા પછી બરાબર એક વર્ષે આ પત્ર પ્રગટ થઇ શકે છે તે માટે મારે પ્રકાશકોનો આભાર માનવાનો છે. તેમના સમયસરના સહકાર વિના આટલી નિયમિતતા જાળવી શકાત નહિ.

વર્તમાન યુદ્ધની પરિસ્થિતિને અંગે બાલસાહિત્યનાં પ્રકાશનોની સંખ્યા પર અસર થશે, તેવી માન્યતા ચાલુ વર્ષ માટે તો ખોટી પડી છે. આવતે વર્ષે શું થાય છે તે તો ભાવિના ગર્ભમાં છે.

જે જે પુસ્તકોનાં ચાલુ વર્ષમાં પુનર્મુદ્રણો થયાં છે અને પ્રકાશકોએ માહિતી પૂરી પાડી છે, તેનો પણ આ વર્ષની નોંધમાં નિર્દેશ કરેલો છે. તે ઉપરથી બાલસાહિત્યનાં પુસ્તકોની ખપતનો કંઇક અંશે ખ્યાલ આવી શકશે.

શ્રી. નાગરદાસ ઇ. પટેલ દ્વારા સંપાદિત **બાલવિનોદમાળા**ના પુસ્તક તરીકે '**કનૈયો**' બહાર પડેલ છે. શ્રીકૃષ્ણના બાલજીવનના અનેક પ્રસંગો આમાં ગૂંથવામાં આવ્યા છે. જુદા જુદા કવિઓનાં કાવ્યોની વિવિધ કડીઓ પણ ઠેકઠેકાણે આપવામાં આવી છે. ઓગણચાળીસમા પુસ્તક તરીકે '**રાજહંસ**' બહાર પડેલ છે. મહાકવિ પ્રેમાનંદના 'નળાખ્યાન' માંથી આ વાર્તા લીધેલ છે, અને તેથી ઠેકઠેકાણે નળાખ્યાનમાંથી કડીઓ આપવામાં આવી છે. ચાળીસમા પુસ્તક તરીકે '**ધનિયો**' બહાર પડેલ છે. આમાં અદક પાંસળી ગણાતા એક હલ્કમનું આત્મવૃત્તાંત આપવામાં આવેલ છે. હલ્કમ માટેની અનેક પ્રચલિત વાતોમાંથી થોડીકનો આમાં સંગ્રહ છે. દસવીસ પુસ્તકોએ ભેટપુસ્તક બહાર પાડવાની પ્રથા મુજબ એનું બીજું ભેટપુસ્તક '**બટમોગરો**' બહાર પાડેલ છે. તેમાં એક એકથી ચડિયાતી આઠ ચતુરાઇની કથાઓ આપવામાં આવેલી છે. આ બધી વાતો બાળકો સહેલાઇથી યાદ રાખીને બીજાને સંભળાવવાની ઇચ્છા કરે તેવી રસભરી છે.

બાલવિનોદ ગ્રંથાવલિના ચોથા પુસ્તક તરીકે '**ત્રણ દીકરા**' બહાર પડેલ છે. આ પુસ્તકમાં 'ત્રણ દીકરા' (ચાંદો, સૂરજ અને પવન) તથા 'લડાઇની નોબત' એમ બે વાતો આવેલી છે. આ બન્ને વાતો 'જન્મભૂમિ'ના 'બાલજગત'માં પ્રગટ થઇ ત્યારે જ વાચકોનો ચાહ મેળવી શકી હતી. મોટા અક્ષરો તથા પાને પાને ચિત્રો–એ આ ગ્રંથાવલિની વિશિષ્ટતા હોઇ નાનાં બાળકોને ખૂબ પસંદ પડી જાય તેવી આ ગ્રંથાવલિ છે.

અશોક બાલ પુસ્તકમાળાના સાત વર્ષના ૧૧–૧૨ પુસ્તક તરીકે શ્રી. નાગરદાસ પટેલે લખેલ '**ચોપગાંની દુનિયા ખંડ ૨ જો**' પ્રગટ થયેલ છે. આ પુસ્તકના પહેલા ભાગમાં 'હાથી' 'વાઘ' 'સિંહ' 'દીપડો' 'ચિત્તો' 'જગવાર' 'પુમા' 'લીન્કસ' તથા 'બિલાડી' વર્ગનાં પ્રાણીઓએ પોતપોતાની કથા રજૂ કરી હતી. આ પુસ્તકમાં વાંદરાઓની જુદી જુદી જાતોની સંચિત્ર પિછાન આપવામાં આવી છે. કેટલીક જાતોના નામથી પણ આપણે અપ-

---

* હંમેશ મુજબ આ પત્રમાં 'કિશોર' તથા 'કુમાર' સાહિત્યનો પણ સમાવેશ થાય છે.

† જુઓ 'પુસ્તકાલય' ડિસેમ્બર ૧૯૪૧.

રિચિત હોઇએ એ તદ્દન સ્વાભાવિક છે, એટલે આ પુસ્તકના પ્રકાશનથી વાંદરા સંબંધી આપણા જ્ઞાનમાં ઠીક પ્રમાણમાં વધારો થાય છે. ત્યારપછી બેટ પુસ્તક 'ગબ્બો ગાંધી' પ્રગટ થયું છે. તેમા શ્રી. રતિલાલ વિઠ્ઠલદાસ દલાલે 'ઘઉં, રાઇ, ધાણા, હળદર, આમલી, મરચાં, કોકમ તથા હીંગ જેવી સામાન્ય વપરાશની વસ્તુઓની ઉત્પત્તિ તથા ઉપયોગ જણાવેલ છે. હંમેશના વપરાશની વસ્તુઓ દવા તરીકે પણ કેટલી ઉપયોગી થઈ પડે છે તે પણ એમાં જણાવેલ છે.

આઠમા વર્ષના પહેલા પુસ્તક તરીકે 'હાસ્યતરંગ ખંડ ૪ થો' બહાર પડેલ છે. આગલા ત્રણ ભાગોની માફક આમાં પણ હાસ્યરસિક ટુચકાઓ આપવામાં આવ્યા છે, જેમાંના કેટલાક બાળકોને ખડખડાટ હસાવશે. બીજા તથા ત્રીજા પુસ્તક તરીકે શ્રી. નાગરદાસ પટેલે જુદાં જુદાં બાલમાસિકોમાં તથા જુદા જુદા પત્રોના બાલવિભાગ માટે લખેલી પંદર વાતો 'હીરાકણી' નામથી પ્રગટ થઇ છે. આમાંની કેટલીક વાતો બાળકોએ આ અગાઉ બીજા પુસ્તકમાં પણ વાંચી હશે, પણ કેટલીક તો પહેલી વાર જ વાંચશે. ચોથા પુસ્તક તરીકે શ્રી. પુરુષોત્તમ કૃત 'કોણ, કેમ અને શું ખંડ ૨ જો' પ્રગટ થયેલ છે. તેમાં સામાન્ય જ્ઞાનના ૩૪ પ્રશ્નો ખુલાસાવાર ઉત્તરો સહિત આપેલા છે. મોટાઓને પણ આ પુસ્તક સારી માહિતી આપનારું છે. પાંચમા પુસ્તક 'ભારતકથાઓ'માં શ્રી. હર્ષદ પટેલે બંગાળ, પંજાબ, મહારાષ્ટ્ર, આસામ અને ઓરિસ્સા દરેકની એકેક અને ગુજરાતની ચાર મળી કુલે નવ કથાઓ આપવામાં આવી છે. દરેક કથાની શરૂઆતમાં તે પ્રાંત વિષેની ટૂંક માહિતી આપવામાં આવેલ છે. દરેક કથાનું વસ્તુ નવીન હોઇ પડેલે જ વાચને વાચકને તે મુગ્ધ કરે છે. આવું પુસ્તક દર વર્ષે એકાદ આપવા શ્રી. હર્ષદ પટેલને આપણે આગ્રહ કરીએ. ત્યારબાદનું પુસ્તક શ્રી. હરિલાલ ગો. પંડયાનાં કાવ્યોનો સંગ્રહ 'પોયણી' છે. કુદરત તથા જીવનનાં આ કાવ્યો બાળકોને પસંદ પડી જાય તેવાં છે. ઑગસ્ટ-સપ્ટેમ્બરના સંયુક્ત પુસ્તક તરીકે 'નવી નવાઇઓ ખંડ ૨' બહાર પાડવામાં આવેલ છે. મોટી ઉમરના માણસોના ખ્યાલમાં પણ ન હોય તેવી અનેક બાબતો આ પુસ્તિકામાં આપવામાં આવી છે, અને પુષ્કળ ચિત્રો આપીને આ માહિતીને રસદાયક બનાવવામાં આવેલી છે. દશમા પુસ્તક તરીકે શ્રી. સોમભાઇ પટેલ કૃત 'ગંગામૈયા' બહાર પડેલ છે. તેમાં 'ગંગામૈયા' 'રાતાં ફૂલ' 'દેડકો' 'સસલું' તથા 'ચાંદા મામાને ઘેર' એમ પાંચ કુદરતકથાઓ આપવામાં આવેલી છે.

'બાલજીવન'ના તંત્રી શ્રી. રમણલાલ શાહે ચાલુ વર્ષે 'ઇસપ નીતિકથાઓ ભાગ ૩' બહાર પાડેલ છે. આ ભાગમાં ઇસપની ૩૮ કથાઓ રૂપાંતર કરીને આપેલી છે. લેખકના જણાવ્યા મુજબ હજુ આપણને ઇસપનીતિકથાઓનો એક ભાગ વધારે મળશે, કેમકે આ ભાગથી જ બધી વાતો પૂરી થતી નથી. કાગળની ગોંધવારી છતાં પુસ્તકનું કદ તથા કિંમત આગળના જેટલી જ રાખી છે.

તેમના તરફથી ચાલતી 'બાલજીવન કિશોર સાહિત્યમાળા' દ્વારા 'પ્રશ્નપારા' બહાર પડેલ છે. આ પુસ્તકના સંપાદક શ્રી. રમણલાલ શાહ છે. કિશોરોને ખાસ ઉપયોગી થઇ પડે તેવા અનેક સામાન્ય માહિતીના પ્રશ્નોની સરળ ભાષામાં આ પુસ્તકમાં ચર્ચા કરેલી છે. કેટલાક પ્રશ્નો તો મોટેરાઓને પણ રસ પડે તેવું છે. ત્યારપછીના પુસ્તક 'આનંદ-તરંગ'માં બે ઘડી હાસ્ય ઉપજાવે તેવા અનેક રમુજી ટૂચકાઓ છે.

મોડાસાથી ચાલતી **બાલશક્તિ ગ્રંથાવલિના** ત્રીજા પુસ્તક તરીકે શ્રી. ભરત કુબેર કૃત ' **ઉંદરમામા** ' પ્રગટ થયેલ છે. આ પુસ્તકમાં શ્રી. ભરતકુમારે પોતાની રમુજી શૈલીમાં એક ઉંદરની જીવનકથા–સાહસકથા આપી છે. બાલસાહિત્યમાં અવનવી ભાત પાડતું આ પુસ્તક બાળકોને ખૂબ ગમી જાય તેવું છે. ચોથા પુસ્તક તરીકે અંગ્રેજી પુસ્તક ' **Creatures that Climb** ' ઉપરથી ' **પોપટની મુસાફરી** ' પ્રગટ થયું છે. તેમાં ઝાડ પર ચડી શકે તેવાં વિવિધ પ્રાણીઓનો પરિચય આપવામાં આવ્યો છે. પાંચમું પુસ્તક **'ચાંદા મામા'** શ્રી. નાગરદાસ પટેલનું લખેલું છે. તેમાં આઠ જણા વિમાનમાં ચંદ્રની મુસાફરીએ ઉપડે છે. આ પુસ્તકમાં વિજ્ઞાનની તથા લોકોની દૃષ્ટિએ ચંદ્રમાનું વર્ણન સચિત્ર અપાયું છે. ' **ગુલકંદ** ' ડૉ. મોહનલાલ જ. પાઠકે લખેલ છે. જેમ ગુલકંદ શરીરને આરોગ્યદાયક છે, તેમ આ પુસ્તકમાં આવતી વાતો આરોગ્યને લગતી છે. ' દાંતની માવજત ' ' સ્નાનલાભ ' ' રોગના જંતુ ' ' કાનનો મેલ ', ' આંખ ', ' ચાલવાના ફાયદા ' તથા ' પ્રાણવાયુ ' આટલાં પ્રકરણોમાં લેખકે બાળકો સમજી શકે તેવી ભાષામાં શરીર તંદુરસ્ત રાખવા માટેનું વર્ણન કરેલું છે.

ભારતી સાહિત્ય સંઘની ' **અરુણ ગ્રંથમાળા** ' દ્વારા પ્રકાશિત થયેલ પુસ્તકોમાં શ્રી. ઈન્દ્ર વસાવડા કૃત ' **જાંબુની ડાળે** ' સંબંધી તો ગયા વર્ષમાં લખાઇ ચૂકયું છે. ' **તુલસીનાં પાન** 'માં લાભુબહેન અહેતાએ આપણને તેર વાતો આપી છે, તેમાંની કેટલીક વાતોનાં મૂળ અંગ્રેજી કવિતાઓમાંથી લીધેલ છે. વાર્તાઓની પસંદગી સરસ થઇ છે તેમ કહેવું જોઇએ. ત્યાર પછીના પુસ્તક **'જંગલમાં મંગલ ભાગ ૨'**માં શ્રી. હરજીવન સોમૈયાની લાંબી પ્રાણીકથા પૂરી થાય છે. છેલ્લાં પાનાંઓમાં વાતો વિષે શંકા લાવનારને ઉદ્દેશીને તેમણે થોડો ખુલાસો કર્યો છે. સ્વ. ચમનલાલ વૈષ્ણવના ' **પંચગનીના પત્રો** 'માં બાળકો પાસે પંચગની તાદૃશ ખડું થાય છે. ત્યાંના વાતાવરણ તથા જીવનનો પ્રત્યક્ષ ખ્યાલ પુસ્તક વાંચવાથી મળી શકે છે. એનું નામ ' **નરેન્દ્રકુમાર** ' શ્રી. લાભુબહેન મહેતાની કૃતિ છે. નાનપણમાં તોફાની બાળક મોટી ઉંમરે કેવો થઇ જાય છે તે વાંચી તોફાની બાળકોને પોતાના ભાવિની આશા બંધાશે તથા તોફાની એટલે નકામા છે, એમ ગણવાનું માબાપોએ ભૂલવું જોઇશે. ' **કેમ અને કયારે** 'માં આપણાં જાણીતા લેખક શ્રી. કુંવરજી સંપટે વિમાનોનો ઇતિહાસ બાળકોને ગમી જાય તેવી ભાષામાં આપેલો છે. શ્રી. સંપટ બીજા ભાગોમાં સ્ટીમરો અને વરાળયંત્રોનો ઇતિહાસ આપવાના છે.

સૂરતના **ગાંડીવ સાહિત્ય મંદિરે** દોઢેક વર્ષ સુધી બાળપ્રકાશનની પ્રવૃત્તિને મંદ પાડી નાખી હતી તે પાછી ચાલુ કરી છે. ' **ઝકુલ ભાગ ૨** 'માં ' પરીકન્યા ' તથા ' રૂપાં માશી ' નામની બે વાતો છે. છેલ્લી વાતમાં રાજમહેલમાં રમાતી ખટપટનો ભોગ થઇ પડેલ રાજકન્યાની વાત આવે છે. ' **નીલમ ભાગ બીજો** 'માં ' કાજળરેખા ' તથા ' રાણીનો મુગટ 'ની વાત છે. પહેલી વાતમાં અનેક દુઃખને અંતે કાજળરેખાના રત્નેશ્વર સાથે લગ્ન થાય છે, પણ તે પહેલાં તેને આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. ' રાણીનો મુગટ ' કોઇનો અહંકાર રહેતો નથી તે વાતની પ્રતીતિ કરાવે છે. ' **એક હતો રાજા ભાગ ૧-૨** 'માં રાજાઓની કહેવાતી ધૂનને અંગેની ચાર વાર્તાઓ આવે છે. એક

રાજા મીની વાંસે ગાંડો બને છે તો બીજો સંગીત પાછળ. ત્રીજા રાજાને પુત્ર ન હોવા છતાં સામા રાજાના ભયથી તે જાન કાઢીને જાય છે ને ભળતાને જ રાજકુમાર ઠરાવી દે છે, તો સામો રાજા રાજકન્યાને બદલે ખવાસણ પરણાવે છે. બન્ને રાજામાંથી કોણ ખાટયું તે તો વાંચનારે શોધવું પડશે. ચોથી વાતમાં નિયમોના બંધનમાં જકડાયેલ રાજા થોડી મુક્તિ મળતાં કેટલો આનંદ પ્રાપ્ત કરે છે અને ફરીથી તે બંધનોમાં જકડાવાની ' ના ' પાડે છે તેની વાત છે. ' **હીરાકણી** 'માં ખરેખરી બુદ્ધિને પ્રાપ્ત કરવાની ત્રણ વાતો ' ઉતાવળા સો બાવરા ' ' અગમ બુદ્ધિ વાણિયા ' તથા ' પુણ્યનાં મૂળ પાતાળમાં ' એમ ત્રણ વાતો છે. પુસ્તિકાનું ' હીરાકણી ' નામ યોગ્ય જ અપાયેલ છે. ' **કીર્તિસ્તંભ ભાગ ૩** 'માં મહારાષ્ટ્રીય ઇતિહાસની બાર વાતો શ્રી. શામરાવ આગરકરે આપી છે. ઇતિહાસમાંથી વીણેલી આ વાતો બાળકોને રોચક લાગશે. ' **પંચામૃત** 'માં એક કવિતા, એક વાર્તા, એક જીવનચરિત્ર, એક રમત તથા એક સાચો કિસ્સો, એમ વિવિધ પ્રકારની પાંચ વિવિધ વસ્તુઓ આપવામાં આવી છે. વર્ષો પહેલાં ' દક્ષિણામૂર્તિ પ્રકાશન મંદિરે ' પ્રગટ કરેલ આ નામના પુસ્તક સાથે નામનો ગોટાળો થઇ જવાનો સંભવ છે. 'હીરાકણી'માં પણ તેમ જ બન્યું છે. **અશોક બાલપુસ્તકમાળા**માં ચાલુ વર્ષે જ **'હીરાકણી'** નામક પુસ્તક બહાર પડેલ છે. **'અમી-ઝરણાં'**માં શ્રી. કસનજી દેસાઇએ મહાપુરુષોના જીવનના નાના બનાવોનો સંગ્રહ કર્યો છે. બારેય પ્રસંગો બાળકોને બોધક થઇ પડે તેવા છે. **ગુજરાતના ઇતિહાસની 'આરસી'**માં શ્રી. ખંડેરાવ પવારે ઇતિહાસના પંદર પ્રસંગો કાવ્યમાં ગુંથ્યા છે. આ કાવ્યો સહેલાઇથી યાદ રહી જાય તેવા છે.

આ સંસ્થાએ ચાલુ વર્ષમાં **'અકોર પટેલ ભાગ ૨૦'** મો બહાર પાડીને અકોર પટેલનાં વીસ પુસ્તકોનું એક જુદું ગુચ્છ કર્યું છે. આ વાતોની બાલપ્રિયતા માટે હવે કશું કહેવાપણું રહ્યું નથી. ચાલુ ભાગમાં 'છત્રી', 'વિલાયતી ચકડોળ', 'બાવાનો ચટાકો' અને 'દાક્તરના ય દાક્તર' એમ એકએકથી ચડિયાતી ચાર વાતો આપેલી છે.

અમદાવાદના નવચેતન સાહિત્ય મંદિર તરફથી ચાલતી **'આપણી બાળગ્રંથમાળા'**-માં આજ બે જ પુસ્તકો પ્રગટ થયાં છે. **'દડીંચડા'**માં શ્રી. હિમ્મતલાલ અર્થકની દશ બાલ-વાતોનો સંગ્રહ છે. આમાંની ઘણી વાતો બાળકોને હસાવે તેવી છે. 'આ તે કોઇ ગામ', 'બધું પૂછીને કરજે' તથા 'નવાબી ન્યાય' બાળકો યાદ રાખીને બીજાને સંભળાવે તેવી વાતો છે. ચોથા વર્ષનું છેલ્લું પુસ્તક ' **ધરતીના બાળમેળો** ' છે. જુદા જુદા દેશનાં બાળકો આવીને પોતાના દેશના રીતરિવાજોની વાતો આમાં રજૂ કરે છે. મૂળ અંગ્રેજી પુસ્તક ઉપર-થી આ પુસ્તક ઉતારવામાં આવ્યું છે. પુસ્તકને સચિત્ર બનાવવામાં આવ્યું છે.

સૂરતના **યુગાંતર કાર્યાલયે** શ્રી. શારદાપ્રસાદ વર્મા કૃત ' **પુરાણનાં પાત્રો** 'ની માળા શરૂ કરી તેનાં પાંચ પુસ્તકો બહાર પાડયાં છે. આઠથી દશ વર્ષ સુધીનાં બાળકો સમજી શકે તેવી ભાષામાં લખાયેલ આ પુસ્તકો બાળકોને સત્વર ગમી જાય તેવાં છે. **'સીતા', 'હનુમાન', 'ધ્રુવકુમાર'** તથા **'શ્રીકૃષ્ણ'**માં ટૂંકમાં રસમય શૈલીમાં તેમનાં ચરિત્રો આપવામાં આવેલાં છે. ' **રામચંદ્ર** 'માં 'રામચંદ્ર', 'ભરત', 'લક્ષ્મણ' તથા 'રાવણ'નાં ચરિત્રો સાથે લીધાં છે. બધી ચોપડીઓમાં ચિત્રો આપવામાં આવ્યાં છે. શ્રી. શારદા-

પ્રસાદ વર્માની શૈલીથી આપણે હવે તો ખૂબ પરિચિત હોઈને તે સંબંધી વિશેષ લખવાની જરૂર નથી. આ માળામાં બીજાં પાત્રો તેઓ હવે સત્વર આપે તેમ ઇચ્છીએ.

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય તરફથી બહાર પડતી **બાલગ્રંથાવલિમાં** બે પુસ્તકો બહાર પડેલ છે. હિંદી પુસ્તક ઉપરથી અનુવાદ કરાવીને **'ભારતીય નીતિકથાઓ'** બહાર પાડવામાં આવેલ છે. તેમાં મહાભારતની બાલોપયોગી પર વાતોનો સંગ્રહ છે. મહાભારત સમજવામાં બાળકોને ઉપયોગી થાય તેવું આ પુસ્તક છે. **'બાળકોની વાતો–ભાગ ૨'** માં જુદાં જુદાં માસિકોમાં આવેલ ૬૧ બોધપ્રદ બાળવાર્તાઓનો સંગ્રહ છે. વિવિધતાની દૃષ્ટિએ આ સંગ્રહ બાળકોને ગમી જાય તેવો છે. બન્ને પુસ્તકોના કદ પ્રમાણે તેનું મૂલ્ય ઘણું ઓછું ગણી શકાય.

શ્રી. રમણલાલ સોનીએ ભાગવત તથા ઉપનિષદો પરથી કથાઓ રચીને **'કથામંગલ'** બહાર પાડેલ છે. ભાગવતની પાંત્રીસ તથા ઉપનિષદોની અઢાર મળી કુલ ત્રેપન વાતોનો સંગ્રહ આ પુસ્તકમાં છે. વાર્તાઓને અંતે કેટલાક સૂચક પ્રશ્નો મૂકવામાં આવેલા છે, જે વિદ્યાર્થીઓને ઉપયોગી થઇ પડશે. શ્રી. સોની આવી જ જાતનું **'કથામંગલ'** રામાયણ, મહાભારત તથા ઇતર ધર્મોનાં પુસ્તકો પરથી આપણને આપવાના છે. ફક્ત એક જ સૂચના કરવાનું મન થઈ આવે છે અને તે એ કે આ પુસ્તકની કિંમત સંબંધી. વિદ્યાર્થીઓને જ નહિ, પરંતુ બીજાઓને પણ સુલભ બને તે ખાતર આવાં પુસ્તકોની કિંમત બની શકે તેટલી ઓછી રાખવાની જરૂર છે.

નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયના આચાર્ય શ્રી. દેસાઇભાઇ નાથાભાઇ પટેલ કૃત **'કિશોર રામાયણ'** મુંબઈના **યુગધર્મ કાર્યાલયે** બહાર પાડેલી છે. શ્રી. દેસાઇભાઇએ પોતાના જેલનિવાસ દરમિયાન **'શિશુરામાયણ'**, **'બાલરામાયણ'** અને **'કિશોર રામાયણ'** લખ્યાં તે પૈકી છેલ્લું જ પ્રસિદ્ધ થયું છે. આ પુસ્તકમાં લેખકની રામાયણ પ્રત્યેની ભક્તિ ઠેર ઠેર દૃષ્ટિગોચર થાય છે રામાયણ અને મહાભારત આપણો અમૂલો વારસો છે અને જુદા જુદા દૃષ્ટિબિંદુથી તે વિષે અનેક પુસ્તકો લખી શકાય તેમ છે. સ્મારકમાળાના પુસ્તક તરીકે બહાર પડેલ હોઇ, યુદ્ધની મોંઘવારી છતાં પુસ્તકની કિંમત ઓછી રાખી શકાઇ હોત.

શ્રી. દેસાઇભાઇએ લખેલાં **'શિશુ રામાયણ'** અને **'બાલરામાયણ'** સત્વર પ્રસિદ્ધ થાય અને **'કુમાર રામાયણ'** તેઓ સત્વર લખે તેમ આપણે ઇચ્છીએ.

અમદાવાદની **શ્રી. રામકૃષ્ણ સેવા સમિતિ** અવારનવાર મફત અથવા તો નજીવી કિંમતે લોકોપયોગી પુસ્તકો પ્રગટ કરે છે. તેણે સત્યેન્દ્રનાથ મજુમદારના પુસ્તક પરથી અનુવાદ કરાવીને **'બાળકોના વિવેકાનંદ'** પ્રકટ કર્યું છે. આ પુસ્તકમાં સ્વામી વિવેકાનંદનું જીવન ટૂંકમાં આપેલ છે. પણ ભાષા જોતાં મોટી ઉંમરનાં બાળકોને તે ગમે તેવું છે.

'મારો બાગ' ના લેખક શ્રી. રતિલાલ ગૌરીશંકર ઓઝાએ **'સાચી સુંદર વાતો'** બહાર પાડી છે. તેમાં સત્તર વાતો આપેલી છે. આમાંની કેટલીક વાતો અગાઉ એકથી વધારે વખત પ્રસિદ્ધ થઇ ગયેલી હશે, પણ તેથી આ પુસ્તકની કિંમત ઓછી થતી નથી.

શ્રી. મનુભાઇ જોધાણીકૃત ' જનપદ ' ભાગ ૨–૩ ચાલુ વર્ષે બહાર પડેલા છે. પહેલો ભાગ પ્રસિદ્ધ થતાં જ શ્રી. મનુભાઇએ પોતાનું સ્થાન બાલસાહિત્યમાં નક્કી કરી લીધેલું છે. આ બે ભાગોમાં મળીને કુલ ૨૩ રેખાચિત્રો આપણને મળે છે. અને એ રીતે ગામડા અગર શહેરોમાં નિત્યજીવનમાં મળી આવતી દરેક જ્ઞાતિની વ્યક્તિનું રેખાચિત્ર આવી જાય છે. શ્રી. મનુભાઇની શૈલી વિષે હવે બે મત નથી. તે વાંચતાં વાચકને પોતે જોયેલી વ્યક્તિનું રેખાચિત્ર જ જાણે કેમ હોય તેમ લાગે છે. પાછળ. તળપદા શબ્દોના અર્થો આપીને પુસ્તકની કિંમત વધારી છે.

શ્રી. **ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે** ગુર્જર બાલમંથાવલિ શ્રેણિ ત્રીજીના ભેટપુસ્તક તરીકે ' **અમર યાત્રાધામો** ' બહાર પાડેલ છે: આ પુસ્તકમાં ' અવન્તિકા, મથુરા, બળદેવજી, ગિરિરાજ, વૃંદાવન, કામવન, અજમેર, પંઢરપુર ' વગેરે તેર યાત્રાસ્થળોનાં વર્ણન શ્રી. રમણલાલ શાહે આપેલાં છે. પુષ્કળ ચિત્રો આપીને આ પુસ્તકને બાળકો માટે જ નહિ પરંતુ મોટાઓ માટે પણ ઉપયોગી બનાવવામાં આવ્યું છે દરેક યાત્રાધામનો ઇતિહાસ આપવામાં આવેલ હોઇ ઇતિહાસના શોખીન વાચકોને પણ ગમી જાય તેવું પુસ્તક બન્યું છે.

આજ સંસ્થાએ ચાલુ વર્ષમાં શ્રી ' ધૂમકેતુ 'નાં બે પુસ્તકો પ્રગટ કર્યાં છે. બન્ને પુસ્તકો તેમની ' **સસ્તી સાહિત્ય વાટિકા** 'માં પ્રગટ થાય છે. ' **ક્યુએનસંગ** ' (જેનો ખરો ઉચ્ચાર ' ટરન્-ચ્વાઙ્ ' હોવાનું શ્રી. ધૂમકેતુ પહેલે પાને જ કહે છે. છતાં તે ઉચ્ચારથી આપણે પરિચિત હોઇએ તેથી કે બીજા ગમે તે કારણથી તેમણે ખરા ઉચ્ચારનો ઉપયોગ કર્યો નથી.) નું ચરિત્ર વર્ષો અગાઉ ' કુમાર ' માસિકમાં પ્રગટ થઇ ગયેલું તે પુસ્તિકારૂપે પ્રગટ થાય છે. શ્રી. ધૂમકેતુની શૈલીથી જીવનચરિત્ર વાંચવામાં રસદાયક બન્યું છે. બીજું પુસ્તક ' **વીર વનરાજ** ' જરા વિસ્તૃતરૂપે લખાયેલ છે, અને કુમારોને ખાસ પ્રેરણાદાયક થઇ પડે તેવું છે. શ્રી. ધૂમકેતુ હજુ આપણને બીજાં ઘણાં જીવનચરિત્રો આપવાની ઇચ્છા રાખે છે, તે આપણને સત્વર આપે તેમ ઇચ્છીએ.

શ્રી. રતિલાલ અધ્વર્યુએ **સંગીતપ્રવેશ પોથી**નો પહેલો ભાગ બહાર પાડેલ છે. તેમાં પોતાનાં પ્રસિદ્ધ તથા અપ્રસિદ્ધ ગીતો સ્વરાંકન સાથે આપેલાં છે. શ્રી. અધ્વર્યુ પોતાનાં બીજા પુસ્તકોથી અત્યાર અગાઉ આપણને જાણીતા છે. તેમના આ ગીતોના સંગ્રહમાં પ્રહસન તરીકે સંગ્રહાયેલાં ત્રણ ગીતો તો ખૂબ ગમી જાય તેવાં છે, અને અમદાવાદમાં ત્રણેક વર્ષ પહેલાં મળેલ શિક્ષક પરિષદમાં ગવાયેલ ' મારી ભણવાની પીડા મટાડો કોઇ ' ની સહેજે યાદ આપે છે. આ સંગીત પ્રવેશપોથીના વધારે ભાગ બહાર પાડવાના શ્રી. અધ્વર્યુ-ના મનોરથો સત્વર સફળ થાય તેમ આપણે ઇચ્છીએ.

આ ઉપરાંત પણ બીજાં પુસ્તકો બહાર પડયાં હશે, પણ તેમનાં નામ જાણમાં ન હોઇ આપી શકાયાં નથી. નજીકના ભવિષ્યમાં કદાચ કોઇ પુસ્તક જોવાનો સુયોગ પ્રાપ્ત થશે તો તે વિષે બનતી નોંધ લેવામાં આવશે.

અંતે લેખકો તથા પ્રકાશકોના મળેલા સહકાર માટે ફરીથી આભાર માની આ પત્ર પૂરો કરું છું.

છોટાલાલ માનસીંગ કામદાર

શ્રી. નાગરદાસ ઈ. પટેલ (ભલાડ) દ્વારા સંપાદિત બાલવિનોદમાળાનાં પુસ્તકો

૧	રાજહંસ	૦–૩–૦
૨	કનૈયો	૦–૩–૦
૩	ધનિયો	૦–૩–૦
૪	બટમોગરો	૦–૬–૦

બાલવિનોદ ગ્રંથાવલિ

૧	ત્રણ દીકરા	(નાગરદાસ પટેલ)	૦–૬–૦

અશોક બાલપુસ્તકમાળાનાં પુસ્તકો

(૫૦૦ પાનાનું સચિત્ર વાચન વાર્ષિક લવાજમ રૂા. ૨–૮–૦)

૧	ચોપગાંની દુનિયા–ખંડ ૨	(રમણલાલ નાનાલાલ શાહ)	૦–૬–૦
૨	ગપ્પો ગાંધી	(રતિલાલ વિઠ્ઠલદાસ દલાલ)	૦–૩–૦
૩	હાસ્યતરંગ ખંડ ૪ થો	(નાગરદાસ પટેલ)	૦–૩–૦
૪	હીરબ્રહ્મણી	(,,)	૦–૬–૦
૫	કાણુ કેમ અને શું ખંડ ૨	(પુરુષોત્તમ હ. પટેલ)	૦–૪–૦
૬	બારતકથાઓ	(હર્ષદ પંડ્યા)	૦–૬–૦
૭	ચોયણી	(હરિલાલ પંડ્યા)	૦–૩–૦
૮	નવી નવાઇઓ ખંડ ૨	(રમણલાલ શાહ)	૦–૬–૦
૯	ગંગામૈયા	(સોમાભાઇ પટેલ)	૦–૩–૦

બાલજીવન કાર્યાલય–વડોદરાનાં પુસ્તકો

૧	ઇસપ નીતિકથાઓ–ભાગ ૩	૧–૦–૦

બાલજીવન કિશોર સાહિત્યમાળા

૧	પ્રશ્નધારા	(રમણલાલ નાનાલાલ શાહ)	૦–૬–૦
૨	આનંદતરંગ	(,,)	૦–૬–૦

શ્રી. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

૧	જનપદ ભાગ બીજો	(મનુભાઈ જોધાણી)	૦–૧૨–૦
૨	જનપદ ભાગ ત્રીજો	(,,)	૦–૧૨–૦
૩	અમર યાત્રાધામો	(રમણલાલ શાહ)	૧–૦–૦
૪	શુ એન સંગ	(ધૂમકેતુ)	૦–૩–૦
૫	વીર વનરાજ	(,,)	૦–૬–૦

યુગાંતર કાર્યાલય–સૂરતનાં પુસ્તકો

પુરાણનાં પાત્રો (લે. શારદાપ્રસાદ વર્મા)

૧	સીતા	૦–૧–૬
૨	હનુમાન	૦–૧–૬
૩	ધ્રુવકુમાર	૦–૧–૬
૪	શ્રી કૃષ્ણ	૦–૪–૦
૫	રામચંદ્ર	૦–૫–૦

બાલશક્તિ ગ્રંથાવલિ–મોડાસાનાં પુસ્તકો

૧	ઉંદરમામા	(મરતકકીર)	૦–૫–૦
૨	પોપટની મુસાફરી	(ઇંદુલાલ હ. કોઠારી તથા કીરતન લટકારી)	૦–૫–૦
૩	ચાંદામામા	(નાગરદાસ પટેલ)	૦–૫–૦
૪	ગુલકંદ	(મોહનલાલ પાઠક)	૦–૫–૦

શ્રી. ભારતી સાહિત્ય સંઘ (અમદાવાદ તથા મુંબઇ)ની અરુણ ગ્રંથમાળાનાં પુસ્તકો

૧ બંબુની ડાળે	(ઇન્દ્ર વસાવડા)	૦–૮–૦
૨ તુલસીનાં પાન	(લાભુબહેન મહેતા)	૦–૫–૦
૩ જંગલમાં મંગલ ભા. ૨	(હરજીવન સોમૈયા)	૦–૫–૦
૪ પંચગનીના પત્રો	(સ્વ. ચમનલાલ વૈષ્ણવ)	૦–૪–૦
૫ એનું નામ નરેન્દ્રકુમાર	(લાભુબહેન મહેતા)	૦–૪–૦
૬ કેમ અને કયારે	(કુંગરશી સંપટ)	૦–૫–૦

શ્રી ગાંડીવ સાહિત્ય મંદિર–સૂરત

૧ બકુલ ભાગ ૧	(અનંત)	૦–૩–૦
૨ નીલમ ભાગ ૨	(,,)	૦–૪–૦
૩ એક હતો રાજા ભા. ૧	(પરમાલ)	૦–૩–૦
૪ હીરાકણી	(ભાનુશંકર જોષી)	૦–૪–૦
૫ કીર્તિસ્તંભ ભાગ ૩	(શામરાવ આગરકર)	૦–૫–૦
૬ એક હતો રાજા ભા. ૨		૦–૩–૦
૭ પંચામૃત	(ભાનુશંકર જોષી)	૦–૭–૦
૮ અમીઝરણાં	(કસનજી મ. દેસાઇ)	૦–૩–૦
૯ આરસી	(ખંડેરાવ પવાર)	૦–૪–૦
૧૦ અકોર પટેલ ભાગ ૨ જો	(હરિપ્રસાદ વ્યાસ)	૦–૮–૦

આપણી બાળગ્રંથમાળા (વાર્ષિક લવાજમ બે રૂપિયા)

(પ્રકાશકઃ નવચેતન સાહિત્ય મંદિર, અમદાવાદ)

૧ દર્શીવડા	(હિમ્મતલાલ મર્થક)	૦–૧–૦
૨ ધરતીનો બાળમેળો	(ઇન્દુપ્રસાદ ભટ્ટ તથા મણિલાલ ઠાકર)	૦–૬–૦

પ્રકીર્ણ પુસ્તકો

૧ ભારતીય નીતિકથાઓ		૦–૬–૦
૨ બાળકોની વાતો ભાગ ૨	(સં. સ્વ. ભિક્ષુ અખંડાનંદ)	૦–૬–૦
૩ કથા મંગળ	(રમણલાલ સોની)	૧–૪–૦
૪ કિશોર રામાયણ	(દેસાઇભાઇ નાથાભાઇ પટેલ)	૧–૦–૦
૫ બાળકોના વિવેકાનંદ	(સત્યેન્દ્રનાથ મજુમદાર) (દોઢ આનાની ટીકીટો મોકલનારને મફત)	
૬ સાચી સુંદર વાતો	(રતિલાલ ગૌરીશંકર ઓઝા)	૦–૩–૬
૭ સંગીત પ્રવેશપોથી	(રતિલાલ અધ્વર્યુ)	૦–૮–૦

પુનર્મુદ્રણો

૧ અલિબાબા	(સૌ. વિદ્યાબહેન)	૦–૫–૦
૨ અક્ષરમાળા	(નાગરદાસ પટેલ)	૦–૬–૦
૩ ચાલાક ચોર	(રમણલાલ શાહ)	૦–૫–૦

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં પુનર્મુદ્રણો

૪ ખાટી મીઠી બાળવાતો	(મનુભાઇ જોધાણી)	૦–૧૨–૦
૫ સુંદર વાતો	(ગિજુભાઇ)	૦–૬–૦
૬ ભેરૂ	(,,)	૦–૬–૦
૭ અલિબાબા	(વિદ્યાબેન)	૦–૫–૦
૮ હાલરડાં	(મેઘાણી)	૦–૮–૦
૯ પરશુરામ	(ધૂમકેતુ)	૦–૩–૦
૧૦ ચાંદની	(મોંઘીબહેન)	૦–૫–૦
૧૧ પડઘા	(ધૂમકેતુ)	૦–૬–૦
૧૨ પ્રાણીવર્ણન	(ચંદ્રશંકર ભટ્ટ)	૦–૫–૦

૧૩ ધરતીકંપ (પ્રિયવદન બક્ષી) ૦–૪–૦
૧૪ કથાગીતો (સોમાભાઇ ભાવસાર) ૦–૮–૦
૧૫ વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૧ લી ૨–૦–૦
૧૬ વિદ્યાર્થી વાચનમાળા શ્રેણી ૫ મી ૨–૪–૦

બાલવિનોદ કાર્યાલય (મલાડ) નાં પુનર્મુદ્રણો

(બાલવિનોદમાળા દરેકની કિંમત ૩ આના)

૧૭ બૂરિયો છઠ્ઠી આવૃત્તિ
૧૮ લાલિયો ચોથી ,,
૧૯ ઉંદરદેશ છઠ્ઠી ,,
૨૦ સોણલિયો ત્રીજી ,,
૨૧ દુલારી બીજી ,,
૨૨ ધરતીમાતા બીજી ,,
૨૩ રણધીર ચોથી ,,
૨૪ રાવજી ચોથી ,,
૨૫ વહેંતિયો બીજી આવૃત્તિ
૨૬ ગરવી ગુજરાત બીજી ,,
૨૭ સોનાનાં પગલાં બીજી ,,
૨૮ મુંબાઇ બીજી ,,
૨૯ કાળિયો ત્રીજી ,,
૩૦ ભાણિયો છઠ્ઠી ,,
૩૧ લંકાની લાડી બીજી આવૃત્તિ
૩૨ રતનિયો આઠમી ,,
૩૩ ભગો પાંચમી ,,

અશોક બાલ પુસ્તકમાળાનાં પુનર્મુદ્રણો

૩૪ રંભાનું રસોઇઘર ખંડ ૨ ચોથી આવૃત્તિ
૩૫ નાની મોટી વાતો ખંડ ૧૦ ત્રીજી ,,
૩૬ વિજ્ઞાનવિહાર ખંડ ૪ બીજી ,,
૩૭ હાસ્યતરંગ ખંડ ૧ બીજી ,,
૩૮ કેશુડાં ત્રીજી ,,
૩૯ રૂપીના બાગમાં ત્રીજી ,,
૪૦ કુતૂહલ ખંડ ૧ ત્રીજી ,,
૪૧ આપણાં મિત્રો ત્રીજી ,,
૪૨ શા માટે ચોથી ,,
૪૩ કુતૂહલ ખંડ ૨ બીજી ,,
૪૪ વિજ્ઞાનવિહાર ખંડ ૧ ત્રીજી ,,
૪૫ વિજ્ઞાનવિહાર ખંડ ૨ ત્રીજી ,,
૪૬ રંભાનું રસોઇઘર ખંડ–૩ ચોથી ,,
૪૭ ગલુડિયાં બીજી ,,
૪૮ લેનિન બીજી ,,
૪૯ પત્રપેટી બીજી ,,
૫૦ અક્ષરમાળા સુધારેલી બીજી ,,

વાચનતરંગ : (આવતી કાલ)

' આવતી કાલ 'ની જ્વાળાઓ જ્યારે ' આજ 'ને સ્વરૂપે સમસ્ત હિંદને ભરખી જતી હોય ત્યારે આમ દૂર દૂર સહીસલામતીની ગોદમાં છુપાઈને તેનો પરિચય આપવામાં મૂર્ખતા અને કાયરતા, ઉભય સમાયેલાં છે એમ લાગવા છતાં, લીધેલું કાર્ય પાર પાડવામાં જ મેં ગૌરવ માન્યું છે.

એનો પ્રધાન સૂર દર્દ અને વેદના છે. હિંદમાં ઊંડે ઊંડે ઘૂસી ગએલાં ' ગરીબી ', ' અસમાનતા ', ' ભૂખમરો ' અને એ બધામાંથી ઉપજતી ગુલામીની જંજીરોને તોડી-ફોડી ફેંકી દેવાની અને નવેસર હિંદની પુનર્રચના કરવાનો આશય " આવતી કાલ "ને પાને પાને ઝળકી ઉઠે છે.

હિંદની ગુલામીની શૃંખલાઓ તોડવા માટે સંપૂર્ણ સંગઠન, સાર્વત્રિક હડતાળ, સત્યાગ્રહ અને ગ્રામોદ્યોગ એમ પાયારૂપ ગોઠવ્યાં છે. અને એ સુદૃઢ પાયા ઉપર ત્યાગ, સંયમ, બલિદાન અને સમર્પણના મહામોંઘા મંત્રો પઢાવતી ઇમારત ઊભી કરી છે. અને એ ઇમારતની ટોચે ' સ્વરાજ્ય 'ની તખ્તી લટકાવી છે.

લેખકે શરૂઆતમાં જ ભભાને મુખે આંબાવાડીઆમાં કહાવી દીધું છે કે ' જે મહેનત કરે તે જ માલીક. ' અને આખી નવલકથા જાણે આ વિધાનને સત્ય કરવા ન મથતી હોય તેમ દોરાયેલી લાગે છે.

ભભલાને સામાન્ય કોળીમાંથી મહાન લૂંટારો અને તે પણ દાનવીર લૂંટારો બનાવી, ત્યાંથી ઉપાડીને મુંબાઇની ઘોડદોડની હરીફાઇના ધંધામાં મૂકી દઇ મહાન, શ્રીમંત બલભદ્ર ઠાકોર બનાવી દીધા સુધીની પ્રસંગપરંપરા વાસ્તવિક લાગતી ન હોવા છતાં, તે પછીનો ભાગ તો અતિશય ઝીણવટથી દોરાયેલો નજરે પડે છે. એટલે પાયાની અવાસ્તવિકતાની ચર્ચા કરવા જતાં તે ઉપરની સુંદર ઇમારતનો અને તેની પાછળના સ્તુત્ય પ્રયાસનો લાભ ઓછો પડે તે ઇષ્ટ નથી.

બલભદ્ર શ્રીમંત બને છે–મહાન બને છે. દાનેશ્વરી કર્ણની તુલનામાં આવી જાય છે, પણ તેને સુખ નથી. તેને એક મહાન વ્યક્તિના બોલ વારંવાર ખટકે છે.

> " એ માર્ગ અધર્મનો છે. એ રસ્તો સાચનો નથી, પરમાર્થનો નથી, એમાં તમારું કે જગતનું કલ્યાણ નથી. પોતાની જાત ઘસીને, પોતાની સુખસગવડોનો ભોગ આપીને બીજાનું ભલું કરવું એમાં ખરી માણસાઇ લાગે છે. "

સંત પ્રીતમરાયના ઉપરોક્ત ઉદ્‌ગારની અસર ભભા બલભદ્રના જીવનમાં એટલી ઊંડી થાય છે કે માર્ગમાં અનેક પ્રલોભનોની મોહજાળ પથરાયેલી હોવા છતાં, તેમાં ન ફસાતાં તે છેવટ સુધી અડગ અને અહિંસક રહી સ્વાતંત્ર્યના પ્રયત્નોમાં ગાંડો ને ઘેલો બનીને ઘૂમે છે.

ભભાભાઇનું હૃદયમંથન બતાવતાં લેખક સમાજમાંના પ્રતિષ્ઠિત ગુંડાઓ અને ભભા–બલભદ્રની પવિત્ર ગુંડાગીરીનો અચ્છો સમન્વય સાધી બતાવે છે.

> " હા, હું ચોરીનો ધંધો કરું છું, પણ એને ચોરી ગણતો નથી. જેની પાસે વધારે પડતું છે તેની પાસેથી લઇ જેની પાસે કંઇ નથી તેને વહેંચી દેવું એમાં શું ખોટું છે ?

" અને નીતિ ? આ બધા દાનેશ્વરીઓમાં ક્યાં અને કેટલી નીતિ છે એ હું જાણું છું. લોકોની આંખમાં ધૂળ નાખીને ઘોળે દિવસે લૂંટ ચલાવવી એ નીતિ છે ? મજૂરોનાં લોહીનું પાણી કરીને મેળવેલો પૈસો નીતિની કમાણી છે ? શા માટે બોલાવો છો ? હા, હું ગરાસિયો નથી, કાળા છું; પણ ગરીબ બેહૂદો ને મજૂરોનાં હાડચામ નીચોવીને તાલેવંત થએલા જમીનદારો ને શેઠશાહુકારો કરતાં સારો છું. "

આમ બભાને મુખે લેખક પોતાના હૃદયમાં ઘોળાતા વિષઘૂંટ રજૂ કરે છે.

ત્યારપછી ખૂબ જ મંથન બાદ બળભદ્ર મિલની હડતાળમાં જોડાવાનું પસંદ કરે છે. ' જ્યાં સુધી તમે ભૂખ્યા રહેશો ત્યાં સુધી મારે પણ ખાવું હરામ છે ' આમ મજૂરોને પ્રેરણા ને ઉત્સાહ અર્પતો અહિંસક બલભદ્ર ચોમેર ઘૂમતો–ફરતો હડતાળને વધુ ને વધુ મજબૂત બનાવતો જાય છે.

શેઠની પાસેથી મિલ ખરીદવી ને કામદાર સંઘને નામે કરવી; બંગલાને બદલે મિલની ચાલીમાં રહી સુંવાળી રૂપવતી અને કુમળા કિરણની સાથે કામ કરવા જવું; ખાનપાનની અત્યંત સાદાઈને ક્વચિત ઉપવાસ પણ કરી લેવાની તૈયારી તથા મોડી રાત અને વહેલી પરોઢનો માનસિક શ્રમ; આ બધું તેના જીવન–પરિવર્તનનાં ક્રમશઃ પગથિયાંરૂપ છે.

પછી તો તે પરદેશ પ્રચારાર્થે ઉપડે છે. તે દરમિયાન રૂપવતી પકડાય છે. સાર્વત્રિક હડતાળ સ્મશાન સમી શાંતિ પ્રસરાવતી વધુ ને વધુ પ્રચંડ સ્વરૂપ પકડતી જાય છે. ખૂનામરકી ચાલે છે. લોહીની નદીઓ વહે છે, આમોદ્યોગથી પોષણ કરતો મારુતિસંગ પણ રાતના અચાનક તોપને ગોળે ઊડી જાય છે. નિર્દોષ બાળ, સ્ત્રી અને વૃદ્ધોનો નાશ થાય છે. આ બધા પ્રસંગો ચીતરી લેખકે સરકારની ક્રૂરમાં ક્રૂર દમનનીતિનો અને ભીષણમાં ભીષણ અત્યાચાર પ્રત્યેનો કારમો રોષ ઠાલવ્યો છે. પ્રત્યેક વાચક હૃદયમાંથી આંસુની નદીઓ વહી રહે તેવી કરુણા રેલાવી છે. અને ત્યાં જ લેખકની અહિંસક સ્વાતંત્ર્યયુદ્ધની સફળતાની છેલ્લી કસોટી થતી હોય છેઃ જાણે કે આ બલિદાન–મૂકબલિદાન જગતમાત્રમાં અપૂર્વ એવું રોમાંચક બલિદાન–જેને દેશવિદેશનાં ખૂદ ઇંગ્લાંડનાં જ પત્રોએ પણ હૃદયભીની પત્રાંજલિઓ અર્પેલી એવું બલિદાન જ સ્વાતંત્ર્યયુદ્ધની છેલ્લી ને સ્વરાજની પ્રથમ કડીરૂપ હોય તેમ જણાય છે.

આમ દેવાયેલા બલિદાનની ભસ્મ-અર્કમાંથી નવસર્જન થતું હોય તેમ નૂતનયુગનાં મંડાણ થાય છે. સ્વરાજ એ તેનો–તે યુગનો માનબિંદુ જન્મસિદ્ધ હક્ક છે; ઉત્સાહ તેનો પ્રાણ છે; સત્ય ને અહિંસા તેના મહામોંઘા જીવનમંત્રો છે; સ્વાતંત્ર્ય એ તેમની માયા ને મૂડી છે; અવનિ ઉપરના પ્રત્યેક માનવને પૂરતું પોષણ મળી રહે તે માટેનો અવિરત છતાં પ્રમાણિક શ્રમ એ તેમનો દૃઢ નિશ્ચય છે; પ્રામાણિકપણું એ તેમની પ્રસન્નતા છે; રેંટિયો તેમની કામધેનુ છે; સેવા તેમનું સંગીત છે. આ પ્રકારના અસ્પષ્ટ છતાં ય સ્પષ્ટ ભણકાર ' આવતી કાલ 'માંથી વાગતા સંભળાય છે. નૂતનયુગની નૂતન મિલરચના તથા નાનાં નાનાં કારખાનાં વગેરેની કાર્યસિદ્ધિદર્શક રૂપરેખા તો લેખકે પોતે પણ બને તેટલી સ્પષ્ટતાથી આછી પાતળી આંકી બતાવી છે. અહીં આ વાર્તા પૂરી થાય છે.

જોકે આ નવલકથામાં કોઈ વાદનું સચોટ સમર્થન નથી જ જણાતું; છતાંએ લેખક ' અહિંસાનો વિજય 'નું વિધાન સત્ય કરવા પાછળ જ મચી રહ્યા હોય તેમ બળ

[અનુસંધાન પાછળ પૃ. ૬૬૬ને છેડે]



૧ પારુ:—(મૂળલેખકનું નામ નથી લખ્યું.) અનુવાદકઃ શ્રી. "મૃદુલ" પ્રકાશકઃ મેસર્સ એન. એમ. ઠક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૮+૧૮૪, કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. બે.

પ્રકાશકના જણાવવા મુજબ આ નવલકથા સાચે જ નવલસમ્રાટ શરદબાબુની પ્રશંસા માગી લે તેવી છે. એમાં શરદબાબુની વાર્તાકલાનો, બલ્કે કોઇ કોઈ સ્થળે તેથી પણ વધુ ઉત્કૃષ્ટ વાર્તાકલાનો પરિચય મળે છે. રાજરાણી થવાની મહત્ત્વાકાંક્ષી રમણી પારુ સામાન્ય સ્થિતિવાળા એક ભોળા બીજવરને પરણી ત્યાં કેવી સ્થિતિસંજોગોમાં દિવસો ગુજારે છે; પતિની આકૃત વેળા એને બચાવવા કેવી વિહ્વળ બને છે, ઘરની સરમુખત્યાર સભી કોઇબાના તેમ જ લોભી દિયરના પાપે તેને તથા તેના પતિને કેવાં કેવાં કષ્ટો સહન કરવાં પડે છે વગેરે પ્રસંગો આ વાર્તાનવેશે જાણે કોઈ સિનેમાચિત્ર જોતા હોઇએ તેવો તાદશ ચિતાર સ્વરૂપે આપણી સમક્ષ રજૂ કર્યો છે. લેખકની વસ્તુગૂંથણી અને વાર્તાશૈલી પ્રશંસાના પુષ્પો માગી લે તેવી છે.

આપણે ઇચ્છીએ, પ્રકાશક લેખકને સત્વર પ્રકાશમાં લાવે અને તેમની આવી કૃતિઓ પણ પ્રગટ કરતા રહે.

૨ ઠંડી કૂરતા અને બીજાં નાટકો:—લેખક અને પ્રકાશકઃ શ્રી. ધૂમકેતુ, પ્રાપ્તિસ્થાનઃ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધીરોડ, અમદાવાદ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૪+૧૬૭, સચિત્ર કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. દોઢ.

લેખકે લખેલ તણખામંડળ ચોથામાં પ્રકટ થયેલ "ઠંડી કૂરતા"ને નાટકના તખ્તા

[પૃ. ૬૬૫નું અનુસંધાન]

ભદ્રના પૂર્વભૂત પ્રસંગો યાદ કરતાં જણાયા સિવાય રહેતું નથી. અને એ રીતે આ વાર્તાને 'અહિંસક સ્વાતંત્ર્ય યુદ્ધ' અંગેની વાર્તા પણ ગણાવી શકાય.

મહાયુદ્ધની જ્વાળા પ્રગટી, ખૂનામરકી અને લોહી રેડાયાં; શાહબુદ્દીન, તૈમૂર ને ગીઝનીની છાયા બ્રિટિશ મુત્સદ્દીઓમાં પથરાઇ રહી. અને એમાંથી હિંદનું રહ્યું સહ્યું સત્વ પણ ચુસાવા લાગ્યું. નિઃસત્વ બનેલ હિંદે રોગ, ભૂખમરો, ચોરી, લૂંટફાટ, વ્યભિચાર એમ અનેક દુર્ગુણોનો દાવાનળ સળગાવ્યો. ભરખી જતા દાવાનળના તાપના ત્રાસથી વ્યાકુળ બનેલું લેખકહૃદય તેનો સાચો ઉકેલ રજૂ કરે છે. એમ જોતાં 'આવતી કાલ' હિંદની 'આવતી કાલ' બની રહે એવી છૂપી છૂપી પણ આશા સેવતી બહાર પડી નહિ હોય, એમ કોણ કહી શકે ? અને આમ હૃદયના ઉંડાણમાં છુપાઈ રહેલા ભાવો મૂર્તિમંત થતાં એ દર્દ અને વેદનાથી પીડિત લેખક હૃદયને આનંદની લહરિઓ 'પચાસ વર્ષ પછી'ને મથાળે લખેલી નવી વાર્તાની સિદ્ધિ તરફ ગ્રેરે તો નવાઇ નહિ. — 'રવિ'

પર ભજવી શકાય તેવા રૂપે તૈયાર કરી આ પુસ્તકની શરૂઆતમાં પ્રથમ નાટક તરીકે મૂકયું છે. એ નાટક અમદાવાદના શારદા મંદિર તેમ જ ગુજરાત કૉલેજમાં સફળ રીતે ભજવાયું પણ હતું.

તે પછીનાં નાટકોમાં બીજું ગુજરાતના ઇતિહાસમાં અમર થઇ ગયેલ પ્રસંગ-શ્રીદેવીના વનરાજને રાજતિલક કરતાં પહેલાં શ્રીદેવીએ વનરાજનો રાજયોગ પારખી તેને શોધી કાઢી રાજતિલક કર્યાનો-દેશપ્રેમપ્રેરક પ્રસંગને રજૂ કર્યો છે. આ એકાંકી નાટિકા પણ ભજવવા જેવી છે. અને ત્રીજી નાટિકા " પસંદગીનો વર "માં બે કૉલેજિયન મિત્રો પત્નીપસંદગીમાં કેટલે દરજ્જે સફળ-અસફળ થાય છે તેનો સરસ ચિતાર આપે છે. આજનાં લગ્નની મીમાંસા અને ચર્ચા કરતાં યુવક-યુવતીઓને નાટિકા ઠીક કટાક્ષ અર્પે તેવી છે. એકંદરે ત્રણે નાટકો પ્રસંગોપાત્ત ભજવવા જેવાં છે.

૩ રમા:—મૂળલેખકઃ શ્રી. શરદ્‌બાબુ; અનુવાદકઃ શ્રી. માણેકલાલ ગો. જોષી, પ્રકાશક ઉપર પ્રમાણે, ક્રાઉન કદનાં પૃષ્ઠ ૩૬+૧૬૭, કવર આચ્છાદન સહિત પાકું પૂઠું, મૂલ્ય રૂા. બે. ૧૯૪૨

શરદ્‌બાબુએ લખેલ પલ્લીસમાજ પરથી રંગભૂમિ પર ભજવાય તેવી રીતે, શરદ્‌બાબુએ પોતે તૈયાર કરેલ નાટક તે આ " રમા " છે. એના હિંદી અનુવાદ પરથી આ ગુજરાતી અનુવાદની યોજના થઇ છે. મૂળ પલ્લીસમાજ કથાનક જેમણે વાંચ્યું હશે તેમણે, રંગભૂમિ પર ભજવવા માટે મૂળ કથાના સ્થળાદિના જરૂરી કેટલાક ફેરફારપૂર્વક તૈયાર થયેલું આ નાટક જોઇ જવા જેવું છે.

૪ ગૂજરાત સાહિત્ય સભા-અમદાવાદની ૧૯૪૧-૪૨ ની કાર્યવહી:— પ્રકાશકઃ મંત્રીઓ, ગૂજરાત સાહિત્ય સભા, અમદાવાદ. ડેમી આઠ પેજી કદનાં પૃષ્ઠ ૧૮૦, સાદું પૂઠું, મૂલ્ય ૬પિયા બે.

ગૂજરાત સાહિત્ય સભા તરફથી ગુજરાતી વાઙ્મયમાં પ્રસિદ્ધ થતાં પુસ્તકોનું, જાણીતા વિદ્વાનો પાસે અવલોકન કરાવી પ્રસિદ્ધ કરવાની યોજના છે. દરવર્ષે, આ યોજનાનુસાર, પ્રકટ થતાં અવલોકનોની માફક ૧૯૪૧-૪૨ ના વર્ષ દરમિયાન પ્રકટ થયેલાં ગુજરાતી પુસ્તકોનું શ્રી. ત્રિભુવનદાસ લુહાર, શ્રી. યશવંત શુકલ અને પ્રો. શ્રી. ધનજીભાઇ કાલીદાસભાઇએ કરેલાં અવલોકનો પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. પુસ્તકાલયો માટે આ અવલોકનો ઉત્તમ માર્ગ-દર્શન પૂરું પાડે તેવાં છે. એટલે પુસ્તકપસંદગી માટે પુસ્તકાલયના ગ્રંથપાલ એક વાર આ અવ-લોકનો વાંચી જઇ એમાંના અભિપ્રાયને લક્ષ્યમાં લઇ પુસ્તકાલયમાટે પુસ્તકોની પસંદગી કરશે તો તેથી પુસ્તકાલયમાં કોઇ નબળું પુસ્તક ઘૂસી જવાના ભયસ્થાનથી તે બચી જ જશે.

આ અવલોકનો ઉપરાંત, એમાં સાહિત્ય સભા તરફથી વખતોવખત યોજાયેલાં વ્યાખ્યાનો પણ આપ્યાં છે, જેમાંનાં કેટલાંક અભ્યાસીઓને ઉપયોગી થઇ પડે તેવાં છે.

ગૂજરાત સાહિત્ય સભાની આ પ્રવૃત્તિને અમે આવકારીએ છીએ અને દર વર્ષ આવાં અવલોકનો પ્રકટ કરતા રહે તેવી વિનંતિ કરીએ છીએ. અન્ય રાજ્યોની સાહિત્ય સભાઓ પણ જો આવી પ્રવૃત્તિઓ હાથ ધરે તો તે પણ આવકારપાત્ર જ લેખાશે.

૫ દાર્શનિક શબ્દાવલિ—(શ્રી. અરવિંદકી) સંગ્રહકર્તાઃ શ્રી. અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી; પ્રકાશકઃ શ્રી અરવિંદ કાર્યાલય, આણંદ. ક્રાઉન કદનાં હાથબનાવટના કાગળનાં પૃષ્ઠ ૮+૧૧૬+૨૪, બોર્ડનું પૂઠું, મૂલ્ય રૂા. ૧-૧૨-૦.

તત્ત્વજ્ઞાન વેદાંતના અભ્યાસીઓને એ વિષયમાં વપરાતા ખાસ પારિભાષિક શબ્દોનો હિંદી, બંગાળી, ગુજરાતી અને મરાઠી ભાષાના પર્યાય સાથેના શબ્દોનો આ બહુ મહેનતે તૈયાર થઇ શકે તેવો સંગ્રહ છે. તત્ત્વજ્ઞાનમાં રસ ધરાવતા અને તે વિષયમાં ઊંડા ઊતરેલાઓ માટે આ એક અમૂલ્ય સંગ્રહ છે, એમ કહેવું પડે. પુસ્તકના અંતે અંગ્રેજીમાં શબ્દાર્થ રેખા આપી તેમાં પારિભાષિક વ્યાખ્યાઓ પણ આપી છે.

એ વિષયના અભ્યાસીઓ માટે આ પુસ્તક સાચે જ ઉપયોગી નીવડે તેવું છે.

૬ શ્રીજી ધરાનશાહનો ગરબોઃ—લેખક અને પ્રકાશકઃ શ્રી. અરદેશર ફરામજી અબરદાર, પારસી કોલોની, દાદર, મુંબઈ. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૬, સાદું પૂઠું, મૂલ્ય ૦-૪-૦.

ગયા નવેમ્બર માસમાં, ધરાનશાહનો પવિત્ર કેમલો ઉજવાયો તે પ્રસંગને અનુરૂપ કંઈક લખવા કવિશ્રીને વિનંતિ થતાં પોતાને પ્રેરણા જાગતાં લખેલ આ ઐતિહાસિક પવાડાને ગરબામાં ઉતાર્યો છે. એની પહેલી આવૃત્તિ તા. ૪-૧૧-૪૨ ના નવેમ્બરના રોજ પ્રકટ થયા પછી તુરત જ તા. ૧૯-૧૧-૪૨ ના રોજ માત્ર પંદર દિવસના ગાળે આ બીજી આવૃત્તિ પ્રકટ થઇ છે, એ એની લોકપ્રિયતા પૂરવાર કરે છે. એમાં પારસીઓ ધરાનથી હિંદ આવી વસ્યા ત્યારથી લઇને આજ પર્યંતની ઐતિહાસિક વસ્તુગૂંથણી ગેય કાવ્યમાં રજૂ કરવામાં આવી છે. પારસીઓનો ઇતિહાસ જાણવાની જિજ્ઞાસા ધરાવનારને એ જરૂરી માહિતી આપશે.

૭ બંસરીઃ—લેખકઃ શ્રી. મનુભાઇ રાવ, પ્રકાશકઃ નવયુગ કલામંદિર, વડોદરા. ડેમી કદનાં પૃષ્ઠ ૩૨, સાદું પૂઠું, મૂલ્ય ૦-૪-૦.

ભાઇ મનુ રાવ એક ઊછરતા આશાદાયી ઊગતા લેખક છે. એમના આ પ્રસિદ્ધ થતા કવિતાલેખનના આ પ્રથમ પ્રયાસમાં તેઓ કંઈક સફળ થયા છે. લોકગીતો, સિનેમા અને નાટકોનાં ગીતોના ઢાળોમાં જુદી જુદી વસ્તુ પર લેખકે ગાવાં ગમે તેવાં કાવ્યો રચ્યાં છે. એમના આ પ્રથમ પ્રયાસને—આ કાવ્ય પુસ્તકને કાવ્યરસિક જનતા અપનાવે, એમ ઇચ્છીએ છીએ.

૮ થી ૧૨ ફૂલછાબ નવપ્રકાશન શ્રેણિનાં પાંચ પુસ્તકો—રાણપુરથી પ્રકટ થતા "ફૂલછાબ"નું પ્રકાશન હિંદ સંરક્ષણ ધારાના કારણે, કેટલોક વખત બંધ રહ્યું તે દરમિયાન "ફૂલછાબ"ના બદલામાં જનતાને કંઈક વાચન આપવાના ઉદ્દેશે ઉપર્યુક્ત સંસ્થાના સંચાલકોએ આ શ્રેણિની શરૂઆત કરી હતી. તે દ્વારા આજ સુધીમાં પાંચ પુસ્તકો—**(૧) મરેલાનાં રુધિર અને જીવતાનાં આંસુડાંઓ, (૨) આપણું ઘર, (૩) અકબરની યાદમાં, (૪) પાંચ વરસનાં પંખીડાં** અને **(૫) આપણા ઘરની વધુ વાતો** પ્રકટ થયાં છે. દરેક પુસ્તક એવી પ્રેરક અને રુચિકર શૈલીએ લખાયેલ છે, કે તે એકી બેઠકે વાંચી પૂરી કર્યા સિવાય નીચે મૂકવાનું મન ન થાય તેવી છે.

એમાંની પહેલી પુસ્તિકા—**મરેલાનાં** રુધિરમાં રાષ્ટ્રીય પુનરુદ્ધારકોમાંના કેટલાકની જડપી જીવન ઝાંખી કરાવી છે. આ પુસ્તકમાં એ પુનરુદ્ધારકો પૈકી રાજા રામમોહન રાય, સૈયદ અહમદખાન, મહર્ષિ દયાનંદ, દાદાભાઇ નવરોજી, એની બેસંટ, ગોખલે, દેશબંધુ, સરદાર

વલ્લભભાઇ અને સરહદના ગાંધી તેમ જ છેલ્લે ગાંધીજીનાં ટૂંકાં પણ પ્રેરક જીવનચરિત્રો આપ્યાં છે. બીજું પુસ્તક આપણું ઘરમાં જેલને જ ઘર માની ગયેલા આપણા અગ્રગણ્ય સદ્‌ગત અને વિદ્યમાન એવા પાંચ નેતાઓના કારાવાસની કહાણીઓ આપી છે. કારાવાસની રહેણી-કરણી અને સુખ(!)દુઃખની વિવિધ કહાણીઓ આ પુસ્તકમાંથી મળે છે. નેતાઓના જેલ-જીવનનો હૂબહૂ ચિતાર આ પુસ્તક પૂરો પાડે છે; જ્યારે ત્રીજું પુસ્તક **અકબરની** યાદમાં સંપાદકોએ ઇસ્લામના હિંદપ્રવેશકાળથી-ઠેઠ સન ૭૩૨ થી માંડી વર્તમાન ઐતિહાસિક તવારીખમાં હિંદુ-મુસ્લીમ ઐક્યતાને લગતાં વિવિધ મિલન તેમ જ વિભાજક બળોનું દિગ્દર્શન કરાવ્યું છે. અને ચોથા પુસ્તક **પાંચ વરસનાં પંખીઠાંમાં** હિંદમાં પાંચ વર્ષ સુધી (અને કેટલાક તો તેથી પણ વધુ વર્ષ)નો રાજવહીવટ ચલાવતા શાસક-વાઇસરોયોની સામાજિક રસભરી અને રાજદ્વારી તેમ જ ખાનગી જીવનની રસપ્રદ અને જાણવાજોગ માહિતીઓ આપી છે. હિંદના વાઇસરોયો વિષેનો ઇતિહાસ ભણતા વિદ્યાર્થીઓને એમનો એ વિષય વધુ રુચિપ્રદ શૈલીનો આ પુસ્તકમાંથી મળશે, જ્યારે છેલ્લું પુસ્તક **આપણા ઘરની વધુ વાતો**-માં બાબુ અરવિંદ ઘોષ, રાજાજી, અને બારીન્દ્ર ઘોષના જેલજીવનનો પરિચય અપાયો છે. અને છેલ્લો " જેલ ઓફિસની બારી " તો ગુજરાતી સાહિત્યમાં જેલજીવન વર્ણવતા શ્રી. મેઘાણીએ લખેલ પોતાના જેલજીવનનું હૃદયસ્પર્શી બ્યાન છે. પ્રત્યેક પુસ્તકાલયે આ શ્રેણિનાં સઘળાં પુસ્તકો વસાવી લેવા ભલામણ.

એકંદરે પાંચે પુસ્તકો દરેક પુસ્તકાલય પોતાને ત્યાં વસાવી લે. હવે આ શ્રેણીની કઠી પુસ્તિકા પ્રકટ થવી બાકી છે તે ટૂંક મુદ્દતમાં બહાર પડતાં એ શ્રેણિ પૂરી થશે. આખી શ્રેણિનું મૂલ્ય રૂા. ૩-૦-૦ છે.

૧૩ સંસ્કારલક્ષ્મી—(આવૃત્તિ બીજી) લેખક : શ્રી. કુંવરજી ધરમશી સંપટ, પ્રકાશક: એન. એમ. દફ્તરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ ૨. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૧૪૦, પાકું પૂઠું, સંખ્યાબંધ ચિત્રો, બોક્સ બોર્ડના સંરક્ષણ સહિત, મૂલ્ય રૂા. ૫-૦-૦

ચાલુ વર્ષના સપ્ટેમ્બર માસમાં આ પુસ્તક પ્રકટ થયું હતું તે પછી તરત જ નવેમ્બર માસમાં આ એની બીજી આવૃત્તિ પ્રકટ થઇ છે. માત્ર બે માસના ગાળામાં કોઇ પણ પુસ્તકની નકલો ખલાસ થઇ જાય એ એની લોકપ્રિયતા માટે પૂરતું કહી શકાય. આ પુસ્તક-નો પરિચય અમે " પુસ્તકાલય " માસિકના ઑક્ટોબર અંકના પૃષ્ઠ ૫૭૬ પર આ અગાઉ આપી ગયા છીએ. ફરીવાર અહીં સ્ત્રીઓના સર્વસંગ્રહ સરખા આ પુસ્તકની નવી આવૃત્તિને અમે આવકારીએ છીએ. શક્તિશાળી પુસ્તકાલયો આ પુસ્તક અવશ્ય પોતાને ત્યાં વસાવી લે. પહેલી આવૃત્તિ જે પુસ્તકાલયો ન મેળવી શક્યાં હોય તેઓને આ બીજી આવૃત્તિ બહાર પડવાથી પોતાને ત્યાં સદર પુસ્તક વસાવવાની સવલત આપવા માટે પ્રકાશકોને ધન્યવાદ.

૧૪ વિસનગર અને વડોદરા રાજ્યની હકીકત—(બીજી આવૃત્તિ) લેખક અને પ્રકાશક: શ્રી. મહાસુખભાઇ ચુનીલાલ શેઠ, મુ. વિસનગર. ક્રાઉન કદનાં પૃષ્ઠ ૬૨+૪૪૯, પાકું પૂઠું, મૂલ્ય રૂા. અઢી.

શેઠ મહાસુખભાઇએ સન ૧૯૨૫ માં આ પુસ્તકની પહેલી આવૃત્તિ પ્રકટ કરી હતી. ત્યાર પછી આજે જ્યારે તત્કાલીન અને આજની પરિસ્થિતિમાં વિશાળ પલટો આવી ગયો છે ત્યારે, એ પુસ્તકમાં જરૂરી સુધારા કરી આ નવી આવૃત્તિ બહાર પાડી છે.

શેઠ મહાસુખભાઇ વિદ્યાવ્યાસંગી સજ્જન હોઇને સાહિત્યપ્રચારમાં સારો રસ ધરાવે છે. તેમણે આ અગાઉ નીતિ તરંગિણી, અમૃતસરિતા, કાવ્યસરિતા વગેરે સાહિત્ય-પ્રસાદી પણ આપી છે. આ પુસ્તકમાં તેમણે વડોદરા રાજ્યની જાણવા જોગ માહિતીઓ આપી વિસનગર કરબાની ઠીક પિછાન કરાવી છે. એ શહેરમાંની વિવિધ લોકોપકારક સંસ્થાઓ, દવાખાનાં, પુસ્તકાલયો, તળાવો, અન્નક્ષેત્રો વસ્તી અને તેની પરિસ્થિતિ વગેરે વગેરેને લગતી જાણવાજોગ માહિતીઓ આપી છે.

દરેક ગામને પોતાનો ઇતિહાસ હોય છે તેમ જ તેની વર્તમાન સ્થિતિનો તખ્તો પણ હોય છે. જનતાની જાણ માટે આવા સર્વસંગ્રહ જેવાં પુસ્તક ગામના ઉત્સાહી કાર્યકર્તા ધારે તો તૈયાર કરી શકે. શેઠ મહાસુખભાઇએ આ દિશામાં સારો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. એટલે વિસનગરના એકેએક શહેરીએ તેમ જ આજુબાજુના આવા પોતાના ગામની ઉપયોગી માહિતી પૂરી પાડનાર આ પુસ્તક અવશ્ય વસાવી લેવું જોઇએ. **મણિલાલ પ્ર. વ્યાસ**

૧૫ ઘરકૂકડી:—કર્તા-પ્રકાશક ઉમેશ કવિ, ભાવનગર; સં. ૧૯૯૮; ૧૬ પેજી ક્રાઉન પૃ: ૧૬+૧૨૨; પૂઠું કાર્ડ બોર્ડનું સચિત્ર; કિં. ૧–૧૦–૦.

આ પુસ્તક એક રથલાંકી નાટકનું હોઇ તેનો પ્રવેશક આચાર્ય શ્રી. રામનારાયણ વિ. પાઠકે લખેલો. નાટકમાં લેખકે લગ્ન સંબંધી કેટલાક પ્રશ્નની અને ગૂંચવણોની ચર્ચા કરી છે. આને માટે લેખક ચાર યુગલો રજૂ કરે છે. એ દરેક યુગલનો પ્રશ્ન જુદો જુદો છે છતાં એ બધાંની ગૂંચવણોનો નિકાલ આ એક જ દૃશ્યમાં કરી દેખાડ્યો છે. આચાર્યશ્રી પાઠક લખે છે કે " આપણા જૂજ નાટકસાહિત્યમાં મને આ નવો અખતરો જણાયો છે, હું માનું છું કે એ ભજવી પણ શકાય એવું છે. " નાટક સાહિત્યના શોખીનોને વાંચતાં રમૂજ તો પડશે.

૧૬ રંગનાં ચટકાં:—લેખક-પ્રકાશક: ગોવિંદભાઈ રા. અમીન; સોલ એજંટ: આર. આર. શેઠની કંપની, મુંબાઇ નં. ૨; ૧ લી આવૃત્તિ ૧૯૪૨; ક્રાઉન સોળ પેજી પૃ. ૧૪૧; પૂઠું કાર્ડ બોર્ડનું સચિત્ર જૅકેટવાળું: કિં. રૂા. ૧–૪–૦.

ટૂંકી ટૂંકી વાર્તાઓના આ સંગ્રહમાં સન ૧૯૩૦ થી ૧૯૪૨ ના ગાળામાં લેખકે લખેલી (૧) સંધ્યા સમયે (૨) કેવી બૈરી ગમે (૩) રુઝાયેલો ઘા (૪) દયાશંકર (૫) સાક્ષાત્કાર (૬) પરદેશગમન (૭) સમાધાન (૮) આર્ટસનો વિદ્યાર્થી (૯) માદીકરો (૧૦) કાકો અને બચુ (૧૧) નિષ્ફળતાનો ભેદ (૧૨) મૂક ગાન (૧૩) બીજવર (૧૪) ત્યાગી (૧૫) રંગનાં ચટકાં અને (૧૬) સજ્જન મંડળી—એ નામની ૧૬ વાર્તા છે. એનું વાચન વાર્તારસિકોને ગમ્મત સાથે આપણા સામાજિક જીવનનો સરસ ખ્યાલ આપશે.

૧૭ સમાજનાં મૂળ – લેખક: સ્વ. વ્યોમેશચંદ્ર જનાર્દન પાઠકજી; પ્રકાશક: જયમન-ગૌરી બ્યો. પાઠકજી, સુરત; પ્રાપ્તિસ્થાન: યુગાન્તર કાર્યાલય, ગોપીપુરા, સુરત; ઇ. સ. ૧૯૪૨; સોળ પેજી ક્રાઉન પૃ. ૧૧૮; કાપડી પૂઠું; કિં. રૂ. ૧–૮–૦.

આ પુસ્તકમાં સ્વર્ગસ્થ પાઠકજીના (૧) જ્ઞાતિ સંસ્થા (૨) જ્ઞાતિ સુધારણા (૩) જ્ઞાતિની સત્તા ઘટી છે ! (૪) એક નવો પ્રશ્ન (૫) લગ્નસંસ્થા (૬) લગ્નના પ્રકાર (૭) નલિનીની નવલકથા (૮) યમલગ્ન (૯) સિદ્ધિ અને બુદ્ધિ, અને (૧૦) હોલિકોત્સવ—એ નામના દશ સામાજિક લેખો સંગ્રહાયા છે, તે સામાજિક પ્રશ્નોમાં રસ ધરાવનારાંઓએ ખાસ વાંચી જવા જેવા છે. **ના.ન.**

૧૮ દેવદૂત—લેખક: શ્રી કેશવરામ કાશીરામ જાની, બી. એ; એસ. ટી. સી પ્રકાશક: શ્રી જનાર્દન અંબાશંકર દવે, દવે રેડિયો લૅબોરેટરી, જેતપુર (કાઠી); ૧૯૪૨; કાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૧૬૦; સચિત્ર કાચું પૂઠું રૂ. ૧-૪-૦.

આ પુસ્તકમાં કુલ ૧૩ નવલિકાઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. એમાંની ૧૧ તો, 'કિર્લોસ્કર' અને 'મનોહર' નામનાં મરાઠી માસિકોમાં પ્રસિદ્ધ થયેલ નવલિકાઓમાંથી ચૂંટેલી નવલિકાઓનો અનુવાદ છે. સમાજજીવનને સ્પર્શતી આ વાર્તાઓ, સમાજનાં કંઈ ને કંઈ રહસ્યો સમજાવે છે અને તેની સાથે તે દરેક, કંઈ ને કંઈ ભાવના પણ અર્પે છે. 'બોટું બોલું તો'; 'પડદા પાછળ'; 'લાલ ટોપી'; 'વત્સલા'; 'પતિતા'; 'ઘરનો ધાક'; 'દેવદૂત' આ વાર્તાઓ ખાસ વાંચવા જેવી છે. વાર્તાઓ બધી જ બોધક, પ્રેરક, ભાવનાશીલ અને તેની સાથે તે હૃદયસ્પર્શી પણ છે. આ પુસ્તકનું નામ સૂચવતી 'દેવદૂત' પણ આ સંગ્રહમાંની પહેલી જ વાર્તા છે.

૧૯ કમલા—અનુવાદક, શ્રી બચુભાઈ શુકલ; પ્રકાશક; આર. આર. શેઠની કું., પ્રિન્સેસ સ્ટ્રીટ; મુંબાઈ નં. ૨; ૧૯૪૨; કાઉન ૧૬ પેજી કદનાં પૃષ્ઠ ૨૩૨ + ૮; સચિત્ર આચ્છાદન સહિત પાકું પૂઠું મૂલ્ય રૂ. ૨-૮-૦.

બંગાળના બાર જાણીતા લેખકોએ લખેલાં જુદાં જુદાં પ્રકરણથી, રચાયલી આ એક સળંગ વાર્તા, બંગાળનું એક કરુણ સામાજિક ચિત્ર દોરે છે. આ વાર્તાનું નામ બંગાળીમાં 'બારોવારી' છે. 'બારોવારી' એટલે બારધણિયાતી એવો અર્થ થાય છે. આ વાર્તાનો અનુવાદ આ પહેલાં, શ્રી અનંદકુમાર ભટ્ટે કરેલો અને તે 'કમલિની' એ નામથી એન. એમ. ત્રિપાઠીની કું. તરફથી પ્રસિદ્ધ થયો છે. અને ત્યાર પછી આ બીજો અનુવાદ શ્રી. બચુભાઈ શુકલ કરે છે. અને તે 'કમલા' એ નામે આર આર. શેઠની કું. તરફથી પ્રસિદ્ધ થાય છે. પહેલા અનુવાદમાં પૃષ્ઠ ૨૭૮ છે; જ્યારે આ બીજામાં પૃષ્ઠ ૨૩૨ છે. પહેલો અનુવાદ તો મેં વાંચેલો જ હતો. અને તેનો પરિચય પણ 'પુસ્તકાલય' માસિકના નવેમ્બર '૪૧ ના અંકમાં પ્રસિદ્ધ કરાયો છે. અને હવે આ બીજો અનુવાદ પણ મને વાંચવાનો મળ્યો છે. વાર્તાનું વસ્તુ તો સરસ છે. પરિણિત સ્ત્રી કમલા-કમલિની જાત્રામાંથી ભૂલી પડે છે. અને તે પછી તેનું જીવન કેવું છિન્ન ભિન્ન થઈ જાય છે, સંસાર કેવો ઝેરમય બની જાય છે તેનો આબેહુબ ચિતાર આ વાર્તા આપે છે, પરિચય તો આ પહેલાં મેં આપેલો છે, એટલે હવે અહીં વિશેષ લખવાનું હોય નહિ. ફક્ત અનુવાદ વિષે કંઈક કહું: બંને અનુવાદમાં પહેલો અનુવાદ જેટલો સ્વાભાવિક અને સરળ લાગે છે તેટલો આ બીજો નથી લાગતો. મૂળ અનુવાદથી આ અનુવાદ જુદો પાડવા માટે, કોઈ કોઈ ઠેકાણે, જે વાક્યરચના વા ભાષાશૈલિ સ્વાભાવિક હોય તે ફેરવીને કૃત્રિમ કરવાની જરૂર પડી છે. અને તેથી વાર્તાનું વસ્તુ સરસ હોવા છતાં, વાચનમાં તે નિરસ બની જાય છે.

ગુજરાતી સાહિત્યની દુનિયામાં હમણાં હમણાં આવાં કેટલાંય પ્રકાશનો બેવડાવા માંડ્યાં છે. પણ એનો શું અર્થ છે? આમ કરવાથી તો છેવટે મૂળલેખકની કૃતિ જુદા જુદા અનુવાદકોની જુદી જુદી ભાષાશૈલિ અને વાક્યરચનાથી કદરૂપી અને બેડોળ બની જવાનો સંભવ રહે છે. અને તેથી મૂળ લેખકની મહત્તા અને વાચકોની તેના પ્રત્યેની મમતા પણ ગુમાવવાની ધાસ્તી રહે છે. અનુવાદકો અને પ્રકાશકો, સાહિત્ય આલમમાં આવી હરિફાઈ કરતા કાં ન અટકે?

'અ-દૃષ્ટા'



૧ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય–અમદાવાદનાં પુસ્તકો

૧ રમા—મૂળલેખકઃ શરદબાબુ; અનુઃ માણેકલાલ ગો. મોદી; મૂલ્ય રૂા. ૨–૦–૦
૨ ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો—લેખકઃ ધૂમકેતુ; મૂલ્ય રૂા. દોઢ

૨ ફૂલછાબ કાર્યાલય, રાણપુરનાં પુસ્તકો

૩ મરેલાનાં રુધિર અને જીવતાંનાં આંસુડાંઓ, ૪ આપણું ઘર, ૫ અકબરની યાદમાં, ૬ પાંચ વરસનાં પંખીડાં, ૭ આપણા ઘરની વધુ વાતો—દરેકના સંપાદકો શ્રી. ઝવેરચંદ મેઘાણી અને મગનલાલ સતીકુમાર; અને મૂલ્ય ૦–૮–૦

૩ આર. આર. શેઠની કંપની–મુંબઇનાં પુસ્તકો

૮ રમારણ –લેખકઃ શ્રી. રમાકાન્ત ગૌતમ, મૂલ્ય રૂ. ત્રણ
૯ મેઘાણીની નવલિકાઓ—ભા. ૧-૨; દરેકનું મૂલ્ય રૂ. અઢી

૪ નવજીવન પ્રકાશન મંદિર–અમદાવાદનાં પુસ્તકો

૧૦ મનુષ્યની સર્વાંગીન કેળવણી—શ્રી. ગોપાલદાસ જીવાભાઇ પટેલ, મૂલ્ય ૦–૧૪–૦

૫ યુગાન્તર કાર્યાલય–સૂરત તરફથી

૧૧ પુરાણનાં પાત્રો—લેખકઃ શ્રી. શારદાપ્રસાદ વર્મા, મૂલ્ય ૦–૧૫–૬

૬ અન્ય પ્રકાશકો તરફનાં પુસ્તકો

૧૨ વિસનગર—લેખકઃ શેઠ મહાસુખભાઇ ચુનીલાલ, મુ. વિસનગર, મૂલ્ય રૂ. અઢી
૧૩ દાર્શનિક શબ્દાવલિ—સંગ્રહકર્તાઃ શ્રી. અંબાલાલ બા. પુરાણી; પ્રકાશકઃ અરવિંદ કાર્યાલય, આણંદ, મૂલ્ય રૂા. ૧–૧૨–૦
૧૪ શ્રીજી ઇરાનશાહના ગરબો—લેખક અને પ્રકાશકઃ કવિશ્રી અરદેશર ફરામજી ખબરદાર, પારસી કોલોની, દાદર, મૂલ્ય ૦–૪–૦
૧૫ દેવદૂત—લેખકઃ શ્રી. કેશવરામ કા. શાસ્ત્રી, પ્રાપ્તિસ્થાન-વર્ધમાન એન્ડ સન્સ, પાયધુની મુંબઇ, મૂલ્ય રૂ. ૧–૪–૦
૧૬ ગુજરાતી સાહિત્ય સભાની ૧૯૪૧-૪૨ ની કાર્યવાહી, પ્રકાશકઃ મંત્રીઓ, ગુજરાત સાહિત્ય સભા, અમદાવાદ. મૂલ્ય રૂા. ૨–૦–૦
૧૭ સંસ્કારલક્ષ્મી—(બીજી આવૃત્તિ) સંપાદકઃ કુંવરશી ધરમશી સંપટ, પ્રકાશકઃ એન. એમ. ઠક્કરની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ. મૂલ્ય રૂ. પાંચ
૧૮ માનવી આયુષ્ય—મૂળલેખકઃ શ્રીપાદ દામોદર સાતવળેકર; પ્રકાશકઃ સ્વાધ્યાય મંડળ, (ગુજરાત શાખા) વડોદરા. મૂલ્ય ૦–૬–૦

પુસ્તકાલયોની તપાસણી

પગારદાર પ્રાંત પ્રચારકો તથા માનદ પ્રચારકોએ નીચેનાં સ્થળોની મુલાકાત લઈ ત્યાંના પુસ્તકાલય વા વાચનાલયની સંસ્થાઓ તપાસી છે અને દફ્તરી કામની અવ્યવસ્થા દૂર કરી છે, તેમ જ પુસ્તકોના વર્ગીકરણ વગેરેની કામગીરી બજાવી તત્સંબંધી જરૂરી સૂચના-સમજૂત આપી છે; તેમ જ પુસ્તકાલય વગરનાં સ્થળોએ પુસ્તકાલય ખોલવા સંબંધી પ્રચારકાર્ય કર્યું છે:—

૧. વડોદરા-નવસારી પ્રાંત પ્રચારક રા. છગનભાઇ મથુરભાઇ પટેલ-માહે ઑક્ટોબરમાં-વાઘોડિયા મહાલનાં (૧) સાકરીઆ (૨) ખંધા (૩) માંડોધર (૪) સાંગાડોળ (૫) કાશીપુરા (૬) ગુતાલ (૭) ખેરવાડી (૮) ગુગલપુર (૯) ગજાદરા (૧૦) લીમડા (૧૧) પીપળીઆ (૧૨) ભણીઆરા; સાવલી મહાલનાં (૧૩) ઈંટાડ (૧૪) લામડાપુરા (૧૫) પીપોલ (૧૬) સમલાયા (૧૭) નાની ભાડોલ (૧૮) ગાંગડીઆ; વડોદરા મહાલનાં (૧૯) આમલિયારા; કામગીરી દિન ૨૫.

—માહે નવેમ્બર માસમાં-કરજણ મહાલનાં (૧) મેથી (૨) છંછવા (૩) કલા (૪) લતીપુર ટીંબી (૫) કંથારીઆ (૬) સીમળી; કામગીરી દિન ૭.

૨. મહેસાણા-અમરેલી પ્રાંત પ્રચારક રા. ભાઇશંકર ટી. ઠાકર-માહે નવેમ્બરમાં (૧) ટુંડાવ તા. સિદ્ધપુર; મહેસાણા મહાલનાં (૨) મહેસાણા પરા વાચનાલય (૩) મહેસાણા પોલિસ હેડક્વાર્ટર સા. પુ. (૪) લીંચ; હારીજ મહાલનાં (૫) ભોરતવાડા (૬) હારીજ (૭) જમણપુર (૮) અડીઆ (૯) પીપલાણા (૧૦) વાંસા (૧૧) કુનાવાડા; પાટણ મહાલનાં (૧૨) ચંદુમણા.

૩. સાવલી મહાલ માનદ પ્રચારક રા. સોમાભાઇ ગરબડભાઇ-માહે ઑક્ટોબરમાં (૧) સાંઢાસાલ (૨) બાકરોલ (૩) વાલાવાવ (૪) ડેસર (૫) સતનગર (વાં.); માહે નવેમ્બરમાં (૭) વરસડા (૮) વચ્છેસર (૯) શારદાપુર.

